Visit **Dwarkadheeshvastu.com** For

**FREE** Vastu Consultancy, Music, Epics, Devotional Videos Educational Books, Educational Videos, Wallpapers

**** 

All Music is also available in **CD** format. **CD Cover** can also be print with your Firm Name

****

We also provide this whole Music and Data in **PENDRIVE** and **EXTERNAL HARD DISK.**

Contact : Ankit Mishra ( +91-8010381364, dwarkadheeshvastu@gmail.com )

# Mahabharat-in-Gujrati

॥ શ્રીહરિ: ॥

# સંક્ષિપ્ત મહાભારતના ભાવાનુવાદની વિષય-સૂચી


| વિષય | પૃષ્ઠ-સંખ્યા |
|---|---|
| **આદિપર્વ** | |
| ૧. ગ્રંથનો ઉપક્રમ | ૧ |
| ૨. જનમેજયના ભાઈઓને શાપ અને ગુરુસેવાનો મહિમા | ૫ |
| ૩. સર્પોના જન્મની કથા | ૯ |
| ૪. સમુદ્ર-મંથન અને અમૃત વગેરેની પ્રાપ્તિ | ૧૦ |
| ૫. કદ્રૂ અને વિનતાની કથા તથા ગરુડની ઉત્પત્તિ | ૧૨ |
| ૬. અમૃત માટે ગરુડની યાત્રા અને ગજ-કચ્છપનો વૃત્તાંત | ૧૪ |
| ૭. ગરુડનું અમૃત લઈને આવવું અને વિનતાને દાસીત્વથી છોડાવવી | ૧૬ |
| ૮. શેષનાગને વર-પ્રાપ્તિ અને માતાના શાપથી બચવા માટે સર્પોની વાતચીત | ૧૮ |
| ૯. જરત્કારુ ઋષિની કથા અને આસ્તીકનો જન્મ | ૨૦ |
| ૧૦. પરીક્ષિતના મૃત્યુનું કારણ | ૨૪ |
| ૧૧. સર્પ-યજ્ઞનો નિશ્ચય અને આરંભ | ૨૬ |
| ૧૨. આસ્તીકના વરદાન માગવાથી સર્પ-યજ્ઞ બંધ થવો અને સર્પોથી બચવાનો ઉપાય | ૨૮ |
| ૧૩. શ્રીવેદવ્યાસજીની આજ્ઞાથી વૈશમ્પાયનજી દ્વારા કથા પ્રારંભ કરવી | ૩૦ |
| ૧૪. ભૂમિનો ભાર ઉતારવા માટે દેવતાઓનો અવતાર લેવાનો નિશ્ચય | ૩૨ |
| ૧૫. દેવતાઓ, દાનવો, પશુ, પક્ષી વગેરે સંપૂર્ણ પ્રાણીઓની ઉત્પત્તિ | ૩૩ |
| ૧૬. દેવતાઓ, દાનવો વગેરેનો મનુષ્યોના રૂપમાં અંશાવતાર અને કર્ણની ઉત્પત્તિ | ૩૬ |
| ૧૭. દુષ્યન્ત અને શકુન્તલાનો ગાંધર્વ-વિવાહ | ૩૮ |
| ૧૮. ભરતનો જન્મ, દુષ્યંત દ્વારા તેની સ્વીકૃતિ અને રાજ્યાભિષેક | ૪૦ |
| ૧૯. દક્ષ પ્રજાપતિથી યયાતિ સુધીનું વંશ-વર્ણન | ૪૪ |
| ૨૦. કચ અને દેવયાનીની કથા | ૪૫ |
| ૨૧. દેવયાની અને શર્મિષ્ઠા વચ્ચે ક્લેશ અને તેનું પરિણામ | ૪૭ |
| ૨૨. યયાતિનાં દેવયાની સાથે લગ્ન, શુક્રાચાર્યનો શાપ અને પૂરુનું યૌવનદાન | ૪૯ |
| ૨૩. યયાતિનો ભોગ અને વૈરાગ્ય, પૂરુનો રાજ્યાભિષેક | ૫૨ |
| ૨૪. યયાતિનો સ્વર્ગવાસ, ઈન્દ્ર સાથે વાતચીત, પતન, સત્સંગ અને પુનઃ સ્વર્ગગમન | ૫૪ |
| ૨૫. પૂરુવંશનું વર્ણન | ૫૭ |
| ૨૬. રાજર્ષિ શાન્તનુનો ગંગા સાથે વિવાહ અને તેમના પુત્ર ભીષ્મનું યુવરાજ થવું | ૫૯ |
| ૨૭. ભીષ્મની દુષ્કર પ્રતિજ્ઞા અને શાંતનુને સત્યવતીની પ્રાપ્તિ | ૬૩ |
| ૨૮. ચિત્રાંગદ અને વિચિત્રવીર્યનું ચરિત્ર, ભીષ્મનું પરાક્રમ અને દૃઢપ્રતિજ્ઞા તથા ધૃતરાષ્ટ્ર આદિનો જન્મ | ૬૫ |
| ૨૯. માંડવ્ય ઋષિની કથા | ૬૭ |
| ૩૦. ધૃતરાષ્ટ્ર વગેરેનાં લગ્ન અને પાંડુનો દિગ્વિજય | ૬૮ |
| ૩૧. ધૃતરાષ્ટ્રના પુત્રોનાં જન્મ અને નામ | ૬૯ |
| ૩૨. ઋષિકુમાર કિન્દમના શાપથી પાંડુને વૈરાગ્ય | ૭૧ |
| ૩૩. પાંડવોની ઉત્પત્તિ અને પાંડુનું પરલોકગમન | ૭૩ |
| ૩૪. હસ્તિનાપુરમાં કુંતી અને પાંડવોનું આગમન તથા પાંડુની અંત્યેષ્ટિ-ક્રિયા | ૭૭ |
| ૩૫. સત્યવતી વગેરેનો દેહ-ત્યાગ અને દુર્યોધન દ્વારા ભીમસેનને વિષ આપવું | ૭૮ |
| ૩૬. કૃપાચાર્ય, દ્રોણાચાર્ય અને અશ્વત્થામાનો જન્મ તથા તેમનો કૌરવો સાથે સંબંધ | ૮૧ |
| ૩૭. રાજકુમારોની શિક્ષા અને પરીક્ષા તથા એકલવ્યની ગુરુભક્તિ | ૮૪ |
| ૩૮. રંગમંડપમાં રાજકુમારોના અસ્ત્રકૌશલનું પ્રદર્શન અને કર્ણને અંગ દેશનો રાજા બનાવવો | ૮૭ |

| વિષય | પૃષ્ઠ-સંખ્યા |
|---|---|
| ૩૯. દ્રુપદનો પરાભવ | ૯૦ |
| ૪૦. યુધિષ્ઠિરને યુવરાજપદ, તેમના ગુણપ્રભાવની વૃદ્ધિથી ધૃતરાષ્ટ્રને ચિંતા, કણિકની કૂટનીતિ | ૯૨ |
| ૪૧. પાંડવોને વારણાવત જવાની આજ્ઞા | ૯૫ |
| ૪૨. વારણાવતમાં લાક્ષાભવન, પાંડવોની યાત્રા, વિદુરનો ગુપ્ત ઉપદેશ | ૯૬ |
| ૪૩. પાંડવોનું લાક્ષાગૃહમાં રહેવું, સુરંગ ખોદવી અને આગ લગાડીને ભાગી નીકળવું | ૯૮ |
| ૪૪. પાંડવોનું ગંગાપાર જવું, કૌરવો દ્વારા તેમની અંત્યેષ્ટિક્રિયા અને વનમાં ભીમસેનનો વિષાદ | ૧૦૦ |
| ૪૫. હિડિમ્બાસુરનો વધ | ૧૦૨ |
| ૪૬. હિડિમ્બાની સાથે ભીમસેનનાં લગ્ન, ઘટોત્કચનો જન્મ અને પાંડવોનો એકચક્રા નગરીમાં પ્રવેશ | ૧૦૫ |
| ૪૭. આર્ત બ્રાહ્મણપરિવાર પર કુંતીની દયા | ૧૦૭ |
| ૪૮. બકાસુરનો વધ | ૧૧૦ |
| ૪૯. દ્રૌપદી-સ્વયંવરના સમાચાર તથા ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદીના જન્મની કથા | ૧૧૧ |
| ૫૦. વ્યાસજીનું આગમન અને દ્રૌપદીના પૂર્વજન્મની કથા | ૧૧૩ |
| ૫૧. પાંડવોની પાંચાલ-યાત્રા અને અર્જુનના હાથે ચિત્રરથ ગંધર્વનો પરાજય | ૧૧૪ |
| ૫૨. સૂર્યપુત્રી તપતીની સાથે રાજા સંવરણનો વિવાહ | ૧૧૬ |
| ૫૩. બ્રહ્મતેજનો મહિમા અને વિશ્વામિત્રનો વસિષ્ઠની નંદિની સાથે સંઘર્ષ | ૧૧૮ |
| ૫૪. મહર્ષિ વસિષ્ઠની ક્ષમા – કલ્માષપાદની કથા | ૧૨૦ |
| ૫૫. પાંડવોએ ધૌમ્યમુનિને પુરોહિત બનાવવા | ૧૨૧ |
| ૫૬. દ્રૌપદી-સ્વયંવર | ૧૨૨ |
| ૫૭. અર્જુનનો લક્ષ્યવેધ અને તેમના તથા ભીમસેન દ્વારા અન્ય રાજાઓનો પરાજય | ૧૨૪ |
| ૫૮. કુંતીની આજ્ઞા પર દ્રૌપદીના વિષયમાં પાંડવોનો વિચાર તથા શ્રીકૃષ્ણ અને બલરામ સાથે ભેટ | ૧૨૬ |
| ૫૯. ધૃષ્ટદ્યુમ્ન અને દ્રુપદની વાતચીત, પાંડવોની પરીક્ષા અને પરિચય | ૧૨૮ |
| ૬૦. વ્યાસજી દ્વારા દ્રૌપદીની સાથે પાંડવોનાં લગ્નનો નિર્ણય | ૧૩૦ |
| ૬૧. પાંડવોનાં લગ્ન | ૧૩૨ |
| ૬૨. પાંડવોને રાજ્ય આપવા સંબંધે કૌરવોનો વિચાર અને નિર્ણય | ૧૩૩ |
| ૬૩. વિદુરે પાંડવોને હસ્તિનાપુર લાવવા અને ઈન્દ્રપ્રસ્થમાં તેમના રાજ્યની સ્થાપના | ૧૩૬ |
| ૬૪. ઈન્દ્રપ્રસ્થમાં દેવર્ષિ નારદનું આગમન, સુન્દ અને ઉપસુન્દની કથા | ૧૩૮ |
| ૬૫. નિયમ-ભંગ માટે અર્જુનનો વનવાસ તથા ઉલૂપી અને ચિત્રાંગદા સાથે લગ્ન | ૧૪૧ |
| ૬૬. સુભદ્રાહરણ તથા અભિમન્યુ અને પ્રતિવિન્ધ્ય વગેરે કુમારોનો જન્મ | ૧૪૫ |
| ૬૭. ખાંડવ-દહનની કથા | ૧૪૭ |
| **સભાપર્વ** | |
| ૬૮. મયાસુરની પ્રાર્થનાનો સ્વીકાર અને ભગવાન શ્રીકૃષ્ણનું દ્વારકા-ગમન | ૧૫૩ |
| ૬૯. દિવ્ય સભાનું નિર્માણ તથા દેવર્ષિ નારદનું પ્રશ્નના રૂપમાં પ્રવચન | ૧૫૫ |
| ૭૦. દેવ-સભાઓનું વર્ણન ને સ્વર્ગીય પાંડુનો સંદેશ | ૧૬૧ |
| ૭૧. રાજસૂય યજ્ઞના સંબંધમાં વિચાર | ૧૬૩ |
| ૭૨. જરાસંધના વિશે ભગવાન શ્રીકૃષ્ણ અને ધર્મરાજ યુધિષ્ઠિરની વાતચીત | ૧૬૪ |
| ૭૩. જરાસંધની ઉત્પત્તિ અને શક્તિનું વર્ણન | ૧૬૭ |
| ૭૪. શ્રીકૃષ્ણ, ભીમસેન અને અર્જુનની મગધ-યાત્રા અને જરાસંધ સાથે વાતચીત | ૧૬૯ |
| ૭૫. જરાસંધનો વધ અને બંદી રાજાઓની મુક્તિ | ૧૭૧ |
| ૭૬. પાંડવોનો દિગ્વિજય | ૧૭૩ |
| ૭૭. રાજસૂય યજ્ઞનો આરંભ | ૧૭૭ |
| ૭૮. ભગવાન શ્રીકૃષ્ણની અગ્રપૂજા | ૧૭૯ |
| ૭૯. શિશુપાલનો ક્રોધ, યુધિષ્ઠિરનું સમજાવવું અને ભીષ્મ વગેરેનું વિવેચન | ૧૮૦ |
| ૮૦. શિશુપાલની જન્મ-કથા અને વધ | ૧૮૪ |
| ૮૧. રાજસૂય યજ્ઞની સમાપ્તિ | ૧૮૬ |

| વિષય | પૃષ્ઠ-સંખ્યા |
|---|---|
| ૮૨. ધર્મરાજ યુધિષ્ઠિરને વ્યાસજીનું ભવિષ્ય-કથન | ૧૮૮ |
| ૮૩. દુર્યોધનની બળતરા અને શકુનિની સલાહ | ૧૮૮ |
| ૮૪. દુર્યોધન અને ધૃતરાષ્ટ્રની વાતચીત તથા વિદુરની સલાહ | ૧૯૦ |
| ૮૫. યુધિષ્ઠિરને હસ્તિનાપુર બોલાવવા અને કપટ-દ્યૂતમાં પાંડવોનો પરાજય | ૧૯૫ |
| ૮૬. કૌરવ-સભામાં દ્રૌપદી | ૨૦૦ |
| ૮૭. બીજી વાર કપટ–દ્યૂત અને પાંડવોનું વનગમન | ૨૦૯ |
| ૮૮. પાંડવોના વનગમન પછી કૌરવોની સ્થિતિ | ૨૧૪ |
| **વનપર્વ** | |
| ૮૯. પાંડવોનું વનગમન અને તેમના પ્રત્યે પ્રજાનો પ્રેમ | ૨૧૭ |
| ૯૦. ધર્મરાજ યુધિષ્ઠિરનો બ્રાહ્મણો સાથે સંવાદ અને શૌનકજીનો ઉપદેશ | ૨૧૯ |
| ૯૧. પુરોહિત ધૌમ્યના આદેશાનુસાર યુધિષ્ઠિરની સૂર્યોપાસના અને અક્ષયપાત્રની પ્રાપ્તિ | ૨૨૨ |
| ૯૨. ધૃતરાષ્ટ્રના ક્રોધિત થવાથી વિદુરનું પાંડવ પાસે જવું અને તેમના બોલાવવાથી પાછા આવવું | ૨૨૬ |
| ૯૩. દુર્યોધનની દુરભિસન્ધિ, વ્યાસજીનું આગમન અને મૈત્રેયજીનો શાપ | ૨૨૮ |
| ૯૪. કિર્મીર-વધની કથા | ૨૩૧ |
| ૯૫. ભગવાન શ્રીકૃષ્ણ વગેરેનું કામ્યક વનમાં આગમન, તેમની સાથે પાંડવોની વાતચીત અને તેમનું પાછા જવું | ૨૩૧ |
| ૯૬. દ્વૈતવનમાં પાંડવોનો નિવાસ, માર્કણ્ડેય મુનિ અને દાલ્ભ્યબકનો ઉપદેશ | ૨૩૬ |
| ૯૭. ધર્મરાજ યુધિષ્ઠિર અને દ્રૌપદીનો સંવાદ, ક્ષમાની પ્રશંસા | ૨૩૮ |
| ૯૮. યુધિષ્ઠિર અને દ્રૌપદીનો સંવાદ, નિષ્કામધર્મની પ્રશંસા, દ્રૌપદીનું ઉદ્યોગના માટે પ્રોત્સાહન | ૨૪૨ |
| ૯૯. યુધિષ્ઠિર અને ભીમસેનની કર્તવ્યના વિષયમાં વાતચીત | ૨૪૬ |
| ૧૦૦. યુધિષ્ઠિરને વ્યાસજીનો ઉપદેશ, પ્રતિસ્મૃતિ વિદ્યા પ્રાપ્ત કરીને અર્જુનની તપોવન-યાત્રા તથા ઇન્દ્ર દ્વારા પરીક્ષા | ૨૪૯ |
| ૧૦૧. અર્જુનની તપસ્યા, ભગવાન શંકર સાથે યુદ્ધ, પાશુપતાસ્ત્ર તથા દિવ્યાસ્ત્રોની પ્રાપ્તિ | ૨૫૧ |
| ૧૦૨. સ્વર્ગમાં અર્જુનની અસ્ત્ર અને નૃત્ય-શિક્ષા, ઉર્વશી માટે માતૃભાવ, ઇન્દ્ર દ્વારા લોમશ મુનિને પાંડવો પાસે મોકલવા | ૨૫૫ |
| ૧૦૩. અર્જુનના સ્વર્ગ જવાથી ધૃતરાષ્ટ્ર અને પાંડવોની સ્થિતિ તથા બૃહદશ્વનું આગમન | ૨૫૮ |
| ૧૦૪. નળ-દમયંતીની કથા, દમયંતીનો સ્વયંવર અને લગ્ન | ૨૬૦ |
| ૧૦૫. કળિયુગનો દુર્ભાવ, જુગારમાં નળનું હારી જવું અને નગરમાંથી તેમનું નિર્વાસન | ૨૬૫ |
| ૧૦૬. નળ દ્વારા દમયંતીનો ત્યાગ, દમયંતીને સંકટોથી બચતાં-બચતાં ઋષિઓનાં દર્શન અને રાજા સુબાહુના મહેલમાં નિવાસ | ૨૬૭ |
| ૧૦૭. નળનું રૂપ બદલવું, ઋતુપર્ણને ત્યાં સારથિ થવું, ભીમક દ્વારા નળ-દમયંતીની શોધ અને દમયંતીનું મળવું | ૨૭૧ |
| ૧૦૮. નળની શોધ, ઋતુપર્ણની વિદર્ભ-યાત્રા, કળિયુગનું ઊતરવું | ૨૭૪ |
| ૧૦૯. દમયંતી દ્વારા રાજા નળની પરીક્ષા, ઓળખ, મિલન, રાજ્યપ્રાપ્તિ અને કથાનો ઉપસંહાર | ૨૭૭ |
| ૧૧૦. નારદજી દ્વારા તીર્થયાત્રાના મહિમાનું વર્ણન | ૨૮૧ |
| ૧૧૧. ધૌમ્ય દ્વારા તીર્થોનું વર્ણન | ૨૮૪ |
| ૧૧૨. લોમશ મુનિ દ્વારા પાંડવોને ઇન્દ્રનો સંદેશો મળવો, વ્યાસ વગેરેનું આગમન તથા પાંડવોની તીર્થયાત્રાનો પ્રારંભ | ૨૮૭ |
| ૧૧૩. નૈમિષારણ્ય, પ્રયાગ તથા ગયાની યાત્રા તથા અગસ્ત્યાશ્રમમાં લોમશજી દ્વારા અગસ્ત્ય-લોપામુદ્રાની કથા | ૨૮૯ |
| ૧૧૪. પરશુરામજીનું તેજહીન થવું તથા પુનઃ તેજ પ્રાપ્ત કરવાનો પ્રસંગ | ૨૯૩ |
| ૧૧૫. વૃત્રવધ અને અગસ્ત્યજી દ્વારા સમુદ્રશોષણની કથા | ૨૯૫ |
| ૧૧૬. સગરપુત્રોનો નાશ અને ગંગાવતરણ | ૨૯૯ |

| વિષય | પૃષ્ઠ-સંખ્યા |
|---|---|
| ૧૧૭. ઋષ્યશૃંગનું ચરિત્ર | ૩૦૨ |
| ૧૧૮. પરશુરામની ઉત્પત્તિ અને તેમનાં ચરિત્રોનું વર્ણન | ૩૦૬ |
| ૧૧૯. પ્રભાસક્ષેત્રમાં પાંડવો સાથે યાદવોની મુલાકાત | ૩૧૦ |
| ૧૨૦. રાજકુમારી સુકન્યા અને મહર્ષિ ચ્યવન | ૩૧૨ |
| ૧૨૧. રાજા માન્ધાતાના જન્મની કથા | ૩૧૫ |
| ૧૨૨. કેટલાંક અન્ય તીર્થોનું વર્ણન અને રાજા ઉશીનરની કથા | ૩૧૭ |
| ૧૨૩. અષ્ટાવક્રના જન્મ અને શાસ્ત્રાર્થની કથા | ૩૧૯ |
| ૧૨૪. પાંડવોની ગંધમાદન-યાત્રા | ૩૨૩ |
| ૧૨૫. બદરિકાશ્રમની યાત્રા | ૩૨૬ |
| ૧૨૬. ભીમસેનનો હનુમાનજી સાથે મેળાપ અને વાતચીત | ૩૨૮ |
| ૧૨૭ સૌગન્ધિક વનમાં પહોંચ્યા પછી ભીમનું યક્ષ-રાક્ષસો સાથે યુદ્ધ તથા યુધિષ્ઠિરનું પણ ત્યાં પહોંચવું તથા બધાનું પાછા ફરવું | ૩૩૬ |
| ૧૨૮. જટાસુરનો વધ | ૩૩૯ |
| ૧૨૯. પાંડવોનું વૃષપર્વા અને આર્ષ્ટિષેણના આશ્રમો પર જવું | ૩૪૦ |
| ૧૩૦. ભીમસેનના હાથે યક્ષ અને રાક્ષસોનો વધ તથા કુબેર દ્વારા શાંતિસ્થાપન | ૩૪૨ |
| ૧૩૧. ધૌમ્ય મુનિ દ્વારા યુધિષ્ઠિરને નાના પ્રકારનાં સ્થાનો દેખાડવાં અને અર્જુનનું ગંધમાદન પર પાછા આવવું | ૩૪૬ |
| ૧૩૨. અર્જુનની પ્રવાસકથા – કિરાતનો પ્રસંગ અને લોકપાલો પાસેથી અસ્ત્ર પ્રાપ્ત કરવાં | ૩૪૭ |
| ૧૩૩. અર્જુન દ્વારા સ્વર્ગમાં પોતાની અસ્ત્રશિક્ષા તથા યુદ્ધની તૈયારીનું કથન | ૩૫૦ |
| ૧૩૪. અર્જુન દ્વારા નિવાતકવચોની સાથેના (પોતાનાં) યુદ્ધનું વર્ણન | ૩૫૧ |
| ૧૩૫. અર્જુનનું કાલિકેય અને પૌલોમો સાથે યુદ્ધ તથા સ્વર્ગમાંથી વિદાયનું વર્ણન | ૩૫૩ |
| ૧૩૬. પાંડવોનો ગંધમાદન પર્વત પરથી નીકળીને અન્યત્ર ભ્રમણ કરતાં દ્વૈતવનમાં પ્રવેશ | ૩૫૬ |
| ૧૩૭. ભીમનું અજગરની ચુંગાલમાં ફસાવું અને યુધિષ્ઠિર દ્વારા અજગરના પ્રશ્નોનો ઉત્તર | ૩૫૮ |
| ૧૩૮. યુધિષ્ઠિર અને સર્પના પ્રશ્નોત્તર, નહુષનો સર્પયોનિમાં આવવાનો ઈતિહાસ, ભીમની રક્ષા અને નહુષનું સ્વર્ગગમન | ૩૬૧ |
| ૧૩૯. કામ્યક વનમાં પાંડવોની પાસે શ્રીકૃષ્ણ અને માર્કંડેય મુનિનું આવવું | ૩૬૩ |
| ૧૪૦. ઉત્તમ બ્રાહ્મણોનું મહત્ત્વ | ૩૬૬ |
| ૧૪૧. તાર્ક્ષ્ય–સરસ્વતી–સંવાદ | ૩૬૭ |
| ૧૪૨. વૈવસ્વત મનુનું ચરિત્ર – મહામત્સ્યનું ઉપાખ્યાન | ૩૬૯ |
| ૧૪૩. શ્રીકૃષ્ણનો મહિમા અને સહસ્રયુગના અંતમાં થતા પ્રલયનું વર્ણન | ૩૭૧ |
| ૧૪૪. માર્કંડેયજીને બાલમુકુન્દનાં દર્શન અને તેમણે કરેલું ભગવાનના મહિમાનું વર્ણન | ૩૭૩ |
| ૧૪૫. કલિધર્મ અને કલ્કિ-અવતાર | ૩૭૬ |
| ૧૪૬. માર્કંડેયજીનો યુધિષ્ઠિર માટે ધર્મોપદેશ | ૩૭૯ |
| ૧૪૭. ઈન્દ્ર અને બક મુનિનો સંવાદ | ૩૭૯ |
| ૧૪૮. ક્ષત્રિય રાજાઓનું મહત્ત્વ – સુહોત્ર, શિબિ અને યયાતિની પ્રશંસા | ૩૮૧ |
| ૧૪૯. રાજા શિબિનું ચરિત્ર | ૩૮૨ |
| ૧૫૦. દાન માટે ઉત્તમ પાત્રનો વિચાર અને દાનનો મહિમા | ૩૮૩ |
| ૧૫૧. યમલોકનો માર્ગ અને ત્યાં આ લોકમાં કરેલા દાનનો ઉપયોગ | ૩૮૫ |
| ૧૫૨. દાન, પવિત્રતા, તપ અને મોક્ષનો વિચાર | ૩૮૬ |
| ૧૫૩. ધુન્ધુમારની કથા – ઉત્તંકમુનિની તપસ્યા અને તેમને વિષ્ણુનું વરદાન | ૩૮૮ |
| ૧૫૪. ઉત્તંક મુનિનો રાજા બૃહદશ્વને ધુન્ધુને મારવા માટે અનુરોધ | ૩૮૯ |
| ૧૫૫. ધુન્ધુનો વધ | ૩૯૦ |
| ૧૫૬. પતિવ્રતા સ્ત્રી અને કૌશિક બ્રાહ્મણનો સંવાદ | ૩૯૧ |
| ૧૫૭. કૌશિક બ્રાહ્મણે મિથિલા જઈને ધર્મવ્યાધ પાસેથી ઉપદેશ લેવો | ૩૯૩ |

| વિષય | પૃષ્ઠ-સંખ્યા |
|---|---|
| ૧૫૮. શિષ્ટાચારનું વર્ણન | ૩૯૫ |
| ૧૫૯. ધર્મની સૂક્ષ્મ ગતિ અને ફળભોગમાં જીવની પરતંત્રતા | ૩૯૭ |
| ૧૬૦. જીવાત્માની નિત્યતા અને પુણ્ય-પાપ કર્મોનું શુભાશુભ પરિણામ | ૩૯૮ |
| ૧૬૧. ઇન્દ્રિયોના અસંયમથી નુકસાન અને સંયમથી લાભ | ૩૯૯ |
| ૧૬૨. ત્રણે ગુણોનું સ્વરૂપ અને બ્રહ્મ-સાક્ષાત્કારનો ઉપાય | ૪૦૨ |
| ૧૬૩. ધર્મવ્યાધની પોતાનાં માતાપિતા પ્રતિ ભક્તિ | ૪૦૩ |
| ૧૬૪. કૌશિક બ્રાહ્મણને માતાપિતાની સેવા માટે ઉપદેશ અને કૌશિકની વિદાય | ૪૦૪ |
| ૧૬૫. કાર્તિકેયનો જન્મ અને દેવોનું સેનાપતિત્વ–ગ્રહણનો વૃત્તાંત | ૪૦૫ |
| ૧૬૬. શ્રીકાર્તિકેયજીનાં ઉદાર કર્મ અને તેમનાં નામ | ૪૧૦ |
| ૧૬૭. દ્રૌપદીએ સત્યભામાને પોતાની દિનચર્યા કહેવી | ૪૧૩ |
| ૧૬૮. દ્રૌપદીનો સત્યભામાને ઉપદેશ તથા સત્યભામાની વિદાય | ૪૧૫ |
| ૧૬૯. કૌરવોની ઘોષયાત્રા અને તેમનો ગંધર્વો સાથે યુદ્ધમાં પરાભવ | ૪૧૭ |
| ૧૭૦. પાંડવોનું ગંધર્વો સાથે યુદ્ધ અને દુર્યોધનને છોડાવવો | ૪૨૨ |
| ૧૭૧. દુર્યોધનનો પસ્તાવો અને આમરણાંત અનશનનો નિશ્ચય | ૪૨૪ |
| ૧૭૨. દુર્યોધન દ્વારા આમરણાંત અનશન-વ્રત (પ્રાયોવેશ)નો પરિત્યાગ | ૪૨૭ |
| ૧૭૩. કર્ણનો દિગ્વિજય અને દુર્યોધનનો વૈષ્ણવયાગ | ૪૨૮ |
| ૧૭૪. વ્યાસજીનું યુધિષ્ઠિર પાસે આવવું અને તેમને તપ અને દાનનું મહત્ત્વ જણાવવું | ૪૩૧ |
| ૧૭૫. મુદ્ગલ ઋષિની કથા | ૪૩૨ |
| ૧૭૬. દુર્યોધન દ્વારા દુર્વાસાનો આતિથ્ય-સત્કાર અને વરદાન પ્રાપ્ત કરવું | ૪૩૬ |
| ૧૭૭. યુધિષ્ઠિરના આશ્રમ પર દુર્વાસાનું આતિથ્ય, ભગવાન દ્વારા પાંડવોની રક્ષા | ૪૩૭ |
| ૧૭૮. જયદ્રથ દ્વારા દ્રૌપદીનું હરણ | ૪૪૦ |
| ૧૭૯. પાંડવો દ્વારા દ્રૌપદીની રક્ષા અને જયદ્રથનો પરાજય | ૪૪૩ |
| ૧૮૦. ભીમના હાથે જયદ્રથની દુર્ગતિ અને બંધન તથા યુધિષ્ઠિરની દયાથી છૂટીને તપસ્યા કરીને તેનું વરદાન પ્રાપ્ત કરવું | ૪૪૫ |
| ૧૮૧. શ્રીરામ વગેરેનો જન્મ, કુબેર તથા રાવણ વગેરેની ઉત્પત્તિ, તપસ્યા અને વરપ્રાપ્તિ | ૪૪૬ |
| ૧૮૨. દેવતાઓનું રીંછ અને વાનર-યોનિમાં ઉત્પન્ન થવું | ૪૪૯ |
| ૧૮૩. રામનો વનવાસ, ખર-દૂષણ વગેરે રાક્ષસોનો નાશ અને રાવણનું મારીચ પાસે જવું | ૪૫૦ |
| ૧૮૪. કપટમૃગનો વધ અને સીતાનું હરણ | ૪૫૨ |
| ૧૮૫. જટાયુનો વધ અને કબંધનો ઉદ્ધાર | ૪૫૪ |
| ૧૮૬. ભગવાન રામની સુગ્રીવ સાથે મૈત્રી અને વાલીનો વધ | ૪૫૬ |
| ૧૮૭. ત્રિજટાનું સ્વપ્ન, રાવણનું પ્રલોભન અને સીતાનું સતીત્વ | ૪૫૭ |
| ૧૮૮. સીતાની શોધમાં વાનરોનું જવું તથા હનુમાનજી દ્વારા શ્રીરામચંદ્રજીને સીતાના સમાચાર કહેવા | ૪૫૯ |
| ૧૮૯. વાનર-સેનાનું ગઠન, સેતુ-નિર્માણ, વિભીષણનો અભિષેક અને લંકામાં સેનાનો પ્રવેશ | ૪૬૨ |
| ૧૯૦. અંગદે રાવણ પાસે જઈને રામનો સંદેશો કહેવો તથા રાક્ષસો અને વાનરોનું યુદ્ધ | ૪૬૪ |
| ૧૯૧. પ્રહસ્ત, ધૂમ્રાક્ષ અને કુંભકર્ણનો વધ | ૪૬૫ |
| ૧૯૨. રામ-લક્ષ્મણને મૂર્છા અને ઇન્દ્રજિતનો વધ | ૪૬૭ |
| ૧૯૩. રામ-રાવણ – યુદ્ધ, રાવણ-વધ અને રામ-સીતાનું મિલન | ૪૬૮ |
| ૧૯૪. શ્રીરામચંદ્રજીનું અયોધ્યા આવવું અને રાજ્યાભિષેક | ૪૭૧ |
| ૧૯૫. સાવિત્રીચરિત્ર – સાવિત્રીનો જન્મ અને વિવાહ | ૪૭૨ |

| વિષય | પૃષ્ઠ-સંખ્યા |
|---|---|


૧૯૬. સાવિત્રી દ્વારા સત્યવાનને જીવતદાન ............ ૪૭૫

૧૯૭. દ્યુમત્સેન અને શૈબ્યાની ચિંતા, સત્યવાન અને સાવિત્રીનું આશ્રમમાં પહોંચવું તથા દ્યુમત્સેનને રાજ્ય-પ્રાપ્તિ ............ ૪૮૦

૧૯૮. સ્વપ્નમાં બ્રાહ્મણવેશધારી સૂર્યદેવની કર્ણને ચેતવણી ............ ૪૮૨

૧૯૯. કર્ણના જન્મની કથા – કુંતીની બ્રાહ્મણ-સેવા અને વરદાન પ્રાપ્ત કરવું ............ ૪૮૩

૨૦૦. સૂર્ય દ્વારા કુંતીના ગર્ભથી કર્ણનો જન્મ અને અધિરથને ત્યાં તેનું પાલન તથા વિદ્યાધ્યયન.... ૪૬૮

૨૦૧. ઈન્દ્રને કવચ-કુંડળ આપીને કર્ણે અમોઘ શક્તિ પ્રાપ્ત કરવી ............ ૪૮૮

૨૦૨. બ્રાહ્મણની અરણી લાવવા માટે પાંડવોનું મૃગની પાછળ જવું તથા ભીમસેન વગેરે ચારે ભાઈનું એક સરોવર પર નિર્જીવ થઈને પડી જવું ........ ૪૯૦

૨૦૩. યક્ષ-યુધિષ્ઠિર-સંવાદ ............ ૪૯૨

૨૦૪. બધા પાંડવોનું જીવતા થવું, મહારાજ યુધિષ્ઠિરને વર-પ્રાપ્તિ તથા પાંડવોની અજ્ઞાતવાસ માટે બધા બ્રાહ્મણો પાસેથી વિદાય લેવી ............ ૪૯૮


### વિરાટપર્વ


૨૦૫. વિરાટનગરમાં કોણ કયું કાર્ય કરે એ વિષયમાં પાંડવોની ચર્ચા ............ ૫૦૧

૨૦૬. ધૌમ્ય દ્વારા યુધિષ્ઠિરને રાજાને ત્યાં રહેવાની રીતભાત કહેવી ............ ૫૦૩

૨૦૭. પાંડવોનું મત્સ્યદેશમાં જવું, શમીવૃક્ષ પર અસ્ત્રો રાખવાં અને યુધિષ્ઠિર, ભીમ તથા દ્રૌપદીનું ક્રમશઃ રાજમહેલમાં પહોંચવું. ............ ૫૦૪

૨૦૮. સહદેવ, નકુળ અને અર્જુનનો વિરાટના મહેલમાં પ્રવેશ ............ ૫૦૭

૨૦૯. ભીમસેનના હાથે જીમૂત નામના મલ્લનો વધ ... ૫૦૯

૨૧૦. દ્રૌપદી પર કીચકની આસક્તિ અને તેના દ્વારા દ્રૌપદીનું અપમાન ............ ૫૧૧

૨૧૧. દ્રૌપદી અને ભીમસેનની વાતચીત ............ ૫૧૪

૨૧૨. કીચક અને તેના ભાઈઓનો વધ અને રાજાનો સૈરન્ધ્રીને સંદેશ ............ ૫૧૮

૨૧૩. કૌરવસભામાં પાંડવોની શોધ-વિષયક વાતચીત તથા વિરાટનગર પર ચઢાઈ કરવાનો નિશ્ચય ... ૫૨૨

૨૧૪. વિરાટ અને સુશર્માનું યુદ્ધ તથા ભીમસેન દ્વારા સુશર્માનો પરાજય ............ ૫૨૫

૨૧૫. કૌરવોની ચઢાઈ, ઉત્તરનું બૃહન્નલાને સારથિ બનાવીને યુદ્ધમાં જવું અને કૌરવ-સેનાને જોઈને ડરથી ભાગવું ............ ૫૨૮

૨૧૬. અર્જુનનું શમીવૃક્ષ પાસે જઈને પોતાનાં શસ્ત્રાસ્ત્રથી સજ્જ થવું અને ઉત્તરને પોતાનો પરિચય આપીને કૌરવસેના તરફ જવું ............ ૫૩૦

૨૧૭. અર્જુન સાથે યુદ્ધ કરવા વિશે કૌરવ મહારથીઓમાં વિવાદ ............ ૫૩૪

૨૧૮. અર્જુનનું દુર્યોધનની સામે આવવું, વિકર્ણ અને કર્ણને પરાજિત કરવા તથા ઉત્તરને કૌરવવીરોનો પરિચય આપવો ............ ૫૩૭

૨૧૯. આચાર્ય કૃપ અને દ્રોણનો પરાજય ............ ૫૩૯

૨૨૦. અર્જુન સાથે અશ્વત્થામા અને કર્ણનું યુદ્ધ તથા તેમનો પરાજય ............ ૫૪૧

૨૨૧. અર્જુન અને ભીષ્મનું યુદ્ધ તથા ભીષ્મનું મૂર્છિત થવું ............ ૫૪૩

૨૨૨. દુર્યોધનનો પરાજય, કૌરવ-સેનાનું મોહિત થવું અને કુરુદેશ પાછા ફરવું ............ ૫૪૫

૨૨૩. ઉત્તરનો પોતાના નગરમાં પ્રવેશ, સ્વાગત તથા વિરાટ દ્વારા યુધિષ્ઠિરનો તિરસ્કાર અને ક્ષમા પ્રાર્થના ............ ૫૪૭

૨૨૪. પાંડવોની ઓળખ અને અર્જુન સાથે ઉત્તરાના લગ્નનો પ્રસ્તાવ ............ ૫૫૧

૨૨૫. અભિમન્યુ સાથે ઉત્તરાનાં લગ્ન ............ ૫૫૩


### ઉદ્યોગપર્વ


૨૨૬. વિરાટનગરમાં પાંડવપક્ષના આગેવાનોનો પરામર્શ, સૈન્યસંગ્રહનો પ્રયત્ન તથા રાજા દ્રુપદે ધૃતરાષ્ટ્ર પાસે દૂત મોકલવો ............ ૫૫૫

| વિષય | પૃષ્ઠ-સંખ્યા |
|---|---|
| ૨૨૭. શ્રીકૃષ્ણને અર્જુન અને દુર્યોધનનું નિમંત્રણ તથા તેમના દ્વારા બંને પક્ષોને સહાયતા | ૫૫૯ |
| ૨૨૮. શલ્યનો સત્કાર તથા તેમનું દુર્યોધન અને યુધિષ્ઠિરને વચન આપવું | ૫૬૦ |
| ૨૨૯. ત્રિશિરા અને વૃત્રાસુર-વધની કથા તથા ઈન્દ્રનું તિરસ્કૃત થઈને જળમાં છુપાઈ જવું | ૫૬૨ |
| ૨૩૦. નહુષને ઈન્દ્રપદપ્રાપ્તિ, તેનું ઈન્દ્રાણી પર આસક્ત થવું અને ઈન્દ્રાણીએ અવધિ માગીને અશ્વમેધયજ્ઞ દ્વારા ઈન્દ્રને શુદ્ધ કરવા | ૫૬૪ |
| ૨૩૧. ઈન્દ્રની બતાવેલી યુક્તિથી નહુષનું પતન તથા ઈન્દ્રનું પુનઃ દેવરાજ્ય પર પ્રતિષ્ઠિત થવું | ૫૬૭ |
| ૨૩૨. શલ્યની વિદાય તથા કૌરવ અને પાંડવોના સૈન્ય-બળનું વર્ણન | ૫૬૯ |
| ૨૩૩. દ્રુપદના પુરોહિત સાથે ભીષ્મ અને ધૃતરાષ્ટ્રની વાતચીત | ૫૭૦ |
| ૨૩૪. ધૃતરાષ્ટ્ર અને સંજયની વાતચીત | ૫૭૨ |
| ૨૩૫. ઉપપ્લવ્યમાં સંજય અને યુધિષ્ઠિરનો સંવાદ | ૫૭૩ |
| ૨૩૬. સંજય પ્રત્યે ભગવાન શ્રીકૃષ્ણનાં વચન | ૫૭૭ |
| ૨૩૭. સંજયનું વિદાય થવું અને યુધિષ્ઠિરનો સંદેશ | ૫૭૯ |
| ૨૩૮. સંજયની ધૃતરાષ્ટ્ર સાથે ભેટ | ૫૮૧ |
| ૨૩૯. વિદુરજી દ્વારા ધૃતરાષ્ટ્રને નીતિનો ઉપદેશ વિદુરનીતિ (પહેલો અધ્યાય) | ૫૮૨ |
| ૨૪૦. વિદુરનીતિ (બીજો અધ્યાય) | ૫૮૯ |
| ૨૪૧. વિદુરનીતિ (ત્રીજો અધ્યાય) | ૫૯૩ |
| ૨૪૨. વિદુરનીતિ (ચોથો અધ્યાય) | ૫૯૮ |
| ૨૪૩. વિદુરનીતિ (પાંચમો અધ્યાય) | ૬૦૨ |
| ૨૪૪. વિદુરનીતિ (છઠ્ઠો અધ્યાય) | ૬૦૬ |
| ૨૪૫. વિદુરનીતિ (સાતમો અધ્યાય) | ૬૦૮ |
| ૨૪૬. વિદુરનીતિ (આઠમો અધ્યાય) | ૬૧૩ |
| ૨૪૭. સનત્સુજાત ઋષિનું આગમન (સનત્સુજાતીય – પહેલો અધ્યાય) | ૬૧૫ |
| ૨૪૮. સનત્સુજાતજી દ્વારા ધૃતરાષ્ટ્રના પ્રશ્નોના ઉત્તર (સનત્સુજાતીય – બીજો અધ્યાય) | ૬૧૬ |
| ૨૪૯. બ્રહ્મજ્ઞાનમાં ઉપયોગી મૌન, તપ વગેરેનાં લક્ષણો તથા ગુણ-દોષનું નિરૂપણ (સનત્સુજાતીય – ત્રીજો અધ્યાય) | ૬૨૦ |
| ૨૫૦. બ્રહ્મચર્ય તથા બ્રહ્મનું નિરૂપણ (સનત્સુજાતીય – ચોથો અધ્યાય) | ૬૨૪ |
| ૨૫૧. યોગપ્રધાન બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન (સનત્સુજાતીય – પાંચમો અધ્યાય) | ૬૨૭ |
| ૨૫૨. પરમાત્માનું સ્વરૂપ અને તેમનો યોગીજનો દ્વારા સાક્ષાત્કાર (સનત્સુજાતીય – છઠ્ઠો અધ્યાય) | ૬૨૮ |
| ૨૫૩. સંજયે કૌરવોની સભામાં આવીને દુર્યોધનને અર્જુનનો સંદેશો કહેવો | ૬૩૧ |
| ૨૫૪. કર્ણ, ભીષ્મ અને દ્રોણની સંમતિ તથા સંજય દ્વારા પાંડવપક્ષના વીરોનું વર્ણન | ૬૩૪ |
| ૨૫૫. ધૃતરાષ્ટ્રે પાંડવ વીરોની પ્રશંસા કરીને યુદ્ધ માટે અનિચ્છા પ્રગટ કરવી | ૬૩૬ |
| ૨૫૬. દુર્યોધનનું વક્તવ્ય અને સંજય દ્વારા અર્જુનના રથનું વર્ણન | ૬૩૮ |
| ૨૫૭. સંજય પાસેથી પાંડવ પક્ષના વીરોનું વર્ણન સાંભળીને ધૃતરાષ્ટ્રે યુદ્ધ ન કરવાની સંમતિ આપવી, દુર્યોધનનું તેનાથી અસહમત થવું તથા સંજયે રાજા ધૃતરાષ્ટ્રને શ્રીકૃષ્ણનો સંદેશો કહેવો | ૬૪૦ |
| ૨૫૮. કર્ણનું વક્તવ્ય, ભીષ્મ દ્વારા તેની અવજ્ઞા, કર્ણની પ્રતિજ્ઞા, વિદુરજીનું વક્તવ્ય તથા ધૃતરાષ્ટ્રે દુર્યોધનને સમજાવવો | ૬૪૨ |
| ૨૫૯. શ્રીવ્યાસજી અને ગાંધારીની સામે સંજયે ધૃતરાષ્ટ્રને શ્રીકૃષ્ણનું માહાત્મ્ય કહેવું | ૬૪૫ |
| ૨૬૦. કૌરવોની સભામાં દૂત બનીને જવા માટે શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિરનો સંવાદ | ૬૪૮ |
| ૨૬૧. શ્રીકૃષ્ણની સાથે ભીમસેન, અર્જુન, નકુળ, સહદેવ અને સાત્યકિની વાતચીત | ૬૫૧ |
| ૨૬૨. ભગવાન શ્રીકૃષ્ણ સાથે દ્રૌપદીની વાતચીત તથા તેમનું હસ્તિનાપુર માટે પ્રયાણ | ૬૫૪ |
| ૨૬૩. હસ્તિનાપુરમાં શ્રીકૃષ્ણના સ્વાગતની તૈયારીઓ અને કૌરવોની સભામાં પરામર્શ | ૬૫૭ |

| વિષય | પૃષ્ઠ-સંખ્યા |
|---|---|
| ૨૬૪. શ્રીકૃષ્ણનો હસ્તિનાપુરમાં પ્રવેશ તથા રાજા ધૃતરાષ્ટ્ર, વિદુર અને કુંતીને ત્યાં જવું | ૬૬૦ |
| ૨૬૫. રાજા દુર્યોધનના નિમંત્રણનો અસ્વીકાર કરીને ભગવાનનું વિદુરજીને ત્યાં ભોજન તથા તેમની સાથે વાતચીત કરવી | ૬૬૩ |
| ૨૬૬. શ્રીકૃષ્ણનું કૌરવોની સભામાં આવવું તથા બધાને પાંડવોનો સંદેશો સંભળાવવો | ૬૬૫ |
| ૨૬૭. પરશુરામજી અને મહર્ષિ કણ્વનો સંધિ માટે અનુરોધ તથા દુર્યોધનની ઉપેક્ષા | ૬૬૮ |
| ૨૬૮. શ્રીકૃષ્ણે દુર્યોધનને સમજાવવો તથા ભીષ્મ, વિદુર અને ધૃતરાષ્ટ્ર દ્વારા તેમનું સમર્થન | ૬૭૦ |
| ૨૬૯. દુર્યોધન અને શ્રીકૃષ્ણનો વિવાદ, દુર્યોધનનો સભાન્ત્યાગ, ધૃતરાષ્ટ્રે ગાંધારીને બોલાવવી અને તેણે દુર્યોધનને સમજાવવો | ૬૭૩ |
| ૨૭૦. દુર્યોધનની કુમંત્રણા, ભગવાનનું વિશ્વરૂપદર્શન અને કૌરવસભાથી પ્રસ્થાન | ૬૭૭ |
| ૨૭૧. કુંતીએ વિદુલાની કથા સંભળાવીને પાંડવો માટે સંદેશો આપવો તથા શ્રીકૃષ્ણનું તેમની વિદાય લઈને પાંડવો પાસે જવું | ૬૮૦ |
| ૨૭૨. દુર્યોધનની સાથે ભીષ્મ અને દ્રોણાચાર્યની વાતચીત તથા શ્રીકૃષ્ણ અને કર્ણનો ગુપ્ત પરામર્શ | ૬૮૫ |
| ૨૭૩. કુંતીનું કર્ણની પાસે જવું અને કર્ણનું તેના ચાર પુત્રોને ન મારવાનું વચન આપવું | ૬૮૮ |
| ૨૭૪. શ્રીકૃષ્ણે રાજા યુધિષ્ઠિરને કૌરવસભાના સમાચાર કહેવા | ૬૯૦ |
| ૨૭૫. પાંડવસેનાના સેનાપતિની વરણી તથા તેણે કુરુક્ષેત્રમાં જઈને પડાવ નાખવો | ૬૯૩ |
| ૨૭૬. કૌરવપક્ષનું સૈન્ય-સંગઠન તથા દુર્યોધને પિતામહ ભીષ્મને પ્રધાન સેનાપતિ બનાવવા | ૬૯૫ |
| ૨૭૭. શ્રીબલરામજીએ પાંડવોને મળીને તીર્થયાત્રા માટે જવું | ૬૯૭ |
| ૨૭૮. રુક્મીનું સહાયતા માટે આવવું, પરંતુ પાંડવો અને કૌરવો બંનેએ તેમની સહાયતાનો અસ્વીકાર કરવો | ૬૯૮ |
| ૨૭૯. દુર્યોધને પાંડવોને કહેવા માટે ઉલૂકને પોતાનો કટુ સંદેશ સંભળાવવો | ૬૯૯ |
| ૨૮૦. ઉલૂકે પાંડવોને દુર્યોધનનો સંદેશ કહેવો અને પછી પાંડવોનો સંદેશો લઈને દુર્યોધન પાસે આવવું | ૭૦૨ |
| ૨૮૧. દુર્યોધનને ભીષ્મજીના મુખે પોતાની સેનાના રથી અને અતિરથીઓનું વિવરણ કહી સંભળાવવું | ૭૦૭ |
| ૨૮૨. પાંડવોના રથી અને અતિરથીઓની ગણના | ૭૧૦ |
| ૨૮૩. ભીષ્મજી દ્વારા શિખંડીના પૂર્વજન્મની કથા કહેવી, અમ્બાનું ભીષ્મ દ્વારા હરણ અને શાલ્વ દ્વારા તિરસ્કાર | ૭૧૧ |
| ૨૮૪. અંબાનું તપસ્વીઓના આશ્રમમાં આવવું, પરશુરામજીનું ભીષ્મને સમજાવવું, અને તેમના અસ્વીકારથી બંનેનું યુદ્ધ માટે કુરુક્ષેત્રમાં આવવું | ૭૧૩ |
| ૨૮૫. ભીષ્મ તથા પરશુરામનું યુદ્ધ અને તેની સમાપ્તિ | ૭૧૬ |
| ૨૮૬. ભીષ્મજીનો વધ કરવા માટે અંબાની તપસ્યા | ૭૨૦ |
| ૨૮૭. શિખંડીની પુરુષત્વપ્રાપ્તિની કથા | ૭૨૧ |
| ૨૮૮. દુર્યોધન પ્રત્યે ભીષ્મ વગેરે દ્વારા અને યુધિષ્ઠિર પ્રત્યે અર્જુન દ્વારા બળ-વર્ણન | ૭૨૫ |
| ૨૮૯. કૌરવ અને પાંડવ-સેનાઓનું યુદ્ધભૂમિ માટે પ્રસ્થાન | ૭૨૬ |


## ભીષ્મપર્વ


| | |
|---|---|
| ૨૯૦. છાવણીઓની ગોઠવણ તથા યુદ્ધના નિયમોનો નિર્ણય | ૭૨૮ |
| ૨૯૧. વ્યાસજી દ્વારા સંજયની નિયુક્તિ તથા અનિષ્ટસૂચક ઉત્પાતોનું વર્ણન | ૭૨૯ |
| ૨૯૨. વ્યાસ-ધૃતરાષ્ટ્ર-સંવાદ અને સંજય દ્વારા ભૂમિના ગુણોનું વર્ણન | ૭૩૦ |
| ૨૯૩. યુદ્ધમાં ભીષ્મજીનું પતન સાંભળીને ધૃતરાષ્ટ્રનો વિષાદ તથા સંજય દ્વારા કૌરવસેનાના સંગઠનનું વર્ણન | ૭૩૨ |
| ૨૯૪. બંને સેનાઓની વ્યૂહરચના | ૭૩૫ |

| વિષય | પૃષ્ઠ-સંખ્યા |
|---|---|
| ૨૯૫. યુધિષ્ઠિર અને અર્જુનની વાતચીત તથા અર્જુન દ્વારા દુર્ગાનું સ્તવન અને વર-પ્રાપ્તિ | ૭૩૬ |
| ૨૯૬. શ્રીમદ્ભગવદ્ગીતા – અર્જુનવિષાદયોગ | ૭૩૯ |
| ૨૯૭. શ્રીમદ્ભગવદ્ગીતા – સાંખ્યયોગ | ૭૪૧ |
| ૨૯૮. શ્રીમદ્ભગવદ્ગીતા – કર્મયોગ | ૭૪૫ |
| ૨૯૯. શ્રીમદ્ભગવદ્ગીતા – જ્ઞાન-કર્મસંન્યાસયોગ | ૭૪૮ |
| ૩૦૦. શ્રીમદ્ભગવદ્ગીતા – કર્મસંન્યાસયોગ | ૭૫૧ |
| ૩૦૧. શ્રીમદ્ભગવદ્ગીતા – આત્મસંયમયોગ | ૭૫૩ |
| ૩૦૨. શ્રીમદ્ભગવદ્ગીતા – જ્ઞાન-વિજ્ઞાનયોગ | ૭૫૬ |
| ૩૦૩. શ્રીમદ્ભગવદ્ગીતા – અક્ષરબ્રહ્મયોગ | ૭૫૭ |
| ૩૦૪. શ્રીમદ્ભગવદ્ગીતા – રાજવિદ્યા-રાજગુહ્યયોગ | ૭૫૯ |
| ૩૦૫. શ્રીમદ્ભગવદ્ગીતા – વિભૂતિયોગ | ૭૬૨ |
| ૩૦૬. શ્રીમદ્ભગવદ્ગીતા – વિશ્વરૂપદર્શનયોગ | ૭૬૪ |
| ૩૦૭. શ્રીમદ્ભગવદ્ગીતા – ભક્તિયોગ | ૭૬૮ |
| ૩૦૮. શ્રીમદ્ભગવદ્ગીતા – ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞવિભાગયોગ | ૭૬૯ |
| ૩૦૯. શ્રીમદ્ભગવદ્ગીતા – ગુણત્રયવિભાગયોગ | ૭૭૧ |
| ૩૧૦. શ્રીમદ્ભગવદ્ગીતા – પુરુષોત્તમયોગ | ૭૭૩ |
| ૩૧૧. શ્રીમદ્ભગવદ્ગીતા – દૈવાસુરસમ્પદ્વિભાગયોગ | ૭૭૫ |
| ૩૧૨. શ્રીમદ્ભગવદ્ગીતા – શ્રદ્ધાત્રયવિભાગયોગ | ૭૭૬ |
| ૩૧૩. શ્રીમદ્ભગવદ્ગીતા – મોક્ષસંન્યાસયોગ | ૭૭૮ |
| ૩૧૪. રાજા યુધિષ્ઠિરે ભીષ્મ, દ્રોણ, કૃપ અને શલ્ય પાસે જઈને પ્રણામ કરીને યુદ્ધ કરવા માટે આજ્ઞા અને આશીર્વાદ માગવા | ૭૮૩ |
| ૩૧૫. યુદ્ધનો આરંભ – બંને પક્ષોના વીરોનું પરસ્પર લડવું | ૭૮૭ |
| ૩૧૬. અભિમન્યુ, ઉત્તર અને શ્વેતનું યુદ્ધ તથા ઉત્તર અને શ્વેતનો વધ | ૭૮૯ |
| ૩૧૭. યુધિષ્ઠિરની ચિંતા, કૃષ્ણનું આશ્વાસન અને ક્રૌંચવ્યૂહની રચના | ૭૯૩ |
| ૩૧૮. બીજો દિવસ – કૌરવોની વ્યૂહરચના અને અર્જુન તથા ભીષ્મનું યુદ્ધ | ૭૯૫ |
| ૩૧૯. ધૃષ્ટદ્યુમ્ન અને દ્રોણાચાર્યનું તથા ભીમસેન અને કલિંગોનું યુદ્ધ | ૭૯૮ |
| ૩૨૦. ધૃષ્ટદ્યુમ્ન, અભિમન્યુ અને અર્જુનનું પરાક્રમ | ૮૦૦ |
| ૩૨૧. ત્રીજો દિવસ – બંને સેનાઓની વ્યૂહરચના અને ઘમસાણ યુદ્ધ | ૮૦૧ |
| ૩૨૨. ભીષ્મનું પરાક્રમ, શ્રીકૃષ્ણનું ભીષ્મને મારવા માટે તૈયાર થવું અને અર્જુનનો પુરુષાર્થ | ૮૦૩ |
| ૩૨૩. સાંયમનિના પુત્ર અને થોડા ધૃતરાષ્ટ્રના પુત્રોનો વધ તથા ઘટોત્કચ અને ભગદત્તનું યુદ્ધ | ૮૦૭ |
| ૩૨૪. સંજય દ્વારા રાજા ધૃતરાષ્ટ્રને ભીષ્મજીના મુખે કહેલો શ્રીકૃષ્ણનો મહિમા સંભળાવવો | ૮૧૧ |
| ૩૨૫. ભીમસેન, અભિમન્યુ અને સાત્યકિની વીરતા તથા ભૂરિશ્રવા દ્વારા સાત્યકિના દસ પુત્રોનો વધ | ૮૧૬ |
| ૩૨૬. મકર અને ક્રૌઞ્ચ-વ્યૂહનું નિર્માણ, ભીમ અને ધૃષ્ટદ્યુમ્નનું પરાક્રમ | ૮૧૯ |
| ૩૨૭. ભીમ અને દુર્યોધનનું યુદ્ધ, અભિમન્યુ તથા દ્રૌપદીના પુત્રોનું પરાક્રમ | ૮૨૨ |
| ૩૨૮. છઠ્ઠા દિવસના બપોર સુધીનું યુદ્ધ | ૮૨૪ |
| ૩૨૯. છઠ્ઠો દિવસ – બપોર પછીનું યુદ્ધ | ૮૨૭ |
| ૩૩૦. સાતમા દિવસનું યુદ્ધ અને ધૃતરાષ્ટ્રના આઠ પુત્રોનો વધ | ૮૩૦ |
| ૩૩૧. શકુનિના ભાઈઓનો તથા ઇરાવાન્‌નો વધ | ૮૩૩ |
| ૩૩૨. ઘટોત્કચનું યુદ્ધ | ૮૩૫ |
| ૩૩૩. દુર્યોધન અને ભીષ્મની વાતચીત તથા ભગદત્તનું પાંડવો સાથે યુદ્ધ | ૮૩૮ |
| ૩૩૪. ઇરાવાન્‌ના મૃત્યુથી અર્જુનનો શોક તથા ભીમસેન દ્વારા થોડા ધૃતરાષ્ટ્રપુત્રોનો વધ | ૮૪૦ |
| ૩૩૫. દુર્યોધનની પ્રાર્થનાથી ભીષ્મજીની પાંડવસેનાના સંહાર માટે પ્રતિજ્ઞા કરવી | ૮૪૧ |
| ૩૩૬. ભીષ્મજીનું પાંડવવીરો સાથે ઘોર યુદ્ધ તથા શ્રીકૃષ્ણનું ચાબુક લઈને શ્રીભીષ્મજી સામે દોડવું | ૮૪૩ |
| ૩૩૭. પાંડવોએ ભીષ્મજીને મળીને તેમના વધનો ઉપાય જાણવો | ૮૫૦ |
| ૩૩૮. દસમા દિવસના યુદ્ધનો પ્રારંભ | ૮૫૪ |
| ૩૩૯. દસમા દિવસના યુદ્ધનું વર્ણન | ૮૫૭ |
| ૩૪૦. ભીષ્મજીનો વધ | ૮૫૯ |

| વિષય | પૃષ્ઠ-સંખ્યા |
|---|---|
| ૩૪૧. ભીષ્મજીની પાસે જઈને બધા રાજાઓએ તથા કર્ણે મળવું | ૮૬૭ |
| **દ્રોણપર્વ** | |
| ૩૪૨. કર્ણનું યુદ્ધ માટે તૈયાર થવું તથા દ્રોણાચાર્યનો સેનાપતિપદ પર અભિષેક | ૮૭૩ |
| ૩૪૩. દ્રોણાચાર્યની પ્રતિજ્ઞા તથા તેમનું પહેલા દિવસનું યુદ્ધ | ૮૭૬ |
| ૩૪૪. અર્જુનનો વધ કરવા માટે સંશપ્તક વીરોની પ્રતિજ્ઞા અને અર્જુનનું તેમની સાથે યુદ્ધ | ૮૮૨ |
| ૩૪૫. દ્રોણાચાર્ય દ્વારા પાંડવોનો પરાભવ તથા વૃક, સત્યજિત, શતાનીક, વસુદાન અને ક્ષત્રદેવ વગેરેનો વધ | ૮૮૫ |
| ૩૪૬. દ્રોણાચાર્યની રક્ષા માટે કૌરવ અને પાંડવ વીરોનું દ્વંદ્વયુદ્ધ | ૮૮૮ |
| ૩૪૭. ભગદત્તની વીરતા, અર્જુન દ્વારા સંશપ્તકોનો નાશ તથા ભગદત્તનો વધ | ૮૯૦ |
| ૩૪૮. વૃષક, અચલ અને નીલ વગેરેનો વધ; શકુનિ અને કર્ણનો પરાજય | ૮૯૪ |
| ૩૪૯. ચક્રવ્યૂહની રચના અને અભિમન્યુની પ્રતિજ્ઞા | ૮૯૭ |
| ૩૫૦. અભિમન્યુનો વ્યૂહમાં પ્રવેશ અને પરાક્રમ | ૮૯૯ |
| ૩૫૧. દુઃશાસન અને કર્ણનો પરાજય તથા જયદ્રથનું પરાક્રમ | ૯૦૧ |
| ૩૫૨. અભિમન્યુ દ્વારા કૌરવસેનાના અનેક પ્રમુખ વીરોનો સંહાર | ૯૦૩ |
| ૩૫૩. અભિમન્યુ દ્વારા કૌરવોનો સંહાર અને છ મહારથીઓના પ્રયત્નથી તેનો વધ | ૯૦૬ |
| ૩૫૪. યુધિષ્ઠિરનો વિલાપ તથા વ્યાસજી દ્વારા મૃત્યુની ઉત્પત્તિનું વર્ણન | ૯૦૮ |
| ૩૫૫. વ્યાસજી દ્વારા સૃંજય-પુત્ર, મરુત, સુહોત્ર, શિબિ અને રામના પરલોકગમનનું વર્ણન | ૯૧૨ |
| ૩૫૬. ભગીરથ, દિલીપ, માન્ધાતા, યયાતિ, અમ્બરીષ અને શશબિન્દુના મૃત્યુનું દૃષ્ટાંત | ૯૧૫ |
| ૩૫૭. રાજા ગય, રન્તિદેવ, ભરત અને પૃથુની કથા અને યુધિષ્ઠિરની શોક-નિવૃત્તિ | ૯૧૮ |
| ૩૫૮. અર્જુનનો વિષાદ અને જયદ્રથને મારવાની પ્રતિજ્ઞા | ૯૨૨ |
| ૩૫૯. ભયભીત થયેલા જયદ્રથને દ્રોણનું આશ્વાસન તથા શ્રીકૃષ્ણ અને અર્જુનની વાતચીત | ૯૨૫ |
| ૩૬૦. શ્રીકૃષ્ણનું આશ્વાસન, સુભદ્રાનો વિલાપ તથા દારુક સાથે શ્રીકૃષ્ણની વાતચીત | ૯૨૭ |
| ૩૬૧. અર્જુનનું સ્વપ્ન, શ્રીકૃષ્ણનું યુધિષ્ઠિરને આશ્વાસન તથા બધાનું યુદ્ધ માટે પ્રસ્થાન | ૯૩૦ |
| ૩૬૨. ધૃતરાષ્ટ્રનો વિષાદ તથા સંજયનો ઠપકો | ૯૩૩ |
| ૩૬૩. દ્રોણાચાર્યજીનો શકટવ્યૂહ અને અનેક વીરોનો સંહાર કરીને અર્જુનનો તેમાં પ્રવેશ | ૯૩૫ |
| ૩૬૪. દુર્યોધનની ફરિયાદથી દ્રોણાચાર્ય દ્વારા તેને અભેદ્ય કવચ પહેરાવીને અર્જુન સાથે યુદ્ધ કરવા મોકલવો | ૯૪૦ |
| ૩૬૫. દ્રોણાચાર્ય સાથે ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિનું ઘોર યુદ્ધ | ૯૪૧ |
| ૩૬૬. વિન્દ, અનુવિન્દનો વધ તથા કૌરવસેનાની વચ્ચે શ્રીકૃષ્ણની અશ્વચર્યા | ૯૪૩ |
| ૩૬૭. અર્જુનનો દુર્યોધન તથા અશ્વત્થામા વગેરે આઠ મહારથીઓ સાથે સંગ્રામ | ૯૪૬ |
| ૩૬૮. શકટવ્યૂહના અગ્રભાગ પર કૌરવ અને પાંડવવીરોનો સંગ્રામ તથા કૌરવપક્ષના અનેક વીરોનો વધ | ૯૪૮ |
| ૩૬૯. સાત્યકિ અને દ્રોણનું યુદ્ધ તથા રાજા યુધિષ્ઠિરે સાત્યકિને અર્જુન પાસે મોકલવો | ૯૫૨ |
| ૩૭૦. સાત્યકિનો કૌરવસેનામાં પ્રવેશ | ૯૫૬ |
| ૩૭૧. કૌરવસેનાના પરાભવના વિષયમાં રાજા ધૃતરાષ્ટ્ર અને સંજયનો સંવાદ તથા કૃતવર્માના પરાક્રમનું વર્ણન | ૯૫૭ |
| ૩૭૨. સાત્યકિનું કૃતવર્મા સાથે યુદ્ધ, જલસન્ધનો વધ તથા દ્રોણ અને દુર્યોધન વગેરે ધૃતરાષ્ટ્ર-પુત્રો સાથે ઘોર સંગ્રામ | ૯૫૯ |
| ૩૭૩. સાત્યકિ દ્વારા રાજકુમાર સુદર્શનનો વધ, કામ્બોજ અને યવન વગેરે અનાર્ય યોદ્ધાઓ સાથે ઘોર સંગ્રામ તથા ધૃતરાષ્ટ્ર-પુત્રોનો પરાજય | ૯૬૧ |

| વિષય | પૃષ્ઠ-સંખ્યા |
|---|---|
| ૩૭૪. આચાર્ય દ્વારા દુઃશાસનનો તિરસ્કાર, વીરકેતુ વગેરે પાંચાલકુમારોનો વધ તથા તેમનું ધૃષ્ટદ્યુમ્ન વગેરે પાંચાલો તથા સાત્યકિનું દુઃશાસન અને ત્રિગર્તો સાથે ઘોર યુદ્ધ | ૯૬૪ |
| ૩૭૫. દ્રોણાચાર્ય દ્વારા બૃહત્ક્ષત્ર, ધૃષ્ટકેતુ અને ક્ષેત્રધર્માનો વધ તથા ચેકિતાન વગેરે અનેક વીરોનો પરાજય | ૯૬૭ |
| ૩૭૬. મહારાજ યુધિષ્ઠિરે ગભરાઈને ભીમસેનને અર્જુન પાસે મોકલવા તથા ભીમસેનનું અનેક ધૃતરાષ્ટ્રપુત્રોને મારીને અર્જુન પાસે પહોંચવું | ૯૬૮ |
| ૩૭૭. ભીમસેનના હાથે કર્ણનો પરાજય, દ્રોણ સાથે દુર્યોધનની મંત્રણા તથા યુધામન્યુ અને ઉત્તમૌજા સાથે તેનું યુદ્ધ | ૯૭૨ |
| ૩૭૮. ભીમસેનના હાથે કર્ણનો પરાજય તથા ધૃતરાષ્ટ્રના સાત પુત્રોનો વધ | ૯૭૪ |
| ૩૭૯. ભીમસેન અને કર્ણનો ભીષણ સંગ્રામ, ચૌદ ધૃતરાષ્ટ્ર-પુત્રોનો સંહાર તથા કર્ણ દ્વારા ભીમનો પરાભવ | ૯૭૭ |
| ૩૮૦. સાત્યકિનું રાજા અલમ્બુષ તથા ત્રિગર્ત અને શૂરસેન દેશના વીરોને પરાસ્ત કરીને અર્જુન પાસે પહોંચવું તથા અર્જુનનું ધર્મરાજ માટે ચિંતિત થવું | ૯૮૧ |
| ૩૮૧. સાત્યકિ અને ભૂરિશ્રવાનું ભીષણ યુદ્ધ તથા સાત્યકિ દ્વારા ભૂરિશ્રવાનો વધ | ૯૮૩ |
| ૩૮૨. અર્જુનનો અનેક મહારથીઓ સાથે ભીષણ સંગ્રામ તથા જયદ્રથનું મસ્તક કાપવું | ૯૮૬ |
| ૩૮૩. કૃપાચાર્યની મૂર્છા અને સાત્યકિ તથા કર્ણનું યુદ્ધ | ૯૯૦ |
| ૩૮૪. અર્જુનનો કર્ણને ઠપકો, યુધિષ્ઠિરે અર્જુન વગેરેને મળવું તથા ભગવાનની સ્તુતિ કરવી | ૯૯૩ |
| ૩૮૫. દુર્યોધન અને દ્રોણાચાર્યની ક્રોધપૂર્ણ વાતચીત તથા કર્ણ અને દુર્યોધનનો સંવાદ | ૯૯૬ |
| ૩૮૬. યુધિષ્ઠિર દ્વારા દુર્યોધનનો પરાજય, દ્રોણના હાથે શિબિનો વધ તથા ભીમ દ્વારા કલિંગ, ધ્રુવ, જયરાત, દુર્મદ અને દુષ્કર્ણનો વધ | ૯૯૯ |
| ૩૮૭. આચાર્ય દ્રોણનું આક્રમણ, ઘટોત્કચ અને અશ્વત્થામાનું ઘોર યુદ્ધ | ૧૦૦૧ |
| ૩૮૮. બાહ્લીક અને ધૃતરાષ્ટ્રના દસ પુત્રોનો વધ, યુધિષ્ઠિરનું પરાક્રમ, કર્ણ તથા કૃપ વચ્ચે વિવાદ તથા અશ્વત્થામાનો કોપ | ૧૦૦૫ |
| ૩૮૯. અર્જુન દ્વારા કર્ણનો પરાજય અને અશ્વત્થામાનો દુર્યોધન સાથે સંવાદ તથા પાંચાલો સાથે ઘોર યુદ્ધ | ૧૦૦૯ |
| ૩૯૦. કૌરવસેનાનો સંહાર, સોમદત્તનો વધ, યુધિષ્ઠિરનું પરાક્રમ અને બંને સેનાઓમાં દીપકનો પ્રકાશ | ૧૦૧૨ |
| ૩૯૧. દુર્યોધનનું સૈનિકોને પ્રોત્સાહન, કૃતવર્માનું પરાક્રમ, સાત્યકિ દ્વારા ભૂરિનો વધ તથા ઘટોત્કચ સાથે અશ્વત્થામાનું યુદ્ધ | ૧૦૧૪ |
| ૩૯૨. ભીમસેન દ્વારા દુર્યોધનનો, કર્ણ દ્વારા સહદેવનો, શલ્ય દ્વારા વિરાટનો અને શતાનીક દ્વારા ચિત્રરથનો પરાજય | ૧૦૧૬ |
| ૩૯૩. દ્રુપદ-વૃષસેન, પ્રતિવિન્ધ્ય-દુઃશાસન, નકુળ-શકુનિ અને શિખંડી-કૃપાચાર્યનું યુદ્ધ તથા ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ તથા અર્જુનનું પરાક્રમ | ૧૦૧૮ |
| ૩૯૪. દ્રોણ અને કર્ણ દ્વારા પાંડવસેનાનો સંહાર તથા ભયભીત થયેલા યુધિષ્ઠિરની વાતથી શ્રીકૃષ્ણે ઘટોત્કચને કર્ણ સાથે યુદ્ધ કરવા મોકલવો | ૧૦૨૨ |
| ૩૯૫. ઘટોત્કચના હાથે અલમ્બુષ (દ્વિતીય)નો વધ તથા કર્ણ અને ઘટોત્કચનું ઘોર યુદ્ધ | ૧૦૨૪ |
| ૩૯૬. ભીમસેન સાથે અલાયુધનું યુદ્ધ તથા ઘટોત્કચના હાથે અલાયુધનો વધ | ૧૦૨૯ |
| ૩૯૭. ઘટોત્કચનું પરાક્રમ અને કર્ણની અમોઘ શક્તિથી તેનો વધ | ૧૦૩૧ |
| ૩૯૮. ઘટોત્કચના મૃત્યુથી ભગવાનની પ્રસન્નતા તથા પાંડવોના હિતૈષી ભગવાન દ્વારા કર્ણનો બુદ્ધિમોહ | ૧૦૩૩ |
| ૩૯૯. યુધિષ્ઠિરનો વિષાદ અને ભગવાન શ્રીકૃષ્ણ તથા વ્યાસજી દ્વારા તેનું નિવારણ | ૧૦૩૬ |

| વિષય | પૃષ્ઠ-સંખ્યા |
|---|---|
| ૪૦૦. અર્જુનની આજ્ઞાથી બંને સેનાઓનું રણભૂમિમાં શયન તથા દુર્યોધન અને દ્રોણની રોષભરી વાતચીત | ૧૦૩૮ |
| ૪૦૧. બંને દળોનું દ્વંદ્વયુદ્ધ; વિરાટ, પૌત્રો સહિત દ્રુપદ અને કેકય વગેરેનો વધ; દુર્યોધન અને દુઃશાસનનો પરાજય; ભીમ-કર્ણ તથા અર્જુન-દ્રોણનું યુદ્ધ | ૧૦૪૧ |
| ૪૦૨. સાત્યકિ અને દુર્યોધનનું યુદ્ધ, દ્રોણનું ઘોર કર્મ, ઋષિઓનો દ્રોણને શસ્ત્ર ત્યાગવાનો આદેશ તથા અશ્વત્થામાનું મૃત્યુ સાંભળીને દ્રોણનું જીવનથી નિરાશ થવું | ૧૦૪૪ |
| ૪૦૩. આચાર્ય દ્રોણનો વધ | ૧૦૪૭ |
| ૪૦૪. કૌરવોનું ભયભીત થઈને ભાગવું, પિતાનું મૃત્યુ સાંભળીને અશ્વત્થામાનો કોપ અને તેના દ્વારા નારાયણાસ્ત્રનો પ્રયોગ | ૧૦૫૦ |
| ૪૦૫. અર્જુન દ્વારા યુધિષ્ઠિરને ઠપકો, ભીમનો કોપ, ધૃષ્ટદ્યુમ્નનો દ્રોણના વિષયમાં આક્ષેપ અને સાત્યકિ સાથે તેનો વિવાદ | ૧૦૫૩ |
| ૪૦૬. નારાયણાસ્ત્રનો પ્રભાવ જોઈને યુધિષ્ઠિરનો વિષાદ તથા ભગવાન શ્રીકૃષ્ણે બતાવેલા ઉપાયથી તેનું નિવારણ; અશ્વત્થામા સાથે ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ તથા ભીમસેનનું ઘોર યુદ્ધ | ૧૦૫૭ |
| ૪૦૭. અશ્વત્થામા દ્વારા આગ્નેયાસ્ત્રનો પ્રયોગ અને વ્યાસજી દ્વારા તેને શ્રીકૃષ્ણ અને અર્જુનનો મહિમા કહેવો | ૧૦૬૨ |
| ૪૦૮. વ્યાસજી દ્વારા અર્જુનને ભગવાન શંકરના મહિમાનું વર્ણન | ૧૦૬૪ |

॥ શ્રીગણેશાય નમઃ ॥

# સંક્ષિપ્ત મહાભારત

## આદિપર્વ

### ગ્રંથનો ઉપક્રમ

**નારાયણં નમસ્કૃત્ય નરં ચૈવ નરોત્તમમ્ ।**
**દેવીં સરસ્વતીં વ્યાસં તતો જયમુદીરયેત્ ॥**

અન્તર્યામી નારાયણસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ, તેમના નિત્ય સખા નરરત્ન અર્જુન, તેમની લીલાને પ્રગટ કરનારી ભગવતી સરસ્વતી અને તેના વક્તા ભગવાન વ્યાસને નમસ્કાર કરીને આસુરી સંપત્તિઓનો નાશ કરીને અંતઃકરણ પર વિજય પ્રાપ્ત કરાવનારા મહાભારત ગ્રંથનો પાઠ કરવો જોઈએ.

ૐ નમો ભગવતે વાસુદેવાય ।
ૐ નમઃ પિતામહાય ।
ૐ નમઃ પ્રજાપતિભ્યઃ ।
ૐ નમઃ કૃષ્ણદ્વૈપાયનાય ।
ૐ નમઃ સર્વવિઘ્નવિનાયકેભ્યઃ ।

લોમહર્ષણના પુત્ર ઉગ્રશ્રવા સૂતવંશના શ્રેષ્ઠ પુરાણી હતા. એકવાર જ્યારે નૈમિષારણ્ય ક્ષેત્રમાં કુલપતિ શૌનક બાર વર્ષનું સત્સંગ-સત્ર કરી રહ્યા હતા ત્યારે ઉગ્રશ્રવા ખૂબ જ વિનયપૂર્વક શાંતિથી બેઠેલા વ્રતનિષ્ઠ બ્રહ્મર્ષિઓની પાસે આવ્યા. જ્યારે નૈમિષારણ્યવાસી તપસ્વી ઋષિઓએ જોયું કે ઉગ્રશ્રવા અમારા આશ્રમમાં આવી ગયા છે, ત્યારે તેમની પાસેથી વિલક્ષણ કથા સાંભળવા માટે તે લોકોએ તેમને ઘેરી લીધા. ઉગ્રશ્રવાએ હાથ જોડીને બધાને પ્રણામ કર્યા અને સ્વાગતનો સ્વીકાર કરીને તેમની તપસ્યાના સંબંધમાં કુશળ પ્રશ્ન કર્યા. બધા ઋષિમુનિઓ પોતપોતાનાં આસન પર બેસી ગયા અને તેમની આજ્ઞા પ્રમાણે તેઓ પણ પોતાના આસન પર બેસી ગયા. જ્યારે તેઓ સુખપૂર્વક બેસીને વિશ્રામ કરી ચૂક્યા, ત્યારે કોઈ એક ઋષિએ કથાનો પ્રસંગ પ્રસ્તુત કરવા માટે તેમને આ પ્રશ્ન કર્યો – 'સૂતનંદન! તમે ક્યાંથી આવી રહ્યા છો? તમે અત્યાર સુધીનો સમય ક્યાં પસાર કર્યો?' ઉગ્રશ્રવાએ કહ્યું, 'હું પરીક્ષિતનંદન રાજર્ષિ જનમેજયના સર્પ-સત્રમાં ગયો હતો. ત્યાં શ્રીવૈશમ્પાયનજીના મુખેથી મેં ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયન દ્વારા રચિત મહાભારત ગ્રંથની અનેક પવિત્ર અને અદ્ભુત કથાઓ સાંભળી. ત્યાર બાદ ઘણાં તીર્થો અને આશ્રમોમાં ફરીને સમન્તપઞ્ચક ક્ષેત્રમાં આવ્યો, જ્યાં અગાઉ કૌરવ-પાંડવોનું મહાન યુદ્ધ થઈ ચૂક્યું છે. ત્યાંથી હું તમારા બધાનાં દર્શન કરવા માટે અહીં આવ્યો છું. તમે બધા દીર્ઘાયુ અને બ્રહ્મનિષ્ઠ છો. તમારું બ્રહ્મતેજ સૂર્ય અને અગ્નિ સમાન છે. તમે બધા સ્નાન, જપ, હવન વગેરેથી નિવૃત્ત થઈને પવિત્રતા અને એકાગ્રતાની સાથે પોતપોતાનાં આસન પર બેઠા છો. હવે કૃપા કરીને એ જણાવો કે હું તમને કઈ કથા સંભળાવું.'

**ઋષિઓએ કહ્યું** – 'સૂતનંદન! પરમર્ષિ શ્રીકૃષ્ણદ્વૈપાયને જે ગ્રંથની રચના કરી છે અને બ્રહ્મર્ષિઓ તથા દેવતાઓએ જેનો આદર કર્યો છે, જેમાં વિલક્ષણ પદોથી પરિપૂર્ણ પર્વો છે, જે સૂક્ષ્મ અર્થ અને ન્યાયથી ભરપૂર છે, જે ડગલે-ડગલે વેદોને અનુકૂળ અર્થોથી વિભૂષિત અને આખ્યાનોમાં શ્રેષ્ઠ છે, જેમાં ભરતવંશનો સંપૂર્ણ ઇતિહાસ છે. જે સર્વથા શાસ્ત્રસંમત છે અને જેને શ્રીકૃષ્ણદ્વૈપાયનની આજ્ઞાથી વૈશમ્પાયનજીએ રાજા જનમેજયને સંભળાવ્યો હતો, ભગવાન વ્યાસની તે જ પુણ્યમયી પાપનાશિની અને વેદમયી સંહિતા અમે સાંભળવા ઇચ્છીએ છીએ.

**ઉગ્રશ્રવાજીએ કહ્યું** – 'ભગવાન શ્રીકૃષ્ણ જ બધાના આદિ છે. તેઓ અંતર્યામી, સર્વેશ્વર, બધા યજ્ઞોના ભોક્તા, સર્વલોકના પ્રશંસનીય પરમ સત્ય ૐકારસ્વરૂપ બ્રહ્મ છે. તેઓ જ સનાતન વ્યક્ત અને અવ્યક્તસ્વરૂપ છે. તેઓ અસત્ પણ છે અને સત્ પણ છે, તેઓ સત્-અસત્ બેય છે અને બંનેથી પર છે. વિરાટ વિશ્વ પણ તેઓ જ છે. તેમણે જ સ્થૂળ અને સૂક્ષ્મ બંનેની સૃષ્ટિ બનાવી છે. તેઓ જ સર્વના જીવનદાતા, સર્વશ્રેષ્ઠ અને અવિનાશી છે. તેઓ જ મંગળકારી, મંગળસ્વરૂપ, સર્વવ્યાપક, સર્વના વાંછનીય (ઇચ્છવાયોગ્ય), નિષ્પાપ અને પરમ પવિત્ર છે. તે જ ચરાચરગુરુ, નયનમનોહારી હૃષીકેશને નમસ્કાર કરીને સર્વ-લોકપૂજિત અદ્‌ભુત કર્મ કરનાર ભગવાન વ્યાસની પવિત્ર રચના–મહાભારતનું વર્ણન કરું છું. પૃથ્વી પર અનેક પ્રતિભાશાળી વિદ્વાનોએ આ ઇતિહાસનું અગાઉ વર્ણન કર્યું છે, અત્યારે પણ કરે છે અને આગળ પણ કરશે. આ પરમ જ્ઞાનસ્વરૂપ ગ્રંથ ત્રણે લોકમાં પ્રતિષ્ઠિત છે. કોઈ આ ગ્રંથનું સંક્ષેપમાં, તો કોઈ વિસ્તારથી વર્ણન કરે છે. આ ગ્રંથની શબ્દરચના મંગળપ્રદ છે. આમાં અનેક છંદ છે તથા દેવતા અને મનુષ્યોની મર્યાદાનું આમાં સ્પષ્ટ વર્ણન છે.

જે સમયે આ જગત જ્ઞાન અને પ્રકાશથી શૂન્ય તથા અંધકારથી પરિપૂર્ણ હતું, તે સમયે એક બહુ મોટું ઈંડું ઉત્પન્ન થયું અને તે જ સઘળી પ્રજાની ઉત્પત્તિનું કારણ બન્યું. તે ઈંડું બહુ જ મોટું અને દિવ્ય પ્રકાશમય હતું. શ્રુતિ તેનું સત્ય, સનાતન, જ્યોતિર્મય બ્રહ્મસ્વરૂપે વર્ણન કરે છે. તે બ્રહ્મ અલૌકિક, સર્વત્ર સમ, અવ્યક્ત, કારણસ્વરૂપ તથા સત્ અને અસત્ બંને છે. તે જ ઈંડામાંથી લોકપિતામહ પ્રજાપતિ બ્રહ્માજી પ્રગટ થયા. ત્યાર પછી દસ પ્રચેતા, દક્ષ, તેમના સાત પુત્રો, સાત ઋષિઓ અને ચૌદ મનુ ઉત્પન્ન થયા. વિશ્વેદેવો, આદિત્યો, વસુઓ, અશ્વિનીકુમાર, યક્ષો, સાધ્યો, પિશાચો, ગુહ્યકો, પિતરો, બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ, જળ, દ્યુલોક, પૃથ્વી, વાયુ, આકાશ, દિશાઓ, સંવત્સર, ઋતુઓ, માસ, પક્ષ, દિવસ, રાત તથા જગતમાં જેટલી પણ વસ્તુઓ છે, બધી જ તે ઈંડામાંથી ઉત્પન્ન થઈ. આ સંપૂર્ણ ચરાચર જગત જેનાથી ઉત્પન્ન થાય છે, પ્રલય સમયે તે જ પરમાત્મામાં લીન થઈ જાય છે. બરાબર તે જ પ્રમાણે, જેમ ઋતુ આવતાં તેનાં અનેક લક્ષણ પ્રગટ થઈ જાય છે અને ઋતુ બદલાતાં લુપ્ત થઈ જાય છે. એ જ પ્રમાણે આ કાળચક્ર કે જેનાથી સઘળા પદાર્થોની ઉત્પત્તિ અને સંહાર થાય છે તે અનાદિ અને અનંતરૂપે અવિરત ચાલતું રહે છે. સંક્ષેપમાં દેવતાઓની સંખ્યા તેત્રીસ હજાર તેત્રીસસો તેત્રીસ (છત્રીસ હજાર ત્રણસો તેત્રીસ–૩૬,૩૩૩) છે. વિવસ્વાન્‌ના બાર પુત્રો છે– દિવઃપુત્ર, બૃહદ્‌ભાનુ, ચક્ષુ, આત્મા, વિભાવસુ, સવિતા, ઋચીક, અર્ક, ભાનુ, આશાવહ, રવિ

અને મનુ. મનુના બે પુત્રો થયા–દેવભ્રાટ્ અને સુભ્રાટ્. સુભ્રાટ્ના ત્રણ પુત્રો થયા–દશજ્યોતિ, શતજ્યોતિ અને સહસ્રજ્યોતિ. આ ત્રણેય પ્રજાવાન અને વિદ્વાન હતા. દશજ્યોતિના દસહજાર, શતજ્યોતિના એક લાખ અને સહસ્રજ્યોતિના દસ લાખ પુત્રો ઉત્પન્ન થયા. એમનાથી જ કુરુ, યદુ, ભરત, યયાતિ અને ઇક્ષ્વાકુ વગેરે રાજર્ષિઓના વંશનો વિસ્તાર થયો. ઘણાબધા વંશો અને પ્રાણીઓની ઉત્પત્તિની આ જ પરંપરા છે.

ભગવાન વ્યાસ ભૂત-ભવિષ્ય-વર્તમાનનાં રહસ્યો, કર્મ–ઉપાસના–જ્ઞાનરૂપ વેદ, અભ્યાસયુક્ત યોગ, ધર્મ, અર્થ અને કામ, સઘળાં શાસ્ત્રો તથા સમસ્ત લોકના વ્યવહારને જાણે છે. તેમણે આ ગ્રંથમાં વ્યાખ્યાની સાથે સંપૂર્ણ ઇતિહાસ તથા બધી શ્રુતિઓના તાત્પર્યને પ્રગટ કરી દીધું છે. ભગવાન વ્યાસે આ મહાન જ્ઞાનનું ક્યાંક વિસ્તારથી અને ક્યાંક સંક્ષેપમાં વર્ણન કર્યું છે, કેમકે વિદ્વાન લોકો જ્ઞાનને ભિન્ન-ભિન્ન પ્રકારે પ્રકાશિત કરે છે. તેમણે તપસ્યા અને બ્રહ્મચર્યની શક્તિથી વેદોનું વિભાજન કરીને આ ગ્રંથનું નિર્માણ કર્યું અને વિચાર્યું કે આ ગ્રંથ શિષ્યોને કઈ રીતે ભણાવું? ભગવાન વ્યાસનો આ વિચાર જાણીને બ્રહ્માજી સ્વયં તેમની પ્રસન્નતા અને લોકહિત કાજે તેમની પાસે આવ્યા. ભગવાન વેદવ્યાસ તેમને જોઈને ઘણા જ વિસ્મિત થઈ ગયા અને મુનિઓની સાથે ઊભા થઈને તેમને હાથ જોડીને પ્રણામ કર્યા તથા આસન પર બેસાડ્યા. સ્વાગત-સત્કાર કર્યા પછી બ્રહ્માજીની આજ્ઞાથી તેઓ પણ તેમની પાસે બેસી ગયા. ત્યારે વ્યાસજીએ અત્યંત પ્રસન્નતા સાથે હસતાં હસતાં કહ્યું, 'ભગવન્! મેં એક શ્રેષ્ઠ કાવ્યની રચના કરી છે. એમાં વૈદિક અને લૌકિક બધા વિષયો છે. એમાં વેદાંગસહિત ઉપનિષદ્, વેદોનો ક્રિયા-વિસ્તાર, ઇતિહાસ, પુરાણ, ભૂત, ભવિષ્ય અને વર્તમાનનો વૃત્તાન્ત, વૃદ્ધાવસ્થા, મૃત્યુ, ભય, વ્યાધિ વગેરેના ભાવ-અભાવનો નિર્ણય, આશ્રમ અને વર્ણોનો ધર્મ, પુરાણોનો સાર, તપસ્યા, બ્રહ્મચર્ય, પૃથ્વી, ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા અને યુગોનું વર્ણન, તેમનું પરિમાણ, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વણ, અધ્યાત્મ, ન્યાય, શિક્ષા, ચિકિત્સા, દાન, પાશુપતધર્મ, દેવતાઓ અને મનુષ્યોની ઉત્પત્તિ, પવિત્ર તીર્થો, પવિત્ર દેશ, નદી, પર્વત, વન, સમુદ્ર, પૂર્વકલ્પ, દિવ્ય નગરો, યુદ્ધકૌશલ, વિવિધ ભાષાઓ, વિવિધ જાતિઓ, લોકવ્યવહાર અને બધામાં વ્યાપ્ત પરમાત્માનું પણ વર્ણન કર્યું છે; પરંતુ પૃથ્વીમાં આ ગ્રંથને લખી શકે એવું કોઈ મળતું નથી, આ જ મારી ચિંતાનું કારણ છે.'

**બ્રહ્માજીએ કહ્યું** – 'મહર્ષે! તમે તત્ત્વજ્ઞાન-સંપન્ન છો. તેથી હું તમને તપસ્વી અને શ્રેષ્ઠ મુનિઓથી પણ શ્રેષ્ઠ સમજું છું. તમે જન્મથી જ પોતાની વાણી દ્વારા સત્ય અને વેદોના અર્થોનું કથન કરો છો. તેથી તમે તમારા ગ્રંથને કાવ્ય કહો છો તે તમારું કથન સત્ય થશે. તેની પ્રસિદ્ધિ કાવ્યના નામે જ થશે. તમારા આ કાવ્યથી શ્રેષ્ઠ કાવ્યનું નિર્માણ જગતમાં કોઈ કરી શકશે નહિ. તમે તમારા આ ગ્રંથને લખવા માટે ગણેશજીનું સ્મરણ કરો.' આમ કહીને બ્રહ્માજી તો પોતાના લોકમાં ચાલ્યા ગયા અને વ્યાસજીએ ગણેશજીનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં જ ભક્તોની ઇચ્છા પૂરી કરવામાં કલ્પવૃક્ષ સમાન ગણેશજી ઉપસ્થિત થઈ ગયા. વ્યાસજીએ તેમનું પૂજન કરીને બેસાડ્યા અને તેમને પ્રાર્થના કરી, 'હે ભગવન્! મેં મારા મનમાં જ મહાભારતની રચના કરી છે. હું તે બોલું છું તેને તમે લખતા જાઓ.' ગણેશજીએ કહ્યું, 'જો મારી કલમ એક ક્ષણ માટે પણ ન થંભે તો હું

લખવાનું કામ કરી શકું છું.' વ્યાસજીએ કહ્યું, 'ઠીક છે, પરંતુ તમે સમજ્યા વિના લખશો નહિ.' ગણેશજીએ 'તથાસ્તુ' કહીને લખવાનું સ્વીકારી લીધું. ભગવાન વ્યાસે કુતૂહલવશ થોડા એવા શ્લોક બનાવી દીધા જે આ ગ્રંથના રહસ્યરૂપે (ગૂઢ) છે. એમના વિશે તેમણે પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું છે કે 'આઠ હજાર આઠસો શ્લોકોનો અર્થ હું જાણું છું, શુકદેવ જાણે છે. સંજય જાણે છે કે નહિ તે નિશ્ચયપૂર્વક કહી શકાય એમ નથી.' તે શ્લોકો હાલ પણ આ ગ્રંથમાં છે. વિચાર કર્યા વિના તેમનો અર્થ સ્પષ્ટરૂપે સમજાશે નહિ. વધારે તો શું, સર્વજ્ઞ એવા ગણેશજી જ્યારે એક ક્ષણ સુધી તે શ્લોકોના અર્થનો વિચાર કરતા હતા તેટલામાં જ વ્યાસ બીજા ઘણા શ્લોકોની રચના કરી નાખતા હતા.

આ મહાભારત જ્ઞાનરૂપી અંજનની સળીથી ગ્રંથ અજ્ઞાનના અંધકારમાં ભટકતા લોકોની આંખો ખોલનારો છે. આ મહાભારતરૂપી સૂર્યે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ – ચારેય પુરુષાર્થોનું સંક્ષેપમાં અને વિસ્તારથી વર્ણન કરીને લોકોનો અંધકાર નષ્ટ કરી દીધો છે. આ ભારતપુરાણરૂપી પૂર્ણચંદ્રે શ્રુતિઓના અર્થરૂપી ચાંદનીના (અમૃત જેવા) પ્રકાશથી મનુષ્યોના બુદ્ધિરૂપી કમળને વિકસિત કરી દીધું છે, આ ઇતિહાસરૂપી દીપકે સંસારના ભોંયરાને પ્રકાશથી ભરી દીધું છે. ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયને આ ગ્રંથમાં કુરુવંશનો વિસ્તાર, ગાંધારીની ધર્મશીલતા, વિદુરની પ્રજ્ઞા, કુંતીનું ધૈર્ય, દુર્યોધન વગેરેની દુષ્ટતા અને પાંડવોની સત્યતાનું વર્ણન કર્યું છે. આ ગ્રંથની પ્રત્યેક કથાથી ભગવાન શ્રીકૃષ્ણનો અવર્ણનીય મહિમા પ્રગટ થાય છે. આ મહાભારતરૂપી કલ્પવૃક્ષ સમસ્ત કવિઓ માટે આશ્રયસ્થાન છે. આના જ આધારે સૌ પોતપોતાનાં કાવ્યોનું નિર્માણ કરશે.

જે મનુષ્ય શ્રદ્ધાપૂર્વક મહાભારતનું અધ્યયન કરે છે, તેનાં સઘળાં પાપો નષ્ટ થઈ જાય છે. કારણ કે આમાં દેવર્ષિઓ, બ્રહ્મર્ષિઓ, દેવતાઓ વગેરેનાં પરમ પવિત્ર કર્મોનું વર્ણન છે; આમાં સનાતન પુરુષ ભગવાન શ્રીકૃષ્ણની યશગાથાનું ઘણાં સ્થળો પર વર્ણન છે. તેઓ જ સત્ય, ઋત, પરમ પવિત્ર અને મંગળમય છે; તેઓ અવિનાશી, અવિચળ, અખંડ જ્ઞાનસ્વરૂપ પરબ્રહ્મ છે. બુદ્ધિમાન લોકો તેમની જ લીલાઓનું ગાન કરે છે, તેઓ સત્‌ અને અસત્‌ બંને છે. જગતની બધી જ ચેષ્ટાઓ તેમની શક્તિથી જ થાય છે. જે કાંઈ પાંચભૌતિક, આધ્યાત્મિક અથવા પ્રકૃતિનું મૂળભૂત નિર્વિશેષ બ્રહ્મસ્વરૂપ છે, તે બધું તેમનું જ સ્વરૂપ છે. સંન્યાસીઓ ધ્યાન દ્વારા તેમનું જ ચિંતન કરીને મુક્ત થાય છે અને દર્પણમાં પ્રતિબિંબની જેમ સંપૂર્ણ પ્રપંચને તેમનામાં જ સ્થિત જુએ છે. આ ગ્રંથ તેમનાં ચરિત્રથી પૂર્ણ છે, તેથી આ ગ્રંથનો પાઠ કરનાર પાપોથી છૂટી જાય છે. સત્ય અને અમૃત આ મહાભારત ગ્રંથનું સ્વરૂપ છે. ઇતિહાસોમાં આ જ સર્વશ્રેષ્ઠ છે. ઇતિહાસ અને પુરાણો દ્વારા જ વેદોના અર્થનો નિર્ણય કરવો જોઈએ. વેદો અલ્પજ્ઞાનીઓથી ભયભીત રહે છે કે ક્યાંક આ અમારું સત્યાનાશ ન કરી નાખે! દેવતાઓએ મહાભારત ગ્રંથને ત્રાજવામાં મૂકીને તોળ્યો ત્યારે ચારેય વેદોથી આ ગ્રંથની મહત્તા અધિક સાબિત થઈ છે. મહત્તા અને ભગવત્તાને કારણે જ આને **'મહાભારત'** કહે છે. તપસ્યા, અધ્યયન, વૈદિક કર્મોનું અનુષ્ઠાન, શિલોઞ્છવૃત્તિ વગેરે બધાં સાધનો ચિત્તશુદ્ધિ માટેના હેતુ (કારણ) છે, જો તે શુદ્ધ ભાવ સાથે કરવામાં આવે. આ ગ્રંથરત્નમાં ભાવશુદ્ધિ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, તેથી મહાભારત ગ્રંથનું અધ્યયન કરીએ ત્યારે ભાવ શુદ્ધ રાખવો જોઈએ.

—★—

## જનમેજયના ભાઈઓને શાપ અને ગુરુસેવાનો મહિમા

**ઉગ્રશ્રવાજીએ કહ્યું** – 'ઋષિઓ! પરીક્ષિતનંદન જનમેજય પોતાના ભાઈઓ સાથે કુરુક્ષેત્રમાં એક લાંબા સમયનો યજ્ઞ કરી રહ્યા હતા. તેમને ત્રણ ભાઈઓ હતા – શ્રુતસેન, ઉગ્રસેન અને ભીમસેન. તે યજ્ઞ વખતે ત્યાં એક કૂતરો આવ્યો જનમેજયના ભાઈઓએ તેને માર માર્યો અને તે રોતો બરાડા પાડતો પોતાની મા પાસે ગયો. રડતા-બરાડતા કૂતરાને તેની માએ પૂછ્યું, 'બેટા! તું કેમ રડે છે? તને કોણે માર્યું છે?' કૂતરાએ કહ્યું, 'મા! મને જનમેજયના ભાઈઓએ માર માર્યો છે.' માએ કહ્યું, 'બેટા! તેં તેમનો કંઈ ને કંઈ અપરાધ કર્યો હશે.' કૂતરાએ કહ્યું, 'મા! ન તો મેં હવન-સામગ્રી તરફ જોયું છે કે ન કોઈ વસ્તુને મેં સ્પર્શ કર્યો છે. મેં તો કોઈ અપરાધ કર્યો નથી.' આ સાંભળીને માને બહુ દુઃખ થયું અને તે જનમેજયના યજ્ઞમાં ગઈ. તેણે ક્રોધપૂર્વક કહ્યું – 'મારા પુત્રે હવિષ્યને જોયું સુધ્ધાં નથી, કશું ચાટ્યું પણ નથી; અને બીજો પણ કોઈ અપરાધ એણે કર્યો નથી, પછી તેને મારવાનું શું કારણ છે?' જનમેજય અને તેમના ભાઈઓએ આનો કોઈ ઉત્તર ન આપ્યો. કૂતરીએ કહ્યું, 'તમે અપરાધ વિના મારા પુત્રને માર્યો છે, તેથી તમારા ઉપર ઓચિંતો કોઈ મહાન ભય ત્રાટકશે.' દેવતાઓની કૂતરી સરમાનો આ શાપ સાંભળીને જનમેજય બહુ દુઃખી થયા અને ગભરાઈ પણ ગયા. યજ્ઞ સમાપ્ત થયા પછી તેઓ હસ્તિનાપુર આવ્યા અને આ અનિષ્ટને નિવારી શકે તેવા યોગ્ય પુરોહિતને શોધવા લાગ્યા. એક દિવસે તેઓ શિકાર કરવા ગયા. ફરતાં-ફરતાં તેમને પોતાના રાજ્યમાં જ એક આશ્રમ મળ્યો. તે આશ્રમમાં શ્રુતશ્રવા નામના એક ઋષિ રહેતા હતા. તેમના તપસ્વી પુત્રનું નામ સોમશ્રવા હતું. જનમેજયે તે ઋષિપુત્રને જ પુરોહિત બનાવવાનું નક્કી કર્યું. તેમણે શ્રુતશ્રવા ઋષિને નમસ્કાર કરીને કહ્યું, 'ભગવન્! આપના પુત્ર મારા પુરોહિત થાય એવું હું ઇચ્છું છું.' ઋષિએ કહ્યું, 'મારો પુત્ર અત્યંત તપસ્વી અને સ્વાધ્યાયસંપન્ન છે. એ તમારાં બધાં અનિષ્ટોને શાંત કરી શકે છે. માત્ર મહાદેવજીના શાપને દૂર કરવાનું સામર્થ્ય તેનામાં નથી. પરંતુ તેનું એક ગુપ્ત વ્રત છે. તે એ છે કે જો કોઈ બ્રાહ્મણ તેની પાસેથી કોઈ વસ્તુ માગશે તો તે તેને અવશ્ય આપી દેશે. જો તમે આ પ્રમાણે સંમત થતા હો તો તમે એને લઈ જાઓ.' જનમેજયે ઋષિની આજ્ઞા સ્વીકારી લીધી. તેઓ સોમશ્રવાને લઈને હસ્તિનાપુર આવ્યા અને પોતાના ભાઈઓને કહ્યું – 'મેં આમને આપણા પુરોહિત બનાવ્યા છે. તમે લોકો કશો જ વિચાર કર્યા વિના આમની આજ્ઞાનું પાલન કરજો.' ભાઈઓએ તેમની આજ્ઞા માની લીધી. તેમણે તક્ષશિલા પર ચડાઈ કરી અને તેને જીતી લીધી.

તે દિવસોમાં તે પ્રાંતમાં આયોદધૌમ્ય નામના એક ઋષિ રહેતા હતા. તેમના ત્રણ પ્રધાન (મુખ્ય) શિષ્ય હતા – આરુણિ, ઉપમન્યુ અને વેદ. એમનામાં આરુણિ પાંચાલ દેશનો નિવાસી હતો. તેને તેમણે એક દિવસ ખેતરની પાળ બાંધવા માટે મોકલ્યો. ગુરુની આજ્ઞાથી આરુણિ ખેતર પર ગયો અને પાળ બાંધવાનો પ્રયત્ન કરતાં કરતાં થાકી ગયો તો પણ તે પાળ બાંધી ન શક્યો. જ્યારે તે કંટાળી ગયો ત્યારે તેને એક ઉપાય સૂઝ્યો. તે પાળ બાંધવાની હતી

ત્યાં પોતે સૂઈ ગયો. આનાથી પાણી વહી જતું અટકી ગયું. થોડો સમય પસાર થયા પછી આયોદધૌમ્યે પોતાના શિષ્યોને પૂછ્યું કે, 'આરુણિ ક્યાં ગયો?' શિષ્યોએ કહ્યું, 'આપે જ તો તેને ખેતરની પાળ બાંધવા મોકલ્યો હતો.' આચાર્યે શિષ્યોને કહ્યું કે, 'ચાલો, આપણે પણ તે ગયો છે ત્યાં જઈએ.' ત્યાં જઈને આચાર્ય બોલાવવા લાગ્યા, 'આરુણિ! તું ક્યાં છે? આવ બેટા!' આચાર્યનો અવાજ સાંભળીને આરુણિ ઊભો થઈ ગયો અને તેમની પાસે આવીને બોલ્યો, 'ભગવન્! હું અહીં છું. ખેતરમાંથી પાણી વહી જઈ રહ્યું હતું, જ્યારે હું કોઈ રીતે તેને અટકાવી ન શક્યો ત્યારે હું પોતે જ પાળની જગાએ સૂઈ ગયો. હમણાં એકદમ આપનો અવાજ સાંભળીને ત્યાંથી ઊઠીને આપની સેવામાં આવ્યો છું. આપના ચરણોમાં હું પ્રણામ કરું છું. આજ્ઞા કરો, હું આપની શી સેવા કરું?' આચાર્યે કહ્યું, 'બેટા! તું ખેતરની પાળીને તોડીને (ઉદ્દલન કરીને) ઊઠ્યો છે, તેથી તારું નામ 'ઉદ્દાલક' થશે.' ત્યાર બાદ કૃપાદષ્ટિથી જોતાં રહીને આચાર્યે વધુમાં કહ્યું, 'બેટા! તેં મારી આજ્ઞાનું પાલન કર્યું છે તેથી તારું વિશેષ કલ્યાણ થશે. બધા વેદો અને ધર્મશાસ્ત્રોનો તું જ્ઞાતા બની જઈશ.' પોતાના આચાર્યનું વરદાન પ્રાપ્ત કરીને તે પોતાના ઇચ્છિત સ્થાને ચાલ્યો ગયો.

આયોદધૌમ્યના બીજા શિષ્યનું નામ હતું ઉપમન્યુ. આચાર્યે તેને એવું કહીને મોકલ્યો કે, 'બેટા! તું ગાયોની રક્ષા કર.' આચાર્યની આજ્ઞાથી તે ગાયો ચરાવવા લાગ્યો. દિવસે ગાયો ચરાવ્યા પછી સંધ્યાકાળે આચાર્યના આશ્રમ પર આવ્યો અને તેમને નમસ્કાર કર્યા. આચાર્યે કહ્યું, 'બેટા! તું હૃષ્ટપુષ્ટ અને બળવાન દેખાય છે. શું ખાય-પીએ છે?' તેણે કહ્યું, 'આચાર્ય! હું ભિક્ષા માંગીને ખાઈ-પી લઉં છું.' આચાર્યે કહ્યું, 'બેટા! મને અર્પણ કર્યા વિના ભિક્ષા ન ખાવી જોઈએ.' તેણે આચાર્યની વાત માની લીધી. હવે તે ભિક્ષા માંગીને તેમને અર્પણ કરી દેતો અને આચાર્ય બધી ભિક્ષા લઈને રાખી લેતા હતા. તે ફરી દિવસભર ગાયો ચરાવીને સંધ્યા સમયે ગુરુગૃહમાં આવતો અને આચાર્યને વંદન-પ્રણામ કરતો. એક દિવસ આચાર્યે કહ્યું, 'બેટા! હું તારી બધી ભિક્ષા લઈ લઉં છું, તો હવે તું શું ખાય-પીએ છે?' ઉપમન્યુએ કહ્યું, 'ભગવન્! હું પ્રથમ ભિક્ષા આપને અર્પણ કરીને પછી બીજી ભિક્ષા માંગીને ખાઈ-પી લઉં છું.' આચાર્યે કહ્યું, 'આ પ્રમાણે કરવું અંતેવાસી (ગુરુ પાસે રહેતા બ્રહ્મચારી) માટે અયોગ્ય છે. તું બીજા ભિક્ષાર્થીઓની જીવિકામાં અડચણ નાખી રહ્યો છે અને આ કૃત્યથી તારો લોભ પણ છતો થાય છે.' ઉપમન્યુએ આચાર્યની આજ્ઞાનો સ્વીકાર કરી લીધો અને તે પાછો ગાયો ચરાવવા ચાલ્યો ગયો. સંધ્યા સમયે તે ફરીથી ગુરુજીની પાસે આવ્યો અને તેમના ચરણોમાં નમસ્કાર કર્યા. આચાર્યે કહ્યું, 'બેટા ઉપમન્યુ! હું તારી બધી ભિક્ષા લઈ લઉં છું. બીજી વાર તું માંગતો નથી, છતાં તું ખૂબ જ તગડો છે; તો હવે તું શું ખાય-પીએ છે?' ઉપમન્યુએ કહ્યું, 'ભગવન્! હું આ ગાયોનાં દૂધથી મારો નિર્વાહ કરી લઉં છું.' આચાર્યે કહ્યું, 'બેટા! મારી આજ્ઞા વિના ગાયોનું દૂધ પી લેવું એ યોગ્ય નથી.' તેણે ગુરુદેવની તે આજ્ઞા પણ સ્વીકારી લીધી અને ફરી ગાયો ચરાવીને સાંજના સમયે તેમની સેવામાં હાજર થઈને પ્રણામ કર્યા. આચાર્યે પૂછ્યું, 'બેટા! તેં મારી આજ્ઞાથી ભિક્ષાની તો વાત જ શી છે, દૂધ પીવાનું પણ છોડી દીધું છે; તો હવે શું ખાય-પીએ છે?' ઉપમન્યુએ કહ્યું, 'ભગવન્! આ

વાછડાં પોતાની માના આંચળથી દૂધ પીએ છે ત્યારે જે ફીણ કાઢે છે, તે હું પી લઉં છું.' આચાર્યે કહ્યું, 'રામ-રામ! આ દયાળુ વાછરડાં તારા પર કૃપા કરીને ઘણું બધું ફીણ ઓકી કાઢતાં હશે; આ પ્રમાણે તો તું તે વાછરડાંઓની જીવિકામાં અડચણ નાખી રહ્યો છે! તારે તે પણ ન પીવું જોઈએ.' તેણે આચાર્યની આજ્ઞા શિરોધાર્ય કરી લીધી. હવે ખાવા-પીવાના બધા દરવાજા બંધ થઈ જવાના કારણે ભૂખથી વ્યાકુળ થઈને તેણે એક દિવસ આકડાનાં પાન ખાઈ લીધાં. તે ખારાં, તીખાં, કડવાં, રૂખાં અને પચી ગયા પછી તીક્ષ્ણ રસ ઉત્પન્ન કરનારાં પાંદડાં ખાઈને તે પોતાની આંખોની રોશની ગુમાવી બેઠો. આંધળો થઈને જંગલમાં ભટકતો રહ્યો અને એક કૂવામાં પડી ગયો, પરંતુ જ્યારે તે આચાર્યના આશ્રમ પર ન આવ્યો ત્યારે આચાર્યે શિષ્યોને પૂછ્યું – 'ઉપમન્યુ નથી આવ્યો?' શિષ્યોએ કહ્યું – 'ભગવન્! તે તો ગાયો ચરાવવા ગયો છે.' આચાર્યે કહ્યું – 'મેં ઉપમન્યુના ખાવા-પીવાના બધા દરવાજા બંધ કરી દીધા છે તેથી તેને ક્રોધ આવી ગયો હશે, તેથી જ તો અત્યાર સુધી તે આવ્યો નથી. ચાલો, તેને શોધીએ.' આચાર્ય શિષ્યો સાથે વનમાં ગયા અને મોટેથી બોલાવવા લાગ્યા, 'ઉપમન્યુ! તું ક્યાં છે? આવ વત્સ!' આચાર્યનો અવાજ સાંભળીને તે જોરથી બોલ્યો, 'હું અહીં કૂવામાં પડી ગયો છું.' આચાર્યે પૂછ્યું કે, 'તું કૂવામાં કઈ રીતે પડી ગયો?' તેણે કહ્યું, 'આંકડાનાં પાંદડાં ખાઈને હું આંધળો થઈ ગયો અને આ કૂવામાં પડી ગયો.' આચાર્યે કહ્યું, 'તું દેવોના વૈદ્ય અશ્વિનીકુમારની સ્તુતિ કર, તે તારી આંખો સારી કરી દેશે.' ત્યારે ઉપમન્યુએ વેદમંત્રોથી અશ્વિનીકુમારની સ્તુતિ કરી.

ઉપમન્યુની સ્તુતિથી પ્રસન્ન થઈને અશ્વિનીકુમાર તેની પાસે આવ્યા અને બોલ્યા, 'તમે આ માલપૂઆ ખાઈ લો.' ઉપમન્યુએ કહ્યું, 'દેવવર! તમારી વાત બરાબર છે, પરંતુ આચાર્યશ્રીને અર્પણ કર્યા વિના હું તમારી આજ્ઞાનું પાલન કરી શકું એમ નથી.' અશ્વિનીકુમારોએ કહ્યું, 'પહેલાં તમારા આચાર્યે પણ અમારી સ્તુતિ કરી હતી અને અમે તેમને માલપૂઆ આપ્યા હતા. તેમણે તો પોતાના ગુરુને અર્પણ કર્યા વિના જ તે ખાધા હતા, તો જેવું ઉપાધ્યાયે કર્યું એવું તમે પણ કરો.' ઉપમન્યુએ કહ્યું – 'હું તમને હાથ જોડીને વિનંતી કરું છું કે ગુરુદેવને અર્પણ કર્યા સિવાય હું માલપૂઆ નહિ ખાઈ શકું.' અશ્વિનીકુમારોએ કહ્યું, 'અમે તમારી આ ગુરુભક્તિથી તમારા પર પ્રસન્ન છીએ. તમારા દાંત સુવર્ણના થઈ જશે, તમારી આંખો સારી થઈ જશે અને તમારું બધી રીતે કલ્યાણ થશે.' અશ્વિનીકુમારોની આજ્ઞા પ્રમાણે ઉપમન્યુ આચાર્યની પાસે આવ્યો અને બધી હકીકત કહી સંભળાવી. આચાર્યે પ્રસન્ન થઈને કહ્યું, 'અશ્વિનીકુમારોના કથનાનુસાર તારું કલ્યાણ થશે અને બધા વેદ અને બધાં ધર્મશાસ્ત્રો તારી બુદ્ધિમાં આપમેળે જ સ્ફુરિત થઈ જશે.'

આયોદધૌમ્યનો ત્રીજો શિષ્ય હતો વેદ. આચાર્યે તેને કહ્યું, 'બેટા! તું થોડા દિવસ સુધી મારી પાસે રહે. મારી સેવા-શુશ્રૂષા કર, તારું કલ્યાણ થશે.' તેણે ઘણા સમય સુધી ત્યાં રહીને ગુરુસેવા કરી. આચાર્ય તેની ઉપર બળદ જેટલો ભાર લાદી દેતા અને તે ઠંડી-ગરમી, ભૂખ-તરસનું દુઃખ સહીને તેમની સેવા કરતો રહ્યો. ક્યારેય ગુરુ આજ્ઞાથી વિપરીત ચાલતો નહિ. ઘણા દિવસે આચાર્ય પ્રસન્ન થયા અને તેમણે કલ્યાણ અને સર્વજ્ઞતાનું વરદાન તેને આપ્યું.

બ્રહ્મચર્યાશ્રમ પછી તે ગૃહસ્થાશ્રમમાં આવ્યો. વેદના પણ ત્રણ શિષ્ય હતા, પરંતુ તેઓ તેમને ક્યારેય કશું કામ કે ગુરુસેવાનો આદેશ કરતા ન હતા. તેઓ ગુરુગૃહનાં દુઃખોને જાણતા હતા અને તેથી શિષ્યોને દુઃખી કરવા ઇચ્છતા ન હતા. એક વાર રાજા જનમેજય અને પૌષ્યે આચાર્ય વેદની પુરોહિત તરીકે વરણી કરી. વેદ ક્યારેક પુરોહિતના કામે બહાર જતા ત્યારે ઘરની દેખરેખ પોતાના શિષ્ય ઉત્તંકને સોંપીને જતા હતા. એક વાર આચાર્ય વેદે બહારથી આવીને પોતાના શિષ્ય ઉત્તંકના સદાચાર-પાલનની બહુ પ્રશંસા સાંભળી. તેમણે કહ્યું, 'બેટા! તેં ધર્મનું દૃઢતાપૂર્વક પાલન કરીને મારી મોટી સેવા કરી છે. હું તારા પર પ્રસન્ન છું. તારી બધી કામનાઓ પૂરી થશે. હવે તું જઈ શકે છે.' ઉત્તંકે પ્રાર્થના કરી કે 'હે આચાર્ય! હું આપને કઈ પ્રિય વસ્તુ ભેટમાં આપું?' આચાર્યે પ્રથમ તો ભેટનો અસ્વીકાર કર્યો, પછી કહ્યું કે, 'ભેટ માટે તારી ગોરાણીને પૂછી લે.' જ્યારે ઉત્તંકે ગોરાણીને પૂછ્યું તો તેમણે કહ્યું, 'તું રાજા પૌષ્યની પાસે જા અને તેમની રાણીનાં કાનનાં કુંડળ માંગી લાવ. હું આજથી ચોથા દિવસે તે કુંડળ પહેરીને બ્રાહ્મણોને ભોજન પીરસવા ઇચ્છું છું. આ પ્રમાણે કરીશ તો જ તારું કલ્યાણ થશે, અન્યથા નહિ.'

ઉત્તંકે ત્યાંથી જતાં જોયું કે એક બહુ જ લાંબો-પહોળો પુરુષ મોટા ભારે બળદ પર બેઠો છે. તેણે ઉત્તંકને સંબોધન કરીને કહ્યું કે, 'તું આ બળદનું છાણ ખાઈ જા.' ઉત્તંકે 'ના' કહી દીધી. તે પુરુષ ફરી બોલ્યો, 'ઉત્તંક! તારા આચાર્યે પહેલાં આ ખાધું છે, કશો વિચાર કર્યા વિના ખાઈ જા.' ઉત્તંકે બળદનું છાણ અને મૂત્ર ખાઈ લીધું અને ઉતાવળને લીધે રોકાયા વિના કોગળો કરતો કરતો ત્યાંથી ચાલવા માંડ્યો. ઉત્તંકે રાજા પૌષ્ય પાસે જઈને તેમને આશીર્વાદ આપ્યા અને કહ્યું કે, 'હું તમારી પાસે કશુંક માંગવા માટે આવ્યો છું.' પૌષ્યે ઉત્તંકનો અભિપ્રાય જાણીને તેને અંતઃપુરમાં રાણી પાસે મોકલી દીધો. પરંતુ ઉત્તંકને રાણીવાસમાં ક્યાંય રાણી જોવા ન મળી. ત્યાંથી પાછા ફરીને તેણે પૌષ્યને ઠપકો આપ્યો કે, 'અંતઃપુરમાં રાણી નથી.' પૌષ્યે કહ્યું, 'ભગવન્! મારી રાણી પતિવ્રતા છે. તેને ઉચ્છિષ્ટ અથવા અપવિત્ર મનુષ્ય જોઈ શકતો નથી.' ઉત્તંકે સ્મરણ કરીને કહ્યું કે, 'હા, મેં ચાલતાં ચાલતાં આચમન કર્યું હતું.' પૌષ્યે કહ્યું, 'બરાબર છે, ચાલતાં ચાલતાં આચમન કરવું નિષિદ્ધ છે, તેથી તમે ઉચ્છિષ્ટ છો.' હવે ઉત્તંકે પૂર્વાભિમુખે બેસીને, હાથ-પગ-મોઢું ધોઈને શબ્દ, ફીણ અને ઉષ્ણતારહિત અને હૃદય સુધી પહોંચવા યોગ્ય જળથી ત્રણ વાર આચમન કર્યું અને બે વાર મોઢું ધોયું. ત્યાર પછી અંતઃપુરમાં જવાથી રાણી જોવા મળી અને તેણે ઉત્તંકને સુપાત્ર સમજીને પોતાનાં કુંડળ આપી દીધાં. સાથે-સાથે એવું કહીને તેને સાવધાન કરી દીધો કે નાગરાજ તક્ષકને આ કુંડળ જોઈએ છે, ક્યાંક તમારી અસાવધાનીનો લાભ ઉઠાવીને તે લઈ ન જાય!'

રસ્તામાં જતાં ઉત્તંકે જોયું કે તેની પાછળ-પાછળ એક નગ્ન ક્ષપણક (બૌદ્ધ કે જૈન સંન્યાસી) ચાલી રહ્યો છે, ક્યારેક દેખાય છે તો ક્યારેક અદૃશ્ય થઈ જાય છે. એક વાર ઉત્તંકે કુંડળ મૂકીને જળ પીવાની ચેષ્ટા કરી, એટલામાં તે ક્ષપણક કુંડળ લઈને અદૃશ્ય થઈ ગયો. નાગરાજ તક્ષક જ તે વેશમાં આવ્યો હતો. ઉત્તંકે ઇન્દ્રના વ્રજની મદદથી નાગલોક સુધી તેનો પીછો કર્યો. છેવટે ભયભીત થઈને તક્ષકે તેને કુંડળ આપી દીધાં. ઉત્તંક સમયસર

પોતાની ગોરાણી પાસે પહોંચ્યો અને તેમને કુંડળ આપીને આશીર્વાદ મેળવ્યા. હવે આચાર્યની આજ્ઞા લઈને તે હસ્તિનાપુર આવ્યો. ઉત્તંક તક્ષક પર અત્યંત ક્રોધિત હતો અને તેનો બદલો લેવા ચાહતો હતો. ત્યાં સુધી હસ્તિનાપુરના સમ્રાટ જનમેજય તક્ષશિલા પર વિજય પ્રાપ્ત કરીને પાછા આવી ગયા હતા. ઉત્તંકે કહ્યું, 'રાજન્! તક્ષક તમારા પિતાને ડસ્યો છે. તમે તેનો બદલો લેવા માટે યજ્ઞ કરો. કાશ્યપ તમારા પિતાની રક્ષા કરવા માટે આવી રહ્યા હતા પરંતુ તેમને તેણે પાછા મોકલી દીધા. હવે તમે સર્પ-સત્ર કરો અને તેના પ્રજ્વલિત અગ્નિમાં તે પાપીને બાળીને ભસ્મ કરી દો. તે દુરાત્માએ મારું પણ ઓછું અહિત નથી કર્યું. તમે સર્પસત્ર કરશો તો તમારા પિતાના મૃત્યુનો બદલો વળશે અને મને પણ ખુશી થશે.'

—★—

## સર્પોના જન્મની કથા

**શૌનકજીએ પ્રશ્ન કર્યો** – 'સૂતનંદન ઉગ્રશ્રવા! હવે તમે આસ્તીક ઋષિની કથા સંભળાવો, જેમણે જનમેજયના સર્પ-સત્રમાં નાગરાજ તક્ષકની રક્ષા કરી હતી. તમારા મુખેથી કહેવાતી કથા અત્યંત મધુર અને સરસ હોય છે. ખરેખર તમે તમારા પિતાના જેવા જ પુત્ર છો. તેમના જેવી કથા અમને સંભળાવો.

**ઉગ્રશ્રવાજીએ કહ્યું** – આયુષ્યમાન્! મેં મારા પિતાના મુખે આસ્તીકની કથા સાંભળી છે. તે જ તમને સંભળાવું છું. સત્યયુગમાં દક્ષ પ્રજાપતિની બે કન્યાઓ હતી – કદ્રૂ અને વિનતા. તેમનાં લગ્ન કશ્યપ ઋષિ સાથે થયાં હતાં. કશ્યપ પોતાની ધર્મપત્નીઓ પર પ્રસન્ન થઈને બોલ્યા, 'તમારી જે ઈચ્છા હોય તે વરદાન માંગી લો.' કદ્રૂએ કહ્યું, 'એક હજાર સમાન તેજસ્વી નાગ મારા પુત્ર થાય.' વિનતા બોલી, 'તેજ, શરીર અને બળ-પરાક્રમમાં કદ્રૂના પુત્રોથી શ્રેષ્ઠ એવા બે જ પુત્રો મને પ્રાપ્ત થાય.' કશ્યપજીએ 'તથાસ્તુ' કહ્યું. બંને પ્રસન્ન થઈ ગઈ. સાવચેતીપૂર્વક ગર્ભની રક્ષા કરવાની આજ્ઞા આપીને કશ્યપજી વનમાં ચાલ્યા ગયા.

સમય ઉપસ્થિત થતાં કદ્રૂએ એક હજાર અને વિનતાએ બે ઈંડાં આપ્યાં. દાસીઓએ પ્રસન્ન થઈ ગરમ વાસણોમાં તે મૂકી દીધાં. પાંચસો વર્ષ પૂરાં થતાં કદ્રૂના તો હજાર પુત્રો તેમાંથી નીકળ્યા, પરંતુ વિનતાનાં બે બાળકો ન નીકળ્યાં. વિનતાએ પોતાના હાથે એક ઈંડું ફોડી નાંખ્યું. તે ઈંડાનું બચ્ચું અરધા શરીરે તો પુષ્ટ થઈ ગયું હતું, પરંતુ તેનું નીચેનું અરધું શરીર હજી કાચું હતું. નવજાતશિશુએ ક્રોધિત થઈને પોતાની માતાને શાપ આપ્યો, 'મા! તેં લોભવશ મારા અધૂરા શરીરને જ કાઢી લીધું છે. તે માટે તું તારી તે જ શોકની કે જેનો તું દ્વેષ કરે છે તેની પાંચસો વર્ષ સુધી દાસી થઈશ. જો મારી જેમ તું બીજા ઈંડાને પણ ફોડીને તેમાંના બાળકને અંગહીન અથવા વિકૃત અંગવાળું નહિ કરે તો તે બાળક જ તને આ શાપથી મુક્ત કરશે. જો તારી એવી ઈચ્છા હોય કે મારો બીજો પુત્ર બળવાન થાય તો ધીરજપૂર્વક પાંચસો વર્ષ પ્રતીક્ષા કર.' આ પ્રમાણે શાપ આપીને તે બાળક આકાશમાં ઊડી ગયો અને તે સૂર્યનો સારથિ બન્યો. પ્રાતઃકાળની લાલિમા તેની જ ઝલક છે. તે બાળકનું નામ અરુણ પડ્યું.

એક વાર કદ્રૂ અને વિનતા બંને બહેનો

એકસાથે ફરી રહી હતી ત્યારે તેમને નજીકમાં ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો દેખાયો. તે ઘોડો (અશ્વરત્ન) અમૃત-મંથન કરતાં સમુદ્રમાંથી ઉત્પન્ન થયો હતો અને તે બધા અશ્વોમાં શ્રેષ્ઠ, બળવાન, વિજયી, સુંદર, અજર (જરાવસ્થા રહિત), દિવ્ય અને બધાં શુભ લક્ષણોથી સંપન્ન હતો. તેને જોઈને તે બંને પરસ્પર તેનું વર્ણન કરવા લાગી.

**શૌનકજીએ પૂછ્યું** – 'સૂતનંદન! દેવતાઓએ અમૃત-મંથન કયા સ્થાન પર અને શા માટે કર્યું હતું? અમૃત-મંથન સમયે ઉચ્ચૈઃશ્રવા ઘોડો કઈ રીતે ઉત્પન્ન થયો?' ઉગ્રશ્રવાજી મહર્ષિ શૌનકનો પ્રશ્ન સાંભળીને તેમને અમૃત-મંથનની કથા કહેવા લાગ્યા.

—★—

## સમુદ્ર-મંથન અને અમૃત વગેરેની પ્રાપ્તિ

**ઉગ્રશ્રવાજીએ કહ્યું** – શૌનકાદિ ઋષિઓ! મેરુ નામનો એક પર્વત છે. તે એટલો ચમકદાર છે કે જાણે તેજનો ઢગલો હોય! તેનાં સોનેરી શિખરોના ચળકાટ સામે સૂર્યની પ્રભા ઝાંખી પડી જાય છે. તે ગગનચુંબિત શિખરો રત્નોથી જડેલાં છે. તેમનામાંથી એક શિખર પર ભેગા થઈને દેવતાઓ અમૃતપ્રાપ્તિ માટે ચર્ચા કરવા લાગ્યા. તે સભામાં ભગવાન નારાયણ અને બ્રહ્માજી પણ હતા. ભગવાન નારાયણે દેવતાઓને કહ્યું, 'દેવતાઓ અને અસુરો મળીને સમુદ્ર-મંથન કરે. ફળસ્વરૂપ અમૃતની પ્રાપ્તિ થશે.' દેવતાઓએ ભગવાન નારાયણની સલાહથી મંદરાચલને ઉખાડવાનો પ્રયત્ન કર્યો. તે પર્વત મેઘોની જેમ ઊંચાં શિખરોવાળો, અગિયાર હજાર યોજન ઊંચો અને એટલો જ અંદર ધસેલો હતો. જ્યારે બધા દેવતાઓ પૂરી શક્તિ લગાવીને પણ તેને ઉખાડી ન શક્યા, ત્યારે તેમણે વિષ્ણુ ભગવાન અને બ્રહ્માજી પાસે જઈને પ્રાર્થના કરી – 'ભગવન્! તમે બંને અમારા કલ્યાણ માટે મંદરાચલને ઉખાડવાનો ઉપાય બતાવો અને અમને કલ્યાણકારી જ્ઞાન આપો.' દેવતાઓની પ્રાર્થના સાંભળીને શ્રીનારાયણ અને બ્રહ્માજીએ શેષનાગને મંદરાચલ ઉખાડવા માટે પ્રોત્સાહિત કર્યા. મહાબળવાન શેષનાગે વનો અને વનવાસીઓ સહિત મંદરાચલને ઉખાડી નાંખ્યો. હવે મંદરાચલ સાથે દેવતાઓ સમુદ્રકિનારે પહોંચ્યા અને સમુદ્રને કહ્યું કે, 'અમે લોકો અમૃત પ્રાપ્ત કરવા તમારા જળનું મંથન કરીશું.' સમુદ્રે કહ્યું, 'જો તમે અમૃતમાં મારો ભાગ રાખો તો હું મંદરાચલને ઘુમડવાથી જે કષ્ટ થશે, તે સહી લઈશ.' દેવતાઓ અને અસુરોએ સમુદ્રની વાતનો સ્વીકાર કરીને કચ્છપરાજને કહ્યું, 'તમે આ પર્વતનો આધાર બનો.' કચ્છપરાજે 'સારું' કહીને મંદરાચલને પોતાની પીઠ પર ધારણ કરી દીધો. હવે દેવરાજ ઇન્દ્ર યંત્ર દ્વારા મંદરાચલને ઘુમાવવા લાગ્યા.

આ પ્રમાણે દેવતાઓ અને અસુરોએ મંદરાચલની મથની અને વાસુકિ નાગનું નેતરું બનાવીને સમુદ્ર-મંથન શરૂ કર્યું. વાસુકિ નાગના મોઢા તરફ અસુરો અને પૂંછડા તરફ દેવતાઓ હતા. વારંવાર ખેંચાવાને કારણે વાસુકિ નાગના મુખમાંથી ધુમાડો અને અગ્નિજ્વાળાઓની સાથે શ્વાસ પણ નીકળવા લાગ્યો. તે શ્વાસ થોડી જ વારમાં વાદળો બનીને થાકેલા દેવતાઓ પર જળ વરસાવતાં હતાં. પર્વતના શિખર પરથી પુષ્પોની ઝડી વરસવા લાગી. મેઘગર્જના જેવો ગંભીર અવાજ થવા લાગ્યો. પર્વત પરનાં વૃક્ષો પરસ્પર

અથડાઈને પડવા લાગ્યાં. વૃક્ષોના ઘર્ષણથી અગ્નિ પ્રજ્જ્વલિત થઈ ગયો. ઇન્દ્રે મેઘો દ્વારા જળ વરસાવીને અગ્નિ બુઝાવી દીધો. વૃક્ષોનું દૂધ અને વનસ્પતિઓનો રસ ટપકી-ટપકીને સમુદ્રમાં પડવા લાગ્યો. વનસ્પતિઓનો અમૃત જેવો પ્રભાવશાળી રસ અને દૂધ તથા સુવર્ણમય મંદરાચલના દિવ્ય પ્રભાવશાળી મણિઓમાંથી ટપકતા જળના સ્પર્શથી જ દેવતાઓ અમરતાને પ્રાપ્ત થવા લાગ્યા. તે ઉત્તમ રસોના સંમિશ્રણથી સમુદ્રનું જળ દૂધ બની ગયું અને દૂધમાંથી ઘી બનવા લાગ્યું. દેવતાઓએ મંથન કરતાં કરતાં થાકીને બ્રહ્માજીને કહ્યું, 'ભગવાન નારાયણ સિવાય બધા દેવતાઓ અને અસુરો થાકી ગયા છે. સમુદ્રનું મંથન કરતાં કરતાં આટલો સમય વીતી ગયો, પરંતુ હજી સુધી અમૃત નથી નીકળ્યું.' બ્રહ્માજીએ ભગવાન વિષ્ણુને કહ્યું, 'ભગવન્! તમે આમને બળ આપો. તમે તેમના એકમાત્ર આશ્રય છો.' વિષ્ણુ ભગવાને કહ્યું, 'જે લોકો આ કાર્યમાં લાગેલા છે તેમને હું બળ આપી રહ્યો છું. બધા લોકો પૂરી શક્તિ લગાવીને મંદરાચલને ઘુમાવે અને સમુદ્રને ક્ષુબ્ધ કરી દે.'

ભગવાને આ પ્રમાણે કહેતાં જ દેવતા અને અસુરોનું બળ વધી ગયું. તેઓ અત્યંત વેગથી મથવા લાગ્યા. સંપૂર્ણ સમુદ્ર ક્ષુબ્ધ થઈ ગયો. તે સમયે સમુદ્રમાંથી અગણિત કિરણોવાળો, શીતળ પ્રકાશયુક્ત, શ્વેતવર્ણનો ચંદ્રમા પ્રગટ થયો. ચંદ્રમા પછી ભગવતી લક્ષ્મી અને પછી સુરાદેવી નીકળ્યાં. તે જ સમયે શ્વેતવર્ણવાળો ઉચ્ચૈઃશ્રવા ઘોડો પણ નીકળ્યો. ભગવાન નારાયણના વક્ષઃસ્થળની શોભા વધારનારો દિવ્ય કિરણોથી ઉજ્જ્વળ કૌસ્તુભમણિ, ઇચ્છિત ફળ આપનારું કલ્પવૃક્ષ અને કામધેનુ પણ તે જ સમયે નીકળ્યાં. લક્ષ્મી, સુરા, ચંદ્રમા, ઉચ્ચૈઃશ્રવા – આ બધાં આકાશમાર્ગે દેવતાઓના લોકમાં ચાલ્યાં ગયાં. ત્યારપછી દિવ્ય શરીરધારી ધન્વંતરિ દેવ પ્રગટ થયા. તેમના હાથમાં અમૃતથી ભરેલું શ્વેત કમંડળ હતું. આ અદ્ભુત ચમત્કાર જોઈને દાનવો, 'આ અમારું છે, અમારું છે.' એવી બૂમો પાડવા લાગ્યા. ત્યાર પછી ચાર શ્વેત દાંતોથી યુક્ત વિશાળ ઐરાવત હાથી નીકળ્યો. તે ઇન્દ્રે રાખી લીધો. જ્યારે સમુદ્રનું બહુ જ મંથન કરવામાં આવ્યું ત્યારે તેમાંથી કાલકૂટ વિષ નીકળ્યું. તેની વાસથી જ લોકો અચેત થઈ ગયા. બ્રહ્માજીની પ્રાર્થનાથી ભગવાન શંકરે તેને પોતાના કંઠમાં ધારણ કરી લીધું. ત્યારથી તેઓ 'નીલકંઠ' નામથી પ્રસિદ્ધ થયા. આ બધું જોઈને દાનવોની આશા નષ્ટ થઈ ગઈ. અમૃત અને લક્ષ્મીને માટે તેમનામાં બહુ જ વેર-વિરોધ અને ફાટફૂટ પડી ગઈ. તે જ સમયે ભગવાન વિષ્ણુ મોહિનીરૂપ (સુંદર સ્ત્રીનું રૂપ) ધારણ કરીને દાનવો પાસે આવ્યા. મૂઢ દાનવોએ ભગવાનની માયાને જાણ્યા વિના મોહિનીરૂપધારી ભગવાનને અમૃતનું પાત્ર આપી દીધું. તે સમયે તે બધા મોહિનીરૂપ જોઈને પરવશ થઈ ગયા હતા.

આ પ્રમાણે વિષ્ણુ ભગવાને મોહિનીરૂપ ધારણ કરીને દૈત્યો અને દાનવો પાસેથી અમૃત છીનવી લીધું અને દેવતાઓએ તેમની પાસે જઈને તે પી લીધું. તે સમયે રાહુ દાનવ પણ દેવતાનું રૂપ ધારણ કરીને અમૃત પીવા લાગ્યો. હજી અમૃત તેના કંઠ સુધી જ પહોંચ્યું હતું ત્યાં તો ચંદ્રમા અને સૂર્યે તેનો ભેદ બતાવી દીધો. ભગવાન વિષ્ણુએ તરત જ પોતાના ચક્રથી તેનું મસ્તક છેદી નાખ્યું. રાહુનું પર્વતના શિખર જેવું માથું આકાશમાં જઈને ગર્જના કરવા લાગ્યું અને તેનું ધડ પૃથ્વી પર રહીને બધાને કંપાવતું રહીને તરફડવા લાગ્યું. ત્યારથી રાહુ સાથે સૂર્ય અને ચંદ્રની શત્રુતા સ્થાયી થઈ ગઈ. વિષ્ણુ ભગવાને

અમૃત પિવડાવ્યા પછી પોતાનું મોહિનીરૂપ અદૃશ્ય કરી દીધું અને તેઓ નાના પ્રકારનાં ભયંકર અસ્ત્ર-શસ્ત્રોથી અસુરોને ભયભીત કરવા લાગ્યા અને ત્યાં જ ખારા સમુદ્રકિનારે દેવતા અને અસુરોનું ભયંકર યુદ્ધ શરૂ થઈ ગયું. વિવિધ પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્રોની વૃષ્ટિ થવા લાગી. ભગવાનના ચક્રથી છેદાઈને કોઈ-કોઈ અસુર લોહી ઓકવા લાગ્યા તો કોઈ દેવતાઓનાં ખડ્ગ, શક્તિ અને ગદાથી ઘાયલ થઈને ધરતી પર આળોટવા લાગ્યા. ચારે બાજુથી 'મારો-કાપો, દોડો, પાડી દો, પીછો કરો' જેવા અવાજો સંભળાતા હતા. આ પ્રમાણે ભયંકર યુદ્ધ ચાલી જ રહ્યું હતું ત્યાં જ ભગવાન વિષ્ણુના રૂપ 'નર' અને 'નારાયણ' યુદ્ધભૂમિમાં જોવા મળ્યા. નરનું દિવ્ય ધનુષ્ય જોઈને નારાયણે પોતાના ચક્રનું સ્મરણ કર્યું અને તે જ સમયે સૂર્ય જેવું તેજસ્વી ગોળાકાર ચક્ર આકાશમાર્ગથી ત્યાં આવી પહોંચ્યું. ભગવાન નારાયણના ચલાવવાથી તે ચક્ર શત્રુ-સેનામાં ફરી-ફરીને કાળાગ્નિ જેવા હજારો-હજારો અસુરોનો સંહાર કરવા લાગ્યું. અસુરો પણ આકાશમાં ઊડીને દેવતાઓ પર પર્વતોની વૃષ્ટિ કરી તેમને ઘાયલ કરતા હતા. તે વખતે દેવશિરોમણિ નરે પોતાનાં બાણો વડે પર્વતનાં શિખરોને કાપી-કાપીને આકાશમાં પાથરી દીધાં અને સુદર્શન ચક્ર ઘાસની જેમ દૈત્યોને કાપવા લાગ્યું. આનાથી ભયભીત થઈને અસુરો પૃથ્વી અને સમુદ્રમાં સંતાઈ ગયા. દેવતાઓનો વિજય થયો. મંદરાચલને સન્માનપૂર્વક યથાસ્થાને પહોંચાડી દીધો. બધા પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. દેવતા અને ઇન્દ્રે ખૂબ જ આનંદથી સુરક્ષિત રાખવા માટે અમૃત ભગવાન નરને આપી દીધું. આ જ સમુદ્ર-મંથનની કથા છે.

—★—

## કદ્રૂ અને વિનતાની કથા તથા ગરુડની ઉત્પત્તિ

**ઉગ્રશ્રવાજી કહે છે** – શૌનકાદિ ઋષિઓ! અમૃત-મંથનની તે કથા, જેમાં ઉચ્ચૈઃશ્રવા ઘોડાના ઉત્પન્ન થવાની વાત પણ છે તે તમને કહી સંભળાવી. આ જ ઉચ્ચૈઃશ્રવા ઘોડાને જોઈને કદ્રૂએ વિનતાને કહ્યું – 'બહેન! જલદી બતાવ કે આ ઘોડો કયા રંગનો છે?' વિનતાએ કહ્યું, 'બહેન! આ અશ્વરાજ શ્વેતવર્ણનો છે. તું એને કયા રંગનો સમજે છે?' કદ્રૂએ કહ્યું – 'ખરેખર આ ઘોડાનો રંગ સફેદ છે, પરંતુ પૂંછડું કાળું છે. આવ, આપણે બંને આ બાબતે શરત લગાવીએ. જો તારી વાત સાચી હોય તો હું તારી દાસી થઈશ અને મારી વાત સાચી હશે તો તું મારી દાસી બનજે.' આ પ્રમાણે બંને બહેનો આપસમાં શરત લગાવીને બીજા દિવસે ઘોડો જોવાનો નિશ્ચય કરીને ઘરે ચાલી ગઈ. કદ્રૂએ વિનતાને ફસાવવાના વિચારથી પોતાના હજાર પુત્રોને એવી આજ્ઞા આપી કે તમે લોકો તરત જ કાળા વાળ બનીને ઉચ્ચૈઃશ્રવાની પૂંછને ઢાંકી દો, જેથી મારે દાસી ન બનવું પડે.' જે સર્પોએ તેની આજ્ઞા ન માની, તેમને તેણે શાપ આપ્યો કે, 'જાઓ, તમને જનમેજયના યજ્ઞમાં અગ્નિ બાળીને ભસ્મ કરી દેશે.' આ દૈવયોગની વાત છે કે કદ્રૂએ પોતાના પુત્રોને જ આવો શાપ આપી દીધો. આ વાત સાંભળીને બ્રહ્માજી અને સમસ્ત દેવતાઓએ તેનું અનુમોદન કર્યું. તે દિવસોમાં પરાક્રમી અને ઝેરીલા સર્પો ઘણા જ પ્રબળ થઈ ગયા હતા. તે બીજાઓને અત્યંત પીડા પહોંચાડતા હતા. પ્રજાના હિતની દૃષ્ટિએ

આ યોગ્ય જ થયું. 'જે લોકો બીજા જીવોનું અહિત કરે છે, તેમને વિધાતા તરફથી પ્રાણાન્ત દંડ મળી જાય છે.' આવું કહીને બ્રહ્માજીએ પણ કદ્રૂના નિર્ણયની પ્રશંસા કરી.

કદ્રૂ અને વિનતાએ આપસમાં દાસી બનવાની શરત કરીને બહુ જ ગુસ્સામાં અને આવેશમાં તે રાત પસાર કરી. બીજા દિવસે સવાર થતાં જ નજીકથી ઘોડાને જોવા માટે બંને ચાલી નીકળી. સર્પોએ એકબીજા સાથે વિચાર કરીને એવો નિશ્ચય કર્યો કે, 'આપણે માતાની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. જો તેનો મનોરથ પૂરો ન થયો તો તે પ્રેમભાવ છોડીને ક્રોધપૂર્વક આપણને બાળી મૂકશે. જો તેની ઈચ્છા પૂરી થઈ જશે તો પ્રસન્ન થઈને આપણને પોતાના શાપથી મુક્ત કરી દેશે. તેથી ચાલો, આપણે ઘોડાની પૂંછને કાળી કરી દઈએ.' એવો નિશ્ચય કરીને તેઓ ઉચ્ચૈ:શ્રવાની પૂંછના વાળ બનીને વીંટળાઈ ગયા, જેથી તેની પૂંછ કાળી દેખાવા લાગી. આ બાજુ કદ્રૂ અને વિનતા શરત લગાવીને આકાશમાર્ગે સમુદ્રને જોતાં-જોતાં બીજે કિનારે જવા લાગી. બંને ઘોડાની પાસે આવીને નીચે ઊતરી પડી. તેમણે જોયું કે ઘોડાનું આખું શરીર તો ચંદ્રમાનાં કિરણો જેવું ઉજ્જ્વળ છે, પરંતુ પૂંછ કાળી છે. આ જોઈને વિનતા ઉદાસ થઈ ગઈ, કદ્રૂએ તેને પોતાની દાસી બનાવી દીધી.

સમય પૂરો થતાં મહાતેજસ્વી ગરુડ માતાની સહાયતા વિના જ ઈંડામાંથી બહાર નીકળી આવ્યા. તેમના તેજથી દિશાઓ પ્રકાશિત થઈ ગઈ. તેમની શક્તિ, ગતિ, દીપ્તિ (પ્રકાશ) અને વૃદ્ધિ વિલક્ષણ હતી. નેત્ર વીજળી જેવાં પીળાં અને શરીર અગ્નિ જેવું તેજસ્વી હતું. તેઓ જન્મતાં જ આકાશમાં બહુ ઉપર ઊડી ગયા. તે વખતે તેઓ બીજા વડવાનલ હોય, એવા દેખાતા હતા. દેવતાઓને લાગ્યું કે અગ્નિદેવ જ આ રૂપે વધી રહ્યા છે. તેમણે વિશ્વરૂપ અગ્નિના શરણમાં જઈને પ્રણામ કરીને કહ્યું, 'અગ્નિદેવ! તમે તમારું શરીર વધારશો નહિ. શું તમે અમને ભસ્મ કરી દેવા ઇચ્છો છો? જુઓ, જુઓ, આપની આ તેજોમયી મૂર્તિ અમારી તરફ આવી રહી છે.' અગ્નિએ કહ્યું, 'દેવતાઓ! આ મારી મૂર્તિ નથી. આ તો વિનતાનંદન પરમ તેજસ્વી પક્ષીરાજ ગરુડ છે. એમને જોઈને તમને ભ્રમ થયો છે. એ નાગોને નષ્ટ કરનારા, દેવતાઓના હિતૈષી અને અસુરોના શત્રુ છે. તમે એમનાથી ભયભીત ન થાઓ. મારી સાથે આવો, તેમને મળી લઈએ.' અગ્નિની સાથે જઈને દેવતાઓ અને ઋષિઓએ ગરુડની સ્તુતિ કરી.

દેવતા અને ઋષિઓની સ્તુતિ સાંભળીને ગરુડજીએ કહ્યું – 'મારા ભયંકર શરીરને જોઈને જે લોકો ગભરાઈ ગયા હતા, તેમણે ભય પામવાની જરૂર નથી. હું મારા શરીરને નાનું અને તેજને ઓછું કરી લઉં છું.' બધા લોકો પ્રસન્નતાપૂર્વક પાછા ફરી ગયા.

એક દિવસ વિનીત (સૌમ્ય) વિનતા પોતાના પુત્ર પાસે બેઠી હતી. કદ્રૂએ તેને બોલાવીને કહ્યું – 'મારે સમુદ્રની અંદર નાગોનું એક દર્શનીય સ્થાન જોવું છે. મને તું ત્યાં લઈ જા.' વિનતાએ કદ્રૂને અને ગરુડજીએ માતાની આજ્ઞાથી સર્પોને પોતાના કંધા પર બેસાડી લીધા અને તેમના ઈચ્છિત સ્થાને જવા નીકળ્યા. ગરુડજી ઘણા ઉપર સૂર્યની નજદીક ચાલી રહ્યા હતા તેથી સૂર્યની તીક્ષ્ણ ગરમીને લીધે સર્પો બેહોશ થઈ ગયા. કદ્રૂએ ઈન્દ્રની પ્રાર્થના કરીને પૂરા આકાશને મેઘમંડળથી આચ્છાદિત કરી દીધું. વરસાદ પણ થયો, બધા સર્પો સુખી થઈ ગયા. તેમણે અભીષ્ટ

સ્થાને પહોંચીને લવણસાગર, મનોહર વન વગેરે જોતાં રહીને યથેચ્છ વિહાર કર્યો અને ખૂબ રમી-કૂદીને ગરુડને કહ્યું, – 'તમે તો આકાશમાં ઊડતી વખતે ઘણા બધા સુંદર-સુંદર દ્વીપ જોયા હશે. હવે અમને બીજા કોઈ દ્વીપમાં લઈ ચાલો.'

ગરુડ થોડી ચિંતામાં પડી ગયા. તેમણે વિચાર કરીને પોતાની માતાને પૂછ્યું કે 'મા! મારે સર્પોની આજ્ઞાનું પાલન શા માટે કરવું જોઈએ?' વિનતાએ કહ્યું, 'બેટા! આ સર્પોના કપટથી હું શરત હારી ગઈ અને દુર્ભાગ્યવશ મારી શોક કદ્રૂની દાસી થઈ ગઈ.' પોતાની માતાના દુઃખથી ગરુડ પણ દુઃખી થયા. તેમણે સર્પોને કહ્યું, 'સર્પો! સાચેસાચું કહો, હું તમને કઈ વસ્તુ લાવી આપું, કઈ વાતનો પત્તો મેળવી આપું અથવા તમારા લોકોનો કયો ઉપકાર કરી દઉં, જેથી હું અને મારી મા દાસત્વથી મુક્ત થઈ જઈએ!' સર્પોએ કહ્યું, 'ગરુડ! જો તમે પોતાના પરાક્રમથી અમારા માટે અમૃત લાવી આપો તો અમે તમને અને તમારી માતાને દાસત્વથી મુક્ત કરી દઈશું.'

—★—

## અમૃત માટે ગરુડની યાત્રા અને ગજ-કચ્છપનો વૃત્તાંત

**ઉગ્રશ્રવાજી કહે છે** – શૌનકાદિ ઋષિઓ! સર્પોની વાત સાંભળીને ગરુડે પોતાની માતા વિનતાને કહ્યું, 'માતા! હું અમૃત લેવા જાઉં છું. તેની પહેલાં હું એ જાણવા ઇચ્છું છું કે ત્યાં હું ખાઈશ શું?' વિનતાએ કહ્યું, 'બેટા! સમુદ્રમાં નિષાદોની એક વસ્તી છે. તેમને ખાઈને તું અમૃત લઈ આવ. એક વાતનું સ્મરણ રાખજે. બ્રાહ્મણનો વધ ક્યારેય કરીશ નહિ. તેઓ બધા માટે અવધ્ય છે.' ગરુડજી માતાની આજ્ઞા અનુસાર તે દ્વીપના નિષાદોને ખાઈને આગળ વધ્યા. ભૂલથી એક બ્રાહ્મણ તેમના મુખમાં આવી ગયો, જેનાથી તેમનું તાળવું બળવા લાગ્યું. તેને છોડીને તે કશ્યપજી પાસે ગયા. કશ્યપજીએ પૂછ્યું, 'બેટા! તમે લોકો સકુશળ તો છો ને? જરૂર પ્રમાણે ભોજન તો મળી જાય છે ને?' ગરુડજીએ કહ્યું, 'મારી મા સકુશળ છે. હું પણ આનંદમાં છું. ઇચ્છા પ્રમાણે ભોજન ન મળવાથી થોડું દુઃખ રહે છે. હું મારી માને દાસીપણાથી છોડાવવા માટે સર્પોના કહેવાથી અમૃત લેવા માટે જઈ રહ્યો છું. માતાએ મને નિષાદોનું ભોજન કરવા કહ્યું હતું, પરંતુ તેનાથી મારું પેટ ભરાયું નહિ. હવે તમે એવી કોઈ ખાવાની વસ્તુ બતાવો, જેને ખાઈને હું અમૃત લાવી શકું. કશ્યપજીએ કહ્યું, 'બેટા! અહીંથી થોડે દૂર એક વિશ્વવિખ્યાત સરોવર છે. તેમાં એક હાથી અને એક કાચબો રહે છે. તે બંને પૂર્વજન્મના ભાઈ છે પરંતુ એકબીજાના શત્રુ છે. તેમને આજે પણ એકબીજા સાથે અણબનાવ છે. સારું, તેમના પૂર્વજન્મની કથા સાંભળ–

પ્રાચીન કાળમાં વિભાવસુ નામના એક મોટા ઋષિ હતા. તેમનો નાનો ભાઈ સુપ્રતીક મહાન તપસ્વી હતો. સુપ્રતીક તેની સંપત્તિ પોતાના મોટા ભાઈ પાસે રાખવા ઇચ્છતો ન હતો. તે દરરોજ સંપત્તિના ભાગ પાડવા માટે કહ્યા કરતો હતો. વિભાવસુએ પોતાના નાના ભાઈને કહ્યું, 'સુપ્રતીક! સંપત્તિના મોહને કારણે જ લોકો તેનાં ભાગ પાડવા ચાહે છે અને ભાગ પડી ગયા પછી એકબીજાના વિરોધી બની જાય છે. ત્યારે શત્રુ પણ તેમના અલગ-અલગ મિત્ર બની જાય છે અને ભાઈ-ભાઈ વચ્ચે વૈમનસ્ય

પેદા કરી દે છે. તેમનું મન ફાટી જતાં જ મિત્ર બનેલા શત્રુઓ દોષ દેખાડી-દેખાડીને વેર-ભાવ વધારી દે છે. અલગ-અલગ હોવાથી તરત જ તેમનું અધઃપતન થઈ જાય છે. કેમકે પછી તેઓ એકબીજાની મર્યાદા અને મિત્રતાનું ધ્યાન રાખતા નથી. તેથી જ સત્પુરુષો ભાઈઓના અલગ થઈ જવાની વાતને સારી નથી માનતા. જે લોકો ગુરુ અને શાસ્ત્રના ઉપદેશ પર ધ્યાન ન આપીને પરસ્પર એકબીજાને શંકાની દૃષ્ટિથી જુએ છે, તેમને વશમાં રાખવા કઠણ છે. તું ભેદ-ભાવને કારણે જ સંપત્તિની વહેંચણી કરવા ઇચ્છે છે. તેથી જા, તને હાથીની યોનિ પ્રાપ્ત થશે.' સુપ્રતીકે કહ્યું, 'હું હાથી થઈશ તો તું કાચબો થશે.' આ પ્રમાણે બંને ભાઈ ધનની લાલચમાં એકબીજાને શાપ આપીને હાથી અને કાચબો થઈ ગયા છે. આ પરસ્પરના દ્વેષનું પરિણામ છે. તે બંને વિશાળકાય પ્રાણીઓ આજે પણ લડતા રહે છે. હાથી છ યોજન ઊંચો અને બાર યોજન લાંબો છે. કાચબો ત્રણ યોજન ઊંચો અને દસ યોજન ગોળાકાર છે. મદમત્ત તે એકબીજાનો પ્રાણ લેવા માટે અધીરા થઈ રહ્યા છે. તું જઈને તે બંને ભયંકર પ્રાણીઓને ખાઈ જા અને અમૃત લઈ આવ.'

કશ્યપજીની આજ્ઞા પ્રાપ્ત કરીને ગરુડજી તે સરોવર પર ગયા. તેમણે પંજાના એક નખથી હાથીને અને બીજા પંજાના નખથી કાચબાને પકડી લીધો તથા આકાશમાં ઘણે ઊંચે ઊડીને અલમ્બ તીર્થમાં જઈ પહોંચ્યા. ત્યાં સુવર્ણગિરિ પર ઘણાં બધાં દેવવૃક્ષો લહેરાતાં હતાં. તે ગરુડને જોતાં જ એવા ભયથી ધ્રૂજવા લાગ્યાં કે ક્યાંક આમના ધક્કાથી અમે તૂટી ન પડીએ! તેમને ભયભીત જોઈને ગરુડજી બીજી બાજુ નીકળી ગયા. ત્યાં એક વિશાળ વટવૃક્ષ હતું. વટવૃક્ષે ગરુડજીને મનોવેગથી ઊડતાં જોઈને કહ્યું કે 'તમે મારી સો યોજન લાંબી ડાળ પર બેસીને હાથી અને કાચબાને ખાઈ લો.' જેવા ગરુડજી તેની ડાળ પર બેઠા ત્યાં જ તે ડાળ કડાકા સાથે તૂટીને પડવા લાગી. ગરુડજીએ પડતાં પડતાં તે ડાળીને પકડી લીધી અને અત્યંત આશ્ચર્યથી જોયું કે તેમાં નીચેની બાજુ માથું કરીને વાલખિલ્ય નામના ઋષિઓ લટકી રહ્યા છે. ગરુડજીએ વિચાર્યું કે જો ડાળી પડી જશે તો આ તપસ્વી બ્રહ્મર્ષિઓ મરી જશે. હવે તેમણે ઝપટીને પોતાની ચાંચથી વૃક્ષની ડાળ પકડી લીધી અને હાથી અને કાચબાને પંજામાં દબાવીને આકાશમાં ઊડવા લાગ્યા. ક્યાંય પણ બેસવાનું સ્થાન ન મળવાથી તેઓ આકાશમાં ઊડતા જ રહ્યા. તે સમયે તેમની પાંખોની હવાથી પર્વતો પણ ધ્રૂજતા હતા. વાલખિલ્ય ઋષિઓ પર દયાભાવ હોવાને કારણે તેઓ ક્યાંય બેસી ન શક્યા અને આકાશમાર્ગે ઊડીને ગંધમાદન પર્વત પર ગયા. કશ્યપજીએ તેમને તે અવસ્થામાં જોઈને કહ્યું, 'બેટા! ક્યાંક એકાએક સાહસભર્યું કામ ન કરી બેસતો. સૂર્યનાં કિરણો પીને તપસ્યા કરનારા વાલખિલ્ય ઋષિઓ ક્રોધિત થઈને તને ક્યાંક ભસ્મ ન કરી દે.' પુત્રને આ પ્રમાણે કહીને કશ્યપ ઋષિએ શુદ્ધ તપસ્વી વાલખિલ્ય ઋષિઓને પ્રાર્થના કરી, 'હે તપોધનો! ગરુડ પ્રજાના કલ્યાણ માટે એક મહાન કાર્ય કરવા ચાહે છે, તમે લોકો તેને આજ્ઞા આપો.' વાલખિલ્ય ઋષિઓએ તેમની પ્રાર્થનાનો સ્વીકાર કરીને વટવૃક્ષની શાખા છોડી દીધી અને તપ કરવા માટે હિમાલય પર ચાલ્યા ગયા. ગરુડજીએ તે ડાળ ફેંકી દીધી અને પર્વતના શિખર પર બેસીને હાથી અને કાચબાને ખાઈ ગયા.

ગરુડજી ખાઈ-પીને પર્વતના તે શિખર પરથી જ ઉપરની બાજુ ઊડી ગયા. તે સમયે

દેવતાઓએ જોયું કે તેમને ત્યાં ભયંકર ઉત્પાત થઈ રહ્યા છે. દેવરાજ ઇન્દ્રે બૃહસ્પતિજી પાસે જઈને પૂછ્યું, 'ભગવન્! એકાએક અનેક ઉત્પાતો કેમ થઈ રહ્યા છે, કોઈ એવો શત્રુ તો જોવામાં આવતો નથી, જે મને યુદ્ધમાં જીતી શકે.' બૃહસ્પતિજીએ કહ્યું, 'ઇન્દ્ર! તમારા અપરાધ અને પ્રમાદથી તથા વાલખિલ્ય ઋષિઓના તપોબળથી વિનતાનંદન ગરુડ અમૃત લેવા માટે અહીં આવી રહ્યો છે. તે આકાશમાં સ્વચ્છંદપણે વિચરે છે અને પોતાની ઇચ્છા અનુસાર રૂપ ધારણ કરી લે છે. તે પોતાની શક્તિથી અસાધ્ય કાર્યને પણ સાધી લે છે. અવશ્ય તેનામાં અમૃત હરી લઈ જવાની શક્તિ છે.' બૃહસ્પતિજીની વાત સાંભળીને ઇન્દ્રે અમૃતના રક્ષકોને સાવધાન કરીને કહ્યું, 'જુઓ, પરમ પરાક્રમી પક્ષીરાજ ગરુડ અહીંથી અમૃત લઈ જવા માટે આવી રહ્યો છે. તમે સાવધ રહો. તે બળપૂર્વક અમૃત લઈ ન જાય.' બધા દેવતાઓ અને ઇન્દ્ર પણ અમૃતની આજુબાજુ તેને ઘેરીને ઊભા રહી ગયા.

ગરુડે ત્યાં પહોંચતાં જ પાંખોની હવાથી એટલી ધૂળ ઉડાડી કે દેવતાઓ આંધળા જેવા થઈ ગયા. તેઓ ધૂળથી ઢંકાઈને મૂઢ જેવા બની ગયા. બધા રક્ષકો આંખો ખરાબ થઈ જવાથી ડરી ગયા. તેઓ એક ક્ષણ સુધી ગરુડને જોઈ પણ ન શક્યા. સંપૂર્ણ સ્વર્ગ ક્ષુબ્ધ થઈ ગયું. ગરુડજીની ચાંચ અને પાંખોના પ્રહારથી દેવતાઓનાં શરીર જર્જરિત થઈ ગયાં. ઇન્દ્રે વાયુને આજ્ઞા કરી કે 'તમે આ ધૂળના પ્રકોપને દૂર કરી દો. આ તમારું કર્તવ્ય છે.' વાયુએ એ પ્રમાણે જ કર્યું. ચારે બાજુ અજવાળું થઈ ગયું, દેવતાઓ ગરુડ પર પ્રહાર કરવા લાગ્યા. ગરુડે ઊડતાં ઊડતાં જ ગર્જના કરીને તેમના પ્રહાર સહી લીધા અને આકાશમાં દેવતાઓથી પણ ઊંચે પહોંચી ગયા. દેવતાઓના શસ્ત્ર-અસ્ત્રોના પ્રહારથી ગરુડ સહેજ પણ વિચલિત ન થયા. તેમણે દેવતાઓના આક્રમણને વિફળ કરી દીધું. ગરુડની પાંખો અને ચાંચના પ્રહારથી દેવતાઓની ચામડી ઊખડી ગઈ, તેમનાં શરીર લોહીથી લદબદ થઈ ગયાં. તેઓ ગભરાઈને આપમેળે આમ તેમ થઈ ગયા. ત્યાર પછી ગરુડ આગળ વધ્યા. તેમણે જોયું કે અમૃતની ચારે બાજુ અગ્નિની લાલ-લાલ જ્વાળાઓ નીકળી રહી છે. ગરુડે પોતાના શરીરમાં આઠ હજાર એકસો મોઢાં બનાવ્યાં તથા અનેક નદીઓનું જળ પીને તે જળ ધધકતા અગ્નિ પર નાખ્યું. અગ્નિ શાંત થયા પછી નાનું રૂપ લઈને તેઓ આગળ વધ્યા.

—★—

## ગરુડનું અમૃત લઈને આવવું અને વિનતાને દાસીત્વથી છોડાવવી

**ઉગ્રશ્રવાજીએ કહ્યું** – સૂર્યનાં કિરણો જેવું ઉજ્જવળ અને સોનેરી શરીર ધારણ કરીને ગરુડે અત્યંત વેગ સાથે અમૃતના સ્થાનમાં પ્રવેશ કર્યો. તેમણે ત્યાં જોયું કે અમૃતની પાસે એક લોઢાનું ચક્ર નિરંતર ઘૂમી રહ્યું છે. તેની ધાર તીક્ષ્ણ છે, તેમાં હજારો અસ્ત્રો લાગેલાં છે. તે ભયંકર ચક્ર સૂર્ય અને અગ્નિ જેવું જણાય છે. તેનું કામ જ અમૃતનું રક્ષણ કરવાનું હતું. ગરુડજી ચક્રની અંદર જવાનો રસ્તો શોધતા રહ્યા. એક ક્ષણમાં જ તેમણે પોતાના શરીરને સંકોચી દીધું અને ચક્રના આરાઓની વચ્ચે થઈને અંદર ઘૂસી ગયા. હવે તેમણે જોયું કે અમૃતના રક્ષણ માટે બે ભયંકર સર્પ નિયુક્ત કરેલા છે. તેમની લબકારા લેતી જીભો, ચળકતી આંખો અને અગ્નિ જેવી

શરીરની કાન્તિ હતી. તેમની દૃષ્ટિથી જ વિષનો સંચાર થતો હતો. ગરુડજીએ ધૂળ નાંખીને તેમની આંખો બંધ કરી દીધી. ચાંચ અને પંજા મારી-મારીને તેમને કચડી નાંખ્યા, ચક્રને તોડી નાખ્યું અને અત્યંત વેગથી અમૃતપાત્ર લઈને ત્યાંથી ઊડી ગયા. તેમણે પોતે અમૃત ન પીધું. બસ, આકાશમાં ઊડીને સર્પોની પાસે જવા ચાલી નીકળ્યા.

આકાશમાં તેમને વિષ્ણુ ભગવાનનાં દર્શન થયાં. ગરુડના મનમાં અમૃત પીવાનો લોભ નથી, એ જાણીને અવિનાશી ભગવાન તેમના પર બહુ પ્રસન્ન થયા અને કહ્યું, 'ગરુડ! હું તમને વરદાન આપવા ચાહું છું. મનમાં જે ઈચ્છા હોય તે માગી લો.' ગરુડે કહ્યું, 'ભગવન્! એક તો એ કે આપ મને આપની ધજામાં સ્થાન આપો અને બીજી ઈચ્છા એ છે કે હું અમૃત પીધા વિના જ અજર-અમર થઈ જાઉં.' ભગવાને કહ્યું, 'તથાસ્તુ!' ગરુડે કહ્યું, 'હું પણ આપને વરદાન આપવા ચાહું છું. મારી પાસે કંઈક માંગી લો.' ભગવાને કહ્યું, 'તમે મારું વાહન બની જાઓ.' ગરુડે 'એવું જ થશે' એમ કહીને ભગવાનની આજ્ઞાથી અમૃત લઈને રવાના થયા.

ઈન્દ્રને હવે સમજાઈ ગયું હતું. ગરુડને અમૃત લઈને જતાં જોઈને તેમણે ક્રોધપૂર્વક વજ્ર ચલાવ્યું. વજ્રનો પ્રહાર થયો હોવા છતાં ગરુડે હસતાં-હસતાં કોમળ શબ્દોમાં કહ્યું – 'ઈન્દ્ર! જેમના હાડકાંથી આ વજ્ર બન્યું છે તેમનું માન રાખવા માટે હું મારી એક પાંખ છોડી દઉં છું. તમે તેનો પણ અંત નહિ પામી શકો. વજ્રાઘાતથી મને સહેજ પણ પીડા થઈ નથી.' ગરુડે પોતાની એક પાંખ ત્યજી દીધી. તે જોઈને લોકોને ઘણો આનંદ થયો. બધા લોકો કહેવા લાગ્યા, 'જેની આ પાંખ છે, તે પક્ષીનું નામ સુપર્ણ થાઓ.' ઈન્દ્રે વિસ્મિત થઈને મનમાં જ કહ્યું, 'ધન્ય છે આ પરાક્રમી પક્ષી!' તેમણે કહ્યું, 'પક્ષીરાજ! હું જાણું છું કે તમારામાં કેટલું બળ છે. સાથે-સાથે તમારી મિત્રતા પણ ચાહું છું.' ગરુડે કહ્યું, 'દેવરાજ! આપની ઈચ્છાનુસાર આપણી મિત્રતા રહેશે. બળ વિશે તમને શું કહું? મારા જ મોઢે મારાં વખાણ – બળની પ્રશંસા કરવી એ મહાપુરુષોની દૃષ્ટિએ યોગ્ય નથી. તમે મને મિત્ર સમજીને પૂછી રહ્યા છો તો હું મિત્રભાવે જ બતાવું છું કે પર્વતો, વનો, સમુદ્ર અને જળ સહિત સંપૂર્ણ પૃથ્વીને તથા તેની ઉપર રહેનારા તમામ લોકોને મારી એક પાંખ પર ઉઠાવીને હું પરિશ્રમ વિના જ ઊડી શકું છું.' ઈન્દ્રે કહ્યું, 'તમારી વાત સોળ આના સાચી છે. તમે હવે મારી સાથે ઘનિષ્ઠ મિત્રતાનો સ્વીકાર કરો. જો તમારે અમૃતની જરૂર ન હોય તો મને આપી દો. તમે અહીંથી લઈ જઈને જેને આપશો, તે અમને અત્યંત દુઃખ આપશે.' ગરુડજીએ કહ્યું, 'દેવરાજ! અમૃતને લઈ જવાનું એક કારણ છે. હું આને કોઈને પિવડાવવા ઈચ્છતો નથી. હું આને જ્યાં મૂકું, ત્યાંથી તમે ઉઠાવી લાવો.' ઈન્દ્રે સંતુષ્ટ થઈને કહ્યું, 'ગરુડ! મારી પાસેથી મનભાવતું વરદાન માંગી લો.' ગરુડને સર્પોની દુષ્ટતા અને તેમના કપટને કારણે થયેલા માતાનાં દુઃખનું સ્મરણ થયું. તેમણે વરદાન માંગ્યું – ' બળવાન સર્પો જ મારા ભોજનની સામગ્રી બનો.' દેવરાજ ઈન્દ્રે કહ્યું, 'તથાસ્તુ.'

ઈન્દ્ર પાસેથી વિદાય લઈને ગરુડ સર્પોના સ્થાન પર આવ્યા. ત્યાં તેમની માતા પણ હતી. તેમણે પ્રસન્ન થઈને સર્પોને કહ્યું, 'આ લો, હું અમૃત લઈ આવ્યો છું. પરંતુ પીવામાં ઉતાવળ કરશો નહિ. હું આને દર્ભ પર રાખી દઉં છું.

સ્નાન કરીને પવિત્ર થયા પછી અમૃતપાન કરજો.' હવે તમારા કહેવા પ્રમાણે મારી મા દાસીપણાથી મુક્ત થઈ ગઈ, કારણ કે મેં તમારી માગણી પૂરી કરી દીધી છે.' સર્પોએ સ્વીકાર કરી લીધો. જ્યારે સર્પો પ્રસન્ન થઈને સ્નાન કરવા માટે ગયા, ત્યારે ઈન્દ્ર અમૃતકળશ ઉઠાવીને સ્વર્ગમાં લઈ આવ્યા. સ્નાનાદિ મંગળ કાર્યો આટોપીને પાછા આવેલા સર્પોએ જોયું તો અમૃત તે સ્થાન પર નહોતું. તેમણે જાણી લીધું કે અમે વિનતાને દાસી બનાવવા માટે જે કપટ કર્યું હતું, તેનું જ આ ફળ છે. પછી તેમણે એવું સમજીને કે અહીં અમૃત મૂક્યું હતું, તેથી સંભવ છે આમાં તેનો થોડો અંશ લાગ્યો હોય, તેથી સર્પોએ દર્ભને ચાટવાનું શરૂ કર્યું. આમ કરતાં તેમની જીભનાં બે-બે ભાગ થઈ ગયા. અમૃતનો સ્પર્શ થવાથી દર્ભને પવિત્ર માનવામાં આવે છે. હવે ગરુડ કૃતકૃત્ય થઈને આનંદપૂર્વક પોતાની મા સાથે રહેવા લાગ્યા. તેઓ પક્ષીરાજ થયા, તેમની કીર્તિ ચારે બાજુ ફેલાઈ ગઈ અને તેમની માતા સુખી થઈ ગઈ.

—★—

## શેષનાગને વર-પ્રાપ્તિ અને માતાના શાપથી બચવા માટે સર્પોની વાતચીત

**શૌનકજીએ પૂછ્યું** – સૂતનંદન! જ્યારે સર્પોને એ વાતની જાણ થઈ ગઈ કે માતા કદ્રૂએ અમને શાપ આપ્યો છે, ત્યારે તેમણે તેના નિવારણ માટે શું કર્યું?

**ઉગ્રશ્રવાજીએ કહ્યું** – એ સર્પોમાં એક શેષનાગ પણ હતા. તેમણે કદ્રૂ અને અન્ય સર્પોનો સાથ છોડીને કઠોર તપ આરંભ્યું. તેઓ માત્ર હવાનું પાન કરીને રહેતા હતા અને પોતાના વ્રતનું પૂર્ણપણે પાલન કરતા હતા. તેઓ પોતાની ઈન્દ્રિયોને વશમાં કરીને ગંધમાદન, બદરિકાશ્રમ, ગોકર્ણ અને હિમાલય વગેરેની તળેટીમાં એકાંતવાસ કરતા અને પવિત્ર તીર્થધામોની યાત્રા પણ કરતા હતા. બ્રહ્માજીએ જોયું કે શેષનાગના શરીરનું માંસ, ત્વચા અને નાડીઓ સુકાઈ ગઈ છે. તેમનું સાચું ધૈર્ય અને તપ જોઈને તેઓ તેમની પાસે આવ્યા અને બોલ્યા, 'શેષ! તમે તમારી કઠોર તપસ્યાથી પ્રજાને દુ:ખી કેમ કરી રહ્યા છો? આ કઠોર તપનો હેતુ શો છે? કોઈ લોકહિતનું કાર્ય કેમ નથી કરતા? કહો, તમારી શી ઈચ્છા છે?' શેષજીએ કહ્યું, 'ભગવન્! મારા બધા ભાઈઓ મૂર્ખ છે, તેથી હું તેમની સાથે રહેવા ઈચ્છતો નથી. તમે મારી આ ઈચ્છાનું અનુમોદન કરો. તેઓ પરસ્પર એકબીજા સાથે શત્રુની જેમ દાઝે બળે છે, વિનતા અને તેના પુત્ર ગરુડ અને અરુણ સાથે પણ દ્વેષ કરે છે. તેથી હું તેમનાથી કંટાળીને તપસ્યા કરી રહ્યો છું. વિનતાનંદન ગરુડ અમારા ભાઈ છે એમાં કોઈ સંદેહ નથી. હવે હું તપસ્યા કરીને આ શરીરનો ત્યાગ કરીશ. મને ચિંતા છે તો એ વાતની છે કે મર્યા પછી એ દુષ્ટોનો સંગ ન થાય.' બ્રહ્માજીએ કહ્યું, 'શેષ! તારાથી તારા ભાઈઓનાં કૃત્યો અછાના નથી. માતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાને લીધે તે પોતે જ મોટી વિપત્તિમાં પડી ગયા છે. ખેર, મેં તેનો ઉપાય પણ બનાવી રાખ્યો છે. હવે તું તેમની ચિંતા છોડીને પોતાની જે ઈચ્છા હોય તે વરદાન માગી લે. હું તારા પર પ્રસન્ન છું, કેમકે સદ્‌ભાગ્યે તારી બુદ્ધિ ધર્મ પ્રત્યે અટલ છે. તારી બુદ્ધિ હંમેશાં આવી જ બની રહે.' શેષજીએ કહ્યું, 'પિતામહ! હું

એ જ વરદાન ઈચ્છું છું કે મારી બુદ્ધિ ધર્મ, તપસ્યા અને શાંતિ સાથે સંલગ્ન રહે.' બ્રહ્માજીએ કહ્યું, 'શેષ! હું તારા ઈન્દ્રિયો અને મનના સંયમથી અતિ પ્રસન્ન છું. મારી આજ્ઞાથી તું પ્રજાહિત માટે એક કામ કર. આ સઘળી પૃથ્વી, પર્વત, વનો, સમુદ્ર, ગામડાં અને નગરો સાથે હાલતી-ડોલતી રહે છે. તું તેને એ રીતે ધારણ કર કે જેથી એ અચળ થઈ જાય.' શેષજીએ કહ્યું, 'તમે પ્રજાના સ્વામી અને સમર્થ છો. હું તમારી આજ્ઞાનું પાલન કરીશ. હું પૃથ્વીને એ રીતે ધારણ કરીશ, જેથી તે હાલે-ડોલે નહિ. તમે તેને મારા મસ્તક પર મૂકી દો.' બ્રહ્માજીએ કહ્યું, 'શેષ! પૃથ્વી તને માર્ગ આપશે. તું તેની અંદર ઘૂસી જા. તું પૃથ્વીને ધારણ કરીને મારું અતિ પ્રિય કાર્ય કરીશ.' બ્રહ્માજીની આજ્ઞા અનુસાર શેષનાગ ભૂ-વિવરમાં પ્રવેશ કરીને નીચે ચાલ્યા ગયા અને સમુદ્રથી ઘેરાયેલી પૃથ્વીને ચારે બાજુથી પકડીને મસ્તક પર ઉઠાવી લીધી. તે ત્યારથી સ્થિરભાવે સ્થિત છે. બ્રહ્માજી તેમનાં ધર્મ, ધૈર્ય અને શક્તિની પ્રશંસા કરીને પોતાના સ્થાને પાછા આવ્યા.

માતાનો શાપ સાંભળીને વાસુકિ નાગને ભારે ચિંતા થઈ. તે વિચારવા લાગ્યા કે આ શાપનો ઉપાય શો છે. તેમણે પોતાના ભાઈઓને ભેગા કર્યા અને બધા સાથે મંત્રણા કરવા લાગ્યા. વાસુકિએ કહ્યું, 'ભાઈઓ! તમે લોકો જાણો જ છો કે માતાએ આપણને શાપ આપ્યો છે. હવે આપણે તેના નિવારણનો ઉપાય વિચારવો જોઈએ. બધા શાપોનો ઉપાય સંભવ છે, પરંતુ માતાના શાપનો ઉપાય દેખાતો નથી. આપણે હવે વ્યર્થ સમય બરબાદ કરવો ન જોઈએ. વિપત્તિ આવતાં પહેલાં ઉપાય કરવાથી તેને ટાળી શકાય છે. ત્યારે 'બરાબર છે, બરાબર છે' કહીને બુદ્ધિમાન અને ચતુર સર્પ વિચાર કરવા લાગ્યા. થોડા નાગોએ કહ્યું, 'અમે બ્રાહ્મણ બનીને જનમેજય પાસે જઈને ભિક્ષા માગીએ કે તમે યજ્ઞ ન કરો.' થોડા નાગોએ કહ્યું, 'અમે મંત્રી બનીને એવી સલાહ આપીએ, જેથી યજ્ઞ જ ન થાય.' કોઈએ કહ્યું કે 'તેમના પુરોહિતને જ દંશ દઈને મારી નાખવો જોઈએ. પુરોહિતના મરી જવાથી યજ્ઞ આપમેળે રોકાઈ જશે.' ધર્માત્મા અને દયાળુ નાગોએ કહ્યું, 'રામ-રામ! બ્રહ્મહત્યા કરવાનો વિચાર તો મૂર્ખામીભરેલો અને અશુભ છે. વિપત્તિના સમયે ધર્મથી જ રક્ષણ થાય છે. અધર્મનો આશરો લેવાથી તો સંપૂર્ણ જગતનું સત્યાનાશ થઈ જશે.' થોડા નાગોએ કહ્યું, 'અમે વાદળ બનીને યજ્ઞના અગ્નિને બુઝાવી નાખશું.' થોડા કહેવા લાગ્યા, 'અમે યજ્ઞની સામગ્રી જ ચોરી લાવશું.' કોઈકે કહ્યું, 'અમે લાખો લોકોને દંશ મારીશું.' છેવટે સર્પોએ કહ્યું, 'વાસુકે! અમે તો બધા આવું જ વિચારી શકીએ છીએ. હવે તમને જે યોગ્ય લાગે, તે ઉપાય તરત જ કરો.' વાસુકિએ કહ્યું, 'મને તો તમારા લોકોના વિચાર યોગ્ય જણાતા નથી. ચાલો, આપણે આપણા પિતા મહાત્મા કશ્યપને પ્રસન્ન કરીએ અને તેમની આજ્ઞા અનુસાર કામ કરીએ. જે રીતે આપણું હિત થાય, તે જ કામ કરવું છે. હું બધાથી મોટો છું. સારા-ખોટાની જવાબદારી મારા શિરે જ રહેશે, તેથી હું અત્યંત ચિંતિત થઈ રહ્યો છું.'

તેમનામાં એક એલાપત્ર નામનો નાગ હતો. તેણે બધા સર્પો અને વાસુકિની સંમતિ સાંભળીને કહ્યું કે, 'ભાઈઓ! તે યજ્ઞ રોકવો અથવા જનમેજય માની જાય એ સંભવ નથી. આપણા ભાગ્યના અપરાધને ભાગ્ય પર છોડી દેવો જોઈએ. બીજાના આશ્રયે કામ થતું નથી.

આ વિપત્તિથી બચવા માટે હું જે કહું છું, તેને તમે ધ્યાનથી સાંભળો. જે સમયે માતાએ આ શાપ આપ્યો હતો, તે સમયે ડરીને હું તેના ખોળામાં છુપાઈ ગયો હતો. તે ક્રૂર શાપ સાંભળીને દેવતાઓએ બ્રહ્માજીની પાસે જઈને કહ્યું, 'ભગવન્! કઠોર હૃદયની કદ્રૂ સિવાય એવી કઈ સ્ત્રી હશે, જે પોતાના મુખે પોતાના સંતાનને શાપ આપી દે. પિતામહ! સ્વયં તમે પણ તેમના શાપને અનુમોદન આપ્યું, વિરોધ ન કર્યો; આનું શું કારણ છે?' બ્રહ્માજીએ કહ્યું, 'દેવતાઓ! આ સમયમાં જગતમાં સર્પ બહુ વધી ગયા છે. તે ઘણા જ ક્રોધી, બિહામણા અને ઝેરી છે. પ્રજાના હિત માટે મેં કદ્રૂને રોકી નહિ. આ શાપથી દુષ્ટ, પાપી અને ઝેરીલા સર્પોનો જ નાશ થશે. ધર્માત્મા સર્પો સુરક્ષિત રહેશે. બીજી એ વાત પણ છે કે યાયાવર વંશમાં જરત્કારુ નામના એક ઋષિ થશે. તેમના પુત્રનું નામ હશે આસ્તીક. તે જ જનમેજયનો સર્પયજ્ઞ બંધ કરાવી શકશે. ત્યારે જ ધાર્મિક સર્પોનો બચાવ થશે.' દેવતાઓના પૂછવાથી બ્રહ્માજીએ વધુમાં કહ્યું કે, 'જરત્કારુની પત્નીનું નામ પણ જરત્કારુ હશે. તેના ગર્ભથી આસ્તીકનો જન્મ થશે અને તે જ સર્પોને મુક્ત કરશે.' આ પ્રમાણેની વાતચીત કરીને બ્રહ્માજી અને દેવતાઓ પોતપોતાના લોકમાં ચાલ્યા ગયા. તો, સર્પરાજ વાસુકે! મારા વિચાર પ્રમાણે તમારી બહેન જરત્કારુનું લગ્ન તે જરત્કારુ ઋષિ સાથે જ થવું જોઈએ. તેઓ જ્યારે ભિક્ષાની જેમ પત્ની માટે યાચના કરે, તે જ વખતે તેમને તમે તમારી બહેન આપી દેજો. આ જ વિપત્તિમાંથી ઊગરવાનો ઉપાય છે.

એલાપત્રની વાત સાંભળીને બધા સર્પોએ પ્રસન્ન ચિત્તે કહ્યું – 'બરાબર છે, બરાબર છે.' ત્યારથી વાસુકિ નાગ ખૂબ પ્રેમથી પોતાની બહેનની રક્ષા કરવા લાગ્યા. તેના થોડા દિવસો પછી સમુદ્ર-મંથન થયું, જેમાં વાસુકિ નાગનું નેતરું બનાવવામાં આવ્યું. તેથી દેવતાઓએ વાસુકિ નાગને બ્રહ્માજી પાસે લઈ જઈને ફરીથી તે જ વાત કહેવડાવી દીધી, જે એલાપત્ર નાગે કહી હતી. વાસુકિએ સર્પોને જરત્કારુ ઋષિની શોધ કરવા માટે નિયુક્ત કરી દીધા અને તેમને એવું કહી દીધું કે 'જે સમયે જરત્કારુ ઋષિ લગ્ન કરવા ઇચ્છે, તે જ સમયે તરત જ આવીને મને જાણ કરવી. આપણા સૌના કલ્યાણનો આ ચોક્કસપણે ઉપાય છે.'

—★—

## જરત્કારુ ઋષિની કથા અને આસ્તીકનો જન્મ

**શૌનકજીએ પૂછ્યું** – સૂતનંદન! તમે જે જરત્કારુ ઋષિનું નામ લીધું છે, તેમનું જરત્કારુ નામ કેમ પડ્યું હતું? તેમના નામનો અર્થ શો છે અને તેમનાથી આસ્તીકનો જન્મ કઈ રીતે થયો?

**ઉગ્રશ્રવાજીએ કહ્યું** – 'જરા' શબ્દનો અર્થ છે ક્ષય, 'કારુ' શબ્દનો અર્થ છે દારુણ. તાત્પર્ય એ છે કે તેમનું શરીર પહેલાં અત્યંત દારુણ અર્થાત્ હૃષ્ટપુષ્ટ હતું. પાછળથી તેમણે તપસ્યા કરીને તેને જીર્ણશીર્ણ અને ક્ષીણ બનાવી દીધું. તેથી તેમનું નામ જરત્કારુ પડ્યું; વાસુકિ નાગની બહેન પણ પહેલાં એવી જ હતી. તેણે પણ પોતાના શરીરને તપસ્યા દ્વારા ક્ષીણ કરી નાંખ્યું, એટલા માટે તે પણ જરત્કારુ કહેવાઈ. હવે આસ્તીકના જન્મની કથા સાંભળો.

જરત્કારુ ઋષિ ઘણા સમય સુધી બ્રહ્મચર્યવ્રત

ધારણ કરીને તપસ્યા કરતા રહ્યા. તેઓ લગ્ન કરવા ઇચ્છતા ન હતા. તેઓ જપ, તપ અને સ્વાધ્યાયમાં લાગેલા રહેતા તથા નિર્ભય થઈને સ્વચ્છન્દરૂપે વિચરણ કરતા. તે સમય પરીક્ષિતના શાસનકાળનો હતો. મુનિવર જરત્કારુનો નિયમ હતો કે જ્યાં સાયંકાળ થઈ જતો, ત્યાં જ એ રોકાઈ જતા. તેઓ પવિત્ર તીર્થોમાં જઈને સ્નાન કરતા અને એવા કઠોર નિયમોનું પાલન કરતા કે જેનું પાલન કરવું વિષયાસક્ત પુરુષોને માટે ઘણું કરીને અશક્ય છે. તેઓ માત્ર વાયુનો આહાર લઈ નિરાહાર રહેતા. આ પ્રમાણે તેમનું શરીર ક્ષીણ થઈ ગયું. એક દિવસ યાત્રા કરતાં તેમણે જોયું કે કેટલાક પિતૃઓ ઊંધા મસ્તકે એક ખાડામાં લટકી રહ્યા છે. તેમણે માત્ર એક ખસનું તણખલું પકડેલું હતું તે જ એક માત્ર બચી ગયું હતું. તે તણખલાના મૂળને પણ એક ઉંદર કાપી રહ્યો હતો. પિતૃઓ નિરાહાર હતા, દૂબળા અને દુઃખી હતા. જરત્કારુએ તેમની પાસે જઈને પૂછ્યું, 'તમે લોકો જે ખસના તણખલાના આધારે લટકી રહ્યા છો તેને એક ઉંદર કાપી રહ્યો છે. તમે લોકો કોણ છો? જ્યારે આ તણખલાનું મૂળિયું કપાઈ જશે, ત્યારે તમે લોકો ઊંધા મસ્તકે ખાડામાં પડી જશો. તમને આવી સ્થિતિમાં જોઈને મને બહુ દુઃખ થઈ રહ્યું છે. હું તમારી શી સેવા કરું? તમે લોકો મારી તપસ્યાના ચોથા, ત્રીજા અથવા અડધા ભાગથી આ વિપત્તિમાંથી બચી શકો એમ હો તો જણાવો. બીજું તો શું, હું મારી બધી તપસ્યાનું ફળ આપીને પણ તમને બચાવવા ઇચ્છું છું. તમે આજ્ઞા કરો.'

**પિતરોએ કહ્યું** – 'તમે વૃદ્ધ બ્રહ્મચારી છો, અમારી રક્ષા કરવા ચાહો છો; પરંતુ અમારી વિપત્તિ તપસ્યાના બળથી ટળી શકે એમ નથી. તપસ્યાનું ફળ તો અમારી પાસે પણ છે. પરંતુ વંશપરંપરાનો નાશ થવાથી અમે આ ઘોર નરકમાં પડી રહ્યા છીએ. તમે વૃદ્ધ હોઈને પણ કરુણાવશ અમારા માટે ચિંતિત થઈ રહ્યા છો, તેથી અમારી વાત સાંભળો. અમે યાયાવર નામના ઋષિઓ છીએ. વંશપરંપરા ક્ષીણ થઈ જવાથી અમે પુણ્યલોકમાંથી નીચે પડી રહ્યા છીએ. અમારા વંશમાં માત્ર એક જ મનુષ્ય બચ્યો છે, તે પણ ન હોવા જેવો જ છે. અમારા દુર્ભાગ્યથી તે તપસ્વી બની ગયો છે, તેનું નામ જરત્કારુ છે. તે વેદ-વેદાંગોનો વિદ્વાન તો છે જ; સંયમી, ઉદાર અને વ્રતનિષ્ઠ પણ છે. તેણે તપસ્યાના લોભમાં અમને સંકટમાં નાંખી દીધા છે. તેને કોઈ ભાઈ-બંધુ અથવા પત્ની-પુત્ર નથી. તેથી અમે લોકો બેહોશ થઈને અનાથની જેમ આ ખાડામાં લટકી રહ્યા છીએ. જો તે તમને ક્યાંક મળે તો તેને આ પ્રમાણે કહેજો – 'જરત્કારો! તારા પિતૃઓ ઊંધા મસ્તકે ખાડામાં લટકી રહ્યા છે. તું લગ્ન કરીને સંતાન ઉત્પન્ન કર. હવે અમારા વંશનો તું જ એકમાત્ર આશ્રય છે.' બ્રહ્મચારીજી! આ જે તમે ખસનું મૂળિયું જોઈ રહ્યા છો, એ જ અમારા વંશનો આધાર છે. અમારી વંશપરંપરાના જે લોકો નષ્ટ થઈ ચૂક્યા છે, તે જ આનાં કપાયેલાં મૂળિયાં છે. આ અડધું કપાયેલું મૂળિયું જ જરત્કારુ છે. મૂળિયું કાપનાર ઉંદર મહાબળવાન કાળ છે. આ એક દિવસ જરત્કારુને પણ નષ્ટ કરી દેશે, ત્યારે અમે લોકો વિશેષ વિપત્તિમાં પડી જઈશું. તમે જે કાંઈ જોઈ રહ્યા છો, તે બધું જરત્કારુને કહેજો. કૃપા કરીને એ જણાવો કે તમે કોણ છો અને અમારા ભાઈની જેમ અમારા માટે દુઃખી કેમ થઈ રહ્યા છો?'

પિતૃઓની વાત સાંભળીને જરત્કારુને બહુ દુઃખ થયું. તેમનો કંઠ રુંધાઈ ગયો, તેમણે ગદ્ગદ

વાણીથી પોતાના પિતૃઓને કહ્યું, 'તમે લોકો મારા જ પિતા અને પિતામહ છો. હું તમારો અપરાધી પુત્ર જરત્કારુ છું. મુજ અપરાધીને તમે દંડ આપો અને મારે કરવા યોગ્ય કામ બતાવો.' પિતૃઓએ કહ્યું, 'બેટા! આ ઘણા જ સૌભાગ્યની વાત છે કે તું સંયોગવશ અહીં આવી ગયો. ભલા, જણાવ તો ખરો કે તેં અત્યાર સુધી લગ્ન કેમ નથી કર્યાં?' જરત્કારુએ કહ્યું, 'પિતૃદેવો! મારા હૃદયમાં આ વાત હંમેશાં ઘૂમ્યા કરતી હતી કે હું અખંડ બ્રહ્મચર્યનું પાલન કરીને સ્વર્ગ પ્રાપ્ત કરું. મેં મારા મનમાં દૃઢ સંકલ્પ કરી લીધો હતો કે હું ક્યારેય લગ્ન કરીશ નહિ. પરંતુ તમને ઊંધા લટકેલા જોઈને હવે મેં મારો બ્રહ્મચર્યનો નિશ્ચય બદલી નાંખ્યો છે. હવે હું તમારા માટે અવશ્ય લગ્ન કરીશ. જો મને મારા જ નામની કન્યા મળી જશે તો હું તેનો પત્નીરૂપે સ્વીકાર કરી લઈશ, પરંતુ તેનાં ભરણપોષણનો ભાર ઉઠાવીશ નહિ. આવી સુવિધા મળ્યા પછી જ હું લગ્ન કરીશ, અન્યથા નહિ કરું. તમે લોકો ચિંતા ન કરો. આપના કલ્યાણ માટે મારાથી પુત્ર થશે અને તમે સુખેથી પરલોકમાં રહેશો.'

જરત્કારુ પોતાના પિતૃઓને આ પ્રમાણે કહીને પૃથ્વી પર વિચરવા લાગ્યા. પરંતુ એક તો તેમને વૃદ્ધ સમજીને તેમની સાથે કોઈ પોતાની કન્યા પરણાવવા માગતું ન હતું અને બીજું તેમને અનુરૂપ કન્યા મળતી પણ ન હતી. તેઓ નિરાશ થઈને વનમાં ગયા અને પિતૃઓના હિત માટે ત્રણ વાર ધીરે ધીરે બોલ્યા, 'હું કન્યાની યાચના કરું છું. અહીં જે પણ ચર-અચર અથવા ગુપ્ત અથવા પ્રગટ પ્રાણીઓ છે, તેઓ મારી વાત સાંભળે. હું પિતૃઓનું દુઃખ દૂર કરવા માટે તેમની પ્રેરણાથી કન્યાની ભીખ માંગી રહ્યો છું. જે કન્યાનું નામ મારું જ હોય, જે ભિક્ષાની જેમ મને આપવામાં આવે અને જેનાં ભરણપોષણનો ભાર મારા પર ન રહે, એવી કન્યા મને પ્રદાન કરો.' વાસુકિ નાગ દ્વારા નિયુક્ત સર્પો જરત્કારુની વાત સાંભળીને નાગરાજની પાસે ગયા અને તેમણે તરત જ પોતાની બહેન લાવીને ભિક્ષારૂપે જરત્કારુને સમર્પિત કરી દીધી. જરત્કારુ ઋષિએ તેનું નામ અને ભરણપોષણની વાત જાણ્યા વિના પોતાની પ્રતિજ્ઞાથી વિપરીત તેનો સ્વીકાર ન કર્યો અને વાસુકિને પૂછ્યું કે 'આનું નામ શું છે?' અને સાથે-સાથે એ પણ કહ્યું કે 'હું આનું ભરણપોષણ નહિ કરું.'

**વાસુકિ નાગે કહ્યું** – આ તપસ્વિની કન્યાનું નામ પણ જરત્કારુ છે અને આ મારી બહેન છે. હું આનું ભરણપોષણ અને રક્ષણ કરીશ. તમારા માટે જ મેં તેને અત્યાર સુધી રાખી મૂકી છે.' જરત્કારુ ઋષિએ કહ્યું, 'હું આનું ભરણપોષણ નહિ કરું, એ શરત ઉપરાંત એક શરત એ છે કે આ ક્યારેય મારું અપ્રિય કાર્ય નહિ કરે. કરશે તો હું તેને અવશ્ય છોડી દઈશ.' જ્યારે નાગરાજ વાસુકિએ તેમની શરત સ્વીકારી લીધી, પછી તેઓ તેમના ઘરે ગયા. ત્યાં વિધિપૂર્વક લગ્ન-સંસ્કાર કરવામાં આવ્યા. જરત્કારુ ઋષિ પોતાની પત્ની જરત્કારુની સાથે વાસુકિ નાગના શ્રેષ્ઠ ભવનમાં રહેવા લાગ્યા. તેમણે તેમની પત્નીને પણ પોતાની શરતની જાણ કરી દીધી કે 'મારી રુચિથી વિરુદ્ધ ન તો કાંઈ કરવું કે ન કાંઈ કહેવું. એવું કરીશ તો હું તને છોડીને ચાલ્યો જઈશ.' તેમની પત્નીએ સ્વીકાર કર્યો અને તે સાવધાન રહીને તેમની સેવા કરવા લાગી. સમય જતાં તેને ગર્ભ રહ્યો અને તે ધીરે-ધીરે વધવા લાગ્યો.

એક દિવસની વાત છે. જરત્કારુ ઋષિ

કંઈક ખિન્ન જેવા થઈને પોતાની પત્નીના ખોળામાં માથું મૂકીને સૂતા હતા. તેઓ સૂઈ રહ્યા હતા ત્યાં તો સૂર્યાસ્તનો સમય થવા આવ્યો. ઋષિપત્નીએ વિચાર્યું કે 'પતિને જગાડવા ધર્મને અનુકૂળ થશે કે નહિ? આ અત્યંત કષ્ટ ઉઠાવીને ધર્મનું પાલન કરે છે. ક્યાંક જગાડવા અને ન જગાડવાથી હું અપરાધની ભાગીદાર તો નહિ થઈ જાઉં ને? જગાડવાથી તેમના કોપનો ભય છે અને ન જગાડવાથી ધર્મલોપનો.' છેવટે તે એ નિશ્ચય પર પહોંચી કે 'ભલે, એ કોપ કરે, પરંતુ તેમને ધર્મલોપથી ઉગારવા જોઈએ.' ઋષિ-પત્નીએ અત્યંત મધુરવાણીથી કહ્યું, 'મહાભાગ! ઊઠો. સૂર્યાસ્ત થઈ રહ્યો છે. આચમન કરીને સંધ્યા કરો. આ અગ્નિહોત્રનો સમય છે. પશ્ચિમ દિશા લાલ થઈ રહી છે.' જરત્કારુ ઋષિ જાગ્યા. ક્રોધને લીધે તેમના હોઠ ફરકવા લાગ્યા. તેમણે કહ્યું, 'સાપણ! તેં મારું અપમાન કર્યું છે. હવે હું તારી પાસે રહીશ નહિ. જ્યાંથી આવ્યો છું ત્યાં ચાલ્યો જઈશ. મારા મનમાં એવો દૃઢ નિશ્ચય છે કે મારા ઊંઘતાં સૂર્યદેવ અસ્ત થઈ શકવાના ન હતા. અપમાન થતું હોય ત્યાં રહેવું સારું નથી લાગતું. હવે હું જઈશ.' પોતાના પતિની હૃદયને વલોવી નાખનારી વાત સાંભળીને ઋષિ-પત્નીએ કહ્યું, 'ભગવન્! મેં અપમાન કરવા માટે તમને જગાડ્યા નથી. તમારા ધર્મનો લોપ ન થાય, મારી એ દૃષ્ટિ હતી.' જરત્કારુ ઋષિએ કહ્યું, 'એક વાર જે મુખેથી નીકળી ગયું, તે અન્યથા થઈ શકતું નથી. મારી તારી સાથે આ પ્રકારની શરત તો પહેલેથી થયેલી જ છે. તું મારા ગયા પછી તારા ભાઈને કહેજે કે, તેઓ ચાલ્યા ગયા. એવું પણ કહેજે કે હું અહીં બહુ જ સુખપૂર્વક રહ્યો. મારા ગયા પછી તું કોઈ પ્રકારની ચિંતા કરીશ નહિ.'

ઋષિ-પત્ની શોકગ્રસ્ત થઈ ગઈ. તેનું મુખ સુકાઈ ગયું. વાણી ગદ્ગદ થઈ ગઈ. આંખોમાં આંસુ ભરાઈ ગયાં. તેણે ધ્રૂજતા હૃદયે ધીરજપૂર્વક હાથ જોડીને કહ્યું – 'ધર્મજ્ઞ! મુજ નિરપરાધને ત્યજશો નહિ. હું ધર્મ પર અટળ રહીને તમારા પ્રિયકાર્ય અને હિતમાં પરોવાયેલી રહું છું. મારા ભાઈએ એક પ્રયોજનથી તમારી સાથે મારાં લગ્ન કર્યાં હતાં, તે હજી પૂરું થયું નથી. અમારા જાત-ભાઈઓ કદ્રૂ માતાના શાપથી ગ્રસ્ત છે. તમારાથી એક સંતાન ઉત્પન્ન થવાની જરૂર છે. તેનાથી અમારી જાતિનું કલ્યાણ થશે. તમારો અને મારો સંયોગ નિષ્ફળ ન થવો જોઈએ. હજી મારા ગર્ભથી સંતાન પણ થયું નથી! પછી તમે નિરપરાધ એવી મને છોડીને શા માટે જવા ઈચ્છો છો?' પત્નીની વાત સાંભળીને ઋષિએ કહ્યું, 'તારા પેટમાં અગ્નિ જેવો તેજસ્વી ગર્ભ છે. તે મહાન્ વિદ્વાન અને ધર્માત્મા ઋષિ થશે.' આમ કહીને જરત્કારુ ઋષિ ચાલ્યા ગયા.

પતિના ચાલ્યા ગયા પછી તરત જ ઋષિ-પત્ની પોતાના ભાઈ વાસુકિની પાસે ગઈ અને 'તેઓ જતા રહ્યા' એ સમાચાર કહ્યા. આવી અપ્રિય ઘટના સાંભળીને વાસુકિને બહુ દુઃખ થયું. તેમણે કહ્યું, 'બહેન! મેં જે ઉદ્દેશથી તારાં લગ્ન તેમની સાથે કર્યાં હતાં, તે તો તને ખબર જ છે. જો તેમના દ્વારા તારા ગર્ભથી પુત્ર થઈ ગયો હોત તો નાગજાતિનું ભલું થાત. તે પુત્ર બ્રહ્માજીના કહેવા પ્રમાણે જનમેજયના યજ્ઞથી અવશ્ય અમારા લોકોની રક્ષા કરત. બહેન! તું તેમના દ્વારા ગર્ભવતી થઈ છે ને? હું ઈચ્છું છું કે તારાં લગ્ન નિષ્ફળ ન જવાં જોઈએ. પોતાની બહેનને પોતાના ભાઈ દ્વારા આ પ્રમાણે પૂછવું ઉચિત નથી, તેમ છતાં પ્રયોજનના મહત્ત્વને

જોતાં મેં આવો પ્રશ્ન કર્યો છે. હું જાણું છું કે તેમણે એકવાર જવાની વાત કહી દીધી છે ત્યારે તેમને પાછા વાળવા અસંભવ છે. હું તેમને આ વિશે કશું કહીશ પણ નહિ, ક્યાંક તેઓ મને શાપ ન આપી દે. બહેન! તું બધી વાત મને જણાવ અને મારા મનમાંથી આ સંકટના કાંટાને દૂર કરી દે.' ઋષિ-પત્નીએ પોતાના ભાઈ વાસુકિ નાગને હૈયાધારણ આપતાં કહ્યું, 'ભાઈ! મેં પણ તેમને આ વાત કહી હતી. તેમણે કહ્યું કે તારા પેટમાં ગર્ભ છે. તેમણે ક્યારેય વિનોદમાં પણ અસત્ય વાત કરી નથી. પછી આ સંકટના સમયે તો તેઓ અસત્ય બોલી જ કઈ રીતે શકે? તેમણે જતાં જતાં મને કહ્યું કે 'નાગકન્યે! તારા પ્રયોજનની સિદ્ધિ વિશે કોઈ ચિંતા કરીશ નહિ. તારા ગર્ભથી અગ્નિ અને સૂર્ય જેવો તેજસ્વી પુત્ર થશે. તેથી ભાઈ! તું તારા મનમાં પણ કોઈ રીતે દુઃખી થઈશ નહિ.' આ સાંભળીને વાસુકિ બહુ જ પ્રેમ અને પ્રસન્નતાથી પોતાની બહેનનો સ્વાગત-સત્કાર કરવા લાગ્યો. ઋષિ-પત્નીના પેટમાં શુક્લ પક્ષના ચંદ્રમાની જેમ ગર્ભ પણ વૃદ્ધિ પામવા લાગ્યો.

સમય આવતાં વાસુકિની બહેન જરત્કારુના ગર્ભથી દિવ્ય કુમારનો જન્મ થયો. તેના જન્મથી માતૃવંશ અને પિતૃવંશ બંને નિર્ભય થઈ ગયા. ક્રમશઃ મોટો થતાં તેણે ચ્યવન મુનિ પાસે વેદોનું સાંગોપાંગ અધ્યયન કર્યું. તે બ્રહ્મચારી બાળક બચપણમાં જ બહુ જ બુદ્ધિમાન અને સાત્ત્વિક હતો. જ્યારે તે ગર્ભમાં હતો, ત્યારે જ પિતાએ તેના વિશે 'અસ્તિ' (છે) પદનું ઉચ્ચારણ કર્યું હતું, તેથી તેનું નામ 'આસ્તીક' થયું. નાગરાજ વાસુકિના ઘરે બાલ્યાવસ્થામાં અત્યંત સાવધાની અને પ્રયત્નપૂર્વક તેનું રક્ષણ કરવામાં આવ્યું. થોડા જ દિવસમાં તે બાળક ઇન્દ્રની જેમ મોટો થઈને નાગોને હર્ષિત કરવા લાગ્યો.

—★—

## પરીક્ષિતના મૃત્યુનું કારણ

**શૌનકજીએ પૂછ્યું** – સૂતનંદન! રાજા જનમેજયે ઉત્તંકની વાત સાંભળીને પોતાના પિતા પરીક્ષિતના મૃત્યુ વિશે જે પૂછપરછ કરી હતી, તેનું તમે વિસ્તારથી વર્ણન કરવાની કૃપા કરો.

**ઉગ્રશ્રવાજીએ કહ્યું** – રાજા જનમેજયે પોતાના મંત્રીઓને પૂછ્યું કે 'મારા પિતાના જીવનમાં કઈ-કઈ ઘટનાઓ ઘટી હતી? તેમનું મૃત્યુ કઈ રીતે થયું હતું? હું તેમના મૃત્યુનું વૃત્તાન્ત સાંભળીને તે જ કરીશ, જેથી જગતનું શ્રેય થાય?'

**મંત્રીઓએ કહ્યું** – મહારાજ! તમારા પિતા મોટા ધર્માત્મા, ઉદાર અને પ્રજાપાલક હતા. અમે બહુ જ સંક્ષેપમાં તેમનું ચરિત્ર તમને કહીએ છીએ. તમારા ધર્મજ્ઞ પિતા ધર્મની મૂર્તિ હતા. તેમણે ધર્મ પ્રમાણે પોતાના કર્તવ્યપાલનમાં સંલગ્ન ચારેય વર્ણોની (પ્રજાની) રક્ષા કરી હતી. પરાક્રમમાં તેમની બરાબરી કરનાર કોઈ ન હતું. તેઓ સંપૂર્ણ પૃથ્વીની રક્ષા કરતા હતા. ન તેમનો કોઈ દ્વેષી હતો કે ન તેઓ કોઈનો દ્વેષ કરતા હતા. તેઓ બધાના પ્રતિ સમભાવ રાખતા હતા. તેમના રાજ્યમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર – બધા જ પ્રસન્નતા સાથે પોતપોતાનાં કર્મોમાં લાગ્યા રહેતા હતા. વિધવાઓ, અનાથો, અપંગો અને ગરીબોના પોષણનો ભાર તેમણે પોતાના ઉપર લઈ લીધો હતો. તેમની પ્રજા તંદુરસ્ત હતી. તેઓ બહુ જ શ્રીમાન્ અને સત્યવાદી હતા. તેમણે કૃપાચાર્ય પાસેથી ધનુર્વિદ્યા પ્રાપ્ત કરી હતી. ભગવાન

શ્રીકૃષ્ણનો તમારા પિતાના પ્રતિ બહુ પ્રેમ હતો. કુરુવંશના પરિક્ષીણ થયા પછી તેમનો જન્મ થયો હતો, તેથી તેમનું નામ પરીક્ષિત થયું. તેઓ રાજધર્મ અને અર્થશાસ્ત્રમાં બહુ જ કુશળ હતા. તેઓ બહુ બુદ્ધિમાન, ધર્મસેવી, જિતેન્દ્રિય અને નીતિનિપુણ હતા. તેમણે સાઠ વર્ષ સુધી પ્રજાનું પાલન કર્યું. ત્યાર પછી તેઓ પરલોક સિધાવ્યા ત્યારે પ્રજાને ભારે દુઃખ થયું. હવે તે રાજ્ય તમને પ્રાપ્ત થયું છે.

**જનમેજયે કહ્યું** – મંત્રીઓ! તમે લોકોએ મારા પ્રશ્નનો ઉત્તર તો આપ્યો જ નહિ. અમારા વંશના બધા રાજાઓ પોતાના પૂર્વજોના સદાચારનું ધ્યાન રાખતા રહીને પ્રજાના હિતૈષી અને પ્રિય થતા રહ્યા છે. હું તો મારા પિતાના મૃત્યુનું કારણ જાણવા માગું છું.

**મંત્રીઓએ કહ્યું** – મહારાજ! તમારા પ્રજાપાલક પિતા મહારાજ પાંડુની જેમ શિકારપ્રેમી હતા. તેમણે રાજ્યનું તમામ કાર્ય અમારા પર છોડી દીધું હતું. એકવાર તેઓ શિકાર કરવા વનમાં ગયા હતા. તેમણે બાણથી એક હરણને માર્યું અને તે ભાગી ગયું ત્યારે તેનો પીછો કર્યો. તેઓ એકલા જ પગપાળા બહુ દૂર સુધી વનમાં હરણને શોધવા ચાલ્યા ગયા, પરંતુ તે મળ્યું નહિ. તેઓ સાઠ વર્ષના થઈ ચૂક્યા હતા, તેથી થાકી ગયા અને તેમને ભૂખ પણ લાગી હતી. તે વખતે તેમને એક મુનિનાં દર્શન થયાં. તે મૌન હતા. તેમણે તે મુનિને જ પૂછ્યું, પરંતુ તે કંઈ બોલ્યા નહિ. તે વખતે રાજા થાકેલા અને ભૂખ્યા હતા, અને મુનિ કશું બોલ્યા નહિ તેથી તેઓ ક્રોધિત થઈ ગયા. તેમણે એ ન જાણ્યું કે આ મુનિ મૌની છે. તેથી તેમનો તિરસ્કાર કરવા માટે ધનુષ્યની અણીથી મરેલો સાપ ઉઠાવીને તેમના ખભા પર નાખી દીધો. મૌન મુનિએ રાજાના આ કૃત્ય માટે શુભ-અશુભ કાંઈ ન કહ્યું. તેઓ ચૂપચાપ શાંત ભાવમાં સ્થિત રહ્યા. રાજા તરત જ પાછા પગે રાજધાનીમાં પાછા આવ્યા.

મૌની ઋષિ શમીકના પુત્રનું નામ હતું શૃંગી. તે બહુ તેજસ્વી અને શક્તિશાળી હતો. જ્યારે તેજસ્વી શૃંગીએ પોતાના મિત્રના મુખેથી આ વાત સાંભળી કે પરીક્ષિત રાજાએ મૌન અને અચળ અવસ્થામાં બેઠેલા મારા પિતાનો તિરસ્કાર કર્યો છે તો તે ક્રોધથી રાતોપીળો થઈ ગયો. તેણે હાથમાં જળ લઈને તમારા પિતાને શાપ દીધો – 'જેણે મારા નિરપરાધી પિતાના ખભા પર મરેલો સાપ નાખી દીધો, તે દુષ્ટને તક્ષક નાગ ક્રોધ કરીને પોતાના વિષથી સાત દિવસની અંદર બાળી દેશે. લોકો મારા તપનું બળ જોઈ લે.' આ પ્રમાણે શાપ આપીને શૃંગી પોતાના પિતાની પાસે ગયો અને બધી વાત કહી સંભળાવી. શમીક મુનિએ બધું સાંભળીને ઉચિત ન લાગવાથી પોતાના શીલવાન અને ગુણી શિષ્ય ગૌરમુખને તમારા પિતાની પાસે મોકલ્યો. ગૌરમુખે આવીને તમારા પિતાને કહ્યું, 'અમારા ગુરુદેવે તમારા માટે આ સંદેશો મોકલ્યો છે કે રાજન્! મારા પુત્રે તમને શાપ આપી દીધો છે, તમે સાવધાન થઈ જાઓ. તક્ષક પોતાના વિષથી સાત દિવસમાં તમને બાળી દેશે.' તમારા પિતા સાવધાન થઈ ગયા.

સાતમા દિવસે જ્યારે તક્ષક આવી રહ્યો હતો, ત્યારે તેણે કાશ્યપ નામના બ્રાહ્મણને જોયા. તેણે પૂછ્યું, 'બ્રાહ્મણ દેવતા! તમે આટલા ઉતાવળે ક્યાં જઈ રહ્યા છો અને શું કરવા ચાહો છો?' કાશ્યપે કહ્યું, 'જ્યાં આજે પરીક્ષિત રાજાને તક્ષક નાગ બાળી મૂકશે, ત્યાં જઈ રહ્યો છું. હું તેમને તરત જ જીવતા કરી દઈશ. મારા પહોંચી ગયા પછી તો તક્ષક તેમને બાળી પણ નહિ શકે.' તક્ષકે કહ્યું, 'હું જ તક્ષક છું. તમે મારા ડસ્યા

પછી તે રાજાને શા માટે જીવિત કરવા ચાહો છો? મારી શક્તિ જુઓ, મારા ડસ્યા બાદ તમે તેને જીવિત નહિ કરી શકો.' આમ કહીને તક્ષકે એક વૃક્ષને ડંખ માર્યો. તે જ ક્ષણે તે વૃક્ષ બળીને ભસ્મ થઈ ગયું. કાશ્યપ બ્રાહ્મણે પોતાની વિદ્યાના બળથી તે વૃક્ષને તે જ ક્ષણે લીલુંછમ કરી દીધું. હવે તક્ષક તે બ્રાહ્મણદેવને પ્રલોભન આપવા લાગ્યો. તેણે કહ્યું, 'જે ઇચ્છા હોય તે મારી પાસે માંગી લો. બ્રાહ્મણે કહ્યું, 'હું તો ધનને માટે ત્યાં જઈ રહ્યો છું.' તક્ષકે કહ્યું, 'તમે એ રાજા પાસેથી જેટલું ધન લેવા ઇચ્છતા હો તે મારી પાસેથી લઈ લો અને અહીંથી પાછા જાઓ.' તક્ષકના આ પ્રમાણે કહેવાથી કાશ્યપ બ્રાહ્મણ મોં માગ્યું ધન લઈને પાછા ચાલ્યા ગયા. ત્યાર પછી તક્ષક કપટ કરીને આવ્યો અને તેણે તમારા મહેલમાં બેઠેલા અને સાવધાન ધાર્મિક પિતાને વિષના અગ્નિથી ભસ્મ કરી દીધા. ત્યાર પછી તમારો રાજ્યાભિષેક થયો. આ કથા અત્યંત દુઃખદ છે. તેમ છતાં તમારી આજ્ઞાથી અમે બધું કહી દીધું. તક્ષક તમારા પિતાને ડસ્યો છે અને ઉત્તંક ઋષિને પણ બહુ પરેશાન કર્યા છે. હવે તમને જે યોગ્ય લાગે, તે કરો.'

**જનમેજયે કહ્યું** – મંત્રીઓ! તક્ષકના ડસવાથી વૃક્ષ રાખનો ઢગલો થઈ ગયું અને ફરી તે લીલું થઈ ગયું. આ ઘણા જ આશ્ચર્યની વાત છે. આ વાત તમને કોણે કહી? ખરેખર તક્ષકે મોટો અનર્થ કર્યો. જો તેણે બ્રાહ્મણને ધન આપીને પાછા ન મોકલી દીધા હોત તો કાશ્યપ મારા પિતાને પણ જીવિત કરી દેત. સારું, હું તક્ષકને આનો દંડ આપીશ. પહેલાં તમે મને આ કથાનું મૂળ જણાવો.

**મંત્રીઓએ કહ્યું** – મહારાજ! તક્ષક જે વૃક્ષને ડસ્યો હતો, તેના પર એક માણસ સૂકાં લાકડાં લેવા માટે ચડ્યો હતો. આ વાત તક્ષક અને કાશ્યપ બંનેમાંથી કોઈ જાણતા ન હતા. તક્ષકના ડસવાથી વૃક્ષની સાથે તે માણસ પણ ભસ્મ થઈ ગયો હતો અને પછી કાશ્યપના મંત્ર પ્રભાવથી વૃક્ષની સાથે તે પણ જીવતો થઈ ગયો. તક્ષક અને કાશ્યપની વાત તેણે સાંભળી હતી અને ત્યાંથી આવીને અમને તેણે આ વાત કહી હતી. હવે તમે અમારી જાણકારીને જાણીને જે યોગ્ય હોય તે કરો.

—★—

## સર્પ-યજ્ઞનો નિશ્ચય અને આરંભ

**ઉગ્રશ્રવાજી કહે છે** – 'શૌનકાદિ ઋષિઓ! પોતાના પિતાના મૃત્યુનો ઇતિહાસ સાંભળીને જનમેજયને બહુ દુઃખ થયું. તે કોપિત થઈને હાથ ચોળવા લાગ્યા. શોકને લીધે તેમના શ્વાસ લાંબા અને ગરમ થઈ ગયા હતા. આંખો આંસુથી ભરાઈ ગઈ. દુઃખ, શોક અને ક્રોધગ્રસ્ત થયેલા પરીક્ષિતનંદન અશ્રુધારા વહેવડાવતાં શાસ્ત્રોક્ત વિધિથી હાથમાં જળ લઈને બોલ્યા – 'મારા પિતા કઈ રીતે સ્વર્ગવાસી થયા એ વાત પૂરેપૂરી મેં જાણી લીધી છે. જેના કારણે મારા પિતાનું મૃત્યુ થયું છે, તે દુરાત્મા તક્ષકનો બદલો લેવાનો મેં પાકો નિશ્ચય કરી લીધો છે. તેણે પોતે મારા પિતાનો નાશ કર્યો છે, શૃંગી ઋષિનો શાપ તો એક બહાનું માત્ર છે. આ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ એ છે કે તેણે કાશ્યપ બ્રાહ્મણને કે જે વિષ ઉતારવા માટે આવી રહ્યા હતા અને જેમના આવવાથી મારા પિતા અવશ્ય જીવતા થઈ જાત, તેમને ધન આપીને પાછા મોકલી દીધા. જો

અમારા મંત્રીઓ કાશ્યપ બ્રાહ્મણને વિનંતી કરત અને તેઓ અનુગ્રહપૂર્વક મારા પિતાને જીવતા કરી દેત તો તેનાથી આ દુષ્ટ તક્ષકને શું નુકસાન થવાનું હતું. ઋષિનો શાપ પૂરો થઈ જાત અને મારા પિતા જીવિત રહી જાત. મારા પિતાના મૃત્યુમાં સંપૂર્ણ અપરાધ તક્ષકનો જ છે, તેથી હું તેની સાથે મારા પિતાના મૃત્યુનો બદલો લેવાનો સંકલ્પ કરું છું.' મંત્રીઓએ મહારાજ જનમેજયની આ પ્રતિજ્ઞાનું અનુમોદન કર્યું.

હવે રાજા જનમેજયે પુરોહિત અને ઋત્વિજોને બોલાવીને કહ્યું, 'દુરાત્મા તક્ષકે મારા પિતાની હિંસા કરી છે. તમે લોકો એવો ઉપાય બતાવો, જેથી હું બદલો લઈ શકું. શું તમે લોકો એવું કર્મ જાણો છો, જેનાથી હું તે ક્રૂર સર્પને ધધકતા અગ્નિમાં હોમી શકું?' ઋત્વિજોએ કહ્યું – 'રાજન્! દેવતાઓએ તમારા માટે પહેલાંથી જ એક મહાયજ્ઞનું નિર્માણ કરી રાખ્યું છે. આ વાત પુરાણોમાં પ્રસિદ્ધ છે. તે યજ્ઞનું અનુષ્ઠાન તમારા સિવાય બીજું કોઈ કરશે નહિ એવું પુરાણીઓએ કહ્યું છે, અને અમે તે યજ્ઞની વિધિ જાણીએ છીએ.' ઋત્વિજોની વાત સાંભળીને જનમેજયને વિશ્વાસ બેસી ગયો કે હવે અવશ્ય તક્ષક બળી જશે. રાજાએ બ્રાહ્મણોને કહ્યું, 'હું તે યજ્ઞ કરીશ. તમે લોકો તેના માટે સામગ્રી એકત્ર કરો.' વેદજ્ઞ બ્રાહ્મણોએ શાસ્ત્રવિધિ પ્રમાણે યજ્ઞ–મંડપ બનાવવા માટે જમીન માપી લીધી, યજ્ઞશાળા માટે શ્રેષ્ઠ મંડપ તૈયાર કરાવ્યો તથા રાજા જનમેજય યજ્ઞ માટે દીક્ષિત થયા.

એ જ સમયે એક વિચિત્ર ઘટના બની ગઈ. કોઈ કલા-કૌશલના પારંગત વિદ્વાન, અનુભવી સૂતે કહ્યું, – 'જે સ્થાન અને સમયમાં યજ્ઞ-મંડપ માપવાનું કાર્ય શરૂ થયું છે, તે જોતાં એવું લાગે છે કે કોઈ બ્રાહ્મણને કારણે આ યજ્ઞ પૂરો થઈ શકશે નહિ.' રાજા જનમેજયે આ સાંભળીને દ્વારપાળોને કહી દીધું કે મને જાણ કર્યા વિના કોઈ યજ્ઞ-મંડપમાં ન આવે.

સર્પયજ્ઞનું કાર્ય વિધિપૂર્વક શરૂ થયું. ઋત્વિજો પોતપોતાનાં કાર્યમાં લાગી ગયા. ઋત્વિજોની આંખો ધુમાડાને કારણે લાલ-લાલ થઈ રહી હતી. તેઓ કાળાં-કાળાં વસ્ત્રો પહેરીને મંત્રોચ્ચારણપૂર્વક હવન કરી રહ્યા હતા. તે સમયે બધા સર્પો મનમાં ને મનમાં ધ્રૂજવા લાગ્યા. હવે બિચારા સર્પો તડપતા, કણસતા, ઊછળતા, લાંબો નિઃશ્વાસ લેતા, પૂછ અને ફણાથી એકબીજાને લપેટાઈ જતા અગ્નિમાં પડવા લાગ્યા. સફેદ, કાળા, લીલા, પીળા, નાના-મોટા બધી જાતના સર્પો વેદનાથી બૂમો પાડતા ટપોટપ અગ્નિના મુખમાં પડવા લાગ્યા. કોઈ ચાર કોસ સુધી લાંબા તો કોઈ-કોઈ ગાયના કાન જેટલા લાંબા સર્પો આવી આવીને કુંડમાં આહુતિ બની રહ્યા હતા.

સર્પ-યજ્ઞમાં ચ્યવનવંશી ચંડભાર્ગવ હોતા હતા. કૌત્સ ઉદ્‌ગાતા, જૈમિની બ્રહ્મા તથા શાર્ઙ્ગરવ અને પિંગલ અધ્વર્યુ હતા તથા શિષ્યો સાથે વ્યાસજી, ઉદ્દાલક, પ્રમતક, શ્વેતકેતુ, અસિત, દેવલ વગેરે સભાસદ હતા. નામ લઈ લઈને આહુતિ આપતાં જ મોટા-મોટા ભયંકર સર્પ આવીને અગ્નિકુંડમાં પડી જતા હતા. સર્પોની ચરબી અને મેદની ધારાઓ વહેવા લાગી, અત્યંત અસહ્ય દુર્ગંધ ચારે બાજુ પ્રસરી ગઈ તથા સર્પોની બૂમોથી આકાશ ગુંજી ઊઠ્યું. આ સમાચાર તક્ષકે પણ સાંભળ્યા. તે ભયભીત થઈને દેવરાજ ઇન્દ્રનાં શરણમાં ગયો. તેણે કહ્યું, 'દેવરાજ! હું અપરાધી છું. ભયભીત થઈને તમારાં શરણમાં આવ્યો છું. તમે મારી રક્ષા કરો.' ઇન્દ્રે પ્રસન્ન થઈને કહ્યું કે, 'મેં તમારી રક્ષા માટે પહેલાંથી જ બ્રહ્માજી પાસેથી

અભયવચન લઈ લીધું છે. તમને સર્પ-યજ્ઞથી કોઈ ભય નથી. તમે દુઃખી ન થાઓ.' ઇન્દ્રની વાત સાંભળીને તક્ષક આનંદપૂર્વક ઇન્દ્રભવનમાં જ રહેવા લાગ્યો.

—★—

## આસ્તીકના વરદાન માગવાથી સર્પ-યજ્ઞ બંધ થવો અને સર્પોથી બચવાનો ઉપાય

**ઉગ્રશ્રવાજી કહે છે** – જનમેજયના યજ્ઞમાં સર્પોનો હવન ચાલુ રહેવાથી અનેક સર્પો નષ્ટ થઈ ગયા. માત્ર થોડાક જ બચી ગયા. આથી વાસુકિ નાગને બહુ દુઃખ થયું. ગભરાવાને લીધે તેમનું હૃદય વ્યાકુળ થઈ ગયું. તેમણે પોતાની બહેન જરત્કારુને કહ્યું, 'બહેન! મારું અંગે-અંગ બળી રહ્યું છે. દિશાઓ સૂઝતી નથી. ચક્કર આવવાને કારણે બેહોશ જેવો થઈ ગયો છું. જગત ફરતું હોય એવું લાગે છે. કાળજું ફાટીને ટુકડા થઈ રહ્યું છે. મને એવું લાગે છે કે હવે હું વિવશ થઈને આ ધગધગતા અગ્નિમાં પડી જઈશ. આ યજ્ઞનો આ જ હેતુ છે. મેં આ જ સમય માટે તારાં લગ્ન જરત્કારુ ઋષિ સાથે કર્યાં હતાં. હવે તું અમારી રક્ષા કર. બ્રહ્માજીના કહેવા પ્રમાણે તારો પુત્ર આસ્તીક આ સર્પ-યજ્ઞને બંધ કરી શકશે. તે બાળક હોવા છતાં શ્રેષ્ઠ વેદવેત્તા અને વૃદ્ધોનો આદરણીય છે. હવે તું તેને અમારી રક્ષા માટે કહી દે.' પોતાના ભાઈની વાત સાંભળીને ઋષિ-પત્ની જરત્કારુએ બધી વાત કહીને નાગોની રક્ષા માટે આસ્તીકને તૈયાર કર્યો. આસ્તીકે માતાની આજ્ઞા સ્વીકારીને વાસુકિને કહ્યું, 'નાગરાજ! તમે શાંતિ રાખો. હું તમને સાચે-સાચું કહું છું કે તે શાપથી તમને લોકોને મુક્ત કરી દઈશ. હું હાસ્ય-વિનોદમાં પણ ક્યારેય અસત્ય વાણી બોલ્યો નથી. તેથી મારી વાત સત્ય માનો. હું મારી શુભ વાણીથી રાજા જનમેજયને પ્રસન્ન કરી લઈશ અને તે યજ્ઞ બંધ કરી દેશે. મામાજી! તમે મારા પર ભરોસો રાખો.'

આ પ્રમાણે વાસુકિ નાગને આશ્વાસન આપીને આસ્તીક સર્પોને મુક્ત કરવા માટે યજ્ઞશાળામાં જવાના ઉદેશથી ચાલી નીકળ્યા. તેમણે ત્યાં પહોંચીને જોયું કે સૂર્ય અને અગ્નિ જેવા તેજસ્વી સભાસદોથી યજ્ઞશાળા ભરેલી છે. દ્વારપાળોએ તેમને અંદર જતાં અટકાવ્યા. હવે તેઓ અંદર પ્રવેશ કરવા માટે યજ્ઞની સ્તુતિ કરવા લાગ્યા. તેમના દ્વારા યજ્ઞની સ્તુતિ સાંભળીને જનમેજયે તેમને અંદર આવવાની આજ્ઞા આપી દીધી. આસ્તીક યજ્ઞ-મંડપમાં જઈને યજમાન, ઋત્વિજો, સભાસદો તથા અગ્નિની વિશેષ સ્તુતિ કરવા લાગ્યા.

આસ્તીક દ્વારા કરાયેલી સ્તુતિ સાંભળીને રાજા, સભાસદો, ઋત્વિજો અને અગ્નિ, બધા પ્રસન્ન થઈ ગયા. બધાના મનોભાવને સમજીને જનમેજયે કહ્યું, 'જોકે આ બાળક છે, છતાં વાત અનુભવી વૃદ્ધો જેવી કરી રહ્યો છે. હું આને બાળક નહિ, વૃદ્ધ માનું છું. હું આ બાળકને વરદાન આપવા માગું છું. આ વિશે તમારું શું મંતવ્ય છે?' સભાસદોએ કહ્યું – 'બ્રાહ્મણ જો બાળક હોય તો પણ રાજાઓ માટે આદરણીય છે અને જો તે વિદ્વાન હોય તો તો કહેવું જ શું? તેથી તમે આ બાળકને મોં માગી વસ્તુ આપી શકો છો.' જનમેજયે કહ્યું, 'તમે લોકો યથાશક્તિ પ્રયત્ન કરો કે મારું આ કર્મ સમાપ્ત થઈ જાય અને તક્ષક નાગ હમણાં જ અહીં આવી જાય. તે જ તો મારો મુખ્ય શત્રુ છે.' ઋત્વિજોએ કહ્યું, 'અગ્નિદેવનું કહેવું છે કે તક્ષક

ભયભીત થઈને ઈન્દ્રનો શરણાગત થઈ ગયો છે. ઈન્દ્રે તક્ષકને અભયદાન પણ આપી દીધું છે.' જનમેજયે સહેજ વ્યથિત થઈને કહ્યું, 'તમે લોકો એવો મંત્ર બોલીને હવન કરો કે ઈન્દ્ર સહિત તક્ષક નાગ આવીને ભસ્મ થઈ જાય.' જનમેજયની વાત સાંભળીને હોતાએ આહુતિ આપી. તે જ સમયે આકાશમાં ઈન્દ્ર અને તક્ષક દેખાયા. ઈન્દ્ર તો તે યજ્ઞને જોઈને ખૂબ ગભરાઈ ગયા અને તક્ષકને છોડીને ચાલતા થયા. તક્ષક ક્ષણે ક્ષણે અગ્નિજ્વાળાની સમીપ આવવા લાગ્યો. ત્યારે બ્રાહ્મણોએ કહ્યું, 'રાજન્! હવે તમારું કાર્ય બરાબર થઈ રહ્યું છે. આ બ્રાહ્મણને વરદાન આપી દો.'

**જનમેજયે કહ્યું** – 'બ્રાહ્મણકુમાર! તમારા જેવા સુપાત્રને હું યોગ્ય વરદાન આપવા ઈચ્છું છું. તેથી તમારી જે ઈચ્છા હોય તે પ્રસન્નતાપૂર્વક માગી લો. હું તમે માગશો તે આપવું અશક્ય હશે તો પણ આપીશ.' આસ્તીકે જોયું કે હવે તક્ષક અગ્નિકુંડમાં પડવાની તૈયારીમાં જ છે ત્યારે તેમણે રાજાએ બોલેલા વચનનો લાભ ઉઠાવીને કહ્યું, 'રાજન્! તમે મને એ જ વરદાન આપો કે તમારો આ યજ્ઞ બંધ થઈ જાય અને આમાં પડી રહેલા સર્પો બચી જાય.' આનાથી જનમેજયે થોડા નારાજ થઈને કહ્યું, 'સમર્થ બ્રાહ્મણ! તમે સોનું, ચાંદી, ગાયો બીજી કોઈ પણ વસ્તુઓ ઈચ્છાનુસાર લઈ લો. હું ઈચ્છું છું કે આ યજ્ઞ બંધ ન થાય.' આસ્તીકે કહ્યું, 'મારે સોનું, ચાંદી, ગાયો અથવા કોઈ પણ વસ્તુ જોઈતી નથી, મારા માતૃકુળના કલ્યાણ માટે હું તમારો આ યજ્ઞ જ બંધ કરાવવા ઈચ્છું છું.' જનમેજયે વારંવાર પોતાની વાત દોહરાવી, પરંતુ આસ્તીકે બીજું વરદાન માગવાની વાતનો સ્વીકાર નહિ કર્યો. તે વખતે બધા વેદજ્ઞ સભાસદો એકસ્વરે કહેવા લાગ્યા 'આ બ્રાહ્મણ જે માગે છે, તે તેને મળવું જોઈએ.'

**શૌનકજીએ કહ્યું** – સૂતનંદન! તે યજ્ઞમાં તો મોટા-મોટા વિદ્વાન બ્રાહ્મણો હતા. પરંતુ આસ્તીક સાથે વાત કરતી વેળાએ તક્ષક અગ્નિમાં ન પડ્યો, એનું શું કારણ? શું તે બ્રાહ્મણોને તેવા મંત્રો ન સૂઝ્યા?

**ઉગ્રશ્રવાજીએ કહ્યું** – ઈન્દ્રના હાથમાંથી છૂટતાં જ તક્ષક મૂર્છિત થઈ ગયો. આસ્તીકે ત્રણવાર કહ્યું, 'રોકાઈ જા, રોકાઈ જા, રોકાઈ જા!' તેથી તે આકાશ અને પૃથ્વીની વચ્ચે લટકી રહ્યો અને અગ્નિકુંડમાં ન પડ્યો. શૌનકજી! સભાસદોના વારંવાર કહેવાથી જનમેજયે કહ્યું, 'સારું, આસ્તીકની ઈચ્છા પૂરી થાય. આ યજ્ઞ સમાપ્ત કરો. આસ્તીક પ્રસન્ન થાય. અમારા સૂતે જે કહ્યું હતું, તે પણ સત્ય થાય.' જનમેજયના મુખેથી આ વાત નીકળતાં જ બધા લોકો આનંદ વ્યક્ત કરવા લાગ્યા. બધાને પ્રસન્નતા થઈ. રાજાએ ઋત્વિજો અને સદસ્યોને તથા જે બીજા બ્રાહ્મણો અહીં આવ્યા હતા, તેમને ખૂબ દાન આપ્યું. જે સૂતે યજ્ઞ બંધ થવાની ભવિષ્યવાણી કરી હતી, તેનો પણ બહુ સત્કાર કર્યો અને તેમને બધી રીતે પ્રસન્ન કરીને વિદાય કર્યા. જતી વેળાએ જનમેજયે આસ્તીકજીને કહ્યું, 'તમે મારા અશ્વમેધ યજ્ઞમાં સભાસદરૂપે પધારજો.' આસ્તીકે પ્રસન્નતાથી 'તથાસ્તુ' કહ્યું. ત્યાર પછી પોતાના મામાને ઘરે જઈને પોતાની માતા જરત્કારુ વગેરેને બધા સમાચાર કહી સંભળાવ્યા.

તે સમયે વાસુકિ નાગની સભા યજ્ઞમાંથી બચી ગયેલા સર્પોથી ભરેલી હતી. આસ્તીકના મુખેથી બધા સમાચાર સાંભળીને સર્પો ઘણા રાજી થયા. તેમણે આસ્તીક ઋષિ પર પ્રેમ વરસાવતાં કહ્યું, 'બેટા! તારી જે ઈચ્છા હોય

તે વરદાન માગી લે.' તેઓ વારંવાર કહેવા લાગ્યા, 'બેટા! તેં અમને મૃત્યુના મુખમાંથી બચાવી લીધા. અમે તારા પર પ્રસન્ન છીએ. જણાવ, અમે તારું કયું પ્રિય કાર્ય કરીએ?'

આસ્તીકે કહ્યું, 'હું તમારી પાસે એ વરદાન માગું છું કે જે કોઈ સાયંકાળે અને પ્રાતઃકાળે પ્રસન્નતાપૂર્વક આ ધર્મયુક્ત ઉપાખ્યાનનો પાઠ કરે તેને સર્પોથી કોઈ ભય ન રહે.' આ વાત સાંભળીને બધા સર્પો ખૂબ પ્રસન્ન થયા. તેમણે કહ્યું, 'પ્રિયવર! તારી આ ઈચ્છા પૂર્ણ થાય. અમે બહુ પ્રેમથી તારી ઈચ્છા પૂર્ણ કરતા રહીશું. જે કોઈ અસિત, આર્તિમાન અને સુનીથ મંત્રોમાંથી કોઈ એકનો દિવસે કે રાત્રે પાઠ કરશે, તેને સર્પોથી કોઈ ભય રહેશે નહિ. તે મંત્રો ક્રમશઃ આ છે –

**યો જરત્કારુણા જાતો જરત્કારૌ મહાયશાઃ।**
**આસ્તીકઃ સર્પસત્રે વઃ પન્નગાન્ યોઽભ્યરક્ષત।**
**તં સ્મરન્તં મહાભાગા ન માં હિંસિતુમર્હથ॥**
(૫૮/૨૪)

'જરત્કારુ ઋષિથી જરત્કારુ નામની નાગકન્યામાં આસ્તીક નામના યશસ્વી ઋષિ ઉત્પન્ન થયા. તેમણે સર્પયજ્ઞમાં તમો બધા સર્પોની રક્ષા કરી હતી. મહાભાગ્યશાળી સર્પો! હું તેમનું સ્મરણ કરી રહ્યો છું. તમે લોકો મને ડસશો નહિ.'

**સર્પાપસર્પ ભદ્રં તે ગચ્છ સર્પ મહાવિષ।**
**જનમેજયસ્ય યજ્ઞાન્તે આસ્તીકવચનં સ્મર॥**
(૫૮/૨૫)

'હે મહાવિષધર સર્પ! તું ચાલ્યો જા. તારું કલ્યાણ થાઓ. હવે તું જા. જનમેજયના યજ્ઞની સમાપ્તિમાં આસ્તીકે જે કાંઈ કહ્યું હતું, તેનું સ્મરણ કર.'

**આસ્તીકસ્ય વચઃ શ્રુત્વા યઃ સર્પો ન નિવર્તતે।**
**શતધા ભિદ્યતે મૂર્ધ્નિ શિંશવૃક્ષફલં યથા॥**
(૫૮/૨૬)

'જે સર્પો આસ્તીકના વચનના સોગંદ સાંભળીને પણ પાછા નહિ ફરે, તેની ફેણના સીસમના ફળની જેમ સેંકડો ટુકડા થઈ જશે.'

ધાર્મિકશિરોમણિ આસ્તીક ઋષિએ આ પ્રમાણે સર્પયજ્ઞથી સર્પોનો ઉદ્ધાર કર્યો. શરીરનું પ્રારબ્ધ પૂરું થયે પુત્ર-પૌત્રાદિને છોડીને આસ્તીક સ્વર્ગે સિધાવી ગયા. જે મનુષ્ય આ આસ્તીક ચરિત્રનો પાઠ અથવા શ્રવણ કરે છે, તેને સર્પોનો ભય થતો નથી.

—★—

## શ્રીવેદવ્યાસજીની આજ્ઞાથી વૈશમ્પાયનજી દ્વારા કથા પ્રારંભ કરવી

**શૌનકજીએ પૂછ્યું** – સૂતનંદન! મહાભારતની કથા અત્યંત પવિત્ર છે. એમાં પાંડવોનો યશ ગાવામાં આવ્યો છે. સર્પ-સત્રના અંતે જનમેજયની પ્રાર્થનાથી ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયને વૈશમ્પાયનજીને એવી આજ્ઞા આપી હતી કે તમે તે કથા આમને સંભળાવો. હવે હું તે જ કથા સાંભળવા ઈચ્છું છું. તે કથા ભગવાન વ્યાસના મનરૂપી સાગરમાંથી ઉત્પન્ન થઈ હોવાથી સર્વરત્નોની ખાણ છે. આપ તે જ કથા સંભળાવો.

**ઉગ્રશ્રવાજીએ કહ્યું** – શૌનકજી! ભગવાન વેદવ્યાસ દ્વારા નિર્મિત મહાભારત આખ્યાન હું તમને પ્રારંભથી સંભળાવીશ. તેનું વર્ણન કરવામાં મને પણ અતિ આનંદ થાય છે. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયનને એ વાતની ખબર મળી કે જનમેજય સર્પ-યજ્ઞમાં દીક્ષિત થઈ ગયા છે,

ત્યારે તેઓ ત્યાં આવ્યા. ભગવાન વ્યાસનો જન્મ શક્તિ-પુત્ર પરાશરજી દ્વારા સત્યવતીના ગર્ભથી યમુનાની રેતીમાં થયો હતો. તેઓ જ પાંડવોના પિતામહ હતા. તેઓ જન્મતાં જ સ્વેચ્છાથી મોટા થઈ ગયા અને સાંગોપાંગ વેદ તથા ઇતિહાસોનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. તેમને જે જ્ઞાન પ્રાપ્ત થયું હતું તેને તપસ્યા, વેદાધ્યયન, વ્રત, ઉપવાસ, સ્વાભાવિક શક્તિ અને વિચારથી કોઈ પ્રાપ્ત કરી શકતું નથી. તેમણે જ એક વેદને ચાર ભાગોમાં વિભક્ત કરી દીધા. તેઓ મહાન બ્રહ્મર્ષિ, ત્રિકાળદર્શી, સત્યવ્રત, પરમપવિત્ર તથા સગુણ-નિર્ગુણ સ્વરૂપના તત્ત્વજ્ઞ હતા. તેમના જ કૃપા-પ્રસાદથી પાંડુ, ધૃતરાષ્ટ્ર અને વિદુરનો જન્મ થયો હતો. તેમણે પોતાના શિષ્યો સાથે જનમેજયના યજ્ઞમંડપમાં પ્રવેશ કર્યો. તેમને જોતાં જ રાજર્ષિ જનમેજય સદસ્યો સાથે ઝટપટ ઊભા થઈ ગયા અને શિષ્ટાચારપૂર્વક યજ્ઞમંડપમાં લઈ આવ્યા. તેમને સુવર્ણના સિંહાસન પર બેસાડીને વિધિપૂર્વક પૂજા કરી. પોતાના વંશ-પ્રવર્તક (વ્યાસજી)ને પાદ્ય, આચમન, અર્ઘ્ય અને ગાયો આપીને જનમેજય અતિ પ્રસન્ન થયા. બંને બાજુથી કુશળ-મંગળ સંબંધી પ્રશ્નોત્તર થયા. બધા સભાસદોએ ભગવાન વ્યાસની પૂજા કરી અને યથાયોગ્ય બધાનો સત્કાર કર્યો.

ત્યાર પછી જનમેજયે સભાસદો સહિત હાથ જોડીને વ્યાસજીને એ પ્રશ્ન કર્યો કે, 'ભગવન્! તમે કૌરવો અને પાંડવોને તમારી આંખોથી જોયા હતા. મારી ઇચ્છા છે કે તમારા મુખે તેમનું ચરિત્ર સાંભળું. તેઓ તો મોટા ધર્માત્મા હતા, છતાં તે લોકોમાં અણબનાવનું શું કારણ બન્યું? તે ઘોર સંગ્રામ થવાનું કારણ શું? તેના કારણે તો પ્રાણીઓનો મોટો સંહાર થયો છે. તમે કૃપા કરીને મને તેનું પૂરું વિવરણ સંભળાવો.' જનમેજયની આ વાત સાંભળીને ભગવાન વેદવ્યાસે પાસે જ બેઠેલા પોતાના શિષ્ય વૈશમ્પાયનને કહ્યું, 'વૈશમ્પાયન! કૌરવો અને પાંડવોમાં જે રીતે કુસંપ થયો હતો, તે બધું તમે મારી પાસેથી સાંભળી ચૂક્યા છો. હવે તે જ વાત તમે જનમેજયને સંભળાવો.' પોતાના પૂજ્ય ગુરુદેવની આજ્ઞા સાંભળીને ભરી સભામાં વૈશમ્પાયનજીએ કહેવાનો પ્રારંભ કર્યો.

**વૈશમ્પાયનજીએ કહ્યું** – હું સંકલ્પ, વિચાર અને સમાધિ દ્વારા ગુરુદેવને નમસ્કાર કરું છું તથા બધા બ્રાહ્મણો અને વિદ્વાનોનો આદર કરીને પરમ જ્ઞાની ભગવાન વ્યાસનો મત સંભળાવું છું. ભગવાન વ્યાસ દ્વારા નિર્મિત આ ઇતિહાસ અત્યંત પવિત્ર અને વિસ્તૃત છે. તેમણે પુણ્યાત્મા પાંડવોની આ કથા એક લાખ શ્લોકોમાં કહી છે, આના વક્તા અને શ્રોતાઓ બ્રહ્મલોકમાં જઈને દેવતાઓની સમકક્ષ બની જાય છે. આ પવિત્ર અને ઉત્તમ પુરાણ વેદ-તુલ્ય છે, સાંભળવા યોગ્ય કથાઓમાં સર્વોત્તમ છે અને મોટા-મોટા ઋષિઓએ આની પ્રશંસા કરી છે. આ ઇતિહાસ-ગ્રંથમાં અર્થ અને કામની પ્રાપ્તિના ધર્મને અનુકૂળ ઉપાયો બતાવવામાં આવ્યા છે તથા આનાથી મોક્ષતત્ત્વને જાણનારી બુદ્ધિ પણ પ્રાપ્ત થઈ જાય છે. આના શ્રવણ-કીર્તનથી મનુષ્ય સઘળાં પાપોથી મુક્ત થઈ જાય છે. આ ઇતિહાસનું નામ 'જય' છે. સંસાર પર પરમ વિજય અર્થાત્ કલ્યાણવાંછુઓએ આનું શ્રવણ કરવું જોઈએ. આ ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને મોક્ષશાસ્ત્ર – બધું જ છે. જેઓ આનું શ્રવણ-વર્ણન કરે છે, તેમના પુત્રો સેવક અને સેવકો સ્વામીભક્ત બની જાય છે. જેઓ આનું શ્રવણ કરે છે તેમનાં વાચિક, માનસિક અને શારીરિક પાપ નષ્ટ થઈ જાય છે. આમાં ભરતવંશીઓના

મહાન જન્મની યશગાથા છે, તેથી આને મહાભારત કહે છે. જે આના નામનો વ્યુત્પત્તિ (શબ્દની મૂળ ઉત્પત્તિ) સાથે અર્થ જાણે છે તે બધાં પાપોથી છૂટી જાય છે. ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયન દરરોજ પ્રાતઃકાળે ઊઠીને સ્નાન-સંધ્યા વગેરેથી નિવૃત્ત થઈને આની રચના કરતા હતા, આ પ્રમાણે ત્રણ વર્ષે આ ગ્રંથ પૂરો થયો હતો. તેથી બ્રાહ્મણોએ પણ નિયમોનું આચરણ કરતા રહીને આ કથાનું શ્રવણ-વર્ણન કરવું જોઈએ. જેમ સમુદ્ર અને સુમેરુ રત્નોની ખાણ છે, તે જ પ્રમાણે આ ગ્રંથ કથાઓનું મૂળ ઉદ્ગમસ્થાન છે. આ ગ્રંથનું દાન કરવાથી સંપૂર્ણ પૃથ્વીનું દાન કર્યાનું ફળ મળે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વિશે જે વાત આ ગ્રંથમાં છે, તે જ સર્વત્ર છે. જે આમાં નથી, તે બીજે ક્યાંય નથી. તેથી તમે લોકો આ કથા પૂરેપૂરી સાંભળો.

—★—

## ભૂમિનો ભાર ઉતારવા માટે દેવતાઓનો અવતાર લેવાનો નિશ્ચય

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! જમદગ્નિનંદન પરશુરામે એકવીસવાર પૃથ્વી પરના ક્ષત્રિયોનો સંહાર કર્યો હતો. આ કાર્ય કરીને તેઓ મહેન્દ્રપર્વત પર જઈને તપ કરવા લાગ્યા. ક્ષત્રિયોનો સંહાર થઈ જતાં ક્ષત્રિયોની વંશરક્ષા તપસ્વી, ત્યાગી, સંયમી બ્રાહ્મણો દ્વારા થઈ. થોડા જ દિવસો પછી ક્ષત્રિય–રાજ્યની પુનઃ સ્થાપના થઈ ગઈ. ક્ષત્રિયો દ્વારા ધર્મપૂર્વક પ્રજાપાલન થતું હોવાથી બ્રાહ્મણ વગેરે વર્ણાશ્રમધર્મી લોકો સુખી થઈ ગયા. રાજાઓ કામ, ક્રોધ અને તેમના કારણે થતા દોષોનો ત્યાગ કરીને ધર્માનુસાર શાસન અને પાલન કરવા લાગ્યા. સમયસર વર્ષા થતી હતી. બાળમૃત્યુ થતાં ન હતાં અને યુવાવસ્થા પહેલાં લોકોને સ્ત્રી-સંસર્ગનું જ્ઞાન પણ થતું ન હતું. ક્ષત્રિયો મોટા-મોટા યજ્ઞો કરીને બ્રાહ્મણોને ખૂબ દક્ષિણા આપતા અને બ્રાહ્મણો સાંગોપાંગ ત્રણે વેદોનું અધ્યયન કરતા. તે સમયે પૈસા લઈને શાસ્ત્રોનું અધ્યાપન કોઈ કરતું ન હતું અને ન શૂદ્રોની હાજરીમાં વેદોનું ઉચ્ચારણ પણ કરતા હતા. વૈશ્યો બીજાઓ પાસે બળદો દ્વારા ખેતીનું કામ કરાવતા હતા. તેઓ પોતે બળદોના ખભા પર ધૂંસરી મૂકતા ન હતા તથા અશક્ત થઈ જવા છતાં પણ ઘાસ-ચારા વગેરેથી તેમનું પાલન કરતા હતા. વાછડાં જ્યાં સુધી બીજું કશું ખાવા ન લાગે ત્યાં સુધી ગાયો દોહતા ન હતા. વેપારીઓ તોલમાપમાં બેઈમાની કરતા ન હતા. બધા લોકો પોતાના વર્ણાશ્રમના અધિકાર મુજબ પોતપોતાનું કાર્ય કરતા હતા. ધર્મને હાનિ થાય એવો તો કોઈ પ્રસંગ જ આવતો ન હતો. ગાયો અને સ્ત્રીઓને ઉચિત સમયે જ બચ્ચાં થતાં હતાં. એટલું જ નહિ લતાઓ અને વૃક્ષો પણ ઋતુકાળમાં જ ફળતાં-ફૂલતાં હતાં. તે સમયે સત્યયુગ હતો.

જે સમયે આ પ્રમાણે આનંદ છવાઈ રહ્યો હતો, તે જ સમયે ક્ષત્રિયોમાં રાક્ષસો ઉત્પન્ન થવા લાગ્યા. તે સમયે દેવતાઓએ દૈત્યોને યુદ્ધમાં વારંવાર હરાવીને સત્તાભ્રષ્ટ કરી દીધા. રાક્ષસો માત્ર મનુષ્યોમાં જ નહિ બલકે બળદ, ઘોડા, ગધેડાં, ઊંટ, પાડા અને હરણોમાં પણ પેદા થયા. પૃથ્વી તેમના ભારથી ત્રાસી ગઈ. દૈત્યો અને દાનવો મદોન્મત્ત તથા ઉદ્ધત રાજાઓના રૂપમાં પણ ઉત્પન્ન થયા. તેમણે વિધ-વિધ પ્રકારનાં રૂપો ધારણ કરીને પૃથ્વીને

ભરી દીધી અને બધી પ્રજાને સતાવવા લાગ્યા. તેમની ઉદ્ધતાઈથી ત્રસિત અને દુ:ખી થઈને પૃથ્વી બ્રહ્માજીનાં શરણમાં ગઈ. તે સમયે તે અસુરોના ભારથી એટલી વ્યથિત થઈ ગઈ હતી કે શેષ, કચ્છપ અને દિગ્ગજો પણ તેને ઉઠાવવામાં અસમર્થ થઈ ગયા હતા. પ્રજાપતિ ભગવાન બ્રહ્માએ શરણાગત પૃથ્વીને કહ્યું, 'દેવી! તું જે કામ માટે મારી પાસે આવી છે, તેના માટે હું બધા દેવતાઓને નિયુક્ત કરીશ.' પૃથ્વી પાછી આવી.

બ્રહ્માજીએ દેવતાઓને આજ્ઞા કરી કે 'તમે લોકો પૃથ્વીનો ભાર ઉતારવા માટે પોતપોતાના અંશોથી અલગ-અલગ અવતાર લો.' ત્યાર પછી ગંધર્વો અને અપ્સરાઓને બોલાવીને કહ્યું, 'તમે લોકો પણ પોતપોતાના અંશથી ઇચ્છા પ્રમાણે જન્મ લો.' બધા દેવતાઓએ બ્રહ્માજીના સત્ય, હિતકારી અને હેતુસંગત વચનનો સ્વીકાર કર્યો. ત્યાર બાદ બધાએ શત્રુનાશક ભગવાન નારાયણ પાસે જવા માટે વૈકુંઠની યાત્રા કરી. તે ભગવાન પોતાનાં કરકમળોમાં ચક્ર અને ગદા ધારણ કરે છે. તેમનાં વસ્ત્રો પીતવર્ણનાં છે. તેમના શરીરની કાન્તિ નીલવર્ણની છે. તેમનું વક્ષ:સ્થળ ઊંચું અને નેત્રો મનોહારી છે. તેમનાં વક્ષ:સ્થળ પર શ્રીવત્સનું ચિહ્ન છે, તેઓ સર્વશક્તિમાન તથા સર્વના સ્વામી છે. બધા દેવતાઓ તેમની પૂજા કરે છે. ઇન્દ્રે તેમને પ્રાર્થના કરી કે તમે પૃથ્વીનો ભાર ઉતારવા માટે અંશાવતાર ગ્રહણ કરો. ભગવાને 'તથાસ્તુ' કહીને તેનો સ્વીકાર કર્યો. ઇન્દ્રે ભગવાન સાથે અવતાર ગ્રહણ કરવા સંબંધે ચર્ચા કરી, તે પ્રમાણે દેવતાઓને આજ્ઞા આપી અને વૈકુંઠથી પાછા આવ્યા. હવે દેવતાઓ પ્રજાના કલ્યાણ અને રાક્ષસોના વિનાશ માટે ક્રમશઃ પૃથ્વી પર અવતીર્ણ થવા લાગ્યા. તેઓ સ્વેચ્છાનુસાર બ્રહ્મર્ષિઓ અથવા રાજર્ષિઓના વંશમાં જન્મ લઈને માનવભક્ષી અસુરોનો સંહાર કરવા લાગ્યા. તેઓ બાલ્યાવસ્થાથી જ એટલા બળવાન હતા કે અસુરો તેમનું કાંઈ બગાડી શકતા નહિ.

—★—

## દેવતાઓ, દાનવો, પશુ, પક્ષી વગેરે સંપૂર્ણ પ્રાણીઓની ઉત્પત્તિ

**જનમેજયે કહ્યું** – ભગવન્! હું દેવતાઓ, દાનવો, ગંધર્વો, અપ્સરાઓ, મનુષ્યો, યક્ષો, રાક્ષસો અને સમસ્ત પ્રાણીઓની ઉત્પત્તિની કથા સાંભળવા ચાહું છું. તમે કૃપા કરીને તેનું પ્રારંભથી જ વર્ણન કરો.

**વૈશમ્પાયનજીએ કહ્યું** – સારું, હું સ્વયંપ્રકાશ ભગવાનને પ્રણામ કરીને દેવતાઓ વગેરેની ઉત્પત્તિ અને નાશની કથા કહું છું. બ્રહ્માજીના માનસ-પુત્ર મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ અને ક્રતુને તો તમે જાણો જ છો. મરીચિના પુત્ર કશ્યપ હતા અને કશ્યપથી જ બધી પ્રજા ઉત્પન્ન થઈ છે. દક્ષ-પ્રજાપતિની તેર કન્યાઓનાં નામ હતાં – અદિતિ, દિતિ, દનુ, કાલા, દનાયુ, સિંહિકા, ક્રોધા, પ્રાધા, વિશ્વા, વિનતા, કપિલા, મુનિ અને કદ્રૂ. તેમનાંથી ઉત્પન્ન પુત્ર-પૌત્રોની સંખ્યા અનંત છે. અદિતિના બાર આદિત્યો થયા. તેમનાં નામ છે – ધાતા, મિત્ર, અર્યમા, શક્ર, વરુણ, અંશ, ભગ, વિવસ્વાન્, પૂષા, સવિતા, ત્વષ્ટા અને વિષ્ણુ. તેમાં બધાથી નાના વિષ્ણુ ગુણોમાં સૌથી મોટા હતા. દિતિનો પુત્ર હતો હિરણ્યકશિપુ. તેના પાંચ પુત્રો હતા – પ્રહ્લાદ, સંહ્લાદ, અનુહ્લાદ, શિબિ અને

બાષ્કલ. પ્રહ્‌લાદને ત્રણ પુત્રો હતા – વિરોચન, કુમ્ભ અને નિકુમ્ભ. વિરોચનનો બલિ અને બલિનો પુત્ર બાણાસુર. બાણાસુર ભગવાન શંકરનો મહાન ભક્ત હતો. તે મહાકાળના નામથી પ્રસિદ્ધ છે. દનુના ચાળીસ પુત્રોમાં વિપ્રચિત્તિ બધાથી મોટો, યશસ્વી અને રાજા હતો. દાનવો અસંખ્ય હતા. સિંહિકાનો પુત્ર રાહુ થયો, જે સૂર્ય અને ચંદ્રમાને ગ્રસે છે. ક્રૂરા (ક્રોધા)થી સુચંદ્ર, ચંદ્રહન્તા અને ચંદ્રપ્રમર્દન વગેરે પુત્ર-પૌત્રો થયા. ક્રોધવશ નામનો એક ગણ પણ થયો હતો. દનાયુથી ચાર પુત્રો થયા – વિક્ષર, બલ, વીર અને વૃત્રાસુર. કાલાથી વિનાશન, ક્રોધ, ક્રોધહન્તા, ક્રોધશત્રુ અને કાલકેય નામના પ્રસિદ્ધ અસુર થયા.

ભૃગુ ઋષિથી અસુરોના પુરોહિત શુક્રાચાર્યનો જન્મ થયો. તેમના ચારે પુત્રો, જેમનામાં ત્વષ્ટાધર અને અત્રિ મુખ્ય હતા, અસુરોના યજ્ઞ-યાગાદિ તેઓ કરાવતા હતા. આ અસુરો અને સુરવંશની ઉત્પત્તિ પુરાણો પ્રમાણે છે. આમના પુત્ર-પૌત્રોની ગણતરી કરવી શક્ય નથી. તાર્ક્ષ્ય, અરિષ્ટનેમિ, ગરુડ, અરુણ, આરુણિ અને વારુણિ – તેઓ વૈનતેય કહેવાય છે. શેષ, અનંત, વાસુકિ, તક્ષક, ભુજંગમ, કૂર્મ, કુલિક વગેરે સર્પો કદ્રૂના પુત્રો છે. ભીમસેન, ઉગ્રસેન, સુપર્ણ, નારદ વગેરે સોળ દેવગંધર્વો કશ્યપ-પત્ની મુનિના પુત્રો છે. આ બધા ઘણા જ કીર્તિમાન, બળવાન અને જિતેન્દ્રિય છે. પ્રાધા નામની દક્ષકન્યાથી પણ અનવદ્યા મનુવંશા વગેરે કન્યાઓ અને સિદ્ધ, પૂર્ણ, બર્હિ વગેરે દેવગંધર્વો ઉત્પન્ન થયા. પ્રાધાથી જ અલમ્બુષા, મિશ્રકેશી, વિદ્યુત્પર્ણા, તિલોત્તમા, અરુણા, રક્ષિતા, રમ્ભા, મનોરમા, કેશિની, સુબાહુ, સુરતા, સુરજા, સુપ્રિયા વગેરે અપ્સરાઓ અને અતિબાહુ, હાહા, હૂહૂ અને તુમ્બુરુ – આ ચાર ગંધર્વો પણ થયા. કપિલાથી ગૌ, બ્રાહ્મણ, ગંધર્વ અને અપ્સરાઓ ઉત્પન્ન થઈ. આ પ્રમાણે મેં તમને બધાની ઉત્પત્તિની કથા કહી સંભળાવી. આમનામાં સર્પ, સુપર્ણ, રુદ્ર, મરુત અને ગૌ, બ્રાહ્મણ વગેરે બધા છે.

બ્રહ્માજીના માનસપુત્ર છ ઋષિઓનાં નામ પહેલાં બતાવી ચૂક્યો છું. તેમના સાતમા પુત્ર હતા સ્થાણુ. સ્થાણુના પરમ તેજસ્વી અગિયાર પુત્રો થયા – મૃગવ્યાધ, સર્પ, નિર્ઋતિ, અજૈકપાદ, અહિર્બુધ્ન્ય પિનાકી, દહન, ઈશ્વર, કપાલી, સ્થાણુ અને ભવ. આ જ અગિયાર રુદ્ર છે. અંગિરાને ત્રણ પુત્રો થયા - બૃહસ્પતિ, ઉતથ્ય અને સંવર્ત. અત્રિને ઘણા પુત્રો થયા. પુલસ્ત્યથી રાક્ષસો, વાનર, કિન્નર અને યક્ષ થયા. પુલહના શલભ, સિંહ, કિમ્પુરુષ, વ્યાઘ્ર, યક્ષ અને ઈહામૃગ (વરુ) જાતિના પુત્રો થયા. ક્રતુના વાલખિલ્ય થયા. બ્રહ્માજીના જમણા અંગૂઠામાંથી દક્ષ અને ડાબા અંગૂઠામાંથી તેમનાં પત્ની ઉત્પન્ન થયાં. તે પત્નીથી દક્ષની પાંચસો કન્યાઓ થઈ. પુત્રોનો નાશ થઈ જતાં દક્ષ પ્રજાપતિએ કન્યાઓનાં લગ્ન એ શરત સાથે કર્યાં કે તેમનો પ્રથમ પુત્ર તેમને મળે. તેમણે દસ કન્યાઓનાં લગ્ન ધર્મ સાથે, સત્તાવીસનાં ચંદ્રમા સાથે અને તેરનાં લગ્ન કશ્યપ સાથે કર્યાં. ધર્મની દસ પત્નીઓનાં નામ છે – કીર્તિ, લક્ષ્મી, ધૃતિ, મેધા, પુષ્ટિ, શ્રદ્ધા, ક્રિયા, બુદ્ધિ, લજ્જા અને મતિ. આ બધાં ધર્મનાં દ્વાર હોવાને કારણે આમને તેની (ધર્મની) પત્નીઓ કહેવામાં આવી છે. સત્તાવીસ નક્ષત્રો એ જ ચંદ્રમાની પત્નીઓ છે. તે (નક્ષત્રો) સમયની જાણકારી આપે છે.

બ્રહ્માજીના પુત્ર મનુ, મનુના પ્રજાપતિ અને પ્રજાપતિના આઠ વસુ થયા – ધર, ધ્રુવ, સોમ, અહ, અનિલ, અનલ, પ્રત્યૂષ અને પ્રભાસ. ધર

અને ધ્રુવની માનું નામ ધૂમ્રા, સોમની માનું નામ મનસ્વિની, અહની માનું નામ રતા હતું. અનિલની માનું નામ શ્વસા, અનલની માનું નામ શાંડિલી તથા પ્રત્યૂષ અને પ્રભાસની માતાનું નામ પ્રભાતા હતું. ધરને બે પુત્ર થયા – દ્રવિણ અને હુતહવ્યવહ. ધ્રુવના કાલ, સોમના વર્ચા, વર્ચાના શિશિર, પ્રાણ અને રમણ નામના ત્રણ પુત્રો થયા. અહના ચાર પુત્રો થયા – જ્યોતિ, શમ, શાન્ત અને મુનિ. અનલના કુમાર થયા. કૃત્તિકાઓએ તેમનું માતૃત્વ સ્વીકાર્યું હતું, તેથી આમને કાર્તિકેય પણ કહે છે. આમના ત્રણ પુત્ર થયા – શાખ, વિશાખ અને નૈગમેય. અનિલની પત્ની શિવાથી મનોજવ અને અવિજ્ઞાતગતિ નામના બે પુત્ર થયા. પ્રત્યૂષના પુત્ર હતા દેવલ ઋષિ. તેમને પણ બે પુત્રો હતા – ક્ષમાવાન્ અને મનીષી. બૃહસ્પતિની બહેન બ્રહ્મવાદિની અને યોગિની હતી. તે જ પ્રભાસની પત્ની થઈ. તેનાથી દેવતાઓના સ્થપતિ વિશ્વકર્માનો જન્મ થયો. તેમણે જ દેવતાઓનાં આભૂષણો અને વિમાનોનું નિર્માણ કર્યું. મનુષ્ય પણ તેમની સ્થાપત્યકળાના આધારે પોતાની જીવિકા ચલાવે છે. ભગવાન ધર્મ બ્રહ્માજીના જમણા સ્તનમાંથી મનુષ્યરૂપે પ્રગટ થયા હતા. તેમને ત્રણ પુત્રો થયા – શમ, કામ અને હર્ષ. તેમની પત્નીઓનું નામ ક્રમશઃ પ્રાપ્તિ, રતિ અને નંદા હતું. સૂર્યની પત્ની વડવા (ઘોડી)થી અશ્વિનીકુમારોનો જન્મ થયો. અદિતિના બાર પુત્રોનાં નામોની આ પહેલાં ગણતરી થઈ ચૂકી છે. આ પ્રમાણે બાર આદિત્યો, આઠ વસુ, અગિયાર રુદ્ર, પ્રજાપતિ અને વષટ્કાર – આ મુખ્ય તેત્રીસ દેવતાઓ કહેવાય છે. આમના ગણો પણ છે – જેવા કે રુદ્રગણ, સાધ્યગણ, મરુદ્ગણ વસુગણ, ભાર્ગવગણ અને વિશ્વેદેવગણ. ગરુડ, અરુણ અને બૃહસ્પતિની ગણના આદિત્યોમાં જ કરવામાં આવે છે. અશ્વિનીકુમાર, ઔષધિ અને પશુ વગેરેની ગણતરી ગુહ્યકગણમાં છે. આ દેવગણોના સ્મરણ-કીર્તનથી બધાં પાપો નિવૃત્ત થઈ જાય છે.

મહર્ષિ ભૃગુ બ્રહ્માજીના હૃદયમાંથી પ્રગટ થયા હતા. ભૃગુના શુક્રાચાર્ય સિવાય ચ્યવન નામના પુત્ર હતા. તેઓ પોતાની માતાની રક્ષા માટે ગર્ભમાંથી નીકળી ગયા હતા. તેમની પત્નીનું નામ આરુણી હતું. તેની જાંઘમાંથી ઔર્વનો જન્મ થયો. ઔર્વના ઋચીક અને ઋચીકના જમદગ્નિ થયા. જમદગ્નિના ચાર પુત્રોમાં પરશુરામજી બધાથી નાના હતા, પરંતુ ગુણોમાં બધાથી મહાન હતા. તેઓ શાસ્ત્રોના પારંગત તો હતા જ, શસ્ત્રકુશળ પણ હતા. તેમણે જ ક્ષત્રિયકુળનો નાશ કર્યો હતો. બ્રહ્માજીના બીજા પણ બે પુત્રો હતા – ધાતા અને વિધાતા. તેઓ મનુની સાથે રહે છે. કમળોમાં નિવાસ કરનારી લક્ષ્મી તેમની બહેન છે. શુક્રની પુત્રી દેવી વરુણની પત્ની થઈ. તેના પુત્રનું નામ હતું બલ અને પુત્રીનું નામ સુરા હતું. જ્યારે પ્રજા અન્નના લોભથી એકબીજાના હકનું ખાવા લાગી ત્યારે તે સુરાથી જ અધર્મની ઉત્પત્તિ થઈ, જે સમસ્ત પ્રાણીઓનો નાશ કરી દે છે. અધર્મની પત્નીનું નામ નિર્ઋતિ હતું. તેના ત્રણ અતિ ભયંકર પુત્ર હતા – ભય, મહાભય અને મૃત્યુ. મૃત્યુને પત્ની-પુત્ર કોઈ નથી.

તામ્રાને પાંચ કન્યાઓ થઈ – કાકી, શ્યેની, ભાસી, ધૃતરાષ્ટ્રી અને શુકી. કાકીનો ઉલૂક, શ્યેનીનો બાજ, ભાસીથી કૂતરાં અને ગીધ ધૃતરાષ્ટ્રીથી હંસ-કલહંસ તથા ચક્રવાક અને શુકીથી પોપટ જન્મ્યા. ક્રોધાને નવ કન્યાઓ થઈ – મૃગી, મૃગમન્દા, હરી, ભદ્રમના, માતંગી, શાર્દૂલી, શ્વેતા, સુરભિ અને સુરસા. મૃગીથી મૃગ,

મૃગમન્દાથી રીંછ અને સૃમર (નાની જાતના મૃગ), ભદ્રમનાથી ઐરાવત હાથી, હરીથી ચંચળ ઘોડા, વાંદરાં અને ગાયો જેવી પૂંછવાળાં બીજાં પશુ તથા શાર્દૂલીથી સિંહ, વાઘ અને ગેંડા ઉત્પન્ન થયા. માતંગીથી બધી જાતના હાથી અને શ્વેતાથી શ્વેત દિગ્ગજ થયા. સુરભિથી રોહિણી, ગંધર્વી, વિમલા અને અનલા નામની ચાર કન્યાઓ થઈ. રોહિણીથી ગાય-બળદ, ગંધર્વીથી ઘોડા, અનલાથી ખજૂર, તાડ, હિન્તાડ, તાડી, ખર્જૂરિકા, સોપારી અને નારિયેળ – આ સાત પિંડફળવાળાં વૃક્ષો ઉત્પન્ન થયાં. અનલાની પુત્રી શુકી જ પોપટ પક્ષીઓની જનેતા બની. સુરસાથી કંક પક્ષી અને નાગો જન્મ્યા. અરુણની પત્ની શ્યેનીથી સમ્પાતિ અને જટાયુ થયા તથા કદ્રૂથી સર્પોની ઉત્પત્તિની વાત તો કહી દીધી છે. આ પ્રમાણે મુખ્ય-મુખ્ય પ્રાણીઓની ઉત્પત્તિનું વર્ણન કરવામાં આવ્યું. આ કથાનું શ્રવણ કરવાથી પાપીઓનાં પાપ તો નષ્ટ થાય જ છે, પરંતુ સર્વજ્ઞતાની પ્રાપ્તિ પણ થાય છે અને છેવટે ઉત્તમ ગતિ મળે છે.

—★—

## દેવતાઓ, દાનવો વગેરેનો મનુષ્યોના રૂપમાં અંશાવતાર અને કર્ણની ઉત્પત્તિ

**વૈશમ્પાયનજી કહે છે** – 'જનમેજય! હવે હું કયા-કયા દેવતાઓ અને દાનવોએ કયા-કયા મનુષ્યના રૂપમાં જન્મ લીધો હતો, તેનું વર્ણન કરું છું. દાનવરાજ વિપ્રચિત્તિ જરાસંધ અને હિરણ્યકશિપુ શિશુપાલ થયો હતો. સંહ્લાદ શલ્ય અને અનુહ્લાદ ધૃષ્ટકેતુ થયો હતો. શિબિ દૈત્ય દ્રુમ રાજા અને વાષ્કલ ભગદત્ત થયો હતો. કાલનેમિ દૈત્યે જ કંસનું રૂપ ધારણ કર્યું હતું.

ભરદ્વાજ મુનિને ત્યાં બૃહસ્પતિના અંશથી દ્રોણાચાર્ય અવતર્યા હતા. તેઓ શ્રેષ્ઠ ધનુર્ધર, ઉત્તમ શાસ્ત્રવેત્તા અને પરમ તેજસ્વી હતા. તેમને ત્યાં મહાદેવ, યમ, કાળ અને ક્રોધના મિશ્ર અંશરૂપે અશ્વત્થામાનો જન્મ થયો હતો. વસિષ્ઠ ઋષિના શાપ અને ઇન્દ્રની આજ્ઞાથી આઠેય વસુ રાજર્ષિ શાંતનુ દ્વારા ગંગાજીના ગર્ભથી ઉત્પન્ન થયા. તેમાં બધાથી કનિષ્ઠ ભીષ્મ હતા. તેઓ કૌરવોના રક્ષક, વેદવેત્તા જ્ઞાની અને શ્રેષ્ઠ વક્તા હતા. તેમણે ભગવાન પરશુરામ સાથે યુદ્ધ કર્યું હતું. રુદ્રના એક ગણે કૃપાચાર્યરૂપે અવતાર લીધો હતો. મરુદ્‌ગણના અંશથી વીરશ્રેષ્ઠ સત્યવાદી સાત્યકિ, રાજર્ષિ દ્રુપદ, કૃતવર્મા અને વિરાટનો જન્મ થયો હતો. અરિષ્ટાનો પુત્ર હંસ નામનો ગંધર્વરાજ ધૃતરાષ્ટ્રરૂપે પેદા થયો હતો અને તેનો નાનો ભાઈ પાંડુરૂપે જન્મ્યો હતો. સૂર્યના અંશ ધર્મ જ વિદુર નામે પ્રસિદ્ધ થયા. કુરુકુળકલંક દુરાત્મા દુર્યોધન કળિયુગના અંશથી ઉત્પન્ન થયો હતો. તેણે આપસમાં વેરની આગ સળગાવીને પૃથ્વીને ભસ્મ કરી દીધી. પુલસ્ત્યવંશના રાક્ષસોએ દુર્યોધનના સો ભાઈઓના રૂપે જન્મ લીધો હતો. ધૃતરાષ્ટ્રનો તે પુત્ર, જેનું નામ યુયુત્સુ હતું તે વૈશ્યાના ગર્ભથી ઉત્પન્ન થયો હતો અને આમનાથી અલગ હતો. યુધિષ્ઠિર ધર્મના, ભીમસેન વાયુના, અર્જુન ઇન્દ્રના તથા નકુળ-સહદેવ અશ્વિનીકુમારોના અંશથી ઉત્પન્ન થયા હતા. ચંદ્રમાનો પુત્ર વર્ચા અભિમન્યુ થયો હતો. વર્ચાના જન્મ વખતે ચંદ્રમાએ દેવતાઓને કહ્યું હતું, 'હું મારા પ્રાણપ્રિય પુત્રને મોકલવા ઇચ્છતો નથી, છતાં આ કાર્યથી પાછા હઠવું યોગ્ય લાગતું નથી. અસુરોનો વધ કરવો એ પણ આપણું જ કામ છે. તેથી વર્ચા મનુષ્ય થશે તો ખરો, પરંતુ

ત્યાં વધારે દિવસ રહેશે નહિ. ઈન્દ્રના અંશથી નરાવતાર અર્જુન થશે, જે નારાયણાવતાર શ્રીકૃષ્ણ સાથે મિત્રતા કરશે. મારો પુત્ર અર્જુનનો જ પુત્ર થશે. નર-નારાયણની ઉપસ્થિતિ ન રહેવાથી મારો પુત્ર ચક્રવ્યૂહનું ભેદન કરશે અને ભયંકર યુદ્ધ કરીને મોટા-મોટા મહારથીઓને ચકિત કરી દેશે. દિવસભર યુદ્ધ કર્યા પછી સાયંકાળે તે મારી પાસે આવી જશે. તેની પત્નીથી જે પુત્ર થશે તે જ કુરુકુળના વંશનો વિસ્તાર કરશે.' બધા દેવતાઓએ ચંદ્રમાની વાતનું અનુમોદન કર્યું. જનમેજય! તે જ તમારા દાદા અભિમન્યુ હતા. અગ્નિના અંશથી ધૃષ્ટદ્યુમ્ન અને એક રાક્ષસના અંશથી શિખંડીનો જન્મ થયો હતો. વિશ્વેદેવગણ દ્રૌપદીના પાંચેય પુત્રો પ્રતિવિન્ધ્ય, સુતસોમ, શ્રુતકીર્તિ, શતાનીક અને શ્રુતસેન રૂપે પેદા થયા હતા.

વસુદેવજીના પિતાનું નામ શૂરસેન હતું. તેમની એક અનુપમ રૂપવાળી કન્યા હતી, જેનું નામ પૃથા હતું. શૂરસેને અગ્નિની સામે પ્રતિજ્ઞા કરી હતી કે, હું મારું પહેલું સંતાન મારી ફોઈના સંતાનહીન પુત્ર કુન્તિભોજને આપી દઈશ. તેમને ત્યાં પ્રથમ પૃથાનો જ જન્મ થયો, તેથી તેમણે તેને કુન્તિભોજને આપી દીધી. જ્યારે પૃથા નાની હતી ત્યારે તેના પાલક પિતા કુન્તિભોજ પાસે રહેતી હતી અને અતિથિઓનો સેવા-સત્કાર કરતી હતી. એકવાર પૃથાએ દુર્વાસા ઋષિની બહુ સેવા કરી. તેની સેવાથી જિતેન્દ્રિય ઋષિ બહુ પ્રસન્ન થયા. તેમણે પૃથાને એક મંત્ર આપ્યો અને કહ્યું કે, 'કલ્યાણી! હું તારા પર પ્રસન્ન છું. તું આ મંત્રથી જે દેવતાનું આવાહન કરીશ, તેના કૃપા-પ્રસાદથી તને પુત્ર ઉત્પન્ન થશે.' દુર્વાસાઋષિની વાત સાંભળીને પૃથા (કુંતી)ને ભારે કુતૂહલ થયું. તેણે એકાંતમાં જઈને ભગવાન સૂર્યનું આવાહન કર્યું. સૂર્યદેવે આવીને તત્કાળ ગર્ભસ્થાપન કર્યું. જેનાથી સૂર્ય સમાન તેજસ્વી કવચ અને કુંડળ સાથે એક સર્વાંગ સુંદર બાળક ઉત્પન્ન થયો. કલંકથી ભયભીત થઈને કુંતીએ તે બાળકને છુપાવીને નદીમાં વહાવી દીધો. અધિરથે તેને કાઢ્યો અને પોતાની પત્ની રાધા પાસે લઈ જઈને તેને પુત્ર બનાવી દીધો. તે બંનેએ તે બાળકનું નામ વસુષેણ રાખ્યું હતું. તે જ પાછળથી કર્ણના નામે પ્રસિદ્ધ થયો. તે અસ્ત્ર-વિદ્યામાં ખૂબ પ્રવીણ અને વેદાંગોનો જ્ઞાતા થયો. તે ખૂબ જ ઉદાર, સત્ય, પરાક્રમી અને બુદ્ધિમાન હતો. જ્યારે તે જપ કરવા બેસતો, તે સમયે બ્રાહ્મણ તેની પાસે જે માંગે તે જ તે આપી દેતો હતો.

એક દિવસની વાત છે. કર્ણ જપ કરી રહ્યો હતો. દેવરાજ ઈન્દ્ર તમામ પ્રજા અને પોતાના પુત્ર અર્જુનના હિત માટે બ્રાહ્મણનો વેશ લઈને તેની પાસે આવ્યા અને તેમણે તેના શરીર સાથે ઉત્પન્ન થયેલાં કવચ અને કુંડળ માગ્યાં. કર્ણે પોતાના શરીર પરથી ચોંટેલા કવચને ઉખાડીને અને કુંડળ ઉતારીને આપી દીધાં. તેની આ ઉદારતાથી પ્રસન્ન થઈને ઈન્દ્રે તેને એક શક્તિ આપી અને કહ્યું કે 'હે અજિત! તમે આ શક્તિ દેવતા, મનુષ્ય, ગંધર્વ, સર્પ, રાક્ષસ અથવા જે કોઈના ઉપર ચલાવશો, તેનો તત્કાળ નાશ થઈ જશે.' ત્યારથી તે વૈકર્તનના નામે પ્રસિદ્ધ થયો. તે શ્રેષ્ઠ યોદ્ધો, દુર્યોધનનો મંત્રી, સખા અને શ્રેષ્ઠ મહાપુરુષ હતો. તે સૂર્યના અંશથી ઉત્પન્ન થયો હતો. દેવાધિદેવ સનાતન પુરુષ નારાયણ ભગવાનના અંશથી વાસુદેવ શ્રીકૃષ્ણ અવતર્યા. મહાબળી બળદેવજી શેષના અંશ હતા. સનત્કુમારજી પ્રદ્યુમ્ન થયા. યદુવંશમાં બીજા પણ ઘણા દેવતાઓ મનુષ્યરૂપે અવતર્યા હતા. ઈન્દ્રની

આજ્ઞા પ્રમાણે અપ્સરાઓના અંશથી સોળ હજાર સ્ત્રીઓ ઉત્પન્ન થઈ હતી. રાજા ભીષ્મકની પુત્રી રુક્મિણીના રૂપમાં લક્ષ્મીજી અને દ્રુપદને ત્યાં યજ્ઞકુંડમાંથી દ્રૌપદીના રૂપે ઇન્દ્રાણી ઉત્પન્ન થયાં. કુંતી અને માદ્રીના રૂપમાં સિદ્ધિ અને ધૃતિનો જન્મ થયો હતો. તેઓ જ પાંડવોનાં માતા થયાં. મતિનો જન્મ રાજા સુબલની પુત્રી ગાંધારીરૂપે થયો હતો. આ પ્રમાણે દેવતાઓ, અસુરો, ગંધર્વો, અપ્સરાઓ અને રાક્ષસો પોતપોતાના અંશથી મનુષ્યરૂપે ઉત્પન્ન થયા હતા.

—★—

## દુષ્યન્ત અને શકુન્તલાનો ગાંધર્વ-વિવાહ

**જનમેજયે કહ્યું** – ભગવન્! મેં આપના શ્રીમુખથી દેવો અને દાનવો આદિના અંશો દ્વારા અવતરિત થયાની કથા સાંભળી; હવે તમે કહ્યું હતું તે અનુસાર કુરુવંશની કથા સાંભળવા ઇચ્છું છું.

**વૈશમ્પાયનજીએ કહ્યું** – જનમેજય! પૂરુવંશના પ્રવર્તક પરમ પ્રતાપી રાજા દુષ્યંત હતા. સમુદ્રથી ઘેરાયેલા ઘણા પ્રદેશો અને મ્લેચ્છોના દેશ પણ તેમને આધીન હતા. તેઓ પોતાની પ્રજાનું પાલન-શાસન ખૂબ જ યોગ્યતાપૂર્વક કરતા હતા. તેમના રાજ્યમાં વર્ણસંકર પ્રજા ન હતી. ખેતી અને ખનીજ પદાર્થો માટે પ્રયત્ન કરવો પડતો ન હતો. પાપ તો કોઈ કરતું જ ન હતું. બધા ધર્મપ્રેમી હતા, તેથી ધર્મ અને અર્થ બંનેય આપમેળે પ્રાપ્ત હતા. ચોરી, ભૂખ અને રોગોનો ઉપદ્રવ બિલકુલ ન હતો. બધા લોકો પોતપોતાના ધર્મમાં સંતુષ્ટ હતા અને રાજ્યાશ્રયમાં નિર્ભય રહીને નિષ્કામ ધર્મનું પાલન કરતા હતા. સમયસર વરસાદ થતો હતો, અન્ન વિપુલમાત્રામાં ઉત્પન્ન થતું હતું અને પૃથ્વી બધાં પ્રકારનાં રત્નો અને પશુધનથી પરિપૂર્ણ હતી. બ્રાહ્મણો કર્મનિષ્ઠ હતા અને છળ-કપટનો પડછાયો સુધ્ધાં તેમને સ્પર્શ કરતો ન હતો. દુષ્યંત સ્વયં એક બળવાન યુવક હતો. તેની શક્તિ એવી અદ્ભુત હતી કે તે વન-ઉપવનો સહિત મંદરાચલને ઉખાડીને ઊંચકી શકતો હતો. તે ગદાયુદ્ધમાં પ્રક્ષેપ, વિક્ષેપ, પરિક્ષેપ અને અભિક્ષેપ – ચારે પ્રકારોનો અને શસ્ત્ર-વિદ્યામાં બહુ જ નિપુણ હતો. ઘોડા અને હાથીની સવારીમાં તેનો જોટો ન હતો. તે વિષ્ણુ જેવો બળવાન, સૂર્ય જેવો તેજસ્વી, સમુદ્ર જેવો અક્ષોભ્ય (ક્ષોભ ન પામે તેવો) અને પૃથ્વી જેવો ક્ષમાવાન્ હતો. નાગરિકો અને દેશવાસીઓ તેનો આદર કરતા અને તે ધર્મ-બુદ્ધિથી બધાનું શાસન કરતો.

એક દિવસની વાત છે. મહાબાહુ રાજા દુષ્યંત પોતાની ચતુરંગિણી સેના સાથે કોઈ દુર્ગમ વનમાં જઈ ચડ્યો. વનને ઓળંગીને આગળ જતાં તેણે એક મનોહર આશ્રમયુક્ત ઉપવન જોયું. આ ઉપવન અત્યંત સુંદર હતું. ત્યાંનાં વૃક્ષો ખીલેલાં પુષ્પોથી ભરપૂર હતાં. દૂર્વાદળથી ઉપવનની જમીન લીલીછમ હતી. સુંદર-સુંદર પક્ષીઓ મધુરસ્વરમાં ટહુકી રહ્યાં હતાં. ક્યાંક કોયલનું 'કુહૂ-કુહૂ' તો ક્યાંક ભમરાઓનું ગુંજન. રાજા દુષ્યન્ત ઉપવનની શોભા જોઈ જ રહ્યો હતો, ત્યાં તેની દૃષ્ટિ તે મનોરમ્ય આશ્રમ પર પડી. તે આશ્રમમાં સ્થાને-સ્થાને અગ્નિહોત્રની જ્વાળાઓ પ્રજ્વલિત થઈ રહી હતી. વાલખિલ્ય વગેરે ઋષિઓ, યજ્ઞશાળા, પુષ્પો અને જળાશયોને કારણે તે આશ્રમની શોભા અદ્ભુત હતી; સામે જ માલિની નદી વહી રહી હતી, જેનું જળ

અત્યંત સ્વાદિષ્ટ હતું. ત્યાં અનેક ઋષિ-મુનિઓ આસન પર સ્થિત થઈ ધ્યાનમાં મગ્ન હતા. બ્રાહ્મણો દેવતાઓની પૂજા કરી રહ્યા હતા. રાજાને એવું લાગ્યું કે જાણે હું બ્રહ્મલોકમાં છું. દુષ્યંતનું મન અને નેત્રો વનની છટા જોઈને તૃપ્ત થતાં ન હતાં. આ પ્રમાણે રાજા દુષ્યંતે બધું જોતાં-સાંભળતાં કાશ્યપગોત્રીય કણ્વ ઋષિના એકાંત અને મનોહર આશ્રમમાં મંત્રી અને પુરોહિતો સાથે પ્રવેશ કર્યો.

દુષ્યંતે મંત્રી અને પુરોહિતોને આશ્રમના દ્વાર પર જ રોકી દીધા અને સ્વયં અંદર ગયો. ત્યાં તે વખતે કણ્વ ઋષિ હાજર ન હતા. રાજાએ આશ્રમને સૂનો જોઈને ઊંચા સ્વરે કહ્યું, 'અહીં કોણ છે?' દુષ્યંતનો અવાજ સાંભળીને એક લક્ષ્મી જેવી સુંદર કન્યા તપસ્વિનીના વેશમાં આશ્રમમાંથી નીકળી. તેણે રાજા દુષ્યંતને જોઈને આદરપૂર્વક કહ્યું, 'સ્વાગત છે.' પછી તેણે આસન, પાદ્ય અને અર્ઘ્ય દ્વારા રાજાનો આતિથ્ય-સત્કાર કરીને સ્વાસ્થ્ય અને કુશળતા પૂછી. સ્વાગત-સત્કાર પછી તે તપસ્વિની કન્યાએ સહેજ સ્મિત સાથે પૂછ્યું કે 'હું આપની શી સેવા કરું?' રાજા દુષ્યંતે સર્વાંગસુંદર અને મધુરભાષી કન્યા સામું જોઈને કહ્યું – 'હું પરમ ભાગ્યશાળી મહર્ષિ કણ્વનાં દર્શન કરવા માટે આવ્યો છું. તેઓ અત્યારે ક્યાં છે, કૃપા કરીને જણાવો.' શકુન્તલાએ કહ્યું, 'મારા પૂજ્ય પિતાજી ફળ-ફૂલ લાવવા માટે આશ્રમની બહાર ગયા છે. તમે ઘડી-બે-ઘડી તેમની પ્રતીક્ષા કરો, ત્યાં સુધીમાં તેઓ આવી પહોંચશે.' શકુન્તલાની ભરજુવાની અને અનુપમ સૌંદર્ય જોઈને દુષ્યંતે પૂછ્યું, 'સુંદરી! તમે કોણ છો? તમારા પિતા કોણ છે? અને શા માટે અહીં આવી છો? તમે મારું મન મોહી લીધું છે. હું તમારા વિશે જાણવા ઇચ્છું છું.' શકુન્તલાએ ખૂબ મધુર વાણીમાં કહ્યું, 'હું મહર્ષિ કણ્વની પુત્રી છું.' રાજાએ કહ્યું, 'કલ્યાણી! વિશ્વવંદ્ય મહર્ષિ કણ્વ તો અખંડ બ્રહ્મચારી છે. ધર્મ પોતાના સ્થાનેથી વિચલિત થઈ શકે છે પરંતુ તેઓ નહિ. આવી સ્થિતિમાં તમે તેમની પુત્રી કઈ રીતે હોઈ શકો?' શકુન્તલાએ કહ્યું, 'રાજન્! એક ઋષિના પૂછવાથી મારા પિતા કણ્વે મારા જન્મની વાત કહી હતી. તે મેં સાંભળી છે, તે આ પ્રમાણે છે – જે સમયે પરમ પ્રતાપી વિશ્વામિત્રજી તપસ્યા કરી રહ્યા હતા, તે સમયે ઇન્દ્રે તેમના તપમાં વિઘ્ન નાખવા મેનકા નામની અપ્સરા મોકલી હતી. તેના સંયોગથી મારો જન્મ થયો. માતા મને વનમાં છોડીને ચાલી ગઈ, ત્યારે પક્ષીઓ (શકુન્તો) એ સિંહ, વાઘ વગેરે ભયંકર પ્રાણીઓથી મારી રક્ષા કરી હતી; તેથી મારું નામ શકુન્તલા પડ્યું. મહર્ષિ કણ્વે ત્યાંથી લાવીને મારું પાલન-પોષણ કર્યું. શરીરનો જનક, પ્રાણોનો રક્ષક અને અન્નદાતા – આ ત્રણેય પિતા કહેવાય છે. આ પ્રમાણે હું મહર્ષિ કણ્વની પુત્રી છું.'

**દુષ્યંતે કહ્યું** – 'કલ્યાણી! જેવું તમે કહો છો તે પ્રમાણે તમે બ્રાહ્મણકન્યા નહિ, રાજકન્યા છો. તેથી તમે મારી પત્ની થઈ જાઓ. સુંદરી! તમે ગાંધર્વ-વિધિથી મારી સાથે લગ્ન કરી લો. રાજાઓ માટે ગાંધર્વ-વિવાહ સર્વશ્રેષ્ઠ માનવામાં આવ્યો છે.' શકુન્તલાએ કહ્યું, 'મારા પિતાજી અત્યારે અહીં નથી. તમે થોડીવાર પ્રતીક્ષા કરો. તેઓ આવીને મને તમારી સેવામાં સોંપી દેશે.' દુષ્યંતે કહ્યું – 'હું તમને ચાહું છું અને એવું પણ ઇચ્છું છું કે તમે સ્વયં મારું વરણ કરી લો. મનુષ્ય સ્વયં પોતાનો હિતૈષી અને જવાબદાર છે. તમે ધર્મ અનુસાર સ્વયં તમારું મને દાન કરો.' શકુન્તલાએ કહ્યું, 'રાજન્! જો તમે આને

જ ધર્મ-માર્ગ સમજતા હો, અને મને સ્વયં પોતાનું દાન કરવાનો અધિકાર છે તો તમે મારી શરત સાંભળી લો. હું સ્પષ્ટ કહું છું કે તમે એવી પ્રતિજ્ઞા કરો કે 'મારા પછી તારો પુત્ર જ રાજા થશે અને મારા જીવનકાળમાં જ તે યુવરાજ બની જશે.' તો હું તમારો સ્વીકાર કરી શકું છું.' દુષ્યંતે કંઈ પણ વિચાર્યા વિના જ પ્રતિજ્ઞા કરી લીધી અને ગાંધર્વ-વિધિથી શકુન્તલાનું પાણિગ્રહણ કરી લીધું. દુષ્યંતે તેની સાથે સમાગમ કરીને વારંવાર એવો વિશ્વાસ અપાવ્યો કે 'હું તને લઈ જવા માટે ચતુરંગિણી સેના મોકલીશ અને શીઘ્રાતિશીઘ્ર તને આપણા મહેલમાં લઈ જઈશ.' આ પ્રમાણે કહી–સાંભળીને દુષ્યંત પોતાની રાજધાની જવા માટે રવાના થયો. તેના મનમાં મોટી ચિંતા એ હતી કે મહર્ષિ કણ્વ આ બધું સાંભળીને ન જાણે શું કરશે.

થોડી જ વારમાં કણ્વ ઋષિ આશ્રમ પર આવી ગયા. પરંતુ શકુન્તલા લજ્જાવશ તેમની પાસે ન ગઈ. ત્રિકાળદર્શી કણ્વે દિવ્ય દૃષ્ટિથી બધી વાત જાણીને પ્રસન્નતા સાથે શકુન્તલાને કહ્યું, 'બેટી! તેં મને પૂછ્યા વિના એકાંતમાં જે કામ કર્યું છે, તે ધર્મને વિરુદ્ધ નથી. ક્ષત્રિયો માટે ગાંધર્વ-વિવાહ શાસ્ત્રસંમત છે. દુષ્યંત એક ધર્માત્મા, ઉદાર અને શ્રેષ્ઠ પુરુષ છે. તેના સંયોગથી મહાન બળવાન પુત્ર થશે અને તે સમસ્ત પૃથ્વીનો રાજા થશે. જ્યારે તે શત્રુઓ પર ચડાઈ કરશે ત્યારે તેનો રથ ક્યાંય પણ રોકાશે નહિ.' શકુન્તલાના કહેવાથી મહર્ષિ કણ્વે દુષ્યંતને વરદાન આપ્યું કે તેની બુદ્ધિ ધર્મમાં દૃઢ રહે અને રાજ્ય અવિચળ રહે.

—★—

## ભરતનો જન્મ, દુષ્યંત દ્વારા તેની સ્વીકૃતિ અને રાજ્યાભિષેક

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! સમય પર શકુન્તલાના ગર્ભથી પુત્રનો જન્મ થયો. તે અત્યંત સુંદર અને બાળપણથી જ ખૂબ બળવાન હતો. મહર્ષિ કણ્વે વિધિપૂર્વક તેના જાતકર્મ-સંસ્કાર વગેરે કર્યા. તે બાળકના દાંત સફેદ–સફેદ અને ખૂબ તીક્ષ્ણ હતા, ખભા સિંહ જેવા હતા, બંને હાથોમાં ચક્રનું ચિહ્ન હતું તથા મસ્તક મોટું અને લલાટ ઊંચું હતું. તે એવો દેખાતો હતો જાણે કોઈ દેવકુમાર હોય. તે છ વર્ષની ઉંમરમાં જ સિંહ, વાઘ, સૂવર અને હાથીઓને આશ્રમનાં વૃક્ષો સાથે બાંધી દેતો. ક્યારેક તેમના પર ચઢી જતો, ક્યારેક ધમકાવતો તો ક્યારેક તેમની સાથે રમતો અને દોડતો હતો. આશ્રમવાસીઓએ તેના દ્વારા બધાં હિંસક પ્રાણીઓનું દમન થતું જોઈને તેનું નામ સર્વદમન રાખી દીધું. તે મહાન પરાક્રમી, તેજસ્વી અને બળવાન હતો. બાળકનાં અલૌકિક કર્મ જોઈને મહર્ષિ કણ્વે શકુન્તલાને કહ્યું, 'હવે આ યુવરાજ થવાને યોગ્ય થઈ ગયો છે.' પછી તેમણે પોતાના શિષ્યોને આજ્ઞા આપી કે, 'શકુન્તલાને પુત્ર સાથે તેના પતિને ઘેર પહોંચાડી આવો.' કન્યાનું વધારે દિવસ પિતાને ઘેર રહેવું કીર્તિ, ચરિત્ર અને ધર્મને હાનિ પહોંચાડનારું છે.' શિષ્યોએ આજ્ઞાનુસાર શકુન્તલા અને સર્વદમનને લઈને હસ્તિનાપુરની યાત્રા કરી.

સૂચના અને સ્વીકૃતિ બાદ શકુન્તલા રાજસભામાં ગઈ. ઋષિના શિષ્યો પાછા આવ્યા. શકુન્તલાએ સન્માનપૂર્વક જણાવ્યું કે, 'રાજન્! આ તમારો પુત્ર છે. હવે તમે તેને યુવરાજ બનાવો. આવા દેવ જેવા કુમાર વિશે તમે કરેલી

પ્રતિજ્ઞાને પૂરી કરો.' શકુન્તલાની વાત સાંભળીને દુષ્યંતે કહ્યું, 'અરે દુષ્ટ તપસ્વી સ્ત્રી! તું કોની પત્ની છે? મને તો કશું જ યાદ નથી. તારી સાથે મારો ધર્મ, અર્થ અને કામનો કોઈ સંબંધ નથી. તારે જવું કે રોકાવું તે વિશે તારી ખુશી પડે તેમ કર.' દુષ્યંતની વાત સાંભળીને તપસ્વિની શકુન્તલા બેહોશ જેવી થઈને થાંભલાની જેમ અચેત ભાવે ઊભી રહી ગઈ. તેની આંખો લાલ-લાલ થઈ ગઈ, હોઠ ફરકવા લાગ્યા અને તે વક્રદૃષ્ટિ કરીને દુષ્યંતને જોવા લાગી. થોડીવાર પછી દુઃખ અને ક્રોધથી ભરેલી શકુન્તલાએ દુષ્યંતને કહ્યું, 'મહારાજ! તમે જાણીબૂઝીને આવું કેમ કહી રહ્યા છો કે હું નથી જાણતો? આવી વાત તો નીચ લોકો કહે છે. તમારું હૃદય આ વાતનું સાક્ષી છે કે સત્ય શું છે અને અસત્ય શું છે. તમે તમારા આત્માનો તિરસ્કાર ન કરો. હૃદય પર હાથ મૂકીને સાચે-સાચું કહો. તમારું હૃદય કંઈક જુદું કહી રહ્યું છે અને તમે કંઈક જુદું. આ તો બહુ મોટું પાપ છે. તમે એવું સમજો છો કે તે સમયે હું એકલો હતો, કોઈ સાક્ષી નથી. પરંતુ તમને ખબર નથી કે પરમાત્મા બધાંના હૃદયમાં બેઠો છે. તે બધાંનાં પાપ-પુણ્ય જાણે છે અને તમે બરાબર તેની જ પાસે બેસીને પાપ કરી રહ્યા છો? પાપ કરીને એવું સમજવું કે મને કોઈ જોતું નથી, એ તો ઘોર અજ્ઞાન છે. દેવતાઓ અને અંતર્યામી પરમાત્મા પણ આ વાતોને જુએ છે અને જાણે છે. સૂર્ય, ચંદ્રમા, વાયુ, અગ્નિ, અંતરિક્ષ, પૃથ્વી, જળ, હૃદય, યમરાજ, દિવસ, રાત, સંધ્યા, ધર્મ – આ બધાં મનુષ્યનાં શુભ-અશુભ કર્મોને જાણે છે. જેના ઉપર હૃદયમાં સ્થિત કર્મસાક્ષી ક્ષેત્રજ્ઞ પરમાત્મા સંતુષ્ટ રહે છે તેનાં પાપોને યમરાજ સ્વયં નષ્ટ કરી દે છે. સ્વયં પોતાના આત્માનો તિરસ્કાર કરીને જે મનુષ્ય કંઈ ને કંઈ કરી બેસે છે તેની મદદ દેવતાઓ પણ કરતા નથી. કારણ કે તે સ્વયં પણ પોતાની સહાયતા નથી કરતો. હું પોતે તમારી પાસે આવી છું, એવું સમજીને તમે મુજ પતિવ્રતાનો તિરસ્કાર ન કરો. જુઓ, તમે તમારી આદરણીય પત્નીનો તિરસ્કાર કરી રહ્યા છો. તમે ભરી સભામાં સાધારણ મનુષ્યની જેમ મારો તિરસ્કાર કરી રહ્યા છો! શું હું જંગલમાં રડી રહું છું? સંભળાતું નથી? તો કહી દઉં છું કે જો તમે મારી યોગ્ય માગણી પર ધ્યાન નહિ આપો તો તમારા મસ્તકના સેંકડો ટુકડા થઈ જશે. પત્ની દ્વારા પુત્રરૂપે સ્વયં પતિનો જ જન્મ થાય છે, તેથી પ્રાચીન વિદ્વાનોએ પત્નીને 'જાયા' કહી છે. સદાચાર-સંપન્ન પુરુષોનું સંતાન પૂર્વજો અને પિતાને પણ તારી દે છે, એટલા માટે જ સંતાનનું નામ 'પુત્ર' છે. (પુત્રથી સ્વર્ગ અને પૌત્રથી તેની અનંતતા પ્રાપ્ત થાય છે. પ્રપૌત્રથી ઘણી પેઢીઓ તરી જાય છે.)

'પત્ની' તેને કહે છે, જે ઘરના કામકાજમાં ચતુર હોય, પુત્રવતી હોય, પતિને પ્રાણ સમાન માનતી હોય અને સાચા અર્થમાં પતિવ્રતા હોય. પત્ની પતિનું અર્ધાંગ છે, તેનો એક શ્રેષ્ઠતમ સખા છે. પત્ની દ્વારા જ અર્થ, ધર્મ, કામની સિદ્ધિ થાય છે અને મોક્ષના માર્ગે આગળ વધવામાં પત્નીની બહુ સહાયતા મળે છે. પત્નીની મદદથી જ શ્રેષ્ઠ કર્મો થાય છે, ગૃહસ્થધર્મનું પાલન થાય છે, સુખ મળે છે અને લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. પત્ની જ એકાંતમાં મધુરભાષી સખા, ધર્મકાર્યમાં પિતા અને દુઃખમાં માતાનું કામ કરે છે. મુસાફરો માટે દુર્ગમ જંગલમાં પણ પત્ની વિશ્રામસ્થાન છે. વ્યવહારમાં લોકો પત્ની સાથે હોય તેવા (યુગલ)નો વધુ વિશ્વાસ કરે છે. ઘોર વિપત્તિ ટાણે અને મૃત્યુ

પછી પણ પત્ની જ પોતાના પતિના માર્ગે ચાલે છે. પતિના સુખ માટે સ્ત્રીઓ સતી થઈ જાય છે અને સ્વર્ગમાં પ્રથમ પહોંચી જઈને પતિનું સ્વાગત કરે છે. લગ્નનો આ જ હેતુ છે. આ લોક અને પરલોકમાં પત્ની જેવું સહાયક બીજું કોઈ નથી. પત્નીના ગર્ભથી ઉત્પન્ન પુત્ર દર્પણમાં દેખાતા મુખ જેવો છે. ખરેખર, તેને જોઈને કેટલો આનંદ થાય છે! રોગથી અથવા માનસિક અશાંતિને લીધે વ્યાકુળ પુરુષ પોતાની પત્નીને જોઈને આહ્લાદિત થઈ જાય છે. આના કારણે ક્રોધ આવવા છતાં પણ પત્નીનું અપ્રિય કરી શકાતું નથી. કેમકે પ્રેમ, પ્રસન્નતા અને ધર્મ તેને આધીન છે. આપણી ઉત્પત્તિ પણ સ્ત્રીઓ દ્વારા જ થાય છે. ઋષિઓમાં પણ એવી શક્તિ નથી કે પત્ની વિના સંતાન ઉત્પન્ન કરી શકે. પોતાના ધૂળથી લદબદ પુત્રને પણ હૃદયે લગાડવામાં જે સુખ મળે છે, તેનાથી વિશેષ બીજું શું છે? રાજન્! તમારો પુત્ર તમારી સામે ઊભો છે અને પ્રેમભર્યા નેત્રોથી તમને નિહાળતો તમારા ખોળામાં બેસવા માટે ઉત્સુક છે. આનો તિરસ્કાર કેમ કરો છો? કીડીઓ પણ પોતાનાં ઈંડાનું પાલન કરે છે, તેમને ફોડતી નથી. તમે આનું પાલન-પોષણ કેમ નથી કરતા? પુત્રને હૃદયે લગાડવાથી જેવું સુખ મળે છે, તેવું સુકોમળ વસ્ત્ર, પત્ની અથવા જળના સ્પર્શથી નથી મળતું. આ પુત્ર તમારો સ્પર્શ કરે.'

'રાજન્! મેં આ પુત્રને ત્રણ વર્ષ સુધી મારા ગર્ભમાં ધારણ કર્યો છે. આ તમને સુખી કરશે. આના જન્મ વખતે આકાશવાણીએ કહ્યું છે કે 'આ બાળક સો અશ્વમેધ યજ્ઞો કરશે.' જાતકર્મ વખતે જે વેદ-મંત્રો બોલવામાં આવે છે, તે બધા તમને ખબર છે. પિતા પુત્રને અભિમંત્રિત કરતો રહીને કહે છે, 'તું મારા સર્વાંગથી ઉત્પન્ન થયો છે. તું મારા હૃદયનો નિધિ છે. મારું પોતાનું જ નામ છે પુત્ર. બેટા! તું સો વર્ષ સુધી જીવજે. મારું જીવન અને આગળની વંશ-પરંપરા તારે આધીન છે. તેથી તું સુખી રહીને સો વર્ષ સુધી જીવજે.' આ બાળક તમારા અંગથી જ, તમારા હૃદયથી જ ઉત્પન્ન થયો છે. તમે પોતાને તેના રૂપમાં કેમ મૂર્તિમાન નથી જોતા? હું મેનકાની કન્યા છું. અવશ્ય મેં પૂર્વ જન્મમાં પાપ કર્યું હશે, જેથી મારી માએ મને બાળપણમાં છોડી દીધી અને હવે તમે છોડી રહ્યા છો. તમારી એવી જ ઇચ્છા છે તો મને ભલે છોડી દો. હું મારા આશ્રમ પર ચાલી જઈશ. પરંતુ આ તમારો પુત્ર છે. આ બાળકનો ત્યાગ ન કરો.'

**દુષ્યંતે કહ્યું** – 'શકુન્તલે! મને ખબર નથી કે મેં તારાથી પુત્ર ઉત્પન્ન કર્યો છે. સ્ત્રીઓ તો મોટે ભાગે જૂઠું બોલતી હોય છે, તારી વાત પર ભલા કોણ વિશ્વાસ કરશે. તારી એક પણ વાત વિશ્વાસ કરવા જેવી નથી. મારી સામે આટલી બનાવટ? ક્યાં મહર્ષિ વિશ્વામિત્ર, ક્યાં મેનકા અને ક્યાં તારા જેવી સાધારણ સ્ત્રી? ચાલી જા અહીંથી. આટલા થોડા દિવસોમાં ભલા આ બાળક સાલના વૃક્ષ જેવો કઈ રીતે થઈ શકે છે! જા, જા, ચાલી જા.' શકુન્તલાએ કહ્યું, 'રાજન્! કપટ ન કરો. સત્ય હજારો અશ્વમેધથી પણ શ્રેષ્ઠ છે. તમામ વેદોનો અભ્યાસ કરો અને બધા તીર્થોમાં સ્નાન કરો, છતાં સત્ય તેનાથી વધીને છે. સત્યથી વધીને ધર્મ પણ નથી. સત્યથી વધીને કંઈ છે જ નહિ. જૂઠથી વધીને નિંદનીય પણ કશું નથી. સત્ય સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છે. સત્ય જ સર્વશ્રેષ્ઠ પ્રતિજ્ઞા છે. તમે તમારી પ્રતિજ્ઞાને તોડશો નહિ. સત્ય હંમેશાં તમારી સાથે રહે. જો અસત્ય સાથે જ તમને પ્રેમ છે અને મારી વાત પર વિશ્વાસ નથી કરતા તો હું સ્વયં

ચાલી જઈશ. હું જૂઠાની સાથે રહેવા ચાહતી નથી. રાજન્! હું કહી દઉં છું કે ભલે તમે આ પુત્રને અપનાવો કે ન અપનાવો, મારો આ પુત્ર જ સંપૂર્ણ પૃથ્વીનું શાસન કરશે.' આટલું કહીને શકુન્તલા ત્યાંથી ચાલી ગઈ.

આ જ સમયે ઋત્વિજ, પુરોહિત, આચાર્ય અને મંત્રીઓની સાથે બેઠેલા દુષ્યંતને સંબોધિત કરીને આકાશવાણીએ કહ્યું – 'માતા તો માત્ર ધમણ (લુહારને ત્યાં હોય છે તેના) જેવી છે. પુત્ર પિતાનો જ હોય છે, કેમકે પિતા જ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે. તમે પુત્રનું પાલન-પોષણ કરો. શકુન્તલાનું અપમાન ન કરો. પોતાનો ઔરસ પુત્ર પિતાને યમરાજના પંજામાંથી છોડાવી લે છે. ખરેખર તમે જ આ બાળકનું ગર્ભાધાન કર્યું હતું. શકુંતલાની વાત સર્વથા સત્ય છે. તમારે અમારી આજ્ઞા માનીને આમ કરવું જ જોઈએ. તમારા ભરણપોષણને કારણે જ આનું નામ ભરત થશે.' આકાશવાણી સાંભળીને દુષ્યંતમાં આનંદની ભરતી આવી. તેમણે પુરોહિત અને મંત્રીઓને કહ્યું, 'તમે લોકો પોતાના કાને દેવતાઓની વાણી સાંભળો. હું પણ બરાબર જાણું છું કે આ મારો પુત્ર છે. જો હું માત્ર શકુન્તલાના કહેવાથી જ આનો સ્વીકાર કરી લેત તો સઘળી પ્રજા આના પર શંકા કરત અને આનું કલંક દૂર ન થાત. આ ઉદ્દેશ્યથી પ્રેરાઈને મેં આવો દુર્વ્યવહાર કર્યો છે.'

હવે તેમણે પુત્રનો સ્વીકાર કર્યો અને તેના સંસ્કાર કરાવ્યા. તેમણે પોતાના પુત્રનું માથું સૂંઘીને તેને છાતી સરસો ચાંપ્યો. ચારે બાજુ આનંદની ઝડી વરસવા લાગી, જય-જયકાર થવા લાગ્યો. દુષ્યંતે ધર્મને અનુરૂપ પોતાની પત્નીનો સત્કાર કર્યો અને સાંત્વના આપતાં કહ્યું, 'દેવી! મેં તમારી સાથે જે સંબંધ કર્યો હતો તેની કોઈને જાણ ન હતી. હવે બધા લોકો તમને રાણીના રૂપમાં સ્વીકાર કરી લે, એટલા માટે મેં આવી ક્રૂરતા કરી હતી. અન્યથા લોકો એવું સમજતા કે મેં મોહવશ તમારી વાત સ્વીકારી લીધી છે. એટલું જ નહિ, મારા પુત્રને યુવરાજ બનાવવામાં પણ લોકો વિરોધ કરત. મેં તમને ખૂબ ક્રોધિત કરી દીધાં હતાં, તેથી તમે પ્રણયકોપવશ મને જે અપ્રિય વચનો કહ્યાં છે તેનો મને સહેજ પણ અણગમો નથી. આપણે બંને એકબીજાનાં પ્રિય છીએ.' આ પ્રમાણે કહીને દુષ્યંતે પોતાની પ્રાણપ્રિયાને વસ્ત્ર, ભોજન વગેરેથી સંતુષ્ટ કરી.

સમય પર ભરતનો યુવરાજપદે અભિષેક થયો. દૂર દૂર સુધી ભરતનું શાસન-સામ્રાજ્ય પ્રસિદ્ધ થઈ ગયું. તેણે રાજાઓને જીતીને વશમાં કરી દીધા અને સંત-સંમત ધર્મનું પાલન કરીને સર્વોપરી કીર્તિ મેળવી. તે સંપૂર્ણ પૃથ્વીનો ચક્રવર્તી સમ્રાટ હતો. તેણે ઈન્દ્રની જેમ અનેક યજ્ઞો કર્યા. મહર્ષિ કણ્વે ભરત દ્વારા ગોવિતત નામક અશ્વમેધ યજ્ઞ કરાવ્યો. તેમાં આમ તો બધા બ્રાહ્મણોને દક્ષિણા આપવામાં આવી હતી, પરંતુ મહર્ષિ કણ્વને સહસ્ર પદ્મ સોનામહોરો આપવામાં આવી હતી. ભરતના નામ પરથી આ દેશ ભારત કહેવાયો અને તેઓ જ ભરતવંશના પ્રવર્તક થયા. તેમના નામથી જ પહેલાંના અને પછીના બધા રાજાઓ ભારત નામથી પ્રસિદ્ધ થયા. તેમના વંશમાં અનેક બ્રહ્મજ્ઞાની રાજર્ષિઓ થયા, જેમનાં નામોની ગણતરી કરવી પણ કઠણ છે. હું મુખ્ય-મુખ્ય સત્યનિષ્ઠ અને શીલવાન રાજાઓનું જ વર્ણન કરું છું.

—★—

## દક્ષ પ્રજાપતિથી યયાતિ સુધીનું વંશ-વર્ણન

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! હવે હું ભરત, કુરુ, પૂરુ વગેરે કલ્યાણકારી વંશોનું વર્ણન કરું છું. બ્રહ્માજીના જમણા અંગૂઠાથી ઉત્પન્ન દક્ષ પ્રજાપતિ જ પ્રાચેતસ દક્ષ થયા. તેમનાથી જ સમસ્ત પ્રજા ઉત્પન્ન થઈ. તેમણે પ્રથમ પોતાની પત્ની વીરણીના ગર્ભથી એક હજાર પુત્રો ઉત્પન્ન કર્યા હતા. નારદમુનિએ તેમને મોક્ષપ્રદ જ્ઞાનનો ઉપદેશ કરીને વિરક્ત બનાવી દીધા. ત્યારે તેમણે પચાસ કન્યાઓ ઉત્પન્ન કરી. તેમણે તેમના પ્રથમ પુત્રને પોતાને આપવાની શરતે તેમનાં લગ્ન કર્યાં. એ વાત પ્રથમ કહેવાઈ ગઈ છે કે તેમણે કશ્યપ સાથે તેર કન્યાઓનાં લગ્ન કર્યાં હતાં. કશ્યપની શ્રેષ્ઠ પત્ની અદિતિથી ઈન્દ્ર અને વિવસ્વાન વગેરે પુત્રો થયા. વિવસ્વાનના મોટા પુત્ર મનુ હતા અને નાના યમરાજ. મનુ મોટા ધર્માત્મા હતા. તેમનાથી જ માનવ જાતિની ઉત્પત્તિ થઈ અને સૂર્યવંશ મનુવંશના નામે કહેવાયો. બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે બધા માનવ કહેવાય છે. બ્રાહ્મણોએ અંગ સહિત વેદોને ધારણ કર્યા. મનુના દસ પુત્રો છે – વેન, ધૃષ્ણુ, નરિષ્યન્ત, નાભાગ, ઈક્ષ્વાકુ, કારૂષ, શર્યાતિ, ઈલા (કન્યા), પૃષધ્ર અને નાભાગારિષ્ટ. મનુના બીજા પચાસ પુત્રો હતા પરંતુ તેઓ પરસ્પર કુસંપના કારણે લડી મર્યા. ઈલાથી પુરૂરવા નામનો પુત્ર થયો. ઈલા પુરૂરવાની માતા અને પિતા બંનેય હતી. પુરૂરવા સમુદ્રના તેર દ્વીપોનો શાસક હતો. તે મનુષ્ય હોવા છતાં અમાનુષી ભોગ ભોગવતો હતો. પોતાના બળ-પરાક્રમના મદથી બહેકીને તેણે બ્રાહ્મણોનું કેટલુંય ધન અને રત્નો છીનવી લીધાં. સનત્કુમારોએ બ્રહ્મલોકથી આવીને તેને બહુ સમજાવ્યો પણ ખરો, છતાં તેની કોઈ અસર ન થઈ. ઋષિઓએ કોધિત થઈને શાપ આપ્યો અને તેનો નાશ થઈ ગયો. આ તે જ પુરૂરવા છે, જે સ્વર્ગથી ત્રણ પ્રકારનો અગ્નિ અને ઉર્વશી અપ્સરાને લઈ આવ્યો હતો. ઉર્વશીના ગર્ભથી તેના છ પુત્રો થયા – આયુ, ધીમાન્, અમાવસુ, દૃઢાયુ, વનાયુ અને શતાયુ. આયુની પત્નીનું નામ સ્વર્ભાનવી હતું. તેના પાંચ પુત્રો થયા – નહુષ, વૃદ્ધશર્મા, રજિ, ગય અને અનેના.

આયુના પુત્ર નહુષ બહુ બુદ્ધિમાન અને વીર હતા. તેમણે ધર્મની મર્યાદામાં પોતાના મહાન રાજ્યનું શાસન કર્યું. તેમના રાજ્યમાં બધાં સુખી હતાં. ચોર-લૂંટારાઓનો ભય બિલકુલ ન હતો. તેમણે અભિમાનવશ ઋષિઓ પાસે પોતાની પાલખી ઊંચકાવી. તે જ તેમના પતનનું કારણ બન્યું. આમ તો તેઓ પોતાના તેજ, તપ અને બળ-પરાક્રમથી દેવતાઓને પણ પરાજિત કરીને પોતે ઈન્દ્ર બની ગયા હતા. નહુષને છ પુત્રો થયા – યતિ, યયાતિ, સંયાતિ, આયાતિ, અયતિ અને ધ્રુવ. યતિ યોગ-સાધના કરીને બ્રહ્મસ્વરૂપ થઈ ગયા. તેથી નહુષના બીજા પુત્ર યયાતિ રાજા બન્યા. તેમણે ઘણા યજ્ઞ કર્યા અને બહુ ભક્તિથી દેવતાઓ અને પિતૃઓ વગેરેની ઉપાસના કરતાં રહીને પ્રેમથી પ્રજાનું પાલન કર્યું. તેમની બે પત્નીઓ હતી – દેવયાની અને શર્મિષ્ઠા. દેવયાનીથી બે પુત્ર થયા – યદુ અને તુર્વસુ તથા શર્મિષ્ઠાથી ત્રણ પુત્ર થયા – દ્રુહ્યુ, અનુ અને પૂરુ.

—★—

## કચ અને દેવયાનીની કથા

**જનમેજયે પૂછ્યું – બ્રહ્મન્!** અમારા પૂર્વજ યયાતિ બ્રહ્માથી દસમા પુરુષ હતા.* તેમણે શુક્રાચાર્યની કન્યા દેવયાની કે જે બ્રાહ્મણની પુત્રી હતી તેની સાથે કઈ રીતે લગ્ન કર્યાં? આ ન થવા જેવી ઘટના કઈ રીતે ઘટી? તમે કૃપા કરીને આ કથા મને કહો.

**વૈશમ્પાયનજીએ કહ્યું** – 'જનમેજય! તમારા પૂર્વજ રાજા યયાતિએ શુક્રાચાર્ય અને વૃષપર્વાની પુત્રીઓ સાથે કઈ રીતે લગ્ન કર્યાં હતાં, તે સાંભળો. તે દિવસોમાં ત્રણે લોક પર અધિકાર મેળવવા, દેવો અને અસુરોનું આપસમાં યુદ્ધ થયું હતું. દેવતાઓએ પોતાના વિજય માટે આંગિરસ બૃહસ્પતિને અને અસુરોએ ભાર્ગવ શુક્રાચાર્યને પોતાના પુરોહિત બનાવ્યા. આ બન્ને બ્રાહ્મણો વચ્ચે પણ પરસ્પર સ્પર્ધા હતી. જ્યારે યુદ્ધમાં દેવતાઓએ અસુરોને મારી નાખ્યા, ત્યારે શુક્રાચાર્યે પોતાની વિદ્યાના બળથી તેમને જીવતા કરી દીધા, પરંતુ અસુરોએ જે દેવતાઓને મારી નાખ્યા હતા તેમને બૃહસ્પતિ જીવતા ન કરી શક્યા. શુક્રાચાર્ય સંજીવની વિદ્યા જાણતા હતા, પરંતુ બૃહસ્પતિ તે વિદ્યા જાણતા ન હતા. આનાથી દેવતાઓને બહુ દુઃખ થયું. તેઓ ગભરાઈને બૃહસ્પતિના મોટા પુત્ર કચ પાસે ગયા અને તેમને એવી પ્રાર્થના કરી કે, 'ભગવન્! અમે આપની શરણમાં છીએ. તમે અમારી મદદ કરો. અપાર તેજસ્વી શુક્રાચાર્યની પાસે જે સંજીવની વિદ્યા છે, તેને તમે શીઘ્ર પ્રાપ્ત કરી લો; અમે લોકો તમને યજ્ઞમાં ભાગીદાર બનાવીશું. શુક્રાચાર્ય અત્યારે વૃષપર્વાની પાસે રહે છે.' દેવતાઓની વિનંતી સાંભળીને કચ શુક્રાચાર્ય પાસે ગયો અને તેમને જણાવ્યું કે, 'હું મહર્ષિ અંગિરાનો પૌત્ર અને દેવગુરુ બૃહસ્પતિનો પુત્ર છું. મારું નામ કચ છે. તમે મારો શિષ્ય તરીકે સ્વીકાર કરો, હું એક હજાર વર્ષ સુધી તમારી પાસે રહીને બ્રહ્મચર્યનું પાલન કરીશ. સ્વીકૃતિ આપો.' શુક્રાચાર્યે કહ્યું, 'બેટા! સ્વાગત છે. હું તમારી વાતનો સ્વીકાર કરું છું. તમે મારા માટે પૂજનીય છો. હું તમારું સ્વાગત કરીશ અને હું સમજું છું કે આ બૃહસ્પતિનો જ સત્કાર છે.'

કચે શુક્રાચાર્યની આજ્ઞાનુસાર બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું. તે પોતાના ગુરુદેવને તો પ્રસન્ન રાખતો જ હતો, ગુરુપુત્રી દેવયાનીને પણ સંતુષ્ટ રાખતો હતો. પાંચસો વર્ષ વીતી ગયા પછી દાનવોને આ વાતની ખબર પડી કે કચનો શો મનસૂબો છે. તેમણે બૃહસ્પતિ પ્રત્યે દ્વેષ હોવાથી અને સંજીવની વિદ્યાની રક્ષા માટે ચિડાઈને ગાયો ચરાવતા કચને મારી નાખ્યો અને તેના ટુકડે-ટુકડા કરીને વરુઓને ખવડાવી દીધા. ગાયો ગોવાળ વિના જ પોતાને સ્થાને પાછી આવી ગઈ. દેવયાનીએ જોયું કે ગાયો તો આવી ગઈ, પરંતુ કચ ન આવ્યો. ત્યારે તેણે પોતાના પિતાને કહ્યું, 'પિતાજી! તમે અગ્નિહોત્ર કરી લીધું, સૂર્યાસ્ત થઈ ગયો, ગાયો ગોવાળ વિના જ આવી ગઈ; પરંતુ કચ ક્યાં રહી ગયો? અવશ્ય તેને કોઈએ મારી નાખ્યો અથવા સ્વયં મરી ગયો છે. પિતાજી! હું તમને સોગંદપૂર્વક સાચેસાચું કહું છું કે હું કચ વિના જીવી શકું એમ નથી.' શુક્રાચાર્યે કહ્યું, 'અરે, તું આટલી ગભરાય છે

* બ્રહ્માથી દક્ષ, દક્ષથી અદિતિ, અદિતિથી સૂર્ય, સૂર્યથી મનુ, મનુથી ઈલા નામની કન્યા, ઈલાથી પુરૂરવા, પુરૂરવાથી આયુ, આયુથી નહુષ અને નહુષથી યયાતિ – આ પ્રમાણે આ પ્રજાપતિથી દસમા હતા.

કેમ? હું હમણાં તેને જીવતો કરી દઉં છું. શુક્રાચાર્યે સંજીવની વિદ્યાનો પ્રયોગ કરીને કચને બોલાવ્યો, 'આવ બેટા!' કચનું એક-એક અંગ વરુઓનું શરીર ફાડીને નીકળી આવ્યું અને તે જીવિત થઈને શુક્રાચાર્યની સેવામાં હાજર થઈ ગયો. દેવયાનીના પૂછવાથી તેણે બધી હકીકત કહી દીધી. આ જ રીતે અસુરોએ બીજી વાર તેને મારી નાખ્યો, પરંતુ શુક્રાચાર્યે તેને જીવતો કર્યો.

ત્રીજી વાર અસુરોએ નવી યુક્તિ કરી. તેમણે કચને કાપીને અગ્નિમાં બાળી નાખ્યો અને તેની ભસ્મ મદિરામાં ઓગાળીને શુક્રાચાર્યને પિવડાવી દીધી. દેવયાનીએ પિતાને પૂછ્યું, 'પિતાજી! કચ ફૂલ લેવા માટે ગયો હતો, પાછો નથી આવ્યો. ક્યાંક તે ફરી મરી તો નથી ગયો! હું તેના વિના જીવી શકું એમ નથી. હું આ વાત સોગંદ ખાઈને કહું છું.' શુક્રાચાર્યે કહ્યું, 'બેટી! હું શું કરું? અસુરો તેને વારંવાર મારી નાખે છે.' દેવયાનીએ હઠ કરવાથી તેમણે ફરી સંજીવની વિદ્યાનો પ્રયોગ કર્યો અને કચને બોલાવ્યો. કચે ભયભીત થઈને તેમને પેટમાંથી જ પોતાની સ્થિતિ કહી. શુક્રાચાર્યે કહ્યું, 'બેટા તું સિદ્ધ છે. દેવયાની તારી સેવાથી બહુ પ્રસન્ન છે. જો તું ઈન્દ્ર નહિ હોય તો લે, હું તને સંજીવની વિદ્યા બતાવું છું. તું ઈન્દ્ર નથી, બ્રાહ્મણ છે, ત્યારે તો મારા પેટમાં અત્યાર સુધી જીવી રહ્યો છે! લે આ વિદ્યા અને મારું પેટ ફાડીને નીકળી આવ. તું મારા પેટમાં રહી ચૂક્યો છે, તેથી સુયોગ્ય પુત્રની જેમ મને ફરી જીવતો કરી દેજે.' કચે એ જ પ્રમાણે કર્યું અને પ્રણામ કરીને કહ્યું, 'જેમણે મારા કાનમાં સંજીવની વિદ્યારૂપી અમૃતની ધારા નાખી છે, તે જ મારાં માતા-પિતા છે. હું તમારો કૃતજ્ઞ છું. હું તમારી સાથે ક્યારેય કૃતઘ્નતા કરી શકું નહિ. જે વેદસ્વરૂપ ઉત્તમ જ્ઞાનદાતા ગુરુનો આદર નથી કરતો તે કલંકિત થઈને નરકમાં જાય છે.'

શુક્રાચાર્યજીને એ જાણીને ભારે ક્રોધ થયો કે ધોખામાં મદિરા પીવાને કારણે મારો વિવેક નાશ પામ્યો અને હું બ્રાહ્મણના પુત્ર કચને જ પી ગયો. તેમણે તે સમયે એવી ઘોષણા કરી કે 'આજથી જો જગતનો કોઈ પણ બ્રાહ્મણ શરાબ પીશે તો તે ધર્મભ્રષ્ટ થઈ જશે અને તેને બ્રહ્મહત્યા લાગશે. આ લોકમાં તો તે કલંકિત થશે જ, પરંતુ તેનો પરલોક પણ નષ્ટ થઈ જશે. બ્રાહ્મણો! દેવતાઓ! અને મનુનાં સંતાનો! સાવધાનીથી સાંભળી લો. આજથી મેં બ્રાહ્મણો માટે આ ધર્મમર્યાદા નક્કી કરી છે.' કચ સંજીવની વિદ્યા પ્રાપ્ત કરીને હજાર વર્ષ પૂરાં થયાં ત્યાં સુધી તેમની પાસે જ રહ્યો. સમય પૂરો થતાં શુક્રાચાર્યે તેને સ્વર્ગમાં જવાની આજ્ઞા આપી.

જ્યારે કચ ત્યાંથી જવા લાગ્યો ત્યારે દેવયાનીએ કહ્યું, 'ઋષિકુમાર! તમે સદાચાર, કુલીનતા, વિદ્યા, તપસ્યા અને જિતેન્દ્રિયતાના ઉજ્જ્વળ આદર્શ છો. હું તમારા પિતાને મારા પિતા સમાન માનું છું. તમે ગુરુ-ગૃહમાં રહ્યા તે દરમિયાન મેં તમારી સાથે જે વ્યવહાર કર્યો છે, તેને કહેવાની જરૂર નથી. હવે તમે સ્નાતક થઈ ચૂક્યા છો, હું તમારી સાથે પ્રેમ કરું છું. તમારી સેવિકા છું. હવે વિધિપૂર્વક તમે મારું પાણિગ્રહણ કરો.' કચે કહ્યું, 'બહેન! ભગવાન શુક્રાચાર્ય જેવા તમારા પિતા છે તેવા તે મારા પણ પિતા છે. તમે મારા માટે પૂજનીય છો. જે ગુરુદેવના શરીરમાં તમે નિવાસ કરી ચૂક્યાં છો, તેમાં હું પણ રહી ચૂક્યો છું. તમે ધર્મ પ્રમાણે મારા બહેન છો. હું તમારા સ્નેહપૂર્ણ વાત્સલ્યની છત્રછાયામાં ખૂબ પ્રેમથી રહ્યો. મને ઘેર જવાની અનુમતિ અને આશીર્વાદ આપો.

ક્યારેક પવિત્રભાવે મારું સ્મરણ કરજો અને સાવધાની સાથે મારા ગુરુદેવની સેવા કરતા રહેજો.' દેવયાનીએ કહ્યું, 'મેં તમારી પાસે પ્રેમની ભિક્ષા માગી છે. જો તમે ધર્મ અને કામની સિદ્ધિ માટે મારો અસ્વીકાર કરી દેશો તો તમારી સંજીવની વિદ્યા સિદ્ધ નહિ થાય.' કચે કહ્યું, 'બહેન! મેં ગુરુપુત્રી સમજીને જ અસ્વીકાર કર્યો છે, કોઈ દોષને કારણે નહિ. ગુરુદેવે પણ મને આના માટે આજ્ઞા આપી નથી. તમારી જે ઇચ્છા હોય તે શાપ આપી દો. મેં તમને ઋષિધર્મની વાત કરી હતી. હું શાપને યોગ્ય ન હતો. તમે મને ધર્મ મુજબ નહિ, પરંતુ કામને વશ થઈને શાપ આપ્યો છે.' જાઓ, તમારી કામના ક્યારેય પૂરી નહિ થાય. કોઈ પણ બ્રાહ્મણકુમાર તમારું પાણિગ્રહણ નહિ કરે. મારી વિદ્યા સિદ્ધ નહિ થાય, એથી શું થશે; હું જેને શિખવાડીશ, એની વિદ્યા સફળ થશે.' એવું કહીને કચ સ્વર્ગમાં ગયો. દેવતાઓએ પોતાના ગુરુ બૃહસ્પતિ અને કચને અભિનંદન આપ્યાં. કચને યજ્ઞનો ભાગીદાર બનાવ્યો અને યશસ્વી થવાનું વરદાન આપ્યું.

—★—

## દેવયાની અને શર્મિષ્ઠા વચ્ચે ક્લેશ અને તેનું પરિણામ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! કચ સંજીવની વિદ્યા શીખી આવ્યો, એથી દેવતાઓને ખૂબ પ્રસન્નતા થઈ. તેમણે કચ પાસેથી તે વિદ્યા શીખી લીધી, તેમનું કાર્ય સિદ્ધ થઈ ગયું. દેવતાઓએ ભેગા થઈને ઇન્દ્ર પર દબાણ કર્યું કે હવે દૈત્યો પર આક્રમણ કરી દેવું જોઈએ. ઇન્દ્રે આક્રમણ કર્યું. રસ્તામાં એક વન આવ્યું, તેમાં ઘણીબધી સ્ત્રીઓ દેખાઈ. ત્યાં થોડી કન્યાઓ જળક્રીડા કરી રહી હતી. ઇન્દ્રે વાયુ થઈને કિનારે મૂકેલાં તે કન્યાઓનાં વસ્ત્રો ભેગાં કરી દીધાં. કન્યાઓ જ્યારે બહાર નીકળી, ત્યારે અસુરરાજ વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાએ ભૂલથી ગુરુપુત્રી દેવયાનીનાં વસ્ત્રો પહેરી લીધાં. તેને ખબર ન હતી કે વસ્ત્રો ભેગાં થઈ ગયાં છે. ક્લેશ શરૂ થયો. દેવયાનીએ કહ્યું, 'અરે, એક તો તું અસુરની પુત્રી છે અને બીજી મારી ચેલી. પછી તેં મારાં વસ્ત્ર કઈ રીતે પહેરી લીધાં? તું આચારહીન છે. આનું પરિણામ બહુ ખરાબ આવશે.' શર્મિષ્ઠા બોલી, 'વાહ રે વાહ, તારા બાપ તો મારા પિતાને સૂવા-બેસવાયે દેતા નથી; નીચે ઊભા રહીને ભાટની જેમ સ્તુતિ કર્યા કરે છે અને તને આટલું અભિમાન!' દેવયાની ક્રોધિત થઈ ગઈ. તે શર્મિષ્ઠાનાં વસ્ત્રો ખેંચવા લાગી. આનાથી દુર્બુદ્ધિ શર્મિષ્ઠાએ તેને કૂવામાં ધકેલી દીધી અને તે મરી ગઈ છે એવું જાણીને તે તરફ જોયા વિના જ નગરમાં પાછી આવી.

આ જ સમયે રાજા યયાતિ શિકાર ખેલતાં ખેલતાં ઘોડો થાકી જવાથી અને તરસ લાગવાથી વ્યાકુળ થઈને પાણી પીવા માટે કૂવા પર ગયા. કૂવામાં જળ ન હતું. તેમણે જોયું કે તેમાં એક સુંદર કન્યા છે. રાજાએ પૂછ્યું, 'સુંદરી! તું કોણ છે? તું કૂવામાં કઈ રીતે પડી ગઈ?' દેવયાનીએ કહ્યું, 'હું મહર્ષિ શુક્રાચાર્યની પુત્રી છું. જ્યારે દેવતાઓ અસુરોનો સંહાર કરે છે ત્યારે મારા પિતા સંજીવની વિદ્યાથી તેમને જીવતા કરી દે છે. હું આ વિપત્તિમાં પડી છું, એ વાત મારા પિતાને ખબર નથી. તમે મારો જમણો હાથ પકડીને મને બહાર કાઢો. હું સમજું છું કે તમે કુળવાન, શાંત, બળવાન અને યશસ્વી છો. મને કૂવામાંથી બહાર કાઢવી એ તમારું ઉચિત કર્તવ્ય

છે.' યયાતિએ તેને બ્રાહ્મણની કન્યા સમજીને કૂવામાંથી બહાર કાઢી દીધી અને તેની અનુમતિ લઈને પોતાની રાજધાનીમાં પાછા ગયા.

આ બાજુ દેવયાની દુઃખથી વ્યાકુળ થઈને નગર પાસે આવી અને દાસીને કહ્યું, 'અરે દાસી, મારા પિતા પાસે જઈને જલદી કહી દે કે હું હવે વૃષપર્વાના નગરમાં જઈ શકતી નથી.' દાસીએ જઈને શુક્રાચાર્ય પાસે શર્મિષ્ઠાના વ્યવહારનું વર્ણન કર્યું. દેવયાનીની આ દુર્દશા સાંભળીને શુક્રાચાર્યને ઘણું દુઃખ થયું. તેઓ પોતાની પુત્રી પાસે જઈને દેવયાનીને હૃદયે લગાડી કહેવા લાગ્યા, 'બેટી! બધાંને પોતાનાં કર્મોના ફળસ્વરૂપે સુખ-દુઃખ ભોગવવું પડે છે. એવું લાગે છે કે તેં કશુંક અનુચિત કાર્ય કર્યું છે, જેનું આ પ્રાયશ્ચિત્ત થયું.' દેવયાનીએ કહ્યું, 'પિતાજી! આ પ્રાયશ્ચિત્ત હોય કે ન હોય, મને એક વાત કહો. વૃષપર્વાની પુત્રીએ ક્રોધપૂર્વક આંખો લાલ-લાલ કરીને કર્કશ સ્વરમાં મને કહ્યું કે, 'તારા બાપ તો અમારા ભાટ છે. તેઓ અમારી સ્તુતિ કરે છે, ભીખ માગે છે અને દાન લે છે. શું તેનું કહેવું સાચું છે? જો આ વાત સાચી હોય તો હું હમણાં જ જઈને શર્મિષ્ઠાની માફી માગું અને તેને પ્રસન્ન કરું.' શુક્રાચાર્યે કહ્યું, 'બેટી! તું ભાટ, ભિખારી કે દાન લેનારની પુત્રી નથી. તું તે પવિત્ર બ્રાહ્મણની કન્યા છે, જે ક્યારેય કોઈની સ્તુતિ કરતો નથી અને જેની સ્તુતિ બધા લોકો કરે છે. આ વાતને વૃષપર્વા, ઈન્દ્ર અને રાજા યયાતિ જાણે છે. અચિંત્ય બ્રાહ્મણત્વ અને નિર્દ્વંદ્વ ઐશ્વર્ય જ મારું બળ છે. બ્રહ્માએ પ્રસન્ન થઈને મને અધિકાર આપ્યો છે. ભૂલોક અને સ્વર્ગમાં જે કંઈ છે, હું તે બધાનો સ્વામી છું. હું જ પ્રજાના હિત માટે જળ વરસાવું છું અને હું જ ઔષધિઓનું પોષણ કરું છું. આ હું બિલકુલ બરાબર કહું છું.'

ત્યાર પછી શુક્રાચાર્યે દેવયાનીને સમજાવતાં કહ્યું – 'જે મનુષ્ય પોતાની નિંદા સહી લે છે, તેણે સઘળા વિશ્વ પર વિજય પ્રાપ્ત કરી લીધો – એવું સમજ. જે ક્રોધના આવેગને ઘોડાની જેમ વશ કરી લે છે, તે જ સાચો સારથિ છે, માત્ર લગામ પકડનાર નહિ. જે ક્રોધને ક્ષમાથી દબાવી લે છે, તે જ શ્રેષ્ઠ પુરુષ છે. જે ક્રોધને રોકી લે છે, નિંદા સહી લે છે અને બીજાના સતાવવા છતાં દુઃખી થતો નથી તે બધા પુરુષાર્થોનો અધિકારી હોય છે. એક માણસ સો વર્ષ સુધી નિરંતર યજ્ઞ કરે અને બીજો એક માણસ ક્રોધ ન કરે, તો એ બંનેમાં ક્રોધ ન કરનાર જ શ્રેષ્ઠ છે. મૂર્ખ બાળકો તો આપસમાં વેર-વિરોધ કરે જ છે, સમજુ માણસે આવું ન કરવું જોઈએ.' દેવયાનીએ કહ્યું, 'પિતાજી! હજી હું બાલિકા છું, છતાં હું ધર્મ-અધર્મનો ભેદ સમજું છું. ક્ષમા અને નિંદાની સબળતા અને નિર્બળતા પણ હું જાણું છું. પોતાનું હિત ચાહનાર ગુરુએ શિષ્યની ધૃષ્ટતા ક્ષમા ન કરવી જોઈએ. તેથી આ ક્ષુદ્ર વિચાર કરનારાઓમાં હવે હું રહેવા ઈચ્છતી નથી. જે કોઈના સદાચાર અને કુલીનતાની નિંદા કરે છે, તેમની વચ્ચે રહેવું ન જોઈએ. રહેવું તો ત્યાં જોઈએ જ્યાં સદાચાર અને કુલીનતાની કદર થતી હોય.'

દેવયાનીની વાત સાંભળીને કશો જ વિચાર કર્યા વિના શુક્રાચાર્ય વૃષપર્વાની સભામાં ગયા અને ક્રોધપૂર્વક બોલ્યા, 'રાજન્! જેઓ અધર્મ કરે છે, તેમને ભલે તરત ફળ ન મળે, પરંતુ ધીરે-ધીરે તે તેમની જડ ઉખાડી નાખે છે. એક તો તમે લોકોએ બૃહસ્પતિના સેવાપરાયણ પુત્ર કચની હત્યા કરી અને બીજું મારી પુત્રીના વધની ચેષ્ટા કરવામાં આવી. હવે હું તમારા

દેશમાં રહી શકું એમ નથી. હું તમને છોડીને જાઉં છું. એવું લાગે છે કે તમે મને વ્યર્થ બકવાદ કરનાર સમજો છો, તેથી પોતાના અપરાધને અટકાવ્યા વિના તેની ઉપેક્ષા કરી રહ્યા છો?' વૃષપર્વાએ કહ્યું – 'ભગવન્! મેં તો ક્યારેય તમને જૂઠા અથવા અધાર્મિક માન્યા નથી. તમારામાં સત્ય અને ધર્મ પ્રતિષ્ઠિત છે. જો તમે અમને છોડીને ચાલ્યા જશો તો અમે સમુદ્રમાં ડૂબી મરીશું. તમારા સિવાય અમારો કોઈ સહારો નથી.' શુક્રાચાર્યે કહ્યું – 'જુઓ, ભાઈ! ભલે તમે સમુદ્રમાં ડૂબી મરો અથવા અજ્ઞાત દેશમાં ચાલ્યા જાઓ, હું મારી પ્રિય પુત્રીનો તિરસ્કાર કરી શકતો નથી. મારા પ્રાણ તેનામાં જ રહે છે. તમે તમારું હિત ઇચ્છતા હો તો તેને પ્રસન્ન કરો.'

વૃષપર્વાએ દેવયાની પાસે જઈને કહ્યું, 'દેવી! હું તમને મોં માગી વસ્તુ આપીશ, પ્રસન્ન થઈ જાઓ.' દેવયાનીએ કહ્યું, 'શર્મિષ્ઠા એક હજાર દાસીઓ સાથે મારી સેવા કરે. જ્યાં હું જાઉં ત્યાં મારી સાથે આવે.' વૃષપર્વાએ ધાત્રી દ્વારા શર્મિષ્ઠાને સંદેશો મોકલી દીધો. તેણે શર્મિષ્ઠાને કહેવડાવ્યું, 'કલ્યાણી! ઊઠ, પોતાની જાતિનું હિત કર. શુક્રાચાર્ય પોતાના શિષ્યોને છોડીને જવા ઇચ્છે છે. તું જઈને દેવયાનીની ઇચ્છા પૂરી કર.' શર્મિષ્ઠાએ કહ્યું, 'મને સ્વીકાર છે. આચાર્ય અને દેવયાની અહીંથી ન જાય, હું તેમની બધી ઇચ્છાઓ પૂરી કરીશ.' શર્મિષ્ઠા દાસીરૂપે દેવયાની પાસે પહોંચી અને પ્રાર્થના કરી કે, 'હું અહીં અને તમારી સાસરીમાં પણ તમારી સેવા કરીશ.' દેવયાનીએ કહ્યું, 'કેમ, હું તો તારા પિતાના ભિખારી, ભાટ અને દાન લેનારની પુત્રી છું અને તું તો મોટા બાપની બેટી છે; હવે મારી દાસી બનીને કઈ રીતે રહીશ?' શર્મિષ્ઠાએ કહ્યું, 'જે રીતે થાય એ રીતે વિપત્તિગ્રસ્ત જાતિની રક્ષા કરવી જોઈએ, આવું જ વિચારીને હું તમારી દાસી બની ગઈ છું. હું તમારાં લગ્ન થયા બાદ પણ તમારી સાથે આવીને તમારી સેવા કરીશ.' ત્યારે દેવયાની પ્રસન્ન થઈ ગઈ અને શુક્રાચાર્યની સાથે પોતાના આશ્રમ પર પાછી આવી.

—★—

## યયાતિનાં દેવયાની સાથે લગ્ન, શુક્રાચાર્યનો શાપ અને પૂરુનું યૌવનદાન

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! એક દિવસની વાત છે, દેવયાની પોતાની દાસીઓ અને શર્મિષ્ઠાની સાથે તે જ વનમાં ક્રીડા કરવા માટે ગઈ. હજી તે વિહાર કરી રહી હતી ત્યાં તો નહુષનંદન રાજા યયાતિ પણ ત્યાં જ આવી ચડ્યા. તેઓ ખૂબ થાકેલા હતા, જળ પીવા ઇચ્છતા હતા. દેવયાની, શર્મિષ્ઠા અને દાસીઓને જોઈને તેમના મનમાં જિજ્ઞાસા થઈ અને તેમણે પૂછ્યું, 'આ દાસીઓની વચ્ચે બેઠેલી તમે બંને કોણ છો?' દેવયાનીએ ઉત્તર આપ્યો – 'હું દૈત્યગુરુ મહર્ષિ શુક્રાચાર્યની પુત્રી છું અને આ મારી સખી દાસી છે. આ દૈત્યરાજ વૃષપર્વાની પુત્રી છે અને મારી સેવા માટે હંમેશાં મારી સાથે રહે છે. આનું નામ શર્મિષ્ઠા છે. હું મારી બધી દાસીઓ અને શર્મિષ્ઠાની સાથે તમારે આધીન છું. હું તમને મારા સખા અને સ્વામી તરીકે સ્વીકાર કરું છું. તમે પણ મારો સ્વીકાર કરો. તમારું કલ્યાણ થાઓ.'

યયાતિએ કહ્યું, 'શુક્રનંદિની! તમારું કલ્યાણ થાઓ. હું તમારે યોગ્ય નથી. તમારા પિતા

ક્ષત્રિય સાથે તમારાં લગ્ન કરશે નહિ.' દેવયાનીએ કહ્યું, 'રાજન્! તમારાથી પહેલાં કોઈએ પણ મારો હાથ પકડ્યો ન હતો. કૂવામાંથી કાઢતાં તમે મારો હાથ પકડી લીધો. તેથી હું તમારું મારા સ્વામીના રૂપમાં વરણ કરું છું. હવે ભલા, બીજો કોઈ પુરુષ મારા હાથનો સ્પર્શ કઈ રીતે કરી શકે?' યયાતિએ કહ્યું, 'કલ્યાણી! જ્યાં સુધી તમારા પિતા પોતે તમને મારા હાથમાં સોંપી ન દે ત્યાં સુધી હું તમારો સ્વીકાર કઈ રીતે કરું?'

ત્યારે દેવયાનીએ પોતાની પાલક માતા સાથે પિતાને સંદેશો મોકલ્યો. તેના મુખે બધી વાતો સાંભળીને શુક્રાચાર્ય રાજા યયાતિ પાસે આવ્યા. યયાતિએ ઊભા થઈને તેમને પ્રણામ કર્યા અને હાથ જોડીને તેમની સામે ઊભા રહ્યા. દેવયાનીએ કહ્યું, 'પિતાજી! આ નહુષનંદન રાજા યયાતિ છે. જ્યારે મને કૂવામાં નાખી દેવામાં આવી હતી, ત્યારે આમણે મારો હાથ પકડીને મને બહાર કાઢી હતી. હું તમારા ચરણોમાં પડીને ખૂબ જ નમ્રતાપૂર્વક પ્રાર્થના કરું છું કે તમે આમની સાથે મારાં લગ્ન કરી દો. હું આમના સિવાય બીજા કોઈને વરીશ નહિ.' દેવયાનીની વાત સાંભળીને શુક્રાચાર્યે યયાતિને કહ્યું – 'રાજન્! મારી લાડકી પુત્રીએ તમારું પતિરૂપે વરણ કર્યું છે. હું કન્યાદાન કરું છું, તમે આનો પટરાણીરૂપે સ્વીકાર કરો.' યયાતિએ કહ્યું, 'બ્રહ્મન્! હું ક્ષત્રિય છું. બ્રાહ્મણ કન્યા સાથે લગ્ન કરવાથી મને વર્ણસંકરતાનો દોષ લાગશે. તમે એવી કૃપા કરો અને વરદાન આપો કે તે મહાન દોષ મારો સ્પર્શ ન કરે.' શુક્રાચાર્યજીએ કહ્યું, 'તમે આ સંબંધ સ્વીકારી લો. કોઈ પ્રકારની ચિંતા ન કરો. હું તમારું પાપ નષ્ટ કરી દઉં છું. તમે મારી પુત્રીને પત્નીરૂપે સ્વીકારીને ધર્મનું પાલન કરો અને સુખ ભોગવો. રાજન્! વૃષપર્વાની પુત્રીનો પણ તમે ઉચિત સત્કાર કરજો, પરંતુ તેને ક્યારેય તમારી શય્યા પર બોલાવશો નહિ.' ત્યારપછી શાસ્ત્રોક્તવિધિથી દેવયાનીના પાણિગ્રહણ-સંસ્કાર સંપન્ન થયા અને દાસીઓ, શર્મિષ્ઠા અને દેવયાનીને લઈને યયાતિ પોતાની રાજધાની તરફ જવા રવાના થયા.

યયાતિની રાજધાની અમરાવતી જેવી હતી. ત્યાં પહોંચીને તેમણે દેવયાનીને તો અંતઃપુરમાં રાખીને શર્મિષ્ઠા તથા દાસીઓ માટે દેવયાનીની સંમતિથી અશોકવાટિકા પાસે એક સ્થાન બનાવી દીધું તથા અન્ન-વસ્ત્રની યોગ્ય વ્યવસ્થા કરી દીધી. રાજોચિત ભોગ ભોગવતાં વર્ષો વીતી ગયાં. સમય પર દેવયાનીને ગર્ભ રહ્યો અને પુત્ર ઉત્પન્ન થયો. એકવાર સંયોગવશ રાજા યયાતિ અશોકવાટિકા પાસે જઈ નીકળ્યા અને ત્યાં શર્મિષ્ઠાને જોઈને થોડા રોકાઈ ગયા. રાજાને એકાંતમાં જોઈને શર્મિષ્ઠા તેમની પાસે ગઈ અને હાથ જોડીને બોલી – 'જેમ ચંદ્રમા, ઈન્દ્ર, વિષ્ણુ, યમ અને વરુણના મહેલમાં કોઈ સ્ત્રી સુરક્ષિત રહી શકે છે, તે જ પ્રમાણે હું તમારે ત્યાં સુરક્ષિત છું. અહીં મારી સામે કોણ દૃષ્ટિ નાખી શકે છે? તમે મારું રૂપ, કુળ અને શીલ તો જાણો જ છો. આ મારા ઋતુકાળનો સમય છે. હું તમને તેની સફળતા માટે પ્રાર્થના કરું છું. તમે મને ઋતુદાન આપો.' રાજા યયાતિએ શર્મિષ્ઠાની માગણીનો સ્વીકાર કર્યો. તેમણે તેની પ્રાર્થના પૂરી કરી.

રાજા યયાતિને દેવયાનીથી બે પુત્ર થયા – યદુ અને તુર્વસુ. શર્મિષ્ઠાથી ત્રણ પુત્ર થયા – દ્રુહ્યુ, અનુ અને પૂરુ. આ પ્રમાણે ઘણો સમય વીતી ગયો. એક દિવસ દેવયાની રાજા યયાતિ સાથે અશોકવાટિકામાં ગઈ. ત્યાં દેવયાનીએ

જોયું કે દેવતાઓ જેવા સુંદર ત્રણ સુકુમારો રમી રહ્યા છે. તેના આશ્ચર્યની સીમા ન રહી. તેણે પૂછ્યું, 'આર્યપુત્ર! આ સુંદર કુમાર કોના છે? આમનું સૌંદર્ય તો તમારા જેવું જ જણાય છે.' પછી દેવયાનીએ તે બાળકોને પૂછ્યું, 'તમારાં નામ શું છે? કયા વંશના છો? તમારાં મા-બાપ કોણ છે? સાચે-સાચું કહો.' બાળકોએ આંગળીથી રાજા તરફ સંકેત કર્યો અને કહ્યું, 'અમારી મા શર્મિષ્ઠા છે.' બાળકો ખૂબ પ્રેમથી રાજા પાસે દોડી ગયા. તે સમયે દેવયાની સાથે હતી. તેથી રાજાએ તેમને ખોળામાં ન લીધા. તે ઉદાસ થઈને રડતાં રડતાં શર્મિષ્ઠા પાસે ચાલ્યા ગયા. રાજા કંઈક લજ્જિત જેવા થઈ ગયા. દેવયાની બધું રહસ્ય સમજી ગઈ. તેણે શર્મિષ્ઠા પાસે જઈને કહ્યું, 'શર્મિષ્ઠે! તું મારી દાસી છે. તેં મારું અપ્રિય કેમ કર્યું? તારો આસુરી સ્વભાવ ગયો નહિ?' તને મારો ડર નથી?' શર્મિષ્ઠાએ કહ્યું, 'દેવયાની! મેં રાજર્ષિ સાથે સમાગમ કર્યો છે, તે ધર્મ અને ન્યાયયુક્ત છે. પછી શા માટે ડરું? મેં તો તમારી સાથે જ આમને મારા પતિ માની લીધા હતા. તમે બ્રાહ્મણપુત્રી હોવાથી મારા કરતાં શ્રેષ્ઠ છો. પરંતુ આ રાજર્ષિ તો તમારા કરતાં પણ મારા વધારે પ્રિય છે.' દેવયાની ક્રોધપૂર્વક રાજાને કહેવા લાગી, 'તમે મારું અપ્રિય કર્યું છે. હવે હું અહીં રહીશ નહિ.' તે આંખોમાં આંસુ ભરીને પોતાના પિતાને ઘેર નીકળી ગઈ. યયાતિ દુઃખી થઈ ગયા અને સાથે-સાથે ભયભીત પણ. તેઓ દેવયાનીની પાછળ-પાછળ જઈને તેને સમજાવવા-મનાવવા લાગ્યા, પરંતુ દેવયાનીએ તેમનું કંઈ સાંભળ્યું નહિ. બંને શુક્રાચાર્ય પાસે પહોંચ્યાં.

પ્રણામ કર્યા પછી દેવયાનીએ કહ્યું, 'પિતાજી, ધર્મને અધર્મે જીતી લીધો, નીચ ઊંચ થઈ ગયો. શર્મિષ્ઠા મારાથી આગળ વધી ગઈ. તેને મારા આ મહારાજથી જ ત્રણ પુત્રો થયા છે! તમે આના પર વિચાર કરો.' શુક્રાચાર્યજીએ કહ્યું, 'રાજન્! તમે જાણીજોઈને ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે, તેથી હું તમને શાપ આપું છું કે તમે ઘરડા (વૃદ્ધ) થઈ જાઓ.' શુક્રાચાર્યના શાપથી યયાતિ વૃદ્ધ થઈ ગયા. હવે તેમણે શુક્રાચાર્યને પ્રાર્થના કરતાં કહ્યું, 'હું હજી તમારી પુત્રી દેવયાનીના સંગથી તૃપ્ત થયો નથી. તમે અમારા બંને પર કૃપા કરો કે હું વૃદ્ધ ન થાઉં.' આચાર્યે કહ્યું, 'મારી વાત વ્યર્થ થઈ શકતી નથી. હા, તમને એટલી છૂટ આપું છું કે તમે તમારું આ વૃદ્ધત્વ બીજાને આપી શકશો.' યયાતિએ કહ્યું, 'બ્રહ્મન્! તમે એવી આજ્ઞા કરો કે જે પુત્ર મને પોતાની જવાની આપીને મારું વૃદ્ધત્વ લઈ લેશે તે રાજ્ય, પુણ્ય અને યશનો ભાગીદાર થશે.' આચાર્યે કહ્યું, 'સારું. શ્રદ્ધાપૂર્વક મારું ચિંતન કરવાથી તમારું વૃદ્ધત્વ બીજાને જતું રહેશે અને જે પુત્ર તમને જુવાની આપશે તે જ રાજા, આયુષ્યમાન્, યશસ્વી અને તમારા કુળનો વંશ-પ્રવર્તક થશે.'

યયાતિ પોતાની રાજધાનીમાં આવ્યા, પહેલાં તેમણે યદુને બોલાવીને કહ્યું, 'હું વૃદ્ધ થઈ ગયો. મારા શરીરમાં કરચળીઓ પડી ગઈ. વાળ સફેદ થઈ ગયા છે. પરંતુ હજી હું જુવાનીના ભોગોથી તૃપ્ત થયો નથી. તું મારો બુઢાપો લઈને તારી જુવાની મને આપ. એક હજાર વર્ષ પછી હું તારી જુવાની તને પાછી આપી દઈશ.' યદુએ કહ્યું, 'બુઢાપામાં અનેક દોષ હોય છે. એ અવસ્થામાં સારી રીતે ખાઈ-પી પણ શકાતું નથી. શરીર ઢીલું, વાળ સફેદ અને આખા શરીર પર કરચળીઓ. શક્તિ નહિ, આનંદ નહિ, યુવતીઓ બુઢાપાનો તિરસ્કાર કરે છે. હું તમારો બુઢાપો

નહિ લઉં.' યયાતિએ કહ્યું, 'જો, તું મારા હૃદયથી ઉત્પન્ન થયો છે, છતાં મને તારી જુવાની આપતો નથી? જા, તારા સંતાનનો રાજ્યમાં હક રહેશે નહિ.' પછી તેમણે પોતાના બીજા પુત્ર તુર્વસુને બોલાવીને આ જ વાત કહી, પરંતુ તેણે પણ બુઢાપો લેવાનો ઈન્કાર કરી દીધો. યયાતિએ તેને પણ શાપ આપતાં કહ્યું, 'તારો વંશ નહિ રહે. તું માંસાહારી, દુરાચારી અને વર્ણસંકર મ્લેચ્છોનો રાજા થઈશ.' આ પ્રમાણે દેવયાનીના બંને પુત્રોને શાપ આપીને યયાતિએ શર્મિષ્ઠાના પુત્ર દ્રુહ્યુને બોલાવ્યો અને તેને પોતાના બુઢાપાના બદલામાં જુવાની આપવાની વાત કહી. દ્રુહ્યુએ કહ્યું, 'વૃદ્ધને હાથી, ઘોડા, રથ અને યુવતીઓનું કશું જ સુખ મળતું નથી. હું બુઢાપો નહિ લઉં.' યયાતિએ કહ્યું, 'અરે, તું તારા બાપને આવું કહી રહ્યો છે? તારે એવા સ્થાનમાં રહેવું પડશે જ્યાં રથ, હાથી, ઘોડા અને પાલખીની તો વાત જ શી – બળદ, બકરાં અને ગધેડાં પણ જઈ નહિ શકે. માત્ર નાવથી જવું પડશે. તને પણ રાજ્ય નહિ મળે. લોકો તને ભોજ કહેશે. માત્ર તું જ નહિ, તારા વંશની આ જ ગતિ થશે.' પછી અનુએ પણ યયાતિની માગણીનો અસ્વીકાર કરી દેવાથી રાજાએ તેને કહ્યું, 'તું મારી વાત માનતો નથી, તેથી તારાં સંતાનો જુવાન થઈને મરી જશે. તને અગ્નિહોત્રનો અધિકાર રહેશે નહિ.'

આ પુત્રોથી નિરાશ થઈને છેવટે તેમણે પૂરુને બોલાવીને કહ્યું, 'બેટા! તું મને બહુ પ્રિય છે. તું મારો ઉત્તમ પુત્ર છે. જો, હું શાપને કારણે વૃદ્ધ થઈ ગયો છું, તું મારો બુઢાપો લઈને તારી જુવાની મને આપ. વિષયભોગ કર્યા પછી એકહજાર વર્ષ પૂરા થયે હું મારાં પાપોની સાથે વૃદ્ધત્વ પાછું લઈ લઈશ.' પૂરુએ ખૂબ પ્રસન્નતા સાથે તેમની આજ્ઞા સ્વીકારી લીધી. યયાતિએ આશીર્વાદ આપ્યા – 'હું તારા પર અત્યંત પ્રસન્ન છું. તારી પ્રજા હંમેશાં સુખી રહેશે.' આવું કહીને તેમણે શુક્રાચાર્યનું ધ્યાન કર્યું અને પોતાનો બુઢાપો પૂરુને આપીને તેની જુવાની લઈ લીધી.

—★—

## યયાતિનો ભોગ અને વૈરાગ્ય, પૂરુનો રાજ્યાભિષેક

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! નહુષનંદન રાજા યયાતિ પૂરુની યુવાની લઈને પ્રેમ, ઉત્સાહ અને મોજથી ઈચ્છાનુસાર સમયાનુકૂલ ભોગ ભોગવવા લાગ્યા. પરંતુ તેઓ ધર્મનું ઉલ્લંઘન ક્યારેય કરતા ન હતા. તેમણે યજ્ઞોથી દેવતાઓને, શ્રાદ્ધોથી પિતરોને, દાન-માન અને વાત્સલ્યથી દીનજનોને, મોંમાગી વસ્તુઓથી બ્રાહ્મણોને, ખાન-પાનથી અતિથિઓને, સંરક્ષણથી વૈશ્યોને અને સદ્વ્યવહારથી શૂદ્રોને સંતુષ્ટ કરી દીધા. ડાકુ અને લૂટારાઓને યથેષ્ટ દંડ આપ્યો. બધી પ્રજા પ્રસન્ન થઈ ગઈ. તેઓ ઈન્દ્રની જેમ પ્રજાનું પાલન કરવા લાગ્યા. તેમણે મનુષ્યલોકના તો બધા જ ભોગો ભોગવ્યા, ઉપરાંત નંદનવન, અલકાપુરી અને સુમેરુ પર્વતના ઉત્તરી શિખર પર રહીને ત્યાંના પણ ભોગો ભોગવ્યા. ધર્માત્મા યયાતિએ જોયું કે, હવે હજાર વર્ષ પૂરાં થઈ રહ્યાં છે, ત્યારે તેમણે પોતાના પુત્ર પૂરુને બોલાવ્યો અને કહ્યું, 'બેટા! મેં તારી જુવાનીથી ઈચ્છાનુસાર ઉત્સાહ સાથે મારા પ્રિય વિષયોનો ભોગ કર્યો છે, પરંતુ હવે મને ખાતરી થઈ ગઈ છે કે વિષયોના ભોગની કામના વિષય-ભોગથી શાંત થતી નથી. અગ્નિમાં

જેટલું ઘી નાખતા જાઓ, તે વધતો જ રહે છે. પૃથ્વીમાં જેટલું પણ અન્ન, સોનું, પશુ અને સ્ત્રીઓ છે, તે એક કામીની કામના પૂરી કરવામાં પણ અસમર્થ છે. તેથી સુખ તેમની પ્રાપ્તિથી નહિ, તેમના ત્યાગથી જ મળે છે. દુર્બુદ્ધિવાળા લોકો તૃષ્ણાનો ત્યાગ કરી શકતા નથી. વૃદ્ધ થવા છતાં તેમની તૃષ્ણા વૃદ્ધ નથી થતી. આ એક પ્રાણાન્તક રોગ છે. તેને છોડવાથી જ સુખ મળે છે.* જુઓ, વિષયોનું સેવન કરતાં કરતાં એક હજાર વર્ષ પૂરાં થઈ ગયાં, છતાં મારી તૃષ્ણા દિવસે-દિવસે વધતી જ જાય છે. હવે હું આને છોડીને મારા મનને બ્રહ્મમાં જોડી દઈશ અને ભૂખ-તરસ વગેરે દ્વંદ્વોથી નિશ્ચિંત તથા શરીર વગેરેથી નિર્મમ થઈને હરણોની સાથે વનમાં વિચરતો રહીશ. હું તારા પર પ્રસન્ન છું. તું તારી જુવાની લઈ લે અને રાજ્યને ગ્રહણ કર. તું મારો પ્રિય પુત્ર છે.' બસ, પૂરુએ પોતાનું યૌવન લઈ લીધું અને યયાતિએ પોતાનો બુઢાપો.

પ્રજાએ જોયું કે મહારાજ યયાતિ પોતાના મોટા પુત્રોને રાજ્યથી વંચિત કરીને નાના પુત્ર પૂરુનો અભિષેક કરી રહ્યા છે. ત્યારે બ્રાહ્મણોને આગળ કરીને બધા તેમની પાસે આવ્યા અને કહ્યું, 'રાજન્! તમે તમારા મોટા પુત્ર યદુને મૂકીને પૂરુને રાજ્ય કેમ આપો છો? અમે તમને ચેતવીએ છીએ, તમારા ધર્મની રક્ષા કરો.' ત્યારે યયાતિએ કહ્યું, 'બધા લોકો સાવધાનીથી મારી વાત સાંભળો. એક એવું કારણ છે કે હું યદુને ક્યારેય રાજ્ય આપી શકું એમ નથી. મારા મોટા પુત્ર યદુએ મારી આજ્ઞા માની ન હતી. જે પોતાના પિતાની આજ્ઞા માનતો નથી, તે સત્પુરુષોની દૃષ્ટિમાં પુત્ર નથી. જે મા-બાપની આજ્ઞા માને, તેમનું હિત કરે, તેમને સુખ આપે, તે જ પુત્ર છે. પૂરુ સિવાય બધા પુત્રોએ મારી આજ્ઞાનો અનાદર કર્યો છે. પૂરુએ મારું સન્માન કર્યું, મારી આજ્ઞા માની. તેથી આ જ મારો ઉત્તરાધિકારી છે. યદુ વગેરેના માતામહ શુક્રાચાર્યે પોતે મને આવું વરદાન આપ્યું છે કે જે તમારી આજ્ઞાનું પાલન કરે તે જ રાજા થાય. તેથી હું સઘળી પ્રજાને અનુરોધ કરું છું કે બધા લોકો પૂરુને જ રાજા બનાવે. પ્રજાએ સંતુષ્ટ થઈને પૂરુનો રાજ્યાભિષેક કર્યો. ત્યાર પછી રાજા યયાતિ વાનપ્રસ્થાશ્રમની દીક્ષા લઈને બ્રાહ્મણો અને તપસ્વીઓની સાથે નગરમાંથી ચાલ્યા ગયા. યદુથી રાજ્યાધિકારહીન યદુવંશીઓની, તુર્વસુથી યવનોની, દ્રુહ્યુથી ભોજોની અને અનુથી મ્લેચ્છોની ઉત્પત્તિ થઈ. જનમેજય! પૂરુથી જ પ્રસિદ્ધ પૌરવવંશનો વિસ્તાર થયો, જેમાં તમારો જન્મ થયો છે.

રાજા યયાતિ વનમાં કંદ, મૂળ ફળનું ભોજન કરતા રહ્યા. તેમણે પોતાના મનને વશ કરી લીધું, ક્રોધ પર વિજય પ્રાપ્ત કરી લીધો. તેઓ દરરોજ દેવતાઓ અને પિતરોનું તર્પણ કરતા, અગ્નિહોત્ર કરતા હતા. ખેતરોમાંથી

* ન જાતુ કામઃ કામાનામુપભોગેન શામ્યતિ ।
હવિષા કૃષ્ણવર્ત્મેવ ભૂય એવાભિવર્ધતે ॥
યત્પૃથિવ્યાં વ્રીહિયવં હિરણ્યં પશવઃ સ્ત્રિયઃ ।
એકસ્યાપિ ન પર્યાપ્તં તસ્માત્તૃષ્ણાં પરિત્યજેત્ ॥
યા દુસ્ત્યજા દુર્મતિભિર્યા ન જીર્યતિ જીર્યતઃ ।
યોઽસૌ પ્રાણાન્તિકો રોગસ્તાં તૃષ્ણાં ત્યજતઃ સુખમ્ ॥
(મહા૦ આદિપર્વ ૮૫/૧૨-૧૪)

અન્નના કણ વીણી-વીણીને અતિથિઓને ભોજન કરાવ્યા પછી જ યજ્ઞશેષથી પોતાની ક્ષુધા શાન્ત કરતા. આ પ્રમાણે એક હજાર વર્ષો પસાર કર્યાં. તીસ વર્ષ સુધી તેમણે વાણી અને પોતાનાં મનને આધીન કરીને માત્ર જળના આધારે જ જીવનનિર્વાહ કર્યો. એક વર્ષ સુધી નિદ્રા લીધા વિના માત્ર વાયુ પીને જ રહ્યા. ત્યાર પછી એક વર્ષ વધુ પંચાગ્નિઓની વચ્ચે બેસીને પસાર કર્યું. છ મહિના સુધી એક પગે ઊભા રહીને માત્ર વાયુ-પાન કરતા રહ્યા. તેમની પવિત્ર કીર્તિ ત્રણે લોકમાં પ્રસરી ગઈ. શરીર છૂટતાં તેમને સ્વર્ગની પ્રાપ્તિ થઈ.

—★—

## યયાતિનો સ્વર્ગવાસ, ઈન્દ્ર સાથે વાતચીત, પતન, સત્સંગ અને પુનઃ સ્વર્ગગમન

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! રાજા યયાતિ સ્વર્ગમાં બહુ આનંદથી રહેવા લાગ્યા. ત્યાં ઈન્દ્ર, સાધ્યો, મરુતો, વસુઓ વગેરે તેમનો બહુ આદર કરતા હતા. આ પ્રમાણે હજારો વર્ષ વીતી ગયાં. એક દિવસ તેઓ ફરતાં-ફરતાં ઈન્દ્ર પાસે આવ્યા. જાતજાતની વાતચીત થયા પછી ઈન્દ્રે પૂછ્યું, 'રાજન્! જે સમયે તમે તમારા પુત્ર પૂરુની જુવાની પાછી આપી અને તેની પાસેથી બુઢાપો લઈ લીધો અને તેને રાજ્ય આપી દીધું, તે વખતે તમે તેને શો ઉપદેશ આપ્યો?' યયાતિએ કહ્યું, – 'મેં મારા પુત્રને કહ્યું કે, પૂરો! હું તને ગંગા અને યમુનાની વચ્ચેના દેશનો રાજા બનાવું છું. સીમા બહારના દેશોનું રાજ્ય તારા ભાઈ કરશે. જો ભાઈ! ક્રોધીઓથી ક્ષમાશીલ શ્રેષ્ઠ છે અને અસહિષ્ણુથી સહિષ્ણુ. મનુષ્યેતર જાતિઓથી મનુષ્ય અને મૂર્ખાઓથી વિદ્વાન સર્વથા શ્રેષ્ઠ છે. કોઈના બહુ જ સતાવવા છતાં તેને સતાવવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. કેમકે દુઃખી પ્રાણીનો શોક જ સતાવનારનો નાશ કરી દે છે. કોઈના મર્મસ્થાનમાં ઘા કરે એવી અને કડવી વાત મુખેથી ઉચ્ચારવી ન જોઈએ. અયોગ્ય ઉપાયથી પોતાના શત્રુને પણ પોતાને વશ ન કરવો જોઈએ. જેનાથી કોઈને દુઃખ થતું હોય, એવી વાત તો પાપી લોકો કરે છે. જે પોતાની કડવી, આકરી અને મર્મભેદી વાતોના ડંખથી લોકોને સતાવે છે, તેવા માણસોનું મોં પણ ન જોવું જોઈએ, કારણ કે તે પોતાની વાણીના રૂપમાં એક પિશાચિનીને પાળી રહ્યો છે. આચરણ એવું કરવું જોઈએ કે સત્પુરુષો પ્રત્યક્ષમાં તો સત્કાર કરે જ પરંતુ પીઠ-પાછળ પણ તમારી રક્ષા કરે. દુષ્ટ લોકો કોઈ કડવી વાત કહે તો હંમેશાં તેને સહન કરી લેવી જોઈએ તથા સદાચારનો આશ્રય લઈને હંમેશાં સત્પુરુષોના વ્યવહારને જ ગ્રહણ કરવો જોઈએ. વાણીથી પણ તીર છોડી શકાય છે. જેના પર બાણવૃષ્ટિની ઝડી વરસે છે, તે રાત-દિવસ વિચારમગ્ન થઈ જાય છે. તેથી એવી વાણીનો પ્રયોગ ક્યારેય કરવો ન જોઈએ. ત્રિલોકમાં સૌથી મોટી સંપત્તિ એ છે કે બધાં પ્રાણીઓ પ્રતિ દયા અને મૈત્રીનો વર્તાવ થાય, યથાશક્તિ બધાને કશુંક આપી શકાય અને મધુર વાણીનો પ્રયોગ થાય. સારાંશ એ છે કે કઠોર વાણી ન બોલવી, મીઠી વાણી બોલો; બધાનું સન્માન કરો, દાન કરો અને ક્યારેય કોઈની પાસે કશું માગો નહિ. આ જ સર્વશ્રેષ્ઠ વ્યાવહારિક માર્ગ છે.'

યયાતિની વાત સાંભળીને ઇન્દ્રે પૂછ્યું, 'નહુષનંદન! તમે ગૃહસ્થાશ્રમનું પૂરેપૂરું પાલન કરીને વાનપ્રસ્થાશ્રમનો સ્વીકાર કર્યો હતો. હું

તમને એ પૂછું છું કે તમારી તપસ્યા તુલનામાં કોની તપસ્યાની બરાબરી કરે છે?' યયાતિએ કહ્યું, 'દેવતાઓ, મનુષ્યો, ગંધર્વો અને મહર્ષિઓમાં મારા જેવો તપસ્વી મને કોઈ દેખાતો નથી.' ઈન્દ્રે કહ્યું, 'રામ-રામ, તમે નાના અને મોટા લોકોનો તમારા જેવો પ્રભાવ ન સમજીને બધાનો તિરસ્કાર કર્યો છે. પોતાના મોંએ પોતાનાં કાર્યનાં વખાણ કરવાથી તમારું પુણ્ય ક્ષીણ થઈ ગયું. અહીંનાં સુખ-ભોગોની સીમા તો છે જ, જાઓ, અહીંથી પૃથ્વી પર જઈને પડો.' યયાતિએ કહ્યું, 'સારું. જો બધાનું અપમાન કરવાથી મારું પુણ્ય ક્ષીણ થઈ ગયું હોય તો હું અહીંથી સંતોની વચ્ચે પડું.' ઈન્દ્રે કહ્યું, 'સારી વાત છે.'

ત્યાર પછી રાજા યયાતિ પવિત્ર લોકમાંથી ચ્યુત થઈને તે સ્થાન પર પડવા લાગ્યા જ્યાં અષ્ટક, પ્રતર્દન, વસુમાન્ અને શિવિ નામના તપસ્વીઓ તપસ્યા કરતા હતા. તેમને પડતાં જોઈને અષ્ટકે કહ્યું, 'યુવક! તમારું રૂપ ઈન્દ્ર જેવું છે. તમને પડતાં જોઈને અમે ચકિત થઈ ગયા છીએ. તમે જ્યાં સુધી આવી ગયા છો ત્યાં જ રોકાઈ જાઓ અને વિષાદ અને મોહ છોડીને તમારી વાત જણાવો. આ સત્પુરુષોની આગળ ઈન્દ્ર પણ તમારો વાળ વાંકો કરી શકતો નથી. દુઃખી અને દીનજનો માટે સંતો જ પરમ આશ્રય છે. સૌભાગ્યવશ તમે તેમની વચ્ચે આવી ગયા છો. તમે તમારી વાત વિગતે જણાવો.'

**યયાતિએ કહ્યું** – હું સમસ્ત પ્રાણીઓનો તિરસ્કાર કરવાના કારણે સ્વર્ગથી ભ્રષ્ટ થઈ રહ્યો છું. મારામાં અભિમાન હતું. અભિમાન નરકનું મૂળ કારણ છે. સત્પુરુષોએ દુષ્ટોનું અનુકરણ કરવું નહિ. જે ધન-ધાન્યની ચિંતા છોડીને પોતાના આત્માના હિત માટે સાધના કરે છે, તે જ સમજદાર છે. ધન પ્રાપ્ત કરીને ફૂલાઈ જવું ન જોઈએ. પોતાની બુદ્ધિ અને પુરુષાર્થ કરતાં દૈવગતિ બળવાન છે, એવું સમજીને સંતાપ કરવો જોઈએ નહિ. દુઃખથી દુભાય નહિ, સુખથી ફૂલાય નહિ, બંનેમાં સમ રહે. અષ્ટક! હું અત્યારે મોહિત નથી. મારા મનમાં કોઈ સંતાપ પણ નથી. હું વિધાતાના વિધાનથી વિપરીત તો જઈ શકતો નથી, એવું સમજીને હું સંતુષ્ટ રહું છું. અષ્ટક! હું સુખ-દુઃખ બંનેની અનિત્યતા જાણું છું. પછી મને દુઃખ કઈ રીતે થાય? શું કરું? શું કરીને સુખી રહું – આવી ઝંઝટોમાંથી ઉન્મુક્ત રહું છું; તેથી દુઃખો મારી પાસે ફરકતાં નથી.

**અષ્ટકે પૂછ્યું** – તમે તો અનેક લોકોમાં રહી ચૂક્યા છો અને આત્મજ્ઞાની નારદ વગેરે જેવું ભાષણ કરી રહ્યા છો. તો જણાવો કે તમે મુખ્યપણે કયા કયા લોકમાં રહ્યા?

**યયાતિએ ઉત્તર આપ્યો** – હું પહેલાં પૃથ્વી પર સાર્વભૌમ રાજા હતો. હું એક હજાર વર્ષ સુધી મહત્ લોકોમાં રહ્યો અને પછી સો યોજન લાંબી-પહોળી સહસ્ર દ્વારવાળી ઈન્દ્રપુરીમાં એક હજાર વર્ષ રહ્યો. ત્યારપછી પ્રજાપતિના લોકમાં જઈને ત્યાં પણ એક હજાર વર્ષ રહ્યો. હું નંદનવનમાં સ્વર્ગના ભોગો ભોગવતો લાખો વર્ષ સુધી રહ્યો. ત્યાં હું સુખોમાં આસક્ત થઈ ગયો અને પુણ્ય ક્ષીણ થઈ જતાં પૃથ્વી પર આવી રહ્યો છું. જેમ ધનનો નાશ થતાં જગતનાં સગાં-સંબંધીઓ છોડી દે છે, તે જ પ્રમાણે પુણ્ય ક્ષીણ થઈ જતાં ઈન્દ્રાદિ દેવતાઓ પણ પરિત્યાગ કરી દે છે.

**અષ્ટકે પૂછ્યું** – રાજન્! કયાં-કયાં કર્મોનાં અનુષ્ઠાનથી મનુષ્યને શ્રેષ્ઠ લોકોની પ્રાપ્તિ થાય છે? તે તપથી પ્રાપ્ત થાય છે કે જ્ઞાનથી?

**યયાતિએ ઉત્તર આપ્યો** – સ્વર્ગનાં સાત દ્વાર છે – દાન, તપ, શમ, દમ, લજ્જા, સરળતા અને બધાં પર દયા. અભિમાનથી તપસ્યા ક્ષીણ

થઈ જાય છે. જે પોતાની વિદ્વત્તાના અભિમાનમાં ફૂલ્યા-ફૂલ્યા ફરે છે અને બીજાના યશને નષ્ટ કરવા ચાહે છે, તેમને ઉત્તમ લોકોની પ્રાપ્તિ થતી નથી. તેમની વિદ્યા પણ મોક્ષદાનમાં અસમર્થ રહે છે. અભયનાં ચાર સાધન છે – અગ્નિહોત્ર, મૌન, વેદાધ્યયન અને યજ્ઞ. જો અનુચિત રીતે અહંકાર સાથે આમનું અનુષ્ઠાન થાય તો આ ભયનાં કારણ બની જાય છે. સન્માન મળવાથી સુખ અને અપમાનિત થવાથી દુઃખ ન માનવું જોઈએ. જગતમાં સત્પુરુષો આવા લોકોની પૂજા કરે છે. દુષ્ટો પાસેથી શિષ્ટબુદ્ધિની અપેક્ષા નિરર્થક છે. 'હું દાન આપીશ, હું યજ્ઞ કરીશ, હું જાણી લઈશ, મારી આ પ્રતિજ્ઞા છે.' – આવા પ્રકારની મોટી-મોટી વાતો ભયંકર છે. એમનો ત્યાગ જ કલ્યાણકારી છે.

**અષ્ટકે પૂછ્યું** – બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસી કયા ધર્મોનું પાલન કરવાથી મૃત્યુ પછી સુખી થાય છે?

**યયાતિએ કહ્યું** – જે બ્રહ્મચારી આચાર્યની આજ્ઞાનુસાર અધ્યયન કરે છે, જેને ગુરુસેવા માટે કહેવું પડતું નથી, જે આચાર્યથી પહેલાં ઊઠે છે અને પછી સૂએ છે, જેનો સ્વભાવ મધુર છે, જે જિતેન્દ્રિય છે, ધૈર્યવાન છે, સાવધાન તથા પ્રમાદરહિત હોય છે તેને તરત જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જે પુરુષ ધર્માનુકૂળ ધન પ્રાપ્ત કરીને યજ્ઞ કરે છે, અતિથિઓને ખવરાવે છે, કોઈની વસ્તુ તેના આપ્યા વિના લેતો નથી, તે જ સાચો ગૃહસ્થ છે. જે સ્વયં ફળ-મૂળ લાવીને પોતાની જીવિકા ચલાવે છે, પાપ કરતો નથી, બીજા લોકોને કંઈક ને કંઈક આપતો રહે છે તથા કોઈને કષ્ટ નથી આપતો, થોડુંક ખાય છે અને નિયમિતપણે પ્રવૃત્તિ કરે છે. તે વાન-પ્રસ્થાશ્રમી તરત જ સિદ્ધિને વરે છે. જે કોઈ કળા-કૌશલ – ભાષણ, ચિકિત્સા, કારીગરી વગેરેથી જીવિકા નથી ચલાવતો, સઘળા સદ્‌ગુણોથી યુક્ત, જિતેન્દ્રિય અને અસંગ છે, કોઈના ઘરે રહેતો નથી, થોડું ચાલે છે, અનેક દેશોમાં નમ્રતા સાથે વિચરણ કરે છે, તે જ સાચો સંન્યાસી છે.

આ પ્રમાણે બીજી ઘણી વાતચીત કર્યા પછી યયાતિએ કહ્યું, 'દેવતાઓ ઉતાવળ કરી રહ્યા છે. હું હવે પડીશ. ઇન્દ્રના વરદાનથી મને તમારા જેવા સત્પુરુષોનો સમાગમ પ્રાપ્ત થયો છે.'

**અષ્ટકે કહ્યું** – સ્વર્ગમાં મને જેટલા લોક પ્રાપ્ત થનાર છે, અંતરિક્ષમાં અથવા સુમેરુ પર્વતના શિખર પર – જ્યાં પણ મારે પુણ્યકર્મોનાં ફળસ્વરૂપે જવાનું છે, તેમને હું તમને આપું છું, તમે પડો નહિ.

**યયાતિએ કહ્યું** – હું બ્રાહ્મણ તો છું નહિ. હું દાન કઈ રીતે લઉં? આ પ્રકારના દાન તો મેં પણ અગાઉ ઘણાં કર્યાં છે.

**પ્રતર્દને કહ્યું** – મને અંતરિક્ષ અથવા સ્વર્ગલોકમાં જે જે લોકોની પ્રાપ્તિ થવાની છે તે હું તમને આપું છું. તમે અહીં પડો નહિ, સ્વર્ગમાં જાઓ.

**યયાતિએ કહ્યું** – કોઈ પણ રાજા પોતાની સમકક્ષ વ્યક્તિથી દાન લઈ શકતો નથી. ક્ષત્રિય થઈને દાન લેવું, આ તો મોટું અધમ કાર્ય છે. અત્યાર સુધી કોઈ ક્ષત્રિયે આવું કામ કર્યું નથી, પછી હું કઈ રીતે કરું?

**વસુમાને કહ્યું** – રાજન્! હું મારા બધા લોક તમને આપું છું. તમે જો તેમને દાન સમજીને લેવામાં ખચકાઓ છો તો એક તણખલાના બદલામાં આ બધું ખરીદી લો.

**યયાતિએ કહ્યું** – આ ક્રય-વિક્રય તો તદ્દન મિથ્યા છે. મેં અત્યાર સુધી આવો મિથ્યાચાર ક્યારેય કર્યો નથી. કોઈ પણ સત્પુરુષ આવું

કરી શકતો નથી, હું આવું કઈ રીતે કરું?

**શિવિએ કહ્યું** – મહારાજ! હું ઔશીનર શિવિ છું. જો તમે ખરીદ-વેચાણ કરવા નથી ચાહતા તો મારા પુણ્યોનાં ફળનો સ્વીકાર કરી લો. હું આ તમને ભેટ આપું છું. તમે ન લો તો પણ હું હવે તેમનો સ્વીકાર કરીશ નહિ.

**યયાતિએ કહ્યું** – તમે અત્યંત પ્રભાવશાળી છો. પરંતુ હું બીજાનાં પુણ્ય-ફળનો ઉપભોગ કરી શકતો નથી.

**અષ્ટકે કહ્યું** – સારું મહારાજ! તમે એક-એકનાં પુણ્ય-લોક લેતા નથી તો બધાનાં સ્વીકાર કરી લો. અમે તમને અમારું તમામ પુણ્યફળ આપીને નરકમાં જવા પણ તૈયાર છીએ.

**યયાતિએ ઉત્તર આપ્યો** – ભાઈ! તમે લોકો મારા સ્વરૂપને અનુરૂપ પ્રયત્ન કરો. સત્પુરુષો તો સત્યના જ પક્ષપાતી હોય છે. મેં જે ક્યારેય કર્યું નથી, તે હવે કઈ રીતે કરું?

**અષ્ટકે કહ્યું** – મહારાજ! આ આકાશમાં સોનાના પાંચ રથ કોના દેખાય છે? શું આમના દ્વારા પુણ્ય લોકોની યાત્રા થાય છે?

**યયાતિએ કહ્યું** – હા, આ સોનેરી રથ તમને પુણ્ય લોકોમાં લઈ જશે.

**અષ્ટકે કહ્યું** – તમે આ રથો દ્વારા સ્વર્ગની યાત્રા કરો. અમે લોકો તો યથાસમય આવી જઈશું.

**યયાતિ બોલ્યા** – આપણે બધાએ સ્વર્ગ પર વિજય પ્રાપ્ત કરી લીધો. તેથી ચાલો, આપણે બધા સાથે જ જઈએ. જોતા નથી, પેલો સ્વર્ગનો ઉત્તમ માર્ગ દેખાઈ રહ્યો છે.

અષ્ટક, પ્રતર્દન, વસુમાન્ અને શિવિના દાનનો અસ્વીકાર કરવાના કારણે યયાતિ પણ સ્વર્ગના અધિકારી થઈ ગયા. તેથી તે બધા રથો પર બેસીને સ્વર્ગે જવા રવાના થઈ ગયા. તે સમયે તેમના ધાર્મિક તેજથી સ્વર્ગ અને આકાશ પ્રકાશિત થઈ રહ્યું હતું. ઔશીનર શિવિનો રથ આગળ જતો જોઈને અષ્ટકે યયાતિને પૂછ્યું, 'રાજન્! ઈન્દ્ર મારો પ્રિય મિત્ર છે. હું સમજતો હતો કે હું જ સર્વપ્રથમ તેમની પાસે પહોંચીશ. આ શિવિનો રથ આગળ કેમ જઈ રહ્યો છે?' યયાતિએ કહ્યું, 'શિવિએ પોતાનું સર્વસ્વ સત્પાત્રોને આપી દીધું હતું. દાન, તપસ્યા, સત્ય, ધર્મ, હ્રી, શ્રી, ક્ષમા, સૌમ્યતા, સેવાની અભિલાષા – આ બધા ગુણો શિવિમાં વિદ્યમાન છે. આટલું હોવા છતાં તેમને અભિમાનની છાયા પણ સ્પર્શી નથી, તેથી તેઓ બધાથી આગળ વધી ગયા છે.' હવે અષ્ટકે પૂછ્યું, 'રાજન્! સાચેસાચું બતાવો, તમે કોણ અને કોના પુત્ર છો? તમારા જેવો ત્યાગ તો અત્યાર સુધી કોઈ બ્રાહ્મણ કે ક્ષત્રિયમાં સાંભળ્યો નથી.' યયાતિએ ઉત્તર આપ્યો, 'હું સમ્રાટ નહુષનો પુત્ર યયાતિ છું. મારો પુત્ર પૂરુ છે. હું સાર્વભૌમ ચક્રવર્તી હતો. જુઓ, તમને ગુપ્ત વાત પણ કહી દઉં છું, કેમકે તમે પોતાના છો. હું તમારા લોકોનો માતામહ છું.' આ પ્રમાણે વાતચીત કરતા રહીને બધા સ્વર્ગમાં ચાલ્યા ગયા.

—★—

## પૂરુવંશનું વર્ણન

**જનમેજયે કહ્યું** – ભગવન્! હું હવે પુરુવંશના યશસ્વી રાજાઓની વંશાવળિ સાંભળવા ચાહું છું. હું જાણું છું કે આ વંશમાં શીલ, શક્તિ અથવા તો સંતાનરહિત કોઈ રાજા થયો નથી.

**વૈશમ્પાયનજીએ કહ્યું** – બરાબર છે. મહર્ષિ દ્વૈપાયને મને તમારા વંશનું વર્ણન

સંભળાવ્યું છે. હું તે સંભળાવું છું. દક્ષથી અદિતિ, અદિતિથી વિવસ્વાન, વિવસ્વાનથી મનુ, મનુથી ઇલા, ઇલાથી પુરૂરવા, પુરૂરવાથી આયુ, આયુથી નહુષ અને નહુષથી યયાતિનો જન્મ થયો હતો. યયાતિની બે પત્નીઓ હતી – દેવયાની અને શર્મિષ્ઠા. દેવયાનીથી બે પુત્ર થયા – યદુ અને તુર્વસુ. શર્મિષ્ઠાના ત્રણ પુત્ર થયા – દ્રુહ્યુ, અનુ અને પૂરુ. યદુથી યાદવ થયા અને પૂરુથી પૌરવ. પૂરુની પત્નીનું નામ કૌશલ્યા હતું. તેનાથી જનમેજયનો જન્મ થયો. તેણે ત્રણ અશ્વમેધ અને એક વિશ્વજિત યજ્ઞ કર્યો હતો. જનમેજયની પત્નીનું નામ અનંતા હતું. તેનાથી પ્રચિન્વાન્ થયો. પ્રચિન્વાન્‌ની પત્ની હતી અશ્મકી, તેનાથી સંયાતિ થયો. સંયાતિની વારાંગી નામની પત્નીથી અહંયાતિનો જન્મ થયો. અહંયાતિની પત્ની ભાનુમતીના ગર્ભથી સાર્વભૌમ નામના પુત્રનો જન્મ થયો. સાર્વભૌમની પત્ની સુનંદાથી જયત્સેનની ઉત્પત્તિ થઈ. જયત્સેનનાં લગ્ન થયાં સુશ્રુવા સાથે. તેના ગર્ભથી અવાચીનનો જન્મ થયો. અવાચીનની પત્ની મર્યાદાથી અરિહ થયો. અરિહની ખલ્વાંગી પત્નીથી મહાભૌમ, મહાભૌમની સુયજ્ઞાથી અયુતનાયી, અયુતનાયીની કામાથી અક્રોધન, અક્રોધનની કરમ્ભાથી દેવાતિથિ, દેવાતિથિની મર્યાદાથી અરિહ અને અરિહની સુદેવા પત્નીથી ઋક્ષ નામના પુત્રનો જન્મ થયો.

ઋક્ષની જ્વાલા નામની પત્નીથી મતિનારનો જન્મ થયો. તેણે સરસ્વતીના તટ પર બાર વર્ષ સુધી સર્વગુણસંપન્ન યજ્ઞ કર્યો. યજ્ઞ સમાપ્ત થતાં સરસ્વતીએ તેની સાથે લગ્ન કરી લીધાં. તેના ગર્ભથી તંસુ થયો. તંસુની પત્ની કાલિંગીથી ઈલિન થયો. ઈલિનની પત્ની રથન્તરીથી દુષ્યન્ત વગેરે પાંચ પુત્રો થયા. દુષ્યન્તની પત્ની શકુન્તલાથી ભરત થયો. ભરતની પત્ની સુનંદાથી ભુમન્યુ, ભુમન્યુની પત્ની વિજયાથી સુહોત્ર અને સુહોત્રની સુવર્ણા નામની પત્નીથી હસ્તીનો જન્મ થયો. તેમણે જ હસ્તિનાપુર વસાવ્યું. હસ્તીની પત્ની યશોધરાના ગર્ભથી વિકુણ્ઠન અને વિકુણ્ઠનની સુદેવાથી અજમીઢ, અજમીઢની જુદી જુદી પત્નીઓથી એકસો ચોવીસ પુત્રો થયા. બધા જુદા જુદા વંશોના પ્રવર્તક થયા. તેમાં ભરતવંશના પ્રવર્તકનું નામ હતું સંવરણ. સંવરણની પત્ની તપતીના ગર્ભથી કુરુનો જન્મ થયો. કુરુની પત્ની શુભાંગીથી વિદૂરથ, વિદૂરથની સંપ્રિયાથી અનશ્વા, અનશ્વાની અમૃતાથી પરીક્ષિત, પરીક્ષિતની સુયશાથી ભીમસેન, ભીમસેનની કુમારીથી પ્રતિશ્રવા અને પ્રતિશ્રવાના પ્રતીપ થયા. પ્રતીપની પત્ની સુનંદાથી ત્રણ પુત્ર થયા – દેવાપિ, શાંતનુ અને બાહ્‌લીક. દેવાપિ બાળક હતા ત્યારે જ તપસ્યા કરવા ચાલ્યા ગયા. શાંતનુ રાજા થયા. તે જે વૃદ્ધને પોતાના હાથનો સ્પર્શ કરતા, તે જુવાન અને સુખી થઈ જતો હતો. એથી જ એમનું નામ શાંતનુ પડ્યું હતું. શાંતનુનાં લગ્ન ભાગીરથી ગંગા સાથે થયાં હતાં. જેનાથી દેવવ્રતનો જન્મ થયો. તેઓ જગતમાં ભીષ્મના નામે પ્રસિદ્ધ છે. ભીષ્મે પોતાના પિતાની પ્રસન્નતા માટે સત્યવતી સાથે તેમનાં લગ્ન કરાવી દીધાં હતાં. તેના ગર્ભથી વિચિત્રવીર્ય અને ચિત્રાંગદ – બે પુત્રો થયા. ચિત્રાંગદ નાનપણમાં જ ગંધર્વોના હાથે યુદ્ધમાં મૃત્યુ પામ્યો. વિચિત્રવીર્ય રાજા થયો. તેની બે પત્નીઓ હતી – અંબિકા અને અંબાલિકા. વિચિત્રવીર્ય સંતાન થાય તે પહેલાં જ મૃત્યુ પામ્યો. તેની માતા સત્યવતીએ વિચાર્યું કે હવે તો દુષ્યંતના વંશનો નાશ થયો. તેણે વ્યાસનું સ્મરણ કર્યું અને તેમના આવ્યા બાદ કહ્યું કે 'તારો ભાઈ વિચિત્રવીર્ય સંતાનહીન અવસ્થામાં મૃત્યુ પામ્યો છે. તું તેના વંશની રક્ષા કર.' વ્યાસજીએ

માતાની આજ્ઞા સ્વીકારીને અંબિકાથી ધૃતરાષ્ટ્ર, અંબાલિકાથી પાંડુ અને તેમની દાસીથી વિદુરને ઉત્પન્ન કર્યા. વ્યાસજીના વરદાનથી ધૃતરાષ્ટ્રને સો પુત્ર થયા. તેમનામાં ચાર મુખ્ય હતા – દુર્યોધન, દુઃશાસન, વિકર્ણ અને ચિત્રસેન. પાંડુની પત્ની કુંતીથી ત્રણ પુત્ર થયા – યુધિષ્ઠિર, ભીમસેન અને અર્જુન. તેમની બીજી પત્ની માદ્રીથી બે પુત્ર થયા – નકુલ અને સહદેવ. દ્રૌપદીના ગર્ભથી પાંચેય પાંડવોના ક્રમશઃ પ્રતિવિન્ધ્ય, સુતસોમ, શ્રુતકીર્તિ, શતાનીક અને શ્રુતકર્માનો જન્મ થયો.

યુધિષ્ઠિરની એક બીજી પત્ની હતી, તેનું નામ દેવિકા હતું. તેના ગર્ભથી યૌધેય થયો. ભીમસેનને કાશીરાજની કન્યા બલન્ધરાથી સર્વગ નામનો પુત્ર થયો હતો. અર્જુને ભગવાન શ્રીકૃષ્ણની બહેન સુભદ્રા સાથે લગ્ન કર્યાં હતાં. તેમને અભિમન્યુ નામનો પુત્ર હતો. તે બહુ ગુણવાન અને ભગવાન શ્રીકૃષ્ણનો પ્રીતિપાત્ર હતો. નકુલની પત્ની કરેણુમતીથી નિરમિત્ર અને સહદેવની પત્ની વિજયાથી સુહોત્રનો જન્મ થયો હતો. ભીમસેનને આ પહેલાં હિડિમ્બાના ગર્ભથી ઘટોત્કચ નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો. આમ પાંડવોના અગિયાર પુત્રો હતા. પરંતુ વંશનો વિસ્તાર અભિમન્યુથી જ થયો. આ ઉપરાંત અર્જુનને બે પુત્રો હતા – ઉલૂપીથી ઇરાવાન્ અને ચિત્રાંગદાથી બભ્રુવાહન. તે બંને પોતપોતાની માતાની સાથે તેમના નાનાને ત્યાં રહ્યા અને તેમના જ ઉત્તરાધિકારી થયા. અભિમન્યુનાં લગ્ન વિરાટકુમારી ઉત્તરા સાથે થયાં હતાં. તેના ગર્ભથી એક મરેલા બાળકનો જન્મ થયો જેને ભગવાન શ્રીકૃષ્ણે જીવતો કર્યો. તેનું મૃત્યુ માતાના ગર્ભમાં અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી થયું હતું. કુરુવંશ ક્ષીણ થયા પછી તેનો જન્મ થયો હતો, તેથી તે પરીક્ષિતના નામે પ્રસિદ્ધ થયો. પરીક્ષિતની પત્ની માદ્રવતીના પુત્ર તમે છો. તમારી બહુષ્ટમા નામની પત્નીથી બે પુત્ર થયા છે – શતાનીક અને શંકુકર્ણ. શતાનીકને પણ એક પુત્ર થઈ ચૂક્યો છે – અશ્વમેધદત્ત. આ પ્રમાણે મેં તમારા પ્રશ્ન અનુસાર પૂરુવંશનું વર્ણન કર્યું.

—★—

## રાજર્ષિ શાન્તનુનો ગંગા સાથે વિવાહ અને તેમના પુત્ર ભીષ્મનું યુવરાજ થવું

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! ઇક્ષ્વાકુવંશમાં મહાભિષ નામના રાજા હતા. તેઓ મહાન સત્યનિષ્ઠ અને વીર હતા. તેઓ મોટા-મોટા અશ્વમેધ અને રાજસૂય યજ્ઞો કરીને સ્વર્ગમાં ગયા. એક દિવસ ઘણા દેવતાઓ અને રાજર્ષિઓ, જેમાં મહાભિષ પણ હતા, બ્રહ્માજીની સેવામાં ઉપસ્થિત થયા. તે જ સમયે ગંગાજી પણ ત્યાં આવ્યાં. વાયુએ તેમના શ્વેતવસ્ત્રને તેમના શરીર પરથી થોડું ખસકાવી દીધું. ત્યારે ત્યાં ઊભેલા બધા લોકોએ પોતાની આંખો નીચી કરી લીધી, પરંતુ રાજર્ષિ મહાભિષ તેમને નિઃશંક જોતા રહ્યા. ત્યારે બ્રહ્માજીએ કહ્યું, 'મહાભિષ! હવે તમે મૃત્યુલોકમાં જાઓ. જે ગંગાને તમે જોયા કરો છો, તે તમારું અપ્રિય કરશે અને તમે જ્યારે તેના પર ક્રોધ કરશો ત્યારે આ શાપથી મુક્ત થઈ જશો.'

મહાભિષે બ્રહ્માજીની આજ્ઞા શિરોધાર્ય કરીને એવો નિશ્ચય કર્યો કે હું પુરુવંશી રાજા પ્રતીપનો પુત્ર બનું. ગંગાજી જ્યારે ત્યાંથી પાછાં ફર્યાં, ત્યારે રસ્તામાં વસુઓ સાથે તેમની મુલાકાત

થઈ. તેઓ પણ વસિષ્ઠના શાપથી તેજહીન થઈ રહ્યા હતા. તેમને એવો શાપ મળ્યો હતો કે તમે લોકો મનુષ્યયોનિમાં જન્મ લો. ગંગાજીએ તેમની સાથે વાતચીત કર્યા પછી એવું સ્વીકારી લીધું કે તમને હું મારા ગર્ભમાં ધારણ કરીશ અને તરત જ મનુષ્યયોનિથી મુક્ત કરી દઈશ. તે આઠે વસુઓએ પોતાપોતાના અષ્ટમાંશથી એક પુત્ર મૃત્યુલોકમાં રાખવાની પ્રતિજ્ઞા કરી અને એવું પણ કહી દીધું કે તે અપુત્ર રહેશે.

અહીં પૂરુવંશના રાજા પ્રતીપ પોતાની પત્ની સાથે ગંગાદ્વાર પર તપસ્યા કરી રહ્યા હતા. એક દિવસ ભગવતી ગંગા મનોહર રૂપ ધારણ કરીને તેમની પાસે આવ્યાં. વાતચીત થયા પછી એવું નક્કી થયું કે તેઓ રાજા પ્રતીપના ભાવિ પુત્રની પત્ની બને. ગંગાજીએ પ્રતીપની વાત સ્વીકારી લીધી અને રાજા પ્રતીપે પોતાની પત્ની સાથે પુત્રપ્રાપ્તિ માટે ઉગ્ર તપસ્યા કરી. વૃદ્ધાવસ્થામાં એમને ત્યાં મહાભિષે પુત્રરૂપે જન્મ લીધો. તે સમયે રાજા પ્રતીપ શાન્ત થઈ રહ્યા હતા અથવા તેમનો વંશ શાન્ત થઈ રહ્યો હતો; એવી અવસ્થામાં પુત્ર થવાને કારણે તેનું નામ 'શાંતનુ' પડ્યું. જ્યારે શાંતનુ જુવાન થયા, ત્યારે પિતાએ તેમને કહ્યું કે 'તારી પાસે એક દિવ્ય સ્ત્રી પુત્રની અભિલાષાથી આવશે. તું તેની કોઈ પૂછ-પરછ કરતો નહિ. તે જે કાંઈ કરે, તેને કશું કહીશ નહિ.' આવું કહીને તેમણે પુત્ર શાંતનુને રાજગાદી પર બેસાડ્યા અને સ્વયં વનમાં ચાલ્યા ગયા.

એકવાર રાજર્ષિ શાંતનુ શિકાર ખેલતાં ખેલતાં ગંગાતટ પર જઈ પહોંચ્યા. તેમણે ત્યાં એક પરમ સુંદર સ્ત્રી જોઈ. તે બીજી લક્ષ્મી જેવી લાગતી હતી. તેનું સૌંદર્ય જોઈને શાંતનુ ચકિત થઈ ગયા. આખા શરીરમાં રોમાંચ થયો. તે દિવ્ય સ્ત્રીના મનમાં પણ તેમના પ્રત્યે પ્રેમ ઊમટી આવ્યો. શાંતનુએ તેનો પરિચય પૂછીને યાચના કરી કે 'તું મને પતિરૂપે સ્વીકારી લે.' દેવીએ કહ્યું – રાજન્ મને તમારી રાણી થવું સ્વીકાર્ય છે. શરત એ છે કે હું સારું-ખોટું જે કંઈ કરું, તમે મને રોકશો નહિ, કશું કહેશો નહિ. જ્યાં સુધી તમે મારી આ શરત માનશો, ત્યાં સુધી હું તમારી પાસે રહીશ. જે દિવસે તમે મને રોકશો અથવા ઠપકો આપશો તે દિવસે હું તમને છોડીને ચાલી જઈશ.' રાજાએ તેની વાતનો સ્વીકાર કરી લીધો. ગંગાદેવીને ઘણી પ્રસન્નતા થઈ. રાજાએ પણ કશી પૂછપરછ ન કરી.

રાજર્ષિ શાંતનુ ગંગાજીના શીલ, સદાચાર, રૂપ, સૌંદર્ય, ઉદારતા વગેરે સદ્ગુણો અને સેવાથી ઘણા જ પ્રસન્ન થયા. તેઓ ગંગાદેવી પર એ રીતે આસક્ત થઈ ગયા કે તેમને ઘણાં વર્ષો વીતી ગયાનો ખ્યાલ પણ રહ્યો નહિ. અત્યાર સુધીમાં ગંગાજીના ગર્ભથી સાત પુત્રો ઉત્પન્ન થઈ ચૂક્યા હતા. પરંતુ જ્યાં પુત્ર થતો ત્યાં તરત જ ગંગાજી 'હું તારી પ્રસન્નતાનું કાર્ય કરું છું.' એવું કહીને તેને ગંગાની ધારામાં નાખી દેતાં હતાં. રાજા શાંતનુને આ કૃત્ય ઘણું જ વ્યથિત કરી રહ્યું હતું, પરંતુ તેઓ એ ભયથી કશું બોલતા નહિ કે 'ક્યાંક આ મને છોડીને ચાલી ન જાય.' સાતેય પુત્રોની આવી જ ગતિ થઈ. આઠમો પુત્ર થયો ત્યારે પણ તેઓ હસી રહ્યાં હતાં. રાજા શાંતનુને આથી ઘણું દુઃખ થયું અને તેમના મનમાં એવી ઇચ્છા થઈ કે તે પુત્ર મને મળી જાય. તેમણે કહ્યું, 'અરે! તું કોણ છે અને કોની પુત્રી છે? આ બાળકોને કેમ મારી નાખે છે? અરે પુત્રહત્યારી! આ તો મોટું પાપ છે.' ગંગાદેવીએ કહ્યું, 'ઓ પુત્રની ઇચ્છાવાળા! લો, હું આ તમારા લાડલાને નથી મારતી. હવે

શરત પ્રમાણે હું અહીં રહીશ નહિ. જુઓ, હું જહ્નુની પુત્રી ગંગા છું. મોટા-મોટા મહર્ષિઓ મારું સેવન કરે છે. દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવા માટે જ હું આટલા દિવસ તમારી પાસે રહી છું. મારા આ આઠેય પુત્રો આઠ વસુ છે. વસિષ્ઠજીના શાપથી આમને મનુષ્યયોનિમાં જન્મ લેવો પડ્યો હતો. તેમને મનુષ્યલોકમાં તમારા જેવા પિતા અને મારા જેવી મા મળી શકતી ન હતી. વસુઓના પિતા હોવાને કારણે તમને અક્ષય લોકોની પ્રાપ્તિ થશે. મેં તેમને તરત જ મુક્ત કરવાની પ્રતિજ્ઞા કરી લીધી હતી, તેથી આ પ્રમાણે કર્યું. હવે તેઓ શાપમુક્ત થઈ ગયા, હું જઈ રહી છું. આ પુત્ર વસુઓનો અષ્ટમાંશ છે. આની તમે રક્ષા કરો.'

**શાંતનુએ કહ્યું** – 'વસિષ્ઠ ઋષિ કોણ હતા? તેમણે વસુઓને શાપ શા માટે આપ્યો? આ શિશુએ એવું કયું કર્મ કર્યું છે, જેથી આ મનુષ્યલોકમાં રહેશે? વસુઓએ મનુષ્યયોનિમાં શા માટે જન્મ લીધો? આ બધી વાત મને જણાવો.' ગંગાદેવીએ કહ્યું, 'વિશ્વવિખ્યાત વસિષ્ઠમુનિ વરુણના પુત્ર છે. મેરુ પર્વત પાસે જ તેમનો બહુ જ પવિત્ર, સુંદર અને સુખદ આશ્રમ છે. તેઓ ત્યાં તપસ્યા કરે છે. કામધેનુની પુત્રી નન્દિની તેમને યજ્ઞનું હવિષ્ય આપવા માટે ત્યાં જ રહે છે. એકવાર પૃથુ વગેરે વસુઓ પોતાની પત્નીઓ સાથે તે વનમાં આવ્યા. એક વસુપત્નીની દૃષ્ટિ સમસ્ત કામનાઓને પૂર્ણ કરનારી નન્દિની પર પડી. તેણે તેને પોતાના પતિ દ્યૌ નામના વસુને બતાવી. વસુએ કહ્યું, 'પ્રિયે! આ સર્વોત્તમ ગાય વસિષ્ઠ મુનિની છે. જો કોઈ મનુષ્ય આ ગાયનું દૂધ પીએ તો દસ હજાર વર્ષ સુધી જીવે અને જુવાન રહે.' વસુપત્નીએ કહ્યું, 'હું મારી સખી માટે આ ગાયને લઈ જવા ઇચ્છું છું, તમે તેનું હરણ કરીને લઈ ચાલો.' પોતાની પત્નીની વાત માનીને દ્યૌએ પોતાના ભાઈઓને બોલાવ્યા અને તે ગાયનું હરણ કરીને લઈ ગયા. વસુને તે સમયે એ વાતનું ધ્યાન ન રહ્યું કે ઋષિ મહાન તપસ્વી છે અને તેઓ અમને શાપ આપીને દેવયોનિથી ચ્યુત કરી શકે છે.

જ્યારે મહર્ષિ વસિષ્ઠ ફળ-ફૂલ લઈને પોતાના આશ્રમે પહોંચ્યા, ત્યારે પૂરા વનમાં શોધવા છતાં તેમને તેમની ગાય (વાછડા સાથે) ન મળી. તેમણે દિવ્ય દૃષ્ટિથી જોઈને વસુઓને શાપ આપ્યો, 'વસુઓએ મારી ગાયનું હરણ કર્યું છે, તેથી મનુષ્યયોનિમાં તેમનો જન્મ થશે.' જ્યારે પરમ તપસ્વી અને પ્રભાવશાળી બ્રહ્મર્ષિ વસિષ્ઠે વસુઓને શાપ આપી દીધો અને તેમને આ વાતની ખબર પડી ત્યારે તેઓ ઋષિને પ્રસન્ન કરવા માટે નન્દિની સાથે તેમના આશ્રમ પર આવ્યા. વસિષ્ઠે કહ્યું, 'બીજા બધા તો એક-એક વર્ષમાં જ મનુષ્ય-જન્મથી મુક્તિ મેળવી શકશે, પરંતુ આ દ્યૌ નામનો વસુ પોતાનાં કર્મ ભોગવવા માટે ઘણા દિવસો સુધી મૃત્યુલોકમાં રહેશે. મારા મુખેથી નીકળેલી વાત ક્યારેય મિથ્યા થઈ શકતી નથી. આ વસુ પણ મૃત્યુલોકમાં સંતાન ઉત્પન્ન કરશે નહિ. સાથે-સાથે પોતાના પિતાની પ્રસન્નતા અને ભલાઈ માટે સ્ત્રી-સમાગમનો પણ ત્યાગ કરશે.' વસિષ્ઠજીની વાત સાંભળીને બધા મારી પાસે આવ્યા અને એવી પ્રાર્થના કરી કે અમને જન્મ લેતાં જ તમે અમને પોતાનાં જળમાં ફેંકી દેજો. મેં સ્વીકાર કરી લીધો અને તે જ પ્રમાણે કર્યું. આ અંતિમ વસુ તે દ્યૌ નામક વસુ છે. આ ચિરકાળ સુધી મનુષ્યલોકમાં રહેશે.' આવું કહીને ગંગાજી તે કુમાર સાથે અંતર્ધાન થઈ ગયાં.

જનમેજય! રાજા શાંતનુ અત્યંત મેધાવી, ધર્માત્મા અને સત્યનિષ્ઠ હતા. મોટા-મોટા દેવર્ષિઓ અને રાજર્ષિઓ તેમનો આદર કરતા હતા. ઇન્દ્રિયનિગ્રહ, દાન, ક્ષમા, જ્ઞાન, સંકોચ, ધૈર્ય અને તેજ તેમનામાં સ્વાભાવિકરૂપે વિદ્યમાન હતાં. તેઓ ધર્મનીતિ તથા અર્થનીતિમાં નિપુણ હતા. તેઓ માત્ર ભારતવર્ષના જ નહિ સંપૂર્ણ પ્રજાના એકમાત્ર રક્ષક હતા. તેમનું ચરિત્ર જોઈને બધા લોકોએ એ જ નિશ્ચય કર્યો કે કામ અને અર્થથી ચઢિયાતો ધર્મ જ છે. તે સમયમાં ધાર્મિકતામાં તેઓ સૌથી મોખરે હતા. પ્રજાનો શોક, ભય અને વિઘ્નો દૂર થઈ ગયાં હતાં; બધા સુખની નિદ્રા લેતા અને સુખેથી જીવનયાપન કરતા હતા. તેમના તેજસ્વી શાસનથી પ્રભાવિત થઈને બીજા સામંત રાજાઓ પણ યજ્ઞ, દાન વગેરેમાં તત્પર રહેતા હતા. વર્ણાશ્રમ-ધર્મ ઉત્તરોત્તર પુષ્ટ બનવા લાગ્યો. ક્ષત્રિયો બ્રાહ્મણોની સેવા કરતા, વૈશ્યો ક્ષત્રિયોનું અનુકરણ કરતા અને શૂદ્રો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોની પ્રેમથી સેવા કરતા હતા. તેમની રાજધાની હતી હસ્તિનાપુર. ત્યાંથી જ તેઓ સમગ્ર પૃથ્વીનું શાસન કરતા હતા. તેમના શાસનકાળમાં પશુ, શૂકર, હરણ અને પક્ષીઓ વગેરે સુધ્ધાંને કોઈ મારી શકતું નહિ. તેમના રાજ્યમાં બ્રાહ્મણોની પ્રધાનતા હતી અને તેઓ સ્વયં ખૂબ વિનય સાથે રાગ-દ્વેષ-રહિત થઈને પ્રજાનું પાલન-શાસન કરતા હતા. દેવતાઓ, ઋષિઓ, પિતરોના યજ્ઞો માટે પ્રજાને પ્રોત્સાહિત કરવામાં આવતી. રાજા શાંતનુ દુ:ખી, અનાથ અને પશુ-પક્ષી બધાંની રક્ષા કરતા હતા. તે સમયમાં બધાંની વાણી સત્યાશ્રયી હતી અને બધાંનું મન દાન માટે ઉત્સાહિત હતું. છત્રીસ વર્ષ સુધી પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરતાં રહીને રાજાએ વનવાસી જેવું જીવન વ્યતીત કર્યું.

એક દિવસ રાજા શાંતનુ ગંગાનદીના કિનારે વિચરી રહ્યા હતા. તેમણે જોયું કે ગંગાજીનું જળ બહુ ઓછું થઈ ગયું છે. તેઓ બહુ જ વિસ્મિત અને ચિંતિત થયા કે આજે દેવનદી ગંગા વહેતી કેમ નથી! આગળ વધીને તેમને તપાસ કરતાં જણાયું કે એક મોટો મનસ્વી, સુંદર અને કદાવર કુમાર દિવ્ય અસ્ત્રોનો અભ્યાસ કરી રહ્યો છે અને તેણે પોતાનાં બાણોના પ્રભાવથી ગંગાજીની ધારા રોકી દીધી છે. આ અલૌકિક કર્મ જોઈને તે બહુ જ ચકિત થઈ ગયા. તેમણે પોતાના પુત્રને જન્મ વખતે જ જોયો હતો, તેથી ઓળખી ન શક્યા. તે કુમારે રાજર્ષિ શાંતનુને માયાથી મોહિત કરી દીધા અને સ્વયં અંતર્ધાન થઈ ગયો. ત્યારે રાજર્ષિ શાંતનુએ ગંગાજીને કહ્યું કે 'તે કુમારને બતાવો.' ગંગાજી સુંદર રૂપ ધારણ કરીને પોતાના પુત્રનો જમણો હાથ પકડીને તેમની સામે આવ્યાં. તેમનું અનુપમ સૌંદર્ય, દિવ્ય આભૂષણ અને નિર્મળ વસ્ત્ર જોઈને રાજર્ષિ શાંતનુ તેમને ઓળખી ન શક્યા. ગંગાજીએ કહ્યું કે, 'મહારાજ! આ તમારો આઠમો પુત્ર છે, જે મારાથી ઉત્પન્ન થયો હતો. આપ આનો સ્વીકાર કરો અને તમારી રાજધાનીમાં લઈ જાઓ. આણે વસિષ્ઠ ઋષિ પાસેથી સાંગોપાંગ વેદોનું અધ્યયન કરી લીધું છે, અસ્ત્રોનો અભ્યાસ પૂરો કરી ચૂક્યો છે. આ શ્રેષ્ઠ ધનુર્ધર યુદ્ધમાં દેવરાજ ઇન્દ્ર જેવો છે. દેવતા અને અસુર બધા આનું સન્માન કરે છે. દૈત્યગુરુ શુક્રાચાર્ય અને દેવગુરુ બૃહસ્પતિ જે કાંઈ જાણે છે, તે બધું આ પણ જાણે છે. સ્વયં ભગવાન પરશુરામને જે શસ્ત્રાસ્ત્રોનું જ્ઞાન છે, તે પણ આ જાણે છે. તમે આ ધર્માર્થનિપુણ ધનુર્ધર વીરને તમારી રાજધાનીમાં લઈ જાઓ. હું આને તમને

સોંપું છું.' રાજર્ષિ શાંતનુ પોતાના પુત્રને રાજધાનીમાં લાવીને ઘણા સુખી થયા અને તરત જ તેનો યુવરાજ-પદ પર અભિષેક કરી દીધો. ગંગાનંદન દેવવ્રતે પોતાનાં શીલ અને સદાચારથી સંપૂર્ણ દેશને પ્રસન્ન કરી દીધો. આ પ્રમાણે અત્યંત આનંદમાં ચાર વર્ષ બીજાં વીતી ગયાં.

—★—

## ભીષ્મની દુષ્કર પ્રતિજ્ઞા અને શાંતનુને સત્યવતીની પ્રાપ્તિ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! એક દિવસ રાજર્ષિ શાંતનુ યમુના કિનારે વિચરણ કરી રહ્યા હતા. તેમને ત્યાં ખૂબ જ શ્રેષ્ઠ સુગંધ આવતી જણાઈ, પરંતુ એ ન જાણી શકાયું કે આ સુગંધ ક્યાંથી આવી રહી છે. તેમણે તે સુગંધ ક્યાંથી આવે છે તેનો પત્તો મેળવવાની કોશિશ કરી. ત્યાંના નિષાદોમાં તેમને એક દેવાંગના જેવી કન્યા જોવા મળી. રાજાએ તેને પૂછ્યું, 'કલ્યાણી, તું કોની કન્યા છે?' કન્યાએ કહ્યું, 'હું નિષાદકન્યા છું. પિતાની આજ્ઞાથી ધર્મના પાલનરૂપે નાવ ચલાવું છું.' તેનાં સૌંદર્ય, માધુર્ય અને સુગંધથી મોહિત થઈને રાજર્ષિ શાંતનુએ તેને પોતાની પત્ની બનાવવા માટે તેના પિતા પાસે જઈને તેની માગણી કરી. નિષાદરાજે કહ્યું, 'જ્યારથી આ દિવ્ય કન્યા મને મળી છે, ત્યારથી હું તેનાં લગ્ન માટે ચિંતિત છું. પરંતુ આના સંબંધમાં મારા મનમાં એક ઈચ્છા છે. જો તમે આને ધર્મપત્ની બનાવવા ચાહો છો તો તમે સોગંદપૂર્વક એક પ્રતિજ્ઞા કરો, કેમકે તમે સત્યવાદી છો. તમારા જેવો વર મને બીજે ક્યાં મળશે? તેથી હું તમારા દ્વારા પ્રતિજ્ઞા કરી લીધા પછી આનાં લગ્ન તમારી સાથે કરી દઈશ.' શાંતનુએ કહ્યું, 'પહેલાં તમે તમારી શરત કહો. કોઈ આપવા યોગ્ય વચન હશે તો આપીશ, નહિ તો કોઈ બંધન થોડું જ છે?' નિષાદરાજે કહ્યું, 'આના ગર્ભથી જે પુત્ર થાય, તે જ તમારા પછી રાજ્યનો અધિકારી થાય, બીજું કોઈ નહિ.'

જોકે રાજા શાંતનુ તે સમયે કામથી અત્યંત પીડિત હતા, છતાં પણ તેમણે તેની શરતનો સ્વીકાર ન કર્યો. તેઓ કામવશ અચેત જેવા થઈ રહ્યા હતા અને તે જ કન્યાનું ચિંતન કરતા રહીને હસ્તિનાપુર પાછા આવ્યા. એક દિવસ દેવવ્રતે પોતાના પિતાને ચિંતિત જોયા એટલે તેમની પાસે આવીને કહેવા લાગ્યા, 'પિતાજી! પૃથ્વીના બધા રાજાઓ તમારા વશમાં છે. તમે બધી રીતે સકુશળ છો. પછી તમે દુઃખી થઈને હંમેશાં શું વિચારતા રહો છો? તમે એટલા ચિંતિત છો કે ન મને મળો છો કે ન ઘોડા પર બેસીને બહાર જાઓ છો. તમારો ચહેરો ફિક્કો અને નિસ્તેજ થઈ ગયો છે. તમે દૂબળા થઈ ગયા છો. કૃપા કરીને તમારો રોગ મને જણાવો, હું તેનો ઉપાય કરીશ.' શાંતનુએ કહ્યું, 'બેટા! ખરેખર હું ચિંતિત છું. આપણા આ મહાન વંશમાં એકમાત્ર તું જ વંશધર છે અને તું પણ હંમેશાં સશસ્ત્ર રહીને વીરતાના કાર્યમાં તત્પર રહે છે. જગતમાં નિરંતરપણે લોકો મરતા-નષ્ટ થતા રહે છે, આ જોઈને હું ઘણો ચિંતિત છું. ભગવાન ન કરે કે આવું કંઈ થાય, પણ જો તારા પર કોઈ વિપત્તિ આવી પડી તો આપણા વંશનો તો નાશ થઈ જશે. ખરેખર તું એકલો જ સેંકડો પુત્રોથી શ્રેષ્ઠ છે અને હું વ્યર્થમાં વધારે લગ્નો પણ કરવા ઈચ્છતો નથી, છતાં પણ વંશપરંપરાની રક્ષા માટે તો ચિંતા છે જ.' ગંગાનંદન દેવવ્રતે પોતાની

અલૌકિક બુદ્ધિ-શક્તિથી બધું જ સમજી-જાણી લીધું અને વૃદ્ધ મંત્રીને પૂછીને યથાર્થ કારણ અને નિષાદરાજની શરત જાણી લીધી.

હવે દેવવ્રત વડિલ-વૃદ્ધ ક્ષત્રિયોને લઈને દાસરાજના નિવાસસ્થાન તરફ ગયા અને ત્યાં જઈને પોતાના પિતાને માટે સ્વયં કન્યાની માગણી કરી. નિષાદરાજે દેવવ્રતનો બહુ આદર-સત્કાર કર્યો અને ભરીસભામાં કહ્યું, 'ભરતવંશ–શિરોમણિ! રાજર્ષિ શાંતનુની વંશરક્ષા માટે તમે એકલા જ પર્યાપ્ત છો. છતાં પણ આવો ઈચ્છવાયોગ્ય સંબંધ તૂટી જવાથી સ્વયં ઈન્દ્રને પણ પશ્ચાત્તાપ કરવો પડશે. આ કન્યા જે શ્રેષ્ઠ રાજાની પુત્રી છે, તે પણ તમારી બરાબરીના છે. તેમણે મને વારંવાર સંદેશો મોકલ્યો છે કે તમે મારી પુત્રી સત્યવતીનાં લગ્ન રાજર્ષિ શાંતનુ સાથે કરજો. પરંતુ હું આ કન્યાનું પાલન-પોષણ કરનાર હોવાને લીધે એક રીતે આનો પિતા જ છું, તેથી કહું છું કે આ લગ્નસંબંધમાં એક જ દોષ છે. તે એ છે કે સત્યવતીના પુત્રનો શત્રુ બહુ પ્રબળ થશે. યુવરાજ! જેના તમે શત્રુ થઈ જશો, તે ભલે ગંધર્વ હોય કે અસુર, જીવતો રહી શકશે નહિ. આવું વિચારીને જ તમારા પિતાને આ કન્યા મેં ન આપી.' ગંગાપુત્ર દેવવ્રતે નિષાદરાજની વાત સાંભળીને ક્ષત્રિયોના સમાજમાં પોતાના પિતાના મનોરથને પૂરો કરવા માટે પ્રતિજ્ઞા કરી – 'નિષાદરાજ! હું સોગંદપૂર્વક આ સત્ય પ્રતિજ્ઞા કરું છું કે આના ગર્ભથી જે પુત્ર થશે, તે જ અમારો રાજા થશે. મારી આ કઠોર પ્રતિજ્ઞા અભૂતપૂર્વ છે અને ભવિષ્યમાં પણ ભાગ્યે જ કોઈ આવી પ્રતિજ્ઞા કરે.' નિષાદરાજ હજી કાંઈક વધારે ઈચ્છતો હતો. તેણે કહ્યું, 'યુવરાજ! તમે સત્યવતી માટે જે પ્રતિજ્ઞા કરી છે, તે તમારે અનુરૂપ જ છે. આના વિશે મને કોઈ સંદેહ નથી. મારા મનમાં છતાં એક સંદેહ જરૂર છે, તે એ છે કે કદાચ તમારો પુત્ર સત્યવતીના પુત્ર પાસેથી રાજ્ય છીનવી લે.' દેવરાજે નિષાદરાજનો આશય સમજી લઈને ક્ષત્રિયોની ભરી સભામાં કહ્યું, 'ક્ષત્રિયો! મેં મારા પિતા માટે રાજ્યનો પરિત્યાગ તો પહેલાં જ કરી દીધો છે. હવે સંતાન માટે આજે નિશ્ચય કરી રહ્યો છું. નિષાદરાજ! આજથી મારું બ્રહ્મચર્ય અખંડ રહેશે. સંતાન ન થવા છતાં મને અક્ષય લોકોની પ્રાપ્તિ થશે.'

દેવવ્રતની આ કઠોર પ્રતિજ્ઞા સાંભળીને નિષાદરાજના શરીરમાં રોમાંચ થયો. તેણે કહ્યું, 'હું કન્યા આપું છું.' તે જ સમયે આકાશમાંથી દેવતાઓ, ઋષિઓ અને અપ્સરાઓ દેવવ્રત પર પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યાં અને બધાંએ કહ્યું – 'આ ભીષ્મ (ભીષણ) છે, આનું નામ 'ભીષ્મ' થવું જોઈએ. ત્યાર પછી દેવવ્રત ભીષ્મ સત્યવતીને રથમાં બેસાડી હસ્તિનાપુર લઈ આવ્યા અને પોતાના પિતાને સોંપી દીધી. દેવવ્રતની આ ભીષણ પ્રતિજ્ઞાની પ્રશંસા બધા લોકો ભેગા થઈને અને અલગ-અલગ પણ કરવા લાગ્યા. બધાએ કહ્યું, 'ખરેખર આ ભીષ્મ છે.' ભીષ્મનું આ દુષ્કર કાર્ય સાંભળીને શાંતનુ રાજા બહુ પ્રસન્ન થયા. તેમણે પોતાના પુત્રને વરદાન આપ્યું, 'મારા નિષ્પાપ પુત્ર! જ્યાં સુધી તું જીવવા ઈચ્છીશ, ત્યાં સુધી મૃત્યુ તારો વાળ પણ વાંકો કરી નહિ શકે. તારી સ્વીકૃતિ લઈને જ તે તારા પર પોતાનો પ્રભાવ પાડી શકશે.'

—★—

# ચિત્રાંગદ અને વિચિત્રવીર્યનું ચરિત્ર, ભીષ્મનું પરાક્રમ અને દૃઢપ્રતિજ્ઞા તથા ધૃતરાષ્ટ્ર આદિનો જન્મ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! રાજર્ષિ શાંતનુની પત્ની સત્યવતીના ગર્ભથી બે પુત્ર થયા – ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય. બંને અત્યંત શ્રેષ્ઠ અને પરાક્રમી હતા. હજી ચિત્રાંગદે યુવાવસ્થામાં પ્રવેશ પણ કર્યો ન હતો ત્યાં જ રાજર્ષિ શાંતનુનો સ્વર્ગવાસ થઈ ગયો. ભીષ્મજીએ સત્યવતીની સંમતિથી ચિત્રાંગદને રાજગાદી પર બેસાડ્યો. તેણે પોતાના પરાક્રમથી બધા રાજાઓને પરાજિત કર્યા. તે કોઈ પણ મનુષ્યને પોતાની બરાબરીનો સમજતો ન હતો. ગંધર્વરાજ ચિત્રાંગદે આવું જોઈને કે શાંતનુનો પુત્ર ચિત્રાંગદ પોતાનાં બળ-પરાક્રમથી દેવતા, મનુષ્ય અને અસુરોને તુચ્છ ગણે છે, તેથી તેના પર આક્રમણ કર્યું અને બંને ચિત્રાંગદોમાં કુરુક્ષેત્રના મેદાનમાં ભયંકર યુદ્ધ થયું. સરસ્વતી નદીના કિનારે ત્રણ વર્ષ સુધી આ યુદ્ધ ચાલતું રહ્યું. ગંધર્વરાજ ચિત્રાંગદ બહુ મોટો માયાવી હતો. તેના હાથે રાજા ચિત્રાંગદનું મૃત્યુ થઈ ગયું. દેવવ્રત ભીષ્મે ભાઈની અંત્યેષ્ટિ ક્રિયા કર્યા પછી વિચિત્રવીર્યનો રાજ્યગાદી પર અભિષેક કર્યો. વિચિત્રવીર્ય પણ હજી જુવાન થયા ન હતા, બાળક જ હતા. તેઓ ભીષ્મની આજ્ઞાનુસાર પોતાના પૈતૃક (વારસામાં મળેલા) રાજ્યનું શાસન કરવા લાગ્યા. વિચિત્રવીર્ય આજ્ઞાકારી હતા અને ભીષ્મ રક્ષક હતા.

જ્યારે ભીષ્મે જોયું કે મારો ભાઈ જુવાન થઈ ગયો છે, ત્યારે તેમણે તેનાં લગ્નનો વિચાર કર્યો. તે દરમિયાન તેમને એવા સમાચાર મળ્યા કે કાશીનરેશની ત્રણ કન્યાઓનો સ્વયંવર થઈ રહ્યો છે. માતાની સંમતિ લઈને તેઓ એકલા જ રથમાં બેસીને કાશી જવા રવાના થયા. સ્વયંવર ટાણે જ્યારે રાજાઓનો પરિચય અપાવા લાગ્યો ત્યારે શાંતનુનંદન ભીષ્મને એકલા અને વૃદ્ધ સમજીને સુંદર કન્યાઓ ગભરાઈને આગળ વધી ગઈ. તેમણે જાણ્યું કે આ વૃદ્ધ છે. ત્યાં બેઠેલા રાજાઓ પણ આપસમાં મલકાતા-મલકાતા કહેવા લાગ્યા કે ભીષ્મે તો બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી, હવે વાળ ધોળા થઈ જવા છતાં અને શરીર પર કરચળીઓ પડી ગયા પછી આ વૃદ્ધ લાજ મૂકીને અહીં શા માટે આવ્યો છે? આ બધું જોઈ-સાંભળીને ભીષ્મને ક્રોધ આવી ગયો. તેમણે પોતાના ભાઈને માટે બળપૂર્વક હરણ કરીને કન્યાઓને રથ પર બેસાડી દીધી અને કહ્યું કે 'ક્ષત્રિયો અને મોટા-મોટા ધર્મજ્ઞ મુનિઓ પણ સ્વયંવર-વિવાહની પ્રશંસા કરે છે. પરંતુ હે રાજાઓ! હું તમારી સામે જ આ કન્યાઓનું બળપૂર્વક હરણ કરી રહ્યો છું. તમે લોકો તમારી પૂરી શક્તિ વડે મને જીતી લો અથવા હારીને ભાગી જાઓ. હું તમારી સામે યુદ્ધ માટે અડીખમ ઊભો છું.' આ પ્રમાણે બધા રાજાઓ અને કાશીનરેશને પડકાર ફેંકીને તેઓ કન્યાઓને લઈને ચાલતા થયા.

ભીષ્મની આ વાતથી ચિડાઈને બધા રાજાઓ ઉત્તેજિત થઈને હોઠ પીસતા ભીષ્મ પર તૂટી પડ્યા. મોટું રોમાંચકારી યુદ્ધ થયું. બધાએ ભીષ્મ પર એકસાથે દસહજાર બાણ ચલાવ્યાં, પરંતુ તેમણે એકલા હાથે બધાંને કાપી નાખ્યાં. તેમણે બાણોની ઝડીથી ભીષ્મને રોકવાનો પ્રયત્ન કર્યો પરંતુ કોઈનું કાંઈ ઊપજ્યું નહિ. તે ભયંકર યુદ્ધ દેવાસુર-સંગ્રામ જેવું હતું. ભીષ્મે તે યુદ્ધભૂમિમાં હજારો ધનુષ્ય, બાણ, ધજાઓ, કવચ અને માથાં કાપી નાખ્યાં. ભીષ્મની અલૌકિક અને અપૂર્વ હસ્તચપળતા તથા શક્તિ જોઈને શત્રુઓ પણ

તેમની પ્રશંસા કરવા લાગ્યા. ભીષ્મ વિજયી થઈને કન્યાઓ સાથે હસ્તિનાપુર પાછા આવ્યા. ત્યાં તેમણે ત્રણે કન્યાઓ વિચિત્રવીર્યને સોંપી દીધી અને લગ્નનું આયોજન કર્યું. ત્યારે કાશીનરેશની મોટી કન્યા અંબાએ ભીષ્મને કહ્યું, 'ભીષ્મ! હું પહેલાં મનથી શાલ્વ રાજાને વરી ચૂકી છું. મારા આ નિર્ણયમાં મારા પિતાની પણ સંમતિ હતી. હું સ્વયંવરમાં પણ તેમને જ વરવાની હતી. તમે તો મહાન ધર્મજ્ઞ છો. મારી આ વાત જાણીને તમે ધર્મ પ્રમાણે નિર્ણય કરો.' ભીષ્મે બ્રાહ્મણો સાથે વિચાર કરીને અંબાને તેની ઇચ્છાનુસાર જવાની અનુમતિ આપી દીધી અને બાકીની બે કન્યાઓ અંબિકા અને અંબાલિકાને વિચિત્રવીર્ય સાથે પરણાવી દીધી. લગ્ન પછી વિચિત્રવીર્ય જુવાનીની ઘેલછામાં ઉન્મત્ત થઈને કામાસક્ત થઈ ગયો. તેની બંને પત્નીઓ પણ તેમની પ્રેમથી સેવા કરવા લાગી. સાત વર્ષ સુધી વિષય-સેવન કરતાં રહેવાથી ભરજુવાનીમાં તેને ક્ષયરોગ થઈ ગયો અને અનેક ચિકિત્સા કરવા છતાં તે મૃત્યુ પામ્યો. આ ઘટનાથી ધર્માત્મા ભીષ્મને ભારે દુઃખ થયું. છેવટે તેમણે ધૈર્યપૂર્વક બ્રાહ્મણોની સલાહથી વિચિત્રવીર્યની ઉત્તર-ક્રિયા કરી.

થોડા સમય પછી વંશની રક્ષા અંગે વિચારવા સત્યવતીએ ભીષ્મને બોલાવીને કહ્યું – 'બેટા ભીષ્મ! હવે ધર્મપરાયણ પિતાનું પિંડદાન, સુયશ અને વંશની રક્ષાનો ભાર તારા પર જ છે. હું તને પૂરેપૂરા વિશ્વાસ સાથે એક કામ માટે નિયુક્ત કરું છું. તું તેને પૂરું કર. જો, તારો ભાઈ વિચિત્રવીર્ય આ લોકમાં સંતાનહીન અવસ્થામાં પરલોકવાસી થઈ ગયો છે. તું કાશીરાજની પુત્ર-કામિની કન્યાઓ દ્વારા સંતાન ઉત્પન્ન કરીને વંશની રક્ષા કર. મારી આજ્ઞા માનીને તારે આ કાર્ય કરવું જોઈએ. તું પોતે રાજગાદી પર બેસીને પ્રજાનું પાલન કર.' માત્ર માતા સત્યવતીએ જ નહિ, બધા સગાં-સંબંધીઓએ પણ આવી જ પ્રેરણા આપી. તે સાંભળીને દેવરાજ ભીષ્મે કહ્યું, 'માતા! તમારી વાત બરાબર છે. પરંતુ તમે જાણો છો કે મેં તમારાં લગ્ન વખતે શી પ્રતિજ્ઞા કરી છે. હું ફરી પ્રતિજ્ઞા કરું છું કે હું ત્રિલોકના રાજ્યનો, બ્રહ્માના પદનો અને આ બંનેથી વધારે મોક્ષનો પણ પરિત્યાગ કરી દઈશ, પરંતુ સત્યને છોડીશ નહિ. પૃથ્વી ગંધ છોડી દે, જળ રસ છોડી દે, તેજ રૂપ છોડી દે, વાયુ સ્પર્શ છોડી દે, સૂર્ય પ્રકાશ છોડી દે, અગ્નિ ઉષ્ણતા છોડી દે, આકાશ શબ્દ છોડી દે, ચંદ્રમા શીતળતા છોડી દે, અને ઇન્દ્ર પોતાનું બળ-પરાક્રમ ત્યાગી દે. અરે વધારે શું કહું, ધર્મરાજા પોતાનો ધર્મ ભલે છોડી દે; પરંતુ હું મારી સત્ય પ્રતિજ્ઞા છોડવાનો વિચાર પણ કરી શકતો નથી.' ભીષ્મની ભીષણ પ્રતિજ્ઞાની પુનરાવૃત્તિ સાંભળીને સત્યવતીએ ફરી તેમની સાથે ચર્ચા કરી અને નક્કી થયા મુજબ વ્યાસજીનું સ્મરણ કર્યું. વ્યાસે ઉપસ્થિત થઈને કહ્યું, 'માતા! હું તમારી શી સેવા કરું?' સત્યવતીએ કહ્યું, 'બેટા! તારો ભાઈ વિચિત્રવીર્ય નિઃસંતાન જ મૃત્યુ પામ્યો છે. તું તેના ક્ષેત્રમાં પુત્ર ઉત્પન્ન કર.' વ્યાસજીએ માતાની આજ્ઞાનો સ્વીકાર કરીને અંબિકાથી ધૃતરાષ્ટ્ર અને અંબાલિકાથી પાંડુને ઉત્પન્ન કર્યા. જ્યારે પોતપોતાની માતાના દોષને કારણે ધૃતરાષ્ટ્ર આંધળા અને પાંડુ પીળા થઈ ગયા, ત્યારે અંબિકાની પ્રેરણાથી તેની દાસીએ વ્યાસજી દ્વારા જ વિદુરને ઉત્પન્ન કર્યા. મહાત્મા માંડવ્યના શાપથી ધર્મરાજા જ વિદુરરૂપે અવતર્યા હતા.

—★—

## માંડવ્ય ઋષિની કથા

**જનમેજયે પૂછ્યું** – ભગવન્! ધર્મરાજાએ એવું કયું કર્મ કર્યું હતું, જેના કારણે તેમને બ્રહ્મર્ષિએ શાપ આપી દીધો અને તેઓ શૂદ્રયોનિમાં પેદા થયા?

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! બહુ સમય પહેલાંની વાત છે, માંડવ્ય નામના એક યશસ્વી બ્રાહ્મણ હતા. તેઓ બહુ ધૈર્યવાન્, ધર્મજ્ઞ, તપસ્વી અને સત્યનિષ્ઠ હતા. તેઓ પોતાના આશ્રમના દ્વાર પર વૃક્ષ નીચે હાથ ઊંચા કરીને તપસ્યા કરી રહ્યા હતા. તેમણે મૌન ધારણ કરેલું હતું. ઘણા સમય બાદ એક દિવસ કેટલાક લુટારા લૂંટનો માલ લઈને ત્યાં આવ્યા. ઘણા સિપાઈઓ તેમનો પીછો કરી રહ્યા હતા, તેથી તેમણે માંડવ્ય ઋષિના આશ્રમમાં ધન મૂકી દીધું અને ત્યાં છુપાઈ ગયા. સિપાઈઓએ આવીને માંડવ્યને પૂછ્યું, 'લુટારા કઈ બાજુ ગયા? તરત જ જણાવો, જેથી અમે તેમનો પીછો કરીએ.' માંડવ્યે તેનો કશો ઉત્તર ન આપ્યો. રાજકર્મચારીઓએ તેમના આશ્રમની તલાશી લેતાં ત્યાંથી ધન અને ચોર બંને મળી ગયાં. સિપાઈઓએ માંડવ્યમુનિ અને ચોરોને પકડીને રાજાની સામે ઊભા કર્યા. રાજાએ વિચાર કરીને બધાને શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો. માંડવ્યમુનિને શૂળી પર ચડાવવામાં આવ્યા. ઘણા દિવસ વીતી ગયા છતાં ખાધા-પીધા વિના તેઓ શૂળી પર બેઠા રહ્યા, તેમનું મૃત્યુ ન થયું. તેમણે પોતાના પ્રાણ છોડ્યા નહિ, ત્યાં બીજા કેટલાક ઋષિઓને તેમણે આમંત્રિત કર્યા. ઋષિઓએ રાત્રિના સમયે પક્ષીઓના રૂપમાં આવીને દુઃખ પ્રગટ કર્યું અને પૂછ્યું કે તમે શો અપરાધ કર્યો હતો. માંડવ્યે કહ્યું, 'હું કોને દોષી બતાવું? આ મારા જ અપરાધનું ફળ છે.'

સિપાઈઓએ જોયું કે ઋષિને શૂળી પર ચડાવ્યે ઘણા દિવસ થઈ ગયા, પરંતુ તેઓ મર્યા નથી. તેમણે જઈને પોતાના રાજાને જણાવ્યું. રાજાએ માંડવ્યમુનિ પાસે આવીને પ્રાર્થના કરી કે 'મેં અજ્ઞાનવશ આપનો મહાન અપરાધ કર્યો છે. તમે મને ક્ષમા કરો, મારા પર પ્રસન્ન થાઓ.' માંડવ્યે રાજા પર કૃપા કરી, તેમને ક્ષમા કરી દીધા. તેમને શૂળી પરથી ઉતારી લીધા. જ્યારે ઘણો ઉપાય કરવા છતાં શૂળીની અણી તેમના શરીરમાંથી નીકળી નહિ ત્યારે તેને કાપી નાખવામાં આવી. શરીરમાં રહી ગયેલી શૂળીની અણી સાથે જ તેમણે તપ કર્યું અને દુર્લભ લોકને પ્રાપ્ત કર્યા. ત્યારથી તેમનું નામ અણીમાંડવ્ય પડી ગયું. મહર્ષિ માંડવ્યે ધર્મરાજાની સભામાં જઈને પૂછ્યું કે 'મેં અજાણ્યે એવું કયું પાપ કર્યું હતું, જેનું આ ફળ મળ્યું? જલદી કહો, અન્યથા મારા તપનું બળ જુઓ.' ધર્મરાજે કહ્યું, 'તમે એક નાનકડા પતંગિયાની પૂંછમાં કાંટો ભોંકી દીધો હતો, તેનું આ ફળ છે. જેમ થોડાક જ દાનનું અનેકગણું ફળ મળે છે તેમ થોડાક જ અધર્મનું પણ અનેકગણું ફળ મળે છે. અણીમાંડવ્યે પૂછ્યું કે 'આવું મેં ક્યારે કર્યું હતું?' ધર્મરાજે કહ્યું, 'બાળપણમાં!' આ સાંભળીને અણીમાંડવ્યે કહ્યું, 'બાળક બાર વર્ષની અવસ્થા સુધી જે કંઈ કરે છે, તેનાથી અધર્મ થતો નથી, કેમકે તેને ધર્મ-અધર્મનું જ્ઞાન રહેતું નથી. તમે નાના અપરાધનો મોટો દંડ આપ્યો છે. તમને ખબર હોવી જોઈએ કે બધાં પ્રાણીઓના વધથી બ્રાહ્મણનો વધ મોટો છે. તેથી તમારે શૂદ્રયોનિમાં જન્મ લઈને મનુષ્ય બનવું પડશે. આજે હું

સંસારમાં કર્મફળની મર્યાદા સ્થાપિત કરું છું. ચૌદ વર્ષની અવસ્થા સુધી કરેલાં પાપોનું પાપ લાગશે નહિ, ત્યારપછી કરેલાં કર્મોનું ફળ અવશ્ય મળશે.'

આ જ અપરાધને કારણે માંડવ્યે શાપ આપ્યો અને ધર્મરાજ શૂદ્રયોનિમાં વિદુરરૂપે ઉત્પન્ન થયા. તેઓ ધર્મશાસ્ત્ર અને અર્થશાસ્ત્રમાં ભારે નિપુણ હતા. ક્રોધ અને લોભે તો તેમનો સ્પર્શ સુધ્ધાં કર્યો ન હતો. તેઓ બહુ જ દૂરદર્શી, શાંતિના પક્ષપાતી અને સમસ્ત કુરુવંશના હિતૈષી હતા.

—★—

## ધૃતરાષ્ટ્ર વગેરેનાં લગ્ન અને પાંડુનો દિગ્વિજય

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરના જન્મથી કુરુવંશ, કુરુજાંગલ દેશ અને કુરુક્ષેત્ર ત્રણેયની ભારે ઉન્નતિ થઈ. અનાજનું ઉત્પાદન વધી ગયું. સમય પ્રમાણે આપમેળે વૃષ્ટિ થવા લાગી. વૃક્ષોમાં ઘણાં ફળ-ફૂલ આવવા લાગ્યાં. પશુ-પક્ષી વગેરે પણ સુખી થઈ ગયાં. નગરોમાં વેપારી, કારીગર અને વિદ્વાનોની સંખ્યામાં વધારો થઈ ગયો. સંતો સુખી થઈ ગયા, કોઈ ડાકુ રહ્યો જ નહિ, પાપીઓનો અભાવ થઈ ગયો. માત્ર રાજધાનીમાં જ નહિ, પૂરા દેશમાં સતયુગ જેવું વાતાવરણ થઈ ગયું. ન કોઈ કંજૂસ હતું કે ન વિધવા સ્ત્રીઓ. બ્રાહ્મણોના ઘરમાં સદા ઉત્સવ થતા રહેતા. ભીષ્મ બહુ જ લગનથી ધર્મની રક્ષા કરતા હતા. તે સમયે બધે ધર્મ-શાસનની બોલબાલા હતી. ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરનાં કાર્ય જોઈને નગરવાસીઓને બહુ જ પ્રસન્નતા થતી હતી. ભીષ્મ અત્યંત સાવધાનીથી રાજકુમારોની રક્ષા કરતા હતા. બધાના યથોચિત્ત સંસ્કાર કરવામાં આવ્યા. બધાએ પોતપોતાના અધિકાર પ્રમાણે અસ્ત્ર-વિદ્યા અને શાસ્ત્ર-જ્ઞાન સંપાદન કર્યું. બધાએ ગજશિક્ષા અને નીતિશાસ્ત્રનું અધ્યયન કર્યું. ઈતિહાસ, પુરાણ અને અન્ય અનેક વિદ્યાઓમાં તેમની સારી સૂઝ હતી. બધા વિષયોમાં તેઓ પોતાનો મત જણાવતા હતા. મનુષ્યોમાં સૌથી શ્રેષ્ઠ ધનુર્ધર પાંડુ હતા અને સૌથી બળવાન ધૃતરાષ્ટ્ર હતા. વિદુર જેવું ધર્મજ્ઞ અને ધર્મપરાયણ ત્રણે લોકમાં કોઈ ન હતું. તે સમયે બધા લોકો એવું જ કહેતા હતા કે વીરપ્રસવિણી માતાઓમાં કાશીનરેશની કન્યા, દેશોમાં કુરુજાંગલ, ધર્મજ્ઞોમાં ભીષ્મ અને નગરોમાં હસ્તિનાપુર બધાંથી શ્રેષ્ઠ છે. ધૃતરાષ્ટ્ર જન્મથી અંધ હતા અને વિદુર દાસીપુત્ર, તેથી તે બંનેને રાજ્યના અધિકારી માનવામાં ન આવ્યા. પાંડુ જ રાજા થયા.

ભીષ્મે સાંભળ્યું કે ગાંધારનરેશ સુબલની પુત્રી ગાંધારી બધાં લક્ષણોથી સંપન્ન છે અને તેણે ભગવાન શંકરની આરાધના કરીને સો પુત્રોનું વરદાન પણ પ્રાપ્ત કરી લીધું છે. ત્યારે ભીષ્મે ગાંધારનરેશ પાસે દૂત મોકલ્યો. પ્રથમ તો સુબલે નેત્રહીનની સાથે પોતાની પુત્રીનું લગ્ન કરવામાં ઘણો વિચાર કર્યો, પરંતુ પછી કુળ, ખ્યાતિ અને સદાચાર પર વિચાર કરીને લગ્ન કરવાનો નિશ્ચય કરી લીધો. જ્યારે ગાંધારીને આ વાતની ખબર પડી કે મારા ભાવિ પતિ નેત્રહીન છે તો તેણે એક વસ્ત્રની કેટલીય ગડી કરીને તેનાથી પોતાની આંખો બાંધી દીધી. પતિવ્રતા ગાંધારીનો એવો નિશ્ચય હતો કે હું મારા પતિદેવને અનુકૂળ રહીશ. તેના ભાઈ શકુનિએ પોતાની બહેનને ધૃતરાષ્ટ્ર પાસે પહોંચાડી દીધી. ભીષ્મની અનુમતિથી લગ્નકાર્ય સંપન્ન

થયું. તે પોતાનાં ચરિત્ર અને સદ્‌ગુણોથી પોતાના પતિ અને પરિવારને પ્રસન્ન રાખવા લાગી.

યદુવંશી શૂરસેનની પૃથા નામની બહુ સુંદર કન્યા હતી. વસુદેવજી એના જ ભાઈ હતા. આ કન્યાને શૂરસેને પોતાની ફોઈના સંતાનહીન પુત્ર કુન્તિભોજને ગોદ આપી દીધી હતી. આ કુન્તિભોજની ધર્મપુત્રી પૃથા અથવા કુંતી બહુ જ સાત્વિક, સુંદર અને ગુણવતી હતી. અનેક રાજાઓએ તેની માગણી કરી હતી, તેથી કુન્તિભોજે સ્વયંવર કર્યો. સ્વયંવરમાં કુંતીએ વીરવર પાંડુને વરમાળા પહેરાવી દીધી. તેથી તેમની સાથે તેનાં વિધિપૂર્વક લગ્ન થયાં. રાજા પાંડુ ત્યાંથી દહેજની ઘણી સામગ્રી પ્રાપ્ત કરીને પોતાની રાજધાની હસ્તિનાપુર પાછા આવ્યા. મહાત્મા ભીષ્મે પાંડુનાં એક બીજાં લગ્ન કરાવવાનો નિશ્ચય કર્યો; તેથી તેઓ મંત્રીઓ, બ્રાહ્મણો અને ચતુરંગિણી સેના સાથે મદ્રરાજની રાજધાનીમાં ગયા. તેમના કહેવાથી શલ્યે પ્રસન્ન-ચિત્તે પોતાની યશસ્વિની અને સાધ્વી બહેન માદ્રી તેમને આપી દીધી. તેની સાથે વિધિપૂર્વક લગ્ન કરીને ધર્માત્મા પાંડુ પોતાની બંને સ્ત્રીઓ સાથે આનંદપૂર્વક રહેવા લાગ્યા.

પછી રાજા પાંડુએ પૃથ્વીનો દિગ્વિજય કરવાનું વિચાર્યું. તેમણે ભીષ્મ વગેરે ગુરુજનો, મોટાભાઈ ધૃતરાષ્ટ્ર અને શ્રેષ્ઠ કુરુવંશીઓને પ્રણામ કરીને આજ્ઞા પ્રાપ્ત કરી અને ચતુરંગિણી સેના સાથે દિગ્વિજય માટે પ્રસ્થાન કર્યું. બ્રાહ્મણોએ સ્વસ્તિમંત્રો બોલીને આશીર્વાદ આપ્યા. યશસ્વી પાંડુએ સર્વપ્રથમ પોતાના અપરાધી શત્રુ દશાર્ણ-નરેશ પર ચડાઈ કરી અને તેને યુદ્ધમાં જીતી લીધો. ત્યારપછી પ્રસિદ્ધ વિજયી વીર મગધરાજને રાજગૃહમાં જઈને મારી નાખ્યો. ત્યાંથી ઘણું ધન અને વાહનો વગેરે લઈને તેમણે વિદેહ પર ચડાઈ કરી અને ત્યાંના રાજાને હરાવ્યો. ત્યારપછી કાશી, શુમ્ભ, પુંડ્ર વગેરે રાજ્યો પર વિજયપતાકા ફરકાવી. અનેક રાજાઓ પાંડુ સાથે લડ્યા અને નષ્ટ થઈ ગયા. બધાએ પરાજિત થઈને પાંડુનો પૃથ્વીના સમ્રાટ તરીકે સ્વીકાર કર્યો. સાથે-સાથે મણિ-માણેક, મુક્તા, પ્રવાલ, સોનું, ચાંદી, ગાયો, ઘોડા, રથ વગેરે પણ ભેટમાં આપ્યાં. મહારાજ પાંડુએ તેમની ભેટનો સ્વીકાર કર્યો અને હસ્તિનાપુર પાછા આવ્યા. પાંડુને સકુશળ આવેલા જોઈને ભીષ્મે તેમને હૃદયે લગાડ્યા. તેમની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં. પાંડુએ તમામ ધન ભીષ્મ અને દાદીમા સત્યવતીને ભેટ આપી દીધું. માતાના આનંદની સીમા ન રહી.

ભીષ્મજીએ સાંભળ્યું કે રાજા દેવકને ત્યાં એક સુંદર અને જુવાન દાસીપુત્રી છે. તેમણે તેને માગીને પરમ જ્ઞાની વિદુરજી સાથે તેનાં લગ્ન કરી દીધાં. તેના ગર્ભથી વિદુર જેવા જ ગુણવાન અનેક પુત્રો થયા.

—★—

## ધૃતરાષ્ટ્રના પુત્રોનાં જન્મ અને નામ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! એકવાર મહર્ષિ વ્યાસ ગાંધારીની પાસે હસ્તિનાપુરમાં આવ્યા. ગાંધારીએ સેવા-શુશ્રૂષા કરીને તેમને બહુ પ્રસન્ન કર્યા. ત્યારે તેમણે ગાંધારીને વરદાન માગવા કહ્યું. ગાંધારીએ પોતાના પતિ જેવા જ બળવાન સો પુત્રો થાય એવું વરદાન માગ્યું. તેથી સમય જતાં ગાંધારીને ગર્ભ રહ્યો અને તે ગર્ભ બે વર્ષ સુધી ઉદરમાં

જ રહ્યો. દરમિયાન કુંતીના ગર્ભથી યુધિષ્ઠિરનો જન્મ થઈ ચૂક્યો હતો. સ્ત્રી-સ્વભાવવશ ગાંધારી ગભરાઈ ગઈ અને પોતાના પતિ ધૃતરાષ્ટ્રથી છુપાવીને ગર્ભપાત કરાવી નાખ્યો. તેના પેટમાંથી લોખંડના ગોળા જેવો માંસપિંડ નીકળ્યો. બે વર્ષ પેટમાં રહ્યા પછી પણ બહુ સખત છે એવું જાણીને ગાંધારીએ તેને ફેંકી દેવાનો વિચાર કર્યો. ભગવાન વ્યાસ પોતાની યોગદૃષ્ટિએ આ બધું જાણીને તરત જ ગાંધારી પાસે પહોંચ્યા અને કહ્યું, 'અરે સુબલની પુત્રી! તું આ શું કરી રહી છે?' ગાંધારીએ બધી વાત મહર્ષિ વ્યાસને સાચેસાચી કહી દીધી. તેણે કહ્યું, 'ભગવન્! આપના આશીર્વાદથી મને ગર્ભ તો પહેલાં રહ્યો, પરંતુ સંતાન કુંતીને પહેલાં થયું. બે વર્ષ પેટમાં રહ્યા પછી પણ સો પુત્રોના બદલે આ માંસ-પિંડ પેદા થયો છે. આવું કેમ થયું?' વ્યાસજીએ કહ્યું, 'ગાંધારી! મારું વરદાન સત્ય થશે. મારી વાત ક્યારેય મિથ્યા થઈ શકતી નથી, કેમકે મેં ક્યારેય હાંસીમાં પણ જૂઠું કહ્યું નથી. હવે તું તરત જ સો કુંડ બનાવીને તે ઘીથી ભરી દે અને સુરક્ષિત સ્થાનમાં તેની સુરક્ષાનો વિશેષ પ્રબંધ કરી દે અને આ માંસ-પિંડ પર ઠંડા જળનો છંટકાવ કર.' જળ છાંટવાથી તે પિંડના સો ટુકડા થઈ ગયા. દરેક ટુકડો અંગૂઠાના ટેરવા જેવો હતો. તેમાં એક ટુકડો સોથી વધારે પણ હતો. વ્યાસજીની આજ્ઞા પ્રમાણે જ્યારે બધા ટુકડા કુંડોમાં રાખી દેવામાં આવ્યા, ત્યારે તેમણે કહ્યું કે, 'આને બે વર્ષ પછી ખોલજો.' આટલું કહીને તેઓ તપસ્યા કરવા માટે હિમાલય ચાલ્યા ગયા. સમય પૂરો થતાં તે જ માંસ-પિંડોમાંથી પ્રથમ દુર્યોધન અને પછી ગાંધારીના બીજા પુત્રો ઉત્પન્ન થયા. એ વાત કહેવાઈ ચૂકી છે કે દુર્યોધનનો જન્મ થતાં પહેલાં જ યુધિષ્ઠિરનો જન્મ થઈ ચૂક્યો હતો. જે દિવસે દુર્યોધનનો જન્મ થયો, તે જ દિવસે પરમ પરાક્રમી ભીમસેનનો પણ જન્મ થયો હતો.

દુર્યોધન જન્મતાંની સાથે જ ગધેડાની જેમ ભૂંકવા લાગ્યો. તેનો અવાજ સાંભળીને ગધેડાં, શિયાળ, ગીધ અને કાગડા પણ બૂમો પાડવા લાગ્યા, જોરથી આંધી ચાલવા લાગી, કેટલીક જગાએ આગ લાગી ગઈ. આ ઉપદ્રવોથી ભયભીત થઈને ધૃતરાષ્ટ્રે બ્રાહ્મણો, ભીષ્મ, વિદુર વગેરે સગાં-સંબંધીઓ તથા કુરુકુળના શ્રેષ્ઠ પુરુષોને બોલાવ્યા અને કહ્યું, 'અમારા વંશમાં પાંડુનંદન યુધિષ્ઠિર જ્યેષ્ઠ રાજકુમાર છે. તેમને તો તેમના ગુણોને કારણે જ રાજ્ય મળશે, એ વિશે મારે કંઈ કહેવું નથી. યુધિષ્ઠિર પછી મારા આ પુત્રને રાજ્ય મળશે કે નહિ તે વાત તમે લોકો જણાવો.' હજી તેમની વાત પૂરી પણ થઈ ન હતી કે માંસાહારી જંતુઓ, શિયાળ વગેરે બૂમો પાડવા લાગ્યાં. આ અમંગળનાં એંધાણ જેવા અપશુકનોને જોઈને બ્રાહ્મણો સહિત વિદુરજીએ કહ્યું, 'રાજન્! તમારા આ જ્યેષ્ઠ પુત્રના જન્મસમયે જેવાં અશુભ લક્ષણ પ્રગટ થઈ રહ્યાં છે, તેમનાથી તો લાગે છે કે તમારો આ પુત્ર કુળનો નાશ કરનાર થશે. તેથી તેનો ત્યાગ કરવામાં જ શાંતિ છે. આને પાળી-પોષીને મોટો કરવામાં દુઃખ ઉઠાવવું પડશે. જો તમે તમારા કુળનું કલ્યાણ ઇચ્છો છો, તો સોમાં એક ઓછો હતો એમ સમજીને આનો ત્યાગ કરી દો અને પોતાના કુળનું અને જગતનું મંગળ કરો. શાસ્ત્રો સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, કુળને માટે એક મનુષ્યનો, ગામને માટે એક કુળનો, દેશને માટે એક ગામનો અને આત્મકલ્યાણ માટે આખી પૃથ્વીનો પરિત્યાગ કરી દેવો.' બધાના સમજાવવા છતાં પણ પુત્રસ્નેહવશ રાજા ધૃતરાષ્ટ્ર

દુર્યોધનનો ત્યાગ ન કરી શક્યા. તે એકસો એક ટુકડામાંથી સો પુત્રો અને એક કન્યા ઉત્પન્ન થઈ. જે દિવસોમાં ગાંધારી ગર્ભવતી હતી અને ધૃતરાષ્ટ્રની સેવા કરવામાં અસમર્થ હતી, તે દિવસોમાં એક વૈશ્ય-કન્યા તેમની સેવામાં રહેતી હતી અને તેના ગર્ભથી તે જ વર્ષે ધૃતરાષ્ટ્રનો યુયુત્સુ નામક પુત્ર થયો હતો. તે ખૂબ જ યશસ્વી અને વિચારશીલ હતો.

જનમેજય! ધૃતરાષ્ટ્રના પુત્રોનાં નામ ક્રમશઃ આ પ્રમાણે છે – દુર્યોધન બધાથી મોટો હતો અને તેનાથી નાનો હતો યુયુત્સુ. ત્યાર પછી દુઃશાસન, દુસ્સહ, દુશ્શલ, જલસન્ધ, સમ, સહ, વિન્દ, અનુવિન્દ, દુર્દ્ધર્ષ, સુબાહુ, દુષ્પ્રધર્ષણ, દુર્મર્ષણ, દુર્મુખ, દુષ્કર્ણ, કર્ણ, વિવિંશતિ, વિકર્ણ, શલ, સત્ત્વ, સુલોચન, ચિત્ર, ઉપચિત્ર, ચિત્રાક્ષ, ચારુચિત્ર, શરાસન, દુર્મદ, દુર્વિગાહ, વિવિત્સુ, વિકટાનન, ઊર્ણનાભ, સુનાભ, નન્દ, ઉપનન્દ, ચિત્રબાણ, ચિત્રવર્મા, સુવર્મા, દુર્વિમોચન, આયોબાહુ, મહાબાહુ, ચિત્રાંગ, ચિત્રકુંડલ, ભીમવેગ, ભીમબલ, બલાકી, બલવર્ધન, ઉગ્રાયુધ, સુષેણ, કુંડધાર, મહોદર, ચિત્રાયુધ, નિષંગી, પાશી, વૃન્દારક, દઢવર્મા, દઢક્ષત્ર, સોમકીર્તિ, અનૂદર, દઢસન્ધ, જરાસંધ, સત્યસન્ધ, સદઃસુવાક, ઉગ્રશ્રવા, ઉગ્રસેન, સેનાની, દુષ્પરાજય, અપરાજિત, કુંડશાયી, વિશાલાક્ષ, દુરાધર, દઢહસ્ત, સુહસ્ત, બાતવેગ, સુવર્ચા, આદિત્યકેતુ, બહ્વાશી, નાગદત્ત, અગ્રયાયી, કવચી, ક્રથન, કુંડી, ઉગ્ર, ભીમરથ, વીરબાહુ, અલોલુપ, અભય, રૌદ્રકર્મા, દઢરથાશ્રય, અનાધૃષ્ય, કુંડભેદી, વિરાવી, પ્રમથ, પ્રમાથી, દીર્ઘરોમા, દીર્ઘબાહુ, મહાબાહુ, વ્યૂઢોરસ્ક, કનકધ્વજ, કુંડાશી અને વિરજા. કન્યાનું નામ દુશ્શલા હતું. આ બધા બહુ શૂરવીર, યુદ્ધકુશળ તથા શાસ્ત્રોના વિદ્વાન હતા. ધૃતરાષ્ટ્રે યથાસમય યોગ્ય કન્યાઓ સાથે બધાનાં લગ્ન કર્યાં. દુશ્શલાનું લગ્ન સમય પ્રમાણે રાજા જયદ્રથ સાથે થયું.

—★—

## ઋષિકુમાર કિન્દમના શાપથી પાંડુને વૈરાગ્ય

**જનમેજયે પૂછ્યું** – ભગવન્! તમે ધૃતરાષ્ટ્રના પુત્રોનો જન્મ અને નામ કહ્યાં. હવે હું પાંડવોની જન્મકથા સાંભળવા ઇચ્છું છું.

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! રાજા પાંડુ એક વનમાં વિચરી રહ્યા હતા. તે વન હિંસક પશુઓથી ભરેલું અને ભયંકર હતું. ફરતાં-ફરતાં તેમણે જોયું કે એક યૂથપતિ મૃગ પોતાની પત્ની સાથે મૈથુન કરી રહ્યો છે. પાંડુએ નિશાન તાકીને પાંચ બાણ માર્યાં, તે બંને ઘાયલ થઈ ગયાં. ત્યારે મૃગે કહ્યું, 'રાજન્! અત્યંત કામી, ક્રોધી, બુદ્ધિહીન અને પાપી મનુષ્યો પણ આવું ક્રૂર કર્મ કરતા નથી. તમારા માટે તો પાપી અને ક્રૂરકર્મી મનુષ્યોને દંડ દેવો ઉચિત છે. મુજ નિરપરાધીને મારીને તમને શો લાભ થયો? હું કિન્દમ નામનો તપસ્વી મુનિ છું. મનુષ્ય તરીકે રહીને આવું કરવામાં મેં લજ્જા અનુભવી, તેથી મૃગ બનીને પોતાની મૃગી સાથે હું વિહાર કરી રહ્યો હતો. હું પ્રાયઃ આ જ વેશમાં વિચર્યા કરું છું. મને મારવાથી તમને બ્રહ્મહત્યા તો નહિ લાગે, કેમકે તમે આ રહસ્ય જાણતા ન હતા. પરંતુ તમે મને જેવી અવસ્થામાં માર્યો છે, તે અવસ્થા સર્વથા મારવા માટે અયોગ્ય હતી. તેથી જો તમે ક્યારેય પોતાની પત્ની સાથે સહવાસ કરશો તો તે જ અવસ્થામાં તમારું મૃત્યુ થશે

અને તે પત્ની તમારી સાથે સતી થઈ જશે.' આટલું કહીને કિન્દમે પોતાના પ્રાણ છોડી દીધા.

મૃગરૂપધારી કિન્દમ મુનિના મૃત્યુથી પાંડુ અને તેમનાં પત્નીને પોતાના સગાં-સંબંધીના મૃત્યુથી થાય તેવું દુઃખ થયું. પાંડુ આતુર થઈને મનમાં કહેવા લાગ્યા – 'મોટા-મોટા કુળવાનો પણ પોતાના અંતઃકરણ પર વશ ન હોવાથી કામના ફંદામાં ફસાઈ જાય છે અને પોતાના જ હાથે પોતાની દુર્ગતિ કરે છે. મેં સાંભળ્યું છે કે ધર્માત્મા શાંતનુના પુત્ર મારા પિતા વિચિત્રવીર્ય પણ કામવાસનાને કારણે યુવાનવયે મૃત્યુ પામ્યા હતા. હું તેમનો પુત્ર છું. અરે, હું કુલીન અને વિચારશીલ છું, છતાં મારી બુદ્ધિ નીચ થઈ ગઈ. હવે હું આ બંધનનો ત્યાગ કરીને મોક્ષનો જ નિશ્ચય કરીશ અને મારા પિતા મહર્ષિ વ્યાસની જેમ મારો જીવનનિર્વાહ કરીશ. હવે હું નિઃસંદેહ ઘોર તપસ્યા કરીશ, એક-એક વૃક્ષની નીચે એક-એક દિવસ એકલો જ રહીશ અને મૌન સંન્યાસી થઈને આશ્રમોમાં ભિક્ષા માગીશ. મારું શરીર માટીથી લદબદ હશે અને ખંડિયેર જ મારું ઘર હશે. પ્રિય અને અપ્રિયની ભાવના છોડીને હું શોક અને હર્ષથી નિવૃત્ત થઈ જઈશ, નિંદા અને સ્તુતિ મારા માટે સરખાં થઈ જશે. આશીર્વાદ, નમસ્કાર, સુખદુઃખ અને પરિગ્રહરહિત થઈને ન તો કોઈની હાંસી ઉડાવીશ કે ન કોઈના પર ક્રોધ કરીશ. મુખ હંમેશાં પ્રસન્ન હશે, શરીરથી બધાનું ભલું થશે અને ચળ-અચળ કોઈ પણ પ્રાણીને સતાવીશ નહિ. બધાં પ્રાણીઓને મારા સંતાનની જેમ માનીશ. ક્યારેક ખાઈ લઈશ તો ક્યારેક ઉપવાસ કરીશ. લાભ-હાનિમાં મારી દૃષ્ટિ સમ રહેશે. કોઈ મારા એક હાથને હથિયારથી કાપી નાખશે અને બીજા હાથે ચંદન લગાડશે તો તે બંને પ્રત્યે હું સારું-ખોટું કશું જ વિચારીશ નહિ. હું ન તો જીવવાની ચેષ્ટા કરીશ કે ન મરવાની. ન જીવન સાથે પ્રેમ કરીશ કે મૃત્યુ પ્રત્યે દ્વેષ. જીવિત અવસ્થામાં પોતાના હિત માટે જેટલાં કર્મો કરવામાં આવે છે, તે બધાં હું છોડી દઈશ; કેમકે તે બધાં કાળની મર્યાદામાં છે. હું ભલા, કર્મથી પ્રાપ્ત થનારાં અનિત્ય ફળની અપેક્ષા શા માટે કરું? સમસ્ત પાપોથી છૂટી જઈશ, અવિદ્યાના પડદાને ચીરી નાખીશ. પ્રકૃતિ અને પ્રાકૃત પદાર્થોની અનિત્યતાથી છૂટી જઈશ અને વાયુની જેમ સર્વત્ર વિચરીશ. જે મનુષ્ય સત્કાર અને તિરસ્કારથી પ્રભાવિત થઈને કામનાઓ કરવા લાગે છે અને તેમના અનુસાર જ ચેષ્ટા કરે છે, તે તો કૂતરાનું જીવન જીવી રહ્યો છે.'

આ પ્રમાણે વિચાર કરીને પાંડુએ લાંબો શ્વાસ લેતાં કુંતી અને માદ્રીને કહ્યું, 'તમે લોકો રાજધાનીમાં જાઓ. ત્યાં આપણાં માતા, વિદુર, ધૃતરાષ્ટ્ર, દાદીમા સત્યવતી, ભીષ્મ, રાજપુરોહિત, બ્રાહ્મણ, મહાત્મા, સગાં-સંબંધી, નગરવાસી તથા મારા આશ્રિત બધાંને પ્રસન્ન કરીને કહેજો કે પાંડુએ સંન્યાસ લઈ લીધો.' કુંતી અને માદ્રીએ પોતાના પતિની વાત સાંભળીને અને તેમના વનવાસનો નિર્ણય સાંભળીને કહ્યું, 'આર્યપુત્ર! સંન્યાસ-આશ્રમ સિવાય બીજા પણ એવા આશ્રમ છે, જેમાં તમે અમારી સાથે રહીને મોટું તપ કરી શકો છો. અમે પણ તમારી સાથે સ્વર્ગ આવીશું અને ત્યાં પણ તમે જ અમારા પતિ હશો. અમે બંને અમારી ઇન્દ્રિયોને વશ કરીને કામથી ઉત્પન્ન થતા સુખને તિલાંજલિ આપીને સ્વર્ગમાં પણ તમને પ્રાપ્ત કરવા માટે તમારી સાથે રહીને મોટું તપ કરીશું. મહારાજ! જો તમે અમને છોડીને ચાલ્યા જશો તો અમે નિશ્ચિતપણે

અમારા પ્રાણ છોડી દઈશું. એમાં કોઈ શંકા નથી.'

પોતાની પત્નીઓનો દૃઢ નિશ્ચય જોઈને પાંડુએ કહ્યું, 'જો તમે બંને ધર્મની દૃષ્ટિએ આ પ્રમાણે જ કરવાનો નિશ્ચય કર્યો છે તો સારી વાત છે. હું સંન્યાસ ન લેતાં વાનપ્રસ્થ જ રહીશ. વિષય-સુખ અને કામોત્તેજક ભોજનનો સંપૂર્ણ ત્યાગ કરીને ફળ-મૂળ ખાઈશ, વલ્કલ ધારણ કરીશ અને કઠોર તપસ્યા કરતો રહીને વનમાં વિચરીશ. બંને સમય સ્નાન, સંધ્યા અને અગ્નિહોત્ર કરીશ, મૃગચર્મ અને જટા ધારણ કરીશ, ઠંડી, ગરમી અને આંધી-તોફાન સહન કરીશ, ભૂખ-તરસનું ધ્યાન ન રાખતાં દુષ્કર તપસ્યાથી શરીરને સૂકવી નાખીશ. એકાંતમાં રહીને પરમાત્માનું ચિંતન કરીશ. કંઈ પણ કાચું-પાકું ખાઈ લઈશ. ફળ-મૂળ, જળ અને વાણીથી પિતરો અને દેવતાઓને સંતુષ્ટ કરી લઈશ, મહાત્માઓનાં દર્શન કરીશ. કોઈ વનવાસીનું અપ્રિય નહિ કરું. ગ્રામવાસીઓથી તો મારે શો સંબંધ? આ પ્રમાણે વાનપ્રસ્થાશ્રમના કઠોરથી કઠોર નિયમોનું મૃત્યુપર્યંત પાલન કરીશ.' પોતાની પત્નીઓને આ પ્રમાણે કહીને પાંડુએ ચૂડામણિ, માળાઓ, બાજુબંધ, કુંડળ અને કીમતી વસ્ત્રો તથા સ્ત્રીઓનાં સુંદર-સુંદર આભૂષણો ઉતારીને બ્રાહ્મણોને આપી દીધાં અને કહ્યું, 'બ્રાહ્મણો! તમે લોકો હસ્તિનાપુર જઈને કહી દો કે પાંડુ અર્થ, કામ અને વિષયસુખનો ત્યાગ કરીને પોતાની પત્નીઓની સાથે વનવાસી થઈ ગયા છે.' પાંડુની કરુણાભરી વાણી સાંભળીને બધા સેવકો 'હાય... હાય' કરવા લાગ્યા. તેમનાં નેત્રોમાંથી દુઃખનાં આંસુ વહેવા લાગ્યાં. તેઓ બહુ ધન લઈને અત્યંત દુઃખી થતા હસ્તિનાપુર આવ્યા અને પાંડુની અનુપસ્થિતિમાં રાજકાજ કરનારા ધૃતરાષ્ટ્રને બધું આપી દીધું અને બધા સમાચાર કહી સંભળાવ્યા. પોતાના ભાઈના સમાચાર સાંભળીને ધૃતરાષ્ટ્રને ભારે દુઃખ થયું, તેમની સૂવા-બેસવા, ખાવા-પીવામાં ક્યાંય રુચિ ન રહી. તેઓ પોતાના ભાઈની ચિંતામાં જ મગ્ન રહેવા લાગ્યા.

ત્યાં પાંડુ પોતાની પત્નીઓ સાથે એકથી બીજા પર્વતો પર વિચરતા રહીને ગંધમાદન પર્વત પર આવ્યા. તેઓ માત્ર કંદ-મૂળ-ફળનો જ આહાર કરતા હતા. ખાડા-ટેકરાવાળી જમીન પર સૂઈ જતા. મોટા-મોટા ઋષિઓ અને સિદ્ધો તેમનું ધ્યાન રાખતા. ઇન્દ્રદ્યુમ્ન સરોવરથી આગળ હંસકૂટ શિખરને ઓળંગીને તેઓ શતશૃંગ પર્વત પર પહોંચ્યા અને તપસ્યા કરવા લાગ્યા. ત્યાં સિદ્ધો, ચારણો વગેરે બધા તેમને બહુ પ્રેમ કરતા હતા. મહાત્મા પાંડુ બધાની સેવા કરતા, મન અને ઇન્દ્રિયોને વશમાં રાખતા અને ક્યારેય અભિમાન કરતા નહિ. ત્યાં કોઈ ઋષિ પાંડુને પોતાના ભાઈ માનતા, કોઈ સખા અને કોઈ તેમને પુત્ર માનીને તેમની રક્ષા-દીક્ષાનું ધ્યાન રાખતા હતા. આ પ્રમાણે પાંડુની તપસ્યા ચાલવા લાગી.

—★—

## પાંડવોની ઉત્પત્તિ અને પાંડુનું પરલોકગમન

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! અમાવાસ્યા તિથિ હતી. મોટા-મોટા ઋષિઓ-મહર્ષિઓ બ્રહ્માજીનાં દર્શન કરવા માટે બ્રહ્મલોક તરફ જઈ રહ્યા હતા. પાંડુએ તેમને પૂછ્યું, 'તમે બધા ક્યાં જઈ રહ્યા છો?' અને તેમનો બ્રહ્માજીનાં દર્શન માટે બ્રહ્મલોક જવાનો વિચાર

જાણીને પોતાની પત્નીઓની સાથે તેમની પાછળ-પાછળ ચાલવા માંડ્યા. ઋષિઓએ કહ્યું, 'મહારાજ! રસ્તામાં અનેક દુર્ગમ સ્થાન છે. અપ્સરાઓની ક્રીડા ભૂમિ વિમાનોની ભીડથી ભરચક છે. ઊંચા-ઊંચા ઉદ્યાન છે. નદીઓની ઊંડી ભેખડો, મોટા-મોટા પર્વતો અને ગુફાઓ છે. ત્યાં ચારે બાજુ બરફ જ છે, વૃક્ષો નથી. હરણાંઓ અને પક્ષીઓ દેખાતાં નથી. પક્ષીઓ પણ ત્યાં ઊડી શકતાં નથી. માત્ર વાયુ જાય છે અને સિદ્ધ ઋષિ-મહર્ષિઓ જાય છે. આવા દુર્ગમ માર્ગમાં રાજકુમારી કુંતી અને માદ્રી કઈ રીતે ચાલી શકશે? તમે તમારી પત્ની સાથે આ યાત્રાને સ્થગિત કરી દો.' પાંડુએ કહ્યું – 'હું જાણું છું કે સંતાનહીન માટે સ્વર્ગનું દ્વાર બંધ છે. આ વાતનો વિચાર આવતાં મારું અંતર બળી રહ્યું છે. મનુષ્ય ચાર ઋણ સાથે જન્મ લે છે – પિતૃ-ઋણ, દેવ-ઋણ, ઋષિ-ઋણ અને મનુષ્ય-ઋણ. યજ્ઞથી દેવતા, સ્વાધ્યાય તથા તપથી ઋષિ, પુત્ર અને શ્રાદ્ધથી પિતરો તથા પરોપકારથી મનુષ્યનું ઋણ ઊતરે છે. હું બીજાં બધાં ઋણોથી તો મુક્ત થઈ ચૂક્યો છું, પરંતુ પિતરોનું ઋણ મારા શિરે છે. મને એ જ અભિલાષા છે કે મારી પત્નીના ઉદરથી પુત્રોનો જન્મ થાય.' ઋષિઓએ કહ્યું, 'ધર્માત્મન્! અમે દિવ્ય દૃષ્ટિથી જોઈ રહ્યા છીએ કે આપને દેવતાઓ જેવા પુત્ર થશે. તમે તમારા આ દેવોએ આપેલા અધિકારનો ઉપભોગ કરવા માટે પ્રયત્ન કરો. તમારો મનોરથ સફળ થશે.' ઋષિઓની વાત સાંભળીને પાંડુ ચિંતામાં પડી ગયા. તેઓ જાણતા હતા કે કિન્દમ ઋષિના શાપને કારણે હું સ્ત્રી-સહવાસ કરી શકતો નથી. હવે મહર્ષિઓ ત્યાંથી ચાલ્યા ગયા હતા.

એક દિવસ પાંડુએ પોતાની યશસ્વિની ધર્મ-પત્ની કુંતીને કહ્યું, 'પ્રિયે! તું પુત્રોત્પત્તિ માટે પ્રયત્ન કરે.' કુન્તીએ કહ્યું, 'આર્યપુત્ર! જ્યારે હું નાની હતી ત્યારે પિતાએ મને અતિથિઓના સ્વાગત-સત્કારનું કાર્ય સોંપ્યું હતું. મેં તે સમયે દુર્વાસા નામના ઋષિને સેવાથી પ્રસન્ન કર્યા. તેમણે મને એક મંત્ર આપીને વરદાન આપ્યું કે, 'તમે આ મંત્રથી જે દેવતાનું આવાહન કરશો, તે દેવતા ઇચ્છે અથવા ન ઇચ્છે, તમારે અધીન થઈ જશે.' તમારી આજ્ઞા મળશે તો હું જે દેવતાનું આવાહન કરીશ, તેનાથી મને સંતાન થશે. આજ્ઞા કરો, હું કયા દેવતાનું આવાહન કરું?' પાંડુએ કહ્યું, 'આજે તમે વિધિપૂર્વક ધર્મરાજનું આવાહન કરો. તેઓ ત્રણે લોકમાં શ્રેષ્ઠ પુણ્યાત્મા છે. તેમનાથી જે સંતાન થશે તે ધાર્મિક થશે, એમાં સંદેહ નથી. તેમના દ્વારા પ્રાપ્ત પુત્રનું મન અધર્મ તરફ ક્યારેય જશે નહિ.'

ત્યારે કુંતીએ ધર્મરાજનું આવાહન કર્યું અને તેમની પૂજા કરીને તેઓ મંત્ર જપવા લાગ્યાં. મંત્રના પ્રભાવે ધર્મરાજ સૂર્ય જેવા પ્રકાશિત વિમાનમાં બેસીને કુંતીની પાસે આવી ગયા અને હસીને કહેવા લાગ્યા, 'કુંતી! જણાવ, હું તને કયું વરદાન આપું?' કુંતીએ પણ હસીને કહ્યું, 'મને પુત્ર આપો.' ત્યાર પછી યોગમૂર્તિધારી ધર્મરાજના સંયોગથી કુંતીને ગર્ભ રહ્યો અને સમય પૂરો થતાં પુત્રનો જન્મ થયો. તેના જન્મનો સમય શુક્લપક્ષ, પંચમી તિથિ, જ્યેષ્ઠા નક્ષત્ર અને અભિજિત્ મુહૂર્ત હતું. સૂર્ય તુલા રાશિ પર હતો.* જન્મ થતાં જ આકાશવાણીએ કહ્યું – 'આ બાળક ધર્માત્મા મનુષ્યોમાં શ્રેષ્ઠ થશે; આ સત્યવાદી અને સાચા અર્થમાં વીર

* આ યોગ મોટે ભાગે આશ્વિન શુક્લ પંચમીના દિવસે આવે છે.

તો થશે જ, તે સંપૂર્ણ પૃથ્વીનું શાસન પણ કરશે. પાંડુના આ પ્રથમ પુત્રનું નામ થશે 'યુધિષ્ઠિર' અને આ ત્રણે લોકમાં મહાન યશસ્વી થશે.'

થોડા દિવસો પછી પાંડુએ કુંતીને ફરી કહ્યું, 'પ્રિયે! ક્ષત્રિયો બળપ્રધાન હોય છે. તેથી એવો પુત્ર ઉત્પન્ન કરો, જે બળવાન હોય.' ત્યારે પતિની આજ્ઞાથી કુંતીએ વાયુનું આવાહન કર્યું. મહાબલી વાયુદેવ હરણ પર સવાર થઈને આવ્યા. કુંતીની પ્રાર્થનાથી તેમના દ્વારા ભયંકર પરાક્રમી અને અતિશય બળશાળી ભીમસેનનો જન્મ થયો. તે સમયે પણ આકાશવાણી થઈ કે, 'આ પુત્ર બળવાનોમાં શિરોમણિ થશે.' 'જનમેજય! ભીમસેનનો જન્મ થતાં જ એક બહુ વિચિત્ર ઘટના ઘટી. ભીમસેન પોતાની માતાના ખોળામાં સૂઈ રહ્યા હતા, તે દરમિયાન ત્યાં એક વાઘ આવ્યો. તેનાથી ડરીને કુંતી ભાગી ગયાં. તેમને ભીમસેનની યાદ ન રહી. ભીમસેન માતાના ખોળામાંથી એક શિલા પર પડ્યા. ભીમસેનના પડવાથી તે શિલાનો ભૂકો થઈ ગયો. આ દૃશ્ય જોઈને પાંડુ ચકિત થઈ ગયા. જે દિવસે ભીમસેનનો જન્મ થયો તે જ દિવસે દુર્યોધનનો પણ જન્મ થયો હતો.

હવે પાંડુને એ ચિંતા થઈ કે, 'મારે એક એવો પુત્ર થાય કે જે સંસારમાં સર્વશ્રેષ્ઠ હોય. દેવતાઓમાં સર્વશ્રેષ્ઠ ઇન્દ્ર જ છે. જો તેઓ કોઈ રીતે સંતુષ્ટ થઈ જાય તો મને સર્વશ્રેષ્ઠ પુત્રનું દાન કરી શકે છે.' એવો વિચાર કરીને તેમણે કુંતીને એક વર્ષ સુધી વ્રત કરવાની આજ્ઞા આપી અને તેઓ સ્વયં સૂર્યની સામે એક પગે ઊભા રહીને ખૂબ જ એકાગ્રતાથી ઉગ્ર તપ કરવા લાગ્યા. તેમની તપસ્યાથી પ્રસન્ન થઈને ઇન્દ્ર પ્રગટ થયા અને બોલ્યા, 'તમને હું એક વિશ્વવિખ્યાત, બ્રાહ્મણ, ગાય અને સુહૃદોનો સેવક તથા શત્રુઓને સંતપ્ત કરનાર શ્રેષ્ઠ પુત્ર આપીશ.' એ પછી પાંડુએ કુંતીને કહ્યું, 'પ્રિયે! મેં દેવરાજ ઇન્દ્ર પાસે વરદાન પ્રાપ્ત કરી લીધું છે. હવે તમે પુત્ર માટે તેમનું આવાહન કરો.' કુંતીએ એ પ્રમાણે કર્યું. ત્યારે દેવરાજ ઇન્દ્ર પ્રગટ થયા અને તેમણે અર્જુનને ઉત્પન્ન કર્યા. અર્જુનના જન્મ ટાણે આકાશવાણીએ પોતાની ગંભીર વાણીથી આકાશને ગજવતાં કહ્યું – 'કુંતી! આ બાળક કાર્તવીર્ય અર્જુન અને ભગવાન શંકર જેવો પરાક્રમી તથા ઇન્દ્ર જેવો અપરાજિત થશે અને તમારો યશ વધારશે. જેમ વિષ્ણુએ પોતાનાં માતા અદિતિને પ્રસન્ન કર્યાં હતાં, તે જ પ્રમાણે આ તમને પ્રસન્ન કરશે. આ અનેક સામંતો અને રાજાઓ પર વિજય પ્રાપ્ત કરીને ત્રણ અશ્વમેધ યજ્ઞો કરશે. સ્વયં ભગવાન રુદ્ર પણ આના પરાક્રમથી પ્રસન્ન થઈને આને અસ્ત્રદાન કરશે. આ ઇન્દ્રની આજ્ઞાથી નિવાતકવચ નામક અસુરોને મારશે અને તમામ દિવ્ય અસ્ત્ર-શસ્ત્રોને પ્રાપ્ત કરશે.' આ આકાશવાણી માત્ર કુંતીએ જ નહિ, આશ્રમવાસીઓ અને સઘળાં પ્રાણીઓએ પણ સાંભળી. આનાથી ઋષિ-મુનિ, દેવતાઓ અને સમસ્ત પ્રાણી પ્રસન્ન થયાં. આકાશમાં દુન્દુભિઓ વાગવા લાગી, પુષ્પની વૃષ્ટિ થઈ. ઇન્દ્રાદિ દેવો, સપ્તર્ષિઓ, પ્રજાપતિઓ, ગંધર્વો, અપ્સરાઓ વગેરે દિવ્ય વસ્ત્રાભૂષણથી સુસજ્જ થઈને અર્જુનના જન્મનો આનંદોત્સવ મનાવવા લાગ્યાં. દેવતાઓનો આ ઉત્સવ માત્ર ઋષિ-મુનિઓએ જ જોયો, સાધારણ લોકોએ નહિ.

પછી એક દિવસ માદ્રીના અનુરોધથી પાંડુએ કુંતીને એકાંતમાં બોલાવીને કહ્યું, 'તમે પ્રજા અને મારી પ્રસન્નતા માટે એક વિશેષ કામ કરો, જેથી તમારો યશ વધે. આપણાં પૂર્વજોએ પણ યશ વધારવા માટે બહુ કઠણ કાર્યો કર્યાં

છે. તે કામ એ છે કે માદ્રીના ગર્ભથી સંતાન ઉત્પન્ન થાય.' કુંતીએ પાંડુની આજ્ઞાને શિરોધાર્ય કરીને માદ્રીને કહ્યું, 'બહેન! તમે માત્ર એકવાર કોઈ દેવતાનું ચિંતન કરો. તેનાથી તમને યોગ્ય પુત્ર પ્રાપ્ત થશે.' માદ્રીએ અશ્વિનીકુમારોનું ચિંતન કર્યું. તે જ સમયે અશ્વિનીકુમારોએ આવીને નકુલ અને સહદેવને (જોડિયા) ઉત્પન્ન કર્યા. બંને બાળકો અનુપમ રૂપવાન હતા. તે સમયે આકાશવાણીએ કહ્યું, 'આ બંને બાળક રૂપ, ગુણ અને બળમાં અશ્વિનીકુમારોથી પણ વધીને થશે. આ બંને પોતાનાં રૂપ, દ્રવ્ય, સંપત્તિ અને શક્તિથી જગતમાં તેજસ્વી ગણાશે.'

શતશૃંગ પર્વત પર રહેનારા ઋષિઓએ પાંડુને અભિનંદન અને બાળકોને આશીર્વાદ આપીને ક્રમશઃ તેમના નામકરણ સંસ્કાર કર્યા – યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન અને નકુળ, સહદેવ. આ બધા એક એક વર્ષના અંતરે ઉત્પન્ન થયા હતા. બાળપણમાં ઋષિઓ અને ઋષિપત્નીઓ એમના પર બહુ પ્રેમ રાખતાં હતાં. રાજા પાંડુ પણ પોતાના પુત્રો અને પત્નીઓ સાથે બહુ જ પ્રસન્નતાથી ત્યાં રહેવા લાગ્યા.

વસન્ત ઋતુ હતી, બધાં વનવૃક્ષો ફૂલોથી લદાયેલાં હતાં. તેમની શોભા જોઈ-જોઈને બધાં પ્રાણીઓ મુગ્ધ થઈ રહ્યાં હતાં. રાજા પાંડુ આ જ વનમાં ફરી રહ્યા હતા અને તેમની સાથે એકલાં માદ્રી પણ ફરી રહ્યાં હતાં. તેઓ સુંદર વસ્ત્રોમાં અત્યંત સુંદર દેખાતાં હતાં. યુવાવસ્થા, શરીર પર ઝીણી સાડી અને મુખ પર મનોહર હાસ્ય જોઈને પાંડુના મનમાં કામ-ભાવનાનો સંચાર થઈ ગયો, જાણે વનમાં આગ લાગી ગઈ હોય! તેમણે બળપૂર્વક માદ્રીને પકડી લીધાં. તેમના દ્વારા પાંડુને રોકવાની અને યથાશક્તિ પોતાને છોડાવવાની ચેષ્ટા કરવા છતાં પાંડુએ તેમને છોડ્યાં નહિ. પાંડુ કામના આવેગમાં એવા મોહિત થઈ ગયા હતા કે તેમને શાપનું કશું ધ્યાન ન રહ્યું. દૈવવશ તેઓ મૈથુનધર્મમાં પ્રવૃત્ત થયા અને તે જ સમયે તેમની ચેતના નષ્ટ થઈ ગઈ. માદ્રી તેમના શવ સાથે વીંટળાઈને આર્તસ્વરે વિલાપ કરવા લાગ્યાં. કુંતી પાંચે પાંડવોને લઈને ત્યાં પહોંચ્યાં. તેઓ થોડે દૂર હતાં ત્યારે જ માદ્રીએ કહ્યું, 'બહેન! તમે છોકરાઓને ત્યાં મૂકીને એકલા જ અહીં આવો.' ત્યાંની દશા જોઈને કુંતી શોકગ્રસ્ત થઈ ગયાં. તે વિલાપ કરતાં બોલ્યાં, 'મેં તો હંમેશાં આપણા પતિદેવની રક્ષા કરી હતી. આજે તમણે શાપની વાત જાણતા હોવા છતાં તમારું કહ્યું કેમ ન માન્યું?' માદ્રીએ કહ્યું, 'બહેન! મેં તો ખૂબ જ નમ્રતા અને આજીજી સાથે તેમને રોકવાની ચેષ્ટા કરી, પરંતુ ભાવિ જ આવું હતું. એ પોતાના મનને વશમાં ન રાખી શક્યા.' કુંતીએ કહ્યું, 'સારું, હવે તમે પતિદેવને છોડીને અહીં આવો. તમે આ બાળકોનું પાલન-પોષણ કરો. હું આમની મોટી (પ્રથમ) પત્ની છું તેથી આમની સાથે સતી થવાનો મને અધિકાર છે. હું હવે પતિનું અનુગમન કરીશ.' માદ્રીએ કહ્યું, 'બહેન! આપણા ધર્માત્મા પતિની સાથે હું જ સતી થઈશ. હું હજી જુવાન છું. મારે જ આમની સાથે જવું જોઈએ. તમે મોટાં છો બહેન, આ માટે મને આજ્ઞા આપો. તમે મારા પુત્રોની સાથે પણ તમારા જ પુત્રો જેવો વ્યવહાર કરજો. મારી વિશેષ આસક્તિને કારણે પતિદેવનું મૃત્યુ થયું છે, તેથી પણ હું જ આમની સાથે સતી થઈશ.' માદ્રી આવું કહીને પોતાના પતિદેવની સાથે ચિતા પર ચડી ગયાં અને પતિલોક સિધાવ્યાં.

—★—

## હસ્તિનાપુરમાં કુંતી અને પાંડવોનું આગમન તથા પાંડુની અંત્યેષ્ટિ-ક્રિયા

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! પાંડુનું મૃત્યુ થવાથી દિવ્યજ્ઞાની મહર્ષિઓએ પરસ્પર ચર્ચા-વિચારણા કરી. તેમણે વિચાર્યું કે 'પરમ યશસ્વી મહાત્મા પાંડુ પોતાનું રાજ્ય અને દેશ છોડીને આ સ્થળે તપ કરવા માટે આપણા તપસ્વીઓના શરણમાં આવ્યા હતા. તેઓ પોતાના નાનાં-નાનાં બાળકો અને પત્નીને અનામતરૂપે સોંપીને સ્વર્ગે સિધાવી ગયા. હવે આપણા માટે એ જ ઉચિત છે કે આ તેમનાં બાળકો અને પત્નીને હસ્તિનાપુર પહોંચાડી દેવાં જોઈએ. આ જ આપણું કર્તવ્ય છે.' આવો વિચાર કરીને તે તપસ્વીઓ ભીષ્મ અને ધૃતરાષ્ટ્રના હાથમાં તેમને સોંપવા માટે હસ્તિનાપુર જવા રવાના થયા. થોડા જ દિવસોમાં તેઓ હસ્તિનાપુરના વર્દ્ધમાન દ્વાર પર આવી પહોંચ્યા. અનેક ચારણો વગેરે દેવતાઓની સાથે મુનિઓનું આગમન સાંભળીને લોકોને ભારે આશ્ચર્ય થયું. તેઓ પોતાનાં બાળ-બચ્ચાં સાથે તેમનાં દર્શન કરવા આવવા લાગ્યા. તે સમયે વાહનો દ્વારા અને પગે ચાલીને આવનારા લોકોની ભારે ભીડ થઈ ગઈ. તે સમયે કોઈના મનમાં ભેદ-ભાવ ન હતો. ભીષ્મ, સોમદત્ત, બાહ્લીક, ધૃતરાષ્ટ્ર, વિદુર, સત્યવતી, કાશિરાજની કન્યા, ગાંધારી, અને દુર્યોધન વગેરે ધૃતરાષ્ટ્રના પુત્રો – બધાં ત્યાં આવ્યાં અને મહર્ષિઓને પ્રણામ કરીને બેસી ગયાં. ભીડનો શોર-બકોર શાંત થઈ જતાં ભીષ્મે ઋષિઓનો સત્કાર કર્યો અને પોતાના રાજ્ય તથા દેશના કુશળ સમાચાર કહ્યા. ત્યાર બાદ બધાની સંમતિથી એક ઋષિ ઊભા થઈને કહેવા લાગ્યા – 'કુરુવંશશિરોમણિ રાજા પાંડુ વિષયોનો ત્યાગ કરીને શતશૃંગ પર્વત પર રહેતા હતા. તેઓ બ્રહ્મચર્યનું પાલન કરતા હતા, પરંતુ દિવ્ય મંત્રોના પ્રભાવથી ધર્મરાજના અંશથી યુધિષ્ઠિર, વાયુના અંશથી ભીમસેન, ઇન્દ્રના અંશથી અર્જુન અને અશ્વિનીકુમારોના અંશથી નકુળ-સહદેવનો જન્મ થયો છે. પહેલા ત્રણેય કુંતીના પુત્રો છે અને પછીના બંને માદ્રીના. આમના જન્મ, વૃદ્ધિ અને વેદાધ્યયનને જોઈને પાંડુ રાજાને બહુ જ પ્રસન્નતા થતી હતી; પરંતુ આજે સત્તર દિવસની વાત છે કે તેઓ પિતૃલોકવાસી થઈ ગયા. માદ્રી પણ તેમની સાથે સતી થઈ ગયાં. હવે તમને જે યોગ્ય લાગે તે કરો. તે બંનેનાં શરીરનાં અસ્થિ અને તેમના બાળકોને લઈને અમે અહીં આવ્યા છીએ. બાળકો અને તેમના માતા પર કૃપા રાખજો. આ ઉપરાંત પ્રેતકાર્ય સમાપ્ત થઈ ગયા પછી રાજા પાંડુને માટે પિતૃમેધ યજ્ઞ કરજો. આટલું કહીને તે ઋષિઓ અને તેમની સાથે આવેલા બધા અંતર્ધાન થઈ ગયા. બધા લોકો આ સિદ્ધ તપસ્વીઓનાં (ગંધર્વનગરમાં થાય તેવાં) દર્શન કરીને બહુ જ વિસ્મિત થઈ ગયા.

હવે રાજા ધૃતરાષ્ટ્રે આજ્ઞા કરી કે, 'વિદુર! તમે મહારાજ પાંડુ અને મહારાણી માદ્રીની રાજોચિત સામગ્રીથી અન્ત્યેષ્ટિ-ક્રિયા કરાવો અને તેમના માટે પશુ, વસ્ત્ર, અન્ન તથા આવશ્યક ધનનું દાન કરો.' વિદુરે તેમની આજ્ઞાનો સ્વીકાર કર્યો અને ભીષ્મની સંમતિથી પરમ પવિત્ર ગંગાજીના તટ પર ઓર્ધ્વદૈહિક ક્રિયા સંપન્ન કરાવી. તે સમયે પાંડુના વિયોગમાં બધા રડી રહ્યા હતા. મંત્રીઓએ બધાને સમજાવીને શાંત કર્યા. પાંડવોએ, સગાં-સંબંધીઓએ તથા બ્રાહ્મણો વગેરે નગરવાસીઓએ

શ્રાદ્ધના ઉપલક્ષ્યમાં બાર દિવસ સુધી ભૂમિશયન કર્યું. નગરમાં સર્વત્ર શોકનું વાતાવરણ હતું. કુંતી, ધૃતરાષ્ટ્ર અને ભીષ્મે પોતાનાં બંધુ-બાંધવો સાથે મળીને રાજા પાંડુનું શ્રાદ્ધ કર્યું, બ્રાહ્મણોને ભોજન કરાવ્યું, દક્ષિણામાં ઘણાં રત્નો અને સારાં-સારાં ગામોનું દાન કર્યું. સૂતક સમાપ્ત થઈ ગયા પછી બધા લોકો હસ્તિનાપુર પાછા આવ્યા.

—★—

## સત્યવતી વગેરેનો દેહ-ત્યાગ અને દુર્યોધન દ્વારા ભીમસેનને વિષ આપવું

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! શ્રાદ્ધ પછી પાંડુના કુટુંબીઓ ઘણા જ દુઃખી રહ્યા. દાદીમા સત્યવતી તો દુઃખ અને શોકના આવેગોથી પાગલ જેવાં જ થઈ ગયાં હતાં. પોતાની માતાને અત્યંત વ્યાકુળ જોઈને વ્યાસજીએ તેમને કહ્યું, 'મા! હવે સુખનો સમય ચાલ્યો ગયો. બહુ જ ખરાબ દિવસો આવી રહ્યા છે. સમયની સાથે-સાથે ક્રમશઃ પાપની વૃદ્ધિ થશે. પૃથ્વીની જુવાની પણ ચાલી ગઈ છે, છળ-કપટ અને દોષોની બોલબાલાનો સમય આવી રહ્યો છે. ધર્મ, કર્મ અને સદાચાર લુપ્ત થઈ રહ્યાં છે. કૌરવોના અન્યાયથી બહુ મોટો સંહાર થશે. હવે તમે યોગિની બનીને યોગ કરો અને અહીંથી નીકળી જાઓ. પોતાની આંખે પરિવારના નાશને જોવો યોગ્ય નથી.' સત્યવતી માએ તેમની વાતનો સ્વીકાર કરીને અંબિકા અને અંબાલિકાને આ વાતની સૂચના આપી અને એ બંનેની સાથે ભીષ્મની અનુમતિ લઈને વનમાં ચાલ્યાં ગયાં. વનમાં કઠોર તપસ્યા કરીને તે ત્રણેએ શરીરનો ત્યાગ કર્યો અને અભીષ્ટ ગતિ પ્રાપ્ત કરી.

હવે પાંડવોના વૈદિક સંસ્કાર થયા. તેઓ આનંદપૂર્વક પોતાના પિતાના ઘરે રહીને મોટા થવા લાગ્યા. બાલ્યાવસ્થામાં તેઓ આનંદપૂર્વક દુર્યોધન વગેરેની સાથે રમતા અને તેમનાથી ચડિયાતા જ રહેતા. દોડવામાં, નિશાન તાકવામાં, ખાવામાં, ધૂળ ઉડાડવામાં ભીમસેન ધૃતરાષ્ટ્રના બધા પુત્રોને હરાવી દેતા હતા. ભીમસેન ચૂપકીથી સંતાઈને તેમનાં માથાં પકડીને એકબીજાની સાથે અથડાવતા. ભીમસેન એકલા જ બધા ભાઈઓના વાળ પકડીને ખેંચતા અને જમીન પર ઘસડવા લાગતા. આનાથી તેમનાં શરીર છોલાઈ જતાં. તેઓ દસ-દસને એકસાથે બાથમાં પકડીને પાણીમાં ડુબકી મારતા અને તે બધાની માઠી દશા કરીને જવા દેતા. દુર્યોધન વગેરે બાળકો જ્યારે કોઈ વૃક્ષ પર ચડીને ફળ તોડતા તો ભીમસેન તે વૃક્ષને પોતાના પગની ઠોકર મારીને હલાવી નાખતા, જેથી ફળોની સાથે તે બાળકો પણ ટપોટપ નીચે પડી જતા. ભીમસેનને કુસ્તીમાં, દોડવામાં અથવા કોઈ પ્રકારે યુદ્ધમાં કોઈ હરાવી શકતું નહિ. ભીમસેનના મનમાં કોઈ પણ પ્રકારનો વેર-વિરોધ ન હતો, પરંતુ જ્યારે સ્પર્ધા સાથે રમતો રમતા ત્યારે જ આ પ્રમાણે તેઓ કોઈને ગાંઠતા નહિ. પરંતુ દુર્યોધનના મનમાં ભીમસેન માટેના દુર્ભાવે ઘર કરી લીધું. તે પોતાના અંતઃકરણના દોષથી ભીમસેનને સતત દોષી જ માનતો. મોહ અને લોભને કારણે દોષોનું ચિંતન કરતાં કરતાં તે સ્વયં દોષી બની ગયો. તેણે એવો નિશ્ચય કર્યો કે નગરના બગીચામાં સૂઈ રહેલા ભીમને ગંગામાં નાખી દેવો અને યુધિષ્ઠિર તથા અર્જુનને કેદ કરીને સંપૂર્ણ પૃથ્વીનું રાજ્ય કરવું. આવો નિર્ણય કરીને તે મોકો (લાગ) જોવા લાગ્યો.

દુર્યોધને એકવાર જળવિહાર માટે ગંગાકિનારે પ્રમાણકોટિ સ્થાન પર મોટા-મોટા તંબુઓ તૈયાર કરાવ્યા. તેમને બધી જાતની સામગ્રીઓથી સજાવવામાં આવ્યા હતા. બધાના અલગ-અલગ ઓરડા હતા. તે સ્થળનું નામ 'ઉદકક્રીડન' રાખવામાં આવ્યું હતું. ચતુર રસોઈયાઓએ ખાવા-પીવાની ઘણી વસ્તુઓ તૈયાર કરી. દુર્યોધનના કહેવાથી યુધિષ્ઠિરે આ સ્થળે જવાનું સ્વીકારી લીધું અને બધા હળીમળીને રથ અને હાથીઓ પર બેસીને ત્યાં ગયા. તે લોકોએ પ્રજાજનોને તો રસ્તામાંથી જ પાછા મોકલી દીધા અને રાજકુમારો સ્વયં વનની શોભા જોતાં જોતાં બગીચામાં જઈ પહોંચ્યા. ત્યાં પહોંચીને તે બધા પરસ્પર એકબીજાને ખવરાવવા-પિવડાવવામાં લાગી ગયા. દુરાત્મા દુર્યોધને ભીમસેનને મારી નાખવાની બૂરી દાનતથી તેમના ભોજનની સામગ્રીમાં પહેલેથી જ વિષ ભેળવી દીધું હતું. તેણે ખૂબ મધુરતાથી મિત્ર અને ભાઈની જેમ આગ્રહ કરીને ભીમસેનને તે બધું પીરસી દીધું અને તેઓ અજાણતાંમાં બધું જ ખાઈ ગયા. દુર્યોધને જાણ્યું, સારું થયું, હવે મારું કાર્ય પાર પડી ગયું. ત્યાર પછી જળક્રીડા થઈ. જળક્રીડા કરતાં કરતાં ભીમસેન થાકી ગયા અને બધાની સાથે તંબુમાં આવીને સૂઈ ગયા. તેઓ નસ-નસમાં વિષ વ્યાપી જવાથી અચેત થઈ ગયા. દુર્યોધને પોતે રસ્સીઓથી ભીમસેનના મુડદા જેવા શરીરને બાંધીને ગંગાજીની ઊંચી ભેખડ પરથી જળમાં ધકેલી દીધું. ભીમસેન આ જ સ્થિતિમાં નાગલોકમાં જઈ પહોંચ્યા. ત્યાં ઝેરીલા સર્પો ભીમસેનને ખૂબ ડસ્યા. સર્પોના ડસવાથી કાલકૂટ ઝેરનો પ્રભાવ ઓછો થઈ ગયો. જોકે સર્પોએ તેમનાં મર્મસ્થાનો પર પણ ડસવાની ચેષ્ટા કરી, પરંતુ તેમની ચામડી એટલી કઠોર હતી કે તેઓ કશું કરી શક્યા નહિ. વિષ ઊતરી જવાથી ભીમસેન સચેત થઈ ગયા અને સર્પોને પકડી પકડી તે પછાડવા લાગ્યા. ઘણા સાપ મરી ગયા અને ઘણા ગભરાઈને ભાગી ગયા. ભાગી ગયેલા સર્પોએ નાગરાજ વાસુકિ પાસે જઈને બધી હકીકત કહી સંભળાવી.

વાસુકિ નાગ સ્વયં ભીમસેનની પાસે આવ્યા. તેમના સાથી આર્યક નાગે ભીમસેનને ઓળખી લીધા. આર્યક નાગ ભીમસેનના નાનાનો નાનો હતો. તે ભીમસેનને ખૂબ જ પ્રેમથી મળ્યો. વાસુકિએ આર્યકને પૂછ્યું, 'આપણે આને શી ભેટ આપીએ?' 'આને ઘણાં-બધાં ધન-રત્નો મોકલી આપો.' આર્યકે કહ્યું, 'નાગેન્દ્ર! આ ધન-રત્નો લઈને શું કરશે? તમે પ્રસન્ન છો તો આને તે કુંડોનો રસ પીવાની આજ્ઞા કરો, જે પીવાથી હજારો હાથીઓનું બળ પ્રાપ્ત થાય છે.' નાગોએ ભીમસેન પાસે સ્વસ્તિવાચન કરાવ્યું અને તેઓ પવિત્ર થઈને પૂર્વાભિમુખ બેસીને તે રસ પીવા લાગ્યા. બળવાન ભીમસેન એક ઘૂંટડામાં એક કુંડ પી જતા. આ પ્રમાણે આઠ કુંડ પીને તેઓ નાગોના જણાવ્યા પ્રમાણે એક દિવ્ય શય્યા પર જઈને સૂઈ ગયા.

આ બાજુ નિદ્રા પૂરી થતાં કૌરવો અને પાંડવો ખૂબ જ રમી-કૂદીને ભીમસેન વિના જ હસ્તિનાપુર જવા રવાના થઈ ગયા. તેઓ પરસ્પર કહેતા હતા કે ભીમસેન આગળ ચાલ્યા ગયા હશે. કાર્ય સંપન્ન થઈ ગયું હોવાથી દુર્યોધનનો હરખ માતો ન હતો. યુધિષ્ઠિરના પવિત્ર હૃદયમાં ભીમસેનની સ્થિતિની કલ્પના પણ ન થઈ. તેઓ દુર્યોધનને પણ પોતાની જેમ શુદ્ધ સમજતા હતા. તેમણે મા કુંતી પાસે જઈને પૂછ્યું, 'મા! ભીમસેન અહીં આવી ગયા છે? અમે તો ત્યાં પણ તેમને બહુ શોધ્યા, પરંતુ

મળ્યા નહિ તેથી એવું સમજ્યા કે તે ઘરે ચાલ્યા આવ્યા હશે. તમે તેમને ક્યાંક મોકલ્યા તો નથી ને? અમે બહુ જ વ્યાકુળ થઈ રહ્યા છીએ.' આ સાંભળીને કુંતી ગભરાઈ ગયાં. તેમણે કહ્યું, 'ભીમસેન અહીં આવ્યો નથી. તેને તરત જ શોધવાનો પ્રયત્ન કરો.' કુંતી માતાએ તરત જ વિદુરજીને બોલાવ્યા અને કહ્યું, 'વિદુરજી! ભીમસેનનો પત્તો નથી. બધા આવી ગયા પરંતુ તે નથી આવ્યો. દુર્યોધનની નજરમાં તે હંમેશાં ખટકે છે. દુર્યોધન અત્યંત ક્રૂર, હલકો, લોભી અને નિર્લજ્જ છે. ક્યાંક તેણે ક્રોધવશ મારા પુત્રને મારી નાખ્યો ન હોય! મારા હૃદયમાં ભારે સંતાપ થઈ રહ્યો છે.' વિદુરજીએ કહ્યું, 'કલ્યાણી! આવી વાત મુખેથી બોલશો નહિ. બાકીના પુત્રોની રક્ષા કરો. દુરાત્મા દુર્યોધનને પૂછીશું તો તે વધારે ચિડાઈ જશે. બીજા પુત્રો પર આફત આવી પડશે. મહર્ષિ વ્યાસજીના કહેવા પ્રમાણે તમારા પુત્રો દીર્ઘાયુ છે. ભીમસેન ભલે ગમે ત્યાં હોય, પાછો અવશ્ય આવશે.' વિદુરજી સમજાવીને ચાલ્યા ગયા. કુંતી માતા ચિંતિત થઈ ગયાં.

ત્યાં નાગલોકમાં બળવાન ભીમસેન આઠમા દિવસે રસ પચી જવાથી જાગ્યા. નાગોએ ભીમસેનની પાસે આવીને તેમને બહુ ધીરજ આપી અને કહ્યું, 'તમે જે રસ પીધો છે, તે અત્યંત બળવર્ધક છે. તમે દસહજાર હાથીઓ જેટલા બળવાન થઈ જશો. યુદ્ધમાં તમને કોઈ જીતી શકશે નહિ. હવે તમે દિવ્ય જળથી સ્નાન કરીને પવિત્ર શ્વેત વસ્ત્રો ધારણ કરો અને પોતાને ઘેર પધારો.' પછી ભીમસેન ત્યાં ખાઈ-પીને, દિવ્ય વસ્ત્રાભૂષણોથી સુસજ્જ થઈને નાગોની અનુમતિ લઈને ઉપર (પૃથ્વી પર) આવ્યા. નાગોએ તેમને તે બગીચા સુધી પહોંચાડી દીધા અને પછી અંતર્ધાન થઈ ગયા. ભીમસેને પોતાની માતા પાસે આવીને તેમને તથા મોટા ભાઈને પ્રણામ કર્યા. નાના ભાઈઓનાં મસ્તક સૂંઘ્યાં. બધા પ્રેમથી આનંદવિભોર થઈ ગયા. ભીમસેને દુર્યોધનનાં બધાં કરતૂતો કહી સંભળાવ્યાં, અને નાગલોકમાં જે સુખદુઃખનો અનુભવ થયો તે પણ કહી સંભળાવ્યો. રાજા યુધિષ્ઠિરે ભીમસેનને બહુ જ મહત્ત્વની વાત કહી, 'ભાઈ! બસ, હવે ચૂપ થઈ જાઓ. આ વાત હવે પછી કોઈને કહેશો નહિ. આપણે બધા પરસ્પર મળીને ખૂબ જ સાવધાની સાથે એકબીજાની રક્ષા કરીએ.'

દુરાત્મા દુર્યોધને ભીમસેનના પ્રિય સારથિને ગળું દબાવીને મારી નાખ્યો. ધર્માત્મા વિદુરજીએ પાંડવોને એ જ સલાહ આપી કે 'તમે લોકો ચૂપ રહો.' ભીમસેનના ભોજનમાં ફરી એકવાર ઝેર નાખવામાં આવ્યું. યુયુત્સુએ આ વાત પાંડવોને કહી દીધી. પરંતુ ભીમસેને તે વિષ ખાઈને કોઈ પણ પ્રકારના વિકાર વિના પચાવી લીધું. દુર્યોધન, કર્ણ અને શકુનિએ વિષ આપવા છતાં પણ ભીમસેનનું મૃત્યુ ન થયું ત્યારે તેને જુદી જુદી રીતે મારવાની કોશિશ કરી. પરંતુ પાંડવો બધું જાણતા હોવા છતાં વિદુરજીની સલાહ પ્રમાણે ચૂપ રહ્યા. રાજા ધૃતરાષ્ટ્રે જોયું કે બધા જ રાજકુમારો રમત-ગમતમાં જ લાગ્યા રહે છે ત્યારે તેમને ગુરુ કૃપાચાર્યને વિદ્યાભ્યાસ માટે સોંપી દીધા. કૌરવો અને પાંડવોએ કૃપાચાર્યની પાસેથી વિધિપૂર્વક ધનુર્વેદનું શિક્ષણ પ્રાપ્ત કર્યું.

—★—

## કૃપાચાર્ય, દ્રોણાચાર્ય અને અશ્વત્થામાનો જન્મ તથા તેમનો કૌરવો સાથે સંબંધ

**જનમેજયે પૂછ્યું** – 'ભગવન્! તમે કૃપા કરીને મને કૃપાચાર્યના જન્મની કથા સંભળાવો.'

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! શરદ્વાન્ મહર્ષિ ગૌતમના પુત્ર હતા. તેઓ બાણોની સાથે જ જન્મ્યા હતા. તેમનું મન જેટલું ધનુર્વેદમાં લાગતું હતું, તેટલું વેદાભ્યાસમાં નહિ. તેમણે તપસ્યા કરીને બધાં અસ્ત્ર-શસ્ત્ર પ્રાપ્ત કર્યાં. શરદ્વાન્‌ની ઘોર તપસ્યા અને ધનુર્વેદમાં નિપુણતા જોઈને ઇન્દ્ર ખૂબ ભયભીત થઈ ગયા. તેમણે શરદ્વાન્‌ની તપસ્યામાં વિઘ્ન નાખવા માટે જાનપદી નામની એક દેવકન્યા મોકલી. તે ધનુર્ધર શરદ્વાન્‌ના આશ્રમમાં જઈને જાતજાતના હાવભાવથી તેમને મોહિત કરવા લાગી. સુંદર અને માત્ર એક વસ્ત્ર (સાડી જ) પહેરેલી તે સ્ત્રીને જોઈને તેમના શરીરમાં કંપારી આવવા લાગી. તેમના હાથમાંથી ધનુષ્ય-બાણ પડી ગયાં. તેઓ બહુ જ વિવેકી અને તપોનિષ્ઠ હતા. તેથી ધૈર્યથી પોતાને રોકી લીધા. તેમના મનમાં વિકાર પેદા થઈ ગયો હતો, તેથી એકાએક તેમનો શુક્રપાત થઈ ગયો. તેઓ ધનુષ્ય-બાણ, મૃગચર્મ, આશ્રમ અને તે કન્યાને છોડીને ત્યાંથી ચાલ્યા ગયા. તેમનું વીર્ય સરકટ (એક પ્રકારનું ઘાસ) પર પડ્યું હતું. તે બે ભાગમાં વિભક્ત થઈ ગયું. તેનાથી એક કન્યા અને એક પુત્રની ઉત્પત્તિ થઈ.

સંયોગવશ રાજર્ષિ શાંતનુ પોતાનાં દળ-બળ સાથે શિકાર ખેલતા ત્યાં આવી ચડ્યા. કોઈ સેવકની દૃષ્ટિ ત્યાં પડી ગઈ. તેણે એવું વિચારીને કે માનો-ન-માનો આ બાળકો કોઈ ધનુર્વેદના પારદર્શી બ્રાહ્મણના છે. તેણે રાજર્ષિ શાંતનુને આ વાત કહી. તેમણે કૃપાવશ થઈને તે બાળકોને ઉઠાવી લીધાં અને આ તો આપણાં જ બાળક છે – એમ વિચારીને ઘરે લઈ આવ્યા. તેમણે તે બાળકોનું પાલન-પોષણ અને યથોચિત સંસ્કાર કર્યા તથા તેમનાં નામ કૃપ અને કૃપી રાખી દીધાં. જ્યારે શરદ્વાન્‌ને તપોબળથી આ વાતની જાણ થઈ તો તેઓ પણ રાજર્ષિ શાંતનુની પાસે આવ્યા અને તે બાળકોનાં નામ-ગોત્ર કહીને ચારે પ્રકારના ધનુર્વેદો, વિવિધ શાસ્ત્રો અને તેમનાં રહસ્યોનું શિક્ષણ આપ્યું. થોડા જ દિવસોમાં બાળક કૃપ બધા વિષયોના પરમ આચાર્ય બની ગયા. હવે કૌરવો અને પાંડવો યદુવંશી તથા અન્ય રાજકુમારોની સાથે કૃપાચાર્ય પાસે ધનુર્વેદનો અભ્યાસ કરવા લાગ્યા.

ભીષ્મે વિચાર કર્યો કે પાંડવો અને કૌરવોને આનાથી પણ વિશેષ અસ્ત્ર-જ્ઞાન પ્રાપ્ત થવું જોઈએ. હવે તેમને કોઈ સામાન્ય પુરુષ તો શિક્ષણ આપી શકે નહિ, તેથી આ વિદ્યાનો કોઈ વિશેષજ્ઞ શોધવો જોઈએ. આવું વિચારીને તેમણે કૌરવો અને પાંડવોને દ્રોણાચાર્યના હાથમાં સોંપી દીધા. દ્રોણાચાર્યજી ભીષ્મના સત્કારથી પ્રસન્ન થઈને રાજકુમારોને ધનુર્વેદનું શિક્ષણ આપવા લાગ્યા. થોડા જ દિવસોમાં બધા જ રાજકુમારો બધાં જ શાસ્ત્રોમાં પ્રવીણ થઈ ગયા.

**જનમેજયે પૂછ્યું** – ભગવન્! દ્રોણાચાર્યનો જન્મ કઈ રીતે થયો હતો? તેમને અસ્ત્રો કઈ રીતે મળ્યાં હતાં અને કૌરવો સાથે તેમની મુલાકાત કઈ રીતે થઈ હતી? સાથે-સાથે એ પણ જણાવો કે શ્રેષ્ઠ અસ્ત્ર-વેત્તા અશ્વત્થામાનો જન્મ કઈ રીતે થયો?

**વૈશમ્પાયનજીએ કહ્યું** – જનમેજય! પૂર્વકાળમાં ગંગાદ્વાર નામના સ્થાન પર મહર્ષિ

ભરદ્વાજ રહેતા હતા. તે બહુ જ વ્રતનિષ્ઠ અને યશસ્વી હતા. એકવાર તેઓ યજ્ઞ કરી રહ્યા હતા. તે દિવસે બધાથી પહેલાં મહર્ષિઓની સાથે તેઓ ગંગાસ્નાન માટે ગયા. ત્યાં તેમણે જોયું કે ઘૃતાચી અપ્સરા સ્નાન કરીને જળમાંથી નીકળી રહી છે. તેને જોઈને તેમના મનમાં કામવાસના જાગૃત થઈ ગઈ. જ્યારે તેમનું વીર્ય સ્ખલિત થવા લાગ્યું, ત્યારે તેને તેમણે દ્રોણ નામના યજ્ઞપાત્રમાં રાખી દીધું. તેમાંથી જ દ્રોણનો જન્મ થયો. દ્રોણે સંપૂર્ણ વેદ-વેદાંગોનો અભ્યાસ કર્યો. મહર્ષિ ભરદ્વાજે પ્રથમથી જ આગ્નેયાસ્ત્રનું શિક્ષણ અગ્નિવેશ્યને આપી દીધું હતું. પોતાના ગુરુ ભરદ્વાજની આજ્ઞાથી અગ્નિવેશ્યે દ્રોણને આગ્નેયાસ્ત્રનું શિક્ષણ આપ્યું.

પૃષત્ નામના એક રાજા ભરદ્વાજ મુનિના મિત્ર હતા. દ્રોણના જન્મ સમયે જ તેને પણ દ્રુપદ નામનો પુત્ર થયો. તે પણ ભરદ્વાજ-આશ્રમમાં આવીને દ્રોણની સાથે જ શિક્ષા પ્રાપ્ત કરી રહ્યો હતો. દ્રોણ સાથે તેને ગાઢ મિત્રતા થઈ ગઈ હતી. પૃષત્‌નો સ્વર્ગવાસ થઈ જતાં દ્રુપદ ઉત્તર-પાંચાલ દેશના રાજા થયા. ભરદ્વાજ મુનિના બ્રહ્મલીન થયા પછી દ્રોણ પોતાના આશ્રમમાં રહીને તપસ્યા કરવા લાગ્યા. તેમણે શરદ્વાન્‌ની પુત્રી કૃપી સાથે લગ્ન કર્યાં. કૃપી અત્યંત ધાર્મિક અને જિતેન્દ્રિય હતી. કૃપીના ગર્ભથી અશ્વત્થામાનો જન્મ થયો. તેનું 'અશ્વત્થામા' નામ એટલા માટે થયું કે તેણે જન્મતાં જ ઉચ્ચૈઃશ્રવા અશ્વ (ઘોડા)ની જેમ અવાજ (સ્થામ અર્થાત્ = અવાજ) કર્યો હતો. અશ્વત્થામાના જન્મથી દ્રોણને બહુ હર્ષ થયો. તેઓ ત્યાં જ રહીને ધનુર્વેદનો અભ્યાસ કરવા લાગ્યા.

એ જ દિવસોમાં આચાર્ય દ્રોણને ખબર પડી કે જમદગ્નિનંદન ભગવાન પરશુરામ બ્રાહ્મણોને પોતાનું સર્વસ્વ દાન કરી રહ્યા છે. દ્રોણાચાર્ય તેમની પાસેથી ધનુર્વેદ-વિષયક સંબંધી જ્ઞાન તથા દિવ્યાસ્ત્રોની જાણકારી પ્રાપ્ત કરવા માટે નીકળ્યા. પોતાના શિષ્યો સાથે મહેન્દ્રાચલ પર પહોંચીને તેમણે પરશુરામજીને પ્રણામ કર્યા અને જણાવ્યું કે 'હું મહર્ષિ અંગિરાના ગોત્રમાં ભરદ્વાજ ઋષિ દ્વારા (યોનિના સંસર્ગ વિના જ) ઉત્પન્ન થયો છું. હું તમારી પાસે કંઈક પ્રાપ્ત કરવાની ઈચ્છાથી આવ્યો છું.' પરશુરામજીએ કહ્યું, 'મારી પાસે જે કંઈ ધન-રત્નો હતાં તે બધું મેં બ્રાહ્મણોને આપી દીધું છે. સંપૂર્ણ પૃથ્વી મેં કશ્યપ ઋષિને આપી દીધી. હવે મારી પાસે આ શરીર અને અસ્ત્રો સિવાય બીજું કશું નથી. તેમનામાંથી તમારી ઈચ્છા હોય તે તમે માગી લો.' દ્રોણાચાર્યે કહ્યું, 'ભૃગુનંદન! તમે મને પ્રયોગ, રહસ્ય અને ઉપસંહાર-વિધિ સહિત બધાં અસ્ત્ર-શસ્ત્રો આપી દો.' પરશુરામજીએ તરત જ 'તથાસ્તુ' કહીને તેમને બધી શિક્ષા આપી દીધી. અસ્ત્ર-શસ્ત્રો પ્રાપ્ત કરીને દ્રોણાચાર્યને ખૂબ પ્રસન્નતા થઈ. પછી તેઓ પોતાના મિત્ર દ્રુપદ પાસે ગયા.

દ્રોણાચાર્યે દ્રુપદ પાસે જઈને કહ્યું, 'રાજન્! હું તમારો પ્રિય મિત્ર દ્રોણ છું. તમે મને ઓળખ્યો તો છે ને?' પાંચાલનરેશ દ્રુપદ દ્રોણાચાર્યની વાતથી ચિડાઈ ગયા. તેમણે ભવાં (ભ્રૃકુટિ) ચડાવીને, આંખો લાલ કરીને કહ્યું, 'બ્રાહ્મણ! તમારી બુદ્ધિ હજી પરિપક્વ થઈ નથી. ભલા, મને તમારો મિત્ર કહેતાં તમને કશો સંકોચ નથી થતો? રાજાઓની ગરીબો સાથે મિત્રતા કેવી? કદાચિત્ થઈ પણ જાય તો પણ સમય વીતવાની સાથે ભૂંસાઈ જાય છે.' દ્રુપદની વાત સાંભળીને દ્રોણ ક્રોધથી ધ્રૂજવા લાગ્યા. તેમણે મનમાં જ કંઈક નિર્ણય કર્યો અને કુરુવંશની રાજધાની હસ્તિનાપુરમાં આવ્યા. ત્યાં

આવીને તેઓ થોડા દિવસ સુધી ગુપ્તરૂપે કૃપાચાર્યના ઘરે રહ્યા.

એક દિવસ યુધિષ્ઠિર વગેરે બધા રાજકુમારો નગરની બહાર જઈને મેદાનમાં દડો રમી રહ્યા હતા. દડો અચાનક કૂવામાં પડી ગયો. રાજકુમારોએ તેને કાઢવાનો પ્રયત્ન તો કર્યો પરંતુ કોઈ રીતે તેઓ કાઢવામાં સફળ ન થયા. તેઓ કંઈક સંકોચ સાથે એકબીજાનું મોં તાકવા લાગ્યા. તે જ સમયે તેમની દૃષ્ટિ પાસેના જ એક બ્રાહ્મણ પર પડી, જેઓ હમણાં જ પોતાનું નિત્યકર્મ આટોપી ચૂક્યા હતા. તેમનું શરીર દુર્બળ અને વર્ણ (રંગ) શ્યામ હતો. બધા રાજકુમારો તેમને ઘેરીને ઊભા રહ્યા. બ્રાહ્મણે રાજકુમારોને ઉદાસ જોઈને સહેજ મલકાઈને કહ્યું, 'રામ રામ! ધિક્કાર છે તમારા ક્ષત્રિયબળ અને અસ્ત્ર-કૌશલને. તમે લોકો કૂવામાંથી એક દડો કાઢી શકતા નથી? જુઓ, હું તમારો દડો અને મારી એક વીંટી (અંગૂઠી) હમણાં જ કૂવામાંથી કાઢી આપું છું. તમે લોકો મારા માટે જમવાની વ્યવસ્થા કરી દો.' આમ કહીને તેમણે પોતાની વીંટી કૂવામાં નાખી દીધી. યુધિષ્ઠિરે કહ્યું, 'ભગવન્! તમે કૃપાચાર્યની અનુમતિ મળી જતાં હંમેશને માટે ભોજન પ્રાપ્ત કરી શકો છો.' હવે દ્રોણાચાર્યે કહ્યું, 'જુઓ, આ એક મુઠ્ઠી સળેકડાં (પાતળી સળીઓ) છે. મેં આમને મંત્રોથી અભિમંત્રિત કરી રાખ્યાં છે. હું એક સળેકડાથી દડો વીંધી નાખું છું અને પછી બીજાં સળેકડાંથી એકબીજાંને વીંધીને તમારો દડો ખેંચી કાઢું છું.' દ્રોણાચાર્યે એ જ પ્રમાણે કર્યું. રાજકુમારોના આશ્ચર્યની સીમા ન રહી. તેમણે કહ્યું, 'ભગવન્! તમે તમારી અંગૂઠી (વીંટી) તો કાઢો.' દ્રોણાચાર્યે બાણનો પ્રયોગ કરીને બાણસહિત પોતાની વીંટી પણ બહાર કાઢી લીધી. વીંટીને બહાર નીકળેલી જોઈને રાજકુમારોએ કહ્યું, 'આશ્ચર્ય છે, આશ્ચર્ય છે! અમે તો આવી અસ્ત્રવિદ્યા ક્યાંય જોઈ નથી. તમે કૃપા કરીને તમારો પરિચય આપો અને જણાવો કે અમે લોકો તમારી શી સેવા કરીએ?' દ્રોણાચાર્યે કહ્યું કે 'તમે આ બધી વાત ભીષ્મજીને કહેજો, તેઓ મારા રૂપ અને ગુણથી મને ઓળખી લેશે.'

રાજકુમારોએ નગરમાં જઈને ભીષ્મપિતામહને બધી હકીકત કહી. તેઓ આ બધું સાંભળીને સમજી ગયા કે માનો-ન-માનો મહારથી દ્રોણાચાર્ય આવી ગયા છે. તેમણે નિશ્ચય કર્યો કે હવે આ રાજકુમારોને દ્રોણાચાર્ય પાસે જ શિક્ષા અપાવવી જોઈએ. તેમણે તરત ત્યાંથી દ્રોણાચાર્યને તેડાવી લીધા અને બહુ સ્વાગત-સત્કાર કરીને તેમના શુભાગમનનું કારણ પૂછ્યું. દ્રોણાચાર્યે કહ્યું, 'ભીષ્મજી! જે સમયે હું બ્રહ્મચર્યનું પાલન કરીને શિક્ષા પ્રાપ્ત કરી રહ્યો હતો, તે જ સમયે પાંચાલ-નરેશના પુત્ર દ્રુપદ પણ મારી સાથે ધનુર્વિદ્યા શીખી રહ્યા હતા. અમારા બંને વચ્ચે ગાઢ મિત્રતા હતી. તે વખતે તેઓ મને પ્રસન્ન કરવા માટે કહ્યા કરતા હતા કે 'જ્યારે હું રાજા થઈશ ત્યારે તમે મારી સાથે રહેજો. હું સત્ય શપથ લઈને કહું છું કે મારું રાજ્ય, સંપત્તિ અને સુખ – બધું તમારે આધીન હશે.' તેમની આ પ્રતિજ્ઞાનું સ્મરણ કરીને હું બહુ જ પ્રસન્ન અને પ્રફુલ્લિત રહેતો હતો. થોડા દિવસ પછી મેં શરદ્વાન્‌ની પુત્રી કૃપી સાથે લગ્ન કર્યાં અને તેના ગર્ભથી સૂર્ય જેવા અશ્વત્થામાનો જન્મ થયો.

એક દિવસની વાત છે, ગાયોના માલિક એવા ધનવાન ઋષિકુમારો દૂધ પી રહ્યા હતા. અશ્વત્થામા તેમને દૂધ પીતા જોઈને હઠ કરીને રડવા લાગ્યો. તે જોઈને મારી આંખોની સામે

અંધારું છવાઈ ગયું. જો હું કોઈ ઓછી ગાયોવાળા પાસેથી ગાય લઈ લેત તો તેના ધર્મ-કર્મમાં (પરિવારના પોષણમાં) બાધા ઊભી થાત. બહુ પ્રયત્ન કરવા છતાં મને દૂધ આપે તેવી ગાય મળી ન શકી. જ્યારે હું પાછો આવ્યો ત્યારે જોયું કે નાના-નાના છોકરાઓ લોટમાં પાણી નાખીને તે સફેદ-સફેદ દૂધ જેવા દેખાતા પાણીથી અશ્વત્થામાને લલચાવી રહ્યા છે અને તે અજ્ઞાન બાળક લોટવાળું પાણી પીને (એવું કહીને કે હું દૂધ પી રહ્યો છું) નાચી રહ્યો છે. પોતાના પુત્રની આ ખુશી અને દુર્દશા જોઈને મારા મનમાં ભારે દુઃખ થયું. મને થયું, ધિક્કાર છે મારી આ દરિદ્રતાને. મારી ધીરજ ખૂટી ગઈ.

'ભીષ્મજી! જ્યારે મેં સાંભળ્યું કે મારો મિત્ર દ્રુપદ રાજા થઈ ગયો છે, ત્યારે હું મારી પત્ની અને પુત્ર સાથે પ્રસન્નતાપૂર્વક તેની રાજધાની તરફ ચાલી નીકળ્યો. મને દ્રુપદની પ્રતિજ્ઞા પર વિશ્વાસ હતો. પરંતુ જ્યારે હું દ્રુપદને મળ્યો, ત્યારે તેણે અપરિચિતની જેમ કહ્યું, 'બ્રાહ્મણ દેવતા! હજી તમારી બુદ્ધિ અપરિપક્વ અને લોકવ્યવહારથી અજાણી છે. તમે કઈ રીતે બેધડક કહી દીધું કે હું તમારો મિત્ર છું. અરે ભાઈ! જે મળે છે, તે વિખૂટા પણ પડે છે. તે સમયે તમે અને હું બંને સમાન હતા, તેથી મિત્રતા હતી. હવે હું ધનવાન છું અને તમે ગરીબ. તમારો મિત્રતાનો દાવો બિલકુલ વ્યર્થ છે. તમે કહો છો કે મેં રાજ્ય આપવાની પ્રતિજ્ઞા કરી હતી, આવું મને તો કશું યાદ નથી. તમારી ઇચ્છા હોય તો એક દિવસ સારી રીતે ભોજન કરી લો.' 'ત્યાંથી પાછા વળતાં મેં એક પ્રતિજ્ઞા કરી છે. દ્રુપદના તિરસ્કારથી મારું કાળજું બળી રહ્યું છે. હું મારી પ્રતિજ્ઞા તરત જ પૂરી કરીશ. હું ગુણવાન શિષ્યોને શિક્ષા આપવાના ઉદ્દેશથી અહીં આવ્યો છું. તમે મારી પાસેથી શી અપેક્ષા રાખો છો? હું તમારી શી સેવા કરું?' ભીષ્મપિતામહે કહ્યું, 'હવે તમે તમારા ધનુષ્ય પરથી દોરી ઉતારી નાખો અને અહીં રહીને રાજકુમારોને ધનુર્વેદ અને અસ્ત્રની શિક્ષા આપો. કૌરવોની સંપત્તિ, વૈભવ અને રાજ્ય તમારું જ છે. અમે બધા તમારા આજ્ઞાકારી સેવક છીએ. તમારું શુભાગમન અમારા માટે અહોભાગ્ય છે.'

—★—

## રાજકુમારોની શિક્ષા અને પરીક્ષા તથા એકલવ્યની ગુરુભક્તિ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! દ્રોણાચાર્ય ભીષ્મપિતામહ દ્વારા સન્માનિત થઈને હસ્તિનાપુરમાં રહેવા લાગ્યા. ભીષ્મે તેમને ધન-અન્નથી ભરપૂર એક સુંદર ભવન રહેવા માટે લઈ આપ્યું. તેઓ ધૃતરાષ્ટ્ર અને પાંડુના પુત્રોનો શિષ્યરૂપે સ્વીકાર કરીને વિધિપૂર્વક શિક્ષા આપવા લાગ્યા. દ્રોણાચાર્ય એક દિવસ બધા શિષ્યોને એકાંતમાં બોલાવીને કહ્યું કે 'મારા મનમાં એક ઇચ્છા છે. અસ્ત્રશિક્ષા સમાપ્ત થયા પછી શું તમે લોકો મારી તે ઇચ્છા પૂરી કરશો?' બધા રાજકુમારો ચૂપ રહ્યા. અર્જુને ખૂબ જ ઉત્સાહથી આચાર્યની ઇચ્છા પૂરી કરવાની પ્રતિજ્ઞા કરી. દ્રોણાચાર્ય બહુ પ્રસન્ન થયા. તેમણે અર્જુનને હૃદયે લગાડ્યો. તેમની આંખોમાં આનંદનાં આંસુ છલકાઈ આવ્યાં. દ્રોણાચાર્ય પોતાના શિષ્યોને જાતજાતનાં દિવ્ય અને અલૌકિક અસ્ત્રોની શિક્ષા આપવા લાગ્યા. તે સમયે તેમના શિષ્યોમાં યદુવંશી તથા બીજા દેશના રાજકુમારો પણ હતા.

ના નામે જાણીતા કર્ણ પણ અહીં જ
લઈ રહ્યા હતા. અર્જુનના મનમાં શિક્ષા
અત્યંત રુચિ અને લગન હતી. તેઓ
ાર્યની સેવા પણ બહુ કરતા હતા. તેથી
બાહુબળ અને ઉદ્યમની દૃષ્ટિથી તમામ
નો પ્રયોગ, સ્ફૂર્તિ અને સફાઈમાં અર્જુન
ાથી ચડિયાતા નીકળ્યા.
ોણાચાર્યને પોતાના પુત્ર અશ્વત્થામા પર
અનુરાગ હતો. તેમણે શિષ્યોને પાણી
માટે જે વાસણ આપ્યાં હતાં, તેમાં બીજા
નાં વાસણ ભરાતાં વાર લાગતી, પરંતુ
ામાનું વાસણ તરત જ ભરાઈ જતું. તેથી
ામા સૌથી પહેલાં પોતાના પિતા પાસે
ગુપ્ત રહસ્ય શીખી લેતા. અર્જુને આ
જાણી લીધી. હવે અર્જુન વરુણાસ્ત્રથી
ું વાસણ ઝટપટ ભરીને તરત જ આચાર્યની
આવી પહોંચતા. તેથી અર્જુનની શિક્ષા-
કોઈ રીતે અશ્વત્થામાથી કમ ન હતી. એક
ભોજન કરતાં પવનના સૂસવાટાથી દીવો
ગયો. અંધકારમાં પણ હાથ બીજે ક્યાંય
યા વિના સીધો મોંમાં જાય છે તેથી તેમણે
લીધું કે નિશાન તાકવા માટે પ્રકાશની
નથી, માત્ર અભ્યાસની જરૂર છે. તેઓ
ંધારામાં બાણ ચલાવવાનો અભ્યાસ કરવા
. એક દિવસ રાત્રિના સમયે અર્જુનની
ાનો ટંકાર સાંભળીને દ્રોણાચાર્ય તેમની
આવ્યા અને અર્જુનને હૃદયે લગાડીને કહ્યું,
હું એવો પ્રયત્ન કરીશ કે સંસારમાં તમારા
કોઈ ધનુર્ધર નહિ થાય. આ વાત હું તમને
ાચી કહું છું.' આચાર્યે હવે રાજકુમારોને
ઘોડા, રથ અને પૃથ્વી પરનું યુદ્ધ, ગદાયુદ્ધ,
ર ચલાવવી, તોમર-પ્રાસ-શક્તિ વગેરેના
ી તથા સંકીર્ણ યુદ્ધની શિક્ષા આપી. આ
બધું શિખવાડવામાં અર્જુન તરફ તેમનું વિશેષ ધ્યાન રહેતું હતું. દ્રોણાચાર્યના અદ્ભુત શિક્ષણકાર્યની વાત દેશ-વિદેશમાં ફેલાઈ ગઈ. દૂર-દૂરના રાજાઓ અને રાજકુમારો આવવા લાગ્યા. એક દિવસ નિષાદરાજ હિરણ્યધનુનો પુત્ર એકલવ્ય પણ અસ્ત્રશિક્ષા પ્રાપ્ત કરવા માટે દ્રોણાચાર્યની પાસે આવ્યો. પરંતુ તે નિષાદજાતિનો છે એવું વિચારીને દ્રોણાચાર્યે તેને શિક્ષણ આપવાનો સ્વીકાર ન કર્યો. તે પાછો ચાલ્યો ગયો. તેણે વનમાં જઈને દ્રોણાચાર્યની એક માટીની મૂર્તિ બનાવી અને તેમાં ગુરુ-ભાવ કરીને ઉત્કટ (તીવ્ર) શ્રદ્ધા અને પ્રેમથી નિયમિતરૂપે અસ્ત્રાભ્યાસ કરવા લાગ્યો અને તે અત્યંત નિપુણ બની ગયો.

એકવાર બધા રાજકુમારો આચાર્યની અનુમતિથી શિકાર ખેલવા માટે વનમાં ગયા. રાજકુમારોનો સામાન ઊંચકનાર એક અનુચર તથા એક કૂતરાને પણ સાથે રાખ્યો હતો. એકલવ્યનું શરીર અસ્વચ્છ હતું. તેણે કાળું મૃગચર્મ પહેર્યું હતું અને તેના માથા પર જટા હતી. કૂતરું તેને જોઈને ભૂંકવા લાગ્યું. એકલવ્યે ચિડાઈને સાત બાણ માર્યાં જેથી તે કૂતરાનું મોં ભરાઈ ગયું. પરંતુ તેને કોઈ ઈજા ન થઈ. કૂતરું બાણોથી ભરેલું મોં લઈને પાંડવોની પાસે આવ્યું. આ આશ્ચર્યજનક દૃશ્ય જોઈને પાંડવ કહેવા લાગ્યા કે 'તેની સ્ફૂર્તિ અને શબ્દ-વેધ તો અદ્ભુત છે.' તપાસ કરતાં તેમને એકલવ્ય તે જ વનમાં મળી ગયો. તે સતત બાણોનો અભ્યાસ કરી રહ્યો હતો. પાંડવો એકલવ્યનું રૂપ બદલાઈ જવાને કારણે તેને ઓળખી ન શક્યા. પૂછવાથી એકલવ્યે જણાવ્યું, 'મારું નામ એકલવ્ય છે. હું ભીલરાજ હિરણ્યધનુનો પુત્ર અને દ્રોણાચાર્યનો શિષ્ય છું. હું અહીં ધનુર્વિદ્યાનો અભ્યાસ કરું

છું.' હવે બધાએ તેને સારી રીતે ઓળખી લીધો. તેમણે પાછા આવીને દ્રોણાચાર્યને બધી વાત કહી સંભળાવી. અર્જુને કહ્યું, 'ગુરુદેવ! તમે મને હૃદયે લગાડીને ખૂબ જ પ્રેમથી એ વાત કહી હતી કે 'મારો કોઈ પણ શિષ્ય તારાથી વધીને નહિ હોય.' પરંતુ આ આપનો શિષ્ય એકલવ્ય તો મારાથી ચડિયાતો છે.' અર્જુનની વાત સાંભળીને દ્રોણાચાર્યે થોડીવાર સુધી કંઈક વિચાર કર્યો અને તેમને સાથે લઈને વનમાં ગયા.

દ્રોણાચાર્યે અર્જુનની સાથે ત્યાં જઈને જોયું કે જટા-વલ્કલ ધારણ કરીને એકલવ્ય બાણ પર બાણ ચલાવી રહ્યો છે. શરીર પર મેલ જામી ગયો છે, પરંતુ તેને તેનું ધ્યાન નથી. આચાર્યને જોઈને એકલવ્ય તેમની પાસે આવ્યો અને ચરણોમાં દંડવત્ પ્રણામ કર્યા. પછી તેમની વિધિપૂર્વક પૂજા કરીને હાથ જોડીને તેમની સામે ઊભો રહી ગયો અને કહ્યું, 'તમારો શિષ્ય સેવામાં હાજર છે. આજ્ઞા આપો.' દ્રોણાચાર્યે કહ્યું, 'જો તું ખરેખર મારો શિષ્ય છે તો મને ગુરુદક્ષિણા આપ.' એકલવ્યને બહુ જ આનંદ થયો. તેણે કહ્યું, 'આજ્ઞા કરો. મારી પાસે એવી કોઈ વસ્તુ નથી, જે હું તમને ન આપી શકું.' દ્રોણાચાર્યે કહ્યું, 'એકલવ્ય! તું તારા જમણા હાથનો અંગૂઠો મને આપી દે.' સત્યવાદી એકલવ્ય પોતાની પ્રતિજ્ઞા પર અચળ રહ્યો અને તેણે ઉત્સાહ અને પ્રસન્નતા સાથે જમણા હાથનો અંગૂઠો કાપીને ગુરુદેવને આપી દીધો. ત્યાર પછી તેનામાં બાણ ચલાવવાની તે ચપળતા અને શક્તિ ન રહ્યાં.

એકવાર દ્રોણાચાર્યે પોતાના શિષ્યોની પરીક્ષા લેવાનું વિચાર્યું. તેમણે કારીગર પાસે એક નકલી ગીધ બનાવડાવ્યું અને તેને કુમારોથી છુપાવીને એક વૃક્ષ પર ટિંગાડી દીધું. ત્યાર બાદ રાજકુમારોને કહ્યું, 'ધનુષ્ય પર બાણ ચડાવીને તૈયાર થઈ જાઓ. તમારે નિશાન તાકીને તે ગીધનું મસ્તક છેદવું પડશે.' તેમણે પ્રથમ યુધિષ્ઠિરને આજ્ઞા કરી; પૂછ્યું કે 'યુધિષ્ઠિર! શું તમે આ વૃક્ષ પર બેઠેલા ગીધને જોઈ રહ્યા છો?' 'યુધિષ્ઠિરે કહ્યું, 'હાજી, હું જોઈ રહ્યો છું.' દ્રોણે પૂછ્યું, 'શું તમે આ વૃક્ષને અને મને અને તમારા ભાઈઓને પણ જોઈ રહ્યા છો?' યુધિષ્ઠિરે કહ્યું, 'હા જી, હું આ વૃક્ષને, તમને અને મારા ભાઈઓને પણ જોઈ રહ્યો છું.' દ્રોણાચાર્યે થોડું ચિડાઈને તેમની ઝાટકણી કાઢતાં કહ્યું, 'ખસી જાઓ, તમે આ નિશાન નહિ ભેદી શકો.' ત્યાર પછી તેમણે દુર્યોધન વગેરે રાજકુમારોને એક-એક કરીને ત્યાં ઊભા કરાવ્યા અને આ જ પ્રશ્ન પૂછ્યો. તે બધાએ પણ એ જ ઉત્તર આપ્યો, જે યુધિષ્ઠિરે આપ્યો હતો. આચાર્યે બધાંને ઠપકો આપીને ત્યાંથી હટાવી દીધા.

છેલ્લે અર્જુનને બોલાવીને તેમણે કહ્યું, 'જુઓ નિશાન તરફ, ચૂકતા નહિ. ધનુષ્ય ચડાવીને મારી આજ્ઞાનો ઇન્તેજાર કરો.' ઘડીભર રોકાઈને આચાર્યે પૂછ્યું, 'શું તમે આ વૃક્ષને, ગીધને અને મને જોઈ રહ્યા છો?' અર્જુને કહ્યું, 'ભગવન્! મને ગીધ સિવાય કશું જ દેખાતું નથી.' દ્રોણાચાર્યે પૂછ્યું, 'અર્જુન! અચ્છા, મને એ કહો કે ગીધની આકૃતિ કેવી છે?' અર્જુન બોલ્યા, 'ભગવન્! હું તો માત્ર તેનું માથું જ જોઈ રહ્યો છું. આકૃતિની ખબર નથી.' દ્રોણાચાર્ય આનંદની ભરતીથી રોમાંચિત થઈ ગયા. તેઓ બોલ્યા, 'બેટા! બાણ ચલાવો.' અર્જુને તરત જ બાણ વડે ગીધનું મસ્તક કાપીને નીચે પાડી દીધું. અર્જુનની સફળતા જોઈને આચાર્યે નિશ્ચય કરી લીધો કે દ્રુપદના વિશ્વાસઘાતનો બદલો અર્જુન જ લઈ શકશે.

એક દિવસ ગંગાસ્નાન કરતાં મગરે

દ્રોણાચાર્યની જાંઘ પકડી લીધી. દ્રોણ સ્વયં તેનાથી છૂટી શકતા હતા, તેમ છતાં તેમણે શિષ્યોને કહ્યું કે, 'મગરને મારીને મને બચાવો.' તેમની વાત પૂરી થાય તે પહેલાં જ અર્જુને પાંચ તીક્ષ્ણ બાણોથી પાણીમાં ડૂબેલા મગરને વીંધી નાખ્યો. બીજા બધા રાજકુમારો ચકિત થઈને પોતાના સ્થાને જ ઊભા રહ્યા. મગર મરી ગયો અને આચાર્યની જાંઘ છૂટી ગઈ. આથી પ્રસન્ન થઈને દ્રોણાચાર્યે કહ્યું, 'બેટા અર્જુન! હું તમને બ્રહ્મશિર નામનો દિવ્ય અસ્ત્ર-પ્રયોગ સંહાર સાથે બતાવું છું. આ અમોઘ છે. આનો ઉપયોગ ક્યારેય કોઈ સામાન્ય મનુષ્ય પર કરવો નહિ. આ સંપૂર્ણ જગતને ભસ્મ કરવાની શક્તિ ધરાવે છે.' અર્જુને હાથ જોડીને તે અસ્ત્રનો સ્વીકાર કર્યો. દ્રોણાચાર્યે કહ્યું, 'હવે પૃથ્વી પર તમારા જેવો કોઈ ધનુર્ધર નહિ થાય.'

—★—

## રંગમંડપમાં રાજકુમારોના અસ્ત્રકૌશલનું પ્રદર્શન અને કર્ણને અંગ દેશનો રાજા બનાવવો

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! દ્રોણાચાર્યે રાજકુમારોને અસ્ત્રવિદ્યામાં નિપુણ જોઈને કૃપાચાર્ય, સોમદત્ત, બાહ્લીક, ભીષ્મ, વ્યાસ અને વિદુર વગેરેની સામે ધૃતરાષ્ટ્રને કહ્યું, 'રાજન્! બધા રાજકુમારો હવે સર્વ પ્રકારની વિદ્યામાં નિપુણ થઈ ચૂક્યા છે. તમારી ઇચ્છા હોય, અનુમતિ આપો તો તેમની અસ્ત્રવિદ્યાનું કૌશલ એક દિવસ બધાની સામે દેખાડી શકાય.' ધૃતરાષ્ટ્રે પ્રસન્ન થઈને કહ્યું, 'આચાર્ય! તમે અમારા પર ઘણો મોટો ઉપકાર કર્યો છે. તમને જે સમયે, જે સ્થળે, જે રીતે અસ્ત્ર-કૌશલનું પ્રદર્શન યોગ્ય લાગે, કરી શકો છો. તેના માટે જે પ્રકારની તૈયારી કરવી જરૂરી હોય તે કરવાની આજ્ઞા કરો. ત્યારપછી તેમણે વિદુરજીને કહ્યું, 'વિદુર! આચાર્યની આજ્ઞા પ્રમાણે તૈયારી કરાવો. આ કાર્ય મને બહુ પ્રિય છે.' દ્રોણાચાર્યે રંગમંડપ માટે એક ઝાડ-ઝાંખરાં રહિત સમતળ જમીન પસંદ કરી. જળાશયોને કારણે તે ભૂમિ બહુ સુંદર હતી. શુભમુહૂર્તમાં પૂજા કરીને રંગમંડપની શરૂઆત કરવામાં આવી. રંગમંડપ તૈયાર થઈ જતાં તેમાં અનેક પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્રો ટિંગાડવામાં આવ્યાં અને રાજપરિવારનાં સ્ત્રી-પુરુષો માટે યોગ્ય સ્થાન બનાવવામાં આવ્યાં. સ્ત્રીઓ અને સામાન્ય પ્રજાજનો માટે અલગ-અલગ સ્થાન હતાં. નિયત દિવસ આવી પહોંચતાં રાજા ધૃતરાષ્ટ્ર ભીષ્મ અને કૃપાચાર્યની સાથે ત્યાં આવ્યા. ચારે બાજુ મોતીની ઝાલરો લટકી રહી હતી. ગાંધારી, કુંતી અને ઘણી-બધી રાજપરિવારની મહિલાઓ પણ પોતપોતાની દાસીઓ સાથે ત્યાં આવી. બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો વગેરે આવીને યથાસ્થાને બેસી ગયા. ત્યાં માનવોની ભીડનો જાણે સમુદ્ર ઘૂઘવતો હતો. વાજિંત્રો વાગવા લાગ્યાં. આચાર્ય દ્રોણ શ્વેત વસ્ત્ર, શ્વેત યજ્ઞોપવીત અને શ્વેત પુષ્પોની માળા પહેરીને પોતાના પુત્ર અશ્વત્થામાની સાથે ત્યાં આવી પહોંચ્યા. તેમની મૂછો, દાઢી અને માથાના વાળ પણ શ્વેત હતા.

દ્રોણાચાર્યે યથાવિધિ દેવતાઓની પૂજા કરીને વેદજ્ઞ બ્રાહ્મણો પાસે મંગલપાઠ કરાવ્યો. રાજકુમારોએ પ્રથમ ધનુષ્યબાણનું કૌશલ દેખાડ્યું. ત્યાર પછી રથ, હાથી અને ઘોડા પર ચઢીને પોતપોતાની યુદ્ધ-ચતુરાઈ પ્રદર્શિત કરી. તેઓ આપસમાં કુસ્તી પણ લડ્યા. ત્યાર પછી ઢાલ-તલવાર લઈને જાતજાતના પેંતરા બદલવા તથા

હસ્ત-કૌશલ દેખાડવા લાગ્યા. બધા લોકો તેમની સ્ફૂર્તિ, સફાઈ, શોભા, સ્થિરતા અને મુઠ્ઠીની મજબૂતી વગેરે જોઈને ખુશ થઈ ગયા. ભીમસેન અને દુર્યોધન હાથમાં ગદા લઈને રંગભૂમિ (અખાડા)માં ઊતર્યા. તેઓ પર્વતના શિખર જેવા પડછંદ, વીર, લાંબી ભુજાઓ અને કસીને બાંધેલા કમરબંધને કારણે અત્યંત શોભી રહ્યા હતા. તેઓ મદમત્ત હાથીઓ જેવી ગર્જના કરીકરીને પેંતરા બદલી-બદલીને ઘૂમરી ફરવા લાગ્યા. વિદુરજી ધૃતરાષ્ટ્રને અને કુંતીજી ગાંધારીને બધી માહિતી આપતાં હતાં. તે સમયે દર્શકોનાં બે જૂથ થઈ ગયાં. કેટલાક લોકો ભીમસેનની જય બોલાવતા તો કેટલાક રાજા દુર્યોધનની. સમુદ્ર જેવી ઊમટેલી ભીડનો શોરબકોર સાંભળીને દ્રોણાચાર્યે અશ્વત્થામાને કહ્યું, 'બેટા! આમને હવે રોકી લો. વાત વધી જશે તો દર્શકો ગરબડ કરી બેસશે.' અશ્વત્થામાએ તેમની આજ્ઞાનું પાલન કર્યું.

દ્રોણાચાર્યે ઊભા થઈને વાજિંત્રો બંધ કરાવ્યાં અને ગંભીર અવાજે કહ્યું, 'હવે તમે બધા અર્જુનનું અસ્ત્ર-કૌશલ જુઓ. તેઓ મને બધાથી વિશેષ પ્રિય છે.' અર્જુન રંગભૂમિમાં આવ્યા. તેમણે પ્રથમ આગ્નેયાસ્ત્રથી અગ્નિ પ્રગટ કર્યો, પછી વારુણાસ્ત્રથી જળ ઉત્પન્ન કરીને તેને ઓલવી નાખ્યો. વાયવ્યાસ્ત્રથી આંધી ચલાવી, પર્જન્યાસ્ત્રથી વાદળો ઉત્પન્ન કરી દીધાં, ભૌમાસ્ત્રથી પૃથ્વી અને પર્વતાસ્ત્રથી પર્વતો પ્રગટ કરી દીધા. અંતર્ધાનાસ્ત્ર વડે તેઓ સ્વયં અંતર્ધાન થઈ ગયા. તેઓ ઘડીકમાં ખૂબ લાંબા થઈ જતા તો પલકવારમાં અત્યંત નાના થઈ જતા. લોકોએ ચકિત થઈને જોયું કે તેઓ પળભરમાં રથની ધુરા પર, તો તે જ ક્ષણે રથની મધ્યમાં અને પલકવારમાં પૃથ્વી પર અસ્ત્રકૌશલ દેખાડી રહ્યા છે. તેમણે અત્યંત સ્ફૂર્તિ, સફાઈ અને સૌંદર્યની સાથે સુકુમાર, સૂક્ષ્મ અને ભારે નિશાનબાજી દ્વારા પોતાની નિપુણતા દેખાડી. તેમણે લોઢાના બનાવેલા સૂવરને એટલી સ્ફૂર્તિથી પાંચ બાણ માર્યાં કે લોકો માત્ર એક બાણ જ જોઈ શક્યા. તેમણે ફરતા નિશાનને પણ વીંધી નાખ્યું. ત્યાર પછી ખડ્ગયુદ્ધ, ગદાયુદ્ધ તથા ધનુર્યુદ્ધના અનેક પેંતરા તથા હાથની કરામત દેખાડી.

આ જ સમયે કર્ણે રંગભૂમિમાં પ્રવેશ કર્યો. તેને જોઈને એવું લાગતું હતું કે જાણે કોઈ જીવતો-જાગતો પર્વત ટહેલતો ટહેલતો આવી રહ્યો છે. કર્ણે અર્જુનને ઉદ્દેશીને કહ્યું – 'અર્જુન! અભિમાન કરશો નહિ. તમારા દ્વારા પ્રદર્શિત કરેલી અસ્ત્ર-શસ્ત્ર કળાને હજી પણ વિશેષતાથી હું દેખાડીશ.' આ સમયે દર્શકોમાં ખળભળાટ મચી ગયો અને તેઓ એ રીતે ઊભા થઈ ગયા જાણે તેમને બધાને યંત્રો દ્વારા એકસાથે ઊભા કરી દીધા હોય! કર્ણની વાત સાંભળીને અર્જુન એક વખત તો જાણે ભોંઠા પડી ગયા, પરંતુ પછી તેમને ક્રોધ આવી ગયો. કર્ણે દ્રોણાચાર્યની આજ્ઞાથી તે બધાં કૌશલ દેખાડ્યાં, જે અર્જુને દેખાડ્યાં હતાં. આનાથી દુર્યોધન બહુ પ્રસન્ન થયો. તેણે કર્ણને ગળે લગાડીને કહ્યું, 'મારા સૌભાગ્યથી જ તમારું આગમન થયું છે. મારા સહિત મારું રાજ્ય તમારું જ છે. ઇચ્છા પ્રમાણે તેનો ઉપભોગ કરો.' કર્ણે કહ્યું, 'હું તો સ્વયં તમારી સાથે મિત્રતા કરવા ઉત્સુક છું. અત્યારે હું અર્જુન સાથે દ્વંદ્વયુદ્ધ કરવા ચાહું છું.' દુર્યોધને કહ્યું, 'તમે અમારી સાથે રહીને બધા પ્રકારના ભોગ ભોગવો, મિત્રોનું પ્રિય કરો અને શત્રુઓનાં માથાં પર પગ મૂકો.'

અર્જુનને એવું લાગ્યું કે જાણે ભરી સભામાં કર્ણ મારો તિરસ્કાર કરી રહ્યો છે. તેમણે કર્ણને

પોકારીને કહ્યું, 'કર્ણ! વિના આમંત્રણે આવનારને અને વિના બોલાવ્યે બોલનારને જે ગતિ મળે છે, તે જ તમને મારા હાથે મરીને મળશે.' કર્ણે કહ્યું, 'અરે, આ રંગમંડપ તો બધા માટે છે. શું આના પર માત્ર તમારો જ અધિકાર છે? કમજોરની જેમ આક્ષેપ શું કરો છો? સાહસ હોય તો ધનુષ્ય-બાણથી વાત કરો. હું તમારા ગુરુની સામે જ તમારું માથું ધડથી અલગ કરી દઈશ.' ગુરુ દ્રોણની આજ્ઞાથી અર્જુન કર્ણની પાસે દ્વંદ્વયુદ્ધ કરવા માટે આવી પહોંચ્યા. કર્ણ પણ ધનુષ્ય-બાણ લઈને ઊભો થઈ ગયો.

એટલામાં નીતિનિપુણ કૃપાચાર્યે બંનેને દ્વંદ્વયુદ્ધ માટે તૈયાર જોઈને કહ્યું, 'કર્ણ! પાંડુનંદન અર્જુન કુંતીનો સૌથી નાનો પુત્ર છે. આ કુરુવંશ-શિરોમણિનું તમારી સાથે યુદ્ધ થવા જઈ રહ્યું છે, ત્યારે તમે પણ તમારાં માતાપિતા અને વંશનો પરિચય આપો. આ જાણ્યા પછી જ આ યુદ્ધ કરવું કે ન કરવું તેનો નિર્ણય થશે. કેમકે રાજકુમારો અજ્ઞાત કુળ-શીલ અથવા નીચ વંશના પુરુષ સાથે દ્વંદ્વયુદ્ધ કરતા નથી.' આ સાંભળીને કર્ણ ઉપર જાણે સો ઘડા પાણી પડી ગયું. તેનું શરીર શ્રીહીન થઈ ગયું, મુખ લજ્જાથી ઝૂકી ગયું. દુર્યોધને કહ્યું, 'આચાર્યજી! શાસ્ત્ર પ્રમાણે ઉચ્ચકુળના પુરુષ, શૂરવીર અને સેનાપતિ – ત્રણેય રાજા થઈ શકે છે. જો અર્જુન કર્ણ સાથે એટલા માટે લડવા નથી ઇચ્છતા કે તેઓ રાજા નથી તો હું કર્ણને અંગદેશનું રાજ્ય આપું છું. આમ કહીને દુર્યોધને કર્ણને સોનાના સિંહાસન પર બેસાડ્યો અને તરત જ અભિષેક કરી દીધો. તે સમયે કર્ણના ધર્મપિતા અધિરથને ભારે પ્રસન્નતા થઈ. તેનો ખેસ વિખેરાઈ રહ્યો હતો, શરીર પસીનાથી લદબદ હતું અને દુર્બળ હોવાને કારણે તેની બધી પાંસળીઓ દેખાતી હતી. તે ધ્રૂજતો-ધ્રૂજતો કર્ણની પાસે આવ્યો અને 'બેટા-બેટા!' કહીને પ્રેમ કરવા લાગ્યો. કર્ણે ધનુષ્ય મૂકીને બહુ સન્માનપૂર્વક તેના ચરણોમાં માથું મૂકીને પ્રણામ કર્યા. હજી તેનું મસ્તક અભિષેકના જળથી ભીનું હતું. અધિરથે ઝટપટ કપડાના છેડાથી પોતાનો પગ ઢાંકી દીધો, તેને (કર્ણને) છાતીએ લગાડ્યો તથા પ્રેમાશ્રુથી તેનું મસ્તક ભીંજવી દીધું. અધિરથનો આવો વ્યવહાર જોઈને પાંડવોએ નિશ્ચય કરી લીધો કે આ સૂતપુત્ર છે. ભીમસેને હસતાં હસતાં કહ્યું, 'અરે સૂતપુત્ર! તું તો અર્જુનના હાથે મરવાને પણ લાયક નથી. તારા વંશને અનુરૂપ તો એ છે કે જલદીથી ઘોડાની ચાબુક પકડી લે. અરે નીચ! તું અંગ દેશનું રાજ્ય કરવાને પણ યોગ્ય નથી. ભલા, ક્યાંય કૂતરું યજ્ઞના હવિષ્યનું અધિકારી થાય છે?' કર્ણ લાંબો નિસાસો નાખીને સૂર્ય તરફ જોવા લાગ્યો.

તે સમયે મહાબળી દુર્યોધન મદમત્ત હાથીની જેમ ભાઈઓના ટોળામાંથી ઊછળીને બહાર આવ્યો અને ભીમસેનને કહ્યું, 'ભીમસેન! તમારે આવી વાત કહેવી ન જોઈએ. ક્ષત્રિયોમાં બળની શ્રેષ્ઠતા જ સર્વમાન્ય છે. તેથી નીચ કુળના શૂરવીર સાથે પણ યુદ્ધ કરવું જ જોઈએ. શૂરવીર અને નદીઓની ઉત્પત્તિનું જ્ઞાન દુર્લભ છે. કર્ણ સ્વાભાવિકપણે કવચ-કુંડળધારી અને સર્વલક્ષણોથી સંપન્ન છે. આ સૂર્ય જેવા તેજસ્વી કુમારને ભલા, કોઈ સૂતપત્ની જન્મ આપી શકે ખરી? કર્ણ પોતાના બાહુબળ અને મારી સહાયતાથી માત્ર અંગદેશનો જ નહિ સંપૂર્ણ પૃથ્વીનું શાસન કરી શકે છે. મારું આ કાર્ય જેનાથી સહ્યું ન જતું હોય, તે રથ પર બેસીને ધનુષ્ય પર પ્રત્યંચા ચડાવે.' સંપૂર્ણ રંગમંડપમાં હાહાકાર મચી ગયો. ત્યાં સુધીમાં સૂર્યાસ્ત થઈ ચૂક્યો હતો. દુર્યોધન

કર્ણનો હાથ પકડીને ત્યાંથી બહાર નીકળી ગયો. દ્રોણાચાર્ય, કૃપાચાર્ય તથા ભીષ્મજીની સાથે પાંડવો પણ પોતપોતાના નિવાસસ્થાને ચાલ્યા ગયા.

—★—

## દ્રુપદનો પરાભવ

**વૈશમ્પાયનજી કહે છે –** જનમેજય! જ્યારે દ્રોણાચાર્યે જોયું કે બધા રાજકુમારો અસ્ત્રવિદ્યાના અભ્યાસમાં પૂર્ણરૂપે નિપુણ થઈ ગયા છે, ત્યારે તેમણે નિશ્ચય કર્યો કે હવે ગુરુદક્ષિણા લેવાનો સમય આવી ગયો છે. તેમણે બધા રાજકુમારોને પોતાની પાસે બોલાવીને કહ્યું, 'તમે લોકો પાંચાલરાજ દ્રુપદને યુદ્ધમાં પકડીને લઈ આવો. આ જ મારા માટે સર્વોત્તમ ગુરુદક્ષિણા હશે.' બધાએ પ્રસન્નતાપૂર્વક ગુરુદેવની આજ્ઞાનો સ્વીકાર કર્યો અને તેમની સાથે શસ્ત્ર ધારણ કરીને રથ પર સવાર થઈને દ્રુપદ રાજાના નગર તરફ ગયા. દુર્યોધન, કર્ણ, યુયુત્સુ, દુઃશાસન અને બીજા રાજકુમારો 'પ્રથમ આક્રમણ કરીને હું પકડીશ' – એવો નિશ્ચય કરીને આપસમાં સ્પર્ધા કરવા લાગ્યા. તેમણે ક્રમશઃ પહેલાં દેશમાં અને પછી રાજધાનીમાં પ્રવેશ કર્યો. પાંચાલરાજ દ્રુપદે ખૂબ જ ત્વરાથી કિલ્લામાંથી બહાર આવીને પોતાના ભાઈઓ સાથે આક્રમણ કરનારાઓ ઉપર બાણ-વૃષ્ટિ શરૂ કરી દીધી.

અર્જુને દુર્યોધન વગેરે કૌરવોને બહુ અભિમાન કરતા જોઈને પહેલેથી જ દ્રોણાચાર્યજીને કહ્યું હતું, 'આચાર્યચરણ! આ લોકોને પ્રથમ તેમનું પરાક્રમ દેખાડી લેવા દો. આ લોકો પાંચાલનરેશને નહિ પકડી શકે. એમના પછી અમારો વારો આવશે.' અર્જુન પોતાના ભાઈઓ સાથે નગરથી અરધો કોસ દૂર રોકાઈ ગયા હતા. ત્યાં દ્રુપદે પોતાનાં બાણોની વર્ષાથી કૌરવોની સેનાને ચકિત કરી દીધી. તેઓ એટલી સ્ફૂર્તિ અને સફાઈથી બાણ ચલાવી રહ્યા હતા કે કૌરવો ભયવશ તેમને અનેક રૂપોમાં જોવા લાગ્યાં. જે સમયે દ્રુપદ ભયંકર બાણવર્ષા કરી રહ્યા હતા તે સમયે શંખ, ભેરી, મૃદંગ અને સિંહનાદથી સંપૂર્ણ રાજધાની ગુંજી ઊઠી. ધનુષ્યના ટંકારોનો અવાજ આકાશને આંબી જતો હતો. અહીં દુર્યોધન, વિકર્ણ, સુબાહુ અને દુઃશાસન વગેરે પણ બાણો ચલાવવામાં કોઈ કમી રાખતા ન હતા. દ્રુપદ અલાલચક્ર (સળગતા લાકડાના ઘૂમતા ચક્ર)ની જેમ ઘૂમી-ઘૂમીને એકલા જ બધાનો સામનો કરી રહ્યા હતા. તે સમયે પાંચાલ રાજ્યની રાજધાનીના બધા જ સામાન્ય અને અસામાન્ય નાગરિકો – જેમાં બાળકો, વૃદ્ધો અને સ્ત્રીઓ પણ હતી – લાકડીઓ, મુશળ વગેરે લઈને નીકળી પડ્યા અને વરસતાં વાદળોની જેમ કૌરવો પર તૂટી પડ્યા. કૌરવોની સેના પર એવો માર પડ્યો કે તેઓ તે ભયંકર મારની સામે એક ક્ષણ પણ ઊભા રહી શક્યા નહિ, રડતા-બૂમો પાડતા પાંડવોની પાસે ભાગી ગયા.

કૌરવોનું કરુણ આક્રંદ સાંભળીને પાંડવોએ દ્રોણાચાર્યના ચરણોમાં પ્રણામ કર્યા અને રથ પર સવાર થયા. અર્જુને યુધિષ્ઠિરને રોકી દીધા. નકુળ અને સહદેવને પોતાના રથના ચક્રોના રક્ષક બનાવ્યા. ભીમસેન હાથમાં ભીષણ ગદા લઈને સેનાની આગળ–આગળ ચાલવા લાગ્યા. હજી દ્રુપદ વગેરે વીરો કૌરવોને હરાવીને હર્ષનાદ કરી જ રહ્યા હતા કે અર્જુનનો રથ દિશાઓને

ગરજતો ત્યાં જઈ પહોંચ્યો. ભીમસેન દંડપાણિ કાળ જેવા હાથમાં ગદા લઈને દ્રુપદની સેનામાં ઘૂસી ગયા અને ગદા મારી-મારીને હાથીઓનાં માથાં ભાંગવા લાગ્યા. તેમણે હાથી, ઘોડા, રથ, પાયદળ – સઘળી સેનાને છિન્નભિન્ન કરી દીધી. અર્જુને તે મહાન વિલક્ષણ યુદ્ધમાં બાણોની એવી ઝડી વરસાવી કે પાંચાલનરેશની બધી સેનાને ઢાંકી દીધી. પ્રથમ સત્યજિતે અર્જુન પર મોટું ભીષણ આક્રમણ કર્યું, પરંતુ અર્જુને થોડી જ વારમાં તેને યુદ્ધમાંથી વિમુખ કરી દીધો. ત્યાર પછી અર્જુને દ્રુપદનું ધનુષ્ય અને ધજા કાપીને જમીન પર પાડી દીધાં અને પાંચ બાણ વડે ચાર ઘોડા અને સારથિને મારી નાખ્યા. હજી દ્રુપદરાજા બીજું ધનુષ્ય ઉઠાવવા જતા હતા ત્યાં તો અર્જુન હાથમાં ખડ્ગ લઈને પોતાના રથ પરથી કૂદી પડ્યા અને દ્રુપદના રથ પર જઈને તેમને પકડી લીધા. હવે અર્જુન દ્રુપદને લઈને દ્રોણાચાર્ય પાસે ચાલ્યા, ત્યારે બધા રાજકુમારો દ્રુપદની રાજધાનીમાં લૂંટફાટ કરવા લાગ્યા. અર્જુને કહ્યું, 'ભાઈ ભીમસેન! રાજા દ્રુપદ કૌરવોના સંબંધી છે. તેમની સેનાનો સંહાર કરશો નહિ, માત્ર ગુરુદક્ષિણારૂપે દ્રુપદને જ ગુરુને અધીન કરી દો.' જોકે ભીમસેન હજી યુદ્ધથી તૃપ્ત થયા ન હતા, તેમ છતાં તેમણે અર્જુનની વાત માની લીધી અને પાછા ફરી ગયા.

આ પ્રમાણે પાંડવો દ્રુપદને પકડીને દ્રોણાચાર્ય પાસે લઈ આવ્યા. હવે તેમનું અભિમાન ચૂરેચૂરા થઈ ચૂક્યું હતું. ધન પણ છિનવાઈ ગયું હતું. તેઓ બધી રીતે દ્રોણાચાર્યને અધીન થઈ ગયા હતા. તેમની આ સ્થિતિ જોઈને આચાર્ય દ્રોણ બોલ્યા, 'દ્રુપદ! મેં બળપૂર્વક તમારા દેશ અને નગરને રગદોળી નાખ્યું છે. હવે તમારું જીવન તમારા શત્રુને અધીન છે. શું તમે પુરાણી મિત્રતાને ચાલુ રાખવા ઇચ્છો છો?' તેમણે સહેજ હસીને વધુમાં કહ્યું, 'દ્રુપદ! તમે પ્રાણોથી નિરાશ ન થતા. અમે તો સ્વભાવે જ ક્ષમાશીલ બ્રાહ્મણ છીએ. બચપણમાં આપણે એકસાથે રમતા હતા. તે પ્રેમસંબંધ હજી પણ છે. રાજન્! હું ઇચ્છું છું કે આપણે ફરી પૂર્વવત્ મિત્ર બની જઈએ. હું તમને વરદાન આપું છું કે તમે અરધા રાજ્યના સ્વામી રહો. તમે કહ્યું હતું કે જે રાજા નથી, તે રાજાનો મિત્ર થઈ શકતો નથી. તેથી હું પણ તમારું અરધું રાજ્ય લઈને રાજા બની ગયો છું. તમે ગંગાજીના દક્ષિણ કિનારાના રાજા બનો અને હું ઉત્તરનો. હવે તમે મને તમારો મિત્ર સમજો.' દ્રુપદે કહ્યું, 'બ્રહ્મન્! તમારા જેવા પરાક્રમી ઉદારહૃદયી મહાત્માઓ માટે આ કોઈ આશ્ચર્યની વાત નથી. હું તમારાથી પ્રસન્ન છું અને તમારો અનંત પ્રેમ ચાહું છું.' હવે દ્રોણે તેમને મુક્ત કરી દીધા તથા ખૂબ જ પ્રસન્નતાપૂર્વક સત્કાર કરીને તેમને અરધું રાજ્ય આપી દીધું. દ્રુપદ માકન્દી પ્રદેશના શ્રેષ્ઠ નગર કામ્પિલ્યમાં રહેવા લાગ્યા. તેને દક્ષિણ-પાંચાલ કહે છે, ત્યાં ચર્મણ્વતી નદી છે. આ પ્રમાણે જોકે દ્રોણે દ્રુપદને પરાજિત કરીને પણ તેમની રક્ષા કરી, પરંતુ દ્રુપદના મનમાં સંતોષ ન થયો. અહીં અહિચ્છત્ર પ્રદેશની અહિચ્છત્રા નગરીમાં દ્રોણાચાર્ય રહેવા લાગ્યા. અર્જુનના પરાક્રમથી જ તેમને આ રાજ્ય પ્રાપ્ત થયું હતું.

—★—

## યુધિષ્ઠિરને યુવરાજપદ, તેમના ગુણપ્રભાવની વૃદ્ધિથી ધૃતરાષ્ટ્રને ચિંતા, કણિકની કૂટનીતિ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! દ્રુપદને જીતી લીધાના એક વર્ષ બાદ રાજા ધૃતરાષ્ટ્રે પાંડુનંદન યુધિષ્ઠિરને યુવરાજ પદ પર અભિષિક્ત કરી દીધા. એક તો યુધિષ્ઠિરમાં ધૈર્ય, સ્થિરતા, સહિષ્ણુતા, દયાળુતા, નમ્રતા અને અવિચળ પ્રેમ વગેરે ઘણા અલૌકિક ગુણ હતા; બીજું બધી પ્રજા ઇચ્છતી હતી કે યુધિષ્ઠિર જ યુવરાજ થાય. યુવરાજ થયા પછી થોડા જ દિવસોમાં ધર્મરાજ યુધિષ્ઠિરે પોતાના શીલ, સદાચાર અને વિચારશીલતા દ્વારા પ્રજાના હૈયામાં પોતાના સદ્ગુણોની એવી છાપ ઉપસાવી દીધી કે લોકો તેમના ઉદારચરિત્રના પિતાને (પાંડુ રાજાને) પણ ભૂલવા લાગ્યા.

અહીં ભીમસેને બલરામજી પાસેથી ખડ્ગ, ગદા અને રથયુદ્ધની વિશિષ્ટ શિક્ષા પ્રાપ્ત કરી. યુદ્ધની શિક્ષા પૂરી થઈ જતાં તેઓ પોતાના ભાઈઓને અનુકૂળ રહેવા લાગ્યા. કેટલાય વિશેષ અસ્ત્ર-શસ્ત્રોના સંચાલનમાં, સ્ફૂર્તિ અને સફાઈમાં તે દિવસોમાં અર્જુન જેવો કોઈ યોદ્ધો ન હતો. દ્રોણાચાર્યજીનો આવો જ નિશ્ચય હતો. તેમણે એક દિવસ કૌરવોની ભરી સભામાં અર્જુનને કહ્યું, 'અર્જુન! જુઓ, હું મહર્ષિ અગસ્ત્યના શિષ્ય અગ્નિવેશ્યનો શિષ્ય છું. તેમની પાસેથી મેં બ્રહ્મશિર અસ્ત્ર પ્રાપ્ત કર્યું હતું, જે તમને આપી દીધું. હવે તમે તમારા ભાઈ-બાંધવોની સામે મને એ ગુરુદક્ષિણા આપો કે જો યુદ્ધમાં તમારો અને મારો મુકાબલો થઈ જાય તો તમે મારાથી લડવામાં અચકાશો નહિ.' અર્જુને ગુરુદેવની આજ્ઞા સ્વીકારી લીધી અને તેમના ચરણોનો સ્પર્શ કરીને ડાબી બાજુથી નીકળી ગયા. પૃથ્વીમાં બધે આ વાત ફેલાઈ ગઈ કે અર્જુનના જેવો શ્રેષ્ઠ ધનુર્ધર બીજો કોઈ નથી.

ભીમસેન અને અર્જુનના જેવી જ સહદેવે પણ બૃહસ્પતિ પાસે સંપૂર્ણ નીતિશાસ્ત્રની શિક્ષા લીધી હતી. અતિરથી નકુળ પણ ઘણા વિનીત અને જુદી જુદી યુદ્ધકળામાં નિપુણ હતા. સૌવીર દેશનો રાજા દત્તામિત્ર અત્યંત બળવાન અને અભિમાની હતો. જેણે ગંધર્વોના ઉપદ્રવની વચ્ચે પણ ત્રણ વર્ષ સુધી સળંગ યજ્ઞ કર્યો હતો અને જેને સ્વયં પાંડુ રાજા પણ જીતી શક્યા નહોતા તેને અર્જુને યુદ્ધમાં મારી નાખ્યો હતો. આ સિવાય ભીમસેનની મદદથી પૂર્વ દિશા અને કોઈની પણ સહાયતા વિના દક્ષિણ દિશાને પણ તેમણે જીતી લીધી હતી. બીજાં રાજ્યોની સંપત્તિ કૌરવોના રાજ્યમાં આવવા લાગી, તેથી તેમના રાજ્યની બહુ વૃદ્ધિ થઈ. દેશ-દેશમાં પાંડવોની ખ્યાતિ ફેલાઈ ગઈ અને બધા તેમની તરફ આકર્ષિત થવા લાગ્યા.

આ બધું જોઈને–સાંભળીને એકાએક ધૃતરાષ્ટ્રના ભાવમાં પરિવર્તન થઈ ગયું. દૂષિત ભાવની વિપુલતાને લીધે તેઓ બહુ ચિંતામાં રહેવા લાગ્યા. જ્યારે તેમની આતુરતા અત્યંત વધી ગઈ, ત્યારે તેમણે પોતાના શ્રેષ્ઠ મંત્રી રાજનીતિવિશારદ કણિકને બોલાવરાવ્યો. ધૃતરાષ્ટ્રે કહ્યું, 'કણિક! દિવસે-દિવસે પાંડવોની ચડતી થઈ રહી છે. મારા ચિત્તમાં ભારે બળતરા થઈ રહી છે. તમે સાચેસાચું જણાવો કે મારે તેમની સાથે સંધિ કરવી જોઈએ કે વિગ્રહ? હું તમારી વાત માનીશ.'

**કણિકે કહ્યું** – રાજન્! તમે મારી વાત સાંભળો, મારા પર નારાજ ન થતા. રાજાએ હંમેશાં દંડ દેવા માટે તૈયાર રહેવું જોઈએ અને ભાગ્યના ભરોસે ન રહેતાં પુરુષાર્થ કરવો જોઈએ. પોતાનામાં કોઈ કમજોરી આવવા ન દેવી અને હોય તો તેની કોઈને ખબર પડવા ન દેવી. બીજાની કમજોરી જાણતાં રહેવું. જો શત્રુનું અનિષ્ટ પ્રારંભ થઈ જાય તો તેને વચ્ચેથી અટકાવવું નહિ. કાંટાની કણી પણ જો અંદર રહી જાય તો ઘણા દિવસ સુધી પરુ વગેરે ઉત્પન્ન કરે છે. શત્રુને કમજોર સમજીને આંખો બંધ કરી દેવી ન જોઈએ. જો સમય અનુકૂળ ન હોય તો તેના તરફથી આંખ-કાન બંધ કરી દેવાં. પરંતુ હંમેશાં સાવધાન રહેવું. શરણાગત શત્રુ પર પણ દયા દાખવવી ન જોઈએ. શત્રુના ત્રણ (મંત્ર, બળ અને ઉત્સાહ), પાંચ (સહાય, સહાયક, સાધન, ઉપાય, દેશ અને કાળનો વિભાગ) તથા સાત (સામ, દાન, ભેદ, દંડ, માયા, ઈન્દ્રજાળના પ્રયોગ તથા શત્રુનાં ગુપ્ત કાર્યો) રાજ્યનાં અંગોને નષ્ટ કરતા રહે છે. જ્યાં સુધી સમય આપણા માટે અનુકૂળ ન હોય, ત્યાં સુધી શત્રુને ખભા પર બેસાડીને પણ ફેરવી શકાય. પરંતુ પરિસ્થિતિ બદલાતાં માટલાની જેમ તેને પટકીને નષ્ટ કરી દેવો જોઈએ. સામ, દાન, દંડ, ભેદ વગેરે કોઈ પણ ઉપાયે પોતાના શત્રુને નષ્ટ કરી દેવો એ જ રાજનીતિનો મૂળ મંત્ર છે.

**ધૃતરાષ્ટ્રે કહ્યું** – 'કણિક! સામ, દાન, ભેદ અથવા દંડ દ્વારા કયા પ્રકારના શત્રુનો નાશ કરવામાં આવે છે – આ વાત તમે સ્પષ્ટ જણાવો.

**કણિકે કહ્યું** – 'મહારાજ! હું તમને આ વિષયમાં એક કથા સંભળાવું છું. કોઈ વનમાં એક મહાબુદ્ધિમાન અને સ્વાર્થપરાયણ શિયાળ રહેતું હતું. તેના ચાર મિત્ર – વાઘ, ઉંદર, વરુ અને નોળિયો પણ ત્યાં રહેતાં હતાં. એક દિવસ તેમણે બહુ બળવાન અને હૃષ્ટ-પુષ્ટ હરણોનો સરદાર જોયો. પહેલાં તો તેમણે તેને પકડવાની ચેષ્ટા કરી; પરંતુ અસફળ રહ્યા. ત્યાર પછી તે લોકોએ આપસમાં વિચાર કર્યો. શિયાળે કહ્યું, 'આ હરણ દોડવામાં બહુ ચપળ, જુવાન અને ચતુર છે. વાઘભાઈ! તમે તેને મારવાની ઘણીવાર કોશિશ કરી, પરંતુ સફળતા ન મળી. હવે એવો ઉપાય કરવો જોઈએ કે જ્યારે આ હરણ સૂઈ રહ્યું હોય ત્યારે ઉંદરભાઈ જઈને ધીરે-ધીરે તેનો પગ કોતરી લે. પછી તમે પકડી લેજો તથા આપણે બધા મળીને તેને મોજથી ખાઈ જઈશું.' બધાંએ મળીને એ પ્રમાણે જ કર્યું. હરણ મરી ગયું. ખાતી વખતે શિયાળે કહ્યું, 'અચ્છા, હવે તમે લોકો સ્નાન કરી આવો. હું આનું રખવાળું રાખું છું.' બધાંના ગયા પછી શિયાળ મનમાં કશોક વિચાર કરવા લાગ્યું. ત્યાં સુધીમાં બળવાન વાઘ સ્નાન કરીને નદી પરથી આવી ગયો.

શિયાળને ચિંતામાં જોઈને વાઘે પૂછ્યું, 'મારા ચતુર મિત્ર! તમે શા વિચારમાં પડ્યા છો? આવો, આજે આ હરણને ખાઈને મોજ કરીએ.' શિયાળે કહ્યું, 'બળવાન વાઘભાઈ! ઉંદરે મને કહ્યું છે કે વાઘના બળને ધિક્કાર છે. હરણને તો મેં માર્યું છે. આજે તે વાઘ મારી કમાણી ખાશે. તો ભાઈ! તેની આ અભિમાનભરી વાત સાંભળીને હવે હરણને ખાવું યોગ્ય નથી એમ હું માનું છું.' વાઘે કહ્યું, 'અચ્છા, આવી વાત છે? તેણે તો મારી આંખો ખોલી નાખી. હવે હું મારા પોતાના પુરુષાર્થથી પશુઓને મારીને

ખાઈશ.' આમ કહીને વાઘ ચાલ્યો ગયો. તે જ વખતે ઉંદર આવ્યો. શિયાળે કહ્યું, 'ઉંદરભાઈ! નોળિયો મને કહેતો હતો કે વાઘના કરડવાથી હરણના માંસમાં ઝેર ભળી ગયું છે, તેથી હું તો આને ખાઈશ નહિ. જો તમે કહો તો હું ઉંદરને ખાઈ જાઉં. હવે તમને ઠીક લાગે તેમ કરો.' ઉંદર ગભરાઈને પોતાનાં દરમાં ઘૂસી ગયો. હવે વરુનો વારો આવ્યો. શિયાળે કહ્યું, 'વરુભાઈ! આજે વાઘ તમારા ઉપર બહુ નારાજ થઈ ગયો છે. મને તો તમારું ભલું દેખાતું નથી. તે હમણાં જ વાઘણ સાથે અહીં આવશે. જે યોગ્ય લાગે તે કરો.' વરુ પૂંછડી દબાવીને ભાગી ગયું. ત્યાં સુધીમાં નોળિયો આવ્યો. શિયાળે કહ્યું, 'જો, નોળિયા! મેં લડીને વાઘ, વરુ અને ઉંદરને ભગાડી દીધાં છે. જો તને ઘમંડ હોય તો આવ મારી સાથે લડી લે અને પછી હરણનું માંસ ખા.' નોળિયાએ કહ્યું, 'જ્યારે બધાં તમારાથી હારી ગયાં છે ત્યારે તમારી સાથે લડવાની હિંમત હું કઈ રીતે કરું.' નોળિયો પણ ચાલ્યો ગયો. હવે શિયાળ એકલું જ માંસ ખાવા લાગ્યું.

'રાજન્'! ચતુર રાજા માટે પણ આવી જ વાત છે. બીકણને ભયભીત કરી દેવો, શૂરવીરને હાથ જોડી લેવા. લોભીને કાંઈક આપી દેવું અને બરાબરીનાને તથા કમજોરને પરાક્રમ બતાવીને વશમાં કરી લેવા. શત્રુ ચાહે કોઈ પણ હોય, તેને મારી નાખવો જોઈએ. સોગંદ ખાઈને અને ધનની લાલચ આપીને ઝેર અથવા દગાથી પણ શત્રુને ખતમ કરી દેવો જોઈએ. મનમાં દ્વેષ હોવા છતાં તેની સાથે હસીને વાત કરવી. મારવાની ઇચ્છા રાખીને અને મોતને ઘાટ ઉતારતાં પણ મીઠું જ બોલવું. મારીને કૃપા દેખાડવી, અફસોસ કરવો અને રડવું પણ ખરું. શત્રુને સંતુષ્ટ રાખવો, પરંતુ તેની ભૂલ જોતાં જ ચડી બેસવું. જેના પર શંકા થતી નથી તેના પર જ વધારે શંકા કરવી જોઈએ. એવા લોકો વધારે દગો કરે છે. જે વિશ્વાસપાત્ર નથી, તેમના પર તો વિશ્વાસ કરવો જ ન જોઈએ. જે વિશ્વાસપાત્ર છે, તેમના પર પણ વિશ્વાસ ન કરવો જોઈએ. બધે પાખંડી, તપસ્વી વગેરેના વેશમાં ગુપ્તચરો રાખવા જોઈએ. બગીચા, ફરવાનાં સ્થાન, મંદિર, માર્ગ, તીર્થ, ચોતરો, કૂવો, પર્વત, જંગલ અને બધી ભીડભાડવાળી જગાઓમાં ગુપ્તચરોની અદલા-બદલી કરવી જોઈએ. વાણીનો વિનય અને હૃદયની કઠોરતા, ભયંકર કામ કરતાં-કરતાં પણ હસીને બોલવું – આ નીતિનિપુણતાનું ચિહ્ન છે. હાથ જોડવા, સોગંદ ખાવા, આશ્વાસન આપવું, ચરણસ્પર્શ કરવો અને આશા બંધાવવી – આ જ બધા ઐશ્વર્યપ્રાપ્તિના ઉપાય છે. જે પોતાના શત્રુ સાથે સંધિ કરીને નિશ્ચિંત થઈ જાય છે, તેની સાન ત્યારે ઠેકાણે આવે છે જ્યારે તેનો સર્વનાશ થઈ જાય છે. પોતાની વાતો માત્ર શત્રુ સાથે નહિ, મિત્રથી પણ છુપાવવી જોઈએ. કોઈને આશા આપવી હોય તો પણ લાંબા ગાળાની આપવી અને પછી વચ્ચે અડચણ ઊભી કરી દેવી. કારણ પર કારણ ઊભું થતું જાય. રાજન્! તમારે પાંડુપુત્રોથી પોતાની રક્ષા કરવી જોઈએ. તેઓ દુર્યોધન વગેરેથી બળવાન છે. તમે એવો ઉપાય કરો કે તેમનાથી કોઈ ભય ન રહે અને પાછળથી પસ્તાવું પણ ન પડે. આનાથી વધારે હું શું કહું?' આવું કહીને કણિક પોતાને ઘેર ચાલ્યો ગયો. ધૃતરાષ્ટ્ર વધારે ચિંતિત થઈને વિચાર કરવા લાગ્યા.

—★—

## પાંડવોને વારણાવત જવાની આજ્ઞા

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! દુર્યોધને જોયું કે ભીમસેનની શક્તિ અપાર છે અને અર્જુનનું અસ્ત્રજ્ઞાન તથા અભ્યાસ વિલક્ષણ છે. તેનું કાળજું બળવા લાગ્યું. તેણે કર્ણ અને શકુનિ સાથે મળીને પાંડવોને મારી નાખવાના ઘણા ઉપાય કર્યા, પરંતુ પાંડવો બધાથી બચી જતા હતા. વિદુરની સલાહથી પાંડવોએ આ વાત પ્રગટ પણ ન કરી. નાગરિકો અને નગરજનો પાંડવોના ગુણ જોઈને ભરી સભામાં તેમના ગુણોનાં વખાણ કરવા લાગ્યા. તેઓ જ્યાં ક્યાંય ચોતરા પર ભેગા થતા, સભા ભરતા ત્યાં આ જ વાત પર જોર દેતા કે 'પાંડુના જ્યેષ્ઠ પુત્ર યુધિષ્ઠિરને રાજ્ય મળવું જોઈએ. ધૃતરાષ્ટ્રને તો પહેલાં જ અંધ હોવાને કારણે રાજ્ય મળ્યું નથી, હવે તેઓ રાજા કઈ રીતે થઈ શકે? શાંતનુનંદન ભીષ્મ પણ મહાન સત્યવાદી અને પ્રતિજ્ઞાપરાયણ છે; તેઓ પહેલાં પણ રાજ્યનો અસ્વીકાર કરી ચૂક્યા છે, તો હવે કઈ રીતે સ્વીકારશે? તેથી આપણા માટે એ જ યોગ્ય છે કે સત્ય અને કરુણાના પક્ષપાતી, પાંડુના જ્યેષ્ઠ પુત્ર યુધિષ્ઠિરને જ રાજા બનાવીએ. એમાં કોઈ સંદેહ નથી કે તેમના રાજા થવાથી ભીષ્મ અને ધૃતરાષ્ટ્ર વગેરેને પણ કોઈ અસુવિધા નહિ થાય. તેઓ બહુ પ્રેમથી તેમની સંભાળ રાખશે.'

પ્રજાની આ વાત સાંભળીને દુર્યોધન બળવા લાગ્યો. તે રાતોપીળો થઈને ધૃતરાષ્ટ્ર પાસે ગયો અને તેમને કહેવા લાગ્યો, 'પિતાજી! લોકોના મોઢેથી ઘણી જ ખરાબ આડી-અવળી વાતો સાંભળવા મળે છે. તેઓ ભીષ્મ અને તમને હઠાવીને પાંડવોને રાજા બનાવવા ચાહે છે. ભીષ્મને તો આમાં કોઈ વાંધો છે નહિ, પરંતુ આપણા લોકો માટે આમાં બહુ મોટો ખતરો છે. પ્રથમ જ ભૂલ થઈ ગઈ છે, પાંડુએ રાજ્યનો સ્વીકાર કરી લીધો અને તમે તમારી અંધતાને કારણે મળવાપાત્ર રાજ્યનો અસ્વીકાર કરી દીધો. જો યુધિષ્ઠિરને રાજ્ય મળી ગયું, તો પછી રાજ્ય તેમના જ વંશજોને મળશે અને અમને તો કોઈ પૂછશે જ નહિ. આપણે અને આપણાં સંતાનોએ બીજાના આશ્રિત રહીને નરકના જેવું કષ્ટ ઉઠાવવું ન પડે તે માટે તમે કોઈ ને કોઈ યુક્તિ શોધો. જો તમે પ્રથમ જ રાજ્યનો સ્વીકાર કરી લીધો હોત તો કહેવાની કોઈ વાત જ રહી ન હોત. હવે શું કરી શકાય?' ધૃતરાષ્ટ્ર પોતાના પુત્ર દુર્યોધનની વાત અને કણિકની નીતિ સાંભળીને દુવિધામાં પડી ગયા. દુર્યોધને કર્ણ, શકુનિ અને દુઃશાસન સાથે પરામર્શ કરીને ધૃતરાષ્ટ્રને કહ્યું – 'પિતાજી! તમે કોઈ સુંદર યુક્તિ વિચારીને પાંડવોને અહીંથી વારણાવત મોકલી આપો.' ધૃતરાષ્ટ્ર વિચારમાં પડી ગયા.

**ધૃતરાષ્ટ્રે કહ્યું** – 'બેટા! મારા ભાઈ પાંડુ મોટા ધર્માત્મા હતા. બધાની સાથે અને ખાસ કરીને મારી સાથે તેઓ બહુ જ શ્રેષ્ઠ વ્યવહાર કરતા હતા. તેઓ પોતાનાં ખાવાપીવાની પણ પરવા કરતા ન હતા, બધું જ મને જણાવતા અને મારું જ રાજ્ય છે એવું સમજતા હતા. તેમનો પુત્ર યુધિષ્ઠિર પણ તેમના જેવો જ ધર્માત્મા, ગુણવાન, યશસ્વી અને વંશને અનુકૂળ છે. આપણે બળપૂર્વક તેને વંશપરંપરાગત રાજ્યથી વંચિત કઈ રીતે કરી શકીએ, ખાસ કરીને જ્યારે તેના સહાયકો પણ બહુ મોટા શક્તિશાળી છે. પાંડુએ મંત્રીઓ, સૈનિકો અને તેમની વંશપરંપરાનું સારી રીતે ભરણપોષણ કર્યું છે. બધા નાગરિકો યુધિષ્ઠિરથી સંતુષ્ટ છે. તેઓ આપણા વિરોધી થઈને આપણને

મારી નાખે તો?

**દુર્યોધને કહ્યું** – 'પિતાજી! આ ભાવિ આપત્તિ વિશે મેં પહેલાં જ વિચારીને અર્થ અને સન્માન દ્વારા પ્રજાને પ્રસન્ન કરી લીધી છે. પ્રજા તો ખાસ કરીને આપણી મદદ કરશે. રાજકોષ (ખજાનો) અને મંત્રીઓ મારા અધીન છે જ. અત્યારે તમે જો નમ્રતાપૂર્વક પાંડવોને વારણાવત મોકલી દો તો રાજ્ય ઉપર હું સંપૂર્ણપણે કબજો કરી લઈશ ત્યારપછી તેઓ આવી જશે તો પણ કોઈ નુકસાન નથી.

**ધૃતરાષ્ટ્રે કહ્યું** – બેટા! હું પણ આ જ ઇચ્છું છું. પરંતુ આ પાપયુક્ત વાત તેમને કહું કઈ રીતે? ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય અને વિદુરની આમાં સંમતિ નથી. તેમને કૌરવો અને પાંડવો પર સમાન પ્રેમ છે. જો આપણે આવું કરીશું તો આપણા પર તે કૌરવ મહાનુભાવોનો અને જનતાનો કોપ કેમ નહિ થાય?

**દુર્યોધને કહ્યું** – પિતાજી! ભીષ્મ તો તટસ્થ છે. અશ્વત્થામા મારા પક્ષમાં છે, તેથી દ્રોણ તેની વિરુદ્ધમાં જઈ શકવાના નથી. કૃપાચાર્ય પોતાની બહેન, બનેવી અને ભાણેજને કઈ રીતે છોડશે? રહી વાત વિદુરની, તે છૂપી રીતે પાંડવોમાં મળી ગયા છે. પરંતુ તેઓ એકલા શું કરી લેશે? તેથી તમે કોઈ જાતની શંકા-સંદેહ વિના કુંતી અને પાંડવોને વારણાવત મોકલી દો, તો જ મારી બળતરા શાંત થશે.

આમ કહીને દુર્યોધન તો પ્રજાને પ્રસન્ન કરવામાં લાગી ગયો અને ધૃતરાષ્ટ્રે થોડા એવા ચતુર મંત્રીઓની નિયુક્તિ કરી કે જેઓ વારણાવતની પ્રશંસા કરીને પાંડવોને ત્યાં જવા માટે તૈયાર કરે. કોઈ તે સુંદર અને સંપન્ન દેશની પ્રશંસા કરતો તો કોઈ તે નગરની. કોઈ ત્યાંના મેળાનાં વખાણ કરતાં થાકતા નહિ. આ પ્રમાણે વારણાવત નગરની બહુ પ્રશંસા સાંભળીને પાંડવોનું મન કંઈક ત્યાં જવા માટે ઉત્સુક થઈ ગયું. સમય જોઈને ધૃતરાષ્ટ્રે કહ્યું, 'પ્રિય પુત્રો! લોકો મારી આગળ વારણાવતની બહુ પ્રશંસા કરે છે. જો તમારે ત્યાં જવું હોય તો જઈ આવો. આજકાલ ત્યાં મેળાની પણ બહુ ધમાલ છે. જુઓ, ત્યાં તમે લોકો બ્રાહ્મણો અને ગવૈયાઓને ખૂબ દાન આપજો તથા તેજસ્વી દેવતાઓની જેમ વિહાર કરીને પછી પાછા અહીં ચાલ્યા આવજો.' યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રની ચાલ તરત સમજી ગયા. તેમણે પોતાને અસહાય જોઈને કહ્યું, 'તમારી જેવી આજ્ઞા, અમને શી આપત્તિ છે?' તેમણે કુરુવંશના બાહ્લીક, ભીષ્મ, સોમદત્ત વગેરે વડીલ-વૃદ્ધો, દ્રોણાચાર્ય વગેરે તપસ્વી બ્રાહ્મણો તથા ગાંધારી વગેરે માતાઓને નમ્રતાપૂર્વક કહ્યું, 'અમે રાજા ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી અમારા સાથીઓની સાથે વારણાવત જઈ રહ્યા છીએ, તમે લોકો પ્રસન્ન મનથી અમને આશીર્વાદ આપો કે ત્યાં પાપ અમારો સ્પર્શ ન કરી શકે.' બધાએ કહ્યું, 'સર્વત્ર તમારું કલ્યાણ થાઓ. કોઈનાથી કોઈ અનિષ્ટ ન થાઓ. મંગળ થાઓ.'

—★—

## વારણાવતમાં લાક્ષાભવન, પાંડવોની યાત્રા, વિદુરનો ગુપ્ત ઉપદેશ

**વૈશમ્પાયનજીએ કહ્યું** – જનમેજય! જ્યારે ધૃતરાષ્ટ્રે પાંડવોને વારણાવત જવાની આજ્ઞા આપી દીધી, ત્યારે દુષ્ટ દુર્યોધન અત્યંત પ્રસન્ન થયો. તેણે તેના મંત્રી પુરોચનને એકાંતમાં બોલાવ્યો અને તેનો જમણો હાથ પકડીને કહ્યું, 'ભાઈ પુરોચન! પૃથ્વીને ભોગવવાનો મારો

જેવો અધિકાર છે, તેવો તમારો પણ છે. તમારા સિવાય મારો કોઈ વિશ્વાસપાત્ર અને સહાયક નથી કે જેની સાથે હું આટલી ગુપ્ત સલાહ કરી શકું. હું તમને એક કામ સોંપું છું કે મારા શત્રુઓનાં મૂળિયાં ઉખાડી નાંખો. હોશિયારીથી કામ કરજો, કોઈ જાણી ન જાય. પિતાજીની આજ્ઞા અનુસાર થોડા દિવસ પાંડવો વારણાવત રહેશે. તમે પહેલાં જ ત્યાં ચાલ્યા જાવ. ત્યાં નગરના કિનારે શણ, રાળ (જલદી સળગી ઊઠે એવો પદાર્થ) અને લાકડાં વગેરેથી એવો મહેલ બનાવરાવો, જે અગ્નિથી ઝટ ભડકી ઊઠે. તેની ભીંતો ઘી, તેલ, ચરબી અને લાખ મિશ્રિત માટીથી લીંપાવી લેજો. પાંડવોને નિરીક્ષણ કરવા છતાં આ વાતની ખબર ન પડી જાય. તે જ મહેલમાં કુંતી, પાંડવો અને તેમના મિત્રોને રાખજો. ત્યાં દિવ્ય પાથરણાં, વાહન અને શય્યાની સજાવટ કરવી. પછી તેઓ વિશ્વાસપૂર્વક નિશ્ચિંત થઈને સૂઈ જાય ત્યારે દરવાજા પર આગ લગાડી દેજો. આ પ્રમાણે જ્યારે તેઓ પોતાના રહેવાના મકાનમાં જ બળી જશે તો અમારી નિંદા પણ થશે નહિ.' પુરોચને એ પ્રમાણે જ કરવાની પ્રતિજ્ઞા કરી અને ખચ્ચરો જોડેલા વેગીલા વાહનથી ત્યાં ચાલ્યો ગયો. ત્યાં જઈને તેણે દુર્યોધનની આજ્ઞા પ્રમાણે મહેલ તૈયાર કરાવ્યો.

સમય થતાં પાંડવોએ યાત્રા માટે વેગીલા ઘોડા રથમાં જોડાવ્યા. તે લોકોએ અત્યંત નમ્રભાવે વડીલ-વૃદ્ધોના ચરણોનો સ્પર્શ કર્યો, ઉંમરમાં નાના હતા તેમને આલિંગન કર્યું અને પછી યાત્રા શરૂ કરી. તે સમયે કુરુવંશના ઘણા બધા વડીલ-વૃદ્ધો, બુદ્ધિમાન વિદુર અને તમામ પ્રજાજનો યુધિષ્ઠિરની પાછળ-પાછળ ચાલવા લાગ્યા. પાંડવોને ઉદાસ જોઈને નિર્ભય બ્રાહ્મણોએ આપસમાં કહ્યું, 'રાજા ધૃતરાષ્ટ્રની બુદ્ધિ મંદ થઈ ગઈ છે. ત્યારે જ તો તેઓ પોતાના પુત્રોનો પક્ષપાત કરે છે. તેમની ધર્મ-દૃષ્ટિ નષ્ટ થઈ રહી છે. પાંડવોએ તો કોઈનું કશું બગાડ્યું નથી. પોતાના પિતાનું જ રાજ્ય તેમને મળી રહ્યું છે, પછી ધૃતરાષ્ટ્ર આને પણ કેમ સહી શકતા નથી? ધર્માત્મા ભીષ્મ પણ આવો અન્યાય કઈ રીતે સહી રહ્યા છે? અમે બધા આવું ઇચ્છતા નથી. સહી પણ શકતા નથી. અમે બધા હવે હસ્તિનાપુરને છોડીને ત્યાં જ જઈશું, જ્યાં રાજા યુધિષ્ઠિર રહેતા હોય.' નગરજનોની વાત સાંભળીને તથા તેમનું દુઃખ જાણીને યુધિષ્ઠિરે કહ્યું, 'નગરજનો! રાજા ધૃતરાષ્ટ્ર અમારા પિતા, પરમ માનનીય અને ગુરુ છે. તેઓ જે કાંઈ કહેશે, અમે તે નિઃશંકભાવે કરીશું, આ અમારી પ્રતિજ્ઞા છે. જો તમે અમારા હિતૈષી અને મિત્ર છો તો અમને અભિનંદન આપી આશીર્વાદપૂર્વક અમને જમણી બાજુ કરીને પાછા ફરી જાઓ. જ્યારે અમારા કાર્યમાં કાંઈ અડચણ આવશે, ત્યારે તમે લોકો અમારું હિત અને પ્રિય કરજો.' યુધિષ્ઠિરની ધર્મસંગત વાત સાંભળીને બધા નગરજનો આશીર્વાદ આપીને તેમની પ્રદક્ષિણા કરીને નગરમાં પાછા ગયા.

બધાના ચાલ્યા ગયા પછી અનેક ભાષાઓના જ્ઞાતા વિદુરજીએ યુધિષ્ઠિરને સાંકેતિક ભાષામાં કહ્યું, 'નીતિજ્ઞ પુરુષે શત્રુનો મનોભાવ સમજીને તેનાથી પોતાની રક્ષા કરવી જોઈએ. એક એવું અસ્ત્ર છે જે લોઢાનું તો નથી, પરંતુ શરીરને નષ્ટ કરી શકે છે. જો શત્રુના આ દાવને કોઈ સમજી લે તો તે મૃત્યુથી બચી શકે છે.* અગ્નિ ઘાસતૃણ અને સંપૂર્ણ જંગલને

* અર્થાત્ શત્રુઓએ તમારા માટે એક એવું ભવન તૈયાર કર્યું છે, જે અગ્નિથી ભડકી ઊઠનારા પદાર્થોથી બન્યું છે.

બાળી નાખે છે. પરંતુ દરમાં રહેનારા જીવો તેનાથી પોતાની રક્ષા કરી લે છે. આ જ જીવતાં રહેવાનો ઉપાય છે.• આંધળાને રસ્તો અને દિશાઓનું જ્ઞાન હોતું નથી. ધૈર્ય વિના સમજદારી આવતી નથી. મારી વાતને સારી રીતે સમજી લો.‡ શત્રુઓના આપેલા લોહધાતુ રહિતના હથિયારનો જે સ્વીકાર કરે છે, તે શાહીની બોડમાં ઘૂસીને આગથી બચી જાય છે.† હરવા-ફરવાથી રસ્તાનું જ્ઞાન થઈ જાય છે. નક્ષત્રો વડે દિશાનું જ્ઞાન થઈ જાય છે. જેની પાંચે ઇન્દ્રિયો વશમાં છે, શત્રુઓ તેનું કશું બગાડી શકતા નથી.'* વિદુરનો સંકેત સાંભળીને યુધિષ્ઠિરે કહ્યું, 'મેં તમારી વાત સારી રીતે સમજી લીધી છે.' વિદુર હસ્તિનાપુર પાછા આવ્યા. આ બનાવ ફાગણ સુદ અષ્ટમી, રોહિણી નક્ષત્રનો છે.

—★—

## પાંડવોનું લાક્ષાગૃહમાં રહેવું, સુરંગ ખોદવી અને આગ લગાડીને ભાગી નીકળવું

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! પાંડવોના શુભાગમનના સમાચાર સાંભળીને વારણાવતના નાગરિકો શાસ્ત્રવિધિ પ્રમાણે મંગળમયી વસ્તુઓની ભેટ લઈને પ્રસન્નતા અને ઉત્સાહ સાથે વાહનો પર ચડી-ચડીને તેમનું સામૈયું કરવા માટે આવ્યા. તેમના જયજયકાર અને મંગળધ્વનિથી દિશાઓ ગુંજી ઊઠી. નગરવાસીઓની મધ્યમાં યુધિષ્ઠિર એવા લાગતા હતા જાણે સાક્ષાત્ ઇન્દ્ર હોય. સ્વાગત કરનારાઓને અભિનંદન આપીને માતા કુંતીની સાથે પાંડવોએ વારણાવત નગરમાં પ્રવેશ કર્યો. તેઓ પ્રથમ વેદપાઠી, કર્મકાંડી બ્રાહ્મણોને મળ્યા, પછી ક્રમશઃ નગરના અધિકારી યોદ્ધાઓ, વૈશ્યો, અને શૂદ્રોને મળ્યા. પુરોચને તેમના માટે નિયત નિવાસસ્થાન પર આદર સાથે તેમને ઉતારો આપ્યો અને ભોજન, પલંગ, આસન વગેરે સામગ્રીઓથી તેમને સંતુષ્ટ કરવાની ચેષ્ટા કરી. પાંડવો સુખપૂર્વક ત્યાં રહેવા લાગ્યા. નગરજનોની ભીડ રહ્યા જ કરતી હતી. દસ દિવસ વીતી ગયા પછી પુરોચને તે સુંદર નામવાળા પરંતુ અમંગળ ભવનની ચર્ચા કરી. તેની પ્રેરણાથી પાંડવો ઉપયોગી સામગ્રીઓ સાથે જઈને ત્યાં રહેવા લાગ્યા.

ધર્મરાજ યુધિષ્ઠિરે તે મકાનને ચારે બાજુથી જોઈને ભીમસેનને કહ્યું, 'ભાઈ ભીમ! જુઓ છો ને? આ ઘરનો એકેએક ખૂણો અગ્નિ ભડકાવનારા પદાર્થોથી બન્યો છે. ઘી, લાખ અને ચરબીની મિશ્ર ગંધથી આ સાબિત થાય છે. શત્રુના કારીગરોએ બહુ જ ચતુરાઈપૂર્વક શણ, રાળ, મુંજ (ઘાસ), વાંસ વગેરેને ઘીથી તરબોળ કરીને આનું નિર્માણ કર્યું છે. નિશ્ચયપણે પુરોચનનો વિચાર છે કે જ્યારે આપણે આ ભવનમાં નિઃશંકપણે રહેવા લાગીએ ત્યારે તે આમાં આગ લગાડીને આપણને બાળી દેશે. વિદુરજીએ પહેલેથી જ આ વાત જાણી લીધી હતી. તેથી જ તો તેમણે આપણને સ્નેહવશ આ કાવતરાની

• અર્થાત્ તેનાથી બચવા માટે તમે એક સુરંગ તૈયાર કરાવી લેજો.
‡ અર્થાત્ દિશા વગેરેનું જ્ઞાન પહેલેથી જ મેળવી લેવું, જેથી રાતે ભટકવું ન પડે.
† અર્થાત્ તે સુરંગથી તમે જો બહાર નીકળી જશો તો તે મહેલની આગમાં બળવાથી બચી જશો.
★ અર્થાત્ તમે પાંચે ભાઈ એકમત રહેશો તો શત્રુ તમારું કાંઈ બગાડી શકશે નહિ.

સૂચના આપી.' ભીમસેને કહ્યું, 'ભાઈ! જો આવું જ છે તો પહેલેથી જ આપણે અગાઉના નિવાસસ્થાને પાછા કેમ ન ચાલ્યા જઈએ?' યુધિષ્ઠિરે કહ્યું, 'ભાઈ ભીમ! આપણે ખૂબ જ સાવધાનીપૂર્વક આપણી જાણકારીને છુપાવીને અહીં જ રહેવું જોઈએ. આપણા ચહેરા-મહોરા પરથી કે રંગ-ઢંગથી કોઈને શંકા-સંદેહ ન પડે. આપણે લોકો બહાર નીકળવાનો લાગ શોધી લઈએ. જો આપણા હાવ-ભાવથી પુરોચનને ખબર પડી ગઈ તો તે બળપૂર્વક પણ આપણને બાળી શકે છે. તેને લોકનિંદા અને ધર્મની પરવા નથી. જો આપણે મરી જ ગયા તો પછી પિતામહ ભીષ્મ અને બીજા લોકો કૌરવો પર શા માટે નારાજ થશે અથવા તેમને નારાજ કરશે? ત્યારે તો કરેલો ક્રોધ પણ વ્યર્થ જ જશે. જો આપણે ડરીને અહીંથી ભાગી જઈશું તો દુર્યોધન પોતાના ગુપ્તચરો દ્વારા પત્તો મેળવીને આપણને મરાવી નાખશે. અત્યારે તે જ સત્તાધીશ છે. તેની પાસે મદદનીશો અને ખજાનો છે. આપણી પાસે આ ત્રણેમાંથી કશું જ નથી. આવો, આપણે અહીં રહીને વનમાં ખૂબ ફરીને રસ્તાઓની ભાળ મેળવી લઈએ. સુરક્ષિત સુરંગ બની ગયા પછી આપણે અહીંથી ભાગી નીકળીશું અને કોઈને કાનોકાન એ વાતની ખબર ન પડે કે પાંડવો જીવતા બચી ગયા છે.' ભીમસેને મોટાભાઈની વાત માની લીધી.

એક સુરંગ ખોદનાર વ્યક્તિ વિદુરનો ખૂબ વિશ્વાસપાત્ર હતો. તેણે પાંડવો પાસે આવીને કહ્યું, 'હું ખોદકામમાં બહુ જ નિપુણ છું. વિદુરની આજ્ઞાથી તમારી પાસે આવ્યો છું. તમે મારા પર વિશ્વાસ કરો. વિદુરે સંકેતથી મને જણાવ્યું છે કે 'યુધિષ્ઠિરને જતી વખતે મેં મ્લેચ્છ-ભાષામાં થોડું કહ્યું છે અને તેમણે 'મેં તમારી વાત સારી રીતે સમજી લીધી છે.' એમ કહ્યું હતું. પુરોચન જલદી જ આગ લગાડવાનો છે. હું તમારી શી સેવા કરું?' યુધિષ્ઠિરે કહ્યું, 'ભાઈ! મને તમારા પર પૂરો વિશ્વાસ છે. અમારા જેવા હિતચિંતક વિદુર છે, તેવા જ તમે પણ છો. અમને તમારા પોતાના જ સમજો અને જેમ તેઓ અમારી રક્ષા કરે છે, તે જ પ્રમાણે તમે પણ કરો. આ આગના ભયમાંથી તમે અમને બચાવી લો. આ મકાનમાં ચારેબાજુ ઊંચી દીવાલો છે, એક જ દરવાજો છે.' હવે સુરંગ ખોદનારો કારીગર યુધિષ્ઠિરને આશ્વાસન આપીને ખાઈની સફાઈ કરવાના બહાને પોતાના કામમાં લાગી ગયો. તેણે તે મકાનની વચ્ચે એક બહુ મોટી સુરંગ બનાવી દીધી અને જમીનની સપાટીની લગોલગ કમાડ લગાવી દીધાં. પુરોચન તે ભવનના દરવાજા પર જ હંમેશાં રહેતો હતો. ક્યાંક તે આવીને જોઈ ન જાય, તે માટે સુરંગનું મુખ બિલકુલ બંધ રાખ્યું હતું.

પાંડવો પોતાની સાથે શસ્ત્રો રાખીને બહુ જ સાવધાનીપૂર્વક તે ભવનમાં રાત ગાળતા હતા. દિવસે શિકારને બહાને જંગલમાં ઘૂમ્યા કરતા. વિશ્વાસ ન હોવા છતાં તેઓ એવી જ ચેષ્ટા કરતા કે જાણે તેમને સંપૂર્ણ વિશ્વાસ છે. ખોદનાર કારીગર સિવાય પાંડવોની આ સ્થિતિની જાણ કોઈને ન હતી.

પુરોચને જોયું કે લગભગ એક વરસ પૂરું થવા આવ્યું, પાંડવો આ ભવનમાં નિઃશંકપણે વિશ્વાસપૂર્વક રહે છે. એવું જાણીને તે બહુ ખુશ થયો. તેની પ્રસન્નતા જોઈને યુધિષ્ઠિરે ભાઈઓને કહ્યું, 'પાપી પુરોચન એવું સમજી રહ્યો છે કે આ લોકો ઠગાઈ ગયા. તે અત્યારે સહેજ વિસ્મૃતિમાં પડેલો છે. તેથી હવે અહીંથી આપણે નીકળી જવું જોઈએ. શસ્ત્રાગાર અને પુરોચનને

પણ બાળીને અજાણ્યા સ્થળે ભાગી નીકળવું જોઈએ.'

એક દિવસ કુંતીએ દાન આપવા માટે બ્રહ્મ-ભોજન કરાવ્યું. ઘણી-બધી સ્ત્રીઓ પણ આવી હતી. જ્યારે બધાં ખાઈ-પીને ચાલ્યા ગયાં, ત્યારે સંયોગવશ એક ભીલની સ્ત્રી પોતાના પાંચ પુત્રો સાથે ત્યાં ભોજન માગવા માટે આવી. તે બધાં મદિરા પીને ચકચૂર હતાં, તેથી બેહોશ થઈને લાક્ષાભવનમાં જ સૂઈ રહ્યાં. બધા લોકો નિદ્રાધીન હતા, જોરથી પવન ફૂંકાતો હતો, ભયંકર અંધકાર હતો. ભીમસેન તે સ્થાન પર પહોંચ્યા, જ્યાં પુરોચન સૂઈ રહ્યો હતો. ભીમસેને પ્રથમ તે મકાનના દરવાજા પર આગ લગાડી અને પછી ચારે બાજુ આગ ચાંપી દીધી. જોતજોતાંમાં અગ્નિની વિકરાળ જ્વાળાઓ નીકળવા લાગી. પાંચે ભાઈ પોતાની માતાની સાથે સુરંગમાં ઘૂસીને ચાલી નીકળ્યા. જ્યારે અગ્નિની અસહ્ય ગરમી અને અત્યંત પ્રકાશ ચારે બાજુ ફેલાઈ ગયો અને મકાનમાંથી અગ્નિની જ્વાળાઓનો ધાંય-ધાંય અવાજ થવા લાગ્યો, ત્યારે નગરવાસીઓ ત્યાં દોડી આવ્યા. તે મકાનની ભયાનક દુર્દશા જોઈને બધા કહેવા લાગ્યા કે 'દુષ્ટ દુર્યોધનની પ્રેરણાથી પુરોચને આ ષડ્યંત્ર રચ્યું હશે. માનો-ન-માનો આ તેનાં જ કરતૂત છે. ધૃતરાષ્ટ્રની આ સ્વાર્થ બુદ્ધિને ધિક્કાર છે! અરે....રે! તેમણે સરળ અને સત્યવાદી પાંડવોને બાળીને મરાવી નાખ્યા! પુરોચનને પણ સારું ફળ મળ્યું! તે નિર્દય પણ આમાં બળીને ભસ્મ થઈ ગયો.' આ પ્રમાણે વારણાવતના નાગરિકો આખી રાત રડતા-કણસતા ભવનની આસપાસ વીંટળાઈ રહ્યા.

પાંડવો માતા કુંતીને સાથે લઈને સુરંગ દ્વારા બહાર વનમાં જઈ નીકળ્યા. બધા ઇચ્છતા હતા કે અહીંથી જલદી ભાગી જઈએ, પરંતુ નિદ્રા અને ભયને કારણે બધા લાચાર હતા. માતા કુંતીને કારણે ઉતાવળું ચાલવું સંભવ ન હતું. ત્યારે માતાને ખભા પર અને નકુળ-સહદેવને ખોળામાં બેસાડીને યુધિષ્ઠિર અને અર્જુનને બે હાથોનો ટેકો આપીને જલદી જલદી ચાલીને ભીમસેન ગંગાજીના કિનારે પહોંચી ગયા.

—★—

## પાંડવોનું ગંગાપાર જવું, કૌરવો દ્વારા તેમની અંત્યેષ્ટિક્રિયા અને વનમાં ભીમસેનનો વિષાદ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! તે જ સમયે વિદુરનો મોકલેલો એક વિશ્વાસપાત્ર માણસ પાંડવોની પાસે આવ્યો. તેણે પાંડવોને વિદુરે જણાવેલ સંકેત કહ્યો અને કહ્યું, 'હું વિદુરનો વિશ્વાસપાત્ર સેવક છું. હું મારા કર્તવ્યને બરાબર સમજું છું. તમે વિદુરજીના કહ્યા પ્રમાણે શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરશો. આ નૌકા તૈયાર છે. તમે આ નાવમાં ચડીને ગંગાજીને પાર કરી જાઓ.' ત્યારે પાંડવો પોતાની માતા સાથે નાવમાં બેસી ગયા. પછી તેણે કહ્યું, 'વિદુરજીએ બહુ જ પ્રેમથી કહ્યું છે કે તમે લોકો નિર્વિઘ્ને તમારા માર્ગે આગળ વધો. સહેજ પણ ગભરાશો નહિ.' તેણે બધાંને ગંગાપાર પહોંચાડીને પાંડવોનો જય-જયકાર કર્યો અને તેમના કુશળ સમાચાર લઈને વિદુરની પાસે ચાલ્યો ગયો તથા પાંડવો પણ ગંગાપાર જઈને લપાતા-છુપાતા ખૂબ વેગપૂર્વક આગળ વધવા લાગ્યા.

અહીં વારણાવતમાં રાત્રિ પસાર થઈ ગયા

બાદ બધા નગરજનો પાંડવોને જોવા માટે આવ્યા. અગ્નિ બુઝાવતાં બુઝાવતાં તેમને ખબર પડી કે આ મકાન તો લાખનું બનેલું હતું અને દુર્યોધનનો મંત્રી પુરોચન પણ આમાં બળી ગયો છે. તેમણે નક્કી કર્યું કે આ તો પાપી દુર્યોધનનું જ ષડ્યંત્ર છે. જરૂર આ વાત ધૃતરાષ્ટ્રની જાણકારીમાં જ થઈ છે. ભીષ્મ, વિદુર અને બીજા કૌરવો પણ ધર્મનો પક્ષ લેતા નથી. આવો, આપણે ધૃતરાષ્ટ્રને સંદેશો મોકલીએ કે 'તમારો મનોરથ પૂરો થઈ ગયો. હવે તમારો કરતૂતથી પાંડવો બળીને મરી ગયા.' જ્યારે બધા લોકો અગ્નિમાં બળેલા પદાર્થોમાં શોધવા લાગ્યા તો પોતાના પાંચે પુત્રો સાથે મરેલી ભીલડી મળી. તે લોકો તેમને પાંચ પાંડવો અને કુંતી સમજ્યા. સુરંગ ખોદનાર માણસે મકાન સાફ કરતાં કરતાં રાખોડીથી સુરંગ પૂરી દીધી; તેથી કોઈને સુરંગની જાણ ન થઈ. નગરવાસીઓએ આ સમાચાર ધૃતરાષ્ટ્રને હસ્તિનાપુર મોકલી દીધા.

આ અશુભ સમાચાર સાંભળીને ધૃતરાષ્ટ્રે ઉપર-ઉપરથી ઘણું દુઃખ પ્રગટ કર્યું. તેઓ વિલાપ કરવા લાગ્યા કે 'હાય-હાય! પાંડવો અને તેમની માતાના મરી જવાથી મને પાંડુના મૃત્યુથી પણ અધિક દુઃખ થઈ રહ્યું છે!' તેમણે કૌરવોને આજ્ઞા આપી કે તમે લોકો જલદીથી વારણાવત જઈને પાંડવો અને તેમની માતાનો વિધિપૂર્વક અંત્યેષ્ટિ-સંસ્કાર કરો. પાંડવોની અંત્યેષ્ટિક્રિયામાં બહુ મોટો ખર્ચ કરવામાં આવે, જેથી તેમને સદ્ગતિ પ્રાપ્ત થાય. બધા જ્ઞાતિભાઈઓ અને ધૃતરાષ્ટ્રે વિલાપ કરતાં-કરતાં પાંડવોને તિલાંજલિ આપી. નગરવાસીઓએ તેમના દુર્ઘટનાપૂર્ણ મૃત્યુ માટે અત્યંત શોક પ્રગટ કર્યો. બધી વાતની ખબર હોવા છતાં વિદુરે થોડી-ઘણી સહાનુભૂતિ પ્રગટ કરી.

અહીં પાંડવો નાવમાંથી ઊતર્યા પછી દક્ષિણ દિશા તરફ ચાલવા લાગ્યા. તે વખતે નિદ્રાવશ બધાંની આંખો મીંચાઈ જતી હતી. બધાં થાકેલાં અને તરસ્યાં હતાં. ઘોર જંગલ હતું. દિશાઓ સૂઝતી ન હતી. જોકે પુરોચન બળી ગયો હતો છતાં તે વિશેની સ્પષ્ટ માહિતી તો પાંડવોને હતી નહિ. તેથી યુધિષ્ઠિરની આજ્ઞાથી ભીમસેને ફરી બધાંને પહેલાંની જેમ ઊંચકી લીધાં અને ઝડપથી આગળ ચાલવા લાગ્યા. ભીમસેન એટલી તીવ્રગતિથી ચાલતા હતા કે આખું વન ધ્રૂજતું હોય એવું લાગતું હતું. હવે પાંડવો નિદ્રા, તરસ અને થાકથી પણ બેચેન થઈ રહ્યા હતા. તેમના માટે આગળ વધવું મુશ્કેલ થઈ પડ્યું હતું. તેઓ એવા ઘોર વનમાં જઈ પહોંચ્યા, જ્યાં પાણી ક્યાંય ન હતું. તે સમયે કુંતીએ ભારે તરસ લાગવાથી પાણી પીવાની ઇચ્છા વ્યક્ત કરી. ત્યારે ભીમસેને તે બધાંને એક વડના વૃક્ષ નીચે ઉતારીને કહ્યું, 'તમે લોકો થોડીવાર અહીં વિશ્રામ કરો. હું જળ લેવા માટે જઈ રહ્યો છું. નક્કી અહીંથી થોડે દૂર કોઈ મોટું જળાશય છે. ત્યારે તો જળમાં રહેનારાં સારસ વગેરે પક્ષીઓનો મધુર અવાજ સંભળાઈ રહ્યો છે.' યુધિષ્ઠિરની આજ્ઞા મળવાથી સારસ પક્ષીઓના અવાજના આધારે ભીમસેન એક તળાવ પાસે જઈ પહોંચ્યા. ત્યાં તેમણે જળ પીધું, સ્નાન કર્યું અને તે લોકો માટે પોતાના ખેસમાં પાણી ભરીને લઈ આવ્યા.

વટવૃક્ષ નીચે પહોંચીને ભીમસેને જોયું કે માતા અને બધા ભાઈઓ સૂઈ ગયા છે. તેઓ દુઃખ અને શોકવશ તેમને જગાડ્યા વિના મનમાં જ કહેવા લાગ્યા – 'મારા માટે આનાથી વધારે કષ્ટની વાત કઈ હશે કે આજે હું મારા તે ભાઈઓને, જેમને અતિ કીમતી સુકોમળ શય્યા

પર પણ નિદ્રા આવતી ન હતી, તેમને ખુલ્લી જમીન પર સૂઈ રહેલા જોઈ રહ્યો છું. મારાં માતા વસુદેવજીની બહેન અને કુન્તિરાજની પુત્રી છે. તેઓ વિચિત્રવીર્ય જેવા સુખી પુરુષની પુત્રવધૂ, મહાત્મા પાંડુની પત્ની અને અમારા જેવા પુત્રોની મા છે. છતાં ખુલ્લી જમીન પર સૂઈ રહ્યાં છે. મારા માટે આનાથી વધીને દુઃખદ ઘટના બીજી કઈ હશે કે જેમને પોતાના ધર્મપાલનના ફળસ્વરૂપે ત્રણે લોકનું શાસન મળવું જોઈએ તે યુધિષ્ઠિર થાકીને સાધારણ માણસની જેમ જમીન પર સૂતા છે. અરે...રે! આજે હું મારી આંખોથી વર્ષાઋતુના મેઘ જેવા શ્યામસુંદર નરરત્ન અર્જુન અને દેવતાઓમાં અશ્વિનીકુમારો જેવા રૂપ-સંપત્તિમાં બધાથી ચઢિયાતા નકુળ અને સહદેવને આશ્રયહીન થઈને વૃક્ષ નીચે નિદ્રા લેતા જોઈ રહ્યો છું. દુષ્ટ દુર્યોધને અમને ઘરમાંથી કાઢી મૂક્યા અને બાળી નાખવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ભાગ્યવશ અમે ઊગરી ગયા. આજે અમે વૃક્ષ નીચે છીએ. ક્યાં જઈશું, શું ભોગવીશું એની ખબર નથી. અહો...હો! પાપી દુર્યોધન! સુખી થઈ જા. યુધિષ્ઠિર મને તારો વધ કરવાની આજ્ઞા નથી આપતા, નહિ તો હું આજે જ તને તારા મિત્રો અને કુટુંબીઓ સાથે યમરાજને હવાલે કરી દેત. અરે પાપી! જ્યારે યુધિષ્ઠિર તારા પર ક્રોધ નથી કરતા તો હું શું કરું?' ભીમસેન ક્રોધથી અધીરા થઈ રહ્યા હતા. શ્વાસ લાંબો ચાલતો હતો અને તેઓ બે હાથ પીસી રહ્યા હતા. પોતાના ભાઈઓને નિશ્ચિંતપણે સૂઈ ગયેલા જોઈને તેઓ ફરી વિચારવા લાગ્યા કે અરે...રે! અહીંથી થોડું જ દૂર વારણાવત નગર છે. અહીં તો ખૂબ સાવધાનીથી જાગવું જોઈતું હતું, છતાં આ તો સૂઈ રહ્યા છે. અચ્છા, હું જ જાગીશ. હા, પરંતુ જળનું શું થશે? હજી બધા થાકેલા છે, જાગશે ત્યારે પી લેશે.' આવું વિચારીને ભીમસેન જાગતા રહીને ચોકી કરવા લાગ્યા.

—★—

## હિડિમ્બાસુરનો વધ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! જે વનમાં યુધિષ્ઠિર વગેરે સૂઈ રહ્યા હતા, તેનાથી થોડેક દૂર એક શાલ-વૃક્ષ હતું. તેના પર હિડિમ્બાસુર બેઠો હતો. તે ભારે ક્રૂર, પરાક્રમી અને માંસભક્ષી હતો. તેના શરીરનો રંગ એકદમ કાળો, આંખો પીળી અને આકૃતિ અત્યંત ભયાનક હતી. દાઢી-મૂછ અને માથાના વાળ લાલ-લાલ હતા તથા મોટી-મોટી દાઢોને કારણે તેનું મુખ અત્યંત ઉગ્ર (ભીષણ) હતું. તે સમયે તેને ભૂખ લાગી હતી. મનુષ્યની ગંધ આવવાથી તેણે પાંડવો તરફ જોયું અને પછી પોતાની બહેન હિડિમ્બાને કહ્યું, 'બહેન! આજે ઘણા દિવસ પછી મને મનુષ્યનું માંસ મળવાનો સુયોગ દેખાય છે. જીભ પર વારંવાર પાણી આવી રહ્યું છે. આજે હું મારી દાઢો આ લોકોના શરીરમાં ખોસી દઈશ અને તાજું તાજું ગરમ લોહી પી જઈશ. તું આ મનુષ્યોને મારીને મારી પાસે લઈ આવ. પછી આપણે બંને આમને ખાઈશું અને તાળીઓ પાડીને નાચીશું.'

પોતાના ભાઈની આજ્ઞાથી તે રાક્ષસી તરત જ પાંડવોની પાસે પહોંચી ગઈ. તેણે જોયું કે કુંતી, યુધિષ્ઠિર વગેરે તો સૂઈ રહ્યાં છે, પરંતુ મહાબળી ભીમસેન જાગે છે. ભીમસેનના વિશાળ શરીર અને પરમ સુંદર રૂપને જોઈને હિડિમ્બાનું

મન ફરી ગયું અને તે વિચાર કરવા લાગી – 'આમનો વર્ણ શ્યામ છે, ભુજાઓ લાંબી છે, સિંહ જેવા ખભા છે, શંખ જેવી ગરદન અને કમળ જેવાં અતિકોમળ નેત્ર છે. રોમ-રોમથી સુંદરતા ટપકી રહી છે. ખરેખર આ મારા પતિ થવાને યોગ્ય છે. હું મારા ભાઈની ક્રૂરતાભરી વાત નહિ માનું. કેમકે ભાઈના પ્રેમથી પતિપ્રેમ ચઢિયાતો છે. જો આમને મારીને ખાઈ જઈએ તો થોડી વાર માટે અમે બંને તૃપ્ત થઈ શકીએ. પરંતુ આમને જીવતા રાખીને તો હું ઘણાં વર્ષો સુધી સુખ ભોગવી શકું છું.'

આવું વિચારીને હિડિમ્બાએ મનુષ્ય-સ્ત્રીનું રૂપ લીધું અને ધીરે-ધીરે ભીમસેન પાસે ગઈ. દિવ્ય આભૂષણો અને વસ્ત્રોથી સજ્જ સુંદરી હિડિમ્બાએ સહેજ સંકોચ સાથે હસતાં હસતાં પૂછ્યું, 'પુરુષ-શિરોમણે! તમે કોણ છો, ક્યાંથી આવ્યા છો? આ સૂઈ ગયા છે તે પુરુષ કોણ છે? આ વૃદ્ધ-સ્ત્રી કોણ છે? આ લોકો પોતાના ઘરની જેમ આ ઘોર વનમાં નિઃશંક થઈને સૂઈ રહ્યા છે. આમને ખબર નથી કે આ વનમાં મોટા ભયંકર રાક્ષસો રહે છે અને હિડિમ્બાસુર તો નજીક જ છે. હું તેની જ બહેન છું. તમારા લોકોનું માંસ ખાવાની ઇચ્છાથી જ તેણે મને અહીં મોકલી છે. પરંતુ હું તમારા દેવતાઓ જેવા સૌંદર્યને જોઈને મોહિત થઈ ગઈ છું. હું તમને સોગંદપૂર્વક સત્ય કહું છું કે તમારા સિવાય બીજા કોઈને હવે હું મારા પતિ બનાવી શકું એમ નથી. તમે ધર્મજ્ઞ છો. જે યોગ્ય લાગે તે કરો. હું તમને પ્રેમ કરું છું. તમે પણ મને પ્રેમ કરો. હું આ નરભક્ષી રાક્ષસથી તમારી રક્ષા કરીશ અને આપણે બંને સુખપૂર્વક પર્વતોની ગુફામાં રહીશું. હું સ્વેચ્છાથી આકાશમાં ઊડી શકું છું. તમે મારી સાથે અપાર આનંદનો ઉપભોગ કરો.'

ભીમસેને કહ્યું, 'અરે રાક્ષસી! મારી મા, મોટા ભાઈ અને નાના ભાઈ સુખેથી સૂઈ રહ્યા છે. હું આમને છોડીને તારી સાથે કામ-ક્રીડા કરવા ચાલી નીકળું અને આ બધાંને રાક્ષસનું ભોજન બનાવી દઉં, એવું તો ભલા, કઈ રીતે બની શકે?' હિડિમ્બાએ કહ્યું, 'તમે જે રીતે પ્રસન્ન થાઓ, હું તે પ્રમાણે કરીશ. તમે આમને જગાડો, હું આમને રાક્ષસથી બચાવી લઈશ.' ભીમસેને કહ્યું, 'વાહ વાહ! આ તો કહેવું પડે! હું મારા સુખેથી સૂતેલા ભાઈઓ અને માને દુષ્ટ રાક્ષસના ભયથી જગાડી દઉં? જગતનો કોઈ પણ માણસ, રાક્ષસ અથવા ગંધર્વ મારી સામે ઊભો રહી શકતો નથી. સુંદરી! તું જાય કે રહે, મને તેની પરવા નથી.'

ત્યાં રાક્ષસરાજ હિડિમ્બે વિચાર્યું કે મારી બહેનને ગયે ઘણો સમય થઈ ગયો તેથી તે વૃક્ષ પરથી ઊતરીને પાંડવો તરફ ચાલ્યો. તે ભયંકર રાક્ષસને આવતો જોઈને હિડિમ્બાએ ભીમસેનને કહ્યું, 'જુઓ, જુઓ, પેલો નરભક્ષી રાક્ષસ ક્રોધપૂર્વક અહીં આવી રહ્યો છે. તમે મારી વાત માનો. હું ઇચ્છાનુસાર ચાલી શકું છું. મારામાં રાક્ષસબળ પણ છે. હું તમને અને આ બધાને લઈને આકાશમાર્ગે ઊડી જઈશ.' ભીમસેન બોલ્યા, 'સુંદરી! તું ડરીશ નહિ. મારી હાજરીમાં કોઈ રાક્ષસ આમનો વાળ પણ વાંકો કરી શકશે નહિ. હું તારી સામે જ તેને મારી નાખીશ. જો મારી આ ભુજા અને મારી આ જાંઘ! આ તો શું કોઈ પણ રાક્ષસ આમાં પિસાઈ જશે, તું મનુષ્ય સમજીને મારો તિરસ્કાર ન કર.' આ પ્રકારની વાતચીત થઈ રહી હતી કે તે સાંભળીને હિડિમ્બ ત્યાં આવી પહોંચ્યો. તેણે જોયું કે મારી બહેન તો મનુષ્યના જેવું સુંદર રૂપ ધારણ કરીને ખૂબ બની-ઠનીને, સજી-ધજીને ભીમસેનને પતિ

બનાવવા ચાહે છે, તે ક્રોધથી રોતોપીળો થઈ ગયો અને મોટી-મોટી આંખો ફાડીને કહેવા લાગ્યો, 'અરે હિડિમ્બા! હું આમનું માંસ ખાવા ચાહું છું અને તું એમાં વિઘ્ન નાખી રહી છે? ધિક્કાર છે! તેં આપણા કુળમાં કલંક લગાડી દીધું. જેમના ભરોસે તેં આવી હિંમત કરી છે, જો હું તારા સહિત આ બધાને હમણાં જ મારી નાખું છું.' આમ કહીને હિડિમ્બ દાંત પીસતો પોતાની બહેન અને પાંડવો તરફ ઝપટ્યો.

ભીમસેને આક્રમણ કરતો જોઈને તેને ધમકાવતાં કહ્યું, 'ખબરદાર! મૂર્ખ! તું આ સૂઈ રહેલા ભાઈઓને શા માટે જગાડવા ચાહે છે? તારી બહેને પણ એવો કયો અપરાધ કરી નાખ્યો છે? હિંમત હોય તો આવી જા મારી સામે. તારા માટે હું એકલો જ પર્યાપ્ત છું, તું સ્ત્રી પર હાથ ન ઉઠાવ.' ભીમસેને બળપૂર્વક હસતાં હસતાં તેનો હાથ પકડી લીધો અને તેને તેઓ ઘણે દૂર ઘસડીને લઈ ગયા. આ પ્રમાણે એકબીજાને પકડતા-આથડતા થોડે દૂર ચાલ્યા ગયા અને વૃક્ષો ઉખાડી-ઉખાડીને ગર્જના કરતા એકબીજા સાથે લડવા લાગ્યા. એમની ગર્જનાથી કુંતી અને પાંડવોની નિદ્રા ઊડી ગઈ. તેમણે આંખ ખોલતાં જ જોયું કે સામે જ પરમ સુંદરી હિડિમ્બા ઊભી છે. તેનાં રૂપ-સૌંદર્યથી વિસ્મિત થઈને કુંતીએ ખૂબ મીઠાશથી ધીરે ધીરે કહ્યું, 'સુંદરી! તમે કોણ છો? અહીં શા માટે અને ક્યાંથી આવી છો?' હિડિમ્બાએ કહ્યું, 'આ જે ઘોર અંધકારમય જંગલ છે તે જ મારું અને મારા ભાઈ હિડિમ્બનું નિવાસસ્થાન છે. મારા ભાઈએ તમને મારી નાખવા માટે મને મોકલી હતી. અહીં આવીને મેં તમારા પરમ સુંદર પુત્રને જોયા અને હું મોહિત થઈ ગઈ છું. મેં મનથી જ તેમને પતિ માની લીધા છે અને તેમને અહીંથી લઈ જવાની ચેષ્ટા કરી, પરંતુ તેઓ વિચલિત ન થયા. મને પાછા ફરતાં મોડું થવાથી મારો ભાઈ પોતે અહીં ચાલ્યો આવ્યો. તમારા પુત્ર તેને ઘસડીને ઘણે દૂર લઈ ગયા છે. જુઓ, અત્યારે તે બંને ગર્જના કરીને એકબીજાને રગદોળી રહ્યા છે.' હિડિમ્બાની વાત સાંભળીને ચારે પાંડવ ઊભા થઈ ગયા અને જોયું કે તે બંને એકબીજાને પરાસ્ત કરવાની અભિલાષાથી લડી રહ્યા છે. ભીમસેનને સહેજ દબાણમાં આવેલા જોઈને અર્જુને કહ્યું, 'ભાઈ! કોઈ ડર નથી. નકુળ અને સહદેવ માની રક્ષા કરે છે. હું હમણાં જ આ રાક્ષસને મારી નાખું છું.' ભીમસેન બોલ્યા, 'ભાઈ અર્જુન! ચૂપચાપ ઊભા રહીને જોયા કરો, ગભરાશો નહિ. મારી ભુજાઓના પાશમાં આવ્યા પછી એ બચી શકશે નહિ.' હવે ભીમસેને ક્રોધથી ઉશ્કેરાઈને આંધીની માફક ઝપટીને તેને ઉઠાવી લીધો અને અંતરિક્ષમાં લઈ જઈ સો વાર ઘુમાવ્યો. ભીમસેને કહ્યું, 'અરે રાક્ષસ! તું મફતનું માંસ ખાઈને ખોટે-ખોટો આટલો તગડો થઈ ગયો છે. તારું બળ પણ વ્યર્થ અને તારું વિચારવું પણ વ્યર્થ. જ્યારે તારું જીવન જ વ્યર્થ છે, ત્યારે મૃત્યુ પણ વ્યર્થ જ થવું જોઈએ.' આ પ્રમાણે કહીને ભીમસેને તેને જમીન પર પછાડ્યો અને તેનું પ્રાણ-પંખેરું ઊડી ગયું. અર્જુને ભીમસેનને અભિનંદન આપતાં કહ્યું, 'ભાઈ! અહીંથી વારણાવત નગર કાંઈ બહુ દૂર નથી. ચાલો, અહીંથી જલદી નીકળી જઈએ. ક્યાંક દુર્યોધનને આપણો પત્તો ન મળી જાય.' ત્યાર પછી માતાની સાથે બધા ભાઈઓ ત્યાંથી ચાલવા લાગ્યા. હિડિમ્બા રાક્ષસી પણ તેમની પાછળ-પાછળ ચાલી રહી હતી.

—★—

## હિડિમ્બાની સાથે ભીમસેનનાં લગ્ન, ઘટોત્કચનો જન્મ અને પાંડવોનો એકચક્રા નગરીમાં પ્રવેશ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! રાક્ષસીને પાછળ આવતી જોઈને ભીમસેને કહ્યું, 'હિડિમ્બા! મને ખબર છે કે રાક્ષસો મોહિની માયાને આધારે પહેલાં વેરનો બદલો લે છે. તેથી જા, તું પણ તારા ભાઈનો રસ્તો માપ.' યુધિષ્ઠિરે કહ્યું, 'રામ-રામ! ક્રોધવશ થઈને પણ સ્ત્રી પર હાથ ઉઠાવવો ન જોઈએ. આપણા શરીરની રક્ષાથી વધીને પણ ધર્મની રક્ષા છે. તમે ધર્મની રક્ષા કરો. જ્યારે આના ભાઈને તમે મારી નાખ્યો, તો આ આપણું શું બગાડી શકશે?' ત્યાર પછી હિડિમ્બાએ કુંતી અને યુધિષ્ઠિરને પ્રણામ કર્યા અને પછી હાથ જોડીને કુંતીને કહ્યું, 'આર્યે! તમે જાણો છો કે સ્ત્રીઓને કામદેવની પીડા કેટલી દુઃસહ હોય છે. હું તમારા પુત્રના લીધે ઘણીવારથી વ્યથિત થઈ રહી છું. હવે મને સુખ મળવું જોઈએ. મેં મારા સગાં-સંબંધી, કુટુંબી અને ધર્મને તિલાંજલિ આપીને તમારા પુત્રની પતિ તરીકે વરણી કરી છે. હું તમારી અને તમારા પુત્રની સ્વીકૃતિને યોગ્ય છું. જો તમે મારો સ્વીકાર નહિ કરો તો હું મારા પ્રાણોનો ત્યાગ કરી દઈશ. આ વાત હું સાચે-સાચી સોગંદપૂર્વક કરું છું. તમે મારા પર કૃપા કરો. હું મૂઢ, ભક્ત અથવા સેવક જે કાંઈ છું, તમારી છું. હું તમારા પુત્રને લઈને જઈશ અને થોડા દિવસોમાં પાછી આવીશ. તમે મારો વિશ્વાસ કરો. જ્યારે તમે મને યાદ કરશો ત્યારે હું તમારી પાસે હાજર થઈ જઈશ. તમે જ્યાં કહેશો ત્યાં તમને પહોંચાડી દઈશ. મોટામાં મોટી આપત્તિ અને મુશ્કેલીના સમયે હું તમને બચાવીશ. તમે લોકો ક્યાંય જલદી પહોંચવા ઇચ્છશો તો હું મારી પીઠ પર ઉઠાવીને તરત જ ત્યાં પહોંચાડી દઈશ. જે આપત્તિકાળમાં પણ પોતાના ધર્મની રક્ષા કરે છે, તે શ્રેષ્ઠ ધર્માત્મા છે.'

**યુધિષ્ઠિરે કહ્યું** – 'હિડિમ્બા! તમારું કહેવું બરાબર છે. સત્યનું ક્યારેય ઉલ્લંઘન કરવું નહિ. દરરોજ સૂર્યાસ્ત થાય તે પૂર્વે તમે પવિત્ર થઈને ભીમસેનની સેવામાં રહી શકો છો. ભીમસેન આખો દિવસ તમારી સાથે રહેશે, સાયંકાળ થતાં જ તમે આમને મારી પાસે પહોંચાડી દેજો.' રાક્ષસીએ સ્વીકાર કરી લેવાથી ભીમસેને કહ્યું, 'મારી એક પ્રતિજ્ઞા છે. જ્યાં સુધી પુત્ર નહિ થાય ત્યાં સુધી હું તમારી સાથે જતો-આવતો રહીશ. પુત્ર થઈ ગયા પછી નહિ.' હિડિમ્બાએ આ શરત પણ સ્વીકારી લીધી. ત્યાર પછી તે ભીમસેનને સાથે લઈને આકાશમાર્ગે ઊડી ગઈ. હવે હિડિમ્બા અત્યંત સુંદર રૂપ ધારણ કરીને પર્વતોનાં શિખરો પર, જંગલોમાં, સરોવરોમાં ગુફાઓમાં, નગરોમાં અને દિવ્ય ભૂમિમાં ભીમસેન સાથે વિહાર કરવા લાગી. સમય થતાં તેના ગર્ભથી એક પુત્ર થયો. વિકટ નેત્ર, વિશાળ મુખ, અણીદાર કાન, ભીષણ અવાજ, લાલ હોઠ, તીક્ષ્ણ દાઢો, મોટી-મોટી ભુજાઓ, વિશાળ શરીર, અપાર બળ અને માયાઓનો ખજાનો. તે ક્ષણભરમાં મોટા-મોટા રાક્ષસોથી પણ વધી ગયો અને તત્કાળ જુવાન, અસ્ત્રવિદ્ અને વીર થઈ ગયો. જનમેજય! રાક્ષસીઓ તરત ગર્ભ ધારણ કરી લે છે, તરત બાળક પેદા કરી દે છે અને ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરી લે છે.

હિડિમ્બાના પુત્રના માથા પર વાળ ન હતા. તેણે ધનુષ્ય ધારણ કરીને માતા-પિતા પાસે

આવીને પ્રણામ કર્યા. માતાપિતાએ તેના 'ઘટ' અર્થાત્ માથાને 'ઉત્કચ' એટલે કે કેશહીન જોઈને તેનું નામ ઘટોત્કચ રાખ્યું. ઘટોત્કચ પાંડવોના પ્રતિ ખૂબ શ્રદ્ધા અને પ્રેમ રાખતો હતો. પાંડવો પણ તેના પ્રતિ પ્રેમ રાખતા હતા. હિડિમ્બાએ વિચાર્યું કે ભીમસેનની પ્રતિજ્ઞાનો સમય પૂરો થઈ ગયો. તેથી તે ત્યાંથી ચાલી ગઈ. ઘટોત્કચે માતા કુંતી અને પાંડવોને નમસ્કાર કરીને કહ્યું, 'તમે બધા મારા પૂજનીય છો. તમે નિઃસંકોચ જણાવો કે હું તમારી શી સેવા કરું?' કુંતીએ કહ્યું, 'બેટા! તું કુરુવંશમાં ઉત્પન્ન થયો છે અને સ્વયં ભીમસેન જેવો છે. આ પાંચ ભાઈઓના પુત્રોમાં તું બધાથી મોટો છે, તેથી સમય આવ્યે તેમની સહાયતા કરજે.' કુંતીના આ પ્રમાણે કહેવાથી ઘટોત્કચે કહ્યું, 'હું રાવણ અને ઇન્દ્રજિત જેવો પરાક્રમી અને વિશાળકાય છું. જ્યારે આવશ્યકતા પડે ત્યારે મારું સ્મરણ કરજો. હું હાજર થઈ જઈશ.' આમ કહીને તે ઉત્તર દિશા તરફ ચાલ્યો ગયો. જનમેજય! દેવરાજ ઇન્દ્રે કર્ણની શક્તિનો આઘાત સહન કરવા માટે જ ઘટોત્કચને ઉત્પન્ન કર્યો હતો.

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! પાંડવોએ હવે માથા પર જટાઓ રાખી અને વલ્કલ તથા મૃગચર્મ પહેરી લીધાં. આ પ્રમાણે તપસ્વીઓનો વેશ ધારણ કરીને તેઓ પોતાની માતા સાથે વિચરવા લાગ્યા. ક્યાંક-ક્યાંક માતાને પીઠ પર બેસાડી લેતા તો ક્યાંક ધીરે-ધીરે શાંતિથી ચાલતા. એકવાર તેઓ શાસ્ત્રોનો સ્વાધ્યાય કરતા હતા ત્યારે ભગવાન શ્રીવેદવ્યાસ તેમની પાસે આવ્યા. પાંડવોએ ઊભા થઈને તેમના ચરણોમાં પ્રણામ કર્યા. વ્યાસજીએ કહ્યું, 'યુધિષ્ઠિર! હું તમારા લોકોની આ વિપત્તિ પહેલેથી જાણતો હતો. હું જાણતો હતો કે દુર્યોધન વગેરેએ અન્યાયપૂર્વક તમને રાજધાનીમાંથી બહાર કાઢી મૂક્યા છે. હું તમારા લોકોનું હિત કરવા માટે જ આવ્યો છું. તમે આ વિષાદગ્રસ્ત પરિસ્થિતિથી નિરાશ થશો નહિ. આ બધું તમારા સુખ માટે જ થઈ રહ્યું છે. એમાં શંકા નથી કે મારા માટે તમે લોકો અને ધૃતરાષ્ટ્રના પુત્રો સમાન જ છો; છતાં તમારી નમ્રતા અને નિષ્કપટતા જોઈને વિશેષ સ્નેહ થઈ રહ્યો છે. તેથી હું તમારા હિતની વાત કરું છું. અહીં નજીકમાં જ એક મોટું રમણીય નગર છે. ત્યાં તમે લોકો ગુપ્તરૂપે રહો અને પછી મારા આવવાની પ્રતીક્ષા કરો.'

પાંડવોને આ પ્રમાણે આશ્વાસન આપીને અને તેમને સાથે લઈને તેઓ એકચક્રા નગરી તરફ ચાલ્યા. ત્યાં પહોંચીને તેમણે કુંતીને કહ્યું, 'કલ્યાણી! તમારા પુત્ર યુધિષ્ઠિર મોટા ધર્માત્મા છે. એ ધર્મનું આચરણ કરીને સંપૂર્ણ પૃથ્વીને જીતી લેશે અને સમગ્ર રાજાઓ પર શાસન કરશે. તમારા અને માદ્રીના બધા પુત્રો મહારથી થશે અને પોતાના રાજ્યમાં અતિ પ્રસન્નતાપૂર્વક જીવનનિર્વાહ કરશે. આ લોકો રાજસૂય, અશ્વમેધ વગેરે મોટા-મોટા યજ્ઞો કરશે.' વ્યાસજીએ આ પ્રમાણે કહીને કુંતી અને પાંડવોને એક બ્રાહ્મણના ઘરમાં રાખી દીધા અને જતાં-જતાં કહ્યું, 'એક મહિના સુધી મારી વાટ જોજો. હું ફરી પાછો અહીં આવીશ. દેશ અને કાળ અનુસાર સોચી-સમજીને કામ કરજો. તમને બહુ સુખ મળશે.' બધાંએ હાથ જોડીને તેમની આજ્ઞા સ્વીકારી લીધી. પછી તેઓ ચાલ્યા ગયા.

—★—

## આર્ત બ્રાહ્મણપરિવાર પર કુંતીની દયા

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! યુધિષ્ઠિર વગેરે પાંચે ભાઈ પોતાની માતા કુંતીની સાથે એકચક્રા નગરીમાં રહીને જાતજાતનાં દશ્યો જોતાં વિચરવા લાગ્યાં. તેઓ ભિક્ષાવૃત્તિથી પોતાનો નિર્વાહ કરતા હતા. નગરવાસીઓ તેમના ગુણોથી મુગ્ધ થઈને તેમને બહુ પ્રેમ કરવા લાગ્યા. તેઓ સાયંકાળ થતાં દિવસભરની ભિક્ષા લાવીને માતાની સામે મૂકી દેતા. માતાની અનુમતિથી અડધું ભીમસેન ખાતા અને અડધામાં બાકીના બધા. આ પ્રમાણે ઘણા દિવસો વીતી ગયા.

એક દિવસે બધા ભાઈઓ ભિક્ષા માટે ચાલ્યા ગયા હતા, પરંતુ કોઈ કારણવશ ભીમસેન માતાની પાસે જ રહી ગયા હતા. તે દિવસે બ્રાહ્મણના ઘરમાં કરુણ આક્રંદ થવા લાગ્યું. તે લોકો વિલાપ કરી કરીને રડી રહ્યા હતા. આ સાંભળીને દયાળુ કુંતીજીનું સૌહાર્દપૂર્ણ હૃદય દ્રવિત થઈ ગયું. તેમણે ભીમસેનને કહ્યું, 'બેટા! આપણે બ્રાહ્મણના ઘરમાં રહીએ છીએ અને એ આપણો ઘણો સત્કાર કરે છે. હું સદા એવું વિચાર્યા કરું છું કે આ બ્રાહ્મણનો કોઈ ને કોઈ ઉપકાર કરવો જોઈએ. કૃતજ્ઞતા જ મનુષ્યનું જીવન છે. જેટલો કોઈ આપણો ઉપકાર કરે, તેનાથી વિશેષ તેનો ઉપકાર કરવો જોઈએ. અવશ્ય, આ બ્રાહ્મણ પર કોઈ વિપત્તિ આવી પડી છે. જો આપણે એની કોઈ સહાયતા કરી શકીએ તો ઋણમુક્ત થઈ જઈએ.' ભીમસેને કહ્યું, 'મા! તમે બ્રાહ્મણનું દુઃખ અને દુઃખના કારણને જાણી લાવો. હું તેમના માટે કઠોરમાં કઠોર કાર્ય પણ કરીશ.' કુંતી તરત બ્રાહ્મણના ઘરમાં ગયાં, જાણે ગાય તેનાં બાંધેલા વાછડા પાસે દોડી ગઈ હોય. તેમણે જોયું કે બ્રાહ્મણ તેની પત્ની અને પુત્ર સાથે માથું લટકાવીને બેઠો છે અને કહી રહ્યો છે – 'ધિક્કાર છે મારા આ જીવનને! કારણ કે આ જીવન સારહીન, વ્યર્થ, દુઃખી અને પરાધીન છે. જીવ એકલો જ ધર્મ, અર્થ અને કામનો ભોગ કરવા ચાહે છે. આમનો વિયોગ થવો એ જ તેના માટે મહાન દુઃખ છે. ખરેખર મોક્ષ જ સુખસ્વરૂપ છે. પરંતુ મારા માટે તેની કોઈ સંભાવના નથી. આ આપત્તિમાંથી છૂટવાનો ન તો કોઈ ઉપાય દેખાય છે કે ન હું મારી પત્ની અને પુત્ર સાથે ભાગી પણ શકું છું. તમે મારી જિતેન્દ્રિય અને ધર્માત્મા સહચરી છો. દેવતાઓએ તમને મારી સખી અને સહાયક બનાવી દીધી છે. મેં મંત્ર બોલીને તમારી સાથે લગ્ન કર્યું છે. તમે કુળવાન, શીલવાન અને બાળકોની મા છો. તમે સતી-સાધ્વી અને મારી હિતૈષિણી છો. રાક્ષસથી મારા જીવનની રક્ષા માટે હું તમને તેની પાસે મોકલી શકતો નથી.'

પતિની વાત સાંભળીને બ્રાહ્મણીએ કહ્યું, 'સ્વામી! તમે સાધારણ મનુષ્યની જેમ શોક કેમ કરો છો? એક ને એક દિવસે બધા મનુષ્યને મરવું જ પડે છે. પછી આ ટાળી ન શકાય તેવી વાત માટે શોક શા માટે કરવો? પત્ની, પુત્ર, પુત્રી બધાં તમારા માટે જ હોય છે. તમે વિવેકના બળથી ચિંતા છોડી દો. હું પોતે તેની પાસે જઈશ. પત્નીને માટે એ જ સર્વોત્તમ અને સનાતન કર્તવ્ય છે કે તે પોતાના પ્રાણ ન્યોછાવર કરીને પતિનું હિત કરે. મારા આ કામથી તમે સુખી થશો અને મને પણ પરલોકમાં સુખ તથા આ લોકમાં યશ મળશે. હું તમારા ધર્મ અને

લાભની વાત કરું છું. જે ઉદ્દેશથી લગ્ન કરવામાં આવે છે, તે ઉદ્દેશ હવે પૂરો થઈ ગયો છે. તમને મારા ગર્ભથી એક પુત્ર અને એક પુત્રી છે. તમે આ બાળકોનું જેવું પાલન-પોષણ કરી શકો છો, તેવું હું કરી શકતી નથી. જો તમે નહિ રહો તો હે મારા પ્રાણેશ્વર! મારા જીવનસર્વસ્વ! હું કઈ રીતે રહીશ અને આ બાળકોની શી દશા થશે? જો હું અનાથ અને વિધવા થઈને જીવિત પણ રહું તો આ બાળકોને કઈ રીતે રાખીશ? જ્યારે અભિમાની અને અયોગ્ય પુરુષો આ પુત્રીની માગણી કરશે, ત્યારે હું આની રક્ષા કઈ રીતે કરી શકીશ? જેમ પક્ષીઓ માંસના ટુકડા પર ઝપટે છે, તે જ પ્રમાણે દુષ્ટ પુરુષો વિધવા સ્ત્રી પર. હું ભલા, તેવું જીવન કઈ રીતે પસાર કરીશ? આ પુત્રીને મર્યાદામાં રાખવી અને પુત્રને સદ્‌ગુણી બનાવવો એ મારાથી કઈ રીતે થશે? તમારા વિયોગમાં હું રહી શકીશ નહિ અને આપણા બંને વિના આ બાળકોનો નાશ થઈ જશે. તમારા જવાથી આપણા ચારેયનો વિનાશ થઈ જશે, તેથી તમે મને મોકલી દો. સ્ત્રીઓ માટે એ મોટા સૌભાગ્યની વાત છે કે પોતાના પતિથી પહેલાં જ પરલોકવાસી થઈ જાય. મેં બધું જ છોડી દીધું છે, પુત્ર અને પુત્રી પણ. મારું જીવન તમારા માટે ન્યોછાવર છે. સ્ત્રીઓ માટે યજ્ઞ, તપ, નિયમ અને દાનથી પણ વધીને પોતાના પતિનું પ્રિય અને હિત છે. હું જે કાંઈ કહી રહી છું, તે આપના અને આ વંશ માટે પણ હિતકર છે. આ લોકમાં સ્ત્રી, પુત્ર, મિત્ર અને ધન વગેરેનો સંગ્રહ આપત્તિમાંથી બચવા માટે કરવામાં આવે છે. આપત્તિ માટે ધનની રક્ષા કરવી, ધન ગુમાવીને પણ પત્નીની રક્ષા કરવી. અને પત્ની અને ધન બંનેને ખોઈને આત્મકલ્યાણ કરવું. એ પણ સંભવ છે કે, સ્ત્રીને અવધ્ય માનીને તે રાક્ષસ મને ન પણ મારે. પુરુષનો વધ નિર્વિવાદ છે અને સ્ત્રીનો સંદેહગ્રસ્ત, તેથી મને જ તેની પાસે મોકલો. હવે મારે કરવાનુંય શું છે? સઘળા પદાર્થો ભોગવી લીધા, ધર્મકર્મ પણ કરી લીધાં, સંતતિ પણ પ્રાપ્ત થઈ ગઈ, હવે મારા મરવાથી શું દુઃખ છે? મારા મૃત્યુ પછી તમે તો બીજાં લગ્ન પણ કરી શકો છો. કેમકે પુરુષ માટે બીજાં લગ્ન કરવાં એ અધર્મ નથી અને સ્ત્રીને માટે મહાન અધર્મ છે. આ બધું સમજી-વિચારીને તમે મારી વાત માનો અને આ બાળકોની રક્ષા માટે તમે પોતે રહી જાઓ અને મને તે રાક્ષસ પાસે મોકલો.' 'સ્ત્રીના આ પ્રમાણે કહેવાથી બ્રાહ્મણે તેને પોતાની છાતીએ લગાડી લીધી. તેની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં.

મા-બાપની દુઃખભરી વાતો સાંભળીને કન્યા બોલી, 'તમે બંને દુઃખી થઈને અનાથની જેમ કેમ રડી રહ્યાં છો? જુઓ, ધર્મ અનુસાર તમે એકને એક દિવસ મને છોડી જ દેશો. તેથી આજે જ મને છોડીને પોતાની રક્ષા કેમ કરતાં નથી? લોકો સંતાન એટલા માટે ઇચ્છે છે કે તે દુઃખથી બચાવે. આ સમયે તમે મારો સદુપયોગ કેમ નથી કરી લેતાં? તમારા પરલોકવાસી થઈ જતાં મારો આ પ્રિય નાનો ભાઈ જીવશે નહિ. મા-બાપ અને ભાઈના મૃત્યુથી તમારી વંશપરંપરા પણ નષ્ટ થઈ જશે. જ્યારે તમે કોઈ નહિ રહો તો હું પણ રહી શકવાની નથી. તમારા બંનેના રહેવાથી બધાંનું કલ્યાણ થશે. હું જ રાક્ષસ પાસે જઈને આ વંશની રક્ષા કરીશ. આથી મારો લોક-પરલોક બંને સુધરી જશે.' કન્યાની આ વાત સાંભળીને મા-બાપ બંને રડવા લાગ્યાં. કન્યા પણ રડવું ટાળી ન શકી. બધાંને રડતાં જોઈને નાનકડો

બાળક મીઠી અને તોતળી વાણીથી કહેવા લાગ્યો – 'પિતાજી! માતાજી! બહેન! રડશો નહિ.' દરેકની પાસે જઈ જઈને તે આ પ્રમાણે કહેવા લાગ્યો. તેણે એક તણખલું ઉઠાવીને હસતાં હસતાં કહ્યું, 'હું આનાથી રાક્ષસને મારી નાખીશ.' બાળકની આ વાતથી દુઃખની ઘડીમાં પણ સહેજ પ્રસન્નતા છવાઈ ગઈ.

કુંતી આ બધું જોઈ–સાંભળી રહ્યાં હતાં. તેઓ પોતાની ઉપસ્થિતિ જણાવવાનો અવસર જોઈને તેમની પાસે ગયાં અને મૃતશરીરો પર જાણે અમૃતની વર્ષા કરતાં હોય તેમ બોલ્યાં, 'બ્રાહ્મણદેવતા! તમારા દુઃખનું શું કારણ છે? તેને જાણીને જો થઈ શકે એમ હશે તો તે દૂર કરવાની ચેષ્ટા કરીશ.' બ્રાહ્મણે કહ્યું, 'તપસ્વિની! તમારી વાત સજ્જનોના જેવી છે. પરંતુ મારું દુઃખ મનુષ્ય મટાડી શકે એવું નથી. આ નગરની પાસે જ એક બક નામનો રાક્ષસ રહે છે. તે બળવાન રાક્ષસ માટે એક ગાડું અનાજ અને બે પાડા રોજ મોકલવામાં આવે છે. જે મનુષ્ય તે લઈને જાય છે તેને પણ તે ખાઈ જાય છે. દરેક ગૃહસ્થે આ કામ કરવું પડે છે. પરંતુ આવો વારો ઘણાં વર્ષો બાદ આવે છે. જે આનાથી બચવાનો પ્રયત્ન કરે છે તેના આખા કુટુંબને તે ખાઈ જાય છે. અહીંનો રાજા અહીંથી થોડે દૂર વેત્રકીયગૃહ નામના સ્થાનમાં રહે છે. તે અન્યાયી થઈ ગયો છે અને આ વિપત્તિથી પ્રજાની રક્ષા કરતો નથી. આજે અમારો વારો છે. મારે તેના ભોજન માટે અનાજ અને એક માણસ આપવો પડશે. મારી પાસે એટલી સંપત્તિ નથી કે હું કોઈને ખરીદીને આપી શકું અને પોતાનાં સગાંસંબંધીઓને આપવાની શક્તિ નથી. હવે આમાંથી બચવાનો કોઈ ઉપાય ન જોઈને હું મારા આખા પરિવાર સાથે જવા વિચારું છું. તે દુષ્ટ બધાંને ખાઈ જશે.' કુંતીએ કહ્યું, 'બ્રાહ્મણદેવતા! તમે ડરશો નહિ અને શોક કરશો નહિ. તેનાથી બચવાનો ઉપાય મેં વિચારી લીધો છે. તમારે તો એક પુત્ર અને એક જ પુત્રી છે. તમારા બંનેમાંથી કોઈનું ત્યાં જવું મને પણ યોગ્ય લાગતું નથી. મારા પાંચ પુત્રો છે, તેમાંથી એક તે પાપી રાક્ષસનું ભોજન લઈને જશે.'

બ્રાહ્મણે કહ્યું, 'હરે–હરે! હું મારા જીવન માટે અતિથિની હત્યા કરી શકતો નથી. ખરેખર તમે ઘણાં જ કુળવાન અને ધર્માત્મા છો, ત્યારે તો બ્રાહ્મણના માટે પોતાના પુત્રનો ત્યાગ કરવા ચાહો છો. મારે પોતે જ મારા કલ્યાણની વાત વિચારવી જોઈએ. આત્મવધ અને બ્રાહ્મણવધ બેઉના વિકલ્પે મને આત્મવધ જ કલ્યાણપ્રદ લાગે છે. બ્રહ્મહત્યાનું કોઈ પ્રાયશ્ચિત નથી. અજાણતાં પણ બ્રહ્મહત્યા કરવા કરતાં પોતાને નષ્ટ કરી દેવો એ ઉત્તમ છે. હું મારી મેળે તો મરવા ઇચ્છતો નથી. બીજું કોઈ મને મારી નાખે તો તેનું પાપ મને નહિ લાગે. ભલે ગમે તે હોય, જે પોતાને ઘેર આવ્યા હોય, શરણમાં આવ્યો હોય, જેણે રક્ષાની યાચના કરી હોય, તેને મરાવી નાખવો એ મહાન નિર્દયતા છે. આપત્તિકાળમાં પણ નિંદિત અને ક્રૂર કર્મ ન કરવું. હું પોતે મારી પત્ની સાથે મરી જાઉં, એ જ શ્રેષ્ઠ છે. પરંતુ બ્રાહ્મણના વધની વાત તો હું વિચારી પણ શકતો નથી.' કુંતીએ કહ્યું, 'બ્રહ્મન્! મારો પણ એ દૃઢ સંકલ્પ છે કે બ્રાહ્મણની રક્ષા કરવી જોઈએ. હું પણ મારા પુત્રનું અનિષ્ટ ચાહતી નથી. પરંતુ વાત એ છે કે રાક્ષસ મારા બળવાન, મંત્રસિદ્ધ અને તેજસ્વી પુત્રનું અનિષ્ટ કરી શકવાનો નથી. તે રાક્ષસને ભોજન પહોંચાડીને પણ પોતાને બચાવી લેશે, એવી મારી દૃઢ માન્યતા છે. અત્યાર સુધી ન

જાણે કેટલા બળવાન અને વિશાળકાય રાક્ષસો આના હાથે મરાઈ ગયા છે. એક વાત છે, આની જાણ કોઈને થવા દેશો નહિ, કેમકે લોકો આ વિદ્યા જાણવા માટે મારા પુત્રને હેરાન કરશે.'

કુંતીની વાતથી બ્રાહ્મણ-પરિવારને બહુ ખુશી થઈ. કુંતીએ બ્રાહ્મણની સાથે જઈને ભીમસેનને કહ્યું, 'તું આ કામ કરી દે.' ભીમસેને ખૂબ જ પ્રસન્નતાપૂર્વક માતાની વાત સ્વીકારી લીધી. જે સમયે ભીમસેને તે કામ કરવાની પ્રતિજ્ઞા કરી, તે જ સમયે યુધિષ્ઠિર વગેરે ભિક્ષા લઈને આવ્યા. યુધિષ્ઠિર ભીમસેનની આકૃતિ પરથી જ બધું સમજી ગયા. તેમણે એકાંતમાં બેસીને પોતાની માતાને પૂછ્યું, 'મા! ભીમસેન શું કરવા ઇચ્છે છે? આ તેમની પોતાની ઇચ્છા છે કે તમારી આજ્ઞા?' કુંતી બોલ્યાં, 'મારી આજ્ઞા.' યુધિષ્ઠિરે કહ્યું, 'મા! તમે બીજાના માટે પોતાના પુત્રને સંકટમાં નાખીને મોટું સાહસનું કામ કર્યું છે.' કુંતીએ કહ્યું, 'બેટા! ભીમસેનની ચિંતા ન કરો. મેં વિના વિચાર્યે આ નિર્ણય લીધો નથી. આપણે બધા આ બ્રાહ્મણના ઘરમાં આરામથી રહીએ છીએ. આનાથી ઋણમુક્ત થવાનો આ જ ઉપાય છે. મનુષ્યજીવનની સફળતા એમાં જ છે કે તેણે ક્યારેય ઉપકાર કરનારના ઉપકારને ન ભૂલવો, એટલું જ નહિ તેના ઉપકારથી પણ વધીને ઉપકાર કરવો. ભીમસેન પર મને ભરોસો છે. જન્મતાં જ તે મારા ખોળામાંથી પડી ગયો હતો. ત્યારે તેના શરીર સાથે ટકરાઈને પથ્થરોનો ભૂકો થઈ ગયો હતો. મારો નિર્ણય વિશુદ્ધ ધાર્મિક છે. આનાથી પ્રતિ-ઉપકાર તો થશે જ, ધર્મ પણ થશે.' યુધિષ્ઠિર બોલ્યા, 'માતા! તમે જે સમજી-વિચારીને કર્યું છે તે બધું યોગ્ય છે. ભીમસેન રાક્ષસને અવશ્ય મારી નાખશે. કેમ કે તમારા હૃદયમાં બ્રાહ્મણની રક્ષા કરવાનો પવિત્ર ભાવ છે. પરંતુ બ્રાહ્મણને એ જરૂર કહી દેજો કે નગરજનોને આ વાતની ખબર ન થવા પામે.'

—★—

## બકાસુરનો વધ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! થોડી રાત્રિ વીતી ગયા પછી ભીમસેન રાક્ષસનું ભોજન લઈને બકાસુરના વનમાં ગયા અને ત્યાં તેનું નામ લઈ-લઈને પોકારવા લાગ્યા. તે રાક્ષસ વિશાળકાય, વેગવાન અને બળવાન હતો. તેની આંખો લાલ, દાઢી-મૂછ લાલ, કાન અણીદાર, મોં કાન સુધી પહોળું હતું. તેને જોઈને બીક લાગતી હતી. ભીમસેનનો અવાજ સાંભળીને તે ક્રોધિત થઈ ગયો. તે ભૃકુટિ ટેઢી કરીને દાંત પીસતો જાણે ધરતીને ચીરી નાખતો હોય એમ ભીમસેન તરફ દોડ્યો. તેણે ત્યાં આવીને જોયું તો ભીમસેન તેના ભાગનું અન્ન ખાઈ રહ્યા છે. તે ક્રોધથી રાતોપીળો થઈ ગયો અને આંખો ફાડીને બોલ્યો, 'અરે, આ દુર્બુદ્ધિ કોણ છે, જે મારી સામે જ મારું અન્ન ખાઈ રહ્યો છે? શું એ યમપુરી જવા ઇચ્છે છે?' ભીમસેન હસી પડ્યા. તેની કશી પરવા ન કરીને મોં ફેરવી લીધું અને ખાતા રહ્યા. ત્યારે તે રાક્ષસ બંને હાથ ઉઠાવીને ભયંકર ગર્જના કરીને તેમને મારવા માટે તૂટી પડ્યો. છતાં ભીમસેન તેનો તિરસ્કાર કરીને ખાતા જ ગયા. હવે બકાસુર વધારે ક્રોધિત થઈને એક વૃક્ષ ઉપાડીને ભીમસેન પર ઝપટ્યો. ભીમસેન ધીરે-ધીરે ખાઈ-પીને, હાથ-મોં ધોઈને હસતાં હસતાં ત્યાંથી ડગ્યા વિના

ઊભા થઈ ગયા. રાક્ષસે તેમની ઉપર જે વૃક્ષ ફેંક્યું, તેને તેમણે ડાબા હાથે પકડી લીધું. હવે બંને તરફથી વૃક્ષોનો મારો થવા લાગ્યો. ભયંકર યુદ્ધ થયું. વનનાં વૃક્ષોનો લગભગ વિનાશ જ થઈ ગયો. બકે દોડીને ભીમસેનને પકડ્યા. ભીમસેન તેને ભુજાઓમાં દબાવીને ઘસડવા લાગ્યા. જ્યારે તે થાકી ગયો, ત્યારે ભીમસેન તેને જમીન પર પટકીને ઘૂંટણોથી કચડવા લાગ્યા. તેનું ગળું પકડીને દબાવી દીધું અને ખેંચી-મરોડીને તેની કમર તોડી નાખી. તેના મુખમાંથી લોહી નીકળવા લાગ્યું અને હાડકાં-પાંસળીઓ તૂટી જતાં તેનું પ્રાણ-પંખેરું ઊડી ગયું.

બકાસુરના બૂમ-બરાડાથી તેના પરિવારના રાક્ષસો ભયભીત થઈ ગયા અને પોતાના સેવકો સાથે બહાર નીકળી આવ્યા. ભીમસેને બીકને લીધે અચેત થયેલા જોઈને તેમને આશ્વાસન આપ્યું અને ક્યારેય મનુષ્યોને ન સતાવવાની તેમની સાથે શરત કરી. ભીમસેને કહ્યું કે તમે ક્યારેય આ શરતનો ભંગ કર્યો તો તમારે મરવું પડશે. રાક્ષસોએ ભીમની વાત સ્વીકારી લીધી. ભીમસેન બકાસુરના મૃતદેહને લઈને નગરના દરવાજા પર તે નાખીને ચૂપચાપ ચાલ્યા ગયા. ત્યારથી નાગરિકોને ક્યારેય રાક્ષસોના ઉપદ્રવનો અનુભવ ન થયો. બકાસુરના પરિવારવાળા પણ આમ-તેમ ભાગી ગયા. ભીમસેને બ્રાહ્મણને ઘેર જઈને યુધિષ્ઠિરને ત્યાંની બધી વાત કહી સંભળાવી.

અહીં નગરવાસીઓ સવારે ઊઠીને બહાર નીકળ્યા તો પર્વત જેવો એક રાક્ષસનો મૃતદેહ લોહીથી લદબદ થઈને જમીન પર પડ્યો છે. તેને જોઈને બધાંનાં રૂંવાડાં ખડાં થઈ ગયાં. જોતજોતાંમાં આ સમાચાર ચારે બાજુ પ્રસરી ગયા. હજારો નાગરિકો જેમાં બાળકો, વૃદ્ધો અને સ્ત્રીઓ પણ હતી, જોવા માટે આવ્યાં. બધાંને આ અલૌકિક કાર્ય જોઈને આશ્ચર્ય થયું અને સૌએ પોતાના ઇષ્ટદેવની પૂજા કરી. લોકોએ પત્તો મેળવ્યો કે આ ઘટના બની ત્યારે કોનો વારો હતો અને પછી બ્રાહ્મણની પાસે જઈને પૂછપરછ કરી. બ્રાહ્મણે આ ઘટના છુપાવતાં કહ્યું, 'આજે મારો વારો હતો તેથી હું મારા પરિવાર સાથે રડી રહ્યો હતો. તે વખતે કોઈ ઉદાર-ચરિત્ર મંત્રસિદ્ધ બ્રાહ્મણે આવીને મારા દુઃખનું કારણ પૂછ્યું અને પ્રસન્નતાપૂર્વક મને વિશ્વાસ અપાવીને કહ્યું કે હું તે રાક્ષસને અન્ન પહોંચાડી દઈશ. તમે મારા વિશેની ચિંતા કે ભય રાખશો નહિ. તેઓ જ રાક્ષસનું ભોજન લઈને ગયા હતા, ખરેખર આ તેમનું જ કામ છે.' બધા વર્ણના લોકો આ ઘટનાથી પ્રસન્ન થઈને બ્રહ્મોત્સવ મનાવવા લાગ્યા. પાંડવો પણ આ આનંદોત્સવ જોતા રહીને ત્યાં જ સુખપૂર્વક રહેવા લાગ્યા.

—★—

## દ્રૌપદી-સ્વયંવરના સમાચાર તથા ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદીના જન્મની કથા

**જનમેજયે પૂછ્યું** – ભગવન્! બકાસુરને માર્યા પછી પાંડવોએ શું કર્યું? કૃપા કરી જણાવો.

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! બકાસુરને માર્યા પછી પાંડવો વેદાધ્યયન કરતાં રહીને તે બ્રાહ્મણના ઘરમાં રહેવા લાગ્યા. થોડા દિવસો બાદ તેને ત્યાં એક સદાચારી બ્રાહ્મણ આવ્યો. ખૂબ આદર-સત્કાર સાથે તેને સ્થાન આપવામાં આવ્યું. કુંતી અને પાંડવો પણ તેની સેવામાં જોડાઈ ગયાં હતાં. બ્રાહ્મણે કથા-પ્રસંગમાં દેશ, તીર્થ, નદી, નદ (મોટી નદી) અને રાજાઓનું

વર્ણન કરતાં-કરતાં દ્રુપદની કથા શરૂ કરી અને દ્રૌપદીના સ્વયંવરની વાત પણ કહી. પાંડવોએ વિસ્તારથી દ્રૌપદીના જન્મની કથા સાંભળવાની ઇચ્છા વ્યક્ત કરી, તેથી તે અતિથિ બ્રાહ્મણ દ્રુપદનું પૂર્વ-ચરિત્ર સંભળાવીને કહેવા લાગ્યો – જ્યારથી દ્રોણાચાર્યે પાંડવોના હાથે દ્રુપદને પરાજિત કરાવ્યા, ત્યારથી તે નિરંતર બેચેન રહેવા લાગ્યા. તેઓ ચિંતામાં રહેવાને કારણે દુર્બળ થઈ ગયા અને દ્રોણાચાર્ય સાથે બદલો લેવા માટે કર્મસિદ્ધ બ્રાહ્મણોની શોધમાં એક આશ્રમથી બીજા આશ્રમોમાં ઘૂમવા લાગ્યા. તેઓ શોકાતુર થઈને એ જ વિચારતા રહેતા હતા કે મને શ્રેષ્ઠ સંતાનની પ્રાપ્તિ કઈ રીતે થાય. પરંતુ કોઈ રીતે દ્રોણાચાર્યના પ્રભાવ, વિનય, શિક્ષા અને ચરિત્રને નીચું દેખાડવામાં સફળ ન થયા.

રાજા દ્રુપદ ગંગાકિનારે ફરતાં-ફરતાં કલ્માષી નગરી પાસેની એક બ્રાહ્મણોની વસ્તીમાં ગયા. તે વસ્તીમાં બધા બ્રાહ્મણો સ્નાતક હતા અને વિધિવત્ બ્રહ્મચર્યનું પાલન કરનારા હતા. તેમાં કશ્યપ-ગોત્રના બે બ્રાહ્મણો અત્યંત શાંત, તપસ્વી અને સ્વાધ્યાયશીલ હતા. તેમનાં નામ હતાં યાજ અને ઉપયાજ. રાજા દ્રુપદે પહેલાં નાના ભાઈ ઉપયાજ પાસે જઈને સેવા-શુશ્રૂષા દ્વારા તેમને પ્રસન્ન કર્યા અને પ્રાર્થના કરી કે 'તમે કોઈ એવું કર્મ કરાવો, જેનાથી મારે ત્યાં દ્રોણને મારનાર પુત્ર ઉત્પન્ન થાય; હું તમને દસ કરોડ ગાયો આપીશ. એટલું જ નહિ, તમારી જે ઇચ્છા હશે તે પણ પૂરી કરીશ.' ઉપયાજે કહ્યું, 'હું આવું કરી શકતો નથી.' દ્રુપદે તેમ છતાં એક વર્ષ સુધી તેમની સેવા કરી. ઉપયાજે કહ્યું, 'રાજન્! મારા મોટા ભાઈ એક દિવસ વનમાં જઈ રહ્યા હતા ત્યારે તેમણે એક એવી જમીન પર પડેલા ફળને ઉઠાવી લીધું, જેની શુદ્ધિ-અશુદ્ધિ વિશે તેઓ અજ્ઞાત હતા. મેં તેમનું આ કાર્ય જોઈ લીધું અને વિચાર્યું કે તેઓ કોઈ વસ્તુ લેવામાં શુદ્ધિ-અશુદ્ધિનો વિચાર કરતા નથી. તમે તેમની પાસે જાઓ, તેઓ તમારો યજ્ઞ કરાવી દેશે.' રાજાએ યાજની સેવા–શુશ્રૂષા કરીને તેમને પ્રસન્ન કર્યા અને પ્રાર્થના કરી કે 'હું દ્રોણથી શ્રેષ્ઠ અને યુદ્ધમાં તેમને મારી શકે એવો પુત્ર ઇચ્છું છું. તમે તેવો યજ્ઞ મારી પાસે કરાવો. હું તમને દસ કરોડ ગાયો આપીશ.' યાજે આ પ્રાર્થના સ્વીકારી લીધી.

યાજની સંમતિથી દ્રુપદનું યજ્ઞકાર્ય સંપન્ન થયું અને અગ્નિકુંડમાંથી એક દિવ્ય કુમાર પ્રગટ થયો. તેના શરીરનો રંગ ધગધગતા અગ્નિ જેવો હતો. માથા પર મુગટ અને શરીર પર કવચ હતું. તેના હાથમાં ધનુષ્ય-બાણ અને ખડ્ગ હતું. તે વારંવાર ગર્જના કરી રહ્યો હતો. અગ્નિકુંડથી નીકળતાં જ તે દિવ્ય કુમાર રથ પર સવાર થઈને આમ-તેમ વિચરવા લાગ્યો. બધાં પાંચાલવાસીઓ હર્ષિત થઈને 'સાધુ-સાધુ' કહેવા લાગ્યા. તે જ સમયે આકાશવાણી થઈ – 'આ પુત્રના જન્મથી દ્રુપદ સર્વથા શોકરહિત થઈ જશે. આ કુમાર દ્રોણને મારવા માટે જ ઉત્પન્ન થયો છે.'

તે જ વેદીમાંથી કુમારી પાંચાલીનો પણ જન્મ થયો. તે સર્વાંગ-સુંદર, કમળ જેવાં નેત્રોવાળી અને શ્યામ વર્ણની હતી. તેના નીલા અને વાંકડિયા વાળ, લાલ-લાલ નખ, ઉપસેલી છાતી અને વાંકી ભમરો અત્યંત મનોહર હતી. એવું લાગતું હતું કે જાણે કોઈ દેવાંગના મનુષ્યરૂપે પ્રગટ થઈ છે. તેના શરીરમાંથી તુરતના ખીલેલા નીલ-કમળના જેવી સુંદર સુગંધ નીકળીને એક કોસ (ગાઉ) સુધી પ્રસરી રહી હતી. તે સમયે આવી સુંદર સ્ત્રી સંપૂર્ણ પૃથ્વી પર બીજી ન હતી. તેનો જન્મ થયો ત્યારે પણ આકાશવાણીએ

કહ્યું – 'આ સ્ત્રીરત્ન કૃષ્ણા છે. દેવતાઓનું પ્રયોજન સિદ્ધ કરવા માટે ક્ષત્રિયોનો સંહાર કરવાના ઉદ્દેશથી આ કન્યાનો જન્મ થયો છે. આના કારણે કૌરવો અત્યંત ભયભીત થશે. આ સાંભળીને બધા પાંચાલવાસીઓ સિંહ જેવો હર્ષધ્વનિ કરવા લાગ્યા. આ દિવ્ય કુમારી અને કુમારને જોઈને દ્રુપદરાજાની રાણી બ્રાહ્મણ યાજ પાસે આવી અને પ્રાર્થના કરીને કહેવા લાગી કે 'આ બંને મારા સિવાય અન્ય કોઈને પોતાની માતા ન સમજે.' યાજે રાજાની પ્રસન્નતા માટે 'તથાસ્તુ' કહ્યું.

બ્રાહ્મણોએ આ દિવ્ય કુમાર અને કુમારિકાનું નામકરણ કર્યું. તેઓ બોલ્યા, આ કુમાર અત્યંત ધૃષ્ટ (સાહસિક) અને અસહિષ્ણુ છે. બળ, રૂપ, ધન અથવા કવચ-કુંડળ વગેરેની કાન્તિથી સંપન્ન છે. આની ઉત્પત્તિ પણ અગ્નિના તેજમાંથી થઈ છે. તેથી આનું નામ 'ધૃષ્ટદ્યુમ્ન' થશે અને આ કુમારી કૃષ્ણવર્ણની છે તેથી આનું નામ 'કૃષ્ણા' થશે. યજ્ઞ સમાપ્ત થઈ ગયા પછી દ્રોણાચાર્ય ધૃષ્ટદ્યુમ્નને પોતાને ઘેર લઈ આવ્યા અને તેને અસ્ત્ર-શસ્ત્રની વિશિષ્ટ શિક્ષા આપી. પરમ બુદ્ધિમાન દ્રોણાચાર્ય જાણતા હતા કે પ્રારબ્ધ પ્રમાણે જે થવાનું છે, તે તો થઈને રહેશે. તેથી તેમણે પોતાની ખ્યાતિને અનુરૂપ પોતાના તે શત્રુને પણ અસ્ત્ર-શિક્ષા આપી, જેના હાથે તેમનું મૃત્યુ નિશ્ચિત હતું.

—★—

## વ્યાસજીનું આગમન અને દ્રૌપદીના પૂર્વજન્મની કથા

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! દ્રૌપદીના જન્મની કથા અને તેના સ્વયંવરના સમાચાર સાંભળીને પાંડવોનું મન બેચેન થઈ ગયું. તેમની વ્યાકુળતા અને દ્રૌપદી માટે પ્રેમ જોઈને કુંતીએ કહ્યું કે, 'બેટા! આપણે ઘણા દિવસથી આ બ્રાહ્મણના ઘરમાં આનંદથી રહીએ છીએ, હવે અહીંનું બધું આપણે જોઈ ચૂક્યા છીએ; ચાલો ને, તમારી ઈચ્છા હોય તો પાંચાલદેશમાં જઈએ.' યુધિષ્ઠિરે કહ્યું કે જો બધા ભાઈઓની સંમતિ હોય તો ત્યાં જવામાં શું આપત્તિ છે. બધાએ સ્વીકૃતિ આપી દીધી. પ્રસ્થાનની તૈયારી થઈ.

તે જ સમયે શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ પાંડવોને મળવા માટે એકચક્રા નગરીમાં આવ્યા. બધા તેમના ચરણોમાં પ્રણામ કરીને હાથ જોડીને ઊભા રહ્યા. વ્યાસજીએ એકાંતમાં પાંડવો દ્વારા કરેલા સત્કારનો સ્વીકાર કરીને તેમને ધર્મ, સદાચાર, શાસ્ત્રની આજ્ઞાનું પાલન, પૂજ્યની પૂજા, બ્રાહ્મણપૂજા વગેરે વિષે પૂછીને ધર્મનીતિ અને અર્થનીતિનો ઉપદેશ આપ્યો. બીજી કેટલીક ચિત્ર-વિચિત્ર કથાઓ સંભળાવી. ત્યારપછી પ્રસંગાનુસાર કહેવા લાગ્યા, 'પાંડવો! પહેલાંની વાત છે. એક મોટા મહાત્મા ઋષિની સુંદર અને ગુણવાન કન્યા હતી. પરંતુ રૂપવતી, ગુણવતી અને સદાચારિણી હોવા છતાં પણ પૂર્વજન્મોનાં બૂરાં કર્મોના ફળસ્વરૂપે કોઈએ તેનો પત્નીરૂપે સ્વીકાર ન કર્યો. તેથી દુઃખી થઈને તે તપસ્યા કરવા લાગી. તેની કઠોર તપસ્યાથી ભગવાન શંકર પ્રસન્ન થયા. તેમણે તેની સામે પ્રગટ થઈને કહ્યું, 'તું મોં માગ્યું વરદાન માગી લે.' તે કન્યાને ભગવાન શંકરનાં દર્શન તો થઈ ગયાં, હવે બીજું વરદાન માગવાનું કહેવાથી તેને એટલો હર્ષ થયો કે તે વારંવાર કહેવા લાગી – હું સર્વગુણસંપન્ન પતિ ચાહું છું. શંકર ભગવાને કહ્યું કે 'તને પાંચ

ભરતવંશી પતિ પ્રાપ્ત થશે.' કન્યા બોલી, 'હું તો આપની કૃપાથી એક જ પતિ ચાહું છું.' ભગવાન શંકરે કહ્યું, 'તેં પતિ પ્રાપ્ત કરવા માટે મારી પાસે પાંચ વખત પ્રાર્થના કરી છે. મારી વાત અસત્ય થઈ શકતી નથી. તેથી બીજા જન્મમાં તને પાંચ પતિ પ્રાપ્ત થશે.' પાંડવો! આ જ દેવરૂપી કન્યા દ્રુપદની યજ્ઞવેદીમાંથી પ્રગટ થઈ છે. તમારા લોકો માટે વિધિ-વિધાન પ્રમાણે તે જ સર્વાંગસુંદર કન્યા નિશ્ચિત છે. તમે જઈને પાંચાલનગરમાં રહો. તેને પ્રાપ્ત કરીને તમે લોકો સુખી થશો.' આ પ્રમાણે કહીને પાંડવોની અનુમતિથી વ્યાસજી ત્યાંથી પ્રસ્થાન કરી ગયા.

—★—

## પાંડવોની પાંચાલ-યાત્રા અને અર્જુનના હાથે ચિત્રરથ ગંધર્વનો પરાજય

**વૈશમ્પાયનજી કહે છે** — જનમેજય! ભગવાન વ્યાસના ગયા પછી પાંડવોએ બહુ જ પ્રસન્નતા સાથે પોતાની માતાને આગળ કરીને પાંચાલદેશ જવા પ્રસ્થાન કર્યું. જતાં પહેલાં જ તેમણે પોતાના આશ્રયદાતા બ્રાહ્મણની અનુમતિ લઈ લીધી અને નીકળતી વેળા આદર સાથે તેમને પ્રણામ કર્યા. તે લોકો ઉત્તર દિશા તરફ જવા લાગ્યા. એક દિવસ-રાત પ્રવાસ કર્યા પછી તેઓ ગંગાકિનારાના સોમાશ્રયાયણ તીર્થમાં પહોંચ્યા. તે સમયે તેમની આગળ આગળ મહારથી અર્જુન મશાલ લઈને ચાલી રહ્યા હતા. તે તીર્થની પાસે સ્વચ્છ અને એકાંત ગંગાજળમાં ગંધર્વરાજ અંગારપર્ણ (ચિત્રરથ) સ્ત્રીઓની સાથે વિહાર કરી રહ્યો હતો. તેણે આ લોકોના પગનો અવાજ અને નદી તરફ આવતાં જોઈને અત્યંત ક્રોધ પ્રગટ કર્યો. પોતાના ધનુષ્યનો ટંકાર કરીને પાંડવોને કહ્યું, 'અરે, દિવસના અંતમાં જ્યારે લાલિમાયુક્ત સંધ્યા થાય છે, ત્યારપછી એંશી લવ (ચાલીસ નિમેષ) સિવાયનો બધો સમય તો ગંધર્વો, યક્ષો અને રાક્ષસોને માટે છે. દિવસનો બધો સમય મનુષ્યો માટે જ છે. જે મનુષ્યો લોભવશ અમારા લોકોના સમયમાં અહીં આવે છે, તેમને અમે અને રાક્ષસો કેદ કરી લઈએ છીએ. તેથી રાત્રિના સમયે જળમાં પ્રવેશ કરવો નિષિદ્ધ છે. ખબરદાર! છેટા જ રહો. શું તમને ખબર નથી કે હું ગંધર્વરાજ અંગારપર્ણ અત્યારે ગંગાજળમાં વિહાર કરી રહ્યો છું. હું મારા બળને કારણે પ્રસિદ્ધ, કુબેરનો પ્રિય મિત્ર અને સંપૂર્ણપણે આત્મસન્માનનો પક્ષપાતી છું. મારા જ નામથી આ વન પણ પ્રસિદ્ધ છે. હું ગંગાતટે ગમે તે સ્થળે મોજથી વિહાર કરું છું. આ સમયે અહીં રાક્ષસો, રુદ્રગણો, દેવતાઓ અથવા મનુષ્યો કોઈ આવી શકતું નથી; તમે કેમ આવી રહ્યા છો?'

અર્જુને કહ્યું, 'અરે મૂર્ખ! સમુદ્ર, હિમાલયની તળેટી અને ગંગાનદીનું સ્થાન રાત, દિવસ અથવા સંધ્યાના સમયે કોના માટે સુરક્ષિત છે? ભૂખ્યા-નાગા, ગરીબ-અમીર બધાને માટે રાત-દિવસ ગંગામૈયાનાં દ્વાર ખુલ્લાં છે; અહીં આવવા માટે સમયનો કોઈ નિયમ નથી. તેમ છતાં તારી વાત બરાબર હોય તો પણ અમે શક્તિશાળી છીએ, સમય વિના પણ તને પીસી નાખીશું. અશક્ત અને નપુંસકો જ તારી પૂજા કરે છે. દેવનદી ગંગા કલ્યાણદાયી અને બધાને માટે છે. તું જે એમાં રોક-ટોક કરવા ઇચ્છે છે, તે સનાતન ધર્મની વિરુદ્ધ છે. શું તારી ધમકીથી ડરીને અમે ગંગાજળનો સ્પર્શ ન કરીએ? આવું નહિ થઈ શકે.' અર્જુનની વાત સાંભળીને

ચિત્રરથે ધનુષ્ય ખેંચીને વિષયુક્ત બાણ છોડવાની શરૂઆત કરી. અર્જુને પોતાની મશાલ અને ઢાલ લઈને એવો હાથ ઘુમાવ્યો, જેથી તેનાં બધાં બાણ વ્યર્થ થઈ ગયાં.

અર્જુને કહ્યું, 'અરે ગંધર્વ! અસ્ત્રોના મર્મજ્ઞોની સામે ધમકીથી કામ સરતું નથી. લે, હું તારી સાથે માયા-યુદ્ધ નથી કરતો, દિવ્યાસ્ત્ર ચલાવું છું. આ આગ્નેયાસ્ત્ર બૃહસ્પતિએ ભરદ્વાજને, ભરદ્વાજે અગ્નિવેશ્યને અને અગ્નિવેશ્યે મારા ગુરુ દ્રોણાચાર્યને અને તેમણે મને આપ્યું છે. લે, સંભાળ.' આવું કહીને અર્જુને આગ્નેયાસ્ત્ર છોડ્યું. ચિત્રરથ તેનો રથ બળી જવાને કારણે દગ્ધરથ થઈ ગયો. તે અસ્ત્રના તેજથી એટલો ચકિત થઈ ગયો કે રથ પરથી કૂદીને ઊંધા માથે ગબડવા લાગ્યો. અર્જુને ઝપટીને તેના કેશ પકડી લીધા અને ઘસડીને પોતાના ભાઈઓની પાસે લઈ આવ્યો. ગંધર્વપત્ની કુંભીનસી પોતાના પતિની રક્ષા માટે યુધિષ્ઠિરની શરણમાં આવી. તેની શરણાગતિ અને રક્ષણની પ્રાર્થનાથી દ્રવિત થઈને યુધિષ્ઠિરે આજ્ઞા આપી દીધી કે, 'અર્જુન! આ યશહીન, પરાક્રમહીન, સ્ત્રી દ્વારા રક્ષિત ગંધર્વને છોડી દો.' અર્જુને તેને છોડી દેતાં કહ્યું, 'ગંધર્વ! શોક ન કરો. જાઓ તમારા પ્રાણ બચી ગયા. કુરુરાજ યુધિષ્ઠિર તમને અભયદાન આપે છે.' ગંધર્વે કહ્યું, 'હું હારી ગયો. તેથી મારું અંગારપર્ણ નામ છોડી દઉં છું. પરંતુ એ વાત બહુ સરસ થઈ કે મને દિવ્ય અસ્ત્રનો મર્મજ્ઞ મિત્ર મળ્યો. હું અર્જુનને ગંધર્વોની માયા શિખવાડવા ઇચ્છું છું. હું આજે ચિત્રરથમાંથી દગ્ધરથ થઈ ગયો. આજે મને હરાવીને પણ તમે જીવતો છોડી દીધો, તેથી તમે સર્વ કલ્યાણને પાત્ર છો. આ વિદ્યાનું નામ ચાક્ષુષી છે. આ વિદ્યા મનુએ સોમને, સોમે વિશ્વાવસુને અને વિશ્વાવસુએ મને આપી છે. આ વિદ્યાનો પ્રભાવ એ છે કે આના બળથી જગતની કોઈ પણ વસ્તુ, ભલે તે ગમે તેટલી સૂક્ષ્મ હોય, નેત્રથી પ્રત્યક્ષ જોઈ શકાય છે. જે છ મહિના સુધી એક પગે ઊભા રહે તે આનો અધિકારી છે. પરંતુ આપને વિનંતી કરું છું કે આને તમે તપ વિના જ સ્વીકારી લો. આ જ વિદ્યાને કારણે અમે ગંધર્વો મનુષ્યોથી શ્રેષ્ઠ છીએ. હું તમને બધા ભાઈઓને ગંધર્વોના દેશીલા અને દૂબળા થવા છતાં ક્યારેય ન થાકનારા સો-સો ઘોડા આપું છું. તે ઇચ્છો તે જ સમયે આવી જાય છે, ઇચ્છો ત્યારે ગમે ત્યાં જતા રહે છે અને ઇચ્છો કે તરત પોતાનો રંગ બદલી નાખે છે.' અર્જુને કહ્યું, 'ગંધર્વરાજ! મેં મૃત્યુથી તમને બચાવી દીધા છે, જો તમે તે માટે મને કાંઈક આપવા ઇચ્છતા હો તો હું તે લેવાનું પસંદ કરતો નથી.' ગંધર્વ બોલ્યો — 'જ્યારે સત્પુરુષો એકઠા થાય છે, ત્યારે તેમનો પરસ્પર પ્રેમ-ભાવ વધે જ છે. હું તમને પ્રેમથી આ ભેટ આપું છું. તમે પણ મને આગ્નેયાસ્ત્ર આપો.' અર્જુને કહ્યું, 'મિત્ર! આ વાત બરાબર છે. આપણી મૈત્રી અનંત રહો. તમને કોઈ ભય હોય તો જણાવો. એક વાત એ જણાવો કે, તમે અમારા ઉપર આક્રમણ શા માટે કર્યું?'

ગંધર્વે કહ્યું, 'ન તમે લોકો અગ્નિહોત્રી છો કે ન દરરોજ સ્માર્ત હવન કરો છો. તમારી સાથે બ્રાહ્મણો પણ નથી, તેથી મેં આક્રમણ કર્યું. તમારો યશસ્વી વંશ બધાને ખબર છે. નારદ વગેરે પાસેથી મેં સાંભળ્યું છે અને મેં પોતે પણ પૃથ્વીની પ્રદક્ષિણા કરતી વખતે બધું જ જોયું છે. હું તમારા આચાર્ય, પિતા અને ગુરુજનોથી પણ પરિચિત છું. તમારા વિશુદ્ધ અંતઃકરણ, ઉત્તમ વિચાર અને શ્રેષ્ઠ સંકલ્પને જાણીને પણ મેં આક્રમણ કર્યું છે. એક તો સ્ત્રીઓની સામે

અપમાન સહેવું અશક્ય છે. બીજું રાત્રિના સમયે અમારા બળમાં વૃદ્ધિ થવાથી વિશેષ ક્રોધ આવે છે. પરંતુ તમે શ્રેષ્ઠધર્મ બ્રહ્મચર્યના સાચા પૂજારી છો. તમારા બ્રહ્મચર્યને કારણે જ મારે હારવું પડ્યું. કોઈ બ્રહ્મચર્યહીન ક્ષત્રિય રાત્રિના સમયે મારો સામનો કરત તો તેણે મરવું જ પડત. બ્રહ્મચર્યહીન હોવા છતાં પણ જો આગળ-આગળ બ્રાહ્મણ ચાલી રહ્યા હોય તો બધી જવાબદારી પુરોહિત પર રહે છે. તપતીનંદન! મનુષ્યે અપેક્ષિત કલ્યાણની પ્રાપ્તિ માટે અવશ્ય જિતેન્દ્રિય પુરોહિતને કર્મમાં નિયુક્ત કરવા જોઈએ. અપ્રાપ્તની પ્રાપ્તિ અને પ્રાપ્તની રક્ષા કરવા માટે ગુણવાન પુરોહિતની આવશ્યકતા છે. તપતીનંદન! બ્રાહ્મણની સહાયતા વિના માત્ર પોતાના પરાક્રમ અથવા પુરજન-પરિજન દ્વારા પૃથ્વી પર વિજય પ્રાપ્ત કરી શકાતો નથી. તેથી તમે એ નિશ્ચય કરી લો કે બ્રાહ્મણને આગળ કરીને જ ચિરકાળ સુધી પૃથ્વીનું પાલન સંભવ છે.

—★—

## સૂર્યપુત્રી તપતીની સાથે રાજા સંવરણનો વિવાહ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! ગંધર્વના મુખેથી 'તપતીનંદન' સંબોધન સાંભળીને અર્જુને કહ્યું, 'ગંધર્વરાજ! અમે લોકો તો કુંતીના પુત્રો છીએ, પછી તમે તપતીનંદન કેમ કહ્યું? આ તપતી કોણ હતી, જેના કારણે અમને તપતીનંદન કહી રહ્યા છો?'

**ગંધર્વરાજે કહ્યું** – અર્જુન! આકાશમાં સર્વશ્રેષ્ઠ જ્યોતિરૂપ ભગવાન સૂર્ય છે. એમની પ્રભા સ્વર્ગ સુધી પૂર્ણરૂપે વ્યાપ્ત છે. તેમની પુત્રીનું નામ હતું તપતી! તે પણ ભગવાન સૂર્ય જેવી પ્રકાશમાન હતી. તે સાવિત્રીની નાની બહેન હતી તથા પોતાની તપસ્યાને કારણે ત્રણે લોકમાં 'તપતી' નામે પ્રસિદ્ધ હતી. તેવી રૂપવતી કન્યા દેવતાઓ, અસુરો, અપ્સરાઓ, યક્ષો વગેરે કોઈને ત્યાં ન હતી. તે દિવસોમાં તે કન્યાને લાયક કોઈ પુરુષ પણ ન હતો કે જેની સાથે તેનાં લગ્ન થઈ શકે. ભગવાન સૂર્ય આ કારણે હંમેશાં ચિંતિત રહ્યા કરતા હતા.

તે દરમિયાન પૂરુ વંશમાં રાજા ઋક્ષના પુત્ર સંવરણ બહુ જ બળવાન અને ભગવાન સૂર્યના સાચા ભક્ત થયા. તેઓ દરરોજ સૂર્યોદય સમયે અર્ઘ્ય, પાદ્ય, પુષ્પ, ઉપહાર, સુગંધ વગેરેથી પવિત્રતા સાથે તેમની પૂજા કરતા; નિયમ, ઉપવાસ અને તપસ્યાથી તેમને સંતુષ્ટ કરતા અને અહંકારરહિત થઈને તેમની ભક્તિ-ભાવથી પૂજા કરતા હતા. સૂર્યના મનમાં ધીરે-ધીરે એ વાત આવવા લાગી કે આ મારી પુત્રીને લાયક પતિ હશે. હતું પણ એવું જ. જેમ આકાશમાં બધાના પૂજ્ય અને પ્રકાશમાન સૂર્ય છે, તેવા જ પૃથ્વી પર સંવરણ હતા.

એક દિવસની વાત છે, સંવરણ ઘોડા પર બેસીને પર્વતની તળેટીઓ અને જંગલમાં શિકાર ખેલતા હતા. ભૂખ-તરસથી વ્યાકુળ થઈને તેમનો શ્રેષ્ઠ ઘોડો મરી ગયો. તેઓ પેદળ ચાલવા લાગ્યા. તે સમયે તેમની દૃષ્ટિ એક સુંદર કન્યા પર પડી. એકાંતમાં એકલી કન્યાને જોઈને તેઓ એકીટશે તેની સામે જોવા લાગ્યા. તેમને એવું લાગ્યું કે જાણે સૂર્યની પ્રભા જ પૃથ્વી પર ઊતરી આવી છે. તેઓ વિચારવા લાગ્યા કે આવું સુંદર રૂપ તો મેં જીવનભરમાં ક્યારેય જોયું નથી. રાજાની આંખો અને મન તેનામાં ખૂંપી ગયાં, તેઓ બધું જ ભૂલી ગયા, હલન-ચલન પણ બંધ

થઈ ગયું. સ્વસ્થ થયા પછી તેમણે એ જ નિશ્ચય કર્યો કે બ્રહ્માએ ત્રણે લોકના રૂપ-સૌંદર્યને મથીને આ મધુર મૂર્તિનો આવિષ્કાર કર્યો હશે. તેમણે કહ્યું, 'સુંદરી! તમે કોની પુત્રી છો? તમારું નામ શું છે? આ નિર્જન વનમાં શા ઉદ્દેશથી ફરી રહ્યાં છો? તમારા શરીરની અનુપમ કાન્તિથી આભૂષણો પણ ચળકી ઊઠ્યાં છે. ત્રિલોકમાં આવી સુંદરી કોઈ હશે નહિ. તમારા માટે મારું મન અત્યંત ચંચળ અને આતુર બની રહ્યું છે.' રાજાની વાત સાંભળીને તે કાંઈ ન બોલી. તે વાદળોમાં વીજળીની જેમ તરત અંતર્ધાન થઈ ગઈ. રાજાએ તેને શોધવાની બહુ કોશિશ કરી. છેવટે સફળતા ન મળવાથી વિલાપ કરતાં કરતાં તેઓ અચેત થઈ ગયા.

રાજા સંવરણને બેહોશ થઈ ધરતી પર પડેલા જોઈને તપતી ફરી ત્યાં આવી અને મધુરવાણીમાં બોલી, 'રાજન્! ઊઠો, ઊઠો, તમારા જેવા પુરુષે આમ બેહોશ થઈને પૃથ્વી પર સૂવું ન જોઈએ.' ઘોળેલા અમૃત જેવી વાણી સાંભળીને સંવરણ ઊઠી ગયા. તેમણે કહ્યું, 'સુંદરી! મારા પ્રાણ તમારા હાથમાં છે. હું તમારા વિના જીવી શકતો નથી. તમે મારા પર દયા કરો અને મુજ સેવકને છોડશો નહિ. તમે ગાંધર્વ-વિવાહ દ્વારા મારો સ્વીકાર કરી લો. મને જીવનદાન આપો.' તપતીએ કહ્યું, 'રાજન્! મારા પિતા હયાત છે. હું સ્વયં મારા વિશે સ્વતંત્ર નથી. જો તમે ખરેખર મને પ્રેમ કરતા હો તો મારા પિતાને કહો. આ પરતંત્ર શરીરથી હું તમારી પાસે રહી શકું એમ નથી. તમારા જેવા કુળવાન, ભક્તવત્સલ અને વિશ્વવિખ્યાત રાજાનો પતિરૂપે સ્વીકાર કરવામાં મારા તરફથી કોઈ આપત્તિ નથી. તમે નમ્રતા, નિયમ અને તપસ્યા દ્વારા મારા પિતાને પ્રસન્ન કરીને મારી માગણી કરો. હું ભગવાન સૂર્યની પુત્રી છું. જગતવંદ્ય સાવિત્રીની હું નાની બહેન છું.' આમ કહીને તપતી આકાશમાર્ગે ચાલી ગઈ. રાજા સંવરણ ત્યાં જ મૂર્છિત થઈ ગયા.

તે જ સમયે રાજા સંવરણને શોધતાં શોધતાં તેમના મંત્રી, અનુયાયી અને સૈનિકો આવી પહોંચ્યા. તેમણે રાજાને જગાડ્યા અને અનેક ઉપાયો કરીને તેમને હોશમાં લાવવાનો પ્રયત્ન કર્યો. હોશમાં આવ્યા પછી તેમણે બધાને પાછા મોકલી દીધા, માત્ર એક મંત્રીને પાસે રાખ્યા. હવે તેઓ પવિત્રતાપૂર્વક હાથ જોડીને ઉપરની તરફ મોં કરીને ભગવાન સૂર્યની આરાધના કરવા લાગ્યા. તેમણે મનમાં જ પોતાના પુરોહિત મહર્ષિ વસિષ્ઠજીનું ધ્યાન કર્યું. બરાબર બારમા દિવસે મહર્ષિ વસિષ્ઠ ત્યાં આવ્યા. તેમણે રાજા સંવરણના મનની બધી વાત જાણીને તેમને આશ્વાસન આપ્યું અને તેમની સામે જ ભગવાન સૂર્યને મળવા માટે ચાલી નીકળ્યા. સૂર્યની સામે જઈને તેમણે પોતાનો પરિચય આપ્યો અને તેમને સ્વાગત-પ્રશ્ન વગેરે પૂછ્યા બાદ સૂર્ય ભગવાને 'તમારી ઇચ્છા પૂરી થશે.' એવું કહ્યા પછી મહર્ષિ વસિષ્ઠે પ્રણામ કરીને કહ્યું, 'ભગવન્! હું રાજા સંવરણ માટે તમારી કન્યા તપતીની યાચના કરું છું. તમે તેમનો ઉજ્જ્વળ યશ, ધાર્મિકતા અને નીતિજ્ઞતાથી પરિચિત છો જ. મારા વિચારથી તમારી કન્યા માટે આ યોગ્ય પતિ છે.' ભગવાન સૂર્યે તરત તેમની પ્રાર્થના સ્વીકારી લીધી અને તેમની સાથે જ પોતાની સર્વાંગસુંદર કન્યાને રાજા સંવરણ પાસે મોકલી દીધી.

વસિષ્ઠજીની સાથે તપતીને આવતી જોઈને સંવરણ પોતાની પ્રસન્નતાનું સંવરણ (રક્ષણ) ન કરી શક્યા. આ પ્રમાણે ભગવાન સૂર્યની

આરાધના અને પોતાના પુરોહિત વસિષ્ઠની શક્તિથી રાજા સંવરણે તપતીને પ્રાપ્ત કરી અને વિધિપૂર્વક પાણિગ્રહણ કર્યું. સંસ્કારથી સંપન્ન થઈને તેમની સાથે તે જ પર્વત પર સુખપૂર્વક વિહાર કરવા લાગ્યા. આ પ્રમાણે તેઓ બાર વર્ષ સુધી ત્યાં રહ્યા. રાજ્યનું કાર્ય મંત્રી કરતા હતા. તેથી ઇન્દ્રે તેમના રાજ્યમાં વરસાદ બંધ કરી દીધો. અનાવૃષ્ટિને લીધે પ્રજાનો નાશ થવા લાગ્યો. ઝાકળ પણ ન પડવાને કારણે અનાજનું ઉત્પાદન તદ્દન બંધ થઈ ગયું. પ્રજા મર્યાદા તોડીને એકબીજાને લૂટવા-મારવા લાગી. ત્યારે વસિષ્ઠ મુનિએ પોતાની તપસ્યાના પ્રભાવથી ત્યાં વૃષ્ટિ કરાવી અને તપતી-સંવરણને રાજધાનીમાં લઈ આવ્યા. હવે ઇન્દ્ર પૂર્વવત્ વર્ષા કરવા લાગ્યા. ઉત્પાદન શરૂ થઈ ગયું. રાજદંપતીએ હજારો વર્ષ સુધી સુખ-ભોગ કર્યો.

**ગંધર્વરાજ કહે છે** – અર્જુન! આ જ સૂર્યકન્યા તપતી તમારા પૂર્વપુરુષ રાજા સંવરણની પત્ની હતી. આ જ તપતીના ગર્ભથી રાજા કુરુનો જન્મ થયો હતો. જેમનાથી કુરુવંશ આગળ ચાલ્યો. તેમના સંબંધથી તમને મેં 'તપતીનંદન' કહ્યા છે.

—★—

## બ્રહ્મતેજનો મહિમા અને વિશ્વામિત્રનો વસિષ્ઠની નંદિની સાથે સંઘર્ષ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! ગંધર્વરાજ ચિત્રરથના મુખેથી મહર્ષિ વસિષ્ઠનો મહિમા સાંભળીને અર્જુનના મનમાં ભારે કુતૂહલ થયું. તેમણે પૂછ્યું, 'ગંધર્વરાજ! અમારા પૂર્વજોના પુરોહિત મહર્ષિ વસિષ્ઠ કોણ હતા? તેમના ચરિત્રનું વર્ણન કરવાની કૃપા કરો.'

**ગંધર્વે કહ્યું** – મહર્ષિ વસિષ્ઠ બ્રહ્માજીના માનસ પુત્ર છે. તેમની પત્નીનું નામ અરુન્ધતી છે. તેમણે પોતાની તપસ્યાના બળથી દેવતાઓના માટે પણ અજેય એવા કામ અને ક્રોધ પર વિજય પ્રાપ્ત કરી લીધો હતો. તેમણે પોતાની ઇન્દ્રિયોને વશ કરી લીધી હતી, તેથી તેમનું નામ વસિષ્ઠ થયું. વિશ્વામિત્રજીના અનેક અપરાધો થયા છતાં તેમણે પોતાના મનમાં ક્રોધ આવવા દીધો નહિ અને તેમને ક્ષમા કરી દીધા. જોકે વિશ્વામિત્રે તેમના સો પુત્રોનો નાશ કરી દીધો હતો અને વસિષ્ઠજીમાં બદલો લેવાની પૂરી શક્તિ હતી, છતાં તેમણે કોઈ પ્રતિકાર ન કર્યો. તેઓ યમપુરીમાંથી પણ પોતાના પુત્રોને લાવી શક્યા હોત, પરંતુ ક્ષમાવશ યમરાજાના નિયમોનું ઉલ્લંઘન ન કર્યું. તેમને જ પુરોહિત બનાવીને ઇક્ષ્વાકુવંશી રાજાઓએ પૃથ્વી પર વિજય પ્રાપ્ત કર્યો હતો અને અનેક યજ્ઞો કર્યા હતા. તમે લોકો પણ કોઈ એવા જ વેદજ્ઞ અને ધર્માત્મા બ્રાહ્મણને પુરોહિત બનાવો.

**અર્જુને પૂછ્યું** – 'ગંધર્વરાજ! વસિષ્ઠ અને વિશ્વામિત્ર તો આશ્રમવાસી હતા. તેમની વચ્ચે વેરનું શું કારણ?' ગંધર્વે કહ્યું, 'આ ઉપાખ્યાન બહુ જ પ્રાચીન અને વિશ્વવિખ્યાત છે. હું તમને સંભળાવું છું. કાન્યકુબ્જ દેશમાં ગાધિ નામના એક બહુ મોટા રાજા હતા. તેઓ રાજર્ષિ કુશિકના પુત્ર હતા. તેમનાથી વિશ્વામિત્રનો જન્મ થયો હતો. એકવાર વિશ્વામિત્ર પોતાના મંત્રીની સાથે મરુધન્વ દેશમાં શિકાર ખેલતાં-ખેલતાં થાકી જવાથી વસિષ્ઠજીના આશ્રમ પર આવ્યા. વસિષ્ઠજીએ વિધિપૂર્વક તેમનું સ્વાગત કર્યું અને પોતાની કામધેનુ નંદિનીના પ્રતાપથી અનેક પ્રકારનાં ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય વગેરે દ્વારા

તેમને તૃપ્ત કર્યા. આ આતિથ્યથી વિશ્વામિત્રને ઘણો હર્ષ થયો. તેમણે મહર્ષિ વસિષ્ઠજીને કહ્યું કે, 'બ્રહ્મન્! તમે મારી પાસેથી એક અર્બુદ (૧૦ કરોડ) ગાયો અથવા મારું રાજ્ય લઈ લો. પરંતુ તમારી કામધેનુ નંદિની મને આપો.' વસિષ્ઠજીએ કહ્યું, 'મેં આ દૂધ આપતી ગાય દેવતાઓ, અતિથિઓ, પિતૃઓ અને યજ્ઞો માટે રાખી છે. તમારા રાજ્યના બદલામાં પણ તે આપવા યોગ્ય નથી.' વિશ્વામિત્રે કહ્યું, 'હું ક્ષત્રિય છું અને તમે બ્રાહ્મણ. તમે શાંત મહાત્મા છો, તપ-સ્વાધ્યાયમાં લાગ્યા રહો છો, તમે તેની રક્ષા કઈ રીતે કરશો? તમે દસ કરોડ ગાયોના બદલામાં પણ આ ગાય નથી આપતા તો હું તેને બળપૂર્વક લઈ જઈશ, કોઈ રીતે તેને લીધા વિના છોડીશ નહિ.' વસિષ્ઠજીએ કહ્યું, 'તમે બળવાન ક્ષત્રિય છો, જે ઇચ્છો તે પ્રમાણે તરત જ કરી શકો છો. પછી વિચાર શું કરો છો?' ત્યારે તે બળપૂર્વક નંદિનીને હંકારીને લઈ જવા લાગ્યા. ત્યારે તે ભાંભરતી-ભાંભરતી વસિષ્ઠજીની પાસે આવીને ઊભી રહી ગઈ. વસિષ્ઠજીએ કહ્યું, 'કલ્યાણી! હું તમારું રુદન સાંભળી રહ્યો છું. વિશ્વામિત્ર તમને છીનવીને બળપૂર્વક લઈ જઈ રહ્યા છે. હું ક્ષમાશીલ બ્રાહ્મણ છું. શું કરું? લાચારી છે.' નંદિની બોલી, 'ભગવન્! આ બધા મને ચાબુક અને લાકડીથી મારી રહ્યા છે. હું અનાથની જેમ રડી રહી છું. તમે મારી ઉપેક્ષા કેમ કરી રહ્યા છો?' વસિષ્ઠજી નંદિનીનું કરુણ આક્રંદ સાંભળીને પણ ન ક્ષુબ્ધ થયા કે ન ધૈર્યથી વિચલિત પણ થયા. તેમણે કહ્યું, 'ક્ષત્રિયોનું બળ છે તેજ અને બ્રાહ્મણોનું ક્ષમા. મારું મુખ્ય બળ ક્ષમા મારી પાસે છે. તમને ઠીક લાગે તો જાઓ.' નંદિનીએ કહ્યું, 'તમે મારો ત્યાગ તો કર્યો નથી ને?' જો ત્યાગ ન કર્યો હોય તો બળપૂર્વક મને કોઈ લઈ જઈ શકતું નથી. વસિષ્ઠજી બોલ્યા, 'કલ્યાણી! મેં તારો ત્યાગ કર્યો નથી. જો તારામાં શક્તિ હોય તો રહી જા; જો તારા વાછરડાને આ લોકો મજબૂત રાશથી બાંધીને લઈ જઈ રહ્યા છે.'

વસિષ્ઠજીની વાત સાંભળીને નંદિનીનું માથું ઉપર ઊંઠી ગયું. આંખો લાલ થઈ ગઈ. તે વજ્ર જેવો કર્કશ અવાજ કરવા લાગી. તેનું રૌદ્ર રૂપ જોઈને સૈનિકો ભાગી ગયા. જ્યારે તે લોકોએ તેને ફરીથી લઈ જવાનો પ્રયત્ન કર્યો ત્યારે તે સૂર્યની જેમ ચમકવા લાગી. તેના એક-એક અંગથી પહ્લવ, દ્રવિણ, શક, યવન, શબર, પૌણ્ડ્ર, કિરાત, ચીન, હૂણ, સિંહલી, બર્બર, ખસ, યુનાની અને મ્લેચ્છો પ્રગટ થઈ ગયા તથા હથિયાર ઉઠાવીને વિશ્વામિત્રના એક એક સૈનિક પર પાંચ-પાંચ, સાત-સાત કરીને તૂટી પડ્યા. ભાગદોડ મચી ગઈ. આશ્ચર્ય તો એ હતું કે નંદિનીના પક્ષનો એક પણ સૈનિક વિશ્વામિત્રના સૈનિક પર જીવલેણ પ્રહાર કરતો ન હતો. જ્યારે તેમની સેના બાર કોસ દૂર ભાગી ગઈ અને તેમને કોઈ રક્ષક ન મળ્યો, ત્યારે વિશ્વામિત્ર આ બ્રહ્મતેજ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. પોતાના ક્ષત્રિયભાવથી તેમને ભારે ગ્લાનિ થઈ. તેઓ ઉદાસ થઈને કહેવા લાગ્યા, 'ક્ષત્રિયબળને ધિક્કાર છે. ખરેખર બ્રહ્મતેજનું બળ જ સાચું બળ છે. સાચું પૂછો તો આ બંનેનું કારણ તપોબળ જ મુખ્ય છે.' આવું વિચારીને તેમણે પોતાનું વિશાળ રાજ્ય, સૌભાગ્યલક્ષ્મી તથા સાંસારિક સુખભોગ છોડી દીધાં અને તપસ્યા કરવા લાગ્યા. તપસ્યાથી સિદ્ધિ પ્રાપ્ત કરીને તેમણે બધા લોકને પોતાના તેજથી ભરી દીધા અને બ્રાહ્મણત્વ પ્રાપ્ત કર્યું. તેમણે ઇન્દ્રની સાથે સોમપાન પણ કર્યું.

—★—

## મહર્ષિ વસિષ્ઠની ક્ષમા – કલ્માષપાદની કથા

**ગંધર્વરાજ ચિત્રરથ કહે છે** – અર્જુન! રાજા ઈક્ષ્વાકુવંશમાં કલ્માષપાદ નામનો એક રાજા થઈ ગયો. એક દિવસની વાત છે, તે શિકાર ખેલવા માટે વનમાં ગયો. પાછા વળતાં તે એક એવા રસ્તે આવવા લાગ્યો, જે માર્ગ પર માત્ર એક જ માણસ ચાલી શકતો હતો. તે થાકેલો, ભૂખ્યો–તરસ્યો તો હતો જ, તે જ માર્ગથી સામેથી શક્તિ મુનિ આવતા દેખાયા. શક્તિ મુનિ વસિષ્ઠજીના સો પુત્રોમાં બધાથી મોટા હતા. રાજાએ કહ્યું, 'તમે બાજુ પર હઠી જાઓ. મારા માટે રસ્તો છોડો.' શક્તિએ કહ્યું, 'મહારાજ! સનાતન ધર્મ પ્રમાણે ક્ષત્રિયનું એ કર્તવ્ય છે કે તે બ્રાહ્મણને માટે રસ્તો છોડી દે.' આ પ્રમાણે બંને વચ્ચે વાદ-વિવાદ થયો. ન ઋષિ હઠ્યા કે ન રાજા. રાજાના હાથમાં ચાબુક હતો, તેમણે કશો વિચાર કર્યા વિના ઋષિને ચાબુક માર્યો. શક્તિ મુનિએ રાજાનો અન્યાય સમજીને તેમને શાપ આપ્યો કે 'અરે નૃપાધમ! તું રાક્ષસની જેમ તપસ્વી પર ચાબુક ચલાવે છે; તેથી જા, રાક્ષસ થઈ જા.' રાજા રાક્ષસ ભાવથી ઘેરાઈ ગયો. તેણે કહ્યું, 'તમે મને અયોગ્ય શાપ આપ્યો છે; તેથી લો, હું તમારી સામે જ મારું રાક્ષસપણું પ્રારંભ કરું છું.' ત્યાર પછી કલ્માષપાદ શક્તિ મુનિને મારીને ખાઈ ગયો. માત્ર શક્તિમુનિને જ નહિ; વસિષ્ઠજીના જેટલા પુત્રો હતા, બધાને તે ખાઈ ગયો.

શક્તિ અને વસિષ્ઠના બીજા પુત્રોને ખાઈ જવામાં કલ્માષનો રાક્ષસભાવ તો કારણભૂત હતો જ, આ સિવાય વિશ્વામિત્રે પણ અગાઉના દ્વેષનું સ્મરણ કરીને કિંકર નામના રાક્ષસને આજ્ઞા આપી હતી કે તે કલ્માષપાદમાં પ્રવેશ કરી જાય, જેના કારણે તે આવા નીચ કાર્યમાં પ્રવૃત્ત થયો. વસિષ્ઠજીને આ વાતની જાણ થઈ. તેમણે જાણી લીધું કે આમાં વિશ્વામિત્રની પ્રેરણા છે. છતાં પણ તેમણે પોતાના શોકના વેગને એ રીતે ધારણ કરી લીધો જેમ પર્વતરાજ સુમેરુ પૃથ્વીને ધારણ કરે છે. તેમણે પ્રતિકારનું સામર્થ્ય હોવા છતાં પણ તેમની સાથે કોઈ જાતનો બદલો ન લીધો.

એક વાર મહર્ષિ વસિષ્ઠ પોતાના આશ્રમે જઈ રહ્યા હતા. એ સમયે એવું લાગ્યું જાણે તેમની પાછળ-પાછળ કોઈ ષડંગ (વેદના છ અંગ) વેદોનું અધ્યયન કરતું ચાલી રહ્યું છે. વસિષ્ઠે પૂછ્યું કે 'મારી પાછળ કોણ ચાલી રહ્યું છે?' અવાજ આવ્યો કે 'હું તમારી પુત્રવધૂ શક્તિ-પત્ની અદૃશ્યન્તી છું.' વસિષ્ઠે કહ્યું, 'પુત્રી! મારા પુત્ર શક્તિના જેવા સ્વરમાં સાંગ વેદોનું અધ્યયન કોણ કરી રહ્યું છે?' અદૃશ્યન્તીએ કહ્યું, 'આપનો પૌત્ર મારા ગર્ભમાં છે. તે બાર વર્ષથી ગર્ભમાં વેદાધ્યયન કરી રહ્યો છે.' આ સાંભળીને વસિષ્ઠમુનિને બહુ પ્રસન્નતા થઈ. તેમણે વિચાર્યું, 'સારી વાત છે. મારી વંશપરંપરાનો નાશ નથી થયો.' આ જ બધું વિચારતા તેઓ આવી જ રહ્યા હતા કે એક નિર્જન વનમાં કલ્માષપાદ સાથે તેમની મુલાકાત થઈ ગઈ. કલ્માષપાદ વિશ્વામિત્ર દ્વારા પ્રેરિત ઉગ્ર રાક્ષસથી આવિષ્ટ થઈને વસિષ્ઠને ખાઈ જવા માટે દોડ્યો. તે ક્રૂરકર્મી રાક્ષસને જોઈને અદૃશ્યન્તી ડરી ગઈ અને કહેવા લાગી, 'ભગવન્! જુઓ, જુઓ, આ હાથમાં સૂકું લાકડું લઈને ભયંકર રાક્ષસ દોડતો આવી રહ્યો છે. તમે તેનાથી મારી રક્ષા કરો.' વસિષ્ઠે કહ્યું, 'બેટી! ડરીશ નહિ. આ રાક્ષસ નથી, કલ્માષપાદ છે.' આમ કહીને મહર્ષિ વસિષ્ઠે તેને પડકાર કરીને રોકી દીધો. ત્યાર પછી તેમણે હાથમાં

જળ લઈને મંત્રથી અભિમંત્રિત કર્યું અને કલ્માષપાદ પર નાખ્યું. તે તરત શાપમુક્ત થઈ ગયો. બાર વર્ષ બાદ આજે એ શાપથી છૂટ્યો. એનું તેજ વધી ગયું, તે હોશમાં આવ્યો અને હાથ જોડીને શ્રેષ્ઠ મહર્ષિ વસિષ્ઠને કહેવા લાગ્યો, 'મહારાજ! હું સુદાસનો પુત્ર કલ્માષપાદ તમારો યજમાન છું. આજ્ઞા કરો, હું આપની શી સેવા કરું?' વસિષ્ઠજીએ કહ્યું, 'આ બધી વાત તો ભાઈ સમય-સમયની છે. હવે જાઓ તમે તમારા રાજ્યની સંભાળ લો. હા, એટલું ધ્યાન રાખજો કે ક્યારેય કોઈ બ્રાહ્મણનું અપમાન ન થાય.' રાજાએ પ્રતિજ્ઞા કરી, 'મહાભાગ્યવાન ઋષિશ્રેષ્ઠ! હું તમારી આજ્ઞાનું પાલન કરીશ. ક્યારેય બ્રાહ્મણોનો તિરસ્કાર નહિ કરું.' ક્ષમાવંત મહર્ષિ વસિષ્ઠજી આ જ પુત્રઘાતી રાજાની સાથે અયોધ્યામાં આવ્યા અને પોતાના કૃપા-પ્રસાદથી તેને પુત્રવાન બનાવ્યો.

અહીં વસિષ્ઠજીના આશ્રમ પર અદૃશ્યન્તીના ગર્ભથી પરાશરનો જન્મ થયો. સ્વયં ભગવાન વસિષ્ઠે પરાશરના જાતકર્મ વગેરે સંસ્કાર કરાવ્યા. ધર્માત્મા પરાશરજી વસિષ્ઠ મુનિને જ પોતાના પિતા સમજતા હતા. એક દિવસ અદૃશ્યન્તીએ જણાવ્યું કે આ તમારા પિતા નથી, દાદા છે; આ જ પ્રસંગમાં પરાશરજીને ખબર પડી કે મારા પિતાને રાક્ષસ ખાઈ ગયો હતો. આ જાણીને તેમના મનમાં ઘણું દુઃખ થયું અને તેમણે બધા રાજાઓ પર વિજય પ્રાપ્ત કરવાનો નિશ્ચય કર્યો. મહર્ષિ વસિષ્ઠે પ્રાચીન કથાઓ કહીને તેમને સમજાવ્યા અને આજ્ઞા આપી કે 'તમારું કલ્યાણ આમાં જ છે. તમે ક્ષમા કરો. કોઈને પરાજિત ન કરો. તમને ખબર છે કે આ રાજાઓની જગતમાં કેટલી જરૂર છે.' વસિષ્ઠજીના સમજાવવાથી પરાશરે રાજાઓને પરાજિત કરવાનો નિશ્ચય તો છોડી દીધો, પરંતુ રાક્ષસોના વિનાશ માટે ઘોર યજ્ઞનો આરંભ કર્યો. તે યજ્ઞથી બધા રાક્ષસોનો નાશ થવા લાગ્યો. ત્યારે મહર્ષિ પુલસ્ત્ય અને વસિષ્ઠે તેમને સમજાવ્યા – 'પરાશર! ક્ષમા જ પરમ ધર્મ છે. તમારા બધા પૂર્વજો ક્ષમામૂર્તિ છે. મનુષ્ય તો સહજ રીતે કોઈના મૃત્યુમાં નિમિત્ત બની જાય છે. તમે આ ઉગ્ર ક્રોધનો ત્યાગ કરી દો.' ઋષિઓની આજ્ઞાથી પરાશરે પણ ક્ષમાનો સ્વીકાર કર્યો અને પોતાના યજ્ઞના અગ્નિને હિમાલયમાં છોડી દીધો. તે અગ્નિ આજે પણ રાક્ષસો, વૃક્ષો અને પથ્થરોને બાળી રહ્યો છે.

—★—

## પાંડવોએ ધૌમ્યમુનિને પુરોહિત બનાવવા

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! ગંધર્વરાજના મુખેથી પુરોહિતનો મહિમા અને પ્રસંગવશ વસિષ્ઠજીની ક્ષમાશીલતા સાંભળીને અર્જુને પૂછ્યું, 'ગંધર્વરાજ! તમે તો બધું જ જાણો છો. એ જણાવો કે અમારા લોકોને યોગ્ય વેદજ્ઞ પુરોહિત કોણ હશે?' ગંધર્વે કહ્યું, 'અર્જુન! આ જ વનના ઉત્કોચક તીર્થમાં દેવલના નાના ભાઈ ધૌમ્ય તપસ્યા કરી રહ્યા છે. તમારી ઇચ્છા હોય તો તેમને પુરોહિત બનાવો.' ત્યાર પછી અર્જુને ગંધર્વરાજને વિધિપૂર્વક આગ્નેયાસ્ત્ર આપ્યું અને પ્રસન્નતાથી કહ્યું, 'ગંધર્વરત્ન! તમે જે ઘોડા આપવા ઇચ્છો છો, તે હમણાં તમારી પાસે રાખો, સમય આવ્યે અમે તે લઈ જઈશું.' આ પ્રમાણે આપસમાં એકબીજાનો સત્કાર કરીને ગંધર્વ અને પાંડવો ભગવતી ભાગીરથીના રમણીય તટ પરથી ઇચ્છિત સ્થાન તરફ ચાલી નીકળ્યા.

પાંડવોએ ઉત્કોચક તીર્થમાં ધૌમ્ય મુનિના આશ્રમ પર જઈને તેમને પુરોહિત બનવાની પ્રાર્થના કરી. ધૌમ્યે કંદ, મૂળ, ફળથી પાંડવોનું સ્વાગત કર્યું અને પુરોહિત બનવાનું સ્વીકારી લીધું. આથી પાંડવોને એટલી પ્રસન્નતા થઈ અને એમને એવું લાગ્યું કે જાણે તમામ સંપત્તિ અને રાજ્ય મળી ગયું. તેમને એ વાતનો પાકો વિશ્વાસ થઈ ગયો કે હવે સ્વયંવરમાં દ્રૌપદી અમને જ મળશે. પાંડવો સનાથ થઈ ગયા. ધૌમ્ય મુનિને પણ એવું દેખાવા લાગ્યું કે આ ધર્માત્મા વીર પુરુષોને તેમની વિચારશીલતા, શક્તિ અને ઉત્સાહના ફળસ્વરૂપે તાત્કાલિક જ રાજ્યની પ્રાપ્તિ થશે. મંગલાચાર પછી પાંડવોએ દ્રૌપદીના સ્વયંવરમાં જવા માટે પ્રસ્થાન કર્યું.

—★—

## દ્રૌપદી-સ્વયંવર

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! જ્યારે નર-રત્ન પાંડવો પોતાનાં માતાજીની સાથે રાજા દ્રુપદના શ્રેષ્ઠ નગરને, તેમની પુત્રી દ્રૌપદીને અને તેના સ્વયંવર-મહોત્સવને જોવા માટે રવાના થયા, ત્યારે તેમને રસ્તામાં એકસાથે ઘણા બ્રાહ્મણોનાં દર્શન થયાં. બ્રાહ્મણોએ પાંડવોને પૂછ્યું કે, 'તમે લોકો ક્યાંથી આવો છો અને ક્યાં જઈ રહ્યા છો?' યુધિષ્ઠિરે કહ્યું, 'પૂજનીય બ્રાહ્મણો! અમે પાંચે ભાઈ એકસાથે જ રહીએ છીએ અને અત્યારે એકચક્રા નગરીથી આવી રહ્યા છીએ.' બ્રાહ્મણોએ કહ્યું, 'તમે લોકો આજે જ પાંચાલ દેશના રાજા દ્રુપદની રાજધાનીમાં ચાલો. ત્યાં સ્વયંવરનો બહુ મોટો ઉત્સવ થવાનો છે. અમે પણ ત્યાં જ જઈ રહ્યા છીએ. આવો, આપણે સાથે-સાથે જઈએ.' યુધિષ્ઠિરે તેમની વાત સ્વીકારી લીધી, બધા લોકો સાથે સાથે ચાલવા લાગ્યા. થોડું ચાલ્યા પછી તેમને મહર્ષિ વેદવ્યાસજીનાં પણ દર્શન થયાં. રસ્તામાં ઘણાં બધાં લીલાંછમ જંગલો અને ખીલેલાં કમળોથી શોભતાં સરોવરો જોતાં જોતાં તથા રસ્તામાં વિશ્રામ કરતા રહીને બધા લોકો આગળ વધવા લાગ્યા. સાથીઓને પાંડવોનાં પવિત્ર ચરિત્ર, મધુર સ્વભાવ, મીઠી વાણી અને સ્વાધ્યાયશીલતાથી બહુ આનંદ થયો. જ્યારે પાંડવોએ જોયું કે દ્રુપદનગર નિકટ આવી ગયું છે અને તેનો કિલ્લો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે, ત્યારે તેમણે એક કુંભારને ઘેર રહેવાનું નક્કી કર્યું. તેઓ ત્યાં રહીને બ્રાહ્મણોની જેમ ભિક્ષાવૃત્તિથી પોતાનો જીવનનિર્વાહ કરવા લાગ્યા. કોઈ પણ નાગરિકને એ વાતની જાણ ન થઈ કે આ પાંડુપુત્રો છે.

રાજા દ્રુપદના મનમાં એ વાતની બહુ ઇચ્છા હતી કે મારી પુત્રી દ્રૌપદીનાં લગ્ન કોઈ પણ રીતે અર્જુન સાથે થાય. પરંતુ તેમણે પોતાનો આ વિચાર કોઈની આગળ પ્રગટ ન કર્યો. અર્જુનને ઓળખી લેવા માટે તેમણે એવું ધનુષ્ય બનાવડાવ્યું જેની પ્રત્યંચા બીજા કોઈથી ચડી ન શકે. એ સિવાય તેમણે આકાશમાં એક એવું યંત્ર ટિંગાડાવી દીધું જે ફુદડી ફરતું હતું. તેની ઉપર વેધનું લક્ષ્ય રાખવામાં આવ્યું. દ્રુપદે ઘોષણા કરી દીધી કે જે વીરરત્ન ધનુષ્ય પર પ્રત્યંચા ચડાવીને આ સજાવેલાં બાણો વડે ફુદડી ફરતા યંત્રના છિદ્રમાંથી લક્ષ્યવેધ કરશે, તે જ મારી પુત્રીને પ્રાપ્ત કરશે. સ્વયંવરનો મંડપ નગરના ઈશાન ખૂણામાં એક સમતળ અને સુંદર ભૂમિ પર બનાવવામાં આવ્યો હતો. તેની ચારે બાજુ મોટા-મોટા મહેલો, કોટ, ખાઈઓ અને ફાટક બનેલાં

હતાં. તેની ચારે બાજુ તોરણો લટકી રહ્યાં હતાં. ભીંતોની ઊંચાઈ અને રંગબેરંગી ચિત્રકળાને કારણે તે મહેલ હિમાલય જેવા લાગતા હતા. રાજા દ્રુપદ દ્વારા આમંત્રિત રાજાઓ અને રાજકુમારો સ્વયંવર-મંડપમાં આવીને પોતપોતાના માટે બનાવેલા વિમાનો જેવા મંચો પર બેસવા લાગ્યા. યુધિષ્ઠિર વગેરે પાંડવો પણ બ્રાહ્મણોની સાથે રાજા દ્રુપદનો વૈભવ નિહાળતા ત્યાં આવ્યા અને તેમની સાથે બેસી ગયા. તે ઉત્સવનો સોળમો દિવસ હતો. દ્રુપદકુમારી કૃષ્ણા સુંદર વસ્ત્ર-આભૂષણોથી સજી-ધજીને હાથમાં સોનાની વરમાળા લઈને મંદગતિથી રંગ-મંડપમાં આવી. ધૃષ્ટદ્યુમ્ને પોતાની બહેન દ્રૌપદી પાસે ઊભા રહીને ગંભીર, મધુર અને પ્રિય વાણીમાં કહ્યું, 'સ્વયંવરના ઉદ્દેશથી પધારેલા રાજાઓ અને રાજકુમારો! તમે લોકો ધ્યાન દઈને સાંભળો. આ ધનુષ્ય છે, આ બાણ છે અને આ તમારી સામે લક્ષ્ય છે. તમે લોકો ફરતી ફરતા યંત્રના છિદ્રમાંથી વધુમાં વધુ પાંચ બાણો દ્વારા લક્ષ્યવેધ કરી દો. જે બળવાન, રૂપવાન તથા કુલીન પુરુષ આ મહાન કાર્ય કરશે, મારી પ્રિય બહેન દ્રૌપદી તેની અર્ધાંગિની બનશે. મારી વાત ક્યારેય જૂઠી થઈ શકતી નથી.' આ ઘોષણા કર્યા પછી ધૃષ્ટદ્યુમ્ને દ્રૌપદી તરફ જોઈને કહ્યું, 'બહેન! જુઓ, ધૃતરાષ્ટ્રના બળવાન પુત્ર દુર્યોધન, દુર્વિષહ, દુર્મુખ, દુષ્પ્રધર્ષણ, વિવિંશતિ, વિકર્ણ, દુ:શાસન, યુયુત્સુ વગેરે વીરશ્રેષ્ઠ કર્ણને સાથે લઈને તમારા માટે અહીં આવ્યા છે. મોટા મોટા યશસ્વી અને કુલીન નરપતિ, જેમાં શકુનિ, વૃષક, બૃહદ્‌બલ વગેરે મુખ્ય છે, સ્વયંવરમાં તમને મેળવવા માટે અહીં આવ્યા છે. અશ્વત્થામા, ભોજ, મણિમાન, સહદેવ, જયત્સેન, રાજા વિરાટ, સુશર્મા, ચેકિતાન, પૌણ્ડ્રક, વાસુદેવ, ભગદત્ત, શલ્ય, શિશુપાલ, જરાસંધ અને અનેક સુપ્રસિદ્ધ રાજા-મહારાજાઓ અહીં ઉપસ્થિત છે. આ પરાક્રમી રાજાઓમાંથી જે આ લક્ષ્યને વેધી નાખે, તેના ગળામાં તું વરમાળા પહેરાવી દેજે.' જે સમયે ધૃષ્ટદ્યુમ્ન આ પ્રમાણે બધાનો પરિચય આપી રહ્યો હતો, તે જ સમયે ત્યાં રુદ્ર, આદિત્ય, વસુ, અશ્વિનીકુમાર, સાધ્ય, મરુદ્‌ગણ, યમરાજ અને કુબેર વગેરે દેવતાઓ પણ વિમાનો દ્વારા આકાશમાં આવીને ઊભા હતા. દૈત્યો, ગરુડ, નાગ, દેવર્ષિ અને મુખ્ય-મુખ્ય ગંધર્વો પણ ઉપસ્થિત હતા. વસુદેવનંદન બલરામજી, ભગવાન શ્રીકૃષ્ણ, મુખ્ય-મુખ્ય યાદવો અને બીજા ઘણા મહાનુભાવો સ્વયંવર–મહોત્સવ જોવા માટે ત્યાં આવ્યા હતા.

ધૃષ્ટદ્યુમ્નનું વક્તવ્ય સાંભળીને દુર્યોધન, શાલ્વ, શલ્ય વગેરે રાજા અને રાજકુમારોએ પોતાનાં બળ, શિક્ષા, ગુણ અને ક્રમ અનુસાર ધનુષ્યને નમાવીને પ્રત્યંચા ચઢાવવાની કોશિશ કરી; પરંતુ તેમને એવો ઝાટકો લાગ્યો કે તેઓ ધડાધડ જમીન પર પડી ગયા. બેહોશીના કારણે તેમનો ઉત્સાહ તો ઓગળી જ ગયો, સાથે-સાથે તેમના મુગટ અને હાર પણ પડી ગયા, શ્વાસ ચડી ગયો. તેઓ દ્રૌપદીને પ્રાપ્ત કરવાની આશા છોડીને પોતપોતાનાં સ્થાન પર જઈને બેસી ગયા. દુર્યોધન વગેરેને ઉદાસ અને નિરાશ જોઈને ધનુર્ધર-શિરોમણિ કર્ણ ઊભો થયો. તેણે ધનુષ્યની પાસે જઈ ઝટપટ તેને ઉઠાવી લીધું અને જોતજોતામાં પ્રત્યંચા ચડાવી દીધી. એમ લાગતું હતું કે તે ક્ષણભરમાં જ લક્ષ્યને વેધી નાખશે, ત્યાં તો દ્રૌપદી જોરથી બોલી ઊઠી, 'હું સૂતપુત્રને વરીશ નહિ.' કર્ણે આ સાંભળીને ઈર્ષ્યાભર્યા હાસ્ય સાથે સૂર્યની સામે જોયું અને કંપારી સાથે ધનુષ્યને નીચે મૂકી દીધું. જ્યારે આ પ્રમાણે ઘણા લોકો નિરાશ થઈ ગયા, ત્યારે શિશુપાલ ધનુષ્ય ચડાવવા

માટે આવ્યો. પરંતુ ધનુષ્ય ઉઠાવતાં જ તે જમીન પર પડી ગયો. જરાસંધની પણ એ જ દશા થઈ અને તે જ સમયે પોતાની રાજધાની જવા માટે રવાના થઈ ગયો. મદ્રદેશના રાજા શલ્યની પણ એ જ હાલત થઈ, જે શિશુપાલની થઈ હતી. જ્યારે આ પ્રમાણે મોટા-મોટા પ્રભાવશાળી રાજા લક્ષ્યવેધ ન કરી શક્યા, આખો સમાજ સંકોચ અનુભવવા લાગ્યો. લક્ષ્યવેધની વાતચીત પણ બંધ થઈ ગઈ. તે જ સમયે અર્જુનના મનમાં એવો સંકલ્પ ઊઠ્યો કે હવે હું જઈને લક્ષ્યવેધ કરું.

—★—

## અર્જુનનો લક્ષ્યવેધ અને તેમના તથા ભીમસેન દ્વારા અન્ય રાજાઓનો પરાજય

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! બ્રાહ્મણોના સમાજમાંથી અર્જુન ઊભા થઈ ગયા. પરમ સુંદર અને વીર અર્જુનને ધનુષ્ય ચડાવવા માટે તૈયાર થયેલા જોઈને બ્રાહ્મણો ચકિત થઈ ગયા. કોઈ તો એવું વિચારવા લાગ્યા કે ક્યાંક આ અમારી હાંસી ન કરાવી દે. ક્યાંક રાજાઓ આના કારણે બ્રાહ્મણોનો દ્વેષ ન કરવા લાગે. કોઈ કોઈ કહેવા લાગ્યા કે, 'આ ઉત્સાહી વીર છે, આનો મનોરથ પૂરો થશે. જુઓ, આ સિંહની જેમ ચાલે છે, ગજરાજ જેવો બળવાન છે, આ ધારે તે કરી શકે એમ છે. જો આનામાં શક્તિ ન હોત તો આ આવી હિંમત શા માટે કરત? તપસ્વી અને દૃઢનિશ્ચયી બ્રાહ્મણ માટે કયું કાર્ય અસાધ્ય છે? બ્રાહ્મણ પોતાની શક્તિથી નાનાં-મોટાં બધાં કાર્ય કરી શકે છે. પરશુરામજીએ બધા ક્ષત્રિયોને યુદ્ધમાં જીતી લીધા, અગસ્ત્યજી સમુદ્રને પી ગયા! આને તમે બધા આશીર્વાદ આપો કે એ લક્ષ્યવેધ કરી શકે.' બ્રાહ્મણો આશીર્વાદની વૃષ્ટિ કરવા લાગ્યા.

જ્યારે બ્રાહ્મણોમાં આવી અનેક પ્રકારની વાતો થઈ રહી હતી, તે જ સમયે અર્જુન ધનુષ્યની પાસે પહોંચી ગયા. તેમણે ધનુષ્યની પ્રદક્ષિણા કરી. ભગવાન શંકર અને શ્રીકૃષ્ણને મસ્તક ઝુકાવીને મનમાં જ પ્રણામ ,કર્યા અને ધનુષ્યને ઉઠાવી લીધું. જે ધનુષ્યને મોટા-મોટા વીર પુરુષો ઉઠાવી ન શક્યા, પ્રત્યંચા ચડાવી ન શક્યા તે જ ધનુષ્યને અર્જુને વિના કોઈ પરિશ્રમે ઉઠાવી લીધું અને જોતજોતાંમાં જ પ્રત્યંચા ચડાવી દીધી. હજી લોકોની આંખો બરાબર અર્જુન પર મંડાઈ પણ ન હતી કે તેમણે પાંચ બાણ ઉઠાવીને તેમાંથી એક બાણ લક્ષ્ય પર છોડ્યું અને તે યંત્રના છિદ્રમાં થઈને જમીન પર પડી ગયું. ચારે બાજુ શોરબકોર થવા લાગ્યો, અર્જુનના મસ્તક પર પુષ્પોની વૃષ્ટિ થવા લાગી, બ્રાહ્મણો પોતાના ખેસ હલાવવા લાગ્યા. અર્જુનને જોઈને દ્રુપદની પ્રસન્નતાની સીમા ન રહી. તેમણે મનમાં જ નિર્ણય કરી લીધો કે જરૂર પડશે તો હું મારી સંપૂર્ણ સેના સાથે આ વીરની સહાયતા કરીશ. જ્યારે યુધિષ્ઠિરે જોયું કે અર્જુને પોતાનું કાર્ય કરી લીધું ત્યારે તેઓ તરત જ નકુળ અને સહદેવને લઈને ત્યાં પોતાના નિવાસસ્થાન પર ચાલ્યા આવ્યા. દ્રૌપદી હાથમાં વરમાળા લઈને અર્જુનની પાસે ગયાં અને તેમના ગળામાં તે પહેરાવી દીધી. બ્રાહ્મણોએ અર્જુનનો સત્કાર કર્યો અને તેઓ દ્રૌપદીની સાથે રંગભૂમિમાંથી બહાર નીકળ્યા.

જ્યારે રાજાઓએ જોયું કે દ્રુપદ તો પોતાની પુત્રીનાં લગ્ન એક બ્રાહ્મણ સાથે કરવા ચાહે છે, ત્યારે તેઓ બહુ ક્રોધિત થયા અને એકબીજાને કહેવા લાગ્યા – 'જુઓ તો ખરા,

રાજા દ્રુપદ આપણા લોકોને તણખલા જેવા તુચ્છ સમજીને પોતાની શ્રેષ્ઠ પુત્રીનાં લગ્ન એક બ્રાહ્મણની સાથે કરવા તૈયાર થયા છે. આપણા લોકોને બોલાવીને આવો તિરસ્કાર તો તેણે ન કરવો જોઈએ ને? આ તો આપણું અપમાન કરી રહ્યો છે. તેથી આ દ્રુપદની પરવા ન કરતાં એને મારી નાખવો જ યોગ્ય છે. આ રાજાઓના દ્વેષી એવા દુરાત્માને જીવતદાન દેવાનું કોઈ કારણ નથી. શું આપણામાંથી એક પણ એવો નથી જેને તે તેની પુત્રીને યોગ્ય સમજે? સ્વયંવર ક્ષત્રિયો માટે છે. તેમાં બ્રાહ્મણોને આવવાનો કોઈ અધિકાર નથી. જો આ કન્યા આપણામાંથી કોઈને ન વરે તો આને અગ્નિમાં હોમી દેવી જોઈએ. આ બ્રાહ્મણે પણ ચપળતાવશ આપણું અપ્રિય કર્યું છે. પરંતુ તેને તો બ્રાહ્મણ સમજીને જવા દેવો જોઈએ.' રાજાઓએ આવો નિશ્ચય કરીને પોતપોતાનાં શસ્ત્રો ઉઠાવી લીધાં અને દ્રુપદને મારી નાખવા માટે દોડ્યા. રાજાઓને ક્રોધિત જોઈને દ્રુપદ ડરી ગયા. તેઓ બ્રાહ્મણોની શરણમાં ગયા. દ્રુપદને ભયભીત અને રાજાઓને આક્રમણ કરતા જોઈને ભીમસેન અને અર્જુન તેમની વચ્ચે આવી ગયા. રાજાઓએ તેમના ઉપર આક્રમણ કરી દીધું. બ્રાહ્મણોએ એક સ્વરે મૃગચર્મ અને કમંડળ હલાવતાં કહ્યું, 'ડરશો નહિ, અમે તમારા શત્રુઓની સામે લડીશું. અર્જુને હસતાં હસતાં કહ્યું, 'બ્રાહ્મણો! તમે લોકો એક બાજુ ઊભા રહીને તમાશો જુઓ. આ લોકોના માટે તો હું એકલો જ પર્યાપ્ત છું.' અર્જુન ધનુષ્ય ચડાવીને ભીમસેનની સાથે અવિચળ ભાવે ઊભા રહી ગયા. મદોન્મત્ત કર્ણ વગેરે વીરોને સામે આવતા જોઈને તેઓ તેમના પર તૂટી પડ્યા. ત્યાં ઉપસ્થિત બધા વીરો, બ્રાહ્મણોને યુદ્ધમાં મારવા એ અધર્મ નથી એવું કહીને તેમના પર આક્રમણ કરવા લાગ્યા. અર્જુન અને કર્ણ સામસામા આવી ગયા. અર્જુને ખેંચી-ખેંચીને એવાં બાણ માર્યાં કે કર્ણ યુદ્ધભૂમિમાં બેહોશ જેવો થઈ ગયો. બંને પૂરી વીરતાથી એકબીજાને જીતવાની ઇચ્છાથી પોતાનું યુદ્ધ-કૌશલ દેખાડવા લાગ્યા. કર્ણે કહ્યું, 'અરે બ્રાહ્મણ! તમે તો બ્રાહ્મણ હોવા છતાં એવું હસ્ત-કૌશલ દેખાડ્યું કે મારી પ્રસન્નતાની સીમા નથી. તમારા મુખ પર વિશાદનું કોઈ ચિહ્ન નથી અને તમારું હસ્ત-કૌશલ પણ બહુ વિલક્ષણ છે. તમે સ્વયં ધનુર્વેદની મૂર્તિ અથવા પરશુરામ તો નથી ને? મને તો એવું લાગે છે કે સ્વયં વિષ્ણુ અથવા ઇન્દ્ર જ ગુપ્ત વેશે મારી સાથે યુદ્ધ કરી રહ્યા છે. મારી માન્યતા એવી છે કે જો હું ક્રોધપૂર્વક યુદ્ધ કરું તો દેવરાજ ઇન્દ્ર અને પાંડુનંદન અર્જુન સિવાય કોઈ પણ યોદ્ધો મારો સામનો કરી શકે એમ નથી. અર્જુને કહ્યું, 'કર્ણ! હું સાક્ષાત્ ધનુર્વેદ અથવા પરશુરામ નથી. હું તમામ શસ્ત્રોના રહસ્યને જાણનાર એક શ્રેષ્ઠ બ્રાહ્મણયોદ્ધો છું. શ્રીગુરુદેવના આશીર્વાદથી બ્રહ્માસ્ત્ર અને ઇન્દ્રાસ્ત્રનો મને પૂરો અભ્યાસ છે. હું તમને જીતવા માટે અડીખમ ઊભો છું. તમે તમારું જોર અજમાવો.' મહારથી કર્ણ બ્રહ્માસ્ત્રવિશારદ પ્રતિદ્વંદ્વીને અજેય સમજીને સ્વયં યુદ્ધથી નિવૃત્ત થઈ ગયો.

જે સમયે કર્ણ અને અર્જુન એકબીજા સાથે ટકરાતા હતા. ત્યારે બીજી બાજુ શલ્ય અને ભીમસેન એકબીજાને લલકારતા રહીને મદમસ્ત હાથીઓની જેમ યુદ્ધ કરી રહ્યા હતા. આગળ ખેંચીને, પાછળ પટકીને એકબીજાને પછાડવાનો પ્રયત્ન કરતા અને જાતજાતના દાવ-પેચ અને મુક્કાઓના ઘા કરતા હતા. જાણે પથ્થરો ટકરાતા હોય એમ એકબીજાના શરીર અથડાવતા હતા. બે ઘડી સુધી લડ્યા બાદ ભીમસેને શલ્યને ધરતી

પર પછાડ્યો. બધા બ્રાહ્મણો હસવા લાગ્યા. ભીમસેનનું વધારે પ્રશંસનીય કાર્ય એ રહ્યું કે તેમણે શત્રુને ધરતી પર પછાડીને પણ મારી ન નાખ્યો.

આ પ્રમાણે જ્યારે ભીમસેને શલ્યને પછાડી દીધો અને કર્ણ પણ યુદ્ધથી હટી ગયો ત્યારે બધા લોકો શંકા કરવા લાગ્યા, સર્વસંમતિથી યુદ્ધ રોકી લેવામાં આવ્યું. ભગવાન શ્રીકૃષ્ણે પહેલાં જ ઓળખી લીધા હતા કે આ તો પાંડવો છે, તેથી તેમણે બધા રાજાઓને ખૂબ નમ્રતા સાથે સમજાવ્યા કે આ માણસે ધર્મને અનુરૂપ દ્રૌપદીને પ્રાપ્ત કરી છે, તેથી તેની સાથે યુદ્ધ કરવું યોગ્ય નથી. ભગવાન શ્રીકૃષ્ણના સમજાવવાથી અને ભીમસેનના પરાક્રમથી વિસ્મિત થઈને બધા લોકો યુદ્ધ બંધ કરીને પોતપોતાનાં નિવાસસ્થાને ચાલ્યા ગયા. ધીરે-ધીરે ભીડ ઓછી થવા લાગી. બ્રાહ્મણોથી ઘેરાયેલા ભીમસેન અને અર્જુન દ્રૌપદીને સાથે લઈને પોતાનાં નિવાસસ્થાન – કુંભારના ઘર તરફ ચાલ્યા.

ભિક્ષા લઈને આવવાનો સમય વીતી ચૂક્યો હતો. માતા કુંતી પોતાના પુત્રોના સમયસર પાછા ન આવવાથી જાતજાતની શંકાઓ કરી રહ્યાં હતાં. માતાના સ્નેહપૂર્ણ હૃદયનો આ સ્વભાવ જ છે. તેઓ એક વાર એવો વિચાર કરતાં કે ક્યાંક દુર્યોધન વગેરે ધૃતરાષ્ટ્રના પુત્રોએ મારા પુત્રોનું કાંઈક અનિષ્ટ તો નહિ કરી દીધું હોય ને! ક્યાંક રાક્ષસો સાથે તો ઘર્ષણ થયું નહિ હોય ને! તે જ સમયે દિવસના ત્રીજા પહોરે ભીમસેન અને અર્જુન દ્રૌપદીને લઈને તેમના નિવાસસ્થાને આવ્યા.

—★—

## કુંતીની આજ્ઞા પર દ્રૌપદીના વિષયમાં પાંડવોનો વિચાર તથા શ્રીકૃષ્ણ અને બલરામ સાથે ભેટ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! ભીમસેન અને અર્જુને દ્રૌપદીની સાથે કુંભારના ઘરમાં પ્રવેશ કરીને પોતાની માને કહ્યું કે 'મા! આજે અમે લોકો આ ભિક્ષા લાવ્યા છીએ.' માતા કુંતી તે વખતે ઘરની અંદર હતાં. તેમણે પોતાના પુત્રો અને ભિક્ષાને જોયા વિના કહી દીધું કે 'બેટા! પાંચે ભાઈ મળીને તેનો ઉપભોગ કરો.' બહાર આવીને કુંતીએ જ્યારે જોયું કે આ તો સાધારણ ભિક્ષા નથી, રાજકુમારી દ્રૌપદી છે, ત્યારે તેમને બહુ પશ્ચાત્તાપ થયો. તેઓ કહેવા લાગ્યાં, 'અરે...રે! મેં શું કર્યું?' તેઓ તરત દ્રૌપદીનો હાથ પકડીને યુધિષ્ઠિરની પાસે લઈ ગયાં અને બોલ્યાં, 'બેટા! જ્યારે ભીમસેન અને અર્જુન આ રાજકુમારી દ્રૌપદીને લઈને અંદર આવ્યા, ત્યારે મેં જોયા વિના જ કહી દીધું કે તમે બધા મળીને આનો ઉપભોગ કરો. મેં આજ સુધી કોઈ વાત અસત્ય કહી નથી. હવે તમે કોઈ એવો ઉપાય બતાવો, જેનાથી દ્રૌપદીને તો અધર્મ ન થાય, અને મારી વાત મિથ્યા પણ ન થાય.' યુધિષ્ઠિરે ઘડીભર વિચાર કરીને માતા કુંતીને એવું જ કરવાનું આશ્વાસન આપ્યું અને અર્જુનને બોલાવીને કહ્યું, 'ભાઈ! તમે મર્યાદા અનુસાર દ્રૌપદીને પ્રાપ્ત કરી છે. હવે વિધિ પ્રમાણે અગ્નિ પ્રજ્વલિત કરીને તેનું પાણિગ્રહણ કરો.' અર્જુને કહ્યું, 'ભાઈ! તમે મને અધર્મનો ભાગી ન બનાવો. સત્પુરુષોએ ક્યારેય આવું આચરણ કર્યું નથી. પહેલાં તમે, પછી ભીમસેન, ત્યારપછી હું લગ્ન

કરીશ. મારા પછી સહદેવ અને નકુળનાં લગ્ન થાય. તેથી આ રાજકુમારીના લગ્ન તો પ્રથમ તમારી સાથે જ થવાં જોઈએ. સાથે સાથે એ પણ વિનંતી છે કે તમે તમારી બુદ્ધિથી ધર્મ, યશ અને હિતને માટે જેવું ઉચિત સમજો તેવી આજ્ઞા કરો. અમે લોકો તમારા આજ્ઞાકારી છીએ.' બધા પાંડવો અર્જુનનાં પ્રેમ અને મમતાભર્યાં વચન સાંભળીને દ્રૌપદીને જોવા લાગ્યા. તે સમયે દ્રૌપદી પણ તેમને જોઈ રહી હતી. દ્રૌપદીનું સૌંદર્ય, માધુર્ય અને સુશીલતાથી મુગ્ધ થઈને પાંચે ભાઈ એકબીજાને જોવા લાગ્યા. તેમનાં મનમાં દ્રૌપદી વસી ગઈ. યુધિષ્ઠિરે પોતાના ભાઈઓની મુખાકૃતિ પરથી તેમનાં મનનો ભાવ જાણીને અને મહર્ષિ વ્યાસના શબ્દોનું સ્મરણ કરીને નિશ્ચયપૂર્વક કહ્યું કે, 'દ્રૌપદી અમારા બધા ભાઈઓની પત્ની થશે.' આ સાંભળીને બધા ભાઈઓને બહુ પ્રસન્નતા થઈ. તેઓ પોતાના મનમાં આ વાત પર વિચાર કરવા લાગ્યા.

ભગવાન શ્રીકૃષ્ણે સ્વયંવરમાં જ પાંડવોને ઓળખી લીધા હતા. હવે તેઓ મોટાભાઈ બલરામજીની સાથે પાંડવોના નિવાસસ્થાન પર આવ્યા. તેમણે ત્યાં પાંચે ભાઈઓને જોઈને પ્રથમ ભીમસેન અને યુધિષ્ઠિરના ચરણોનો સ્પર્શ કર્યો અને પોતપોતાનાં નામ કહ્યાં. (પાંડવોની સાથે શ્રીકૃષ્ણ, બલરામની આ પ્રથમ મુલાકાત છે.) પાંડવોએ બહુ પ્રેમથી તેમનો સ્વાગત-સત્કાર કર્યો. બંને ભાઈઓએ પોતાનાં ફોઈ કુંતીના ચરણોમાં પ્રણામ કર્યાં. યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણને કુશળ સમાચાર પૂછ્યા પછી એવો પ્રશ્ન કર્યો કે 'ભગવન્! અમે લોકો તો અહીં છુપાઈને રહીએ છીએ, તમે અમને કેવી રીતે ઓળખી લીધા?' ભગવાન શ્રીકૃષ્ણે હસતાં હસતાં કહ્યું, 'મહારાજ! શું લોકો છુપા અગ્નિને નથી શોધી કાઢતા? આજે રંગમંચમાં ભીમસેન અને અર્જુને જે પરાક્રમનો પરિચય કરાવ્યો છે, તેવું પરાક્રમ પાંડવો સિવાય કોનામાં સંભવી શકે છે? આ અત્યંત સૌભાગ્ય અને આનંદની વાત છે કે દુર્યોધન અને તેના મંત્રી પુરોચનની અભિલાષા પૂરી ન થઈ. તમે લોકો લાક્ષાગૃહના અગ્નિમાંથી બચી નીકળ્યા. તમારા સંકલ્પો પૂર્ણ થાય, તમારો નિશ્ચય સાર્થક થાય. હવે અમે વધારે સમય અહીં રોકાઈશું તો લોકોને ખબર પડી જશે. તેથી અમને અમારા મુકામ પર જવાની અનુમતિ આપો.' યુધિષ્ઠિરની અનુમતિથી ભગવાન શ્રીકૃષ્ણ અને બળદેવ તે જ સમયે પાછા ચાલ્યા ગયા.

જે સમયે ભીમસેન અને અર્જુન દ્રૌપદીને સાથે લઈને કુંભારને ઘેર જઈ રહ્યા હતા, તે સમયે રાજકુમાર ધૃષ્ટદ્યુમ્ન છુપાઈને તેમની પાછળ-પાછળ ચાલતો હતો. તેણે ચારે બાજુ પોતાના સેવકોને નિયુક્ત કરી દીધા હતા અને એ સ્વયં સાવધાન થઈને પાંડવોની પાસે બેસી રહ્યો. તે પાંડવોનાં બધાં કાર્યો ખૂબ સાવધાનીથી જોઈ રહ્યો હતો. ચારે ભાઈઓએ ભિક્ષા લાવીને પોતાના મોટા ભાઈ યુધિષ્ઠિરની સામે મૂકી દીધી. કુંતીએ દ્રૌપદીને કહ્યું, 'કલ્યાણી! તમે પ્રથમ આ ભિક્ષામાંથી દેવતાઓનો ભાગ કાઢો, બ્રાહ્મણોને ભિક્ષા આપો, આશ્રિતોને વહેંચો, પછી વધેલા અન્નમાંથી અડધું ભીમસેનને આપી દો. અડધામાંથી છ ભાગ કરીને આપણે જમી લઈએ.' સાધ્વી દ્રૌપદીએ પોતાનાં સાસુની આજ્ઞા પર કોઈ પણ પ્રકારની શંકા કર્યા વિના પ્રસન્નતાપૂર્વક તેનું પાલન કર્યું. ભોજન પછી બધાને માટે દર્ભની સાદડીઓ બિછાવી. બધાએ પોતપોતાનાં મૃગચર્મ બિછાવ્યાં અને જમીન પર

જ સૂઈ ગયા. પાંડવોએ સૂતી વખતે માથું દક્ષિણ દિશામાં કર્યું. મસ્તક બાજુ માતા કુંતી અને પગ તરફ રાજકુમારી દ્રૌપદી સૂતાં. સૂતી વખતે તે લોકો આપસમાં રથ, હાથી, તલવાર, ગદા વગેરેની એવી વિચિત્ર-વિચિત્ર વાતો કરતા હતા, જાણે કોઈ મહાન સેનાપતિ હોય!

—★—

## ધૃષ્ટદ્યુમ્ન અને દ્રુપદની વાતચીત, પાંડવોની પરીક્ષા અને પરિચય

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! ધૃષ્ટદ્યુમ્ન પાંડવોની એટલી નજીક બેઠો હતો, કે તેમની વાતો તો સાંભળી જ રહ્યો હતો. દ્રૌપદીને જોઈ પણ રહ્યો હતો. તેના સેવકો પણ તેની સાથે જ હતા. ત્યાંની બધી વાતો સાંભળીને તે પોતાના પિતા દ્રુપદની પાસે ગયો. દ્રુપદ તે વખતે થોડા ચિંતામાં હતા. તેમણે પોતાના પુત્ર ધૃષ્ટદ્યુમ્નને જોતાં જ પૂછ્યું – 'બેટા! દ્રૌપદી ક્યાં ગઈ? તેને લઈ જનારા કોણ છે? મારી પુત્રી કોઈ શ્રેષ્ઠ ક્ષત્રિય અથવા બ્રાહ્મણના હાથમાં જ ગઈ છે ને? ક્યાંક કોઈ વૈશ્ય અથવા શૂદ્રને તો મળી ગઈ નથી ને? કેટલું સુંદર થાત, જો મારી સૌભાગ્યવતી પુત્રી નરરત્ન અર્જુનને પ્રાપ્ત થઈ હોત?'

**ધૃષ્ટદ્યુમ્ને કહ્યું** – 'પિતાજી! જે મૃગચર્મધારી પરમ સુંદર નવયુવકે લક્ષ્યવેધ કર્યો હતો, તે અત્યંત ચપળ અને વીર છે – એમાં કોઈ શંકા નથી. જ્યારે તે મારી બહેન દ્રૌપદીને સાથે લઈને બ્રાહ્મણો અને રાજાઓની વચ્ચેથી નીકળ્યો, ત્યારે તેના મુખ પર કોઈ પ્રકારનો સંકોચ ન હતો. તેની ધૃષ્ટતા જોઈને રાજાઓ ક્રોધથી ઊકળી ઊઠ્યા અને તેના ઉપર આક્રમણ કરી બેઠા. તેના સાથી પુરુષે જોતજોતામાં એક વિશાળ વૃક્ષ ઉખાડી લીધું અને તેના વડે રાજાઓનો સંહાર કરવા લાગ્યો. કોઈ રાજા તેમનો વાળ પણ વાંકો કરી ન શક્યા. તે બંને મારી બહેનને લઈને નગરની બહાર કુંભારને ઘેર ગયા. ત્યાં એક અગ્નિ જેવી તેજસ્વી સ્ત્રી બેઠી હતી. અવશ્ય તે તેમની માતા હશે. તેની પાસે બીજા પણ ત્રણ પરમ સુંદર યુવાનો બેઠા હતા. તેમણે પોતાની માતાના ચરણોમાં પ્રણામ કરીને દ્રૌપદીને પ્રણામ કરવાની આજ્ઞા આપી અને તેમની માતા પાસે તેને મૂકીને બધા ભાઈ ભિક્ષા માગવા ચાલ્યા ગયા. ભિક્ષા લઈને આવ્યા પછી દ્રૌપદીએ માતાની આજ્ઞાનુસાર દેવતા, બ્રાહ્મણ વગેરેને આપીને, તે બધાંને પીરસ્યું અને પછી પોતે ખાધું. દ્રૌપદી તેમના પગ તરફ સૂતી. બધા લોકો દર્ભ અને મૃગચર્મ પાથરીને જમીન પર સૂતા હતા. સૂતી વખતે તે લોકો આપસમાં જે વાતચીત કરી રહ્યા હતા, તે બ્રાહ્મણો, વૈશ્યો અને શૂદ્રો જેવી ન હતી, તે સીધી યુદ્ધવિષયક હતી અને આવી વાતો કુલીન ક્ષત્રિયો જ કરતા હોય છે. મને તો એવું લાગે છે કે આપણી આશા પૂરી થઈ છે અને લાક્ષાગૃહમાંથી ઊગરી જઈને પાંડવોએ જ મારી બહેનને પ્રાપ્ત કરી છે.'

ધૃષ્ટદ્યુમ્નની વાતથી રાજા દ્રુપદને ઘણો હર્ષ થયો. તેમણે તરત તેમનો પરિચય મેળવવા માટે પોતાના પુરોહિતને મોકલ્યા. પુરોહિતે પાંડવોની પાસે જઈને કહ્યું કે, "તમે લોકો ચિરંજીવી થાઓ. પાંચાલરાજ મહાત્મા દ્રુપદે આશીર્વાદ સાથે તમારા લોકોનો પરિચય જાણવાની ઇચ્છાથી મને મોકલ્યો છે. વીર યુવકો! મહારાજ દ્રુપદના મનમાં લાંબા વખતથી એવી અભિલાષા હતી કે વિશાળબાહુ નરરત્ન અર્જુન જ મારી પુત્રીનું પાણિગ્રહણ કરે. તેમણે મારા દ્વારા આ સંદેશો મોકલ્યો છે કે, 'જો ભગવત્કૃપાથી મારી ઇચ્છા પૂરી થઈ હોય તો બહુ

આનંદની વાત છે. આ સંબંધથી મારા યશ, પુણ્ય અને હિતમાં વૃદ્ધિ થશે." યુધિષ્ઠિરની આજ્ઞાથી ભીમસેને પુરોહિતનો આદર-સત્કાર કર્યો, તેઓ આનંદથી બેસી ગયા અને પૂજાનો સ્વીકાર કર્યો. યુધિષ્ઠિરે કહ્યું, 'ભગવન્! રાજા દ્રુપદે સ્વયંવર કરીને પોતાની પુત્રીનાં લગ્ન કરવાનો નિશ્ચય કર્યો હતો; એ ક્ષત્રિયધર્મને અનુકૂળ જ હતો. સ્વયંવર કરવાનો ઉદ્દેશ કોઈ વ્યક્તિ સાથે લગ્ન કરવાનો તો ન હતો. આ વીરે તેમના નિયમોનું પાલન કરતાં રહીને ભરી સભામાં તેમની પુત્રીને પ્રાપ્ત કરી છે. હવે રાજા દ્રુપદે પસ્તાવાની કોઈ જરૂર નથી. આના દ્વારા તેમની લાંબા ગાળાની અભિલાષા પણ પૂર્ણ થઈ શકે છે.' જે સમયે ધર્મરાજ યુધિષ્ઠિર આ પ્રમાણે કહી રહ્યા હતા, તે જ સમયે રાજા દ્રુપદના રાજમહેલમાંથી એક બીજો માણસ ત્યાં આવ્યો અને તેણે ધર્મરાજ યુધિષ્ઠિરને કહ્યું કે, 'મહારાજ દ્રુપદે આપ લોકોના ભોજન માટેની રસોઈ તૈયાર કરાવી દીધી છે, તમે લોકો નિત્યકર્મથી આટોપીને રાજકુમારી કૃષ્ણાની સાથે ત્યાં ચાલો. સુંદર ઘોડાથી જોતરેલા રથ તમારા માટે ઊભા છે.' ધર્મરાજ યુધિષ્ઠિરે માતા કુંતી અને દ્રૌપદીને એક રથમાં બેસાડ્યા અને પાંચ ભાઈ પાંચ વિશાળ રથો પર બેસીને રાજભવન જવા માટે રવાના થઈ ગયા.

રાજા દ્રુપદે પાંડવોની પ્રવૃત્તિની પરીક્ષા કરવા માટે રાજમહેલને અનેક વસ્તુઓથી સજાવી દીધો હતો. ફળ, ફૂલ, આસન, ગાય, દોરડાં, બીજ અને ખેતીને ઉપયોગી વસ્તુઓ એક બાજુ સજાવવામાં આવી હતી. બીજા ઓરડામાં શિલ્પકળાના કામમાં આવનારાં સાધનો મૂકવામાં આવ્યાં હતાં. જાતજાતનાં રમકડાં એક બાજુ; બીજી બાજુ ઢાલ, તલવાર, ઘોડા, રથ, કવચ, ધનુષ્ય, બાણ, શક્તિ, ઋષ્ટિ અને ભુશુંડી વગેરે યુદ્ધની સામગ્રી રાખવામાં આવી હતી. જે સમયે પાંડવોના રથ ત્યાં પહોંચ્યા, માતા કુંતી અને રાજકુમારી દ્રૌપદી તો રાણીવાસમાં ચાલ્યાં ગયાં. રાજમહેલની સ્ત્રીઓએ બહુ જ આદર સાથે તેમની સામે જઈને સત્કાર કર્યો. આ બાજુ રાજા, મંત્રી, રાજકુમાર, તેમના ઇષ્ટ-મિત્રો, કર્મચારીઓ અને આદરણીય પુરુષો પાંડવોના શરીરનો બાંધો, રીતભાત, પ્રભાવ, પરાક્રમ વગેરે જોઈને બહુ જ આનંદ સાથે એમનું સ્વાગત કરવા લાગ્યા. જે બહુ ઊંચા-ઊંચા અને બહુ કીમતી રાજોચિત આસન મૂકવામાં આવ્યાં હતાં, તેમનાં પર પાંડવો વિનાસંકોચે જઈને બેસી ગયા. સેવક, સેવિકાઓ સોનાનાં વાસણોમાં સજી-ધજીને સુંદર-સુંદર ભોજન પીરસવા લાગ્યાં અને તે લોકોએ યથોચિત રીતે બધું ગ્રહણ કર્યું. ભોજન પછી જ્યારે બધી વસ્તુઓ દેખાડવાનો સમય આવ્યો ત્યારે પાંડવોએ પ્રથમ એ જ ઓરડામાં પ્રવેશ કર્યો, જેમાં યુદ્ધસામગ્રીની વસ્તુઓ રાખવામાં આવી હતી. તેમનું આ કાર્ય જોઈને બધા લોકોના મનમાં નિશ્ચય થઈ ગયો કે આ અવશ્ય પાંડવો જ છે.

પંચાલનરેશ દ્રુપદે ધર્મરાજ યુધિષ્ઠિરને અલગ બોલાવીને કહ્યું, 'તમે લોકો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અથવા શૂદ્ર છો – એવું અમે કઈ રીતે જાણી શકીએ?' ક્યાંક તમે લોકો દેવતાઓ તો નથી? જે મારી પુત્રીને પ્રાપ્ત કરવા આ વેશમાં આવ્યા છો?' ધર્મરાજ યુધિષ્ઠિરે કહ્યું, 'રાજેન્દ્ર! તમારી અભિલાષા પૂરી થઈ; તમે પ્રસન્ન થાઓ. હું મહાત્મા પાંડુનો પુત્ર યુધિષ્ઠિર છું, મારા ચાર ભાઈ ભીમસેન, અર્જુન, નકુળ અને સહદેવ અહીં બેઠા છે. મારા માતા કુંતી રાજકુમારી દ્રૌપદી સાથે રાણીવાસમાં છે.'

—★—

## વ્યાસજી દ્વારા દ્રૌપદીની સાથે પાંડવોનાં લગ્નનો નિર્ણય

ધર્મરાજ યુધિષ્ઠિરની વાત સાંભળીને દ્રુપદની આંખો પ્રસન્નતાથી ખીલી ઊઠી. આનંદમગ્ન થઈ જવાને કારણે તેઓ કશું બોલી ન શક્યા. દ્રુપદે જેમ તેમ કરીને પોતાને સંભાળ્યા અને યુધિષ્ઠિર પાસેથી વારણાવત નગરના લાક્ષાભવનથી ભાગી નીકળવાથી માંડીને અત્યાર સુધીના જીવનનિર્વાહના સમાચાર પૂછ્યા. યુધિષ્ઠિરે સંક્ષેપમાં બધી વાતો જણાવી દીધી. ત્યારે દ્રુપદે ધૃતરાષ્ટ્રને ઘણું બધું ખરું-ખોટું કહ્યું અને યુધિષ્ઠિરને આશ્વાસન આપ્યું કે 'હું તમારું રાજ્ય તમને અપાવી દઈશ.' આ ઉપરાંત તેમણે કહ્યું કે, 'યુધિષ્ઠિર! હવે તમે અર્જુનને આજ્ઞા આપો કે તે વિધિપૂર્વક દ્રૌપદીનું પાણિગ્રહણ કરે.' યુધિષ્ઠિરે કહ્યું, 'રાજન્! લગ્ન તો મારે પણ કરવાં જ છે.' દ્રુપદે કહ્યું, 'આ તો બહુ સારી વાત છે, તમે જ મારી પુત્રીનું પાણિગ્રહણ કરો.' યુધિષ્ઠિરે કહ્યું, 'રાજન્ તમારી રાજકુમારી અમારા બધાની પટરાણી થશે. અમારાં માતાજીએ આવી જ આજ્ઞા આપી દીધી છે. તેથી તમે આજ્ઞા આપો કે અમે બધા ક્રમશઃ તેનું પાણિગ્રહણ કરીએ.' રાજા દ્રુપદ બોલ્યા, 'કુરુવંશભૂષણ! તમે આ કેવી વાત કરી રહ્યા છો? એક રાજાને ઘણી પત્નીઓ તો હોઈ શકે છે, પરંતુ એક સ્ત્રીને વધારે પતિ હોય – આવું તો ક્યાંય સાંભળ્યું નથી. તમે ધર્મના મર્મજ્ઞ અને પવિત્ર છો, તમારે લોકમર્યાદા અને ધર્મથી વિપરીત આવી વાત વિચારવી જ ન જોઈએ.' યુધિષ્ઠિર બોલ્યા – 'મહારાજ! ધર્મની ગતિ સૂક્ષ્મ છે. અમે લોકો તો તેને બરાબર જાણતા પણ નથી. અમે તો એ જ માર્ગે ચાલીએ છીએ, જે માર્ગે પહેલાંના લોકો ચાલતા રહ્યા છે. મારી વાણીથી ક્યારેય અસત્ય નીકળતું નથી. મારું મન ક્યારેય અધર્મ તરફ જતું નથી. મારી માતાની આવી આજ્ઞા છે અને મારું મન આનો સ્વીકાર કરે છે.' દ્રુપદે કહ્યું, 'સારી વાત છે. પહેલાં તમે, તમારી માતા અને ધૃષ્ટદ્યુમ્ન બધાં મળીને કર્તવ્યનો નિર્ણય કરો અને પછી જણાવો. તે પ્રમાણે જે કાંઈ કરવું પડશે તે કાલે કરીશું.'

બધા લોક એકઠા થઈને વિચારવા લાગ્યા. તે જ સમયે ભગવાન વેદવ્યાસ અચાનક આવી ગયા. બધા લોકોએ પોતપોતાનાં આસન પરથી ઊઠીને તેમનું સ્વાગત – અભિનંદન કર્યું અને પ્રણામ કરીને તેમને સર્વશ્રેષ્ઠ સોનાના સિંહાસન પર બેસાડ્યા. વ્યાસજીની આજ્ઞાથી બધા પોતપોતાનાં આસન પર બેસી ગયા. કુશળ સમાચાર પૂછ્યા પછી રાજા દ્રુપદે ભગવાન વેદવ્યાસજીને પ્રશ્ન કર્યો, 'ભગવન્! એક જ સ્ત્રી અનેક પુરુષોની ધર્મપત્ની કઈ રીતે થઈ શકે? આવું કરવામાં સંકરતાનો દોષ થશે કે નહિ? તમે કૃપા કરીને મારું ધર્મસંકટ દૂર કરો.' વ્યાસજીએ કહ્યું 'એક સ્ત્રીના અનેક પતિ હોય, આ વાત લોકાચાર અને વેદધર્મથી વિરુદ્ધ છે. સમાજમાં આ પ્રચલિત પણ નથી. આ વિષયમાં તમે લોકોએ શું શું વિચાર્યું છે, પ્રથમ તમારો મત જણાવો.' દ્રુપદે કહ્યું, 'ભગવન્! હું તો એવું સમજું છું કે આવું કરવું એ અધર્મ છે. લોકાચાર, વેદાચાર અને સદાચારને વિપરીત હોવાને કારણે એક સ્ત્રી વધારે પુરુષોની પત્ની થઈ શકતી નથી. મારા વિચાર પ્રમાણે આવું કરવું એ અધર્મ છે.' ધૃષ્ટદ્યુમ્ને કહ્યું, 'ભગવન્! મારો પણ આ જ નિશ્ચય છે. કોઈ પણ સદાચારી પુરુષ પોતાના ભાઈની પત્ની સાથે કઈ રીતે સહવાસ કરી

શકે?' યુધિષ્ઠિરે કહ્યું, 'હું તમારી સામે ફરી એ વાત દોહરાવું છું કે મારી વાણીથી ક્યારેય જૂઠી વાત નીકળતી નથી. મારું મન ક્યારેય અધર્મ તરફ જતું નથી. મારી બુદ્ધિ મને સ્પષ્ટ આદેશ આપી રહી છે કે આ અધર્મ નથી. શાસ્ત્રોમાં ગુરુજનોનાં વચનોને જ ધર્મ કહ્યો છે અને માતા ગુરુઓમાં શ્રેષ્ઠ છે. માતાએ અમને આવી આજ્ઞા આપી છે કે તમે લોકો ભિક્ષાની જેમ આનો મળીને ઉપભોગ કરો. મારી દૃષ્ટિમાં તો તેવું કરવું ધર્મ જ લાગે છે.' કુંતીએ કહ્યું, 'મારો પુત્ર યુધિષ્ઠિર મોટો ધાર્મિક છે. તેણે જે કાંઈ કહ્યું છે, વાત એવી જ છે; મને મારી વાણી મિથ્યા થવાનો ડર છે. તેથી તમે લોકો જણાવો કે હવે એવો કયો ઉપાય છે, જેથી હું અસત્યથી બચી જાઉં.' વ્યાસજીએ કહ્યું, 'કલ્યાણી! એમાં સંદેહ નથી કે અસત્યથી તમારી રક્ષા થઈ જશે. દ્રુપદ! રાજા યુધિષ્ઠિરે જે કાંઈ કહ્યું છે, તે ધર્મને પ્રતિકૂળ નથી, અનુકૂળ જ છે. પરંતુ આ વાતનું રહસ્ય હું બધાંની સામે જણાવી શકું એમ નથી. તેથી તમે મારી સાથે એકાંતમાં ચાલો.' એમ કહીને વ્યાસજી ઊભા થઈ ગયા અને રાજા દ્રુપદનો હાથ પકડીને એકાંતમાં લઈ ગયા. ધૃષ્ટદ્યુમ્ન વગેરે તેમની રાહ જોતા ત્યાં જ બેસી રહ્યા.

વ્યાસજીએ દ્રુપદને એકાંતમાં લઈ જઈને દ્રૌપદીના પૂર્વના બે જન્મોની કથા કહી અને એ જણાવ્યું કે ભગવાન શંકરના વરદાનને કારણે આ પાંચેય દ્રૌપદીના પતિ થશે. ત્યારપછી તેમણે કહ્યું, 'દ્રુપદ! હું પ્રસન્નતાપૂર્વક તમને દિવ્ય દૃષ્ટિ આપું છું. તેના દ્વારા તમે આ પાંડવોના પૂર્વજન્મનાં શરીરોને જુઓ.' દ્રુપદે ભગવાન વેદવ્યાસજીના કૃપા-પ્રસાદથી દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત કરીને જોયું કે પાંચે પાંડવોનાં દિવ્ય રૂપ ચમકી રહ્યાં છે. તેમણે અનેક પ્રકારનાં આભૂષણો ધારણ કરેલાં છે, વિશાળ વક્ષઃસ્થળ પર દિવ્ય વસ્ત્રો છે; તેઓ એવા લાગે છે, જાણે સ્વયં ભગવાન શિવ, આદિત્ય અથવા વસુ બિરાજી રહ્યા હોય. સાથે-સાથે તેમણે એ પણ જોયું કે, તેમની પુત્રી દ્રૌપદી દિવ્યરૂપે ચંદ્રકળા અથવા અગ્નિકળા જેવી દેદીપ્યમાન થઈ રહી છે, જાણે તેના રૂપે ભગવાનની દિવ્ય માયા જ પ્રકાશિત થઈ રહી હોય. તે રૂપ, તેજ અને કીર્તિને કારણે પાંડવોને માટે બધી રીતે અનુકૂળ દેખાઈ રહી છે.' આ ઝાંખી જોઈને દ્રુપદને બહુ પ્રસન્નતા થઈ, આશ્ચર્યચકિત થઈને તેમણે વ્યાસજીના ચરણ પકડી લીધા. તે બોલી ઊઠ્યા – 'ધન્ય છે, ધન્ય છે! તમારી કૃપાથી આવો અનુભવ થવો કોઈ અદ્‌ભુત વાત નથી.' રાજા દ્રુપદે આગળ કહ્યું, 'ભગવન્! મેં તમારા મુખેથી જ્યાં સુધી મારી પુત્રીના પૂર્વજન્મની વાત સાંભળી ન હતી અને આ વિચિત્ર દૃશ્ય જોયું ન હતું, ત્યાં સુધી હું યુધિષ્ઠિરની વાતનો વિરોધ કરી રહ્યો હતો. પરંતુ વિધાતાનું આવું જ વિધાન છે, ત્યારે તેને કોણ ટાળી શકે છે? તમારી જેવી આજ્ઞા છે, એવું જ કરવામાં આવશે. ભગવાન શંકરે જેવું વરદાન આપ્યું છે, ચાહે તે ધર્મ હોય કે અધર્મ, તેવું જ થવું જોઈએ. હવે આમાં મારો કોઈ અપરાધ નહિ માનવામાં આવે. તેથી પાંચે પાંડવો ખુશીથી દ્રૌપદીનું પાણિગ્રહણ કરે. કેમકે દ્રૌપદી પાંચે ભાઈઓની પત્નીરૂપે પ્રગટ થઈ છે.'

—★—

## પાંડવોનાં લગ્ન

હવે ભગવાન વેદવ્યાસે દ્રુપદ સાથે યુધિષ્ઠિર પાસે આવીને કહ્યું, 'આજે જ લગ્ન માટે શુભ દિવસ અને શુભ મુહૂર્ત છે. આજે ચંદ્રમા પુષ્યનક્ષત્ર પર છે. તેથી આજે તમે દ્રૌપદીનું પાણિગ્રહણ કરો.' આજે જ લગ્નકાર્ય સંપન્ન થશે, આવો નિર્ણય થતાં જ દ્રુપદ અને ધૃષ્ટદ્યુમ્ન વગેરેએ લગ્ન માટે જરૂરી સામગ્રી એકત્ર કરવાનો પ્રબંધ કર્યો. દ્રૌપદીને સ્નાનાદિ કરાવીને ઉત્તમ-ઉત્તમ વસ્ત્રો-આભૂષણો પહેરાવવામાં આવ્યાં. સમય થતાં દ્રૌપદીને મંડપમાં લાવવામાં આવી. રાજ્ય પરિવારના ઇષ્ટ-મિત્રો, મંત્રીઓ, બ્રાહ્મણો, પરિવારના સભ્યો, નગરજનો ખૂબ જ આનંદથી લગ્નની વિધિ જોવા માટે આવીને પોતપોતાનાં યોગ્ય સ્થાનો પર બેસવા લાગ્યા. તે સમયે લગ્ન-મંડપની સુંદરતા અવર્ણનીય હતી. સ્નાનાદિ અને સ્વસ્તિવાચન પછી પાંચે પાંડવો પણ વસ્ત્રાલંકારથી સજી-ધજીને મહારાજ દ્રુપદના આંગણામાં આવ્યા. તેમની આગળ-આગળ તેજસ્વી પુરોહિત ધૌમ્ય ચાલી રહ્યા હતા. વેદીમાં અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવ્યો. યુધિષ્ઠિરે વિધિપૂર્વક દ્રૌપદીનું પાણિગ્રહણ કર્યું, હવન થયો અને અંતમાં મંગળફેરા ફરીને લગ્નકાર્ય સમાપ્ત કરવામાં આવ્યું. આ જ પ્રમાણે બાકીના ભાઈઓએ પણ ક્રમશઃ એક-એક દિવસે દ્રૌપદીનું પાણિગ્રહણ કર્યું. આ પ્રસંગે સહુથી વિલક્ષણ વાત એ થઈ કે દેવર્ષિ નારદના કથનાનુસાર દ્રૌપદી ફરી-ફરીને દરરોજ કન્યાભાવને પ્રાપ્ત થઈ જતી હતી. લગ્ન પછી રાજા દ્રુપદે દહેજમાં ઘણાં-ઘણાં રત્નો, ધન અને શ્રેષ્ઠ જણસો આપી. રત્નોથી મઢેલી રાશો, લગામ, ઉત્તમ જાતના ઘોડાઓ જોતરેલા સો રથ, સો હાથી, વસ્ત્રાલંકારથી વિભૂષિત સો દાસીઓ દરેક જમાઈને આપવામાં આવી. આ સિવાય પણ ઘણું ધન, રત્નો અને અલંકારો પાંડવોને આપવામાં આવ્યાં, આ પ્રમાણે પાંડવો અપાર સંપત્તિ અને સ્ત્રીરત્ન દ્રૌપદીને પ્રાપ્ત કરીને રાજા દ્રુપદને ત્યાં જ સુખેથી રહેવા લાગ્યા.

દ્રુપદની રાણીઓએ કુંતીની પાસે આવીને તેમના ચરણોમાં મસ્તક મૂકીને પ્રણામ કર્યા. રેશમી સાડીમાં સજ્જ દ્રૌપદી પણ સાસુને પ્રણામ કરીને હાથ જોડીને નમ્રભાવે તેમની સામે ઊભી રહી ગઈ. ત્યારે કુંતીએ બહુ જ પ્રેમથી પોતાની શીલવતી પુત્રવધૂ દ્રૌપદીને આશીર્વાદ આપતાં કહ્યું, 'જેમ ઇન્દ્રાણીએ ઇન્દ્ર સાથે, સ્વાહાએ અગ્નિ સાથે, રોહિણીએ ચંદ્રમા સાથે, દમયંતીએ નળ સાથે, અરુન્ધતીએ વસિષ્ઠ સાથે અને લક્ષ્મીએ ભગવાન નારાયણ સાથે પ્રેમ-નેમ નિભાવ્યો છે, તે જ પ્રમાણે તમે પણ પોતાના પતિઓની સાથે નિભાવજો. તમે આયુષ્મતી, વીરપ્રસવિણી (વીર પુત્રોની માતા), સૌભાગ્યવતી અને પતિવ્રતા થઈને સુખ ભોગવો. અતિથિ, અભ્યાગત, સાધુ, વૃદ્ધ અને બાળકોનો આદર-સત્કાર તથા પાલન-પોષણમાં જ તમારો સમય વ્યતીત થાઓ. તમે તમારા સમ્રાટ પતિઓની પત્ની બનો. જગતનાં બધાં સુખો તમને પ્રાપ્ત થાય અને તમે સો વર્ષો સુધી તેનો ઉપભોગ કરો.

ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોનાં લગ્ન થઈ ગયા પછી ભેટરૂપે વૈડૂર્ય વગેરે મણિઓથી જડેલાં સ્વર્ણનાં અલંકારો, કીમતી વસ્ત્રો, દેશ-વિદેશના કીમતી ધાબળા, દુશાલા, સેંકડો દાસીઓ, મોટા-મોટા ઘોડા, હાથી, રથ, કરોડો મહોરો અને ગાડાં ભરી ભરીને સોનું મોકલ્યું. યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણની પ્રસન્નતા માટે હર્ષ સાથે બધું જ સ્વીકારી લીધું.

—★—

## પાંડવોને રાજ્ય આપવા સંબંધે કૌરવોનો વિચાર અને નિર્ણય

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! બધા રાજાઓને પોતાના ગુપ્તચરો દ્વારા તરત જ જાણ થઈ ગઈ કે દ્રૌપદીનાં લગ્ન પાંડવો સાથે થયાં છે. લક્ષ્યવેધ કરનાર બીજું કોઈ નહોતું, સ્વયં વીરશ્રેષ્ઠ અર્જુન હતા. તેમનો સાથી, જેણે શલ્યને પછાડ્યો અને વૃક્ષો ઉખાડી–ઉખાડીને મોટા-મોટા રાજાઓને બેભાન કરી દીધા હતા તે ભીમસેન હતો. આ સમાચારથી બધાને ભારે આશ્ચર્ય થયું. તેમણે પાંડવોના બચી જવાથી પ્રસન્નતા વ્યક્ત કરી અને કૌરવોના દુર્વ્યવહારથી ખિન્ન થઈને તેમના પર ફિટકાર વરસાવ્યો.

દુર્યોધનને આ સમાચાર જાણીને ભારે દુઃખ થયું. તે પોતાના મિત્ર અશ્વત્થામા, શકુનિ, કર્ણ વગેરેની સાથે દ્રુપદની રાજધાનીથી હસ્તિનાપુર માટે નીકળી ગયો. દુઃશાસને દુર્યોધનને ધીમા સ્વરમાં કહ્યું, 'ભાઈ! હવે હું એવું સમજું છું કે ભાગ્ય જ બળવાન છે. પ્રયત્નથી કાંઈ થતું નથી. એટલે તો પાંડવો હજી સુધી જીવતા છે.' તે સમયે બધા કૌરવો અત્યંત રાંક અને નિરાશ થઈ ગયા હતા. તેમના હસ્તિનાપુર પહોંચ્યા પછી દ્રૌપદી-સ્વયંવરની બધી વાત જાણીને વિદુરજીને બહુ પ્રસન્નતા થઈ. તેમણે તે જ સમયે ધૃતરાષ્ટ્રની પાસે જઈને કહ્યું – 'મહારાજ! ધન્ય છે, ધન્ય છે. કુરુવંશીઓની અભિવૃદ્ધિ થઈ રહી છે.' ધૃતરાષ્ટ્ર પણ પ્રસન્ન થઈને કહેવા લાગ્યા કે, 'બહુ જ ખુશીની વાત છે, બહુ જ ખુશીની વાત છે!' ધૃતરાષ્ટ્રે એવું સમજી લીધું કે દ્રૌપદી મારા પુત્ર દુર્યોધનને મળી ગઈ. તેથી તેમણે જાતજાતનાં દાગીના મોકલવાની આજ્ઞા આપતાં કહ્યું કે 'વર-વધૂને મારી પાસે લઈ આવો.' વિદુરે જણાવ્યું કે દ્રૌપદીનાં લગ્ન પાંડવો સાથે થયાં છે અને તે બધા બહુ જ આનંદપૂર્વક દ્રુપદની રાજધાનીમાં રહે છે. ધૃતરાષ્ટ્રે કહ્યું, 'વિદુર! પાંડવોને તો હું મારા પુત્રોથી પણ વધારે પ્રેમ કરું છું. તેમના લાક્ષાગૃહમાંથી બચી જવાથી, લગ્નથી અને દ્રુપદ જેવા સંબંધી મળવાથી હું બહુ પ્રસન્ન થયો છું. દ્રુપદના આશ્રયથી પાંડવો ખૂબ જ જલદી પોતાની ઉન્નતિ કરી શકશે.' વિદુરે કહ્યું, 'હું ઇચ્છું છું કે તમારી બુદ્ધિ આજીવન આવી જ બની રહે.'

જ્યારે વિદુર ત્યાંથી ચાલ્યા ગયા, ત્યારે દુર્યોધન અને કર્ણે ધૃતરાષ્ટ્રની પાસે આવીને કહ્યું કે 'મહારાજ! વિદુરની સામે અમે તમને કશું કહી શકતા નથી. તમે શત્રુઓની ઉન્નતિને પોતાની ઉન્નતિ માનીને હર્ષ પ્રગટ કરો છો? આપણે તો રાત-દિવસ શત્રુઓના બળનો નાશ કરવાના પ્રયાસમાં લાગ્યા રહેવું જોઈએ. આપણે તો અત્યારથી એવો ઉપાય કરવો જોઈએ કે જેનાથી તેઓ આગળ જતાં આપણી રાજ્યસંપત્તિને હાથવગી ન કરી લે.' ધૃતરાષ્ટ્ર બોલ્યા – 'બેટા! હું પણ એ જ તો કરવા ચાહું છું. પરંતુ વિદુરની સામે વાણીથી તો શું, ચહેરા પર પણ આવો ભાવ પ્રગટ થવો ન જોઈએ. ક્યાંક તેઓ મારા ભાવને જાણી ન જાય, એટલા માટે હું તેની સામે પાંડવોના જ ગુણોનાં વખાણ કરું છું. તમે બંને અત્યારે જે કરવું યોગ્ય સમજતા હો, તે મને જણાવો.'

**દુર્યોધને કહ્યું** – પિતાજી, મારો તો એવો વિચાર છે કે થોડા વિશ્વાસુ ગુપ્તચરો અને ચતુર બ્રાહ્મણોને મોકલીને કુંતી અને માદ્રીના પુત્રોમાં અણબનાવ પેદા કરાવી દેવો અથવા રાજા દ્રુપદ, તેમના પુત્ર અને મંત્રીઓને લોભના ફંદામાં

ફસાવીને વશ કરી લેવા જોઈએ અને તેમના દ્વારા પાંડવોને ત્યાંથી હાંકી કઢાવવા જોઈએ. એવો ઉપાય પણ કરી શકાય કે દ્રૌપદી તેમને છોડી દે. જો કોઈ રીતે કપટ કરીને ભીમસેનને મારી શકાય, તો તો તમામ કાર્ય પાર પડી જશે. ભીમસેન વિના અર્જુન આપણા કર્ણનો ચોથો ભાગ પણ નથી. જો આ ઉપાય તમને યોગ્ય ન લાગતા હોય તો કર્ણને તેમની પાસે મોકલી આપો. જ્યારે તે લોકો કર્ણની સાથે અહીં આવી જાય તે પછી પહેલાંની જેમ કોઈ ને કોઈ ઉપાય કરીશું અને આ વખતે તેઓ બચી શકશે નહિ. દ્રુપદનો પૂરો વિશ્વાસ અને સહાનુભૂતિ પ્રાપ્ત કરતાં પહેલાં જ તેમને મારી નાખવા જોઈએ. મારી તો આ જ સલાહ છે. કર્ણ! આ વિશે તમારી શી રાય છે?

**કર્ણે કહ્યું** – 'દુર્યોધન! હું તો તમારા અભિપ્રાયનું સમર્થન નથી કરતો. તમારા બતાવેલા ઉપાયોથી પાંડવોનું વશમાં થવું સંભવ નથી. તેઓ પરસ્પર એટલો પ્રેમ કરે છે કે તેમની વચ્ચે અણબનાવ શક્ય જ નથી. બધાનો પ્રેમ એક જ સ્ત્રીમાં છે અને તે લગ્નથી પ્રાપ્ત થયો છે. આ કારણે એમની એકતા વિશેષરૂપે સિદ્ધ થાય છે. રાજા દ્રુપદ પણ એક શ્રેષ્ઠ પુરુષ છે. તેઓ ધનના લોભી નથી. તમે સંપૂર્ણ રાજ્ય આપીને પણ તેમને પાંડવોથી વિરુદ્ધ કરી શકશો નહીં. જ્યાં સુધી શ્રીકૃષ્ણ યાદવોની સેના લઈને પાંડવોને રાજ્ય અપાવવા માટે રાજા દ્રુપદને ત્યાં નથી પહોંચ્યા, ત્યાં સુધી તમે તમારું પરાક્રમ પ્રગટ કરી લો. વાત એ છે કે શ્રીકૃષ્ણ પાંડવો માટે પોતાની અપાર સંપત્તિ, બધા જ ભોગો અને રાજ્યનો પણ ત્યાગ કરવામાં નહિ ખચકાય. તેથી મારી રાય તો એ છે કે આપણે એક બહુ મોટી સેના લઈને હમણાં જ ચડાઈ કરી દઈએ અને દ્રુપદને હરાવીને પાંડવોને આપણા પરાક્રમથી જ મારી નાખીએ, કેમકે પાંડવોને સામ, દાન અને ભેદ-નીતિથી વશમાં કરી શકાય એમ નથી. તે વીરોને તો માત્ર વીરતાથી જ મારી નાખવા જોઈએ.' ધૃતરાષ્ટ્રે કહ્યું, 'બેટા કર્ણ! તમે શસ્ત્રાસ્ત્રોમાં તો કુશળ છો જ, નીતિકુશળ પણ છો. તમે જે કાંઈ કહ્યું, તે તમારા અનુરૂપ છે. પરંતુ મારો વિચાર એ છે કે, આચાર્ય દ્રોણ, ભીષ્મ પિતામહ, વિદુર અને તમે બંને – બધા મળીને આ સંબંધમાં ફરીથી વિચારી લો અને એવો ઉપાય શોધી કાઢો, જેથી પરિણામે સુખ મળે.'

રાજા ધૃતરાષ્ટ્રે ભીષ્મ પિતામહ વગેરેને બોલાવ્યા. બધા લોકો ગુપ્ત સ્થાનમાં બેસીને વિચાર કરવા લાગ્યા. ભીષ્મ પિતામહે કહ્યું, 'મને પાંડવો સાથે વેર-વિરોધ કરવો પસંદ નથી. મારા માટે ધૃતરાષ્ટ્ર અને પાંડુ તથા બંનેના પુત્રો સમાન છે. હું બધાને સમાન પ્રેમ કરું છું. જેવો મારો ધર્મ પાંડવોની રક્ષા કરવાનો છે, એવો તમારો પણ છે. હું પાંડવો સાથે ઝઘડો કરવાની વાતનું સમર્થન કરી શકતો નથી. તમે તેમની સાથે મેળ-મેળાપનો વર્તાવ કરો અને તેમનું અડધું રાજ્ય આપી દો. જેમ તમે આ રાજ્યને તમારા બાપ-દાદાનું સમજો છો, તે જ રીતે આ રાજ્ય તેમના બાપ-દાદાનું પણ છે. દુર્યોધન! જો આ રાજ્ય પાંડવોને નહિ મળે તો તમે અથવા ભરતવંશનો કોઈ પણ પુરુષ પોતાને તે રાજ્યનો અધિકારી કઈ રીતે કહી શકશે? તમે જે અત્યારે રાજા બની બેઠા છો, એ તો ધર્મથી વિપરીત છે. તમારાથી પ્રથમ તેઓ આ રાજ્યના અધિકારી છે. તમારે રાજી થઈને તેમનું રાજ્ય પાછું આપી દેવું જોઈએ. આમાં જ તમારું અને બધા લોકોનું હિત છે, અન્યથા નહિ. તમે પોતાના માથે કલંકનો

દાવ કેમ લગાડી રહ્યા છો? જ્યારથી મેં સાંભળ્યું છે કે કુંતી અને પાંચે પાંડવો ભસ્મ થઈ ગયા ત્યારથી મારી આંખોની સામે અંધારું છવાઈ ગયું હતું. તેમના બળી જવામાં જેટલા તમને દોષી માનવામાં આવ્યા એટલો પુરોચનને નહિ. હવે પાંડવોના જીવતા રહેવાથી અને તેમની સાથે હળી-મળીને રહેવાથી તમારું કલંક ભૂંસી શકાય એમ છે. પાંડવો જીવતા છે ત્યાં સુધી સ્વયં ઇન્દ્ર પણ તેમને તેમના રાજ્યથી વંચિત કરી શકતા નથી. તેઓ બુદ્ધિમાન અને ધર્માત્મા છે. પરસ્પર સંપીને રહે છે. તેમને તમે અત્યાર સુધી જે રાજ્યથી દૂર રાખવાનો પ્રયત્ન કર્યો છે, એ અધર્મ છે. ધૃતરાષ્ટ્ર, હું તમને સ્પષ્ટપણે મારો અભિપ્રાય જણાવી દઉં છું. જો તમને ધર્મ પ્રત્યે રતીભાર પણ પ્રેમ હોય, તમે મારું પ્રિય અને પોતાનું કલ્યાણ ઇચ્છતા હો તો, જલદીથી જલદી પાંડવોનું અડધું રાજ્ય તેમને પાછું આપી દો.'

**દ્રોણાચાર્યે કહ્યું** – ધૃતરાષ્ટ્ર! મિત્રોનો એ ધર્મ છે કે જ્યારે તેમની પાસે કોઈ સલાહ પૂછવામાં આવે તો તેઓ ધર્મ, અર્થ અને યશની વૃદ્ધિ થાય તેવી સલાહ આપે. હું મહાત્મા ભીષ્મના અભિપ્રાય સાથે સંમત છું. સનાતન ધર્મ અનુસાર હું એ જ યોગ્ય સમજું છું કે પાંડવોને અડધું રાજ્ય આપી દેવામાં આવે. તમે કોઈ પ્રિયભાષી પુરુષને દ્રુપદની રાજધાનીમાં મોકલો. તે પાંડવો અને નવવધૂ દ્રૌપદી માટે અનેક પ્રકારનાં રત્નો અને સામગ્રી લઈને જાય અને દ્રુપદને કહે કે, 'મહારાજ દ્રુપદ! તમારા પવિત્રવંશમાં સંબંધ થવાથી સમસ્ત કુરુવંશને, રાજા ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનને બહુ જ પ્રસન્નતા થઈ છે. આને તેઓ પોતાના કુળ અને ગૌરવની વૃદ્ધિ માને છે.' ત્યાર પછી જનાર પુરુષ કુંતી અને પાંડવોને આશ્વાસન આપે, સમજાવે, મનાવે. જ્યારે તે લોકોના મનમાં તમારા પ્રતિ વિશ્વાસ જાગે અને તેઓ શાંત થઈ જાય, ત્યારે તેમની સામે અહીં આવવાનો પ્રસ્તાવ મૂકે. દ્રુપદ તરફથી સ્વીકૃતિ મળી જતાં દુઃશાસન અને વિકર્ણ સેના અને સામંતો સાથે ત્યાં જઈને સન્માન સાથે દ્રૌપદી અને પાંડવોને લઈ આવે. એમને એમનું પૈતૃક રાજ્ય આપી દેવામાં આવે. તેમનો આદર કરવાથી બધી પ્રજા તમારા પર પ્રસન્ન થશે, કેમકે બધા લોકો આવું જ ઇચ્છે છે. આ પ્રમાણે હું સ્પષ્ટરૂપે મહાત્મા ભીષ્મની સલાહનું અનુમોદન કરું છું અને તમારા હિતની સલાહ આપું છું. આમાં જ તમારા વંશનું હિત છે.

ભીષ્મ પિતામહ અને દ્રોણાચાર્યની વાત સાંભળીને કર્ણને બળતરા થઈ રહી હતી. તેણે કહ્યું કે, 'મહારાજ! પિતામહ ભીષ્મ અને આચાર્ય દ્રોણ તમારા દ્વારા બધી રીતે સન્માનિત અને સત્કૃત છે. તમે હંમેશાં એમની પાસેથી પોતાના હિતની સલાહ લેતા જ રહો છો. જો વિધાતાએ તમારા ભાગ્યમાં રાજ્ય લખ્યું છે તો સઘળો સંસાર શત્રુ થઈ જાય તો પણ તે તમારા હાથમાંથી જશે નહિ. જો કોઈ પોતાના હૃદયના ભાવને છુપાવીને બૂરા ઇરાદાથી અમંગળને મંગળ કહે તો સમજદાર પુરુષે તેની વાત ન માનવી જોઈએ. તમે સ્વયં બુદ્ધિમાન છો. મંત્રીઓની સલાહ સારી છે કે બૂરી, એનો નિર્ણય તમે સ્વયં કરો. કેમ કે તમે તમારું હિત-અહિત તો સારી રીતે સમજો જ છો.' દ્રોણાચાર્યે કહ્યું કે, 'અરે કર્ણ! હું તારી દુષ્ટતા સમજી રહ્યો છું. તારું હૃદય દુર્ભાવથી ભરેલું છે. તું પાંડવોનું અનિષ્ટ કરવા માટે અમારી સલાહને અનિષ્ટકારી બતાવી રહ્યો છે. મેં મારી બુદ્ધિ પ્રમાણે કુરુવંશની રક્ષા અને હિતની વાત કરી છે. જો મારી સલાહથી કુરુવંશનું અહિત દેખાતું હોય તો તને

જે હિતકર લાગે તે બોલ. હું કહી દઉં છું કે અમારી સલાહ ન માનવાથી શીઘ્ર જ કૌરવવંશનો વિનાશ થઈ જશે.'

**વિદુરે કહ્યું** – મહારાજ! હિતૈષી ભાઈ-બંધુઓનું એ કર્તવ્ય છે કે તે નિઃસંકોચ તમારા હિતની વાત કહી દે. પરંતુ તમે કોઈની વાત સાંભળવા પણ ચાહતા નથી. તેથી જ તેમની વાતને હૃદયમાં ગ્રહણ કરતા નથી. પિતામહ ભીષ્મ અને આચાર્ય દ્રોણે અત્યંત પ્રિય અને હિતકર વાત કહી છે. પરંતુ તમે હજી તેનો સ્વીકાર ક્યાં કર્યો છે? મેં બહુ જ સમજી વિચારીને જોઈ લીધું છે કે ભીષ્મ અને દ્રોણથી વધીને તમારો કોઈ મિત્ર નથી. આ બંને મહાપુરુષો અવસ્થા, બુદ્ધિ અને શાસ્ત્રજ્ઞાન વગેરે બધી વાતોમાં બધાથી ચઢિયાતા છે. એમનાં હૃદયમાં તમારા અને પાંડુના પુત્રો માટે સમાન સ્નેહભાવ છે. ડાબા હાથેથી પણ બાણ ચલાવનાર અર્જુનને બીજો તો શું, ઇન્દ્ર પણ જીતી શકતો નથી. મહાબાહુ ભીમ, જેની ભુજાઓમાં દસ હજાર હાથીઓનું બળ છે, તેને દેવતાઓ પણ યુદ્ધમાં કઈ રીતે જીતી શકે? રણબંકા નકુળ-સહદેવ અથવા ધૈર્ય, દયા, ક્ષમા, સત્ય અને પરાક્રમની મૂર્તિ સમા ધર્મરાજ યુધિષ્ઠિરને પણ યુદ્ધમાં કઈ રીતે હરાવી શકાય? તમારે સમજી લેવું જોઈએ કે પાંડવોના પક્ષમાં સ્વયં શ્રીબલરામજી અને સાત્યકિ છે. ભગવાન શ્રીકૃષ્ણ તેમના સલાહકાર છે. બળવાન અને અસંખ્ય યદુવંશીઓ તેમના માટે પોતાના પ્રાણોને ન્યોછાવર કરવા તૈયાર છે. જો યુદ્ધ થયું તો પાંડવોનો વિજય નિશ્ચિત છે. જો માની લઈએ કે તમારો પક્ષ નિર્બળ નથી, છતાં જે કામ હળીમળીને થઈ શકે છે, તેને લડાઈ-ઝઘડો કરીને સંદેહાત્મક બનાવી દેવું એ કઈ બુદ્ધિમાની છે? જ્યારથી પ્રજાને એ વાતની જાણ થઈ છે કે પાંડવો જીવતા છે, ત્યારથી બધા નાગરિકો, અનાગરિકો તેમનાં દર્શન માટે ઉત્સુક થઈ રહ્યા છે. અત્યારે પાંડવોની વિરુદ્ધ કોઈ કાર્ય કરવાથી રાજ્યમાં બળવો થઈ જશે. તમે પ્રથમ તમારી પ્રજાને પ્રસન્ન કરો. દુર્યોધન, કર્ણ અને શકુનિ વગેરે અધર્મી અને દુષ્ટ છે. તેમની સમજ હજી કાચી છે. તેમની વાત માનશો નહિ. મેં તમને પહેલાં જ જણાવી દીધું હતું કે દુર્યોધનના અપરાધે તમામ પ્રજાનું સત્યાનાશ થઈ જશે.

**ધૃતરાષ્ટ્રે કહ્યું** – 'વિદુર! ભીષ્મ પિતામહ અને આચાર્ય દ્રોણ બહુ જ બુદ્ધિમાન અને ઋષિતુલ્ય છે. એમની સલાહ મારા માટે પરમ હિતકર છે. તમે પણ જે કાંઈ કહ્યું છે, તેનો હું સ્વીકાર કરું છું. યુધિષ્ઠિર વગેરે પાંચે પાંડવ જેમ પાંડુના પુત્રો છે, તેવા મારા પણ છે. મારા પુત્રોની જેમ તેમનો પણ રાજ્ય પર અધિકાર છે. તમે પંચાલદેશમાં જાઓ અને રાજા દ્રુપદની અનુમતિથી કુંતી, દ્રૌપદી અને પાંડવોને આદર સાથે અહીં લઈ આવો.' ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી વિદુરે દ્રુપદની રાજધાની માટે પ્રસ્થાન કર્યું.

—★—

## વિદુરે પાંડવોને હસ્તિનાપુર લાવવા અને ઇન્દ્રપ્રસ્થમાં તેમના રાજ્યની સ્થાપના

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! મહાત્મા વિદુર રથ પર સવાર થઈને પાંડવો પાસે દ્રુપદની રાજધાનીમાં ગયા. વિદુરજી દ્રુપદ, પાંડવ અને દ્રૌપદી માટે જાતજાતનાં રત્નો અને ભેટો પોતાની સાથે લઈ ગયા હતા. તેઓ પ્રથમ નિયમાનુસાર રાજા દ્રુપદને મળ્યા. તેમણે વિદુરનો

ભારે સત્કાર કર્યો. કુશળ પ્રશ્ન પછી વિદુર શ્રીકૃષ્ણ અને પાંડવોને મળ્યા. તેમણે વિદુરજીનો બહુ જ પ્રેમથી આદર-સત્કાર કર્યો. વિદુરજીએ ધૃતરાષ્ટ્રવતી વારંવાર પાંડવોના કુશળ સમાચાર પૂછ્યા. અને બધાને માટે લાવેલી ભેટો અર્પણ કરી. યોગ્ય સમય જોઈને મહાત્મા વિદુરે શ્રીકૃષ્ણ અને પાંડવોની સામે જ દ્રુપદને વિનંતી કરી કે 'મહારાજ! તમે લોકો કૃપા કરીને મારી પ્રાર્થના પર ધ્યાન આપો. મહારાજ ધૃતરાષ્ટ્રે પોતાના પુત્રો અને મંત્રીઓ સહિત તમારા કુશળ-મંગળ પૂછ્યા છે. તમારી સાથે વિવાહ-સંબંધ થવાથી તેમને અત્યંત આનંદ થયો છે. પિતામહ ભીષ્મ અને દ્રોણાચાર્ય પણ આપના કુશળ સમાચાર જાણવા માટે બહુ ઉત્સુક છે. અત્યારે તેઓ જેટલા પ્રસન્ન છે, એટલી પ્રસન્નતા તેમને રાજ્ય મળી જાય તો પણ ન થાત. હવે તમે પાંડવોને હસ્તિનાપુર મોકલવાની તૈયારી કરો. બધા કુરુવંશી પાંડવોને જોવા માટે અધીરા થઈ રહ્યા છે. કુરુકુળની સ્ત્રીઓ નવવધૂ દ્રૌપદીને જોવા માટે બહુ જ આતુર છે. પાંડવોને હસ્તિનાપુર છોડ્યે ઘણો સમય થઈ ગયો છે. તેથી તેઓ પણ ત્યાં જવા ઉત્સુક હશે. તમે હવે આ લોકોને ત્યાં જવાની આજ્ઞા આપો. આપની આજ્ઞા મળતાં જ હું ત્યાં સંદેશો મોકલી દઈશ કે પાંડવો પોતાનાં માતા કુંતી અને દ્રૌપદીની સાથે આનંદપૂર્વક હસ્તિનાપુર આવવા પ્રસ્થાન કરી રહ્યા છે.'

**રાજા દ્રુપદે કહ્યું** – 'મહાત્મા વિદુર! તમારું કહેવું બરાબર છે. કુરુવંશીઓ સાથે સંબંધ કરીને મને પણ ઓછી પ્રસન્નતા નથી થઈ. પાંડવોનું પોતાની રાજધાનીમાં જવું તો યોગ્ય જ છે, પરંતુ હું મારે મોઢે તેમને આવું કહી શકું નહિ. જવા માટે કહેવું મારા માટે શોભાસ્પદ નથી.' યુધિષ્ઠિરે કહ્યું, 'મહારાજ! અમે લોકો અમારા અનુચરો સહિત તમારે અધીન છીએ. તમે પ્રસન્નતાથી જે આજ્ઞા આપશો, તે જ અમે કરીશું.' ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, 'હું તો એવું સમજું છું કે પાંડવોએ અત્યારે હસ્તિનાપુર જવું જોઈએ. આમ તો રાજા દ્રુપદ પણ બધા ધર્મોના મર્મજ્ઞ છે. તેઓ જેમ કહે, તેમ કરવું જોઈએ.' દ્રુપદે કહ્યું, 'પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ દેશ-કાળનો વિચાર કરીને જે કાંઈ કહી રહ્યા છે, તે જ મને યોગ્ય લાગે છે. એમાં તો સંદેહ નથી કે પાંડવોને હું જેટલો પ્રેમ કરું છું, એટલો જ ભગવાન શ્રીકૃષ્ણ પણ કરે છે. પાંડવોની જેટલી મંગળકામના શ્રીકૃષ્ણ કરે છે, એટલી સ્વયં પાંડવો પણ નથી કરતા.'

આ પ્રમાણે સંમતિ લઈને પાંડવો રાજા દ્રુપદને ત્યાંથી વિદાય થયા અને ભગવાન શ્રીકૃષ્ણ મહાત્મા વિદુર, કુંતી તથા દ્રૌપદીની સાથે હસ્તિનાપુર પહોંચી ગયા. રસ્તામાં કોઈને કોઈ પ્રકારનું કષ્ટ ન થયું. જ્યારે રાજા ધૃતરાષ્ટ્રને આ વાતની જાણ થઈ કે વીર પાંડવો આવી રહ્યા છે ત્યારે તેમણે તેમનું સ્વાગત કરવા માટે વિકર્ણ, ચિત્રસેન અને બીજા કૌરવોને સામે મોકલ્યા. દ્રોણાચાર્ય અને કૃપાચાર્ય પણ ગયા. બધા લોકો નગરની પાસે જ પાંડવોને મળ્યા અને બધા સ્વજનોથી વીંટાળાયેલા પાંડવોએ હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો. પાંડવોનાં દર્શન કરવા તમામ નગરવાસીઓ ઊમટી પડ્યા. તેમનાં દર્શન કરીને પ્રજાજનોનાં દુઃખ અને શોક દૂર થઈ ગયાં. પ્રજાજનો આપસમાં પાંડવોની પ્રશંસા કરતાં કહેવા લાગ્યા કે જો અમે દાન, યજ્ઞ, તપ વગેરે કાંઈ પુણ્યકર્મ કર્યાં હોય તો તેના ફળસ્વરૂપે પાંડવો આજીવન આ જ નગરમાં રહે.

પાંડવોએ રાજસભામાં જઈને રાજા ધૃતરાષ્ટ્ર, ભીષ્મ પિતામહ અને સઘળા પૂજ્યપુરુષોના

ચરણોમાં પ્રણામ કર્યા. તેમની આજ્ઞાથી ભોજન-વિશ્રામ બાદ બોલાવવાથી તેઓ ફરી રાજસભામાં ગયા. ધૃતરાષ્ટ્રે કહ્યું, 'યુધિષ્ઠિર! તમે તમારા ભાઈઓ સહિત સાવધાનીપૂર્વક મારી વાત સાંભળો. હવે તમારા લોકોનાં દુર્યોધન વગેરે સાથે કોઈ પ્રકારનો ઝઘડો અને અણબનાવ ન થાય, તેથી તમે અડધું રાજ્ય લઈને ખાંડવપ્રસ્થમાં પોતાની રાજધાની બનાવી લો અને ત્યાં જ રહો. ત્યાં તમને કોઈનો ભય નથી; કેમ કે જેમ ઇન્દ્ર દેવતાઓની રક્ષા કરે છે, તે જ પ્રમાણે અર્જુન તમારી રક્ષા કરશે.' પાંડવોએ રાજા ધૃતરાષ્ટ્રની આ વાત સ્વીકારી લીધી અને તેમના ચરણોમાં પ્રણામ કરીને ખાંડવપ્રસ્થમાં રહેવા લાગ્યા.

વ્યાસ વગેરે મહર્ષિઓએ શુભમુહૂર્તમાં ધરતી માપીને શાસ્ત્રવિધિ અનુસાર રાજભવનનો શિલાન્યાસ કરાવ્યો. થોડા જ દિવસોમાં તે તૈયાર થઈને સ્વર્ગના જેવું દેખાવા લાગ્યું. યુધિષ્ઠિરે પોતાના વસાવેલા નગરનું નામ ઇન્દ્રપ્રસ્થ રાખ્યું. નગરની ચારે બાજુ સમુદ્ર જેવી ઊંડી ખાઈ અને ગગનને સ્પર્શ કરતો કિલ્લો બનાવવામાં આવ્યો. મોટા મોટા દરવાજા, ઊંચા-ઊંચા મહેલ અને નગરનો દરવાજો (ગોપુર) દૂર–દૂરથી દેખાતાં હતાં. ઠેક-ઠેકાણે અસ્ત્ર-વિદ્યા માટે અખાડા બનાવ્યા હતા. નગરની સુરક્ષાનો પાકો બંદોબસ્ત હતો. ભાલા, તોપ, બંદૂકો અને બીજાં યુદ્ધને લગતાં સાધનો ઠેક-ઠેકાણે મૂકવામાં આવ્યાં હતાં. રસ્તા પહોળા, સીધા અને સ્વચ્છ હતા. કુદરતી આપત્તિઓની સામે રક્ષણ મેળવવાના ઉપાયો પણ કરી રાખ્યા હતા. અમરાવતી જેવી ઇન્દ્રપ્રસ્થ નગરી સુંદર-સુંદર ભવનોથી સુશોભિત હતી. નગર તૈયાર થતાં જ વિભિન્ન ભાષાઓના જાણકાર બ્રાહ્મણો, શેઠ-શાહુકારો, કારીગરો, ગુણીજનો આવી–આવીને વસવા લાગ્યા. મોટા-મોટા ઉદ્યાનો, ઉપવનો લીલાંછમ ફળ-ફૂલોથી લદાયેલાં વૃક્ષોથી પરિપૂર્ણ હતાં. ક્યાંક મોર નાચી રહ્યા હતા તો ક્યાંક કોયલો કુહૂ-કુહૂ કરી રહી હતી. પક્ષીઓનો કલરવ તો અનોખો જ હતો. જાતજાતના શીશમહેલ, લતા-કુંજો, ચિત્રશાળાઓ, નકલી પર્વતો, કૃત્રિમ ઝરણાં, વાવ-કૂવા ઠેક-ઠેકાણે શોભી રહ્યાં હતાં. સફેદ, લાલ, નીલા, પીળા કમળોની સુગંધ પ્રસરી રહી હતી. નગરની રચના અને ઉત્તમ પ્રજાજનોથી પાંડવોને બહુ ખુશી થઈ. તેમનું અડધું રાજ્ય મળી ગયું, નગર વસી ગયું, દિવસે-દિવસે ઉન્નતિ થવા લાગી. જ્યારે પાંડવો નિશ્ચિંત થઈને રાજ્ય ભોગવવા લાગ્યા, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામજી તેમની અનુમતિ લઈને દ્વારકા ચાલ્યા ગયા.

—★—

## ઇન્દ્રપ્રસ્થમાં દેવર્ષિ નારદનું આગમન, સુન્દ અને ઉપસુન્દની કથા

**જનમેજયજી કહે છે** – ભગવન્! ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય મળ્યા પછી પાંડવોએ શું શું કર્યું? તેમનાં ધર્મપત્ની દ્રૌપદી તેમની સાથે કેવો વ્યવહાર કરતાં હતાં? તે બધા એક જ પત્નીમાં આસક્ત હોવા છતાં પણ પરસ્પર વૈમનસ્ય અને વિરોધથી કઈ રીતે બચ્યા? હું તેમની કથા વિસ્તારથી સાંભળવા ઇચ્છું છું. તમે કૃપા કરીને સંભળાવો.

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! મહાતેજસ્વી સત્યવાદી ધર્મરાજ યુધિષ્ઠિર પોતાની પત્ની દ્રૌપદી સાથે ઇન્દ્રપ્રસ્થમાં સુખપૂર્વક રહીને ભાઈઓની સહાયતાથી સંપૂર્ણ પ્રજાનું પાલન

કરવા લાગ્યા. બધા શત્રુઓ તેમને વશ થઈ ગયા. ધર્મ અને સદાચારનું પાલન કરવાને કારણે તેમના આનંદમાં કોઈ પ્રકારની ઊણપ ન હતી. એક દિવસની વાત છે. બધા પાંડવો રાજસભામાં કીમતી આસનો પર બેસીને રાજકાર્ય કરી રહ્યા હતા. તે જ સમયે સ્વેચ્છાચારી દેવર્ષિ નારદ ત્યાં આવી પહોંચ્યા. યુધિષ્ઠિરે પોતાના આસન પરથી ઊભા થઈને તેમનું સ્વાગત કર્યું અને તેમને બેસવા માટે શ્રેષ્ઠ આસન આપ્યું. દેવર્ષિ નારદની વિધિપૂર્વક અર્ધ્ય, પાદ્ય આદિ ઉપચારોથી પૂજા કરી. યુધિષ્ઠિરે બહુ જ નમ્રતાથી પોતાના રાજ્યની સંપૂર્ણ માહિતી તેમને આપી. નારદજીએ તેમના સન્માન અર્થે કરેલી પૂજાનો સ્વીકાર કરીને તેમને બેસવાની આજ્ઞા આપી. દ્રૌપદીને દેવર્ષિ નારદજીના શુભાગમનના સમાચાર મોકલી આપ્યા. શીલવતી દ્રૌપદી ખૂબ જ પવિત્રતા અને સાવધાની સાથે દેવર્ષિ નારદજીની પાસે આવી અને પ્રણામ કરીને બહુ જ મર્યાદા સાથે હાથ જોડીને ઊભી રહી. દેવર્ષિ નારદે આશીર્વાદ આપીને દ્રૌપદીને રાણીવાસમાં જવાની આજ્ઞા આપી.

દ્રૌપદીના ગયા પછી **દેવર્ષિ નારદે પાંડવોને એકાંતમાં બોલાવીને કહ્યું** – વીર પાંડવો! યશસ્વિની દ્રૌપદી તમારા પાંચ ભાઈઓની એકમાત્ર પત્ની છે, તેથી તમારે એવો કોઈ નિયમ બનાવવો જોઈએ જેથી આપસમાં કોઈ પ્રકારનો ઝઘડો કે મનદુઃખ ન થાય. પ્રાચીન સમયની વાત છે, અસુર-વંશમાં સુન્દ અને ઉપસુન્દ નામના બે ભાઈ થઈ ગયા. તેમનામાં એટલો ઘનિષ્ઠ પ્રેમ હતો કે તેમના પર કોઈ હુમલો કરી શકતું ન હતું. તેઓ એકસાથે રાજ્ય કરતા, એકી સાથે સૂતા-જાગતા અને એકસાથે જ ખાતા-પીતા હતા. પરંતુ તે બંને તિલોત્તમા નામની એક સ્ત્રી પર આસક્ત થઈ ગયા અને એકબીજાનો પ્રાણ લેનારા બની ગયા. તેથી તમે લોકો એવો નિયમ બનાવો, જેથી પરસ્પરનો પ્રેમ-ભાવ અને અનુરાગ ક્યારેય ઓછો ન થાય અને ન ક્યારેય આપસમાં ફૂટ પડે.'

યુધિષ્ઠિરે વિસ્તારથી પૂછતાં નારદજીએ સુન્દ અને ઉપસુન્દની કથા કહેવાનું શરૂ કર્યું. તેમણે કહ્યું કે, 'હિરણ્યકશિપુના વંશમાં નિકુંભ નામનો એક મહાબળી અને પ્રતાપી દૈત્ય હતો. તેને બે પુત્રો હતા – સુન્દ અને ઉપસુન્દ. બંને ઘણા જ શક્તિશાળી, પરાક્રમી, ક્રૂર અને દૈત્યોના સરદાર હતા. તેમનો ઉદ્દેશ, કાર્ય, ભાવ, સુખ અને દુઃખ એક જ પ્રકારનાં હતાં. એકના વિના બીજો ન તો ક્યાંય જતો હતો કે ન કશું ખાતો-પીતો હતો. વધારે શું, તેઓ એક પ્રાણ, બે શરીર હતા. બંનેની વૃદ્ધિ પણ એકસરખી જ થવા લાગી. તેમણે ત્રિલોકને જીતી લેવાની ઇચ્છાથી વિધિપૂર્વક દીક્ષા લીધી અને વિન્ધ્યાચળ પર્વત પર તપસ્યા કરવા લાગ્યા. તેઓ ભૂખ્યા-તરસ્યા રહીને, જટા-વલ્કલ ધારણ કરીને માત્ર હવા પીને તપ કરવા લાગ્યા. તેમના શરીર ઉપર માટીનો રાફડો જામી ગયો. માત્ર એક અંગૂઠા પર ઊભા રહીને બંને હાથ ઉપર કરીને તેઓ સૂર્ય તરફ એકીટશે જોતા રહ્યા. ઘણા દિવસ સુધી આવી કઠોર તપસ્યા કરવાથી વિન્ધ્ય પર્વત પણ પ્રભાવિત થઈ ગયો. તેમની તપસ્યાનું ફળ આપવા માટે સ્વયં બ્રહ્માજી પ્રગટ થયા અને તેમને વરદાન માગવા કહ્યું. સુન્દ-ઉપસુન્દે બ્રહ્માજીને જોઈને, હાથ જોડીને કહ્યું – 'પ્રભુ! જો તમે અમારી તપસ્યાથી પ્રસન્ન છો અને અમને વરદાન આપવા ઇચ્છો છો તો એવી કૃપા કરો કે અમે બંને શ્રેષ્ઠ માયાવી, અસ્ત્ર-શસ્ત્રોના જાણકાર, સ્વેચ્છાનુસાર રૂપ બદલનારા, બળવાન અને અમર થઈ જઈએ.' બ્રહ્માજીએ કહ્યું, 'અમર થવું એ તો દેવતાઓની

વિશેષતા છે. તમારી તપસ્યાનો આ ઉદ્દેશ પણ ન હતો. તેથી અમર થવા સિવાયનું તમે જે માગ્યું છે, તે મળી જશે.' બંને ભાઈઓએ કહ્યું, 'પિતામહ! ત્યારે તમે અમને એવું વરદાન આપો કે અમે સંસારના કોઈ પ્રાણી અથવા પદાર્થ દ્વારા ન મરીએ. અમારું મૃત્યુ જ્યારે પણ થાય ત્યારે અમારા એકબીજાના હાથે જ થાય.' બ્રહ્માજીએ તેમને આ વરદાન આપી દીધું અને પાછા પોતાના લોકમાં ચાલ્યા ગયા. તે બંને વરદાન પામીને પોતાને ઘેર પાછા આવ્યા.

સુન્દ અને ઉપસુન્દના ભાઈ-બંધુઓના હર્ષનો પાર ન રહ્યો. બંને ભાઈ સજી-ધજીને ઉત્સવ મનાવવા લાગ્યા. 'ખાઓ, પીઓ અને લહેર કરો'ના અવાજથી તેમનું નગર ગુંજી ઊઠ્યું. જ્યારે નગરમાં ઘેર-ઘેર આવો ઉત્સવ થવા લાગ્યો ત્યારે સુન્દ-ઉપસુન્દ વડીલ-વૃદ્ધોની સલાહથી દિગ્વિજય માટે રવાના થયા. તેમણે ઇન્દ્રલોક, યક્ષ, રાક્ષસ, નાગ, મ્લેચ્છ વગેરે બધા પર વિજય પ્રાપ્ત કરીને સંપૂર્ણ પૃથ્વી પોતાના વશમાં કરવાની ચેષ્ટા કરી. બંને ભાઈઓની આજ્ઞાથી અસુરો ફરી-ફરીને બ્રહ્મર્ષિઓ અને રાજર્ષિઓનો નાશ કરવા લાગ્યા. તેઓ બ્રાહ્મણોના અગ્નિહોત્રનો અગ્નિ ઉઠાવીને પાણીમાં ફેંકી દેતા. તપસ્વીઓના આશ્રમ ઊજડી ગયા. તેમાં ભાંગેલાં-તૂટેલાં કમંડળો, સુવા અને કળશો જ જોવા મળતા હતા. જ્યારે ઋષિઓ દુર્ગમ સ્થાનોમાં જઈને છુપાવા લાગ્યા ત્યારે તે બંને અસુરો હાથી, સિંહ અને વાઘ બનીને તેમની હત્યા કરવા લાગ્યા. બ્રાહ્મણો અને ક્ષત્રિયોનો નાશ થવા લાગ્યો. યજ્ઞો, સ્વાધ્યાય અને ઉત્સવો બંધ થઈ જવાથી ચારે બાજુ હાહાકાર મચી ગયો. બજારનો કારોબાર બંધ થઈ ગયો. સંસ્કારોનો લોપ થઈ જતાં અને હાડકાંઓના ઢગલા ખડકાઈ જવાથી પૃથ્વી ભયંકર બની ગઈ.

આ ભયંકર હત્યાકાંડને જોઈને જિતેન્દ્રિય ઋષિ-મુનિઓ અને મહાત્માઓને ભારે દુઃખ થયું. બધા મળીને બ્રહ્મલોકમાં ગયા. તે સમયે બ્રહ્માજીની પાસે મહાદેવ, ઇન્દ્ર, અગ્નિ, વાયુ, સૂર્ય, ચંદ્ર વગેરે દેવતાઓ, વૈખાનસ, વાલખિલ્ય વગેરે બધા ઉપસ્થિત હતા. મહર્ષિઓ અને દેવતાઓએ બહુ જ નમ્રતા સાથે બ્રહ્માજીને જણાવ્યું કે સુન્દ અને ઉપસુન્દે પ્રજાને ક્રૂર રીતે સાફ કરી નાખી છે અને કેટલાં નિષ્ઠુર કર્મો કર્યાં છે. બ્રહ્માજીએ ઘડીક વિચાર કરીને વિશ્વકર્માને બોલાવ્યા અને કહ્યું કે તમે એક એવી અનુપમ સુંદરી બનાવો જે સૌનું મન લોભાવે. વિશ્વકર્માજીએ ઘણો વિચાર કરીને એક ત્રિલોકસુંદરી અપ્સરાનું નિર્માણ કર્યું. સંસારનાં સઘળાં શ્રેષ્ઠ રત્નોનો તલ-તલભાર અંશ લઈને તેનું એક-એક અંગ બનાવવામાં આવ્યું. તેથી બ્રહ્માજીએ તે સુંદરીનું નામ તિલોત્તમા રાખ્યું. તિલોત્તમાએ બ્રહ્માજીને હાથ જોડીને પૂછ્યું કે, 'ભગવન્! મને શી આજ્ઞા છે?' બ્રહ્માજીએ કહ્યું – 'તિલોત્તમા! તમે સુન્દ અને ઉપસુન્દ પાસે જાઓ અને પોતાના મનોહર રૂપથી તેમને મોહિત કરી દો. તમારી સુંદરતા અને કુશળતાથી તે બંનેમાં ફૂટ પડી જાય, એવો ઉપાય કરો.' તિલોત્તમાએ બ્રહ્માજીની આજ્ઞા સ્વીકારીને પ્રણામ કર્યા અને બધા દેવતાઓની પ્રદક્ષિણા કરી. તેના રૂપની સુંદરતા જોઈને દેવતાઓ અને ઋષિઓએ સમજી લીધું કે હવે કામ સફળ થવામાં ઝાઝો વિલંબ નહિ થાય.

અહીં બંને દૈત્યો પૃથ્વી પર વિજય પ્રાપ્ત કરીને નિશ્ચિંત ભાવે નિષ્કંટક રાજ્ય કરવા લાગ્યા. તેમનો સામનો કરનાર તો કોઈ હતું નહિ, તેથી તેઓ આળસુ અને વિલાસી થઈ

ગયા. એક દિવસ બંને ભાઈ વિન્ધ્યાચળની તળેટીમાં રંગબેરંગી પુષ્પોથી લદાયેલાં સુગંધિત લતા-વૃક્ષોની ગીચ ઝાડીમાં મનોરંજન કરી રહ્યા હતા. તે જ સમયે તિલોત્તમા પોતાના હાવ-ભાવ પ્રદર્શિત કરતી, ફૂલોને પંપાળતી તેમની સામે આવી પહોંચી. તે બંને મદિરા પીને નશામાં ચકચૂર થઈ રહ્યા હતા. તેમની આંખોમાં ઘેન હતું. તિલોત્તમા પર દૃષ્ટિ પડતાં જ તેઓ મોહિત થઈ ગયા અને પોતાના સ્થાનેથી ઊઠીને તિલોત્તમા પાસે આવી ગયા. તે એટલા કામાન્ધ થઈ ગયા હતા કે તેમણે કશો જ વિચાર કર્યા વિના તિલોત્તમાના હાથ પકડી લીધા. સુન્દે જમણો અને ઉપસુન્દે ડાબો હાથ પકડ્યો. તે બંને શારીરિક બળ, ધન, નશો અને ઉદ્ધતાઈમાં એકબીજાથી કમ ન હતા. તેથી કામાતુર થઈને આપસમાં જ ખેંચતાણ કરવા લાગ્યા. સુન્દે કહ્યું, 'અરે આ તો મારી પત્ની છે, તારી તો ભાભી થાય.' ઉપસુન્દે કહ્યું, 'આ તો મારી પત્ની છે, તમારી પુત્રવધૂ જેવી છે.' બંને પોતપોતાની વાત પર મક્કમ રહ્યા અને તારી-મારી કરીને ઝઘડો કરવા લાગ્યા. ક્રોધના આવેગમાં બંને પોતાના પ્રેમ અને સૌહાર્દને ભૂલી ગયા. ગદાઓ ઉપાડી અને 'પહેલાં મેં આનો હાથ પકડ્યો છે, પહેલાં મેં હાથ પકડ્યો છે.' એમ કહેતા રહીને બંને એકબીજા પર તૂટી પડ્યા. બંનેનાં શરીર લોહીથી લદબદ થઈ ગયાં. થોડી જ વારમાં બંને અસુરો જમીન પર પડતા દેખાયા. તેમની આ દશા જોઈને તેમના સાથી સ્ત્રી-પુરુષો પાતાળમાં ભાગી ગયા. દેવતાઓ, મહર્ષિઓ અને સ્વયં બ્રહ્માજીએ તિલોત્તમાની પ્રશંસા કરી અને તેને એવું વરદાન આપ્યું કે કોઈ પણ મનુષ્યની દૃષ્ટિ તારા પર વધારે વાર ટકી શકશે નહિ. ઇન્દ્રને રાજ્ય મળ્યું, સંસારની વ્યવસ્થા બરાબર થઈ ગઈ અને બ્રહ્માજી પોતાના લોકમાં ચાલ્યા ગયા.

**નારદજીએ કહ્યું** – પાંડુનંદન! સુન્દ અને ઉપસુન્દ એકબીજા સાથે અત્યંત હળી-મળીને રહેનારા તથા એક પ્રાણ, બે શરીર હતા. પરંતુ એક સ્ત્રી તેમનામાં ફૂટ અને વિનાશનું કારણ બની. મારો તમારા બધા પર અતિશય પ્રેમ અને અનુરાગ છે. તેથી હું તમને આ વાત કહી રહ્યો છું કે તમે એવો નિયમ કરી લો, જેથી દ્રૌપદીને કારણે તમારા લોકોમાં ઝઘડો થવાનો કોઈ પ્રસંગ જ ન આવે. દેવર્ષિ નારદની વાત સાંભળીને પાંડવોએ તેમનું અનુમોદન કર્યું તેમની સામે જ એવી પ્રતિજ્ઞા કરી કે એક નિયમિત સમય સુધી એક-એક ભાઈની પાસે દ્રૌપદી રહેશે. જ્યારે એક ભાઈ દ્રૌપદી સાથે એકાંતમાં હશે, ત્યારે બીજો ભાઈ ત્યાં જશે નહિ. જો કોઈ ભાઈ ત્યાં જઈને દ્રૌપદીના એકાંતવાસને જોઈ લેશે તો તેને બ્રહ્મચારી થઈને બાર વર્ષ સુધી વનમાં રહેવું પડશે. પાંડવોએ આવો નિયમ બનાવી લીધા પછી નારદજી પ્રસન્નતાપૂર્વક ત્યાંથી ચાલ્યા ગયા. જનમેજય! આ જ કારણ છે કે પાંડવોમાં દ્રૌપદીને કારણે ફૂટ પડી નહિ.

—★—

## નિયમ-ભંગ માટે અર્જુનનો વનવાસ તથા ઉલૂપી અને ચિત્રાંગદા સાથે લગ્ન

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! પાંડવો એવો નિયમ બનાવીને ત્યાં રહેવા લાગ્યા. તેમણે તેમનાં શારીરિક બળ અને અસ્ત્ર-કૌશલથી એક-એક કરીને રાજાઓને વશ કરી લીધા. દ્રૌપદી બધાને અનુકૂળ રહેતી હતી. પાંડવો તેને પ્રાપ્ત કરીને બહુ સુખી અને સંતુષ્ટ

થયા. તેઓ ધર્માનુસાર પ્રજાનું પાલન કરતા હતા. તેમની ધાર્મિકતાના પ્રભાવથી કુરુવંશીઓના દોષ પણ નિવૃત્ત થવા લાગ્યા.

એક દિવસની વાત છે. લુટારાઓએ કોઈ બ્રાહ્મણની ગાયો લૂંટી લીધી અને તેમને લઈને ભાગવા લાગ્યા. બ્રાહ્મણને બહુ ક્રોધ આવ્યો અને તે ઈન્દ્રપ્રસ્થમાં આવીને પાંડવોની સામે કરુણ આક્રંદ કરવા લાગ્યો. બ્રાહ્મણે કહ્યું કે 'પાંડવો! તમારા રાજ્યમાં દુરાત્મા અને લુટારા મારી ગાયો પડાવીને જબરજસ્તીથી લઈ જઈ રહ્યા છે. તમે દોડીને ગાયોને છોડાવો. જે રાજા પ્રજા પાસેથી કર લઈને પણ તેની રક્ષાનો બંદોબસ્ત નથી કરતો, તે પાપી છે તેમાં સંદેહ નથી. હું બ્રાહ્મણ છું. ગાયોનું છિનવાઈ જવું એ મારા ધર્મનો નાશ છે. તમારા માટે યોગ્ય એ છે કે તમે અત્યારે જ પૂરી શક્તિથી મારી ગાયોની રક્ષા કરો.' અર્જુને બ્રાહ્મણનું કરુણ આક્રંદ સાંભળીને તેને ધીરજ આપી. પરંતુ તેની સામે મુશ્કેલી એ હતી કે જે ઘરમાં રાજા યુધિષ્ઠિર દ્રૌપદીની સાથે બેઠા હતા, તે જ ઘરમાં તેમનાં અસ્ત્ર-શસ્ત્ર હતાં. નિયમ પ્રમાણે અર્જુન તે ઘરમાં જઈ શકતા ન હતા. એક બાજુ પારિવારિક નિયમ અને બીજી બાજુ બ્રાહ્મણનો કરુણ વિલાપ. અર્જુન બહુ જ દુવિધામાં પડી ગયા. તેમણે વિચાર્યું કે બ્રાહ્મણનું ગોધન પાછું મેળવી તેનાં આંસુ લૂંછવાં એ મારું વાસ્તવિક કર્તવ્ય છે. જો હું આની ઉપેક્ષા કરી દઈશ તો રાજાને અધર્મ થશે, અમારી નિંદા થશે અને પાપ પણ લાગશે. બીજી બાજુ પ્રતિજ્ઞા-ભંગ કરવાથી પણ પાપ લાગશે, વનમાં જવું પડશે. સારી વાત છે. હું બ્રાહ્મણની રક્ષા કરીશ. કોઈ અડચણ ભલે હોય. નિયમ-ભંગના કારણે ગમે તેવું પ્રાયશ્ચિત્ત કેમ ન કરવું પડે, ભલે પ્રાણ પણ કેમ ન ચાલ્યા જાય, આ ગરીબ બ્રાહ્મણના ગોધનની રક્ષા કરવી એ મારો ધર્મ છે અને તે મારા જીવનની રક્ષા કરતાં વધારે મહત્ત્વપૂર્ણ છે.' અર્જુન રાજા યુધિષ્ઠિરના ઘરમાં નિઃસંકોચ ચાલ્યા ગયા. રાજાની અનુમતિ લઈને ધનુષ્ય લીધું અને આવીને બ્રાહ્મણને કહ્યું, 'બ્રાહ્મણદેવતા! જલદી ચાલો. હજી તે દુષ્ટ વધારે દૂર નથી ગયા. તેમની પાસેથી ગોધન છોડાવી લાવીએ.' થોડી વારમાં જ અર્જુને બાણોની ઝડી વરસાવીને લુટારુઓને મારીને ગાયો લાવીને બ્રાહ્મણને સોંપી દીધી. નાગરિકોએ અર્જુનની ઘણી પ્રશંસા કરી. કુરુવંશીઓએ તેમને અભિનંદન આપ્યાં. અર્જુને યુધિષ્ઠિર પાસે જઈને કહ્યું, 'ભાઈ! મેં તમારા એકાંતગૃહમાં જઈને પ્રતિજ્ઞા તોડી છે. તેથી મને બાર વર્ષ વનવાસ જવાની આજ્ઞા આપો. કેમકે આપણી વચ્ચે આવો નિયમ બનાવી દેવામાં આવ્યો છે.' એકાએક અર્જુનના મોઢે આવી વાત સાંભળીને યુધિષ્ઠિર શોકમાં પડી ગયા. તેમણે વ્યાકુળ થઈને અર્જુનને કહ્યું, 'ભાઈ! જો તમે મારી વાત માનો તો હું જે કહું છું તે સાંભળો. જો તમે નિયમભંગ કર્યો પણ છે તો તેને હું ક્ષમા કરું છું. મારા અંતઃકરણમાં તેનાથી જરા પણ દુઃખ થયું નથી, તમે તો બહુ સરસ કામ કર્યું છે. મોટો ભાઈ સ્ત્રી સાથે બેઠો હોય તો ત્યાં નાના ભાઈનું જવું અપરાધ નથી. નાનો ભાઈ સ્ત્રી સાથે બેઠો હોય તો ત્યાં મોટા ભાઈએ જવું ન જોઈએ. તમે વનવાસનો વિચાર મૂકી દો. ન તો તમારા ધર્મનો લોપ થયો છે કે ન મારું અપમાન.' અર્જુને કહ્યું, 'તમે જ કહો છો કે ધર્મપાલનમાં બહાનાબાજી ન કરવી જોઈએ. હું શસ્ત્રનો સ્પર્શ કરીને સાચું કહું છું કે હું મારી પ્રતિજ્ઞાને ક્યારેય તોડીશ નહિ.' અર્જુને વનવાસની દીક્ષા લીધી અને બાર વર્ષ સુધી વનવાસ

ભોગવવા માટે ચાલી નીકળ્યા. અર્જુનની સાથે ઘણાબધા વેદ-વેદાંગના મર્મજ્ઞ, અધ્યાત્મચિંતક, ભગવદ્‌ભક્ત, ત્યાગી બ્રાહ્મણ, કથાવાચક, વાનપ્રસ્થ અને ભિક્ષાવૃત્તિથી જીવનારા પણ ચાલ્યા. ઠેક-ઠેકાણે કથાઓ થતી હતી. તેમણે સેંકડો વન, સરોવર, નદી, પુણ્યતીર્થ, દેશ અને સમુદ્રનાં દર્શન કર્યાં. અંતમાં હરિદ્વાર પહોંચીને તેઓ થોડા દિવસ ત્યાં રોકાયા. બ્રાહ્મણોએ અનેક સ્થાનોમાં અગ્નિહોત્રની સ્થાપના કરી લીધી. સ્વાહા-સ્વાહાનો ગંભીર ધ્વનિ ગુંજી ઊઠ્યો.

એક દિવસ અર્જુન સ્નાન કરવા માટે ગંગાજીમાં ઊતર્યા. તેઓ સ્નાન-તર્પણ કરીને બહાર નીકળવાના જ હતા કે નાગકન્યા ઉલૂપીએ કામાસક્ત થઈને તેમને જળમાં ખેંચી લીધા અને પોતાના ભવન પર લઈ ગઈ. અર્જુને જોયું કે ત્યાં યજ્ઞનો અગ્નિ પ્રજ્જ્વલિત થઈ રહ્યો છે. એમણે તેમાં હવન કર્યો અને અગ્નિદેવને પ્રસન્ન કરીને નાગકન્યા ઉલૂપીને પૂછ્યું, 'સુંદરી! તમે કોણ છો? તમે આવું સાહસ કરીને મને કયા દેશમાં લઈ આવી છો?' ઉલૂપીએ કહ્યું, 'હું ઐરાવત વંશના કૌરવ્ય નાગની કન્યા ઉલૂપી છું. હું તમને પ્રેમ કરું છું. તમારા સિવાય મારી બીજી કોઈ ગતિ નથી. તમે મારી અભિલાષા પૂર્ણ કરો, મારો સ્વીકાર કરો.' અર્જુને કહ્યું, 'દેવી! મેં ધર્મરાજ યુધિષ્ઠિરની આજ્ઞાથી બાર વર્ષના બ્રહ્મચર્યનો નિયમ લીધો છે. હું સ્વતંત્ર નથી. હું તમને પ્રસન્ન કરવા ચાહું તો છું, પરંતુ હું અત્યાર સુધી ક્યારેય કોઈ પ્રકારનું અસત્ય બોલ્યો નથી. મને અસત્યનું પાપ ન લાગે, મારા ધર્મનો લોપ ન થાય એવું જ કામ તમારે કરવું જોઈએ.' ઉલૂપીએ કહ્યું, 'તમે લોકોએ દ્રૌપદી માટે જે મર્યાદા બનાવી હતી, તે હું જાણું છું. પરંતુ તે નિયમ દ્રૌપદી સાથે ધર્મ-પાલન કરવા માટે જ છે. આ લોકમાં મારી સાથે તે ધર્મ લોપ થતો નથી. સાથે-સાથે આર્ત (દુઃખી) રક્ષા, પણ પરમ ધર્મ છે. હું દુઃખી છું, તમા સામે રડી રહી છું. જો તમે મારી ઇચ્છા પૂ નહિ કરો તો હું મરી જઈશ. મારા પ્રાણો રક્ષા કરવાથી તમારો ધર્મ-લોપ નહિ થા આર્તરક્ષાનું પુણ્ય જ થશે. તમે મને પ્રાણદા આપીને ધર્મની પ્રાપ્તિ કરો.' અર્જુન ઉલૂપીન પ્રાણરક્ષાને ધર્મ સમજીને તેની ઇચ્છા પૂરી ક અને રાતભર ત્યાં રહ્યા. બીજા દિવસે તે ત્યાંથી નીકળીને હરદ્વાર આવી ગય નીકળતીવેળાએ નાગકન્યા ઉલૂપીએ અર્જુન વરદાન આપ્યું કે 'કોઈ પણ જળચર પ્રાણી તમને ભય ન થાઓ. બધા જળચરો તમા આધીન રહેશે.' અર્જુને ત્યાંની બધી ઘટ બ્રાહ્મણોને કહી. ત્યાર પછી તેઓ હિમાલયન તળેટીમાં ચાલ્યા ગયા. અગસ્ત્યવટ, વસિષ્ઠપર્વ ભૃગુતુંગ વગેરે પુણ્યતીર્થોમાં સ્નાન કરત ઋષિઓનાં દર્શન કરતા રહીને વિચરણ કર લાગ્યા. તેમણે ઘણી ગાયોનું દાન કર્યું તથા અં વંગ અને કલિંગ વગેરે દેશોમાં આવેલાં તીર્થો દર્શન કર્યાં. જે થોડા બ્રાહ્મણો અર્જુનની સા રહી ગયા હતા, તેઓ પણ કલિંગ દેશની સીમા તેમની અનુમતિ લઈને પાછા ફરી ગયા.

અર્જુન મહેન્દ્રપર્વત પર થઈને સમુદ્રકિના ચાલતાં ચાલતાં મણિપુર પહોંચ્યા. ત્યાંના રાજ ચિત્રવાહન મોટા ધર્માત્મા હતા. તેમન સર્વાંગસુંદર કન્યાનું નામ ચિત્રાંગદા હતું. એ દિવસે અર્જુનની દૃષ્ટિ તેના પર પડી ગઈ. તેઓ સમજી ગયા કે આ અહીંની રાજકુમારી છે. અને તેમણે રાજા ચિત્રવાહન પાસે જઈને કહ્યું - 'રાજન! હું કુલીન ક્ષત્રિય છું. તમે મારી સાથે તમારી કન્યાનાં લગ્ન કરી દો.' ચિત્રવાહનન

પૂછવાથી અર્જુને જણાવ્યું કે, 'હું પાંડુપુત્ર અર્જુન છું.' ચિત્રવાહને કહ્યું કે, વીરશ્રેષ્ઠ! મારા પૂર્વજોમાં પ્રભંજન નામના એક રાજા થઈ ગયા. તેમણે સંતાન ન થવાથી ઉગ્ર તપસ્યા કરીને દેવાધિદેવ મહાદેવને પ્રસન્ન કર્યા. તેમણે વરદાન આપ્યું કે તમારા વંશમાં બધાને એક–એક સંતાન થતું રહેશે. ત્યારથી અમારા વંશમાં એ પ્રમાણે જ થતું આવ્યું છે. મારી આ એક જ કન્યા છે. આને હું પુત્ર જ સમજું છું. આનો હું પુત્રિકા-ધર્મ પ્રમાણે લગ્ન કરીશ, જેથી આનો પુત્ર મારો દત્તક પુત્ર થઈ જાય અને તે મારો વંશપ્રવર્તક બને.' અર્જુને રાજાની શરત માની લીધી. વિધિપૂર્વક લગ્ન થયાં. પુત્ર થયા પછી અર્જુન રાજાની અનુમતિ લઈને ફરીથી તીર્થયાત્રા માટે ચાલી નીકળ્યા.

વીરશ્રેષ્ઠ અર્જુન ત્યાંથી ચાલીને સમુદ્રના કિનારે-કિનારે અગસ્ત્યતીર્થ, સૌભદ્રતીર્થ, પૌલોમતીર્થ, કારન્ધમતીર્થ અને ભારદ્વાજ તીર્થમાં ગયા. તે તીર્થોની પાસેના ઋષિ-મુનિઓ તેમાં સ્નાન કરતા ન હતા. અર્જુનના પૂછવાથી ખબર પડી કે તેમાં મોટા મોટા મગર રહે છે, જે ઋષિ-મુનિઓને ગળી જાય છે. તપસ્વીઓના રોકવા છતાં પણ અર્જુને સૌભદ્રતીર્થમાં જઈને સ્નાન કર્યું. જ્યારે ત્યાં મગરે અર્જુનનો પગ પકડ્યો, ત્યારે તેઓ તેને ઉપાડીને બહાર લઈ આવ્યા. પરંતુ તે સમયે એવી વિચિત્ર ઘટના બની કે તે મગર તરત જ એક સુંદર અપ્સરાનાં રૂપમાં ફેરવાઈ ગયો. અર્જુનના પૂછવાથી અપ્સરાએ કહ્યું કે, 'હું કુબેરની પ્રેયસીવર્ગા નામની અપ્સરા છું. એક વાર હું મારી ચાર સખીઓની સાથે કુબેર પાસે જઈ રહી હતી. રસ્તામાં એક તપસ્વીના તપમાં અમે લોકોએ વિઘ્ન ઊભું કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તપસ્વીના મનમાં કામનો તો ઉદય ન થયો, બલકે તેમણે ક્રોધવશ શાપ આપી દીધો કે 'તમે પાંચે મગર થઈને સો વર્ષ સુધી પાણીમાં રહો.' દેવર્ષિ નારદ પાસેથી જાણવા મળ્યું કે પાંડુપુત્ર અર્જુન અહીં આવીને થોડા જ દિવસમાં અમારો ઉદ્ધાર કરી દેશે, અમે લોકો આ તીર્થોમાં મગરરૂપે રહીએ છીએ. તમે મારો તો ઉદ્ધાર કરી દીધો, હવે મારી ચાર સખીઓનો પણ ઉદ્ધાર કરો.' ઉલૂપીના વરદાનના પ્રભાવથી અર્જુનને જળચરોનો કોઈ ભય તો હતો જ નહિ, તેમણે બધી અપ્સરાઓનો ઉદ્ધાર તો કરી જ દીધો, તેમના પ્રયત્નથી ત્યાંનાં બધાં તીર્થો પણ ભયમુક્ત થઈ ગયાં.

ત્યાંથી પાછા આવીને અર્જુન ફરી એકવાર મણિપુર ગયા. ચિત્રાંગદાના ગર્ભથી જે પુત્ર થયો હતો, તેનું નામ બભ્રુવાહન રાખવામાં આવ્યું. અર્જુને રાજા ચિત્રવાહનને કહ્યું કે તમે આ બાળકને લઈ લો, જેથી તમારી શરત પૂરી થઈ જાય. તેમણે ચિત્રાંગદાને પણ બભ્રુવાહનના પાલનપોષણ માટે ત્યાં રહેવાની આવશ્યકતા જણાવી અને તેને રાજસૂય યજ્ઞમાં પોતાના પિતાની સાથે ઈન્દ્રપ્રસ્થ આવવા માટે કહીને ફરી તીર્થયાત્રા માટે તેઓ ગોકર્ણક્ષેત્ર ગયા.

દક્ષિણી સમુદ્રના ઉત્તરતટ પર આવેલાં તીર્થોની યાત્રા કરીને અર્જુન પશ્ચિમ સમુદ્રના તટવર્તી તીર્થોની યાત્રા કરવા લાગ્યા. જ્યારે તેઓ પ્રભાસક્ષેત્રમાં પહોંચ્યા, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણને તેમના ત્યાં આવવાના સમાચાર મળ્યા અને તેઓ તે જ સમયે પોતાના પરમ મિત્રને મળવા માટે પ્રભાસક્ષેત્ર ગયા. નર અને નારાયણના મિલનથી આનંદની ભરતી આવી, બંને એકબીજાને ગળે લગાડીને મળ્યા. કુશળ-મંગળ, તીર્થયાત્રા અને તેના કારણ વિશે

વિસ્તારથી વાતચીત થઈ. થોડા સમય સુધી બંને મિત્રો રૈવતક પર્વત પર જઈને રહેવા લાગ્યા. ત્યાં શ્રીકૃષ્ણના સેવકોએ પહેલેથી જ રહેવાની, ખાવા-પીવાની અને ફરવાની વ્યવસ્થા કરી રાખી હતી. ત્યાં ભગવાન શ્રીકૃષ્ણ તરફથી અર્જુનનું રાજોચિત સંમાન અને વિવિધ પ્રકારે મનોરંજન કરવામાં આવ્યું. રાત્રે વિશ્રામના સમયે અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને પોતાની યાત્રાના અનુભવોનું વર્ણન કરતા હતા.

ત્યાંથી રથ પર બેસીને બન્ને મિત્રો દ્વારકા ગયા. અર્જુનના સન્માન માટે દ્વારકાપુરીનાં ઉપવનો, મહેલો, રસ્તાઓ – બધું શણગારવામાં આવ્યું હતું. યદુવંશીઓએ ઘણા ઉત્સાહથી અર્જુનનો સ્વાગત-સત્કાર કર્યો અને પોતાની સ્થિતિ, પદ અને યોગ્યતા અનુસાર તેમનું અભિવાદન કર્યું. દ્વારકાપુરીમાં તેઓ ભગવાન શ્રીકૃષ્ણના નિજમંદિરમાં જ રોકાયા અને બંને રાત્રિ-વિશ્રામ પણ સાથે જ કરતા હતા.

—★—

## સુભદ્રાહરણ તથા અભિમન્યુ અને પ્રતિવિન્ધ્ય વગેરે કુમારોનો જન્મ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! એકવાર વૃષ્ણિ, ભોજ અને અંધક વંશના યાદવોએ રૈવતક પર્વત પર બહુ મોટો ઉત્સવ કર્યો. એ અવસર પર બ્રાહ્મણોને હજારો રત્નો અને અપાર સંપત્તિનું દાન કરવામાં આવ્યું. યદુવંશી કુમારો સજીધજીને ફરી રહ્યા હતા. અક્રૂર, સારણ, ગદ, બભ્રુ, વિદૂરથ, નિશઠ, ચારુદેષ્ણ, પૃથુ, વિપૃથુ, સત્યક, સાત્યકિ, હાર્દિક્ય, ઉદ્ધવ, બલરામ તથા બીજા મુખ્ય-મુખ્ય યાદવો પોતાની પત્નીઓ સાથે ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યા હતા. ગંધર્વો અને બંદીજનો તેમની પવિત્ર કીર્તિનું ગાન કરી રહ્યા હતા. વાજિંત્રો, નાચ, તમાશાની ભીડ સર્વત્ર લાગેલી હતી. આ ઉત્સવમાં ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન પણ બહુ પ્રેમથી સાથે-સાથે ફરી રહ્યા હતા. ત્યાં શ્રીકૃષ્ણની બહેન સુભદ્રા પણ હતી. તેનાં સૌંદર્યથી મોહિત થઈને અર્જુન એકીટશે તેની સામે જોવા લાગ્યા. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનના અભિપ્રાયને જાણી લઈને કહ્યું કે 'ક્ષત્રિયોમાં સ્વયંવરનો રિવાજ છે. પરંતુ એવું નક્કી ન કહેવાય કે સુભદ્રા સ્વયંવરમાં તમને વરશે કે નહિ, કેમકે બધાંની રુચિ ભિન્ન-ભિન્ન હોય છે. ક્ષત્રિયોમાં બળપૂર્વક હરણ કરીને પણ લગ્ન કરવાની પ્રથા છે. તમારા માટે આ જ રસ્તો ઉત્તમ છે.' ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુને આપસમાં આ પ્રમાણે વાતચીત કરીને અનુમતિ પ્રાપ્ત કરવા માટે યુધિષ્ઠિરની પાસે દૂત મોકલ્યો. યુધિષ્ઠિરે સહર્ષ આ પ્રસ્તાવનું અનુમોદન કર્યું. દૂત પાછો આવ્યા પછી શ્રીકૃષ્ણે અર્જુનને તેવી જ સલાહ આપી.

એક દિવસ સુભદ્રાએ રૈવતક પર્વત પર દેવપૂજા કરીને પર્વતની પ્રદક્ષિણા કરી. બ્રાહ્મણોએ મંગળ-વાચન કર્યું. જ્યારે સુભદ્રાનો કાફલો દ્વારકા માટે રવાના થયો, ત્યારે તક જોઈને અર્જુને બળપૂર્વક તેને ઉઠાવીને રથમાં બેસાડી દીધી અને તેઓ સોનાના રથમાં બેસીને પોતાના નગર તરફ ચાલી નીકળ્યા. સૈનિકો સુભદ્રાહરણનું આ દૃશ્ય જોઈને બૂમો પાડતા દ્વારકાની સુધર્મા સભામાં ગયા અને સુભદ્રાહરણની વાત કહી. સભાપતિએ યુદ્ધનો સુવર્ણજડિત ઘંટ વગાડવાનો આદેશ આપ્યો. તેનો અવાજ સાંભળીને ભોજ, અંધક અને વૃષ્ણિવંશના યાદવો પોતાનાં અગત્યનાં

કામકાજ છોડીને ત્યાં એકઠા થવા લાગ્યા. સભાગૃહ ભરાઈ ગયું. સૈનિકોના મુખેથી સુભદ્રાહરણની વાત સાંભળીને યાદવોનાં ભવાં ચડી ગયાં. તેમણે પોતાના આ અપમાનનો બદલો લેવાનો નિશ્ચય કર્યો. કોઈ રથ તૈયાર કરવા લાગ્યા, કોઈ કવચ પહેરવા લાગ્યા, કોઈ ક્રોધિત થઈને સ્વયં ઘોડા જોતરવા લાગ્યા. યુદ્ધની સામગ્રી એકઠી થવા લાગી. બલરામજીએ કહ્યું, 'યાદવો! શ્રીકૃષ્ણની વાત સાંભળ્યા વિના તમે લોકો આવી મૂર્ખામી કેમ કરી રહ્યા છો? આવી ખોટે-ખોટી બૂમો પાડવાનો શો અર્થ છે?' ત્યાર પછી તેમણે શ્રીકૃષ્ણને કહ્યું, 'જનાર્દન! તમારી ચુપકીદીનું રહસ્ય શું છે? તમારો મિત્ર સમજીને અર્જુનનો આટલો બધો સત્કાર કરવામાં આવ્યો અને તેણે જે પતરાળામાં ખાધું તેમાં જ છેદ કર્યો. તે ઉત્તમ વંશનો આશાસ્પદ યુવાન છે. તેની સાથે સંબંધ કરવામાં પણ કોઈ આપત્તિ નથી. છતાં તેણે આ સાહસ કરીને આપણું અપમાન અને અનાદર કર્યું છે. તેનું આ કાર્ય આપણા મસ્તક પર પગ મૂકવા બરાબર છે. હું આ સહી શકું એમ નથી. હું એકલો જ સઘળા કુરુઓ માટે પર્યાપ્ત છું. હું અર્જુનની ધૃષ્ટતાને માફ કરી શકું એમ નથી.' બલરામની વીરોચિત વાતનું યાદવોએ અનુમોદન કર્યું.

અંતમાં **ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું** – 'અર્જુને આપણા કુળનું અપમાન નહિ, સન્માન કર્યું છે. તેમણે આપણા કુળની મહત્તા સમજીને જ આપણી બહેનનું હરણ કર્યું છે. કેમકે તેમને સ્વયંવર દ્વારા સુભદ્રાની પ્રાપ્તિમાં સંદેહ હતો. તેમનું કામ ક્ષત્રિય ધર્મને અનુરૂપ છે અને આપણા માટે અનુકૂળ છે. સુભદ્રા અને અર્જુનની જોડી અત્યંત સુંદર થશે. મહાત્મા ભરતના વંશજ અને કુન્તિભોજના દોહિત્રને કન્યા આપીને સંબંધ બાંધવો એ કોને પસંદ ન હોય? અર્જુનને જીતવો એ પણ ભગવાન શંકર સિવાય બીજા કોઈ માટે દુષ્કર છે. અત્યારે એ ફૂર્તિલા યુવાન યોદ્ધા પાસે મારો રથ અને ઘોડા છે. હું એવું સમજું છું કે અત્યારે અર્જુન સાથે લડાઈ ન કરતાં તેની પાસે જઈને મિત્રભાવે કન્યા સોંપી દેવી એ જ ઉત્તમ છે. ક્યાંક અર્જુને એકલાએ જ તમને બધાને જીતી લીધા અને કન્યાને હસ્તિનાપુર લઈ ગયો તો યાદવોની મોટી બદનામી થશે. જો તેની સાથે મિત્રતા કરવામાં આવે તો આપણો યશ વધશે.' બધા લોકોએ શ્રીકૃષ્ણની વાત માની લીધી. સન્માન સાથે અર્જુનને પાછા બોલાવ્યા. દ્વારકામાં તેમનાં વિધિપૂર્વક સુભદ્રા સાથે લગ્ન થયાં. લગ્ન પછી તેઓ એક વર્ષ સુધી દ્વારકામાં રહ્યા અને બાકીનો સમય પુષ્કરક્ષેત્રમાં વ્યતીત કર્યો. બાર વર્ષ પૂરાં થતાં તેઓ સુભદ્રા સાથે ઇન્દ્રપ્રસ્થ પાછા આવ્યા.

અર્જુને નમ્રતા સાથે પોતાના ભાઈ યુધિષ્ઠિરના ચરણોમાં નમસ્કાર કરીને બ્રાહ્મણોનું પૂજન કર્યું. દ્રૌપદીએ તેમને પ્રેમભર્યો ઠપકો આપ્યો અને તેમણે દ્રૌપદીને પ્રસન્ન કર્યાં. સુભદ્રા લાલ સાડી પહેરીને ગોવાલણના વેશમાં રાણીવાસમાં ગઈ. કુંતીનો ચરણસ્પર્શ કર્યો. સર્વાંગસુંદર પુત્રવધૂને જોઈને કુંતીએ આશીર્વાદ આપ્યા. સુભદ્રાએ દ્રૌપદીના ચરણસ્પર્શ કરીને કહ્યું કે 'બહેન! હું તમારી દાસી છું.' દ્રૌપદીએ પ્રસન્નતાપૂર્વક તેને ગળે લગાડી દીધી. અર્જુનના આવી જવાથી નગરમાં પ્રસન્નતાની લહેર પ્રસરી ગઈ. જ્યારે દ્વારકામાં એ સમાચાર મળ્યા કે અર્જુન ઇન્દ્રપ્રસ્થ પહોંચી ગયા છે. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ, બલરામ, મોટી સંખ્યામાં શ્રેષ્ઠ યાદવો, તેમના પુત્ર-પૌત્રો તથા મોટી સેના લઈને બધા ઇન્દ્રપ્રસ્થ માટે રવાના થયા. તેમના

શુભાગમનના સમાચાર સાંભળીને યુધિષ્ઠિરે નકુળ અને સહદેવને તેમની સામે સત્કાર કરવા માટે મોકલ્યા. આખા ઇન્દ્રપ્રસ્થને ધજાઓ અને ફૂલ-પાનનાં તોરણોથી શણગારવામાં આવ્યું. રસ્તાઓ પર છંટકાવ કરાવવામાં આવ્યો. ચંદન, અગરની સુગંધ સર્વત્ર પ્રસરી ગઈ. શ્રીકૃષ્ણ અને બલરામે રાજભવનમાં પહોંચીને બધાની સાથે પ્રણામ, આશીર્વાદ વગેરે યોગ્ય વ્યવહાર કર્યો. બધાનું યથાયોગ્ય સન્માન કરવામાં આવ્યું.

ભગવાન શ્રીકૃષ્ણે સુભદ્રાનાં લગ્ન નિમિત્તે ઘણું બધું દહેજ આપ્યું. સુવર્ણનાં આભૂષણોથી શણગારેલા ચાર ઘોડા અને ચતુર સારથિ સહિત સોનાથી મઢેલા એક હજાર રથ, મથુરા પ્રદેશની દુધાર અને પવિત્ર દસ હજાર ગાયો, એક હજાર સોનેથી મઢેલી સફેદ ઘોડીઓ, કેળવાયેલી અને તેજ ગતિવાળી એક હજાર ઉત્તમ ખચ્ચરીઓ, બધી રીતે યોગ્ય એક હજાર દાસીઓ, એક લાખ ઘોડા અને કીમતી વસ્ત્રો તથા કામળા પણ આપ્યાં તથા દસ ભાર સોનું અને એક હજાર મદમત્ત હાથી આપવામાં આવ્યા. યુધિષ્ઠિરની સંપત્તિ વધી ગઈ. બધા લોકો રાજભવનમાં રહીને આનંદ-પ્રમોદ કરવા લાગ્યા. પાંડવોના આનંદનો પાર ન રહ્યો. યાદવો તો થોડા દિવસ ત્યાં રોકાઈને દ્વારકા ચાલ્યા ગયા. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ થોડા સમય માટે અર્જુન પાસે ઇન્દ્રપ્રસ્થમાં જ રોકાયા. સમય આવ્યે સુભદ્રાના ગર્ભથી એક પુત્ર ઉત્પન્ન થયો, તેનું નામ અભિમન્યુ રાખવામાં આવ્યું. તેના જન્મ નિમિત્તે યુધિષ્ઠિરે દસ હજાર ગાયો, ઘણું બધું સોનું, રત્નો, ધન વગેરેનું દાન કર્યું. અભિમન્યુ પાંડવોને, શ્રીકૃષ્ણને અને નગરવાસીઓને બહુ પ્રિય લાગતા હતા. શ્રીકૃષ્ણે તેમના બધા સંસ્કારો કરાવ્યા. વેદાધ્યયન પછી તેમણે અર્જુન પાસેથી જ ધનુર્વેદનું શિક્ષણ લીધું. અભિમન્યુનું અસ્ત્ર-કૌશલ જોઈને અર્જુનને બહુ પ્રસન્નતા થતી હતી. તેઓ ઘણા ગુણોમાં તો ભગવાન શ્રીકૃષ્ણતુલ્ય હતા.

દ્રૌપદીના ગર્ભથી પાંચે પાંડવો દ્વારા એક-એક વર્ષના અંતરે પાંચ પુત્રો ઉત્પન્ન થયા. બ્રાહ્મણોએ યુધિષ્ઠિરને કહ્યું, 'મહારાજ! તમારો પુત્ર શત્રુઓનો પ્રહાર સહન કરવામાં વિંધ્યાચલ જેવો હશે. તેથી તેનું નામ 'પ્રતિવિન્ધ્ય' થશે. ભીમસેને એક હજાર સોમયાગ કરીને પુત્ર ઉત્પન્ન કર્યો છે. તેથી તેમના પુત્રનું નામ 'સુતસોમ' થશે.' અર્જુને ઘણાં જ યશસ્વી કર્મો કરીને પાછા આવ્યા પછી પુત્ર ઉત્પન્ન કર્યો છે તેથી આ બાળકનું નામ થશે 'શ્રુતકર્મા.' કુરુવંશમાં પહેલાં શતાનીક નામના એક મોટા પ્રતાપી રાજા થઈ ગયા. નકુળ પોતાના પુત્રનું નામ તેમના નામ પરથી રાખવા ઇચ્છે છે. તેથી આ પુત્રનું નામ 'શતાનીક' થશે. સહદેવનો પુત્ર કૃત્તિકા નક્ષત્રમાં ઉત્પન્ન થયો છે તેથી તેનું નામ 'શ્રુતસેન' થશે.' ધૌમ્ય ઋષિએ આ બાળકોના વિધિપૂર્વક સંસ્કાર કરાવ્યા. બાળકોએ વેદપાઠ સમાપ્ત કરીને અર્જુન પાસે દિવ્ય અને માનવીય યુદ્ધની અસ્ત્રશિક્ષા પ્રાપ્ત કરી. આ બધી સુંદર ઘટનાઓથી પાંડવો બહુ પ્રસન્ન થયા.

—★—

## ખાંડવ-દહનની કથા

**વૈશમ્પાયનજી કહે છે** — જનમેજય! જેમ જીવ શુભ લક્ષણો અને પવિત્ર કર્મોથી યુક્ત માનવશરીર પ્રાપ્ત કરીને સુખેથી રહે છે અને પોતાની ઉન્નતિ કરે છે, તે જ રીતે પ્રજા ધર્મરાજ

યુધિષ્ઠિરને રાજારૂપે પ્રાપ્ત કરીને સુખ-શાંતિ સાથે ઉન્નતિ કરવા લાગી. તેમના શાસનકાળમાં સામંત રાજાઓની રાજ્યલક્ષ્મી અવિચળ થઈ ગઈ. પ્રજાની બુદ્ધિ અંતર્મુખી થઈ ગઈ, ધર્મની બોલબાલા થઈ ગઈ. જેમ પૂર્ણિમાના નિર્મળ ચંદ્રને જોઈને લોકોનાં નેત્રો અને મન શીતળ થઈ જાય છે, તે જ પ્રમાણે સંપૂર્ણ પ્રજા રાજા યુધિષ્ઠિરનાં દર્શનથી આનંદિત થઈ જતી હતી. પ્રજા યુધિષ્ઠિરને માત્ર રાજા માનીને જ આનંદિત થતી ન હતી, પરંતુ તેમનાં કાર્યો પણ પ્રજાને અભીષ્ટ (મનગમતાં) હતાં. ધર્મરાજ ક્યારેય અનુચિત, અસત્ય અથવા અપ્રિય વાણી બોલતા ન હતા. તેઓ જેમ પોતાનું ભલું ઇચ્છતા એમ પ્રજાનું પણ ઇચ્છતા હતા. આ પ્રમાણે બધા પાંડવો પોતાનાં તેજથી બધા રાજાઓને વશ કરીને આનંદપૂર્વક રહેતા હતા.

એક દિવસ અર્જુનની પ્રેરણાથી ભગવાન શ્રીકૃષ્ણ ધર્મરાજ યુધિષ્ઠિરની આજ્ઞા લઈને યમુનાના પવિત્ર તટ પર જળવિહાર કરવા માટે ગયા. ત્યાં તેમની સુખ-સુવિધા માટે વિહારભૂમિ બનાવવામાં આવી હતી. તે સમૃદ્ધિથી સંપન્ન વનપ્રદેશ અને તેમના વિશ્રામ-ભવનમાં વીણા, મૃદંગ અને વાંસળી વગેરે વાદ્યોનો મધુર ધ્વનિ થઈ રહ્યો હતો. ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુને ત્યાં બહુ જ પ્રસન્નતા સાથે આનંદોત્સવ મનાવ્યો. બંને મિત્રો બહુમૂલ્ય આસનો પર એકબીજાની પાસે બેઠા હતા. તે સમયે એક લાંબા અને કદાવર શરીરધારી બ્રાહ્મણ ત્યાં આવ્યા. તેમનું શરીર જાણે તપાવેલા સોના જેવું હતું. મસ્તક પર પીળા વર્ણની જટા, મોઢા પર દાઢી-મૂછ અને શરીર પર વલ્કલ ધારણ કર્યાં હતાં. આ તેજસ્વી બ્રાહ્મણને જોઈને શ્રીકૃષ્ણ અને અર્જુન ઊભા થઈ ગયા. બ્રાહ્મણે કહ્યું કે 'તમે બંને સંસારના શ્રેષ્ઠ વીર અને મહાપુરુષ છો. હું એક બહુભોજી (બહુ ખાનારો) બ્રાહ્મણ છું. અત્યારે હું ખાંડવ વન પાસે બેઠેલા તમારી પાસે ભોજનની ભિક્ષા માગવા આવ્યો છું.' ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુને કહ્યું કે, 'તમને તૃપ્તિ કયા પ્રકારના અન્નથી થાય છે? આજ્ઞા આપો, અમે તેના માટે પ્રયત્ન કરીએ.' બ્રાહ્મણે કહ્યું, 'હું અગ્નિ છું, મને સાધારણ અન્નની જરૂર નથી. તમે મને તે જ અન્ન આપો, જે મારે યોગ્ય છે. હું ખાંડવવનને બાળી નાખવા ચાહું છું. પરંતુ આ વનમાં તક્ષકનાગ પોતાના પરિવાર અને મિત્રો સાથે રહે છે, તેથી ઇન્દ્ર હંમેશાં આ વનની રક્ષા માટે તત્પર રહે છે. જ્યારે જ્યારે હું આ વનને બાળવાની ચેષ્ટા કરું છું, ત્યારે ત્યારે તે મારા પર જળની ધારાઓ વરસાવી દે છે અને મારી ઇચ્છા પૂરી થઈ શકતી નથી. તમે બંને અસ્ત્ર-વિદ્યાના પારદર્શી છો, તેથી તમારા બંનેની સહાયતાથી હું આ વનને બાળી શકું છું. હું તમારી પાસે આ જ ભોજનની યાચના કરું છું.'

**જનમેજયે પૂછ્યું** – ભગવન્! અગ્નિદેવ અનેક પ્રાણીઓથી ભરેલા અને ઇન્દ્ર દ્વારા સુરક્ષિત ખાંડવવનને શા માટે બાળવા ઇચ્છતા હતા?

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! પ્રાચીન સમયની વાત છે. એક મહાન શક્તિશાળી અને પરાક્રમી શ્વેતકિ નામનો પ્રસિદ્ધ રાજા હતો. તે દિવસોમાં તેના જેવો યજ્ઞપ્રેમી, દાતા અને બુદ્ધિમાન બીજો કોઈ રાજા ન હતો. તેણે મોટા-મોટા યજ્ઞો કર્યા. તેના દ્વારા યજ્ઞો કરાવી-કરાવીને ઋત્વિજો વગેરે થાકી જતા હતા, કંટાળી જતા અને ક્યારેક-ક્યારેક તો અસ્વીકાર કરીને ચાલ્યા જતા. પરંતુ રાજાનો યજ્ઞ તો ચાલુ જ રહેતો. તે વિનંતી કરીને અને દાન-દક્ષિણા આપી

આપીને બ્રાહ્મણોને ખુશ રાખતો. છેવટે જ્યારે બધા બ્રાહ્મણો યજ્ઞ કરાવી–કરાવીને થાકી ગયા, ત્યારે રાજાએ તપસ્યા કરીને ભગવાન શંકરને પ્રસન્ન કર્યા અને તેમની આજ્ઞાથી દુર્વાસા ઋષિ દ્વારા મહાન યજ્ઞ કરાવ્યો. પ્રથમ બાર વર્ષના અને પછી સો વર્ષના મહાયજ્ઞમાં દક્ષિણા આપી-આપીને રાજાએ બ્રાહ્મણોને ધરાવી દીધા. દુર્વાસા પ્રસન્ન થયા. રાજા શ્વેતકિ પોતાના સભ્યો અને ઋત્વિજોની સાથે સ્વર્ગમાં સિધાવ્યા. તે યજ્ઞમાં અગ્નિદેવે બાર વર્ષ સુધી ઘીની અખંડ ધારાઓ પીધી હતી; તેથી તેમની પાચનશક્તિ ક્ષીણ થઈ ગઈ, તેમનો રંગ ફીકો પડી ગયો અને પ્રકાશ મંદ પડી ગયો. જ્યારે અજીર્ણના કારણે તેમનું અંગે-અંગ ઢીલું પડી ગયું, ત્યારે તેમણે બ્રહ્માજીની પાસે જઈને પ્રાર્થના કરી કે, 'તમે કોઈ એવો ઉપાય બતાવો જેથી હું પૂર્વવત્ તંદુરસ્ત અને સ્વસ્થ થઈ જાઉં.' બ્રહ્માજીએ કહ્યું, 'અગ્નિદેવ! જો તમે ખાંડવવનને બાળી નાખો તો તમારી અરુચિ અને અજીર્ણ દૂર થઈ જશે અને તમારો થાક પણ દૂર થઈ જશે.' ત્યાંથી આવ્યા પછી અગ્નિદેવે સાત વાર ખાંડવવનને બાળવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ઇન્દ્રના સંરક્ષણને લીધે તેઓ પોતાના પ્રયત્નમાં સફળ ન થઈ શક્યા. ત્યારે અગ્નિ નિરાશ થઈને ફરી બ્રહ્માજી પાસે ગયા. ત્યારે તેમણે ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનની સહાયતાથી ખાંડવવન બાળવાનો ઉપાય બતાવ્યો અને અગ્નિદેવે યમુના-કિનારે આવીને તેમની સાથે ઉપર પ્રમાણે કહ્યું.

બ્રાહ્મણવેશધારી અગ્નિદેવની પ્રાર્થના સાંભળીને **અર્જુને કહ્યું** – 'અગ્નિદેવ! મારી પાસે દિવ્યાસ્ત્રોની કમી નથી. તેનાથી હું યુદ્ધમાં ઇન્દ્રને પણ હંફાવી શકું છું. પરંતુ મારા બાહુબળને અનુરૂપ ધનુષ્ય મારી પાસે નથી અને તે અસ્ત્રો માટે ઉપયોગી બાણ પણ નથી. રથ પણ એવો નથી, જે આવશ્યક બાણોનો ભાર સહી શકે. શ્રીકૃષ્ણની પાસે પણ અત્યારે એવું કોઈ શસ્ત્ર નથી, જેથી તેઓ નાગો અને પિશાચોને મારી શકે. ખાંડવવન બાળતી વખતે ઇન્દ્રને રોકવા માટે યુદ્ધ-સામગ્રીની આવશ્યકતા છે. બળ અને કૌશલ અમારી પાસે છે. સામગ્રી તમે આપો.' અર્જુનની સમયોચિત વાણી સાંભળીને અગ્નિદેવે જળાધિપતિ લોકપાલ વરુણનું સ્મરણ કર્યું. તરત જ વરુણ પ્રગટ થઈ ગયા. અગ્નિએ કહ્યું, 'તમને રાજા સોમે અક્ષય તરકસ (ભાથો) ગાંડીવ ધનુષ્ય અને વાનરચિહ્નની ધજાવાળો દિવ્ય રથ આપ્યો છે, તે તરત જ મને આપો. શ્રીકૃષ્ણ અને અર્જુન ચક્ર તથા ગાંડીવ ધનુષ્યની સહાયતાથી મારું મહાન કાર્ય સિદ્ધ કરી દેશે.' વરુણે અગ્નિદેવની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો. તેમણે અર્જુનને તે અક્ષય તરકસ અને ગાંડીવ ધનુષ્ય આપી દીધું. ગાંડીવ ધનુષ્યનો મહિમા અદ્‌ભુત છે. તે કોઈ પણ શસ્ત્રથી છેદાતું નથી અને તે બધાં શસ્ત્રોને કાપી શકે છે. તેનાથી યોદ્ધાનો યશ, કાન્તિ અને બળ વધે છે. તે એકલું જ લાખો ધનુષ્યો જેવું, ક્ષતરહિત અને ત્રણે લોકમાં પૂજ્ય અને પ્રશંસિત છે. બધી જ સામગ્રીઓથી યુક્ત, બધાને માટે અજેય, સૂર્ય જેવો દેદીપ્યમાન અને રત્નજડિત એક દિવ્ય રથ પણ આપ્યો. તે રથમાં મન અને પવનવેગે ચાલનારા સફેદ, ચળકતા, માળા ધારણ કરેલા ગંધર્વદેશના ઘોડા જોતરેલા હતા. રથ પરના શિખર પર સુવર્ણના દંડ પર ભયંકર વાનરના ચિહ્નવાળી ધજા ફરકતી હતી. તે બધું પ્રાપ્ત કરીને અર્જુનના આનંદની સીમા ન રહી. જે સમયે અર્જુને રથ પર સવાર થઈને ધનુષ્યને નમાવ્યું અને તેના પર પ્રત્યંચા ચડાવી, તે સમયે

તેનો કઠોર અવાજ સાંભળીને લોકોનાં કાળજાં કંપી ઊઠ્યાં. અર્જુને સમજી લીધું કે હવે અમે અગ્નિની પૂરી સહાયતા કરી શકીશું. અગ્નિદેવે ભગવાન શ્રીકૃષ્ણને દિવ્ય ચક્ર અને આગ્નેયાસ્ત્ર આપતાં કહ્યું કે, 'મધુસૂદન! આ ચક્ર દ્વારા આપ જેને ઇચ્છશો, તેને મારી શકશો. આ ચક્રના પ્રભાવની સામે તમામ દેવતાઓ, દાનવો, રાક્ષસો, પિશાચો, નાગો અને મનુષ્યોની શક્તિની કોઈ વિસાત નથી. આ ચક્ર દરેક વખતે શત્રુનો નાશ કરીને પાછું આવી જશે.' વરુણે ભગવાન શ્રીકૃષ્ણની સેવામાં દૈત્યનાશિની અને વજ્રધ્વનિ જેવા અવાજથી શત્રુઓનાં હૃદયને કંપાવનારી કૌમોદકી ગદા અર્પણ કરી. હવે શ્રીકૃષ્ણ અને અર્જુને અગ્નિદેવની સહાયતા કરવાનું સ્વીકારી લીધું અને તેમને ખાંડવ વન બાળવાની અનુમતિ આપી દીધી.

ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનની અનુમતિ મળતાં અગ્નિદેવે તેજોમય દાવાનળનું પ્રદીપ્ત રૂપ ધારણ કર્યું અને પોતાની સાતેય જ્વાળાઓથી ખાંડવવનને ઘેરીને પ્રલયના જેવું દૃશ્ય ખડું કરતાં તેને ભસ્મીભૂત કરવાનો પ્રારંભ કર્યો. તે વનનાં સેંકડો-હજારો પ્રાણીઓ બરાડા પાડતાં અને ત્રાડ નાખતાં આમતેમ ભાગવા લાગ્યાં. ઘણાં બધાં પ્રાણીઓનું એક-એક અંગ બળી ગયું. કોઈ અગ્નિની જ્વાળાઓથી દાઝી ગયું, કેટલાંક પ્રાણીઓની આંખો ફૂટી ગઈ. કેટલાંકનાં શરીર પર દાઝવાથી ફોલ્લા પડી ગયા. ઘણાંખરાં તો પોતાનાં સંબંધીઓના સ્નેહ-પાશના બંધનમાં પડીને ભાગી ન શક્યાં અને એકબીજાને ભેટીને ભસ્મ થઈ ગયાં. ખાંડવવનનો અગ્નિ એ પ્રમાણે ધગધગવા લાગ્યો કે તેની ઊંચી ઊંચી જ્વાળાઓ આકાશ સુધી પહોંચી ગઈ. દેવતાઓના હૃદયમાં ધ્રૂજારી થવા લાગી. અગ્નિની ગરમીથી દુઃખી થઈને બધા દેવતાઓ ઇન્દ્રની પાસે ગયા. અને કહેવા લાગ્યા, 'દેવેન્દ્ર! શું આ અગ્નિ સમસ્ત પ્રાણીઓનો સંહાર કરી નાખશે? શું અત્યારે પ્રલયનો સમય આવી પહોંચ્યો છે?' દેવતાઓને ગભરાઈ ગયેલા અને ભયભીત થયેલા જોઈને સ્વયં ઇન્દ્ર ખાંડવવનને અગ્નિથી બચાવવા તૈયાર થયા. તેમની આજ્ઞાથી વાદળોનાં ટોળે-ટોળાં ખાંડવવન પર ઊમટી પડ્યાં અને ગડગડાટ સાથે જળની મોટી-મોટી ધારાઓ વરસવા લાગી. અર્જુને પોતાના અસ્ત્ર-કૌશલના બળથી બાણો દ્વારા જળની ધારાઓને રોકી લીધી. સંપૂર્ણ આકાશ બાણોથી ભરાઈ ગયું કે કોઈ પણ પ્રાણી તેમાંથી નીકળીને બહાર જઈ ન શક્યું. તે સમયે નાગરાજ તક્ષક ખાંડવવનમાં ન હતો. તે કુરુક્ષેત્રમાં ચાલ્યો ગયો હતો. પરંતુ તેનો પુત્ર અશ્વસેન ત્યાં હતો અને બચવાનો ખૂબ પ્રયત્ન કરવા છતાં પણ અર્જુનના બાણોના ઘેરાવાથી બહાર જઈ ન શક્યો. અશ્વસેનની માતાએ તેને ગળી જઈને બચાવવાની કોશિશ કરી. તે મોઢાથી પૂંછડી સુધી ગળી પણ ગઈ હતી, પરંતુ અગ્નિનો પ્રકોપ વધી જવાથી વચ્ચે જ ભાગવા લાગી. અર્જુને નિશાન તાકીને એવું બાણ માર્યું કે તેની ફણા વિંધાઈ ગઈ. ઇન્દ્ર અર્જુનનું આ કાર્ય જોઈ રહ્યા હતા. તેમણે અશ્વસેનને બચાવવા માટે એવી આંધી ચલાવી અને એવી વરસાદની ધારાઓ વરસાવી કે અર્જુન ક્ષણભર માટે મોહિત થઈ ગયા. અશ્વસેન ત્યાંથી નીકળીને ભાગી ગયો. ઇન્દ્રના આ કપટની વાત યાદ કરીને અર્જુન રાતાપીળા થઈ ગયા તથા તીક્ષ્ણ અને વેગીલાં બાણોથી આકાશને ઢાંકી દીધું અને ઇન્દ્રની સામે જઈ ટકરાયા. ઇન્દ્રે પણ પોતાનાં તીક્ષ્ણ બાણોની વર્ષાથી અર્જુનને જવાબ આપ્યો. પ્રચંડ પવન ભયંકર ગર્જના સાથે સમુદ્રને ક્ષુબ્ધ કરવા લાગ્યો.

આકાશ જળ વરસાવનારાં વાદળાંથી ભરાઈ ગયું, વીજળી ચમકવા લાગી, વજ્ર જેવા કડાકાથી લોકોનાં હૃદય કાંપવા લાગ્યાં. અર્જુને વાયવ્યાસ્ત્રનો પ્રયોગ કર્યો. ઇન્દ્રનું વજ્ર નબળું પડી ગયું. વાદળો વિખેરાઈ ગયાં, જળધારાઓ સુકાઈ ગઈ, વીજળીઓના ચમકારા અદૃશ્ય થઈ ગયા, અંધારું દૂર થઈ ગયું. અર્જુનનું આ અસ્ત્ર-કૌશલ જોઈને દેવતાઓ, અસુરો, ગંધર્વો, યક્ષો, રાક્ષસો અને સર્પો બૂમો પાડતા સામે આવી ગયા; તેઓ વિધ-વિધ પ્રકારનાં અસ્ત્ર-શસ્ત્રોથી શ્રીકૃષ્ણ અને અર્જુન પર પ્રહાર કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ અને અર્જુને સાથે મળીને ચક્ર અને તીક્ષ્ણ બાણો દ્વારા બધાની સેનાને છિન્ન-ભિન્ન કરી દીધી.

આ બધું જોઈ–સાંભળીને ઇન્દ્રના ક્રોધની સીમા ન રહી. તેઓ શ્વેતવર્ણના ઐરાવત હાથી પર બેસીને શ્રીકૃષ્ણ અને અર્જુન તરફ દોડ્યા. તેમણે ઉતાવળમાં પોતાના વજ્રનો પ્રયોગ કર્યો અને દેવતાઓને બૂમો પાડી પાડીને કહ્યું કે, 'હમણાં જ બંનેને મારી નાખું છું.' બધા દેવતાઓએ પોતપોતાનાં અસ્ત્રો ઉઠાવ્યાં. યમરાજાએ કાળદંડ, કુબેરે ગદા, વરુણે પાશ અને વિચિત્ર વજ્ર ઉઠાવ્યું. આ બાજુ શ્રીકૃષ્ણ અને અર્જુને પણ પોતાનાં ધનુષ્ય ચડાવ્યાં અને નિર્ભયતા સાથે ઊભા રહી ગયા. આ બંને મિત્રોની બાણવર્ષા સામે ઇન્દ્રાદિ દેવતાઓનું કાંઈ ચાલ્યું નહિ. ઇન્દ્રે મંદરાચલનું એક શિખર ઉઠાવીને અર્જુન પર નાખવાની ચેષ્ટા કરી, પરંતુ તેની પહેલાં જ દિવ્ય બાણોના ઘાથી તેના હજારો ટુકડા થઈ ગયા. તે ટુકડાઓથી ખાંડવવનના દાનવો, રાક્ષસો, નાગો, વાઘ, રીંછ, હાથી, સિંહ, હરણ, પાડા તથા અન્ય વન્ય પશુ-પક્ષીઓ ઘાયલ અને ભયભીત થઈને ભાગવા લાગ્યાં. એક બાજુ અગ્નિ બધાંને ગળી જવા ચાહતો હતો અને બીજી બાજુ ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનની બાણવર્ષા. કોઈ ત્યાંથી ભાગી ન શક્યું. શ્રીકૃષ્ણના ચક્ર અને અર્જુનનાં બાણોથી કપાઈ-કપાઈને જીવ-જંતુઓ નષ્ટ થઈ રહ્યાં હતાં. બધાં પ્રાણીઓના આત્મા એવા શ્રીકૃષ્ણે તે સમયે પોતાનું કાળરૂપ પ્રગટ કરી દીધું હતું. દેવતાઓ અને દાનવો તેમના પરાક્રમને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા.

તે સમયે ઇન્દ્રને સંબોધિત કરતાં વજ્રના જેવી કઠોર આકાશવાણી થઈ કે 'ઇન્દ્ર! તમારો મિત્ર તક્ષક કુરુક્ષેત્ર જવાને કારણે આ અગ્નિકાંડમાં બળ્યો નથી, બચી ગયો છે. તમે શ્રીકૃષ્ણ અને અર્જુનને ક્યારેય કોઈ રીતે જીતી શકો એમ નથી. તમારે સમજી લેવું જોઈએ કે આ તમારા સદાના પરિચિત નર-નારાયણ છે. તેમની શક્તિ અને પરાક્રમ અસીમ છે. તેઓ બધાને માટે અજેય છે અને દેવતા, અસુર, યક્ષ, રાક્ષસ, ગંધર્વ, કિન્નર, મનુષ્ય તથા સર્પો વગેરે બધાંને માટે પૂજનીય છે. તમે દેવતાઓને લઈને અહીંથી ચાલ્યા જાઓ, એમાં જ તમારી શોભા છે. આ સમયે ખાંડવવનને બાળવાની યોજના દૈવ દ્વારા નિર્ધારિત છે.' આકાશવાણી સાંભળીને દેવરાજ ક્રોધ અને ઈર્ષ્યા છોડીને સ્વર્ગમાં પાછા ચાલ્યા ગયા, દેવતાઓ પણ પોતાની સેનાની સાથે તેમની પાછળ-પાછળ ચાલ્યા ગયા. દેવતાઓને યુદ્ધભૂમિથી હટી ગયેલા જોઈને ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુને હર્ષ-ધ્વનિ કર્યો. ખાંડવવન અનાથના ઘરની જેમ ભડકે બળવા લાગ્યું.

ભગવાન શ્રીકૃષ્ણે જોયું કે મયદાનવ એકાએક તક્ષકના નિવાસસ્થાનેથી નીકળીને ભાગી રહ્યો છે અને અગ્નિ મૂર્તિમાન થઈને બાળવા માટે તેની પાછળ દોડી રહ્યો છે. તેમણે મયદાનવને મારી નાખવા માટે ચક્ર છોડ્યું. આગળ ચક્ર અને

પાછળ ધગધગતા અગ્નિને જોઈને મયદાનવ પોતાનું કર્તવ્ય શું છે તે વિશે દિગ્મૂઢ થઈ ગયો. પછી તેણે કંઈક વિચાર કરીને પોકાર કર્યો – 'વીર અર્જુન! હું તમારી શરણમાં છું. માત્ર તમે જ મારી રક્ષા કરી શકો છો.' અર્જુને કહ્યું, 'ડરો નહિ.' અર્જુનને અભયદાન આપતા જોઈને ભગવાન શ્રીકૃષ્ણે ચક્રને રોકી લીધું અને અગ્નિએ પણ તેને ભસ્મ ન કર્યો. મયદાનવની રક્ષા થઈ ગઈ. તે વન પંદર દિવસ સુધી બળતું રહ્યું. આ અગ્નિકાંડમાંથી માત્ર છ પ્રાણી બચી શક્યાં – અશ્વસેન સર્પ, મયદાનવ અને ચાર શાર્ઙ્ગ પક્ષીઓ. શાર્ઙ્ગ પક્ષીઓના પિતા મન્દપાલે અને તે પક્ષીઓમાં સહુથી મોટા જરિતારિએ અગ્નિદેવની સ્તુતિ કરીને પોતાની રક્ષાનું વચન લઈ લીધું હતું.

અગ્નિદેવે ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનની સહાયતાથી પ્રજ્વલિત થઈને ખાંડવવનને બાળી નાખ્યું. ત્યાર પછી બ્રાહ્મણરૂપે તેમની સામે પ્રગટ થયા. તે જ સમયે દેવરાજ ઈન્દ્ર પણ દેવતાઓ સાથે અંતરિક્ષમાંથી નીચે ઊતર્યા. તેમણે શ્રીકૃષ્ણ અને અર્જુનને કહ્યું – 'તમે લોકોએ આ એવું દુષ્કર કાર્ય કર્યું છે જે દેવતાઓને માટે પણ અસાધ્ય છે. હું તમારા પર પ્રસન્ન છું. તેથી તમે મનુષ્યો માટે દુર્લભમાં દુર્લભ વસ્તુ પણ મારી પાસે માગી શકો છો.' અર્જુને કહ્યું, 'મને તમે બધા પ્રકારનાં અસ્ત્રો આપો.' ઈન્દ્રે કહ્યું, 'અર્જુન! જે સમયે દેવાધિદેવ મહાદેવ તમારા પર પ્રસન્ન થશે તે સમયે તમારા તપના પ્રભાવથી હું મારાં બધાં અસ્ત્રો તમને આપી દઈશ. હું જાણું છું કે તે સમય ક્યારે આવશે.' ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, 'દેવરાજ! તમે મને એ વરદાન આપો કે મારી અને અર્જુનની મિત્રતા ક્ષણે-ક્ષણે વૃદ્ધિ પામે અને ક્યારેય તૂટે નહિ.' ઈન્દ્રે પ્રસન્ન થઈને કહ્યું, 'એવમસ્તુ.' દેવતાઓના ગયા પછી અગ્નિદેવ શ્રીકૃષ્ણ અને અર્જુનને અભિનંદન આપીને ચાલ્યા ગયા. ભગવાન શ્રીકૃષ્ણ, અર્જુન અને મયદાનવ યમુનાજીના પાવન તટ પર આવીને બેસી ગયા.

**આદિપર્વ સમાપ્ત**

॥ શ્રીગણેશાય નમઃ ॥

# સંક્ષિપ્ત મહાભારત

## સભાપર્વ

### મયાસુરની પ્રાર્થનાનો સ્વીકાર અને ભગવાન શ્રીકૃષ્ણનું દ્વારકા-ગમન

**નારાયણં નમસ્કૃત્ય નરં ચૈવ નરોત્તમમ્ ।**
**દેવીં સરસ્વતીં વ્યાસં તતો જયમુદીરયેત્ ॥**

અંતર્યામી નારાયણસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ, તેમના નિત્યસખા નરરત્ન અર્જુન, બંનેની લીલા પ્રગટ કરનારી ભગવતી સરસ્વતી અને તેના વક્તા ભગવાન વ્યાસને નમસ્કાર કરીને આસુરી સંપત્તિ પર વિજય પ્રાપ્ત કરાવનારા મહાભારત ગ્રંથનો પાઠ કરવો જોઈએ.

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! હવે મયાસુરે ભગવાન શ્રીકૃષ્ણની પાસે બેઠેલા અર્જુનની વારંવાર પ્રશંસા કરી અને હાથ જોડીને મધુર વાણીથી કહ્યું – 'વીરશ્રેષ્ઠ અર્જુન! ભગવાન શ્રીકૃષ્ણ પોતાનું ચક્ર છોડીને મને મારી નાખવા ચાહતા હતા અને અગ્નિદેવ ચાહતા હતા કે હું આને બાળી નાખું. તમે મારી રક્ષા કરી. હવે કૃપા કરીને જણાવો કે હું તમારી શી સેવા કરું?' અર્જુને કહ્યું, 'અસુરશ્રેષ્ઠ! તમે મારી સેવા સ્વીકારીને ઘણો જ ઉપકાર કર્યો. તમારું કલ્યાણ થાઓ. અમે લોકો તમારા પર પ્રસન્ન છીએ, તમે પણ અમારા પર પ્રસન્ન રહેજો. હવે તમે જઈ શકો છો.' મયાસુરે કહ્યું, 'કુંતી નંદન! તમે જે કહ્યું તે તમારા જેવા શ્રેષ્ઠ પુરુષને અનુરૂપ જ છે. પરંતુ હું ઘણા પ્રેમથી આપની થોડીક સેવા કરવા ઇચ્છું છું. હું દાનવોનો વિશ્વકર્મા છું, મુખ્ય શિલ્પી છું, તમે મારી સેવાનો સ્વીકાર કરો.' અર્જુને કહ્યું – 'મયાસુર! તમે એવું સમજો છો કે મેં પ્રાણ-સંકટથી તમારી રક્ષા કરી છે. આવી સ્થિતિમાં હું તમારી કોઈ સેવા સ્વીકારી શકતો નથી. સાથે-સાથે હું તમારી અભિલાષા પણ નષ્ટ કરવા ચાહતો નથી. તેથી તમે ભગવાન શ્રીકૃષ્ણની કાંઈક સેવા કરો. તેમાં જ મારી સેવા થઈ જશે.'

જ્યારે મયાસુરે ભગવાન શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી, ત્યારે તેમણે થોડો સમય આ વાત પર વિચાર કર્યો કે મયાસુર પાસે કયું કામ કરાવવું જોઈએ. તેમણે મનમાં જ નિશ્ચય કરીને મયાસુરને કહ્યું – 'મયાસુર! તમે શ્રેષ્ઠ શિલ્પી છો. જો તમે ધર્મરાજ યુધિષ્ઠિરનું પ્રિય કાર્ય કરવા ઇચ્છતા હો તો તમારી રુચિ પ્રમાણે તેમના માટે એક સભાભવન તૈયાર કરી આપો. તે સભાભવન એવું હોય કે ચતુર શિલ્પી પણ તેને જોઈને તેની નકલ ન કરી શકે. તેમાં દેવતાઓ, અસુરો અને મનુષ્યોનું સંપૂર્ણ કળા-કૌશલ પ્રગટ થવું જોઈએ.' ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા સાંભળીને મયાસુરને બહુ પ્રસન્નતા થઈ. તેમણે તેવું જ સભાગૃહ બનાવવાનો નિશ્ચય કર્યો.

ત્યારપછી ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુને આ વાત ધર્મરાજ યુધિષ્ઠિરને કહી અને મયાસુરને તેમની પાસે લઈ ગયા. યુધિષ્ઠિરે તેનો યથાયોગ્ય

સત્કાર કર્યો. મયાસુરે ધર્મરાજ યુધિષ્ઠિરને દૈત્યોનાં અદ્‌ભુત ચરિત્રો કહ્યાં. થોડા દિવસ ત્યાં રહીને ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનની સલાહ અનુસાર સભાગૃહ બનાવવા સંબંધી વિચાર કર્યો અને પછી શુભ મુહૂર્તમાં મંગળ-અનુષ્ઠાન, બ્રાહ્મણ-ભોજન અને દાન વગેરે આપીને સર્વગુણસંપન્ન અને દિવ્ય સભાગૃહનું નિર્માણ કરવા માટે દસહજાર હાથ લાંબી-પહોળી જમીન માપી લીધી.

જનમેજય! વાસ્તવમાં ભગવાન શ્રીકૃષ્ણ જ પરમ પૂજનીય છે. પાંડવોએ બહુ પ્રેમથી ભગવાન શ્રીકૃષ્ણનો સત્કાર કર્યો અને તેઓ થોડા દિવસ ત્યાં જ આનંદપૂર્વક રોકાયા. હવે તેમણે તેમનાં માતાપિતાનાં દર્શન માટે ઉત્સુક થઈને દ્વારકા જવાનો વિચાર કર્યો અને તેના માટે ધર્મરાજ યુધિષ્ઠિરની અનુમતિ મેળવી. વિશ્વવન્દ્ય ભગવાન શ્રીકૃષ્ણે પોતાનાં ફોઈ કુંતીનાં ચરણોમાં મસ્તક મૂકીને પ્રણામ કર્યા અને તેમણે તેમનું માથું સૂંઘીને તેમને હૃદયે લગાડી દીધા. ત્યારપછી ભગવાન શ્રીકૃષ્ણ પોતાની બહેન સુભદ્રા પાસે ગયા. તે સમયે પ્રેમવશ તેમનાં નેત્રોમાં આંસુ ઊભરાતાં હતાં. ભગવાને પોતાની બહેન મધુરભાષિણી સૌભાગ્યવતી સુભદ્રાને બહુ જ સંક્ષેપમાં સત્ય, પ્રયોજનપૂર્ણ, હિતકારી, યુક્તિસંગત તથા અફર વચનોથી પોતાના જવાની આવશ્યકતા સમજાવી દીધી. સૌભાગ્યવતી સુભદ્રાએ પણ માતાપિતા વગેરે માટે સંદેશા મોકલ્યા અને પોતાના ભાઈ શ્રીકૃષ્ણનો સત્કાર કરીને તેમને પ્રણામ કર્યા. ભગવાન શ્રીકૃષ્ણ પોતાની બહેનને પ્રસન્ન કરીને જવાની અનુમતિ લીધી અને પછી પુરોહિત ધૌમ્ય પાસે ગયા. પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણે પુરોહિતને નમસ્કાર કરીને દ્રૌપદીને ધીરજ આપીને તેમની અનુમતિ લઈને પાંડવો પાસે આવ્યા. પોતાના ફોઈના દીકરા પાંડવો સાથે શ્રીકૃષ્ણ એ રીતે શોભતા હતા જેમ દેવતાઓની મધ્યમાં ઇન્દ્ર.

ભગવાન શ્રીકૃષ્ણે પ્રસ્થાન કરતી વખતે કરવાનાં કાર્યોનો પ્રારંભ કર્યો. તેમણે સ્નાનાદિથી નિવૃત્ત થઈને આભૂષણ ધારણ કર્યાં અને પુષ્પમાળા, ચંદન, નમસ્કાર વગેરેથી દેવતાઓ અને બ્રાહ્મણોનું પૂજન કર્યું. જ્યારે બધું કાર્ય સમાપ્ત થઈ ગયું, ત્યારે તેઓ બહારની ડેલી પર આવ્યા. બ્રાહ્મણોએ સ્વસ્તિવાચન કર્યું અને તેમણે દહીં, અક્ષત, ફળ, પાત્ર અને દ્રવ્ય વગેરેથી તેમની પૂજા કરીને પ્રદક્ષિણા કરી અને પોતાના સુવર્ણ-રથમાં બિરાજ્યા. તે શીઘ્રગામી રથ ગરુડના ચિહ્નવાળી ધજા, ગદા, ચક્ર, તલવાર, શાર્ઙ્ગધનુષ્ય વગેરે આયુધોથી યુક્ત હતો. તેમાં શૈબ્ય, સુગ્રીવ વગેરે નામના ઘોડા જોતરેલા હતા અને પ્રસ્થાન સમયે તિથિ, નક્ષત્ર વગેરે પણ મંગળ બની રહ્યા હતાં. રથ ચાલે તે પહેલાં રાજા યુધિષ્ઠિર પ્રેમથી તેની ઉપર ચડી ગયા અને ભગવાનના શ્રેષ્ઠ સારથિ દારુકને હઠાવીને તેમણે સ્વયં ઘોડાની રાશ પોતાના હાથમાં લઈ લીધી. અર્જુન પણ ઊછળીને તે રથમાં બેસી ગયા અને હાથમાં સફેદ ચામરની સોનાની દાંડી પકડીને તેને જમણી બાજુ ઢોળવા લાગ્યા. ભીમસેન નકુળ, સહદેવ, ઋત્વિજ અને નગરવાસીઓની સાથે પાછળ-પાછળ ચાલવા લાગ્યા. તે સમયે પોતાના ફોઈના દીકરા-ભાઈઓની સાથે ભગવાન શ્રીકૃષ્ણની ઝાંખી એવી સુંદર હતી, જાણે પોતાના પ્રિય શિષ્યો સાથે સ્વયં ગુરુદેવ જ યાત્રા કરી રહ્યા હોય! અર્જુન ભગવાનના વિયોગથી બહુ વ્યથિત હતા. ભગવાને તેમને હૃદયે લગાડીને બહુ કઠિનતાથી જવાની અનુમતિ આપી, યુધિષ્ઠિર અને ભીમસેનનું સન્માન કર્યું. તે લોકોએ ભગવાનને પોતાનાં હૃદયે લગાડ્યા. નકુળ-સહદેવે તેમના ચરણોમાં વંદન

કર્યા. રથ બે કોસ દૂર નીકળી ચૂક્યો હતો. ભગવાને એ જ પ્રમાણે યુધિષ્ઠિરને પાછા જવા માટે રાજી કર્યા અને ધર્મ પ્રમાણે તેમના ચરણસ્પર્શ કરીને નમસ્કાર કર્યા. યુધિષ્ઠિરે તેમને ઊભા કરીને માથું સૂંઘ્યું અને તેમને જવાની અનુમતિ આપી. ભગવાને તેમને ફરી પાછા આવવાની ખાતરી આપી, અને જેમતેમ કરીને તેમને પાછા વાળ્યા અને પછી દ્વારકા જવા રવાના થયા. જ્યાં સુધી રથ દેખાતો રહ્યો, પાંડવોની આંખો તેમના તરફ એકીટશે જોતી રહી અને તેઓ મનથી તેમની પાછળ ચાલતા રહ્યા. હજી પાંડવોનું પ્રેમભીનું મન અતૃપ્ત જ હતું કે તેમના જીવનસર્વસ્વ ભગવાન શ્રીકૃષ્ણ તેમની આંખોથી અદૃશ્ય થઈ ગયા. પાંડવોના મનમાં કોઈ સ્વાર્થ ન હતો. તેમ છતાં તેમના મનની બધી વૃત્તિઓ શ્રીકૃષ્ણ તરફ વહી જઈ રહી હતી. તેમના ચાલ્યા ગયા પછી તેઓ ચૂપચાપ પોતાના નગરમાં ચાલ્યા આવ્યા. ભગવાન શ્રીકૃષ્ણનો ગરુડ જેવો શીઘ્રગામી રથ પણ દ્વારકા તરફ આગળ વધવા લાગ્યો. તેમની સાથે દારુક સારથિ સિવાય યાદવવીર સાત્યકિ પણ હતા. થોડા જ સમયમાં ભગવાન શ્રીકૃષ્ણ આનંદપૂર્વક દ્વારકા પહોંચી ગયા. ઉગ્રસેન વગેરે યાદવોએ નગરની બહાર આવીને તેમનું સન્માન કર્યું. ભગવાને રાજા ઉગ્રસેન, માતા, પિતા અને ભાઈ બલરામજીને ક્રમશઃ નમસ્કાર કર્યા અને પોતાના પુત્ર પ્રદ્યુમ્ન, સામ્બ, ચારુદેષ્ણ વગેરેને હૃદયે લગાડી ગુરુજનોની આજ્ઞાનુસાર રુક્મિણીના મહેલમાં પ્રવેશ કર્યો.

—★—

## દિવ્ય સભાનું નિર્માણ તથા દેવર્ષિ નારદનું પ્રશ્નના રૂપમાં પ્રવચન

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! ભગવાન શ્રીકૃષ્ણના પ્રસ્થાન કરી ગયા પછી મયાસુરે અર્જુનને કહ્યું – 'વીર! હું અત્યારે તમારી આજ્ઞા લઈને કૈલાસના ઉત્તર મૈનાક પર્વત પર જવા ઇચ્છું છું. ત્યાં બિન્દુસરની પાસે દૈત્યોએ એક યજ્ઞ કર્યો હતો. ત્યાં મેં એક મણિમય પાત્ર બનાવ્યું હતું અને તે દૈત્યરાજ વૃષપર્વાની સભામાં રાખવામાં આવ્યું હતું. જો તે અત્યાર સુધી ત્યાં હોય તો તે લઈને તરત જ હું અહીં પાછો આવી જઈશ. ત્યાં એક બહુ વિચિત્ર રત્નજડિત, સુખદ અને મજબૂત ગદા પણ છે. તેના પર સુવર્ણના તારલિયા જડેલા છે. વૃષપર્વાએ શત્રુઓનો સંહાર કરીને તે ગદાઓના પ્રહારો સહેનારી ભારે ગદા ત્યાં જ રાખી મૂકી છે. તે લાખો ગદાઓની તુલનામાં અદ્વિતીય છે. તે તમારા ગાંડીવ ધનુષ્યની જેમ ભીમસેનને યોગ્ય થઈ પડશે. દેવદત્ત નામનો શંખ પણ ત્યાં જ છે, જે લાવીને હું તમને ભેટ આપીશ.' આમ કહીને મયાસુરે ઈશાન ખૂણાની યાત્રા કરી તથા તે પૂર્વોક્ત બિન્દુસર પર પહોંચી ગયો. રાજા ભગીરથે ગંગાજીના અવતરણ માટે ત્યાં જ તપસ્યા કરી હતી અને પ્રજાપતિએ તે જ સ્થાન પર સો યજ્ઞો કર્યા હતા. દેવરાજ ઇન્દ્રે ત્યાં સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. ત્યાં હજારો લોકો ભગવાન શંકરની ઉપાસના કરે છે. ત્યાં જ નર-નારાયણ, બ્રહ્મા, યમ, શિવ સહસ્ર ચતુર્યુગી વીતી જતાં યજ્ઞ કરે છે અને સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે પણ વર્ષો સુધી યજ્ઞ કરીને ત્યાં જ સુવર્ણજડિત યજ્ઞસ્તંભો અને વેદીઓનું દાન કર્યું હતું.

જનમેજય! મયાસુરે ત્યાં જઈને સભાગૃહ બનાવવાની સઘળી સામગ્રી, ઉપર જણાવી તેવી ગદા, દેવદત્ત શંખ અને અપાર ધન પોતાના અધિકારમાં કરી લીધું તથા ત્યાંથી પાછા આવીને

યુધિષ્ઠિરને માટે વિશ્વવિખ્યાત મણિમય સભાનું નિર્માણ કર્યું. તે શ્રેષ્ઠ ગદા ભીમસેનને તથા દેવદત્ત શંખ અર્જુનને ભેટ આપ્યા. તે શંખના ગંભીર નાદથી ત્રણે લોક કાંપી ઊઠતા હતા. તે સભાગૃહ દસહજાર હાથ લાંબું-પહોળું હતું. તેમાં સોનેરી વૃક્ષો લહેરાઈ રહ્યાં હતાં. તે સભાગૃહ એવું લાગતું હતું જાણે સૂર્ય, ચંદ્રમા અથવા અગ્નિદેવનું સભાગૃહ હોય. તેનાં અલૌકિક તેજની સામે સૂર્યની પ્રભા પણ ઝાંખી પડી જતી હતી. મયાસુરની આજ્ઞાથી આઠ હજાર કિંકર રાક્ષસો તે દિવ્ય સભાની ચોકી અને સંભાળ રાખતા હતા. તેઓ આવશ્યકતા પડતાં તે સભાગૃહને બીજે સ્થાને પણ લઈ જઈ શકતા હતા. તે સભાભવનમાં એક દિવ્ય સરોવર પણ હતું. તે અનેક પ્રકારના મણિ-માણેકની સીડીઓથી શોભાયમાન, કમળનાં પુષ્પોથી ઉલ્લસિત તથા મંદ-મંદ વાયુથી હિલોળા લેતું હતું. કેટલાય મોટા-મોટા રાજાઓ પણ તેનાં જળને સ્થળ સમજીને ભ્રમમાં પડી જતા હતા. તેની ચારે બાજુ ગગનચુંબી વૃક્ષોનાં લીલાં-લીલાં પાંદડાંની છાયા હતી. સભાની ચારે બાજુ દિવ્ય સુગંધથી મહેકતા બગીચા હતા. નાની-નાની તલાવડીઓ હતી, જેમાં હંસ, સારસ અને ચકલા-ચકલી વિહાર કરતાં રહેતાં હતાં. જળ અને સ્થળની કમળની હાર પોતાની સુગંધથી લોકોને મુગ્ધ કરતી હતી. મયાસુરે માત્ર ચૌદ મહિનામાં જ આ દિવ્ય સભાભવનનું નિર્માણ કરીને ધર્મરાજ યુધિષ્ઠિરને અર્પણ કર્યું.

જનમેજય! ધર્મરાજ યુધિષ્ઠિરે શુભ મુહૂર્તમાં દસ હજાર બ્રાહ્મણોને ફળ, કંદ-મૂળ, ખીર વગેરે જાતજાતના પદાર્થોનું ભોજન કરાવ્યું. તેમને વસ્ત્ર, પુષ્પમાળા, નાની-મોટી સામગ્રી વગેરેથી તૃપ્ત કરીને દરેકને એક-એક હજાર ગાયોનું દાન આપ્યું. ત્યારપછી જ્યારે તેઓ સભાગૃહમાં પ્રવેશ કરવા લાગ્યા, ત્યારે બ્રાહ્મણો પુણ્યાહવાચન કરવા લાગ્યા. વાજિંત્રો વાગવા લાગ્યાં. ફળ-ફૂલથી દેવતાઓનું પૂજન કરવામાં આવ્યું. મલ્લો-પહેલવાનો, નટ, વૈતાલિક અને બંદીજનોએ ધર્મરાજને પોતપોતાની કળા દેખાડી. ત્યાર બાદ તેઓ પોતાના ભાઈઓ સાથે દેવરાજ ઇન્દ્રની જેમ બિરાજમાન થયા. તેમની સાથે સભા-મંડપમાં અનેક ઋષિ-મુનિઓ તથા રાજા-મહારાજા પણ બેઠા હતા. ઋષિઓમાં મુખ્યતઃ, અસિત, દેવલ, કૃષ્ણદ્વૈપાયન, જૈમિની, યાજ્ઞવલ્ક્ય વગેરે વેદ-વેદાંગના પારદર્શી, ધર્મજ્ઞ, સંયમી અને પ્રવચનકારો બેઠેલા હતા. ભગવાન વ્યાસના શિષ્ય અમે લોકો પણ ત્યાં જ હતા. રાજાઓમાં કક્ષસેન, ક્ષેમક, કમઠ, કમ્પન, મદ્રક દેશના રાજા જટાસુર, પુલિન્દ, અંગ, વંગ, પુણ્ડ્રક, અન્ધક, પાણ્ડ્ય તથા ઉડીસા વગેરે દેશોના અધિપતિ મહારાજ યુધિષ્ઠિરની સેવામાં ઉપસ્થિત હતા. અર્જુન પાસેથી અસ્ત્ર-વિદ્યા શીખનારા રાજકુમારો અને યદુવંશીઓમાં પ્રદ્યુમ્ન, સામ્બ, સાત્યકિ વગેરે પણ ત્યાં બેઠા હતા. તુમ્બુરુ, ચિત્રસેન વગેરે ગંધર્વો અને અપ્સરાઓ પણ ધર્મરાજને પ્રસન્ન કરવા માટે વાજિંત્રો વગાડતા હતા. તે સમયે યુધિષ્ઠિરની શોભા એવી હતી જાણે મહર્ષિઓ અને રાજર્ષિઓની મધ્યમાં બ્રહ્માજી સ્વયં પોતાની સભામાં બિરાજમાન થયા હોય!

જનમેજય! એક દિવસ મહાત્મા પાંડવો ગંધર્વો વગેરે સાથે તે દિવ્ય સભાભવનમાં બિરાજમાન હતા, તે સમયે દેવર્ષિ નારદ બીજા અનેક ઋષિઓની સાથે ત્યાં પધાર્યા. રાજન્! દેવર્ષિ નારદનો મહિમા અપાર છે. તેઓ વેદો અને ઉપનિષદોના પારદર્શી વિદ્વાન છે. મોટા-મોટા દેવતાઓ તેમની પૂજા કરે છે. ઇતિહાસ, પુરાણ, પ્રાચીન કલ્પ અને પૂર્વોત્તરમીમાંસાની વિદ્વત્તામાં તેઓ અદ્વિતીય છે. તેઓ વેદોના છ અંગ વ્યાકરણ,

કલ્પ, શિક્ષા વગેરે તો જાણે જ છે. ધર્મના પણ પૂરા મર્મજ્ઞ છે. તેઓ વેદના પરસ્પર વિરુદ્ધ વચનોની એકવાક્યતા, એકમાં મળેલા શબ્દોનું ક્રમ અનુસાર પૃથક્કરણ અને યજ્ઞના અનેક કર્મો એકસાથે ઉપસ્થિત થતાં તેના સંપાદનમાં બહુ જ નિપુણ છે. તેઓ પ્રતિભાશાળી વક્તા, સ્મૃતિયુક્ત મેધાવી, નીતિકુશળ અને સહૃદય કવિ છે. તેઓ કર્મ અને જ્ઞાનના વિભાજનમાં સમર્થ છે. તેઓ પ્રત્યક્ષ, અનુમાન અને આપ્તવચન દ્વારા બધા વિષયોનો યથાર્થ નિશ્ચય કરે છે. અને પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન – આ પાંચ અંગોથી યુક્ત વાક્યોના ગુણદોષ સારી રીતે સમજે છે. બૃહસ્પતિ સાથે ચર્ચા થાય તો પણ તેઓ ઉત્તર-પ્રત્યુત્તર કરવામાં વિશારદ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ – ચારેય પુરુષાર્થોની બાબતમાં તેમનો નિર્ણય બધી રીતે સુસંગત છે. તેમણે ચૌદ ભુવનોને ઉપર-નીચેથી, આજુબાજુથી અને પ્રત્યક્ષરૂપે જોઈ લીધાં છે. સાંખ્ય અને યોગ બંને માર્ગોને તેઓ જાણે છે અને દેવતાઓ તથા અસુરો દરેકના વિચારની સંભાળ રાખે છે. સંધિ-વિગ્રહના તત્ત્વને સારી રીતે જાણે છે અને શત્રુ તથા મિત્રની શક્તિનું રતી રતીનું જ્ઞાન ધરાવે છે. સમાધાન, મતભેદ, ચડાઈ, ફૂટ પાડવી વગેરે રાજનીતિ અને કૂટનીતિ પણ તેમને પૂરી રીતે જ્ઞાત છે. વધારે તો શું, તેઓ બધા જ શાસ્ત્રોના નિપુણ વિદ્વાન છે. તેઓ યુદ્ધ અને ગાન બંનેના પ્રેમી છે. તેમને ક્યાંય પણ આવવા-જવામાં પ્રતિબંધ નથી. આવા અનેક ગુણ તેમનામાં છે. તે દિવસે તેઓ લોક-લોકાંતરમાં ઘૂમતા-ફરતા પારિજાત, પર્વત, સુમુખ વગેરે ઋષિઓની સાથે પાંડવોને મળવા માટે તેમની સભામાં આવી પહોંચ્યા. તેઓ મનોવેગથી ત્યાં પધાર્યા અને પ્રેમથી ધર્મરાજાને આશીર્વાદ આપ્યા 'જય હો! જય હો!'

બધા ધર્મોના મર્મજ્ઞ રાજા યુધિષ્ઠિર દેવર્ષિ નારદજીને આવેલા જોઈને ભાઈઓ સહિત તરત જ ઊભા થઈ ગયા, વિનયપૂર્વક ઝૂકીને બહુ જ પ્રેમથી તેમને નમસ્કાર કર્યા અને યોગ્ય આસન પર બેસાડ્યા. મધુપર્ક વગેરેથી તેમની વિધિપૂર્વક પૂજા કરી. નારદજી પાંડવોની પૂજાથી ઘણા પ્રસન્ન થયા અને કુશળ-પ્રશ્નના બહાને તેમને ધર્મ, અર્થ તથા કામનો ઉપદેશ આપવા લાગ્યા.

**નારદજીએ કહ્યું,** 'ધર્મરાજ! તમારા ધનનો યથાર્થ ઉપયોગ તો થાય છે ને? તમારું મન તો ધર્મના કાર્યમાં પરોવાયેલું રહેતું હશે? આશા છે તમે સુખી હશો. તમારા મનમાં ક્યારેય બૂરા વિચારો આવતા નહિ હોય. તમારા પિતા અને પિતામહે જે સદાચારનું પાલન કર્યું હતું તે જ ધર્મ અને અર્થને અનુકૂળ ઉદાર નીતિને તમે પણ અપનાવી હશે. તમારી અર્થપ્રિયતા ધર્મમાં, ધર્મપ્રિયતા અર્થમાં, કામપ્રિયતા ધર્મ અને અર્થમાં બાધક થતી નહિ હોય. તમે તો સમયના રહસ્યને જાણો છો. ધર્મ, અર્થ અને કામના સેવન માટે અલગ-અલગ સમય નિશ્ચિત કરી લીધા છે ને? રાજામાં છ ગુણો અનિવાર્ય છે – વ્યાખ્યાન-શક્તિ, વીરતા, મેધાવીપણું, પરિણામદર્શિતા, નીતિ-નિપુણતા અને કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક. સાત ઉપાય છે – મંત્ર, ઔષધિ, ઇન્દ્રજાળ, સામ, દાન, દંડ અને ભેદ. ઉપર કહેલા ગુણો દ્વારા આ ઉપાયોનું નિરીક્ષણ કરવું જોઈએ. અને પોતાના ચૌદ દોષો પર દૃષ્ટિ રાખવી જોઈએ – નાસ્તિકતા, અસત્ય, ક્રોધ, પ્રમાદ, દીર્ઘસૂત્રતા, જ્ઞાનીઓનો સંગ ન કરવો, આળસ, ઇન્દ્રિય-પરવશતા, માત્ર અર્થનું જ ચિંતન, મૂર્ખાઓ સાથે પરામર્શ, નિશ્ચિત કાર્યમાં બહાનું, સલાહને ગુપ્ત ન રાખવી, સમય પ્રમાણે ઉત્સવ વગેરે ન કરવા અને એકસાથે અનેક શત્રુઓ પર ચડાઈ કરવી. આ દોષોથી બચીને તમે તમારી શક્તિનું બરાબર જ્ઞાન રાખો છો ને? પોતાની

શક્તિ અને શત્રુઓની શક્તિ પ્રમાણે સંધિ અથવા વિગ્રહ કરીને તમે તમારી ખેતી-વાડી, વેપાર, કિલ્લા, પુલ, હાથી, હીરા અને સોનાની ખાણો, કરની વસૂલી, ઉજ્જડ પ્રદેશમાં લોકોને વસાવવા વગેરે કાર્યોની દેખરેખ બરાબર રાખો છો ને? યુધિષ્ઠિર! તમારા રાજ્યના સાતેય અંગો – સ્વામી, મંત્રી, મિત્ર, ખજાનો, રાષ્ટ્ર, દુર્ગ અને નગરવાસીઓ શત્રુઓ સાથે મળેલા તો નથી ને? ધનવાન લોકો ખોટાં વ્યસનોથી બચ્યા તો છે ને? તમારા પ્રત્યે તેમનો પ્રેમ તો છે ને? ક્યાંક તમારા શત્રુના ગુપ્તચરો પોતાનો વિશ્વાસ સ્થાપીને તમારા અથવા તમારા મંત્રીઓ દ્વારા તમારી ગુપ્ત મંત્રણાઓ જાણી તો લેતા નથી ને? તમે તમારા મિત્ર શત્રુ, ઉદાસીન લોકોના સંબંધમાં એ જ્ઞાન તો રાખો છો ને કે તેઓ શું કરવા ચાહે છે? તમે મેળ-મેળાપ અથવા વેર-વિરોધ સમયાનુસાર જ કરો છો ને? ઉદાસીનો પ્રત્યે વિષમ દૃષ્ટિ તો રાખતા નથી ને? તમારા મંત્રીઓ તમારા જેવા જ જ્ઞાનવૃદ્ધ, પુણ્યાત્મા, સમજદાર, કુળવાન અને પ્રેમી તો છે ને?

યુધિષ્ઠિર! વિજયનું મૂળ છે પોતાના વિચારોની ગુપ્તતા. તમારા શાસ્ત્રજ્ઞ મંત્રીઓ તમારા વિચારો અને સંકલ્પોને ગુપ્ત રાખે છે ને? દેશની રક્ષા આ રીતે જ થાય છે. શત્રુઓ ક્યાંક તમારી વાતોનો ભેદ તો મેળવી લેતા નથી ને? તમે કસમયે નિદ્રાવશ તો થઈ જતા નથી ને? સમયસર જાગી તો જાઓ છો ને? રાત્રિના પાછલા પહોરમાં જાગીને તમે તમારા અર્થ સંબંધમાં વિચાર તો કરો છો ને? ક્યાંક તમે એકલા અથવા ઘણા લોકો સાથે તો મંત્રણા કરતા નથી ને? તમારી સલાહ શત્રુદેશ સુધી પહોંચતી તો નથી ને? થોડા પ્રયત્નથી મોટાં-મોટાં કાર્યો સિદ્ધ થઈ જાય, એવું વિચારીને કાર્યનો પ્રારંભ કરો છો ને? ક્યાંક એવાં કાર્યોમાં આળસ તો કરી બેસતા નથી ને? ક્યાંક ખેડૂતોનાં કામો તમારી જાણ બહાર તો થતાં નથી ને? તેમના પર તમને વિશ્વાસ તો છે ને? ક્યાંક તેમના તરફથી ઉદાસીન થઈને બેસી ન જતા, તેમનો પ્રેમ જ રાજ્યની ઉન્નતિનું કારણ છે. ખેડૂતોનું કામ વિશ્વાસુ, નિર્લોભી અને ખાનદાન સેવકો દ્વારા જ કરાવવું જોઈએ. તમારાં કાર્યોની જાણ, તે સિદ્ધ થાય એ પૂર્વે તો લોકોને થઈ જતી નથી ને?

તમારા આચાર્ય ધર્મજ્ઞ અને બધા શાસ્ત્રોમાં નિપુણ થઈને કુમારોને બરાબર યુદ્ધ-શિક્ષણ આપે છે ને? તમે હજારો મૂર્ખાઓને બદલે એક વિદ્વાનનો સંગ્રહ તો કરો છો ને? વિદ્વાન જ આફતકાળે રક્ષા કરી શકે છે. તમારા બધા કિલ્લાઓમાં ધન-ધાન્ય, અસ્ત્ર, શસ્ત્ર, જળ, યંત્ર, કારીગર અને સૈનિકોનો પર્યાપ્ત પ્રબંધ તો છે ને? જો એક પણ મંત્રી મેધાવી, સંયમી અને ચતુર હોય તો રાજા અથવા રાજકુમારને વિપુલ સંપત્તિનો સ્વામી બનાવી દે છે. તમે શત્રુપક્ષના મંત્રી, પુરોહિત, યુવરાજ, સેનાપતિ, દ્વારપાળ, અંતઃપુરના રક્ષકો, કારાગારના અધિકારીઓ, ખજાનચી, કાર્યને કરવું – ન કરવું એનો નિર્ણાયક, પ્રદેશનો (પ્રાન્તનો) અધિકારી, નગરપતિ, કાર્ય-નિર્માણકર્તા, ધર્માધ્યક્ષ, સભાપતિ, દંડપાલ, દુર્ગપાલ, સીમાપાલ અને વનવિભાગના અધિકારીઓ પર ત્રણ-ત્રણ ગુપ્તચરો રાખો છો ને? પ્રથમ ત્રણને છોડીને પોતાના પક્ષના શેષ અધિકારીઓ પર પણ ત્રણ-ત્રણ ગુપ્તચરો રાખવા જોઈએ. તમે સ્વયં સાવધાન રહીને પોતાની વાત શત્રુઓથી છૂપી રાખો અને તેમના કાર્યની જાણકારી મેળવતા રહો. અચ્છા, એ તો જણાવો કે તમારા પુરોહિત કુલીન, વિનયી અને વિદ્વાન તો છે ને? તે કર્તવ્યમૂઢ અને નિન્દક તો નથી ને? તમે તેમનો યથાયોગ્ય સત્કાર કરતા હશો. તમે બુદ્ધિમાન, સરળ અને વિધિ-વિધાનનો જ્ઞાતા ઋત્વિજને નિયુક્ત કર્યો છે ને? તે હવન કરેલી અને

કરવાની સામગ્રીનું સમર્પણ તો કરે છે ને? તમારો જ્યોતિષી શાસ્ત્રનાં બધાં અંગોનો વિશેષજ્ઞ, નક્ષત્રોની ચાલ, વક્રતા વગેરેનો જ્ઞાતા તથા ઉત્પાત વગેરેને પહેલેથી જ જાણી લેવામાં નિપુણ તો છે ને? તમે તમારા કર્મચારીઓને ક્યાંક નીચા-ઊંચા અયોગ્ય કામમાં તો ગોઠવી દીધા નથી ને? તમે તમારા છલરહિત, પરંપરાથી આવેલા અને સદાચારી મંત્રીઓને બરાબર કાર્યોના નિર્દેશ તો કરતા રહો છો ને? તમારા મંત્રીઓ ક્યાંક શીલ-સૌજન્ય અને પ્રેમને તિલાંજલિ આપીને પ્રજાનું કઠોર શાસન તો કરતા નથી ને? જેમ પવિત્ર યાજ્ઞિક પતિત યજમાનનો અને સ્ત્રીઓ વ્યભિચારી પુરુષનો તિરસ્કાર કરે છે, તે જ રીતે પ્રજા અધિક કર લેવાના કારણે તમારો અનાદર તો કરતી નથી ને?

તમારો સેનાપતિ તેજસ્વી, વીર, બુદ્ધિમાન, ધૈર્યશાળી, પવિત્ર, કુલીન, સ્વામીભક્ત અને ચતુર તો છે ને? તમારી સેનાના બધા જૂથપતિ બધા પ્રકારના યુદ્ધમાં ચતુર, નિષ્કપટ, શૂરવીર અને તમારા દ્વારા સન્માનિત તો છે ને? તમે તમારી સેનાના ભોજન અને વેતનનો પ્રબંધ બરાબર સમયસર કરો છો ને? ક્યારેક વિલંબ અને ક્યાંક કાપકૂપ તો કરતા નથી ને? ભોજન અને વેતન સમયસર ન મળવાથી સૈનિકોને કષ્ટ થાય છે અને તેઓ પોતાના સ્વામીના જ વિદ્રોહી બની જાય છે. તમારા કુલીન કર્મચારીઓ શું તમારા પ્રત્યે એવો પ્રેમ રાખે છે કે જરૂર પડ્યે તમારા માટે પ્રાણ પણ ન્યોછાવર કરી દે? કોઈ એવી ચેષ્ટા તો કરી રહ્યો નથી કે તમામ સેના તેની ઇચ્છા પ્રમાણે ચાલે અને તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી દે? જ્યારે કોઈ કર્મચારી બહાદુરીનું કામ કરે છે, ત્યારે તમે તેનું વિશેષ સન્માન કરીને તેનું ભોજન અને વેતન વધારી દો છો ને? તમે વિદ્યા-વિનયી અને જ્ઞાની-ગુણી પુરુષોની યથાયોગ્ય દાન દ્વારા સેવા કરો છો ને? રાજન્! જે લોકો તમારી રક્ષા માટે મરી ફીટે છે અથવા પોતાને સંકટમાં નાખી દે છે, તેમના બાળ-બચ્ચાંની રક્ષા તો તમે કરો છો ને? જ્યારે નિર્બળ શત્રુ યુદ્ધમાં પરાજિત થઈને તમારે શરણે આવે છે ત્યારે તમે પુત્રની જેમ તેની રક્ષા તો કરો છો ને? બધી પ્રજા તમને નિષ્પક્ષ, હિતકારી અને માતા-પિતાની જેમ માને છે ને?

પ્રથમ પોતાની ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરીને પછી ઇન્દ્રિયોને અધીન શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરી શકાય છે. શત્રુઓને વશમાં કરવા માટે સામ, દાન, દંડ વગેરે બધા ઉપાયોનો ઉપયોગ કરવો જોઈએ. પોતાના રાજ્યની રક્ષાની વ્યવસ્થા કરીને શત્રુ પર ચડાઈ કરવી જોઈએ અને તેને જીતીને પછી તે જ રાજ્ય પર પોતાનો અધિકાર સ્થાપિત કરી દેવો જોઈએ. તમે અવશ્ય આ પ્રમાણે કરતા જ હશો.

તમે તમારા કુટુંબી, ગુરુજન, વૃદ્ધ, વેપારી, કારીગર, આશ્રિત અને દરિદ્રોનું ધન-ધાન્યથી હરહંમેશ ભરણપોષણ તો કરો છો ને? જે લોકો આવક અને ખર્ચના કામમાં નિયુક્ત છે તેઓ દરરોજ પોતાનો હિસાબ તમારી સામે રજૂ તો કરે છે ને? ક્યારેક કોઈ આશાસ્પદ અને હિતૈષી કર્મચારીને અપરાધ વિના પદચ્યુત તો કરતા નથી ને? ક્યાંક કોઈ કામમાં લોભી, ચોર, શત્રુ અથવા અનુભવહીન વ્યક્તિની નિમણૂક તો થઈ ગઈ નથી ને? ક્યાંક ચોર, લાલચુ રાજકુમારો, રાણીઓ અથવા સ્વયં તમે જ પ્રજાજનોને પીડતા તો નથી ને? ખેડૂતોને પ્રસન્ન રાખવા જોઈએ. મહારાજ! તમારા રાજ્યમાં જળથી પરિપૂર્ણ વિપુલ માત્રામાં તળાવો તો છે ને? ક્યાંક તમે ખેતીને વરસાદના આધાર પર તો છોડી દીધી નથી ને? ખેડૂતોને બીજ અને ભોજન હંમેશાં મળતાં રહેવાં જોઈએ. જરૂર

વ્યાજ લઈને તેમને ધન પણ આપવું
તમારા રાજ્યમાં ખેતી, ગૌરક્ષા અને
બંધી લેવડ-દેવડ ઇમાનદારીપૂર્વક થાય
ને અનુકૂળ વેપારથી જ પ્રજા સુખી થાય
રાજ્યમાં જજ, મામલતદાર, સરપંચ,
શિરસ્તેદાર અને સાક્ષી – આ પાંચે
હિતમાં તત્પર અને બુદ્ધિમાનીથી કામ
ને? નગરની રક્ષા માટે ગામોની રક્ષા
જ જરૂરી છે. પ્રાન્તોની રક્ષા પણ ગ્રામ-
જ થવી જોઈએ. ત્યાંના સમાચાર તો
મયે મળ્યા કરે છે ને? તમારા રાજ્યમાં
ચોર, ઊંચા-નીચા લોકો છુપાઈને
ટતા તો નથી ને? તમે સ્ત્રીઓને સુરક્ષિત
ટ રાખો છો? ક્યાંક તમે તેમના પર
કીને ગુપ્ત વાતો તો તેમને જણાવી દેતા
તમે ક્યાંક ભોગ-વિલાસમાં મગ્ન થઈને
પેક્ષા તો કરતા નથી ને? તમારા સેવકો
ાક પહેરીને હાથમાં તલવાર રાખીને
ામાં ખડે પગે તૈયાર રહે છે ને? તમે
ઓ માટે યમરાજ અને પૂજનીયો માટે
છો ને? તમે પ્રિય અને અપ્રિય
નો સારી રીતે પરીક્ષા કરીને જ તેમની
હાર કરો છો ને? શરીરનું દર્દ મટે છે
ન અને ઔષધિના સેવનથી તથા મનની
છે જ્ઞાની પુરુષોના સત્સંગથી. તમે તેમનું
સેવન તો કરો છો ને?

રા વૈદ્યો અષ્ટાંગ-ચિકિત્સામાં નિપુણ,
મી અને શરીરની દેખરેખ રાખનારા તો
ાંક તમે લોભ, મોહ અને અભિમાનથી
ાચક) અને પ્રત્યર્થી (વિરોધીઓ)ની
કરતા નથી ને? તમે લોભ, મોહ,
અથવા પ્રેમથી તમારા આશ્રિતોની
અડચણ તો ઊભી કરતા નથી? તમારા
નગરવાસી અને દેશવાસી શત્રુઓ પાસેથી લાંચ લઈને અને તેમની સાથે ભળી જઈને અંદરખાને તમારો વિરોધ તો કરતા નથી ને? મુખ્ય-મુખ્ય રાજાઓ પ્રેમવશ થઈને તમારા માટે પ્રાણોનું બલિદાન આપવા માટે તૈયાર છે કે નહિ? તમારી વિદ્વત્તા અને ગુણોને લીધે બ્રાહ્મણો અને સાધુઓ તમારા કલ્યાણ અર્થે પ્રશંસા કરે છે કે નહિ? તમે તેમને દક્ષિણા આપો છો કે નહિ? આમ કરવું તમારા માટે સ્વર્ગ અને મોક્ષનો હેતુ છે. તમારા પૂર્વજોએ જે વૈદિક સદાચારનું પાલન કર્યું હતું, તમે તેનું બરાબર પાલન કરો છો ને? તમારા મહેલમાં તમારી આંખો સામે ગુણવાન બ્રાહ્મણો સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્યકર ભોજન કરીને દક્ષિણા તો પામે છે ને? તમે પૂરા સંયમ અને એકાગ્રતાપૂર્વક સમયે-સમયે યજ્ઞ-યાગાદિ તો કરતા જ હશો. જ્ઞાતિજનો, ગુરુ, વૃદ્ધ, દેવતા, તપસ્વી, દેવસ્થાન, પવિત્ર વૃક્ષો અને બ્રાહ્મણોને નમસ્કાર તો કરો છો ને? તમે કોઈના મનમાં શોક અથવા ક્રોધ તો વધારતા નથી ને? કોઈ મનુષ્ય પોતાના હાથમાં મંગળ-દ્રવ્ય લઈને તમારી પાસે હંમેશાં રહે છે ને? તમારી આ મંગળમયી ધર્માનુકૂળ વૃત્તિ હંમેશાં એકસરખી જ રહે છે ને? આ પ્રકારની વૃત્તિ યશ અને આયુષ્યને વધારનારી તથા ધર્મ, અર્થ અને કામને પૂર્ણ કરનારી છે. જે આવી વૃત્તિ રાખે છે તેના દેશમાં ક્યારેય સંકટ આવતું નથી, સંપૂર્ણ પૃથ્વી તેના વશમાં થઈ જાય છે. તે સુખી થાય છે.

ધર્મરાજ! ક્યાંક તમારા શાસ્ત્ર-કુશળ મંત્રીઓ અજ્ઞાનવશ કોઈ શ્રેષ્ઠ, પવિત્ર, નિરપરાધ પુરુષને ચોર-ડાકુ સમજીને સતાવતા તો નથી? ક્યાંક તમારા કર્મચારીઓ લાંચ લઈને ચોરને દંડ આપ્યા વિના જ છોડી તો દેતા નથી ને? ક્યારેક ધનવાન અને ગરીબના વિવાદમાં તમારા કર્મચારીઓ ધનના લોભમાં ગરીબો સાથે અન્યાય તો કરતા

ે પ્રથમ ચૌદ દોષોનું વર્ણન કર્યું છે
મારે અવશ્ય બચવું જોઈએ. વેદોની
જ્ઞોથી, ધનની સફળતા દાન અને
નીની સફળતા આનંદ અને સંતાનથી
ની સફળતા શીલ અને સદાચારથી

થી વેપાર કરનારા વૈશ્યો પાસેથી
ો કર વસૂલ તો થાય છે ને? રાજધાની
વેપારીઓનું સન્માન તો થાય છે ને?
ધોખા-પ્રપંચમાં આવીને ઠગાતા તો
ા ગુરુજનો પાસેથી દરરોજ ધર્મશાસ્ત્રો
ાસ્ત્રોનું શ્રવણ તો કરો છો ને?
ઉત્પન્ન થતા અન્ન, ફૂલ, ફળ, ગોરસ,
ગેરે પદાર્થો ધર્મબુદ્ધિથી બ્રાહ્મણોને
ને? તમે તમારા કારીગરોને યોગ્ય
ન અને કામ તો આપો છો ને? ભલાઈ
મરી સભામાં કૃતજ્ઞતાપૂર્વક આદર-
રાય છે ને? તમે બધા પ્રકારના સૂત્રગ્રંથ
તિસૂત્ર, રથસૂત્ર, અશ્વસૂત્ર, અસ્ત્રસૂત્ર,

યન્ત્રસૂત્ર અને નાગરિક-સૂત્રનો અભ્યાસ તો કરતા જ હશો. તમે બધા પ્રકારના અસ્ત્ર-શસ્ત્ર, મારણપ્રયોગ, ઔષધિઓના ઝેરીલા પ્રભાવને જરૂર જાણતા હશો? તમે અગ્નિ, હિંસક પ્રાણી, રોગ તથા રાક્ષસોથી સંપૂર્ણ રાષ્ટ્રની રક્ષા કરો છો ને? આંધળા, મૂંગા, લંગડા, લૂલા, અનાથ એવા સાધુ-સંન્યાસીઓની ધર્મ સમજીને તમે રક્ષા કરતા હશો. મહારાજ! રાજાને માટે છ દોષ અનર્થકારી છે – નિદ્રા, આળસ, ભય, ક્રોધ, મૃદુતા અને દીર્ઘસૂત્રતા.

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! દેવર્ષિ નારદની વાણી સાંભળીને ધર્મરાજ યુધિષ્ઠિરે તેમનો ચરણસ્પર્શ કર્યો અને ખૂબ પ્રસન્નતાથી કહ્યું – 'મહારાજ! હું તમારી આજ્ઞાનું પાલન કરીશ. આજે મારા જ્ઞાનમાં વૃદ્ધિ થઈ છે.' એમ કહીને તેમણે તે જ પ્રમાણે કરવાનો પ્રયત્ન કરી દીધો. દેવર્ષિ નારદે કહ્યું – જે રાજા આ પ્રમાણે વર્ણાશ્રમ-ધર્મની રક્ષા કરે છે, તે આ લોકમાં તો સુખી થાય જ છે, પરલોકમાં પણ સુખ ભોગવે છે.

—★—

## દેવ-સભાઓનું વર્ણન અને સ્વર્ગીય પાંડુનો સંદેશ

**ાયનજી કહે છે** - જનમેજય! દેવર્ષિ
દેશ સાંભળીને ધર્મરાજે તેમનો બહુ
ાર કર્યો. વિશ્રામ કર્યા પછી ફરી
. જઈને ધર્મરાજે આ પ્રશ્ન કર્યો -
સદા મનની જેમ ફરતા રહો છો અને
વેલા વિવિધ લોકનું દર્શન કરતા રહો
યાંય આવું અથવા આનાથી સુંદર,
જોયું છે? કૃપા કરીને જણાવો.'
ધિષ્ઠિરનો આવો પ્રશ્ન સાંભળીને
ે મલકાઈને મધુર વાણીમાં કહ્યું -
મનુષ્યલોકમાં મેં ન તો આવું
જોયું છે કે ન સાંભળ્યું છે. હું તમને

યમરાજા, વરુણ, ઈન્દ્ર, કુબેર તથા બ્રહ્માજીનાં સભાભવનોનું વર્ણન કહી સંભળાવું છું. તે બધાં લૌકિક તથા અલૌકિક કળા-કારીગરીથી સંપન્ન છે. સૂક્ષ્મ તત્ત્વથી બનેલું હોવાથી એકનું એક સભાભવન અનેક-અનેક રૂપોમાં દેખાય છે. દેવતા, પિતર, યાજ્ઞિક, વેદ, યજ્ઞ, ઋષિ, મુનિ વગેરે તેમાં મૂર્તિમાન્ થઈને રહે છે.' દેવર્ષિ નારદની વાત સાંભળીને પાંચે પાંડવો અને ઉપસ્થિત બ્રાહ્મણો તે સભાઓનું વર્ણન સાંભળવા માટે અતિ ઉત્સુક થઈ ગયા. તેમણે હાથ જોડીને વિનંતી કરી કે 'તમે અવશ્ય તે સભાઓનું વર્ણન કરો. અમે પ્રેમથી તે સાંભળવા ઇચ્છીએ છીએ. તે સભાભવનો કઈ કઈ

વસ્તુઓથી અને કેટલાં લાંબા-પહોળા બનેલાં છે? તે સભાઓના સભાસદ કોણ છે? એ સિવાય તે સભાઓમાં બીજી કઈ કઈ વિશેષતાઓ છે?' ધર્મરાજનો આ પ્રશ્ન સાંભળીને દેવર્ષિ નારદે દેવરાજ ઈન્દ્ર, સૂર્યપુત્ર યમ, બુદ્ધિમાન વરુણ, યક્ષરાજ કુબેર અને લોકપિતામહ બ્રહ્માજીનાં સભાભવનોનું વિસ્તારથી વર્ણન કર્યું.*

જનમેજય! દિવ્યસભાઓનું વર્ણન સાંભળીને ધર્મરાજે દેવર્ષિ નારદને કહ્યું - 'ભગવન્! તમે યમરાજાની સભામાં મોટા ભાગના રાજાઓની ઉપસ્થિતિનું વર્ણન કર્યું. વરુણની સભામાં નાગ, દૈત્યરાજ, નદી અને સમુદ્રોની સ્થિતિ જણાવી. કુબેરની સભામાં યક્ષ, રાક્ષસ, ગન્ધર્વ, ગુહ્યક અને રુદ્રદેવની ઉપસ્થિતિ પણ અમે જાણી લીધી. તમે એમ જણાવ્યું કે બ્રહ્માજીની સભામાં ઋષિ-મુનિઓ, દેવતાઓ અને શાસ્ત્ર-પુરાણોનો નિવાસ છે. તમે દેવરાજ ઈન્દ્રની સભાના દેવતાઓ, ગંધર્વો અને ઋષિ-મુનિઓની ગણતરી પણ કરી દીધી. તમે જણાવ્યું કે ત્યાં રાજર્ષિઓમાં માત્ર હરિશ્ચંદ્ર જ રહે છે. તેમણે એવું કયું સત્કર્મ, તપ અથવા વ્રત કર્યું છે, જેના ફળસ્વરૂપે તેઓ ઈન્દ્રની સમકક્ષ થઈ ગયા છે? ભગવન્! તમે પિતૃલોકમાં મારા પિતાજી પાંડુને કઈ રીતે જોયા હતા? તેમણે મારા માટે શો સંદેશો આપ્યો છે? કૃપા કરીને તમે તેમની વાત મને અવશ્ય જણાવો.

**દેવર્ષિ નારદે કહ્યું** - રાજન્! હું તમારા પ્રશ્નના જવાબમાં રાજર્ષિ હરિશ્ચંદ્રનો મહિમા કહું છું. તેઓ ધીર-વીર અને ચક્રવર્તી સમ્રાટ હતા. પૃથ્વીના બધા રાજાઓ તેમને વંદન કરતા હતા. તેમણે એકલે હાથે જ બધાને જીતીને દિગ્વિજય પ્રાપ્ત કર્યો હતો અને રાજસૂય યજ્ઞ જેવા મહાન યજ્ઞનું અનુષ્ઠાન કર્યું હતું. બધા રાજાઓએ તેમને કર આપ્યો અને તેમના યજ્ઞમાં પીરસવાનું કામ કર્યું. યાચકોએ તેમની પાસે જેટલું માંગ્યું તેથી પાંચગણુ તેમને આપ્યું. તેમણે બ્રાહ્મણોને ભોજન, વસ્ત્ર અને હીરા, માણેક તથા મોંમાગી વસ્તુઓ આપીને એ રીતે પ્રસન્ન કરી દીધા કે તેઓ દેશ-દેશમાં તેમની મોટાઈની જાહેરાત કરવા લાગ્યા. યજ્ઞનું ફળ તથા બ્રાહ્મણોના આશીર્વાદથી હરિશ્ચંદ્રનો સમ્રાટપદ પર અભિષેક થયો. જે રાજા રાજસૂય યજ્ઞ કરે છે, યુદ્ધમાં પીઠ દેખાડ્યા વિના વીરગતિને (મૃત્યુને) પ્રાપ્ત થાય છે અને તીવ્ર તપસ્યા કરીને શરીરનો ત્યાગ કરે છે, તે દેવરાજ ઈન્દ્રની સભામાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે.

યુધિષ્ઠિર! તમારા પિતા પાંડુ સ્વર્ગીય હરિશ્ચંદ્રનું ઐશ્વર્ય જોઈને વિસ્મિત થઈ ગયા. જ્યારે તેમણે જોયું કે હું મનુષ્યલોકમાં જઈ રહ્યો છું, ત્યારે તેમણે તમારા માટે આ સંદેશો મોકલ્યો છે - 'યુધિષ્ઠિર! તમારા ભાઈ તમારા કહ્યામાં છે. તેથી તમે સંપૂર્ણ પૃથ્વીને જીતી લેવા સમર્થ છો. મારા માટે તમારે મહાન એવો રાજસૂય યજ્ઞ કરવો જોઈએ. યુધિષ્ઠિર! તમે મારા પુત્ર છો. જો તમે રાજસૂય યજ્ઞ કરશો તો હું પણ દેવરાજ ઈન્દ્રની સભામાં હરિશ્ચંદ્રની જેમ ચિરકાળ સુધી આનંદ ભોગવીશ.' ધર્મરાજ! તમારા પિતાની સામે મેં તેમનો આ સંદેશો તમને પહોંચાડવાનું સ્વીકાર્યું હતું. રાજન્! તમે તમારા પિતાની ઈચ્છા પૂરી કરો. આ યજ્ઞના પરિણામે માત્ર તમારા પિતાને જ નહિ, તમને પણ તે જ સ્થાન પ્રાપ્ત થશે. એમાં શંકા નથી કે આ યજ્ઞમાં મોટાં-મોટાં વિઘ્નો આવે છે અને યજ્ઞદ્રોહી રાક્ષસો આવા યજ્ઞની પ્રતીક્ષામાં રહે છે. થોડું અમથું કારણ મળી જતાં ક્ષત્રિયોના કુળનો નાશ કરનારું મોટું ભયંકર યુદ્ધ થઈ જાય છે. જેના કારણે એક પ્રકારે

* મહાભારતમાં દેવસભાઓનું વર્ણન બહુ સુંદર અને વિસ્તૃત છે. પરલોકના જિજ્ઞાસુઓ માટે તે બહુ જ ઉપયોગી છે. તેનું અધ્યયન મૂળ મહાભારતના) ગ્રંથમાં જ કરવું જોઈએ.

પૃથ્વીનો પ્રલય જ ઉપસ્થિત થઈ જાય છે. ધર્મરાજ! આ બધું સમજી - વિચારીને પોતાના માટે જે શ્રેયસ્કર લાગે તે જ કરો. સાવધાનીપૂર્વક ચારે વર્ણોની રક્ષા કરતા રહીને ઉન્નતિ અને આનંદને પ્રાપ્ત થાઓ તથા બ્રાહ્મણોને સંતુષ્ટ કરો. તમારા પ્રશ્નનો ઉત્તર આપી દીધો. હવે મને આજ્ઞા આપો. હું ભગવાન શ્રીકૃષ્ણની નગરી દ્વારકા જઈશ.

જનમેજય! દેવર્ષિ નારદ આ પ્રમાણે કહીને પોતાની સાથે આવેલા ઋષિઓ સહિત ત્યાંથી ચાલ્યા ગયા. ધર્મરાજ યુધિષ્ઠિર પોતાના ભાઈઓ સાથે રાજસૂય યજ્ઞની ચિંતામાં પરોવાઈ ગયા.

—★—

## રાજસૂય યજ્ઞના સંબંધમાં વિચાર

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! દેવર્ષિ નારદની વાત સાંભળીને ધર્મરાજ યુધિષ્ઠિર રાજસૂય યજ્ઞની ચિંતામાં બેચેન થઈ ગયા. તેમણે પોતાના સભાસદોનો સત્કાર કર્યો અને તેઓ સ્વયં પણ તેમના દ્વારા સત્કૃત થયા; પરંતુ તેમનું મન રાજસૂયના સંકલ્પમાં જ મગ્ન હતું. તેમણે પોતાના ધર્મનો વિચાર કર્યો અને જે રીતે પ્રજાની ભલાઈ થાય, તે જ કરવા લાગ્યા. તેઓ કોઈનો પણ પક્ષ કરતા ન હતા. તેમણે આજ્ઞા કરી દીધી કે ક્રોધ અને અભિમાન છોડીને બધાનું લેણું ચૂકવી આપવું. સંપૂર્ણ પૃથ્વીમાં યુધિષ્ઠિરનો જય-જયકાર થવા લાગ્યો. ધર્મરાજ યુધિષ્ઠિરના સાધુવ્યવહારથી પ્રજા તેમના પર પિતા જેવો વિશ્વાસ કરવા લાગી. તેમની સાથે કોઈની શત્રુતા ન રહી. તેથી તેઓ અજાતશત્રુ કહેવાવા લાગ્યા. યુધિષ્ઠિરે બધાને અપનાવી લીધા. ભીમસેન બધાની રક્ષામાં અને અર્જુન શત્રુઓના સંહારમાં તત્પર રહેતા હતા. સહદેવ ધર્માનુસાર શાસન કરતા અને નકુળ સ્વભાવથી જ બધાની સામે નમી જતા. તેમની પ્રજામાં વેર-વિરોધ, ભય-અધર્મ બિલકુલ ન રહ્યા. બધા પોતાના કર્તવ્યમાં લાગેલા હતા. સમયસર વર્ષા થતી. બધા સુખી હતા. તે સમયે યજ્ઞની શક્તિ, ગોરક્ષા, ખેતી અને વ્યાપારની ઉન્નતિ ચરમસીમા પર પહોંચી ગઈ. પ્રજા પાસે કરવસૂલી બાકી રહેતી ન હતી અને કર વધારવામાં આવતો ન હતો, કરવસૂલીમાં કોઈને પરેશાન કરવામાં આવતા નહિ. રોગ, અગ્નિ અને મૂર્છા જેવી આપત્તિઓનો કોઈને ભય ન હતો. લુટારા, ઠગ અને માથાભારે માણસો કોઈ પ્રકારનો અત્યાચાર અને ધોખાબાજીનો વ્યવહાર કરી શકતા નહિ. દેશના બધા સામંતો જુદા જુદા દેશોના વૈશ્યો સાથે આવીને ધર્મરાજની ભલાઈ, સેવા કરદાન અને સન્ધિ-વિગ્રહ વગેરેમાં સહયોગ આપતા હતા. ધર્માત્મા યુધિષ્ઠિર જે રાજ્ય પર અધિકાર કરી લેતા ત્યાંના બ્રાહ્મણો, ગોવાળો અને બધી પ્રજા તેમને પ્રેમ કરવા લાગતી.

જનમેજય! ધર્મરાજાએ પોતાના ભાઈઓ અને મંત્રીઓને બોલાવીને પૂછ્યું કે, 'રાજસૂય યજ્ઞના સંબંધમાં તમારો શો અભિપ્રાય છે?' મંત્રીઓએ એકી અવાજે કહ્યું કે 'રાજસૂય યજ્ઞના અભિષેકથી રાજા સંપૂર્ણ પૃથ્વીનો એકચક્રી સ્વામી બની જાય છે – બરાબર એ જ રીતે, જેમ જળના એકચક્રી સ્વામી વરુણ છે. તમે સમ્રાટ થવા યોગ્ય છો. રાજસૂય યજ્ઞ કરવાનો યોગ્ય સમય પણ અત્યારે છે. જે બળવાન છે તે જ તે યજ્ઞનો અધિકારી છે. તેથી તમે અવશ્ય તે યજ્ઞ કરો. એમાં વિચાર કરવાની કોઈ આવશ્યકતા નથી. મંત્રીઓની વાત સાંભળીને ધર્મરાજે પોતાના ભાઈ, ઋત્વિજો, ધૌમ્ય અને શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ બધાની સાથે ચર્ચા-વિચારણા કરી. બધા લોકોએ એ જ સલાહ આપી કે, 'તમે રાજસૂય મહાયજ્ઞ કરવા બધી રીતે સમર્થ

છો.' બધાનો અભિપ્રાય અને સંમતિ મળ્યા પછી બુદ્ધિમાન ધર્મરાજ યુધિષ્ઠિરે બધાના કલ્યાણ માટે સ્વયં મનમાં વિચાર કર્યો. બુદ્ધિમાન પુરુષે પોતાની શક્તિ, સાધન, દેશ, કાળ, આવક અને ખર્ચનો સંપૂર્ણ વિચાર કરીને નિર્ણય કરવો જોઈએ. આમ કરવાથી કોઈ વિપત્તિની શક્યતા રહેતી નથી. માત્ર મારા નિર્ણયથી તો યજ્ઞ થઈ જવાનો નથી, આવું વિચારીને યજ્ઞ માટે પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રમાણે મનમાં વિચાર કરતાં કરતાં ધર્મરાજ યુધિષ્ઠિર એવા નિર્ણય પર પહોંચ્યા કે ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણ જ આ વિશે યોગ્ય નિર્ણય કરી શકે એમ છે. તેઓ જગતના સમસ્ત લોક અને બધાથી શ્રેષ્ઠ છે, તેમનું સ્વરૂપ અને જ્ઞાન અપાર છે. તેમની શક્તિ અજોડ છે. તેમણે અજન્મા હોવા છતાં જગતના કલ્યાણ માટે જ જન્મ લીધો છે. મોટામાં મોટો ભાર પણ તેમના માટે નહિવત્ છે. આવું વિચારીને તેમણે મનથી ભગવાનનું શરણ લીધું અને તેમના નિર્ણય પ્રમાણે ચાલવાનો દૃઢ સંકલ્પ કર્યો. હવે ધર્મરાજે ત્રિલોકશિરોમણિ ભગવાન શ્રીકૃષ્ણને માટે બહુ આદરપૂર્વક દૂત મોકલ્યો. દૂત શીઘ્રગામી રથ લઈને દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણ પાસે પહોંચ્યો. ભગવાન શ્રીકૃષ્ણે દૂત સાથે વાતચીત કરીને એ જ નિશ્ચય કર્યો કે 'ધર્મરાજ યુધિષ્ઠિર મને મળવા ચાહે છે તેથી તેમને મળવા મારે સ્વયં જવું જોઈએ.' તેમણે તે જ સમયે ઇન્દ્રસેન દૂત સાથે ઈન્દ્રપ્રસ્થ જવા પ્રયાણ કર્યું. ભગવાન શ્રીકૃષ્ણ ત્યાં જલદી પહોંચવા ચાહતા હતા. તેથી શીઘ્રગામી રથ પર બેસીને અનેક દેશોને પાર કરતા રહીને તેઓ ઈન્દ્રપ્રસ્થમાં ધર્મરાજની પાસે જઈ પહોંચ્યા. ફોઈના દીકરા ભાઈ ધર્મરાજ અને ભીમસેને તેમનો બહુ આદર-સત્કાર કર્યો. ત્યાર પછી ભગવાન શ્રીકૃષ્ણ પોતાનાં ફોઈ કુંતીજીને મળ્યા. તેઓ પોતાના પ્રેમી મિત્રો અને સંબંધીઓ સાથે ખૂબ આનંદપૂર્વક ત્યાં રહેવા લાગ્યા. અર્જુન, નકુળ અને સહદેવે ગુરુભાવથી તેમનું પૂજન કર્યું.

એક દિવસ ભગવાન શ્રીકૃષ્ણે જ્યારે વિશ્રામ કરી લીધો અને તેમને ફુરસદ મળી, ત્યારે ધર્મરાજ યુધિષ્ઠિરે તેમની પાસે જઈને પોતાનો અભિપ્રાય જણાવ્યો. ધર્મરાજે કહ્યું, 'શ્રીકૃષ્ણ! હું રાજસૂય યજ્ઞ કરવા ઈચ્છું છું. પરંતુ તમે તો જાણો જ છો કે રાજસૂય યજ્ઞ માત્ર ચાહવામાત્રથી થતો નથી. જે બધું જ કરવા શક્તિમાન છે, જેની સર્વત્ર પૂજા થતી હોય, જે સર્વેશ્વર હોય છે, તે જ રાજસૂય યજ્ઞ કરી શકે છે. મારા મિત્રો એકી અવાજે મને રાજસૂય યજ્ઞ કરવાની સલાહ આપે છે, પરંતુ તેનો નિર્ણય તો તમારા અભિપ્રાય પછી જ થશે. ઘણા લોકો પ્રેમને કારણે અને કેટલાક લોકો સ્વાર્થને કારણે મારી ત્રુટિઓને છુપાવીને મીઠી-મીઠી વાતો જ કરે છે. કેટલાક લોકો તો પોતાની ભલાઈને મારી ભલાઈનું કામ સમજી બેસે છે. આ પ્રમાણે લોકો જાતજાતની વાતો કરે છે. પરંતુ તમે તો નિઃસ્વાર્થ પ્રેમ રાખો છો. તમારામાં રાગ-દ્વેષ લેશમાત્ર નથી. હું રાજસૂય યજ્ઞ કરી શકું છું કે નહિ, આ વિશે તમે જ વાસ્તવિક અભિપ્રાય આપી શકો છો.'

—★—

## જરાસંધના વિશે ભગવાન શ્રીકૃષ્ણ અને ધર્મરાજ યુધિષ્ઠિરની વાતચીત

**ભગવાન શ્રીકૃષ્ણે ધર્મરાજને કહ્યું** – મહારાજ! તમે સર્વગુણસંપન્ન છો. તેથી તમે વાસ્તવમાં રાજસૂય યજ્ઞના અધિકારી છો. તમે બધું જ જાણો છો. છતાં તમારા પૂછવાથી હું કહું છું કે અત્યારે રાજા જરાસંધે પોતાનાં બાહુબળથી બધા રાજાઓને હરાવીને પોતાની રાજધાનીમાં કેદ કરી રાખ્યા છે, તે તેમની પાસે સેવા કરાવે છે. અત્યારે બધાથી બળવાન રાજા તે જ છે. પ્રતાપી શિશુપાલ

તેનો આશ્રય લઈને સેનાપતિની ફરજ બજાવે છે. કરૂષદેશનો અધિપતિ, જે મહાન બળવાન અને માયા-યુદ્ધમાં કુશળ છે, તે શિષ્યની જેમ જરાસંધની સેવા કરી રહ્યો છે. પશ્ચિમના અતુલ પરાક્રમી મુર અને નરકદેશના શાસક એવા યવનોના અધિપતિએ પણ તેની અધીનતા સ્વીકારી લીધી છે. તમારા પિતાના મિત્ર ભગદત્ત પણ તેની સાથે નતમસ્તકે સલાહ-સૂચનમાં વ્યસ્ત રહે છે અને તેના ઇશારે પોતાના રાજ્યનું શાસન કરે છે. વંગ, પુણ્ડ્ર અને કિરાત દેશના સ્વામી મિથ્યાવાસુદેવ અભિમાનવશ મારાં ચિહ્નોને ધારણ કરે છે, પોતાને પુરુષોત્તમ બતાવે છે. તે મારી ઉપેક્ષાથી જ જીવતો છે, છતાં તેણે અત્યારે જરાસંધનો જ આશ્રય લીધો છે. શત્રુઓની વાત તો જવા દો, મારા સગા સસરા ભીષ્મક, જેઓ ચોથા ભાગની પૃથ્વીના સ્વામી અને ઇન્દ્રના સખા છે, ભોજરાજ અને દેવરાજ જેમનાથી મિત્રતા રાખે છે, જેમણે પોતાના વિદ્યાબળથી પાણ્ડ્ય, ક્રથ અને કૌશિક દેશો પર વિજય પ્રાપ્ત કર્યો હતો, જેમનો ભાઈ પરશુરામ જેવો બળવાન છે, તેઓ પણ આજે જરાસંધના વશમાં છે. આપણે તેમની સાથે પ્રેમ રાખીએ છીએ, તેમનું હિત કરીએ છીએ; છતાં તેઓ આપણી સાથે નહિ, આપણા શત્રુ સાથે મિત્રતા રાખે છે. તેઓ જરાસંધની કીર્તિથી ચકિત થઈને પોતાના કુળાભિમાન અને બળાભિમાનને ત્યાગીને જરાસંધનાં શરણમાં રહે છે. ધર્મરાજ! ઉત્તર દિશાના અધિપતિ અઢાર ભોજપરિવારો જરાસંધથી ભયભીત થઈને પશ્ચિમ તરફ ભાગી ગયા છે. શૂરસેન, ભદ્રકાર, શાલ્વ, બોધ, પટચ્ચર, સુસ્થલ, સુકુટ્ટ, કુલિન્દ, કુંતી, શાલ્વાયન વગેરે રાજાઓ, દક્ષિણ પંચાલ તથા પૂર્વકોસલ અને મત્સ્ય, સંન્યસ્તપાદ વગેરે ઉત્તર દેશોના રાજાઓ જરાસંધના ભયથી પોતપોતાનું રાજ્ય છોડીને પશ્ચિમ અને દક્ષિણ તરફ ભાગી ગયા છે.

દાનવરાજ કંસ જ્ઞાતિભાઈઓને બહુ સતાવીને રાજા થઈ બેઠો હતો. જ્યારે તેના અત્યાચારો અત્યંત વધી ગયા ત્યારે મેં બધાના કલ્યાણ માટે બલરામને સાથે રાખી તેનો વધ કર્યો. આમ કરવાથી કંસનો ભય તો ચાલ્યો ગયો, પરંતુ જરાસંધ અત્યધિક બળવાન બની ગયો. તેની સેના તે સમયે એટલી પ્રબળ થઈ ગઈ હતી કે જો અમે લોકો અસ્ત્ર-શસ્ત્રો દ્વારા ત્રણસો વર્ષો સુધી સતત તેની સામે લડત તો પણ તેનો સંપૂર્ણપણે નાશ કરી શક્યા ન હોત. તે પોતાની શક્તિથી રાજાઓને જીતીને પોતાનાથી સુરક્ષિત પર્વતોના કિલ્લામાં બંધ કરી દે છે. ભગવાન શંકરની ઉપાસનાથી જ તેને આવી શક્તિ પ્રાપ્ત થઈ છે. હવે તેની પ્રતિજ્ઞા પૂરી થઈ ચૂકી છે. કેદી રાજાઓ દ્વારા તે યજ્ઞ સંપન્ન કરવા ચાહે છે. તેથી આપણે બીજા રાજાઓ પર વિજય પ્રાપ્ત કરવાની ચિંતા છોડીને જરાસંધ દ્વારા કેદમાં પકડેલા રાજાઓને છોડાવવા જોઈએ. ધર્મરાજ! જો તમે રાજસૂય યજ્ઞ કરવા ચાહો છો તો કેદી રાજાઓની મુક્તિ અને જરાસંધનો વધ એ જ સર્વ પ્રથમ કર્તવ્ય છે. આ કામ કર્યા વિના રાજસૂય યજ્ઞ થઈ શકશે નહિ. તમે સ્વયં બુદ્ધિમાન છો. રાજસૂય યજ્ઞ સંબંધમાં મારી તો આ જ રાય છે. તમે બધી વાતનો વિચાર કરીને સ્વયં નિશ્ચય કરો અને પછી તમારો અભિપ્રાય જણાવો.

**ધર્મરાજ યુધિષ્ઠિરે કહ્યું** – પરમજ્ઞાની શ્રીકૃષ્ણ! તમે મને જેવી રાય આપી છે, તેવી રાય બીજો કોઈ આપી શકતો નથી. ભલા, તમારા સિવાય શંકાની નિવૃત્તિ કરનાર આ પૃથ્વી પર બીજો કોણ છે? આજકાલ તો ઘેર-ઘેર રાજા છે. બધા પોતપોતાનો સ્વાર્થ સિદ્ધ કરવામાં પડ્યા છે; પરંતુ તેઓ સમ્રાટ નથી. તે પદ તો બહુ મુશ્કેલીથી મળે છે. ભગવન્! જરાસંધ માટે તો મારા મનમાં પણ શંકા છે જ. ખરેખર તે ઘણો દુષ્ટ છે. અમે તો

તમારા બળથી જ પોતાને બળવાન માનીએ છીએ. જ્યારે તમે જ તેના વિશે શંકિત છો, ત્યારે હું પોતાને તેની સામે બળવાન માની શકતો નથી. હું એવું વિચારું છું કે તમે પોતે, બલરામ, ભીમસેન અથવા અર્જુન – આમાંથી કોઈ તેને મારી શકો છો કે નહિ? એ વાત પર હું ખૂબ વિચારી રહ્યો છું. હું તો તમારી સંમતિથી જ બધું કાર્ય કરું છું. કૃપા કરીને એ જણાવો કે હવે શું કરવું?

ધર્મરાજની વાત સાંભળીને શ્રેષ્ઠ વક્તા **ભીમસેને કહ્યું** – 'જે રાજા પ્રયત્ન કરતો નથી, દુર્બળ હોવા છતાં બળવાન સાથે અથડાઈ બેસે છે, યુક્તિપૂર્વક કામ નથી કરતો, તે હારી જાય છે. સાવધાન, પ્રયત્નશીલ અને નીતિ-નિપુણ રાજા, શક્તિમાં ઓછો હોવા છતાં પણ, બળવાન શત્રુને જીતી લે છે. ભાઈ! શ્રીકૃષ્ણ નીતિજ્ઞ છે, મારામાં બળ છે, અર્જુનમાં જીતવાની યોગ્યતા છે; તેથી અમે ત્રણે મળીને જરાસંધનો વધ કરવાનું કાર્ય સંપન્ન કરી લઈશું.' ભીમની વાત સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, 'રાજન્! શત્રુની ઉપેક્ષા કરી શકાય નહીં. તમારામાં શત્રુ-વિજય, પ્રજાપાલન, તપનું બળ અને સમૃદ્ધિ – બધા ગુણો છે. જરાસંધમાં માત્ર એક જ ગુણ છે અને તે છે બળ. જે લોકો તેની સેવામાં લાગેલા છે, તેઓ પણ તેનાથી સંતુષ્ટ નથી; કેમકે તે વારંવાર તેમની સાથે અન્યાય કરે છે. તેણે યોગ્ય પુરુષો પાસે અયોગ્ય કામ કરાવીને તેમને પોતાના શત્રુ બનાવી દીધા છે. આપણે તેને યુદ્ધની ફરજ પાડીને જીતી શકીએ છીએ. છ્યાસી રાજાઓને તેણે કેદ કરી લીધા છે, બીજા ચૌદ બાકી છે. પછી તે બધા રાજાઓનો વધ કરવા ચાહે છે. જે તેના આ ક્રૂર કર્મને રોકી શકશે, તેને મોટો યશ મળશે અને તે જ જરાસંધને જીતી શકશે, ખરેખર તે જ ચક્રવર્તી (સમ્રાટ) થશે.'

**ધર્મરાજ યુધિષ્ઠિરે કહ્યું** – શ્રીકૃષ્ણ! હું ચક્રવર્તી (સમ્રાટ) થવાના સ્વાર્થથી સાહસ કરીને તમને, ભીમસેનને, અર્જુનને ત્યાં કઈ રીતે મોકલું? ભીમસેન અને અર્જુન – બંને મારી આંખો છે. તમે મારું મન છો. હું મારાં નેત્રો અને મનને ગુમાવીને કઈ રીતે જીવી શકું? રાજસૂય યજ્ઞ સંબંધે મેં તો બીજો જ વિચાર કર્યો છે અને તે એ છે કે, હવે યજ્ઞનો સંકલ્પ છોડી દેવો જોઈએ. મને તો તેના વિચારમાત્રથી મોટો ધ્રાસકો પડે છે.

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! અત્યાર સુધીમાં અર્જુન ગાંડીવ ધનુષ્ય, અક્ષય ભાથો, દિવ્ય રથ, ધજા અને સભાગૃહ પ્રાપ્ત કરી ચૂક્યા હતા. તેથી તેમનો ઉત્સાહ વધી રહ્યો હતો. તેમણે ધર્મરાજ પાસે આવીને કહ્યું, 'ભાઈ! ધનુષ્ય, શસ્ત્ર, બાણ, પરાક્રમ, સહાયકો, ભૂમિ, યશ અને સેનાની પ્રાપ્તિ બહુ કઠણતાથી પ્રાપ્ત થાય છે, તે તો બધું ઇચ્છા મુજબ આપણે પ્રાપ્ત કરી લીધું છે. લોકો કુળવાનોની પ્રશંસા કરતા હોય છે, પરંતુ મને તો ક્ષત્રિયોનું બળ અને પરાક્રમ જ પ્રશંસનીય લાગે છે. જો આપણે રાજસૂય યજ્ઞના નિમિત્તે જરાસંધનો વધ અને કેદી રાજાઓની રક્ષા કરી શકીએ તો આનાથી વિશેષ બીજું આપણે શું જોઈએ?'

**ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું** – ધર્મરાજ! ભરતવંશ-શિરોમણિ કુંતીનંદન અર્જુનમાં જેવી બુદ્ધિ હોવી જોઈએ, તે પ્રત્યક્ષ જોઈ શકાય છે. અમારું મૃત્યુ ભલે દિવસે થાય કે રાત્રે, અમે તેની પરવા કરતા નથી. અત્યાર સુધી પોતાને યુદ્ધથી બચાવીને કોઈ અમર પણ બન્યું તો નથી. તેથી વીર પુરુષનું કર્તવ્ય છે કે તેણે પોતાના સંતોષ માટે વિધિ અને નીતિ અનુસાર શત્રુ પર ચઢાઈ કરીને વિજય માટે જરૂરી જણાય તે બધું જ કરી છૂટવું. સફળતામાં આ લોક, વિફળતામાં પરલોક – બંને સ્થિતિમાં આપણું કાર્ય તો સિદ્ધ થવાનું જ છે.

—★—

## જરાસંધની ઉત્પત્તિ અને શક્તિનું વર્ણન

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! ધર્મરાજ યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની વાત સાંભળીને તેમને પ્રશ્ન કર્યો. તેમણે પૂછ્યું, 'શ્રીકૃષ્ણ! આ જરાસંધ કોણ છે? તેને આટલું બળ અને પરાક્રમ ક્યાંથી મળ્યું? ભલા, જણાવો તો ખરા, જેમ ધગધગતા અગ્નિનો સ્પર્શ કરીને પતંગિયું બળી મરે છે, તે જ રીતે તે તમારી સાથે શત્રુતા કરીને ભસ્મ ન થઈ ગયો, તેનું કારણ શું છે?' ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું, 'ધર્મરાજ! જરાસંધના બળ-પરાક્રમનું વર્ણન હું કરું છું અને એ પણ કહું છું કે આટલું અનિષ્ટ કરવા છતાં પણ મેં તેને અત્યાર સુધી કેમ જીવતો રાખી મૂક્યો છે. થોડા સમય પહેલાં મગધ દેશમાં બૃહદ્રથ નામના રાજા રાજ્ય કરતા હતા. તેઓ ત્રણ અક્ષૌહિણી સેનાના સ્વામી, વીર, રૂપવાન, ધનવાન, શક્તિસંપન્ન અને યાજ્ઞિક હતા. તેઓ તેજસ્વી, ક્ષમાશીલ, દંડધર અને ઐશ્વર્યશાળી હતા. તેમણે કાશીરાજની બે સુંદર કન્યાઓ સાથે લગ્ન કર્યાં અને એવી પ્રતિજ્ઞા કરી કે, 'હું તમારા બંનેની સાથે સમાન પ્રેમ રાખીશ.' આ પ્રમાણે વિષય-સેવન કરતાં-કરતાં તેમની યુવાની વીતી ગઈ. પરંતુ મંગળમય હોમ, પુત્રેષ્ટિ યજ્ઞ વગેરે કરવા છતાં પણ તેમને ત્યાં પુત્ર ન થયો. એક દિવસ તેમણે સાંભળ્યું કે ગૌતમ કક્ષીવાનના પુત્ર મહાત્મા ચંડકૌશિક તપસ્યાથી નિવૃત્ત થઈને અહીં આવ્યા છે અને એક વૃક્ષ નીચે બેઠા છે. રાજા બૃહદ્રથ પોતાની બંને રાણીઓની સાથે તેમની પાસે ગયા અને રત્નો વગેરે ભેટમાં આપીને તેમને સંતુષ્ટ કર્યા. સત્યવાદી ચંડકૌશિક ઋષિએ રાજા બૃહદ્રથને કહ્યું – 'રાજન્! હું તમારા પર પ્રસન્ન છું. જે ઇચ્છા હોય તે માગી લો.' રાજાએ કહ્યું, 'ભગવન્! હું અભાગિયો અને સંતાનહીન છું. રાજ છોડીને તપોવનમાં આવી ગયો છું. ભલા, હવે વરદાન લઈને શું કરું?' રાજાની આર્ત વાણી સાંભળીને ચંડકૌશિક ઋષિ કૃપાથી દ્રવિત થઈ ગયા અને ધ્યાન કરવા લાગ્યા. તે સમયે જે આંબાના વૃક્ષ નીચે તેઓ બેઠા હતા, તે વૃક્ષ પરથી એક ફળ તેમના ખોળામાં પડ્યું. તે ફળ હતું તો બહુ સરસ, પરંતુ તેના પર પોપટની ચાંચનો સ્પર્શ થયો ન હતો. મહર્ષિએ તે ફળ લઈને અભિમંત્રિત કર્યું અને રાજાને આપી દીધું. વાસ્તવમાં રાજાને પુત્રપ્રાપ્તિ કરાવવા માટે જ તે પડ્યું હતું. મહાત્મા ચંડકૌશિકે રાજાને કહ્યું, 'હવે તમે તમારે ઘેર પાછા જાઓ. થોડા સમયમાં જ તમને પુત્રપ્રાપ્તિ થશે. પ્રણામ કરીને બૃહદ્રથ પોતાની રાજધાનીમાં પાછા આવ્યા અને શુભ મુહૂર્તમાં તે ફળ બંને રાણીઓને આપી દીધું. રાણીઓએ તેના બે ટુકડા કર્યા અને વહેંચીને એક એક ટુકડો ખાઈ ગઈ. સંયોગની વાત અને મહર્ષિના સત્યવચનના પ્રભાવથી બંને રાણીઓને ગર્ભ રહ્યો; રાજા બૃહદ્રથની પ્રસન્નતાની સીમા ન રહી. ધર્મરાજ! સમય પૂરો થતાં બંને રાણીઓના ગર્ભથી શરીરનો એક-એક ભાગ પેદા થયો. દરેકમાં એક આંખ, એક હાથ, એક પગ, અડધું પેટ, અડધું મુખ, અડધી કમર હતી. તે જોઈને બંને રાણીઓ કાંપી ઉઠી. તે બંનેએ વ્યથિત થઈને એવો નિર્ણય કર્યો કે આ બંને ટુકડાઓને ફેંકી દેવા. બંનેની દાસીઓએ આજ્ઞા મળતાં જ બંને જીવતા ટુકડાઓને સારી રીતે ઢાંકીને રાણીવાસમાંથી બહાર ફેંકી દીધા.

રાજન્! ત્યાં એક રાક્ષસી રહેતી હતી. તેનું નામ જરા હતું! તે રક્તપાન કરનારી અને માંસભક્ષી હતી. તેણે તે બંને ટુકડાને ઉઠાવ્યા અને સંયોગવશ, સુવિધાપૂર્વક લઈ જવા માટે બંનેને ભેગા કરી દીધા. બસ, હવે શું? બંને ટુકડા મળીને એક મહાબળવાન અને પરમ પરાક્રમી રાજકુમાર બની ગયા. જરા રાક્ષસીને ભારે આશ્ચર્ય થયું. તે

વજ્ર જેવા રાજકુમારના શરીરને ઉઠાવી પણ ન શકી. કુમારે મુઠ્ઠી વાળીને મોઢામાં નાખી દીધી અને વર્ષાઋતુના મેઘની જેમ ગંભીર અવાજે રડવાનું શરૂ કર્યું. રાણીવાસના લોકો આ અવાજ સાંભળીને આશ્ચર્ય પામીને રાજા સહિત બધા બહાર નીકળી આવ્યા. જોકે રાણીઓ પુત્ર સંદર્ભે નિરાશ થઈ ચૂકી હતી, છતાં તેમનાં સ્તનોમાંથી દૂધ વહી રહ્યું હતું. તેઓ ઉદાસ થઈને પુત્ર-દર્શનની લાલચે બહાર નીકળી. જરા રાક્ષસી રાજપરિવારની સ્થિતિ, મમતા, લાલસા અને વ્યાકુળતા તથા બાળકનું મોં જોઈને વિચારવા લાગી કે, 'હું આ રાજાના દેશમાં રહું છું. આ રાજાને સંતાનની મોટી અભિલાષા છે. સાથે-સાથે રાજા ધાર્મિક અને મહાત્મા પણ છે. તેથી આ નવજાત કુમારને મારી નાખવો યોગ્ય નથી.' આવું વિચારીને જરા રાક્ષસી મનુષ્યરૂપે બાળકને ખોળામાં લઈને રાજાની પાસે આવીને કહેવા લાગી – 'રાજન્! આ આપના પુત્રને લો. મહર્ષિના આશીર્વાદથી આ તમને પ્રાપ્ત થયેલ છે. મેં આની રક્ષા કરી છે, તમે આનો સ્વીકાર કરો.' રાક્ષસી આ પ્રમાણે હજી કહી જ રહી હતી ત્યાં તો રાણીઓ તેને પોતાના ખોળામાં લઈને સ્તનપાન કરાવવા લાગી.

રાજા બૃહદ્રથ આ બધું જોઈને – સાંભળીને આનંદમગ્ન થઈ ગયા. તેમણે સુવર્ણના જેવી કાન્તિવાળી મનોહર રાક્ષસીને પૂછ્યું – 'અરે, મને પુત્ર આપનારી તમે કોણ છો? મને લાગે છે કે તમે કોઈ દેવી છો. શું આ સાચું છે?' જરાએ કહ્યું, – 'રાજન્ તમારું કલ્યાણ થાઓ. હું જરા નામની રાક્ષસી છું. હું આદરપૂર્વક આરામથી તમારા ઘરમાં રહું છું. હું સુમેરુ જેવા પર્વતને પણ ગળી જઈ શકું છું. તમારા પુત્રમાં તો છે જ શું? પરંતુ હું તમારા ઘરમાં હંમેશાં સત્કાર પામું છું, તમારા પર પ્રસન્ન છું, તેથી તમારા પુત્રને તમારા હાથમાં સોંપી રહી છું.' ધર્મરાજ! જરા રાક્ષસી આટલું કહીને અંતર્ધાન થઈ ગઈ અને રાજા બૃહદ્રથ નવજાતશિશુને લઈને પોતાના મહેલમાં પાછા આવ્યા. બાળકના જાતકર્મ વગેરે સંસ્કાર વિધિપૂર્વક કરવામાં આવ્યા, જરા રાક્ષસીના નામ પરથી સંપૂર્ણ મગધદેશમાં ઉત્સવ મનાવવામાં આવ્યો. બૃહદ્રથે પોતાના પુત્રનું નામકરણ કરતાં કહ્યું, કે આ બાળકને જરાએ સાંધ્યો છે તેથી આનું નામ 'જરાસંધ' થશે. બાળક જરાસંધ શુક્લપક્ષના ચંદ્રમાની જેમ અને હવનના અગ્નિની જેમ આકાર અને બળમાં દિવસે દિવસે વધવા અને માતાપિતાને આનંદિત કરવા લાગ્યો.

થોડા સમય પછી મહર્ષિ ચંડકૌશિક ફરીથી મગધદેશમાં આવ્યા. રાજાએ તેમનો બહુ જ આદર-સત્કાર કર્યો. તેમણે પ્રસન્ન થઈને કહ્યું, 'રાજન્ જરાસંધના જન્મની બધી વાત મેં દિવ્યદૃષ્ટિથી જાણી લીધી છે. તમારો પુત્ર ઘણો જ તેજસ્વી, ઓજસ્વી, બળવાન અને રૂપવાન થશે. આના બાહુબળની સામે કશું જ અપ્રાપ્ય નહિ હોય. આનો સામનો કોઈ કરી શકશે નહિ અને તેના વિરોધીઓ આપમેળે નષ્ટ થઈ જશે. દેવતાઓનાં અસ્ત્ર-શસ્ત્રો પણ આને મહાત કરી શકશે નહિ. બધા લોકો આની આજ્ઞા માનશે. વધારે તો શું, આની આરાધનાથી પ્રસન્ન થઈને ભગવાન શંકર આને દર્શન આપશે.' આટલું કહીને મહર્ષિ ચંડકૌશિક ચાલ્યા ગયા. રાજા બૃહદ્રથે જરાસંધનો રાજ્યસિંહાસન પર અભિષેક કર્યો અને રાણીઓની સાથે તેઓ વનમાં ચાલ્યા ગયા. વાસ્તવમાં જરાસંધની શક્તિ મહર્ષિ ચંડકૌશિકે કહી તેવી જ છે. જોકે આપણે બળવાન છીએ, છતાં અત્યાર સુધી નીતિની દૃષ્ટિએ તેની ઉપેક્ષા કરીએ છીએ.

—★—

## શ્રીકૃષ્ણ, ભીમસેન અને અર્જુનની મગધ-યાત્રા અને જરાસંધ સાથે વાતચીત

**ભગવાન શ્રીકૃષ્ણ કહે છે** – ધર્મરાજ! જરાસંધના મુખ્ય સહાયકો હતા – હંસ અને ડિમ્ભક. તેઓ મરાઈ ગયા. પોતાના સાથીઓ સાથે કંસનો પણ સત્યાનાશ થઈ ગયો. હવે જરાસંધના નાશનો સમય આવી પહોંચ્યો છે. સામ-સામેની લડાઈમાં દેવો કે દાનવો બધાના માટે જરાસંધને હરાવવો મુશ્કેલ છે. તેથી તેની સાથે દ્વંદ્વયુદ્ધ અથવા કુસ્તી લડીને જ તેને જીતવો જોઈએ. જેમ ત્રણ અગ્નિઓથી યજ્ઞકાર્ય સંપન્ન થાય છે તે જ પ્રમાણે મારી નીતિ, ભીમસેનનું બળ અને અર્જુનની રક્ષાથી જરાસંધનો વધ થઈ શકે છે. જ્યારે એકાંતમાં અમારા ત્રણ સાથે તેની ભેટ થશે તો તે અવશ્ય કોઈ ને કોઈ સાથે યુદ્ધ કરવાનું સ્વીકારી લેશે. એ પણ નક્કી જ છે કે તે અભિમાની ભીમસેન સાથે જ લડશે. એમાં પણ સંદેહ નથી કે ભીમસેન તેના માટે યમરાજની જેમ પ્રાણોનો અંત કરનાર છે. જો તમે મારા હૃદયની વાત જાણો છો, મારા પર વિશ્વાસ કરો છો, તો અર્જુન અને ભીમસેનને અનામત તરીકે મને આપી દો. હું બધું કાર્ય સિદ્ધ કરી દઈશ.

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! ભગવાન શ્રીકૃષ્ણની વાણી સાંભળીને ભીમસેન અને અર્જુન પ્રસન્નતાથી ખીલી ઊઠ્યા. તેમની તરફ જોઈને યુધિષ્ઠિરે કહ્યું – 'શ્રીકૃષ્ણ! અરે, આવી વાત ન કહો. તમે અમારા સ્વામી છો. અમે તમારા આશ્રિત છીએ, સેવક છીએ. તમારી વાણી, તમારો એક-એક અક્ષર સત્ય છે. તમે જેના પક્ષમાં છો તેનો વિજય નિશ્ચિત છે. તમારી આજ્ઞામાં રહીને હું તો એવું સમજી રહ્યો છું કે જરાસંધનો વધ, કેદીઓનો છુટકારો, રાજસૂય યજ્ઞની સમાપ્તિ – બધું જ કુશળતાપૂર્વક સંપન્ન થઈ ગયું. નાથ! તમે સાવધાન થઈને તે જ કરો, જેથી કાર્ય સિદ્ધ થાય. તમારા ત્રણેયના વિના હું જીવવાનું પસંદ કરતો નથી. તમારા વિના અર્જુન અને અર્જુન વિના તમે પણ રહી શકતા નથી. તમારા બંનેના માટે કોઈ અજેય નથી. તમારા બંનેની સાથે હશે તો ભીમસેન પણ બધું જ કરવા સમર્થ છે. તમે નીતિજ્ઞ છો. તમારું શરણું લઈને જ અમે કાર્યસિદ્ધિ માટે પ્રયત્ન કરીશું. અર્જુન તમારું અને ભીમસેન અર્જુનનું અનુગમન કરે. નીતિ, જય અને બળના સંયોગથી સિદ્ધિ અવશ્ય મળશે.'

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! યુધિષ્ઠિરની અનુમતિ પ્રાપ્ત કરીને શ્રીકૃષ્ણ, ભીમસેન અને અર્જુન ત્રણે ભાઈ મગધદેશ જવા નીકળી ગયા. પદ્મસર, કાલકૂટ, ગંડકી, મહાશોણ, સદાનીરા, ગંગા, ચર્મણ્વતી વગેરે પર્વતો અને નદીઓને પાર કરીને તેઓ મગધદેશમાં પહોંચ્યા. તે સમયે આ ત્રણે જણાએ વલ્કલ વસ્ત્રો ધારણ કર્યાં હતાં. થોડા જ સમયમાં તેઓ શ્રેષ્ઠ પર્વત ગોરથ પર પહોંચી ગયા. તેના પર બહુ સુંદર – સુંદર વૃક્ષો અને જળાશયો હતાં. ગાયો માટે તો તે મુખ્ય ક્ષેત્ર હતું. ત્યાંથી મગધરાજની રાજધાની સ્પષ્ટ દેખાતી હતી. ત્યાં પહોંચીને તરત જ તે લોકોએ બધાંથી પહેલાં રાજધાનીનો જૂનો બુરજ તોડી નાખ્યો, ત્યારપછી મગધપુરીમાં પ્રવેશ કર્યો. તે દિવસોમાં ત્યાં ઘણાં માઠાં અપશુકનો થઈ રહ્યાં હતાં. બ્રાહ્મણોએ જઈને જરાસંધને કહ્યું અને અનિષ્ટની શાંતિ માટે જરાસંધને હાથી પર બેસાડીને અગ્નિની પ્રદક્ષિણા કરાવી. સ્વયં મગધરાજે પણ અરિષ્ટ (દુઃખ-પીડા)ની શાંતિ માટે ઘણા નિયમોનું પાલન કરતાં રહીને ઉપવાસ કર્યા. અહીં ભગવાન શ્રીકૃષ્ણ, ભીમસેન અને અર્જુન અસ્ત્ર-શસ્ત્રોનો પરિત્યાગ કરીને તપસ્વીઓના વેશમાં જરાસંધ સાથે દ્વંદ્વયુદ્ધ કરવાના ઉદ્દેશથી નગરમાં પ્રવેશ્યા. તેમનાં વિશાળ વક્ષઃસ્થળ જોઈને નાગરિકો વિસ્મિત થઈ ગયા. તેમણે ક્રમશઃ જન-

સંકીર્ણ અને સુરક્ષિત ત્રણ દરવાજા પાર કર્યા. તેઓ નિઃશંકપણે જરાસંધ પાસે પહોંચી ગયા. જરાસંધ તેમને જોઈને જ ઊભો થઈ ગયો અને તેણે અર્ધ્ય, પાદ્ય, મધુપર્ક વગેરેથી તેમનું સ્વાગત કર્યું.

જનમેજય! શ્રીકૃષ્ણ વગેરેના વેશની સાથે તેમના આચરણનું કોઈ સામ્ય ન હતું. તેથી જરાસંધે થોડા તિરસ્કારપૂર્વક કહ્યું – 'બ્રાહ્મણો! હું જાણું છું કે સ્નાતક બ્રહ્મચારીઓ સભામાં જવા સિવાય બીજા કોઈ પણ સમયે માળા અને ચંદન ધારણ કરતા નથી. તમે લોકો કોણ છો તે જણાવો. તમારાં કપડાં લાલ છે, શરીર પર પુષ્પોની માળા અને અંગરાગ પણ છે. તમારા લોકોના હાથ પર ધનુષ્યની પ્રત્યંચાનાં નિશાન સ્પષ્ટ દેખાઈ રહ્યાં છે. તમે લોકો દરવાજામાંથી કેમ ન આવ્યા? નિર્ભયતાપૂર્વક વેશ બદલીને અને બુરજને તોડીને આવવાનું શું કારણ છે? તમારા લોકોનો વેશ તો બ્રાહ્મણનો છે અને કાર્ય તેનાથી બિલકુલ વિપરીત છે. ખેર, ગમે તે હોય, તમારા આવવાનું કારણ શું છે?'

જરાસંધની વાત સાંભળીને કુશળવક્તા મનસ્વી (ધીર-સ્થિર) **શ્રીકૃષ્ણે કોમળ, ગંભીર વાણીમાં કહ્યું** – રાજન્! અમે સ્નાતક બ્રાહ્મણ છીએ, એ તો આપનું માનવું છે. સ્નાતકનો વેશ તો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય – ત્રણેય ધારણ કરી શકે છે. પુષ્પમાળા ધારણ કરવી એ તો શ્રીમંતોનું કામ છે. ક્ષત્રિયોની ભુજાઓ જ તેમનું બળ છે. અમે વાણીની વીરતા નથી દેખાડતા. જો તમે અમારું બાહુબળ જોવા ચાહતા હો તો અત્યારે જ જોઈ લો. ધીર-વીર પુરુષો શત્રુના ઘરમાં દરવાજેથી આવતા નથી. પરંતુ મિત્રના ઘરમાં દરવાજેથી પ્રવેશ કરે છે. અમે જે કાંઈ કર્યું છે તે બધું બરાબર જ – સુસંગત જ છે.

**જરાસંધે કહ્યું** – મેં ક્યારેય તમારા લોકો સાથે શત્રુતા અથવા દુર્વ્યવહાર કર્યો હોય તેવું ઘણું વિચારવા છતાં યાદ આવતું નથી. મુજ નિરપરાધીને શત્રુ સમજવાનું શું કારણ? શું સત્પુરુષો માટે આ યોગ્ય છે? હું મારા ધર્મમાં તત્પર છું. પ્રજાનો અપકાર કરતો નથી. પછી મને શત્રુ માનવાનું શું કારણ? ક્યાંક તમે ઉન્માદવશ તો આવું નથી કહી રહ્યા ને?

**ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું** – રાજન્! તમે ક્ષત્રિયોનું બલિદાન આપવાનો નિર્ણય કર્યો છે. શું આ ક્રૂર કર્મ અપરાધ નથી? તમે સર્વશ્રેષ્ઠ રાજા થઈને પણ નિરપરાધ રાજાઓની હિંસા કરવી તે કઈ રીતે યોગ્ય માનો છો? પરંતુ વાત આ જ છે. અમે દુઃખીઓની સહાયતા કરીએ છીએ અને તમે ક્ષત્રિયોનો નાશ કરવા ચાહો છો? અમે ક્ષત્રિય જાતિની અભિવૃદ્ધિ માટે તમારો વધ કરવાનો નિશ્ચય કરીને અહીં આવ્યા છીએ. તમે જે એવા અભિમાનમાં મગ્ન રહો છો કે મારા જેવો કોઈ ક્ષત્રિય યોદ્ધો નથી, આ તમારો ભ્રમ છે. આ વિશાળ પૃથ્વી પર તમારાથી પણ મહાન વીર પુરુષો છે. અમારા માટે તમારું આ અભિમાન અસહ્ય છે. પોતાની બરાબરીના હોય તેમની સામે આવું અભિમાન છોડી દો; અન્યથા તમારે પુત્રો, મંત્રીઓ અને સૈન્ય સાથે યમસદન જવું પડશે. અમારા આવવાનું કારણ ખરેખર યુદ્ધ જ છે. અમે બ્રાહ્મણ નથી. હું છું વસુદેવનો પુત્ર કૃષ્ણ. આ બંને છે પાંડુપુત્ર ભીમસેન અને અર્જુન. અમે તમને યુદ્ધ માટે લલકારીએ છીએ. તમે અગર તો બધા કેદી રાજાઓને છોડી દો અથવા અમારી સાથે યુદ્ધ કરીને પરલોક સિધાવો.

**જરાસંધે કહ્યું** – 'વાસુદેવ! હું કોઈ પણ રાજાને જીત્યા વિના લાવ્યો નથી. જરા બતાવો તો ખરા કે એવો કયો રાજા છે, જેને મેં જીત્યો

ન હોય, જે મારો સામનો કરી શકતો હોય? શું હું તમારાથી ડરીને આ રાજાઓને છોડી દઉં? એ નહિ થઈ શકે. તમારે લડવું હોય તો મારા સૈન્ય સાથે લડી લો. હું એકની સાથે અથવા તમારા ત્રણેયની સાથે એકલો લડી શકું છું. તમારી ઇચ્છા હોય તેમ કરો, બધા મળીને લડો અથવા અલગ-અલગ?' આમ કહીને જરાસંધે પોતાના પુત્ર સહદેવનો રાજ્યાભિષેક કરવાની આજ્ઞા આપી દીધી. ભગવાન શ્રીકૃષ્ણે જોયું કે આકાશવાણી પ્રમાણે યદુવંશીઓના હાથે જરાસંધનો વધ ન થવો જોઈએ. તેથી તેમણે જરાસંધને પોતે ન મારીને ભીમસેનને હાથે મરાવવાનો નિશ્ચય કર્યો.

—★—

## જરાસંધનો વધ અને બંદી રાજાઓની મુક્તિ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે જોયું કે જરાસંધ યુદ્ધ માટે તૈયાર થઈ ગયો છે ત્યારે તેમણે તેને પૂછ્યું, 'રાજન્! તમે અમારા ત્રણેમાંથી કોની સાથે યુદ્ધ કરવા ચાહો છો? અમારામાંથી કોણ યુદ્ધ માટે તૈયાર થાય?' જરાસંધે ભીમસેન સાથે કુસ્તી લડવાનું સ્વીકાર્યું. તેણે માળા અને માંગલિક ચિહ્નો ધારણ કર્યાં, દર્દશામક બાજુબંધ પહેર્યા, બ્રાહ્મણોએ આવીને સ્વસ્તિવાચન કર્યું. ક્ષત્રિયધર્મ પ્રમાણે તેણે બખ્તર પહેર્યું, મુગટ ઉતાર્યો અને વાળને બાંધીને ઊભો થઈ ગયો. જરાસંધે કહ્યું, 'ભીમસેન! આવો. બળવાનની સાથે લડીને હારવા છતાં યશ મળે છે.

બળવાન ભીમસેન શ્રીકૃષ્ણની સલાહ લઈને બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવીને જરાસંધ સાથે લડવા માટે અખાડામાં ઊતરી ગયા. બંને પોતપોતાનો વિજય ચાહતા હતા. બંનેએ પોતપોતાની ભુજાઓને જ શસ્ત્ર બનાવ્યાં હતાં. હાથ મેળવતાં પહેલાં એકબીજાનો ચરણસ્પર્શ કર્યો. ત્યાર પછી ખમ અને તાલ ઠોકીને પરસ્પર બાઝી પડ્યા. તેઓ તૃણપીડ, પૂર્ણયોગ, સમુષ્ટિક વગેરે અનેક દાવ-પેચથી લડ્યા. તેમનું યુદ્ધ અપૂર્વ હતું. તેમનું મલ્લયુદ્ધ જોવા માટે હજારો નગરવાસી બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શૂદ્રો, સ્ત્રીઓ અને વૃદ્ધો એકઠાં થયાં. તેમના પ્રહારો અને જોર-ઝપટીનો બહુ જ કર્કશ અવાજ થઈ રહ્યો હતો. તેઓ ક્યારેક હાથોથી એકબીજાને ધકેલી દેતા, ગર્દન પકડીને ફેરવી નાખતા, ક્યારેક એકબીજાને ભગાડી મૂકતા, ખેંચતા, ઘસેડતા, ઘૂંટણોથી મારતા અને હાકોટા પાડતા રહીને મુક્કાથી પ્રહાર કરતા હતા. તેઓ જ્યાં જતા, ત્યાંના લોકો ભાગીને દૂર નાસી જતા. બંને હટ્ટા-કટ્ટા, પહોળી છાતી અને લાંબી ભુજાઓવાળા પહેલવાનો પોતાની ભુજાઓથી એ રીતે લડી રહ્યા હતા જાણે વજ્રના પર્વતો અથડાઈ રહ્યા હોય.

તે યુદ્ધ કાર્તિક કૃષ્ણ પ્રતિપદાના દિવસે પ્રારંભ થઈને સતત તેર દિવસ અને રાત ખાધા-પીધા વિના, વિના વિશ્રામે ચાલતું રહ્યું. ચૌદમા દિવસે રાત્રે જરાસંધ થાકીને થોડો ઢીલો પડી ગયો. તેની આ દશા જોઈને ભગવાન શ્રીકૃષ્ણે ભીમકર્મા ભીમસેનને પ્રોત્સાહિત કરતાં કહ્યું – 'વીર ભીમસેન! થાકી ગયેલા શત્રુને વધારે દબાવવો એ યોગ્ય નથી. અરે, વધારે જોર લગાવશો તો તો તે મરી જ જશે. તેથી હવે તમે જરાસંધને વધારે ન દબાવતાં માત્ર બાહુયુદ્ધ કરતા રહો.' શ્રીકૃષ્ણની વાત સાંભળીને ભીમસેન જરાસંધની સ્થિતિ સમજી ગયા અને તેને મારી નાખવાનો નિશ્ચય કર્યો. ભગવાન શ્રીકૃષ્ણે ભીમસેનને વધારે ઉત્સાહિત કરવા માટે કહ્યું કે,

'ભીમસેન! તમારામાં દૈવબળ અને વાયુબળ બંને વિદ્યમાન છે. તમે જરાસંધને સહેજ તમારા તે બળનો પરિચય તો કરાવો!' શ્રીકૃષ્ણનો ઇશારો સમજીને બળવાન ભીમસેને જરાસંધને ઉઠાવી લીધો અને ખૂબ જોરથી તેને આકાશમાં ઘુમાવવા લાગ્યા. સો વાર ઘુમાવીને તેમણે તેને જમીન પર પછાડ્યો અને ઘૂંટણોના પ્રહારોથી તેની પીઠની કરોડરજ્જુ ભાંગીને ભૂકો કરી નાખી. સાથે-સાથે હોંકાટો કરીને તેનો એક પગ પકડ્યો અને બીજા પગ પર પોતાનો પગ મૂકીને તેને બે ભાગમાં ચીરી નાખ્યો. જરાસંધની આવી દુર્દશા અને ભીમસેનની ગર્જનાથી ઉપસ્થિત લોકો ભયભીત થઈ ગયા. સ્ત્રીઓને તો ગર્ભપાત થવા સુધીની નોબત આવી ગઈ. બધા લોકો આશ્ચર્યચકિત વિસ્મિત થઈને વિચારવા લાગ્યા કે ક્યાંક હિમાલય તો તૂટી પડ્યો નથી ને? પૃથ્વીના ટુકડા તો થઈ ગયા નથી ને?

ભગવાન શ્રીકૃષ્ણ, અર્જુન અને ભીમસેને શત્રુનો સંહાર કરીને તેના નિર્જીવ શરીરને રાણીવાસના દરવાજા પર નાખી દીધું અને તેઓ રાતોરાત ત્યાંથી બહાર નીકળી ગયા. શ્રીકૃષ્ણે જરાસંધની ધજાવાળા દિવ્ય રથને જોડીને ભીમસેન અને અર્જુનને તેમાં બેસાડ્યા અને ત્યાંથી જઈને કેદી રાજાઓને પર્વતોની ગુફામાંથી બહાર કાઢ્યા. તે રથ દ્વારા જ તેઓ તે રાજાઓની સાથે ત્યાંથી નીકળી ગયા. તે રથનું નામ હતું સૌંદર્યવાન્. બે મહારથીઓ તેના પર એક સાથે બેસીને યુદ્ધ કરી શકતા હતા. તેના પર ભીમસેન અને અર્જુન બેસી ગયા. ભગવાન શ્રીકૃષ્ણ સારથિ બન્યા. આ જ રથ પર બેસીને ઇન્દ્રે પહેલાં નવ્વાણું વખત દાનવોનો સંહાર કર્યો હતો. તેની ઉપર એક દિવ્ય ધજા હતી, જે કોઈ પણ પ્રકારના આધાર વિના લહેરાતી રહેતી, ઇન્દ્રધનુષ્ય જેવી ચળકતી હતી અને એક યોજન દૂરથી દેખાતી હતી. તે રથ ઇન્દ્રે વસુ નામના રાજાને, વસુએ બૃહદ્રથને અને બૃહદ્રથે જરાસંધને આપ્યો હતો. તે દિવ્ય રથ પ્રાપ્ત કરીને અત્યંત પ્રસન્નતાપૂર્વક ત્રણે ભાઈ ત્યાંથી સિધાવી ગયા.

પરમ યશસ્વી કરુણાસાગર ભગવાન શ્રીકૃષ્ણ રથ હાંકીને ગિરિવ્રજથી બહાર નીકળ્યા, ખુલ્લા મેદાનમાં આવ્યા. ત્યાં બ્રાહ્મણો વગેરે પ્રજાજનોએ અને કેદમાંથી છૂટેલા રાજાઓએ શ્રીકૃષ્ણની વિધિપૂર્વક પૂજા કરી. રાજાઓએ કહ્યું, 'સર્વશક્તિમાન પ્રભો! તમે ભીમ અને અર્જુન સાથે આવીને અમને છોડાવીને પોતાના ધર્મની રક્ષા કરી છે. આ તમારા માટે કોઈ આશ્ચર્યની વાત નથી. અમે જરાસંધરૂપી વિશાળ સરોવરના દુઃખરૂપી કાદવમાં ફસાયા હતા. તમે અમારો ઉદ્ધાર કર્યો. સર્વવ્યાપક યદુનંદન! અમે દુઃખથી મુક્ત થયા. તમે ઉજ્જ્વળ કીર્તિની સ્થાપના કરી. અમે તમારી સામે નમ્રતાપૂર્વક નમીને ઊભા છીએ. અમને આપનું કઠિનમાં કઠિન કાર્ય કરવાની આજ્ઞા આપો.' ભગવાન શ્રીકૃષ્ણે તેમને આશ્વાસન આપતાં કહ્યું – 'ધર્મરાજ યુધિષ્ઠિર ચક્રવર્તીપદ પ્રાપ્ત કરવા માટે રાજસૂય યજ્ઞ કરવા ઇચ્છે છે. તમે લોકો તેમની મદદ કરો.' રાજાઓની પ્રસન્નતાની સીમા ન રહી. તેમણે હૃદયપૂર્વક આ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. હવે તે લોકો ભગવાન શ્રીકૃષ્ણને રત્નોની ભેટ આપવા લાગ્યા. ભગવાને તેમના પર કૃપા કરીને બહુ જ આગ્રહને વશ થઈને ભેટનો સ્વીકાર કર્યો. જરાસંધનો પુત્ર સહદેવ મંત્રીઓ સાથે પુરોહિતોને આગળ કરીને અનેક રત્નો લઈને ખૂબ જ નમ્રતાપૂર્વક શ્રીકૃષ્ણની સમક્ષ હાજર થયો. ભગવાન શ્રીકૃષ્ણે ભયભીત સહદેવને અભયદાન આપીને ભેટનો સ્વીકાર કર્યો. શ્રીકૃષ્ણ, અર્જુન અને ભીમસેને ત્યાં જ સહદેવનો અભિષેક

કર્યા. સહદેવ ખૂબ પ્રસન્નતાથી પોતાની રાજધાનીમાં પાછા ગયા.

પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ પોતાના બંને ફોઈના દીકરા-ભાઈઓ અને તે બધા રાજાઓની સાથે ધન-રત્નોથી ભરેલા રથ પર શોભતા ઇન્દ્રપ્રસ્થ પહોંચ્યા. તેમને જોઈને ધર્મરાજા અત્યંત પ્રસન્ન થયા. ભગવાને કહ્યું, 'રાજેન્દ્ર! એ મોટા સૌભાગ્યની વાત છે કે, વીરવર ભીમસેને જરાસંધને મારવાનો અને બંદી રાજાઓને છોડાવવાનો યશ પ્રાપ્ત કર્યો છે. આનાથી વધીને કયા આનંદની વાત હશે કે ભીમસેન અને અર્જુન કાર્ય સિદ્ધ કરીને સકુશળ નિર્વિઘ્ને પાછા આવી ગયા.' ધર્મરાજ યુધિષ્ઠિરે ખૂબ જ પ્રસન્નતાથી ભગવાન શ્રીકૃષ્ણનો સત્કાર કર્યો અને પોતાના ભાઈઓને પ્રેમથી ગળે લગાડ્યા. જરાસંધના મૃત્યુથી બધા પાંડવોને આનંદ થયો. તેમણે બંધનમાંથી છૂટેલા બધા રાજાઓને મળીને – ભેટીને તેમના યથોચિત આદર-સત્કાર કર્યો અને યથાસમય તેમને વિદાય કર્યા. બધા રાજાઓ ધર્મરાજાની અનુમતિથી ખૂબ પ્રસન્નતા સાથે જુદાં જુદાં વાહનો દ્વારા પોતપોતાના દેશમાં ચાલ્યા ગયા.

પરમ પ્રવીણ ભગવાન શ્રીકૃષ્ણે આ પ્રમાણે જરાસંધનો વધ કરાવીને ધર્મરાજાની અનુમતિ પ્રાપ્ત કરીને કુંતી, દ્રૌપદી, સુભદ્રા, ભીમસેન, અર્જુન, નકુળ, સહદેવ અને ધૌમ્યની વિદાય લીધી અને તે જ રથ પર બેસીને શ્રીકૃષ્ણ દ્વારકા જવા રવાના થયા. ત્યારે પાંડવોએ આનંદકંદ ભગવાન શ્રીકૃષ્ણનું યથોચિત અભિવાદન અને પરિક્રમા કરી. જનમેજય! આ ઐતિહાસિક વિજય અને રાજાઓને છોડાવીને અભય આપવાને કારણે પાંડવોનો યશ દેશ-દેશાંતરમાં ફેલાઈ ગયો. ધર્મરાજ યુધિષ્ઠિર સમય પ્રમાણે ધર્મ પર દૃઢ નિષ્ઠા રાખીને પ્રજાનું પાલન કરવા લાગ્યા. ધર્મ, કામ તથા અર્થ – ત્રણેય પુરુષાર્થ તેમની સેવામાં સંલગ્ન રહેતા હતા.

—★—

## પાંડવોનો દિગ્વિજય

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! એક દિવસ અર્જુને ધર્મરાજ યુધિષ્ઠિરને કહ્યું કે, 'જો તમે આજ્ઞા આપો તો હું દિગ્વિજય માટે જાઉં અને પૃથ્વી પરના બધા રાજાઓ પાસેથી તમારા માટે કરવસૂલી કરું.' યુધિષ્ઠિરે અર્જુનને ઉત્સાહિત કરતાં કહ્યું – 'અવશ્ય, તમારો વિજય નિશ્ચિત છે.' યુધિષ્ઠિરની આજ્ઞાથી ચારે ભાઈઓએ દિગ્વિજય માટે પ્રયાણ કર્યું. જનમેજય! જોકે ચારે ભાઈઓએ ચારે દિશાઓમાં એકસાથે દિગ્વિજય પ્રાપ્ત કર્યો, છતાં હું તમને તેનું ક્રમશઃ વર્ણન કહી સંભળાવું છું.

જનમેજય! અર્જુને ઉત્તર દિશાના રાજાઓ પર વિજય પ્રાપ્ત કરવાની જવાબદારી પોતાને શિરે લીધી. તેમણે પ્રથમ સાધારણ પરાક્રમથી જ આનર્ત, કાલકૂટ અને કુલિન્દ દેશો પર વિજય પ્રાપ્ત કરીને સેના સાથે સુમંડલને જીતી લીધો. તેને પોતાનો સાથી બનાવીને શાકલદ્વીપ અને પ્રતિવિન્ધ્ય પર્વતના રાજાઓ પર વિજય પ્રાપ્ત કર્યો. સાત દ્વીપના રાજાઓમાંથી શાકલદ્વીપના રાજાએ પ્રતિકાર કરતાં બહુ ભારે યુદ્ધ થયું. પરંતુ અર્જુનનાં બાણોની સામે તેમને હારવું જ પડ્યું. તેમની સહાયતાથી અર્જુને પ્રાગ્જ્યોતિષપુર પર આક્રમણ કર્યું. ત્યાંના પરાક્રમી રાજાનું નામ ભગદત્ત હતું. ભગદત્તના સહાયકો કિરાત, ચીન વગેરે અનેક સમુદ્રી પ્રાંતના

લોકો પણ હતા. આઠ દિવસ સુધી ભયંકર યુદ્ધ થયું, ત્યાર પછી પણ અર્જુનનો ઉત્સાહ પૂર્વવત્ જોઈને ભગદત્તે હસતાં-હસતાં કહ્યું – 'મહાબાહુ અર્જુન! તમારું પરાક્રમ તમારા જેવું જ છે. તમે દેવરાજ ઇન્દ્રના પુત્ર છો! ઇન્દ્ર સાથે મારી મિત્રતા છે અને હું તેમનાથી વીરતામાં કમ નથી. તેથી હું તમારી સાથે યુદ્ધ કરી શકતો નથી. હું તમારી ઇચ્છા પૂરી કરીશ, મને જણાવો કે તમારે શું જોઈએ છે?' અર્જુને કહ્યું – 'રાજન્! કુરુવંશશિરોમણિ સત્યવાદી ધર્મરાજ યુધિષ્ઠિર રાજસૂય યજ્ઞ કરવા ચાહે છે. મારી હાર્દિક અભિલાષા છે કે તેઓ ચક્રવર્તી સમ્રાટ બને. તમે તેમને કર આપો. તમે મારા પિતા ઇન્દ્રના મિત્ર અને મારા હિતૈષી છો. તેથી હું તમને આજ્ઞા તો કરી શકતો નથી, તમે પ્રેમભાવથી જ તેમને ભેટ આપો.' ભગદત્તે કહ્યું, 'અર્જુન! ધર્મરાજ યુધિષ્ઠિર પણ તમારા જેવા જ મારા પ્રીતિપાત્ર છે. હું તમારી ઇચ્છા પૂર્ણ કરીશ. બીજી કોઈ વાત હોય તો જણાવો.' વીર અર્જુને તેમના પ્રતિ કૃતજ્ઞતા પ્રગટ કરીને આગળ જવા માટે પ્રયાણ કર્યું.

અર્જુને કુબેર દ્વારા સુરક્ષિત ઉત્તર દિશામાં આગળ વધીને પર્વતોની અંદર અને બહાર અને આજુબાજુનાં બધાં સ્થાનો પર અધિકાર જમાવી દીધો. ઉલૂક દેશનો રાજા બૃહન્ત ઘોર યુદ્ધ કર્યા પછી હાર સ્વીકારીને અર્જુનના શરણમાં આવ્યો. અર્જુને બૃહન્તનું રાજ્ય તેને જ પાછું સોંપીને તેની સહાયતાથી સેનાબિન્દુના દેશ પર આક્રમણ કરીને તેને રાજ્યભ્રષ્ટ કરી દીધો. ક્રમાનુસાર મોદાપુર, વામદેવ, સુદામા, સુસંકુલ અને ઉત્તર ઉલૂક દેશોના રાજાઓને વશમાં કરીને પંચગણોને પોતાના વશમાં કરી લીધા. તેમણે પૌરવ નામના રાજાને તથા પર્વતીય ક્ષેત્રના લુટારાઓને અને મ્લેચ્છો કે જે સાત પ્રકારના હતા, બધાને જીતી લીધા. કાશ્મીરના વીર ક્ષત્રિયો અને દસ મંડળોના અધ્યક્ષ રાજા લોહિત પણ તેમને અધીન થઈ ગયા. ત્રિગર્ત, દારુ અને કોકનદના રાજા સ્વયં શરણાગત થઈ ગયા. અર્જુને અભિસારી પર અધિકાર જમાવીને ઉરગ દેશના રાજા રોચમાનને હરાવ્યો અને બાહ્લીક વીરોને પોતાને અધીન કરીને દરદ, કમ્બોજ અને ઋષિક દેશોને પોતાને અધીન કરી દીધા. ઋષિક દેશમાંથી પોપટના પેટ જેવા લીલા રંગના આઠ ઘોડા લીધા. નિકૂટ અને સંપૂર્ણ હિમાલય પર વિજયધ્વજ લહેરાવીને ધવલગિરિ પર સેનાનો પડાવ નાખ્યો.

અર્જુન ક્રમશઃ કિમ્પુરુષવર્ષના અધિપતિ દ્રુમપુત્ર અને હાટક દેશના રક્ષક ગુહ્યકોને હરાવીને માનસરોવર પહોંચ્યા. ત્યાં ઋષિઓનાં પવિત્ર આશ્રમોનાં દર્શન થયાં. ત્યાંથી હાટકદેશની આસપાસના પ્રાંતો પર પણ અધિકાર કરી લીધો. ત્યારપછી અર્જુને ઉત્તરના હરિવર્ષ પર વિજય પ્રાપ્ત કરવાનું વિચારીને તેમાં પ્રવેશ કરી રહ્યા હતા ત્યાં જ મહાન વીર અને વિશાળકાય દ્વારપાળોએ આવીને કહ્યું – 'ખરેખર તમે કોઈ મહાપુરુષ છો. કેમકે અહીં સુધી પહોંચવું બધા માટે સુગમ નથી. તમે અહીં આવી ગયા એ જ તમારો વિજય છે. અહીંની કોઈ પણ વસ્તુ મનુષ્ય-શરીરથી જોઈ શકાતી નથી. તેથી દિગ્વિજયની તો કોઈ વાત જ નથી. અમે લોકો તમારા પર પ્રસન્ન છીએ. તમારું કોઈ કાર્ય હોય તો અમે કરીએ.' અર્જુને હસતાં હસતાં કહ્યું, 'હું મારા મોટા ભાઈ ધર્મરાજ યુધિષ્ઠિરને ચક્રવર્તી સમ્રાટ બનાવવા માટે દિગ્વિજય કરી રહ્યો છું, જો તમારા આ દેશમાં મનુષ્યોની અવર-જવર નિષિદ્ધ છે તો હું તમારા દેશમાં પ્રવેશ નહિ કરું; તમે લોકો માત્ર થોડો કર આપી દો.' હરિવર્ષના લોકોએ અર્જુનને કરરૂપે અનેક દિવ્ય વસ્ત્રો, દિવ્ય આભૂષણો અને મૃગચર્મ

વગેરે આપ્યાં. આ પ્રમાણે ઉત્તર દિશા પર વિજય પ્રાપ્ત કરીને વીરશ્રેષ્ઠ અર્જુન મહાન ચતુરંગિણી સેના સાથે ખૂબ જ પ્રસન્નતાપૂર્વક ઇન્દ્રપ્રસ્થ પાછા આવી ગયા અને સંપૂર્ણ ધન અને વાહનો ધર્મરાજાને સોંપીને તેમની આજ્ઞા લઈને પોતાના મહેલમાં ગયા.

જનમેજય! અર્જુનની સાથે ભીમસેન પણ ધર્મરાજાની અનુમતિથી ઘણી મોટી સેના લઈને પૂર્વદિશામાં ગયા હતા. દશાર્ણ દેશના રાજા સુધર્માએ કોઈ પણ પ્રકારના શસ્ત્રો વિના બાહુયુદ્ધ કર્યું. ભીમસેને તેને પરાસ્ત કરીને તેની વીરતાથી પ્રસન્ન થઈને તેને પોતાનો સેનાપતિ બનાવી લીધો. તેમણે ક્રમશઃ અશ્વમેધ, પુલિન્દનગર વગેરે મોટા ભાગના પૂર્વનાં રાજ્યો પર અધિકાર જમાવી દીધો. ચેદિદેશના રાજા શિશુપાલ સાથે તેમણે યુદ્ધ ન કરવું પડ્યું. તેણે સંબંધી હોવાના નાતે ધર્મરાજાના સંદેશામાત્રથી કર આપવાનું સ્વીકારી લીધું. ત્યાર પછી ભીમસેને કુમાર દેશના રાજા શ્રેણિમાનને, કોશલદેશના રાજા બૃહદ્બલને અને અયોધ્યાના અધિપતિ મહાત્મા દીર્ઘયજ્ઞને અનાયાસે જ વશમાં કરી લીધા. ત્યાર પછી ઉત્તર કોસલ, મલ્લદેશ અને હિમાલયની તળેટીના જલોદ્ભવ દેશના પ્રાંતો પોતાને અધીન કરી લીધા. કાશિરાજ સુબાહુ, સુપાર્શ્વ, રાજેશ્વર ક્રથ, મત્સ્ય અને મલદદેશના વીરો અને વસુભૂમિને પણ પોતાના અધિકારમાં કરી લીધી. પૂર્વોત્તર દેશોમાં મદધાર, સોમધેય અને વત્સદેશને પણ તેમણે પોતાના કબજામાં લઈ લીધો. ભર્ગદેશના સ્વામી નિષાદરાજ અને મણિમાન પર વિજય પ્રાપ્ત કરીને દક્ષિણમલ્લ અને ભોગવાન પર્વત પર પણ તેમણે કબજો કરી લીધો. શર્મક અને વર્મક પર વિજય પ્રાપ્ત કર્યા પછી મિથિલાનરેશને પોતાને અધીન કરીને ત્યાંથી કિરાત રાજાઓને પણ પોતાને વશ કરી લીધા. સુહ્મ, પ્રસુહ્મ, દંડ, દણ્ડધાર વગેરે રાજાઓ અનાયાસે જ વશમાં થઈ ગયા. ગિરિવ્રજથી જરાસંધના પુત્ર સહદેવને સાથે લઈને મોદાગિરિના રાજાનો સંહાર કર્યો. પૌણ્ડ્રક વાસુદેવ અને કૌશિક નદીના દ્વીપમાં રહેનાર રાજા પણ પરાજિત થઈ ગયો. વંગદેશના રાજા સમુદ્રસેન, ચંદ્રસેન, કર્વટાધિપતિ તામ્રલિપ્ત અને બધા સમુદ્રતટના મ્લેચ્છો પણ તેમને અધીન થઈ ગયા. આ પ્રમાણે અનેક દેશો પર વિજય પ્રાપ્ત કરીને વીર ભીમસેન લૌહિત્યની પાસે આવ્યા. સમુદ્રતટ અને સમુદ્રના ટાપુઓમાં રહેનારા મ્લેચ્છોએ યુદ્ધ કર્યા વિના જ જાતજાતના હીરા, મણિ, માણેક, સોનું, ચાંદી, ગરમ અને સુતરાઉ વસ્ત્રો વગેરેની ભેટ આપી. તેમણે ધન દ્વારા ભીમસેનને પ્રસન્ન કર્યા. ભીમસેન બધું ધન લઈને ઇન્દ્રપ્રસ્થ આવી ગયા અને તેમણે બહુ જ પ્રેમથી તે સઘળું ધન પોતાના મોટા ભાઈ ધર્મરાજાને સોંપી દીધું.

જનમેજય! તે જ સમયે સહદેવ પણ મોટી સેના સાથે દિગ્વિજય કરવા માટે દક્ષિણ દિશા તરફ ગયા. ક્રમશઃ મથુરા, મત્સ્યદેશ અને અધિરાજના અધિપતિઓને વશમાં કરીને કર આપનાર સામંત બનાવી દીધા. રાજા સુકુમાર અને સુમિત્ર પછી બીજા મત્સ્યદેશ અને પટચ્ચરોને જીતી લીધા અને બળપૂર્વક નિષાદભૂમિ, ગોશૃંગ પર્વત અને શ્રેણિમાન રાજાને પોતાને અધીન કરી લીધા. નરરાષ્ટ્ર પર વિજય પ્રાપ્ત કર્યા પછી કુન્તિભોજ પર આક્રમણ કર્યું અને તેમણે સહજ રીતે ધર્મરાજાના શાસનનો સ્વીકાર કરી લીધો. ત્યાર પછી સહદેવ નર્મદા તરફ આગળ વધ્યા. ત્યાં ઉજ્જૈનના પ્રસિદ્ધ વીર વિન્દ અને અનુવિન્દને હરાવીને વશમાં કરી લીધા. નાટકેયો અને હેરમ્બકોને પરાજિત કરીને મારુધ અને મુંજગ્રામ પર અધિકાર કરી લીધો. તેમણે ક્રમશઃ અર્બુદ,

વાતરાજ અને પુલિન્દોને હરાવીને પાણ્ડ્યનરેશ પર વિજય પ્રાપ્ત કરી લીધો અને કિષ્કિંધાના વાનરરાજ મૈંદ અને દ્વિવિદને જીત્યા અને માહિષ્મતી પર આક્રમણ કરી દીધું. ભયંકર યુદ્ધ પછી મહારાજ નીલ તેમના કર આપનારા સામંત બની ગયા. આગળ વધીને ત્રિપુર-રક્ષક અને પૌરવેશ્વરને વશમાં કર્યા. સુરાષ્ટ્ર દેશના રાજા કૌશિકાચાર્ય આકૃતિ પર વિજય પ્રાપ્ત કરીને ભોજકટના રુક્મી અને નિષદના રાજા ભીષ્મકની પાસે દૂત મોકલ્યો. તે લોકોએ શ્રીકૃષ્ણ સાથેના સંબંધને કારણે ખૂબ પ્રેમપૂર્વક સહદેવની આજ્ઞા માની લીધી. ત્યાંથી આગળ શૂર્પારક, તાલાકટ, દંડક અને સમુદ્રી ટાપુઓને પોતાને અધીન કરીને મ્લેચ્છ, નિષાદ, પુરુષાદ, કર્ણપ્રાવરણ અને કાલમુખ નામના મનુષ્યો અને રાક્ષસો પર વિજય પ્રાપ્ત કરી લીધો. કોલ્લાચલ, સુરભીપટ્ટન, તામ્રદ્વીપ અને રામપર્વત તેમના વશમાં થઈ ગયા. રાજા તિમિઙ્ગિલ, જંગલી કેરલ, એક પગવાળા પુરુષો તથા સંજયન્તી નગરી તેમના અધિકારમાં આવી ગઈ. પાખંડ અને કરહાટક પણ સ્વતંત્ર ન રહી શક્યાં. પાંડ્ય, દ્રવિડ, ઉંડ, કેરલ, આંધ્ર, તાલવન, કલિંગ, ઉષ્ટ્રકર્ણિક, આટવીપુરી અને આક્રમણકારી યવનોની રાજધાનીઓ પણ તેમના વશમાં થઈ ગઈ. સહદેવે દૂત દ્વારા લંકાપતિ પાસે સંદેશો મોકલ્યો અને વિભીષણે ખૂબ જ પ્રેમથી તેનો સ્વીકાર કરી લીધો. સહદેવ આ બધામાં ભગવાન શ્રીકૃષ્ણનો જ મહિમા સમજ્યા. બધાં સ્થાનોથી તેમને અનેક પ્રકારની સામગ્રીઓ ભેટરૂપે પ્રાપ્ત થઈ હતી. બધું જ લઈને, બધાને સામંત બનાવીને ખૂબ જ જલદીથી બુદ્ધિમાન સહદેવ ઈન્દ્રપ્રસ્થ આવી ગયા અને બધી વસ્તુઓ ધર્મરાજાને સોંપીને તેઓ સુખપૂર્વક ઈન્દ્રપ્રસ્થમાં રહેવા લાગ્યા.

જનમેજય! નકુળે પણ એ જ સમયે બહુ મોટી સેના લઈને પશ્ચિમ દિશા તરફ વિજયયાત્રા પ્રયાણ કર્યું. કાર્તિક સ્વામીના પ્રિય એવા ધન-ધાન્ય, ગોધન વગેરેથી પરિપૂર્ણ રોહિતક દેશમાં ત્યાંના મત્તમયૂર શાસકો સાથે તેમનું ઘોર યુદ્ધ થયું. છેવટે નકુળે મરુભૂમિ, શૈરીષક અને અન્નભંડાર એવા મહેત્થદેશ પર સંપૂર્ણ અધિકાર કરી લીધો. રાજર્ષિ આક્રોશને વશમાં કરીને, દશાર્ણ, શિબિ, ત્રિગર્ત, અમ્બષ્ઠ, માલવ, પંચકર્પટ, મધ્યમક, વાટધાન અને દ્વિજોને જીતી લીધા. ત્યાંથી પાછા આવીને પુષ્કર વનના નિવાસી ઉત્સવ-સંકેતોને, સિંધુ કિનારાના ગંધર્વોને તથા સરસ્વતી કિનારાના શૂદ્રો અને આભીરોને વશમાં કરી લીધા. સંપૂર્ણ પંચનદ, અમરપર્વત, ઉત્તર જ્યોતિષ, દિવ્યકટ નગર તથા દ્વારપાલ તેમના અધિકાર ક્ષેત્રમાં આવી ગયા. પશ્ચિમના રામઠ, હાર, હૂણ વગેરે રાજાઓ નકુળની આજ્ઞામાત્રથી તેમના વશમાં થઈ ગયા. દ્વારકાવાસી યાદવો અને શ્રીકૃષ્ણે ખૂબ પ્રેમથી નકુળનું શાસન સ્વીકારી લીધું. નકુળના મામા શલ્ય પણ પ્રેમથી તેમને અધીન થઈ ગયા. બધા પાસેથી ધન-રત્નોની ભેટ લઈને નકુળે સમુદ્રના ટાપુઓમાં રહેનારા ભયંકર મ્લેચ્છ, પહ્લવ, બર્બર, કિરાત, યવન અને શકરાજાઓને વશમાં કરી લીધા. બધા પાસેથી સુંદર-સુંદર વસ્તુઓની ભેટ લઈને તેઓ ખાંડવપ્રસ્થ આવી ગયા. નકુળે કર અને ભેટમાં જે ધન એકઠું કર્યું હતું તેને દસ હજાર હાથી પણ મુશ્કેલીથી ઉપાડી શકે તેટલું હતું. ઈન્દ્રપ્રસ્થમાં આવીને તેમણે વરુણ દ્વારા સુરક્ષિત અને શ્રીકૃષ્ણ દ્વારા અધિકૃત પશ્ચિમ દિશા પરના વિજયથી પ્રાપ્ત કરેલ સઘળું ધન પોતાના મોટાભાઈ યુધિષ્ઠિરને સોંપી દીધું.

—★—

## રાજસૂય યજ્ઞનો આરંભ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! ધર્મરાજાની સત્યનિષ્ઠા, પ્રજાપાલનમાં અનુરાગ અને શત્રુઓનો સંહાર જોઈને સંપૂર્ણ પ્રજા સ્વયં પોતપોતાના ધર્મનું પાલન કરવા લાગી. શાસ્ત્ર પ્રમાણે કરની વસૂલી અને ધર્મપૂર્વક શાસન કરવાથી સમયસર ઇચ્છા પ્રમાણે વૃષ્ટિ થવા લાગી; રાષ્ટ્ર સુખ-સંપત્તિથી છલકાઈ ગયું; રાજાના પુણ્ય-પ્રભાવથી ખેતીવાડી, વેપાર અને ગોરક્ષાનું કાર્ય સુંદર રીતે થવા લાગ્યું. પ્રજામાં એકબીજા સાથે છેતરપિંડી, ચોરી અને લૂંટફાટનું નામ-નિશાન પણ ન રહ્યું. રાજ્યના કર્મચારીઓ પણ અસત્ય બોલતા નહિ. ધર્મરાજના ધર્માચરણથી અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, બીમારી, અગ્નિ વગેરેનો ભય ન હતો. લોકો તેમની પાસે ભેટ આપવા માટે અથવા તેમનાં પ્રિય કાર્ય માટે આવતા હતા, ફરિયાદ માટે નહિ. ધર્માનુકૂળ ધનની આવકથી ખજાનો પરિપૂર્ણ અને અક્ષય થઈ ગયો હતો.

જ્યારે ધર્મરાજાએ જોયું કે, મારાં અન્ન-વસ્ત્ર, રત્નો વગેરેથી ભંડાર બધી રીતે પરિપૂર્ણ છે ત્યારે તેમણે રાજસૂય યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો. મિત્રોએ તેમને એકલા અને સામૂહિક રીતે મળીને આગ્રહ કર્યો કે અત્યારે જ યજ્ઞ કરવાનો યોગ્ય સમય છે. હવે તરત જ યજ્ઞનો આરંભ કરી દેવો જોઈએ. જ્યારે લોકોનો આગ્રહ પરાકાષ્ઠાએ પહોંચી ગયો હતો, તે જ અરસામાં ભગવાન શ્રીકૃષ્ણ ત્યાં પધાર્યા. જનમેજય! ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં નારાયણ છે. તેઓ જ વેદરૂપ છે અને મોટા-મોટા જ્ઞાનીઓના ધ્યાનમાં આવનારા છે. જડ-ચેતનમય જગતમાં તેઓ બધાથી શ્રેષ્ઠ અને વિશ્વ-બ્રહ્માંડના ઉત્પત્તિસ્થાન તથા પ્રલયસ્થાન છે. તેઓ ભૂત, ભવિષ્ય અને વર્તમાનના સ્વામી, દૈત્યોનો નાશ કરનારા, ભક્તવત્સલ અને આપત્તિકાળમાં શરણ આપનારા છે. ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ભક્ત યુધિષ્ઠિર પર કૃપા કરવા માટે અપાર ધન, અક્ષય રત્નો અને મોટી સેના લઈને રથના ધ્વનિથી બધી દિશાઓને ગજવતા ઇન્દ્રપ્રસ્થમાં આવી પહોંચ્યા. બધાએ તેમનું સામૈયું કરીને તેમનો યથોચિત સત્કાર કર્યો. ધર્મરાજ યુધિષ્ઠિર પોતાના ભાઈઓ, પુરોહિત ધૌમ્ય અને શ્રીકૃષ્ણદ્વૈપાયન વગેરે ઋષિઓની સાથે તેમની પાસે ગયા અને વિશ્રામ, કુશળ પ્રશ્ન વગેરે પછી તેમને કહ્યું, 'ભાઈ શ્રીકૃષ્ણ! આ સમસ્ત ભૂમંડળ તમારા કૃપાપ્રસાદથી જ અમારે આધીન થયું છે. ઘણી-બધી ધન-સંપત્તિ પણ અમને પ્રાપ્ત થઈ છે. આ બધું આપના માટે જ છે. હવે હું ઇચ્છું છું કે આનાથી વિધિપૂર્વક હવન અને બ્રાહ્મણ-ભોજન થાય. હવે તમે મારી અભિલાષા પ્રમાણે રાજસૂય-યજ્ઞ માટે મને અનુમતિ આપો. ગોવિંદ! હવે તમે યજ્ઞની દીક્ષા ગ્રહણ કરો. તમારા યજ્ઞથી હું નિષ્પાપ થઈ જઈશ. અથવા મને જ યજ્ઞની દીક્ષા લેવાની અનુમતિ આપો. તમારી ઇચ્છા પ્રમાણે જ બધું કાર્ય થશે. ભગવાન શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરના ગુણોનું વર્ણન કરતાં કહ્યું – 'મહારાજ! તમે સમ્રાટ છો. તમારે જ આ મહાયજ્ઞ કરવો જોઈએ. હવે તમે આ યજ્ઞની દીક્ષા ગ્રહણ કરો.' યુધિષ્ઠિરે વિનયપૂર્વક કહ્યું, 'હૃષીકેશ! તમે મારી ઇચ્છા પ્રમાણે સ્વયં આવી ગયા છો. એટલા માત્રથી જ મારો સંકલ્પ સિદ્ધ થઈ ગયો છે, હવે યજ્ઞ સંપન્ન થવામાં કોઈ સંદેહ નથી.'

હવે ધર્મરાજ યુધિષ્ઠિરે સહદેવ અને મંત્રીઓને આજ્ઞા આપી કે બ્રાહ્મણો અને પુરોહિત ધૌમ્યની આજ્ઞાનુસાર યજ્ઞની બધી સામગ્રી તરત જ મગાવી લેવામાં આવે. હજી ધર્મરાજ યુધિષ્ઠિરની વાત

પૂરી થઈ પણ ન હતી ત્યાં તો સહદેવે નમ્રતાપૂર્વક કહ્યું – 'પ્રભો! તમારી આજ્ઞા મળી તે અગાઉ જ આ કાર્ય થઈ ચૂક્યું છે.' અત્યારે મહર્ષિ કૃષ્ણદ્વૈપાયન તેજસ્વી, તપસ્વી બ્રાહ્મણોને લઈને આવ્યા છે. તેઓ સ્વયં યજ્ઞના બ્રહ્મા બન્યા અને સુસામા સામવેદના ઉદ્ગાતા. બ્રહ્મજ્ઞાની યાજ્ઞવલ્કય અધ્વર્યુ થયા. પૈલ અને ધૌમ્ય હોતા બન્યા. આ ઋષિઓના વેદ-વેદાંગમાં પારદર્શી શિષ્યો અને પુત્રો સદસ્ય બન્યા. સ્વસ્તિવાચન પછી યજ્ઞની શાસ્ત્રોક્ત વિધિ સંબંધમાં પરસ્પર વિચાર કરીને વિશાળ યજ્ઞશાળાનું પૂજન કરવામાં આવ્યું. શિલ્પકારોએ આજ્ઞાનુસાર દેવમંદિરો જેવાં કેટલાંક સુગંધિત ભવનોનું નિર્માણ કર્યું. હવે ધર્મરાજાએ સહદેવને એવી આજ્ઞા આપી કે નિમંત્રણો આપવા માટે દૂત મોકલો. સહદેવે દૂતો મોકલતી વખતે જણાવી દીધું કે દેશના સમસ્ત બ્રાહ્મણો અને ક્ષત્રિયોને નિમંત્રણ આપી આવો તથા વૈશ્યો અને સન્માનનીય શૂદ્રોને સાથે જ તેડી લાવો. દૂતોએ તે પ્રમાણે જ કર્યું.

જનમેજય! બ્રાહ્મણોએ યથાસમય ધર્મરાજાને રાજસૂય યજ્ઞની દીક્ષા આપી. તેમણે હજારો બ્રાહ્મણો, ભાઈઓ, સગાં-સંબંધીઓ, મિત્રો અને સાથીઓ, ત્યાં આવેલા ક્ષત્રિયો અને મંત્રીઓની સાથે મૂર્તિમાન ધર્મની જેમ યજ્ઞશાળામાં પ્રવેશ કર્યો. ચારે બાજુથી શાસ્ત્ર-પારંગત, વેદ-વેદાંતમાં નિપુણ ટોળે-ટોળા બ્રાહ્મણો આવવા લાગ્યા. તેમના નિવાસ માટે હજારો કારીગરો દ્વારા અલગ-અલગ એવાં સ્થાન બનાવવામાં આવ્યાં, જે અન્ન, જળ, વસ્ત્ર અને બધી ઋતુઓની યોગ્ય અને સુખદાયી સામગ્રીઓથી પરિપૂર્ણ હતાં. તે નિવાસસ્થાનોમાં બ્રાહ્મણો કથા-વાર્તા અને ભોજન વગેરે પ્રસન્નચિત્તે કરતા હતા. જ્યારે જુઓ ત્યારે એવો જ અવાજ સંભળાતો હતો – 'આપો, આપો! લો, લો!'

ધર્મરાજ યુધિષ્ઠિરે ભીષ્મ, ધૃતરાષ્ટ્ર વગેરેને બોલાવવા માટે નકુળને હસ્તિનાપુર મોકલ્યા. તેમણે ત્યાં જઈને બધાને આદરપૂર્વક નમ્રતાથી નિમંત્રણ આપ્યું અને તે લોકો બહુ જ પ્રસન્નતાથી નિમંત્રણનો સ્વીકાર કરીને બ્રાહ્મણોની સાથે ત્યાં આવ્યા. પિતામહ ભીષ્મ, આચાર્ય દ્રોણ, પ્રજ્ઞાચક્ષુ ધૃતરાષ્ટ્ર, મહાત્મા વિદુર, કૃપાચાર્ય, દુર્યોધન વગેરે બધા કૌરવો, ગાંધાર દેશના રાજા સુબલ, શકુનિ, અચલ, વૃષક, કર્ણ, શલ્ય, બાહ્લીક, સોમદત્ત, ભૂરિ, ભૂરિશ્રવા, શલ, અશ્વત્થામા, જયદ્રથ, દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્ન, શાલ્વ, ભગદત્ત, પર્વતીય પ્રદેશોના રાજાઓ, બૃહદ્બલ, પૌણ્ડ્રક, વાસુદેવ, કુન્તિભોજ, કલિંગાધિપતિ, વઙ્ગ, આકર્ષ, કુન્તલ, માલવ, આંધ્ર, દ્રવિડ, સિંહલ, કાશ્મીર વગેરે દેશોના રાજાઓ, ગૌરવાહન, બાહ્લીક. દેશના રાજા, વિરાટ અને તેમના પુત્ર, માવેલ્લ, શિશુપાલ અને તેના પુત્રો – બધા જ યજ્ઞભૂમિમાં આવ્યા. બધા અમૂલ્ય ભેટો લઈ લઈને આવ્યા હતા. બળરામ, અનિરુદ્ધ, કઙ્ક, સારણ, ગદ, પ્રદ્યુમ્ન, સામ્બ, ચારુદેષ્ણ, ઉલ્મુક વગેરે સઘળા યાદવમહારથી પણ આવ્યા. ધર્મરાજાની આજ્ઞાથી બધા આવેલા રાજાઓને સત્કાર સાથે અલગ-અલગ સ્થાનોમાં નિવાસ આપવામાં આવ્યો. તેમના માટે જે સ્થાન બનાવવામાં આવ્યાં હતાં, તેમાં ખાવા-પીવાની બધી જ સામગ્રી, પાણીનાં કુંડો (વાવડીઓ) અને લીલાં-લીલાં મનોહર વૃક્ષો હતાં. સ્વાગત-સત્કાર પછી બધા લોકો પોતપોતાનાં નિવાસસ્થાનોમાં રોકાયા.

ધર્મરાજ યુધિષ્ઠિરે ભીષ્મપિતામહ અને ગુરુ દ્રોણાચાર્યના ચરણોમાં પ્રણામ કરીને પ્રાર્થના કરી – 'તમે લોકો આ યજ્ઞમાં મારી સહાયતા કરવાની કૃપા કરો. આ વિશાળ ધનભંડારને પોતાનો જ

સમજો અને એ રીતે કાર્ય કરો, જેથી મારો મનોરથ સફળ થાય. યજ્ઞદીક્ષિત ધર્મરાજે તે લોકોની સંમતિથી બધાને એક-એક કામ સોંપી દીધું. દુઃશાસનને ભોજનને લગતા પદાર્થોની દેખરેખમાં, અશ્વત્થામાને બ્રાહ્મણોની સેવા-શુશ્રૂષામાં અને સંજયને રાજાઓના સ્વાગત-સત્કારમાં નિયુક્ત કરવામાં આવ્યા. ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય બધાં કાર્યોનું અને કર્મચારીઓનું નિરીક્ષણ કરવા લાગ્યા. કૃપાચાર્ય સોનું-ચાંદી અને રત્નોની દેખરેખ અને દક્ષિણા આપવાના કાર્યમાં નિયુક્ત થયા. બાહ્લીક, ધૃતરાષ્ટ્ર, સોમદત્ત અને જયદ્રથ ઘરના માલિકની જેમ રહ્યા. ધર્મના મર્મજ્ઞ મહાત્મા વિદુર ખર્ચના કામમાં અને દુર્યોધન ભેટમાં આવેલી વસ્તુઓની સંભાળના કાર્યમાં લાગ્યા. ભગવાન શ્રીકૃષ્ણે બ્રાહ્મણોના ચરણ પખાળવાનું કામ સ્વયં પોતાને જુમ્મે રાખ્યું. આ પ્રમાણે બધી પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ પોતપોતાના જુમ્મે કોઈ ને કોઈ સેવાનો ભાર લઈ લીધો.

જનમેજય! ધર્મરાજ યુધિષ્ઠિરનાં દર્શન કરીને કૃતકૃત્ય થવા માટે ત્યાં જેટલા લોકો આવ્યા હતા તેમનામાંથી કોઈએ હજાર મુદ્રાથી ઓછી ભેટ ન આપી. બધા ઇચ્છતા હતા કે મારા જ ધનથી યજ્ઞ સંપન્ન થઈ જાય. સેનાનો વ્યૂહ, અદ્ભુત વિમાનોની હારમાળા, રત્નોનો ભંડાર, લોકપાલોનાં વિમાનો, બ્રાહ્મણોનાં સ્થાન અને રાજાઓની ભીડથી યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞની શોભા ઘણી જ વધી ગઈ. ધર્મરાજ યુધિષ્ઠિરનું ઐશ્વર્ય લોકપાલ વરુણની બરાબરીનું હતું. તેમણે યજ્ઞમાં છ અગ્નિઓની સ્થાપના કરીને પૂરેપૂરી દક્ષિણા આપીને યજ્ઞ દ્વારા ભગવાનનું યજન કર્યું. અતિથિ, અભ્યાગતોને મોંમાગી વસ્તુઓ આપીને સંતુષ્ટ કર્યા. બધાના ખાધા-પીધા પછી પણ ઘણું બધું અન્ન બચ્યું. તે ઉત્સવ-સમારંભમાં જ્યાં જુઓ ત્યાં હીરા, મોતીની ભેટોની કતારો લાગી હતી. મહર્ષિઓ અને મંત્ર-કુશળ બ્રાહ્મણોએ ઉત્તમ રીતે ઘી, તલ, શાકલ્ય વગેરેની આહુતિ આપીને દેવતાઓને તૃપ્ત કરી દીધા. દક્ષિણામાં ઘણું ધન પ્રાપ્ત કરીને બ્રાહ્મણો પણ સંતુષ્ટ થઈ ગયા. જનમેજય! ક્યાં સુધી કહું, એટલું જ કહું છું કે તે યજ્ઞથી બધા તૃપ્ત થઈ ગયા.

—★—

## ભગવાન શ્રીકૃષ્ણની અગ્રપૂજા

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! યજ્ઞના અંતે અભિષેકના દિવસે સત્કારને યોગ્ય મહર્ષિ અને બ્રાહ્મણોએ યજ્ઞશાળાની અંતર્વેદીમાં પ્રવેશ કર્યો. નારદ વગેરે મહાત્માઓ રાજર્ષિઓની સાથે ખૂબ જ શોભી રહ્યા હતા. તે અંતર્વેદી એવી લાગતી હતી કે જાણે તારાઓથી ભરેલું નભમંડળ જ હોય. તે સમયે ત્યાં ન કોઈ શૂદ્ર હતો અને ન કોઈ દીક્ષા વિનાનો બ્રાહ્મણ પણ. ધર્મરાજાની રાજ્યલક્ષ્મી અને યજ્ઞવિધિ જોઈને દેવર્ષિ નારદજીને ઘણી જ પ્રસન્નતા થઈ. ક્ષત્રિયોનો સમૂહ જોઈને તેમને પહેલાં જ તે ઘટના યાદ આવી ગઈ, જે ભગવાનના અવતાર સંબંધે બ્રહ્મલોકમાં થઈ હતી. તેમને રાજાઓનો સમાગમ એવો લાગવા માંડ્યો કે આ રાજાઓના રૂપમાં દેવતાઓ જ એકત્ર થયા છે. હવે તેમણે મનમાં ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું. દેવર્ષિ નારદ વિચારવા લાગ્યા – 'ધન્ય છે! સર્વવ્યાપક, અસુરવિનાશક અંતર્યામી ભગવાન નારાયણે પોતાની પ્રતિજ્ઞા પૂરી કરવા માટે ક્ષત્રિયોમાં અવતાર ગ્રહણ કર્યો છે. જેમણે પ્રથમ દેવતાઓને એવી આજ્ઞા આપી હતી કે તમે લોકો

પૃથ્વી પર અવતાર લઈને સંહાર-કાર્ય પૂરું કરો અને પછી પોતાના લોકમાં પાછા આવી જાઓ, તે જ કલ્યાણકારી જગન્નાથ ભગવાન શ્રીકૃષ્ણ યદુવંશમાં ઉત્પન્ન થયા છે. દેવરાજ ઇન્દ્ર વગેરે બધા મહાપુરુષો જેમના બાહુબળની ઉપાસના કરે છે, તે જ પ્રભુ અહીં મનુષ્યની જેમ બેઠા છે. સ્વયંપ્રકાશ મહાવિષ્ણુ આ બળશાળી ક્ષત્રિયવંશને ફરીથી અવશ્ય ગળી જશે. ભગવાન શ્રીકૃષ્ણ જ સમસ્ત યજ્ઞો દ્વારા આરાધ્ય, સર્વશક્તિમાન અને અંતર્યામી છે.' આ પ્રકારના વિચારમાં દેવર્ષિ નારદ ડૂબી ગયા. તે જ સમયે મહાત્મા ભીષ્મે ધર્મરાજ યુધિષ્ઠિરને કહ્યું – 'રાજન્! હવે તમે અહીં પધારેલા બધા રાજાઓનું યથાયોગ્ય સ્વાગત કરો. આચાર્ય, ઋત્વિજ, સંબંધી, સ્નાતક, રાજા અને પ્રિય વ્યક્તિ – જો તેઓ એક વર્ષમાં પોતાને ઘેર આવે તો તેમની વિશેષ-પૂજા અને અર્ધ્યદાન કરવું જોઈએ. આ બધા લોકો આપણે ત્યાં ઘણા સમય પછી આવ્યા છે; તેથી તમે બધાની અલગ-અલગ પૂજા કરો અને એમનામાં જે સર્વશ્રેષ્ઠ હોય, તેમની સર્વપ્રથમ પૂજા કરો.' ધર્મરાજે પૂછ્યું – 'પિતામહ! કૃપા કરીને જણાવો કે આ આવેલા બધા સજ્જનોમાં અમે સર્વપ્રથમ કોની પૂજા કરીએ? તમે કોને સર્વશ્રેષ્ઠ અને પૂજા માટે યોગ્ય સમજો છો?' શાંતનુનંદન ભીષ્મે કહ્યું, 'ધર્મરાજ! પૃથ્વીમાં યદુવંશશિરોમણિ ભગવાન શ્રીકૃષ્ણ જ બધાથી ચઢિયાતા પૂજાપાત્ર છે. શું તમે જોતા નથી કે ઉપસ્થિત સદસ્યોમાં ભગવાન શ્રીકૃષ્ણ પોતાના તેજ, બળ અને પરાક્રમથી તેવા જ દેદીપ્યમાન થઈ રહ્યા છે, જેમ નાના-નાના તારાઓમાં ભુવન-ભાસ્કર ભગવાન સૂર્ય. જેમ અંધકારમય સ્થાન સૂર્યના શુભાગમનથી અને વાયુહીન સ્થાન વાયુના સંચારથી જીવન-જ્યોતિથી ઝગમગી ઊઠે છે, તે જ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા આપણી સભા આહ્લાદિત અને પ્રકાશિત થઈ રહી છે.' ભીષ્મની આજ્ઞા મળતાં જ પ્રતાપી સહદેવે વિધિપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણને અર્ધ્યદાન આપ્યું અને શ્રીકૃષ્ણે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર તેનો સ્વીકાર કર્યો. ચારે બાજુ આનંદ મનાવવામાં આવ્યો.'

—★—

## શિશુપાલનો ક્રોધ, યુધિષ્ઠિરનું સમજાવવું અને ભીષ્મ વગેરેનું વિવેચન

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! ચેદિરાજ શિશુપાલ ભગવાન શ્રીકૃષ્ણની અગ્રપૂજા જોઈને ચિડાઈ ગયો. તેણે ભરી સભામાં ભીષ્મપિતામહ અને ધર્મરાજ યુધિષ્ઠિરને ધિક્કારતાં શ્રીકૃષ્ણની ઝાટકણી કાઢવી શરૂ કરી. તેણે કહ્યું – 'મોટા-મોટા મહાત્માઓ અને રાજર્ષિઓ ઉપસ્થિત હોવા છતાં રાજાતુલ્ય રાજોચિત પૂજાને પાત્ર કૃષ્ણ થઈ શકતો નથી. મહાત્મા પાંડવોએ કૃષ્ણની પૂજા કરીને પોતાને અનુરૂપ કામ કર્યું નથી. પાંડવો! હજી તમે બાળક છો, તમને સૂક્ષ્મ ધર્મનું જ્ઞાન નથી. ભીષ્મપિતામહની પણ સાઠે બુદ્ધિ નાઠી છે. હવે તેમની દૃષ્ટિ દીર્ઘદર્શિની રહી નથી. ભીષ્મ! તમારા જેવા ધર્માત્મા પુરુષ પણ જ્યારે મનમાની કરે છે ત્યારે જગતમાં અપમાનિત થાય છે. કૃષ્ણ રાજા નથી. પછી તે રાજાઓમાં સન્માનને પાત્ર કઈ રીતે થઈ શકે? તે ઉંમરમાં પણ બધાથી વૃદ્ધ નથી. તેના પિતા વસુદેવ હજી જીવે છે. જો આને પોતાનો સાચો હિતૈષી અને અનુકૂળ સમજીને તમે લોકોએ તેની પૂજા કરી હોય તો શું એ દ્રુપદથી વધીને છે? જો તમે લોકો કૃષ્ણને આચાર્ય માનતા હો તો પણ દ્રોણાચાર્યની હાજરીમાં આની પૂજા બધી રીતે અનુચિત છે.

ઋત્વિજની દૃષ્ટિએ પણ બધાથી પ્રથમ વિદ્યા-વયોવૃદ્ધ ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયનની જ પૂજા થવી જોઈતી હતી. યુધિષ્ઠિર! ઇચ્છામૃત્યુને વરેલા પુરુષશ્રેષ્ઠ ભીષ્મપિતામહની ઉપસ્થિતિમાં તમે કૃષ્ણનું પૂજન કઈ રીતે કર્યું? શાસ્ત્રોના પારદર્શી વીર અશ્વત્થામાની આગળ કૃષ્ણની પૂજા ભલા, કઈ દૃષ્ટિએ યોગ્ય હોઈ શકે? પાંડવો! રાજાધિરાજ દુર્યોધન, ભરતવંશના આચાર્ય મહાત્મા કૃપાચાર્ય, કિમ્પુરુષોના આચાર્ય દ્રુમ તથા પાંડુતુલ્ય માનનીય સર્વગુણસંપન્ન ભીષ્મકને છોડીને, તેમની હાજરીમાં તમે કૃષ્ણની પૂજા જેવો અનર્થ કઈ રીતે કરી નાખ્યો? આ કૃષ્ણ નથી તો ઋત્વિજ, ન રાજા છે અને ન તો આચાર્ય છે. પછી તમે કઈ કામનાથી તેની પૂજા કરી છે? જો તમારે કૃષ્ણની જ અગ્રપૂજા કરવી હતી તો આ રાજાઓને તથા અમને બોલાવીને અમારું અપમાન તો નહોતું કરવું! અમે લોકો ભય, લોભ વગેરેને કારણે તમને કર નથી આપતા. અમે તો એવું સમજતા હતા કે આ સીધોસાદો ધર્માત્મા મનુષ્ય છે, આ સમ્રાટ થઈ જાય તો સારું જ છે. તમે તો આ ગુણહીન કૃષ્ણની પૂજા કરીને અમારા લોકોનો તિરસ્કાર કરી રહ્યા છો. તમે એકાએક જ ધર્માત્મા તરીકે પ્રસિદ્ધ થઈ ગયા. ત્યારે તો તમે આ ધર્મચ્યુતની પૂજા કરીને પોતાની બુદ્ધિનું દેવાળું કાઢ્યું છે.'

શિશુપાલે ભગવાન શ્રીકૃષ્ણ તરફ મોઢું કરીને કહ્યું – 'કૃષ્ણ! હું માનું છું કે પાંડવો બિચારા બીકણ અને તપસ્વી છે. તેમને આ બાબતનું પૂરેપૂરું જ્ઞાન ન હતું તો તમારે તો કહી દેવું જોઈતું હતું કે તમે કઈ પૂજાના અધિકારી છો. જો કાયરતા અને મૂર્ખતાવશ આમણે તમારી પૂજા કરી પણ નાખી તો તમે અયોગ્ય હોવા છતાં તેનો સ્વીકાર કેમ કર્યો? જેમ કૂતરું છુપાતું-લપાતું થોડું ઘી ચાટી જાય અને પોતાને ધન્ય-ધન્ય માનવા લાગે, તે જ પ્રમાણે તમે આ અયોગ્ય પૂજા સ્વીકારીને પોતાને મહાન માની રહ્યા છો? તમારી આ અનુચિત પૂજાથી અમારા રાજાઓનું કોઈ અપમાન થતું નથી. આ પાંડવો તો સ્પષ્ટરૂપે તમારો જ તિરસ્કાર કરી રહ્યા છે. નપુંસકનાં લગ્ન કરવાં, આંધળાને રૂપ દેખાડવું, રાજ્યહીનને રાજાઓમાં બેસાડી દેવા જે રીતે અપમાન છે, તે જ પ્રમાણે તમારી આ પૂજા પણ. અમે યુધિષ્ઠિર, ભીષ્મ અને તમને જોઈ લીધા. તમે બધા એક-એકથી વધીને છો.' આમ કહીને શિશુપાલ પોતાના આસન પરથી ઊભો થઈ ગયો અને થોડા રાજાઓને સાથે લઈને ત્યાંથી જવા માટે તૈયાર થઈ ગયો.

**ધર્મરાજ યુધિષ્ઠિરે** તરત જ શિશુપાલ પાસે જઈને **મધુર વાણીમાં સમજાવીને કહ્યું** – 'રાજન્! તમારું કહેવું યોગ્ય નથી. કડવી વાત કહેવી નિરર્થક તો છે જ, અધર્મ પણ છે. અમારા પિતામહ ભીષ્મ ધર્મનું રહસ્ય ન જાણતા હોય, એવું નથી. તમે વ્યર્થ તેમનો તિરસ્કાર ન કરો. જુઓ, અહીં તમારાથી પણ વિદ્યાવયોવૃદ્ધ ઘણા રાજાઓ ઉપસ્થિત છે. તેમને ભગવાન શ્રીકૃષ્ણની પૂજા અનુચિત નથી લાગી. તમારે પણ તેમની જેમ આ સંબંધમાં કશું કહેવું ન જોઈએ. ચેદિરાજ! પિતામહ ભીષ્મ જ ભગવાન શ્રીકૃષ્ણના વાસ્તવિક સ્વરૂપને જાણે છે. શ્રીકૃષ્ણના સંબંધમાં તેમના જેવું તત્ત્વજ્ઞાન તમને નથી.' યુધિષ્ઠિર આ પ્રમાણે કહી જ રહ્યા હતા કે ભીષ્મપિતામહે તેમને સંબોધિત કરીને કહ્યું – 'ધર્મરાજ! ભગવાન શ્રીકૃષ્ણ ત્રિલોકમાં સર્વશ્રેષ્ઠ છે. જે તેમની પૂજાનો સ્વીકાર નથી કરતો તેની સાથે કાલાવાલા-વિનવણી કરવી અનુચિત છે. ક્ષત્રિય ધર્મ પ્રમાણે જે જેને જીતી લે છે, તે તેનાથી શ્રેષ્ઠ માનવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણે આ રાજાઓમાંથી કોના પર વિજય પ્રાપ્ત નથી કર્યો? એકનું નામ તો જણાવો.

તેઓ માત્ર અમારા જ પૂજ્ય છે એવી વાત નથી, સંપૂર્ણ જગત તેમની ઉપાસના કરે છે. તેમણે બધા પર વિજય પ્રાપ્ત કર્યો છે, એટલું જ નહિ, સંપૂર્ણ જગત સર્વાત્મન્ એવા શ્રીકૃષ્ણના આધારે જ સ્થિત છે. હું માનું છું કે અહીં ઘણાબધા ગુરુજનો અને પૂજનીય વ્યક્તિઓ ઉપસ્થિત છે. છતાં પણ ઉપર કહેલા કારણથી અમે ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરી રહ્યા છીએ. ભગવાન શ્રીકૃષ્ણની પૂજાનો નિષેધ કરવાનો અધિકાર કોઈને પણ નથી. મેં મારા દીર્ઘ જીવનમાં મોટા-મોટા જ્ઞાનીઓનો સત્સંગ કર્યો છે અને તેમના મુખે બધા ગુણોના આશ્રય ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય ગુણોનું વર્ણન સાંભળ્યું છે. અહીં આવેલા શ્રેષ્ઠ પુરુષોની રાય પણ મેં જાણી લીધી છે. એમણે પોતાના જન્મથી અત્યાર સુધી જેટલાં કર્મ કર્યાં છે તે બધાનું મેં શ્રેષ્ઠ પુરુષો પાસેથી શ્રવણ કર્યું છે. શિશુપાલ! અમે લોકો માત્ર સ્વાર્થવશ, સંબંધના કારણે અથવા ઉપકારી હોવાથી જ ભગવાન શ્રીકૃષ્ણની પૂજા નથી કરતા; અમારે પૂજા કરવાનું કારણ તો એ છે કે ભગવાન શ્રીકૃષ્ણ જગતનાં સઘળાં પ્રાણીઓ માટે સુખકારી છે અને સઘળા શ્રેષ્ઠ પુરુષો તેમની પૂજા કરે છે. અહીં જેટલા લોકો છે, તે બધાની, નાનાં-નાનાં બાળકોની પણ, પરીક્ષા અમે લઈ લીધી છે. યશ, શૂરવીરતા અને વિજયમાં ભગવાન શ્રીકૃષ્ણની તુલનામાં બીજો કોઈ નથી. દાન, કૌશલ, શાસ્ત્રજ્ઞાન, શૂરતા, સંકોચ, કીર્તિ, બુદ્ધિ, વિનય, લક્ષ્મી, ધૈર્ય, તુષ્ટિ અને પુષ્ટિ – બધા જ ગુણ ભગવાન શ્રીકૃષ્ણમાં નિત્ય-નિરંતર નિવાસ કરે છે. પરમજ્ઞાની શ્રીકૃષ્ણ અમારા આચાર્ય, પિતા અને ગુરુ છે. બધા લોકોએ આમાં હાર્દિક સહયોગ આપવો જોઈતો હતો. તેઓ અમારા ઋત્વિજ, ગુરુ, વિવાહ્ય, સ્નાતક, રાજા, પ્રિય, મિત્ર બધું જ છે. તેથી અમે તેમની અગ્રપૂજા કરી છે. ભગવાન શ્રીકૃષ્ણ જ સંપૂર્ણ વિશ્વની ઉત્પત્તિ અને પ્રલયનાં સ્થાન છે. તેમની ક્રીડા માટે જ આખું જડ-ચેતન જગત છે. તેઓ જ અવ્યક્ત પ્રકૃતિ છે અને તેઓ જ સનાતન કર્તા છે. જન્મનાર-મરનાર સમસ્ત પદાર્થોથી તેઓ પર છે, તેથી બધાથી શ્રેષ્ઠ પૂજનીય છે. બુદ્ધિ, મન, મહત્તત્ત્વ, વાયુ, તેજ, જળ, આકાશ, પૃથ્વી અને ચારે પ્રકારનાં પ્રાણીઓ ભગવાન શ્રીકૃષ્ણના આધારે જ સ્થિત છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, દિશા, વિદિશા બધાં જ શ્રીકૃષ્ણમાં જ સ્થિત છે. જેમ વેદોમાં અગ્નિહોત્ર, છંદોમાં ગાયત્રી, મનુષ્યોમાં રાજા, નદીઓમાં સમુદ્ર, નક્ષત્રોમાં ચંદ્રમા, જ્યોતિશ્ચક્રમાં સૂર્ય, પર્વતોમાં મેરુ અને પક્ષીઓમાં ગરુડ શ્રેષ્ઠ છે, તે જ રીતે ત્રિલોકના ઊર્ધ્વ, મધ્યમ અને અધોલોકરૂપી ત્રિવિધ ગતિઓમાં ભગવાન શ્રીકૃષ્ણ જ સર્વશ્રેષ્ઠ છે. શિશુપાલ તો હજી આજકાલનો અબુધ બાળક છે. તેને એ વાતનું જ્ઞાન નથી કે ભગવાન શ્રીકૃષ્ણ સર્વદા સર્વત્ર બધાં રૂપોમાં વિદ્યમાન છે. એથી જ તે આવું કહી રહ્યો છે. જે સદાચારી અને બુદ્ધિમાન પુરુષો ધર્મનો મર્મ જાણવા ચાહે છે તેમને જેવું ધર્મનું તત્ત્વ-જ્ઞાન થાય છે, તેવું શિશુપાલને નથી. આને તો ક્યારેય સાચી જિજ્ઞાસા જ થઈ નથી. અહીં જેટલા નાના-મોટા રાજર્ષિઓ, મહર્ષિઓ ઉપસ્થિત છે, તેમનામાં કોણ એવું છે જે ભગવાન શ્રીકૃષ્ણને પૂજ્ય નથી માનતું અને તેમની પૂજા નથી કરતું? એક માત્ર શિશુપાલ આ પૂજાને અનુચિત સમજે છે. તો તે ભલેને સમજે, તેને ઠીક લાગે તેવું તે કરી શકે છે.'

ભીષ્મપિતામહ આટલું કહીને ચૂપ થઈ ગયા. હવે માદ્રીનંદન સહદેવે કહ્યું – 'ભગવાન શ્રીકૃષ્ણ પરમ પરાક્રમી છે. તેમની મેં પૂજા કરી છે. જેમને આ વાત સહન થતી નથી તેમના માથા પર હું લાત મારું છું. મારા આ પ્રમાણે કહ્યા બાદ જેને

વિરોધ કરવો હોય, તે બોલે. હું તેનો વધ કરીશ. બધા બુદ્ધિમાન અમારા આચાર્યો, પિતા, ગુરુ અને પૂજનીય ભગવાન શ્રીકૃષ્ણની પૂજાનું સમર્થન કરે.' સહદેવે આ પ્રમાણે મોટેથી કહીને જમીન પર લાત પટકી. પરંતુ તે માની અને બળવાન રાજાઓમાંથી કોઈની જીભ સુધ્ધાં હાલી નહિ. આકાશમાંથી સહદેવના મસ્તક પર પુષ્પોની વર્ષા થવા લાગી અને અદૃશ્યરૂપે 'સાધુ-સાધુ'નો ધ્વનિ સંભળાવા લાગ્યો. દેવર્ષિ નારદ પણ ત્યાં જ બેઠા હતા. તેમની સર્વજ્ઞતા જાણીતી છે. તેમણે બધાની સામે બહુ જ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'જે લોકો કમલનયન ભગવાન શ્રીકૃષ્ણની પૂજા નથી કરતા, તેઓ જીવતા હોવા છતાં મુડદા સમાન છે. તેમની સાથે ક્યારેય વાત પણ ન કરવી જોઈએ.' ત્યાર પછી સહદેવે બ્રાહ્મણો અને ક્ષત્રિયોની યથોચિત પૂજા કરી. આ પ્રમાણે પૂજાનું કાર્ય સમાપ્ત થયું.

ભગવાન શ્રીકૃષ્ણની પૂજાથી શિશુપાલ ક્રોધથી રાતોપીળો થઈ ગયો હતો. તેની આંખોમાં લોહી ઊભરાઈ રહ્યું હતું. તેણે રાજાઓને ઉદ્દેશીને કહ્યું કે, 'હું સેનાપતિ બનીને ઊભો છું. હવે તમે લોકો શી મથામણમાં પડ્યા છો? આવો, આપણે મંડી પડીએ તથા યાદવો અને પાંડવોની બંને સેના સાથે લડી લઈએ.' આ પ્રમાણે શિશુપાલ યજ્ઞમાં વિઘ્ન નાખવા માટે રાજાઓને ઉત્સાહિત કરીને તેમની સાથે ચર્ચા કરવા લાગ્યો. તે સમયે તે લોકો ક્રોધથી ધ્રુજી રહ્યા હતા, ચહેરા પર કરચલીઓ પડી ગઈ હતી. તેઓ એવું વિચારતા હતા કે શ્રીકૃષ્ણની પૂજા અને યુધિષ્ઠિરનો યજ્ઞાંત-અભિષેક ન થવા પામે.

ધર્મરાજ યુધિષ્ઠિરે જોયું કે, ઘણા બધા લોકો ખળભળેલા સાગરની જેમ ઊછળીને યુદ્ધ કરવા ચાહે છે. ત્યારે તેમણે ભીષ્મપિતામહ પાસે જઈને કહ્યું – 'પિતામહ! હવે મારે શું કરવું જોઈએ? તમે યજ્ઞની નિર્વિઘ્ન સમાપ્તિ અને પ્રજાના હિતનો ઉપાય બતાવો.' ભીષ્મપિતામહે કહ્યું, 'બેટા! ડરવાની કોઈ વાત નથી. શું કૂતરું ક્યારેય સિંહને મારી શકે છે? મેં પહેલાં જ તમારા કર્તવ્યનો નિશ્ચય કરી લીધો છે. જેમ સિંહના સૂઈ ગયા પછી કૂતરાં ભસે છે, તે જ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણના મૌન રહેવાથી આ બધા બૂમો પાડે છે. મૂર્ખ શિશુપાલ અજાણ્યે જ આ રાજાઓને યમસદન મોકલવા ચાહે છે. નિઃસંદેહ ભગવાન શ્રીકૃષ્ણ શિશુપાલનું તેજ ખેંચી લેવા ચાહે છે. તેઓ જેને ખેંચી લેવા ઇચ્છે છે તેની બુદ્ધિ આવી થઈ જાય છે. તેઓ સંપૂર્ણ જગતના મૂળ કારણ અને પ્રલય-સ્થાન છે. તમે નિશ્ચિંત રહો.'

ભીષ્મપિતામહની વાત શિશુપાલે પણ સાંભળી. તેણે ભીષ્મને ધમકાવતાં કહ્યું, 'ભીષ્મ! બધા રાજાઓને ધમકાવતાં તમને શરમ નથી આવતી? અરે! વૃદ્ધ થઈને પોતાના કુળને કલંકિત કેમ કરો છો? મૂર્ખ અને અભિમાની કૃષ્ણની પ્રશંસા કરતાં તમારી જીભના સો ટુકડા કેમ થઈ જતા નથી? મૂર્ખમાં મૂર્ખ પણ જેની નિંદા કરે છે તેવા ગોવાળની તમે પ્રશંસા કરી રહ્યા છો? જો આણે બાળપણમાં કોઈ પક્ષી (બકાસુર), ઘોડો (કેશી) અથવા બળદ (વૃષભાસુર)ને મારી નાખ્યો, તો શું થઈ ગયું? તે કોઈ યુદ્ધના નિપુણ તો હતા નહીં. જો આણે જડ ગાડાને (શકટાસુરને) પગ મારીને ઊલટાવી નાખ્યું તો શું ચમત્કાર થઈ ગયો? જો આણે ગોવર્ધન પર્વતને સાત દિવસ સુધી ઉઠાવી રાખ્યો તેમાં કઈ અલૌકિક ઘટના ઘટી ગઈ? અરે, તે તો માત્ર ઊધઈનું ઘર છે. ખરેખર અમને એ સાંભળીને આશ્ચર્ય થયું કે ખાઉધરો કૃષ્ણ ગોવર્ધન ઉપર ઘણું અન્ન ખાઈ ગયો! જે મહાબળવાન કંસનું લૂણ ખાઈને તે મોટો થયો તેને જ તેણે મારી નાખ્યો! છે ને કૃતઘ્નતાની હદ?

ધર્મજ્ઞાનીજી! ધર્મને અનુસાર તો સ્ત્રી, ગાયો, બ્રાહ્મણો અને જેનું અન્ન ખાધું હોય, જેના આશ્રયે રહ્યા હોઈએ, તેને મારવો ન જોઈએ. જેણે જન્મતાં જ સ્ત્રી (પૂતના)ને મારી નાખી, એને તમે જગત્પતિ કહો છો? બુદ્ધિની બલિહારી છે! અરે, તમારા કહેવાથી આ કૃષ્ણ પોતાને તેવો જ માનવા લાગશે. અરે ધર્મધ્વજી! તમે તમારા સ્વભાવની નીચતાને કારણે જ પાંડવોને આવા બનાવી દીધા છે. તમે ધર્મને બહાને જે જે દુષ્કર્મો કર્યાં છે, તે ક્યારેય કોઈ જ્ઞાની દ્વારા થઈ શકે ખરા? કાશીનરેશની કન્યા અંબા શાલ્વને પોતાનો પતિ બનાવવા ચાહતી હતી, પરંતુ તમે તેને બળપૂર્વક હરી લાવ્યા. આ કયો ધર્મ છે તમારો? તમારું બ્રહ્મચર્ય વ્યર્થ છે. તમે નપુંસકતા અથવા મૂર્ખતાવશ આ હઠ પકડી રાખી છે. અત્યાર સુધી તમે કઈ ઉન્નતિ પ્રાપ્ત કરી? હા, ધર્મની વાતો તો ઘણી કરો છો! બધા લોકો જરાસંધનો આદર કરતા હતા. તેમણે કૃષ્ણને દાસ સમજીને જ તેનો વધ ન કર્યો. તેમની હત્યા કરવામાં આ કૃષ્ણે ભીમસેન અને અર્જુન સાથે મળીને જે કૃત્ય કર્યું, તેને વાજબી કોણ કહેશે? આશ્ચર્ય તો એ છે કે તમારી વાતોમાં આવીને પાંડવો પણ કર્તવ્યચ્યુત થઈ રહ્યા છે. કેમ ન થાય, તમારા જેવા નપુંસક, પુરુષાર્થહીન અને વૃદ્ધ જ્યારે સંમતિ આપનારા હોય, ત્યારે તો આવું થવું જ જોઈએ.'

શિશુપાલની નીરસ અને કઠોર વાતો સાંભળીને પ્રતાપી ભીમસેન રાતાપીળા થઈ ગયા. બધાએ જોયું કે ભીમસેન પ્રલયકાળના કાળની જેમ દાંત પીસી રહ્યા છે. તેઓ ક્રોધાવેશમાં આવીને શિશુપાલ પર તૂટી જ પડવાના હતા ત્યાં જ મહાબાહુ ભીષ્મે તેમને રોકી લીધા. આટલું બધું થવા છતાં શિશુપાલ ટસનોમસ ન થયો, તે તો ગર્જના કરતો જ રહ્યો. તેણે હસીને કહ્યું – 'ભીષ્મ! છોડી દો, છોડી દો એને. હમણાં જ લોકો જોશે કે તે મારા ક્રોધના અગ્નિમાં પતંગિયાની જેમ બળીને ભસ્મ થઈ રહ્યો છે.' ભીષ્મપિતામહે શિશુપાલની વાત પર કોઈ ધ્યાન ન આપ્યું. તેઓ ભીમસેનને સમજાવવા લાગ્યા.

—★—

## શિશુપાલની જન્મ-કથા અને વધ

**ભીષ્મપિતામહે કહ્યું** – ભીમસેન! આ શિશુપાલ જ્યારે ચેદિરાજના વંશમાં પેદા થયો, ત્યારે તેને ત્રણ નેત્રો હતાં અને ચાર ભુજાઓ હતી. જન્મતાં જ તે ગધેડાની જેમ ભૂંકવા- બરાડવા લાગ્યો હતો. સગાં-સંબંધીઓ તેની આવી સ્થિતિ જોઈને ડરી ગયા અને તેનો ત્યાગ કરવાનું વિચારવા લાગ્યા. માતા-પિતા, મંત્રી બધાંનો એક વિચાર જોઈને આકાશવાણી થઈ – 'રાજન્! તમારો આ પુત્ર મોટો શ્રીમાન અને બળવાન થશે. આનાથી ડરશો નહિ, નિશ્ચિંત થઈને આનું પાલન કરો.' માતા આ સાંભળીને પ્રેમમાં ભીંજાઈ ગઈ. તેણે હાથ જોડીને કહ્યું – 'જેણે મારા પુત્ર વિશે આ ભવિષ્યવાણી કરી છે, તે ગમે તે હોય – સ્વયં ભગવાન, દેવતા અથવા અન્ય – હું તેને પ્રણામ કરું છું અને તેની પાસેથી વધુમાં એ જાણવા ઇચ્છું છું કે મારા પુત્રનું મૃત્યુ કોના હાથે થશે.' આકાશવાણીએ ફરીથી કહ્યું – 'જેના ખોળામાં જવાથી તમારા પુત્રની વધારાની બે ભુજાઓ ખરી પડે અને જેને જોવામાત્રથી તેની ત્રીજી આંખ લુપ્ત થઈ જાય, તેના જ હાથે આનું મૃત્યુ થશે.' તે સમયે આ વિચિત્ર બાળકના સમાચાર સાંભળીને પૃથ્વીના મોટાભાગના રાજાઓ આને જોવા માટે

આવ્યા હતા. ચેદિરાજે બધાનો યથોચિત સત્કાર કરીને બાળક શિશુપાલને બધાના ખોળામાં મૂક્યો, પરંતુ ન વધારાની ભુજાઓ પડી કે ન તો ત્રીજું નેત્ર લુપ્ત થયું.

ભગવાન શ્રીકૃષ્ણ અને મહાબળી બળરામ પણ પોતાનાં ફોઈને મળવા અને બાળકને જોવા માટે ચેદિપુરમાં આવ્યા. પ્રણામ, આશીર્વાદ અને કુશળ-મંગળ પછી સ્વાગત–સત્કાર થયો. ત્યાર પછી ફોઈએ પોતાના ભત્રીજા શ્રીકૃષ્ણના ખોળામાં પ્રેમથી પોતાના બાળકને મૂકી દીધો. તે જ સમયે તેની વધારાની બે ભુજાઓ પડી ગઈ અને ત્રીજું નેત્ર અદૃશ્ય થઈ ગયું. શિશુપાલની મા વ્યાકુળ અને ભયભીત થઈને શ્રીકૃષ્ણને કહેવા લાગી – 'શ્રીકૃષ્ણ! હું તમારાથી ડરી ગઈ છું. તમે આર્તોને આશ્વાસન અને ભયભીતને અભય આપો છો. તેથી મને આ વરદાન આપો. તમે મારી સામું જોઈને શિશુપાલના બધા અપરાધ ક્ષમા કરી દેજો. બસ, હું માત્ર આટલું જ વરદાન માંગું છું.' શ્રીકૃષ્ણે કહ્યું – 'ફોઈબા! તમે શોક ન કરો. હું તમારા પુત્રના આવા સો અપરાધોને પણ ક્ષમા કરી દઈશ, જેના બદલામાં આને મારી નાખવો જોઈએ.' ભીમસેન! આના જ કારણે કુળકલંક શિશુપાલે આજે ભરી સભામાં મારો તિરસ્કાર કર્યો છે! ભલા, બીજા કયા રાજાની આવી હિંમત છે, જે આ પ્રમાણે મારું અપમાન કરી શકે? આ કુળ-કલંક હવે કાળના મુખમાં છે. અત્યારે આ મૂર્ખ આપણને કશું ન સમજીને સિંહની જેમ ત્રાડ પાડી રહ્યો છે, પરંતુ તેને ખબર નથી કે થોડી જ ક્ષણોમાં શ્રીકૃષ્ણ પોતાના આ તેજને હરી લેવા ચાહે છે.'

ભીષ્મની વાત શિશુપાલ સહી ન શક્યો. તે ક્રોધથી બળીને કહેવા લાગ્યો – 'ભીષ્મ! તમે ભાટની જેમ જેના વારંવાર ગુણગાન ગાઓ છો, તે કૃષ્ણ શા માટે મારા પર તેનો પ્રભાવ નથી દેખાડતો? અમે તો નિશ્ચયપણે તેનો દ્વેષ કરીએ છીએ. જો તમારી આદત જ પ્રશંસા કરવાની છે, તો બીજા કોઈની પ્રશંસા કેમ નથી કરતા? દરદરાજ બાહ્લીકની સ્તુતિ કરો, જેના જન્મતાં જ પૃથ્વી ધ્રૂજી ઊઠી હતી. અઙ્ગ-બઙ્ગાધિપતિ, કર્ણ, મહારથી દ્રોણ અને અશ્વત્થામા – આમની પેટ ભરીને સ્તુતિ કરો. શું તમને પ્રશંસા કરવા માટે બીજું કોઈ દેખાતું જ નથી? તમે તમારા મનથી જ ભોજપતિ કંસના ગોવાળ એવા દુરાત્મા કૃષ્ણને જ બધું માનીને વાતોનાં વડાં કરી રહ્યા છો? વાસ્તવમાં આ રાજાઓની દયાથી જ તમે જીવી રહ્યા છો. આ લોકો ધારે તો અત્યારે જ તમારા પ્રાણ લઈ લે. ખરેખર તમે ઘણા જ ખોટા છો.' ભીષ્મપિતામહે કહ્યું, 'શિશુપાલ! તું કહે છે કે હું રાજાઓની દયાથી જીવું છું, પરંતુ હું આ રાજાઓને તણખલા બરાબર પણ ગણતો નથી. અમે જે શ્રીકૃષ્ણની પૂજા કરી છે, તે બધાની સામે જ બેઠા છે. જે મરવા માટે અધીરા થઈ રહ્યા હોય, તે ચક્ર-ગદાધારી શ્રીકૃષ્ણને યુદ્ધ માટે પડકારતા કેમ નથી? હું દૃઢતાપૂર્વક કહું છું કે તેમને પડકારનાર રણભૂમિમાં ધરાશાયી થશે અને તેને તેમનાં જ શરીરમાં સ્થાન મળશે.' શિશુપાલ જોરમાં આવીને શ્રીકૃષ્ણ તરફ મોં કરીને બોલ્યો – 'કૃષ્ણ! હું તમને પડકારું છું. આવો મારી સાથે યુદ્ધ કરો.' હું પાંડવો સહિત તમને યમપુરી મોકલી દઉં. પાંડવોએ મૂર્ખતાવશ તમારા જેવા દાસ, મૂર્ખ અને અયોગ્યની પૂજા કરી છે. હવે તમારા લોકોનો વધ કરવો એ જ યોગ્ય છે.'

શિશુપાલની વાત સમાપ્ત થયા પછી **ભગવાન શ્રીકૃષ્ણે** અત્યંત ગંભીરતાથી **મધુર શબ્દોમાં કહ્યું** – 'રાજાઓ! આ અમારો સંબંધી છે. છતાં અમારી સાથે ખૂબ શત્રુતા રાખે છે. આણે

અમારા યદુવંશીઓનું સત્યાનાશ કરવામાં કોઈ કસર છોડી નથી. આ દુરાત્માએ મારા પ્રાગ્જ્યોતિષપુર ગયા પછી વિના કોઈ અપરાધે દ્વારકાપુરી બાળી નાખવાની ચેષ્ટા કરી. જે સમયે ભોજરાજ રૈવતક પર્વત પર વિહાર કરવા માટે ગયેલા હતા, તેણે તેમના બધા સાથીઓને મારી નાખ્યા અથવા બાંધીને પોતાની રાજધાનીમાં લઈ ગયો. જ્યારે મારા પિતા અશ્વમેધ કરી રહ્યા હતા, ત્યારે આ પાપાત્માએ તેમાં વિઘ્ન નાખવા માટે યજ્ઞના અશ્વને પકડી લીધો હતો. યદુવંશી તપસ્વી બભ્રુની પત્ની જ્યારે સૌવીરદેશ જઈ રહી હતી, ત્યારે આ તેને જોઈને મોહિત થઈ ગયો અને બળપૂર્વક હરી લઈ ગયો. આના મામાની દીકરી ભદ્રા કરૂષરાજ માટે તપ કરી રહી હતી, પરંતુ આણે કપટથી રૂપ બદલીને તેનું હરણ કરી લીધું. આ બધું જોઈ-સાંભળીને મને બહુ દુઃખ થતું હતું, પરંતુ મારાં ફોઈબાની વાત માનીને હું અત્યાર સુધી સહન કરતો રહ્યો. આજે આ દુષ્ટ તમારા બધાની સામે જ ઉપસ્થિત છે. અહીં આણે ભરી સભામાં મારા પ્રત્યે જેવો વ્યવહાર કર્યો છે, તે તમે બધા જોઈ જ રહ્યા છો. આનાથી તમે લોકો સમજી શકો છો કે તમારા લોકોની અનુપસ્થિતિમાં આણે શું કર્યું હશે. આજે આણે આ આદરણીય રાજસમાજની વચ્ચે અભિમાનવશ જે દુર્વ્યવહાર કર્યો છે, તેને હું કદાપિ સહી શકું એમ નથી.'

ભગવાન શ્રીકૃષ્ણ આ પ્રમાણે કહી જ રહ્યા હતા કે શિશુપાલ ઊભો થઈ ગયો અને ખડ-ખડાટ હસવા લાગ્યો. તેણે કહ્યું, 'કૃષ્ણ! જો તારે સો વાર ગરજ હોય તો મારી વાત સાંભળ અને સહી લે. ગરજ ન હોય તો તારાથી થાય તે કરી લે. તારા ક્રોધ કે પ્રસન્નતાથી મારી ન તો કોઈ હાનિ છે કે ન લાભ.' જે સમયે શિશુપાલ આ પ્રમાણે કહી રહ્યો હતો, તે જ સમયે ભગવાન શ્રીકૃષ્ણે ચક્રનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં જ ચક્ર તેમના હાથમાં ચમકવા લાગ્યું. ભગવાન શ્રીકૃષ્ણે ઊંચા અવાજે કહ્યું – 'રાજાઓ! મેં આને અત્યાર સુધી જે ક્ષમા કર્યો હતો, એનું કારણ એ હતું કે મેં આની માતાની વિનંતીથી આના સો અપરાધ ક્ષમા કરવાની વાત સ્વીકારી લીધી હતી. હવે મારા વચન અનુસાર તેના અપરાધોની સંખ્યા પૂરી થઈ ગઈ છે. તેથી તમારી સામે જ આનું મસ્તક ધડથી અલગ કરી નાખું છું.' ભગવાન શ્રીકૃષ્ણે આમ કહીને તરત જ તે જ ચક્રથી શિશુપાલનું માથું કાપી નાખ્યું અને બધા લોકોના દેખતાં-દેખતાં તે વજ્રથી છેદાયેલા પર્વતની જેમ ધરાશાયી થઈ ગયો. તે સમયે રાજાઓએ જોયું કે શિશુપાલના શરીરમાંથી સૂર્યના જેવી એક પ્રકાશમાન્ જ્યોતિ નીકળી. તેણે જગદ્વન્દ્ય કમળલોચન ભગવાન શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને લોકોના દેખતાં-દેખતાં જ તે તેમનામાં સમાઈ ગઈ. તે અદ્ભુત ઘટના જોઈને ઉપસ્થિત પ્રજા આશ્ચર્યચકિત થઈ ગઈ. બધા જ એકસ્વરે ભગવાન શ્રીકૃષ્ણની પ્રશંસા કરવા લાગ્યા. ધર્મરાજ યુધિષ્ઠિરની આજ્ઞાથી ભીમસેન વગેરેએ તત્કાળ તેના પ્રેત-સંસ્કારની વ્યવસ્થા કરી. ત્યાર પછી યુધિષ્ઠિરે બધા રાજાઓની સાથે શિશુપાલના પુત્રનો ચેદિરાજ્ય પર અભિષેક કર્યો.

—★—

## રાજસૂય યજ્ઞની સમાપ્તિ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! પરમ પ્રતાપી યુધિષ્ઠિરનો યજ્ઞ સમગ્ર ઐશ્વર્યો સાથે પરિપૂર્ણ હતો. તે જોઈને ઉત્સાહી વીરોને બહુ જ ખુશી થઈ. તેમાં આવનારાં વિઘ્નો આપમેળે શાંત

થઈ ગયાં. બધું કાર્ય સુખપૂર્વક સંપન્ન થયું. ધન-સંપત્તિ આવશ્યકતાથી વધારે આવી. અસંખ્ય મનુષ્યો અને પ્રાણીઓના ખાતાં-પીતાં રહેવા છતાં અન્નના ભંડારો ભરેલા રહ્યા. આનું કારણ એ જ હતું કે ભગવાન શ્રીકૃષ્ણ તેના સંરક્ષક હતા. ધર્મરાજ યુધિષ્ઠિરે બહુ જ પ્રસન્નતાથી તે યજ્ઞ પૂર્ણ કર્યો. જ્યાં સુધી યજ્ઞ સમાપ્ત ન થયો, ત્યાં સુધી સર્વ-શક્તિમાન શાર્ઙ્ગપાણિ, ચક્રપાણિ, ગદાધર ભગવાન શ્રીકૃષ્ણ તેની રક્ષામાં તત્પર રહ્યા.

જ્યારે ધર્મરાજ યુધિષ્ઠિરે યજ્ઞના અંતમાં અવભૃત સ્નાન કરી લીધું ત્યારે બધા રાજાઓએ તેમની પાસે આવીને કહ્યું – 'ધર્મજ્ઞ સમ્રાટ! એ મોટા સૌભાગ્યની વાત છે કે તમારો યજ્ઞ નિર્વિઘ્ને સમાપ્ત થઈ ગયો. તમે સમ્રાટ-પદ પ્રાપ્ત કરીને અજમીઢવંશી રાજાઓનો યશ ઉજ્જ્વળ કર્યો છે. રાજેન્દ્ર! આ યજ્ઞ દ્વારા ધર્મનું મહાન અનુષ્ઠાન સંપન્ન થયું છે. આ યજ્ઞમાં અમારા લોકોનો બધી રીતે આતિથ્ય-સત્કાર થયો છે, કોઈ પ્રકારની કમી રહી નથી. આજ્ઞા આપો, હવે અમે લોકો પોતપોતાની રાજધાનીમાં જઈએ.' ધર્મરાજે તેમની પ્રાર્થના સ્વીકારીને તેમને સીમા સુધી પહોંચાડી આવવા માટે તેમના ભાઈઓને નિયુક્ત કર્યા અને કહ્યું – 'સારું પધારો, તમારું મંગળ થાઓ.' ભીમસેન, અર્જુન વગેરે મોટાભાઈની આજ્ઞાથી દરેક રાજાને સન્માનપૂર્વક વિદાય કર્યા.

જ્યારે બધા રાજાઓ અને બ્રાહ્મણો ત્યાંથી સિધાવી ગયા, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું – 'રાજેન્દ્ર! મોટા સૌભાગ્યની વાત છે કે તમારો રાજસૂય મહાયજ્ઞ સકુશળ સમાપ્ત થયો. હવે હું દ્વારકા જવા માટે તમારી આજ્ઞા માગું છું.' ધર્મરાજાએ કહ્યું – 'આનંદકંદ ગોવિંદ! આ યજ્ઞ તો માત્ર તમારા અનુગ્રહથી જ પૂરો થયો છે. આ તમારી કૃપાનું જ પ્રત્યક્ષ ફળ છે કે બધા રાજાઓ મારી અધીનતા સ્વીકારીને આ યજ્ઞમાં હાજર થયા. સચ્ચિદાનંદસ્વરૂપ શ્રીકૃષ્ણ! હું મારા મોંએ તમને જવાનું કઈ રીતે કહું? તમારા વિના ઘડીભર પણ મને આનંદ મળતો નથી, પરંતુ શું કરું, લાચાર છું. તમારે દ્વારકા પણ જવું તો પડશે જ.' ત્યાર પછી ભગવાન શ્રીકૃષ્ણ ધર્મરાજાને સાથે લઈને પોતાનાં ફોઈ કુંતીજીની પાસે ગયા અને બહુ જ પ્રસન્નતાપૂર્વક કહ્યું – 'ફોઈબા! તમારા પુત્રોએ સમ્રાટનું પદ પ્રાપ્ત કરી લીધું. એમનો મનોરથ પૂરો થઈ ગયો. ધન-સંપત્તિ પણ બહુ મળી ગઈ. હવે તમે પ્રસન્નતાપૂર્વક રહો. હું તમારી આજ્ઞા લઈને દ્વારકા જવા ઇચ્છું છું.' આ પ્રમાણે સુભદ્રા અને દ્રૌપદીને પણ પ્રસન્ન કરીને ભગવાન શ્રીકૃષ્ણ મહેલમાંથી બહાર આવ્યા, સ્નાન, જપ વગેરે કરીને બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યું. તે જ વખતે દારુક મેઘ જેવા શ્યામવર્ણનો રથ તૈયાર કરીને લઈ આવ્યો. ઉદારશિરોમણિ ભગવાન શ્રીકૃષ્ણ ગરુડધ્વજ રથ પાસે પધાર્યા, તેની પ્રદક્ષિણા કરી અને તેમાં બેસી ગયા. રથ રવાના થયો. ધર્મરાજ યુધિષ્ઠિર પોતાના નાના ભાઈઓની સાથે પગપાળા રથની પાછળ-પાછળ ચાલવા લાગ્યા. કમળનયન ભગવાન શ્રીકૃષ્ણે ઘડીભર રથને રોકીને ધર્મરાજને કહ્યું – 'રાજેન્દ્ર! જેમ મેઘ સમસ્ત પ્રાણીઓની રક્ષા કરે છે, જેમ વિશાળ વૃક્ષ બધાં પક્ષીઓને આશ્રય આપે છે, તે જ પ્રમાણે તમે ખૂબ જ સાવધાનીપૂર્વક પ્રજાનું પાલન કરો. જેમ બધા દેવતાઓ દેવરાજ ઇન્દ્રનું અનુગમન કરે છે, તે જ રીતે તમારા બધા ભાઈ તમારી ઇચ્છા પૂરી કરે.' આ રીતે એકબીજાને કહી-સાંભળીને, મળી-ભેટીને શ્રીકૃષ્ણ અને પાંડવો પોતપોતાનાં સ્થાન પર ચાલ્યા ગયા.

—★—

## ધર્મરાજ યુધિષ્ઠિરને વ્યાસજીનું ભવિષ્ય-કથન

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! જ્યારે મહાયજ્ઞ રાજસૂય કે જે થવો બહુ મુશ્કેલ છે, સમાપ્ત થઈ ચૂક્યો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ-દ્વૈપાયન પોતાના શિષ્યો સાથે ધર્મરાજ યુધિષ્ઠિર પાસે આવ્યા. યુધિષ્ઠિરે ભાઈઓ સહિત ઊઠીને પાદ્ય, આસન વગેરે દ્વારા તેમની પૂજા કરી; તેમણે સોનાના સિંહાસન પર બેસીને યુધિષ્ઠિર વગેરે પાંડવોને પણ બેસવાની આજ્ઞા આપી. તે બધાના બેસી ગયા પછી ભગવાન વ્યાસજીએ કહ્યું – 'કુંતીનંદન! તમે પરમ દુર્લભ સમ્રાટપદ પ્રાપ્ત કરીને આ દેશની ભારે ઉન્નતિ કરી છે. એ મોટા સૌભાગ્યની વાત છે કે તમારા જેવા સત્પુત્રથી કુરુવંશની કીર્તિ વધી છે. આ યજ્ઞમાં મારો પણ સત્કાર થયો. હવે હું તમારા પાસે જવાની અનુમતિ ચાહું છું.' ધર્મરાજાએ હાથ જોડીને પિતામહ વ્યાસજીના ચરણસ્પર્શ કરીને કહ્યું – 'ભગવન્! મને એક વાતની શંકા છે, તમે જ તેને દૂર કરી શકો છો. દેવર્ષિ નારદે કહ્યું હતું કે વજ્રપાત વગેરે દૈવિક, ધૂમકેતુ વગેરે અંતરિક્ષ અને ભૂકંપ વગેરે પાર્થિવ ઉત્પાત થઈ રહ્યા છે. તમે કૃપા કરીને એ જણાવો કે શિશુપાલના મૃત્યુથી આ બધાં અનિષ્ટોની સમાપ્તિ થઈ ગઈ કે હજી બાકી છે.' ધર્મરાજ યુધિષ્ઠિરનો પ્રશ્ન સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયને કહ્યું – 'રાજન્! આ ઉત્પાતોનું ફળ તેર વર્ષ પછી થશે અને તે ફળ હશે સમસ્ત ક્ષત્રિયોનો સંહાર. તે સમયે દુર્યોધનના અપરાધથી તમે નિમિત્ત બનશો અને બધા ક્ષત્રિયો એકત્ર થઈને ભીમસેન અને અર્જુનના બળની સામે મરી ખપશે.' ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયન આમ કહીને પોતાના શિષ્યો સાથે કૈલાસ ચાલ્યા ગયા. ધર્મરાજ યુધિષ્ઠિર ચિંતા અને શોકથી વ્યાકુળ થઈ ગયા. તેમનો શ્વાસ ગરમ ચાલવા લાગ્યો. તેઓ વચ્ચે-વચ્ચે ભગવાન વ્યાસની વાત યાદ કરીને પોતાના ભાઈઓને કહેતા કે 'ભાઈઓ! તમારું કલ્યાણ થાઓ, આજથી મારી જે પ્રતિજ્ઞા છે તેને સાંભળો. હવે હું તેર વર્ષ જીવીને શું કરીશ? જો જીવવું જ છે તો આજથી હું કોઈને પણ કડવી વાત કહીશ નહિ. ભાઈ-બંધુઓની આજ્ઞામાં રહીને તેમના કહેવા પ્રમાણે કામ કરીશ. પોતાના પુત્ર અને શત્રુ પ્રત્યે સમાન વર્તાવ કરવાથી મારામાં ભેદભાવ નહિ રહે. આ ભેદભાવ જ તો લડાઈનું મૂળ છે ને?' ધર્મરાજ યુધિષ્ઠિર ભાઈઓની સાથે આવો નિયમ લઈને તેનું પાલન કરવા લાગ્યા. તેઓ નિયમથી પિતૃઓનું તર્પણ અને દેવતાઓની પૂજા કરતા હતા. આ પ્રમાણે બધાના ગયા પછી પણ માત્ર દુર્યોધન અને શકુનિ ધર્મરાજ યુધિષ્ઠિરની પાસે ઇન્દ્રપ્રસ્થમાં રહ્યા.

—★—

## દુર્યોધનની બળતરા અને શકુનિની સલાહ

**વૈશમ્પાયનજી કહે છે** – જનમેજય! રાજા દુર્યોધને શકુનિ સાથે ઇન્દ્રપ્રસ્થમાં રોકાઈને ધીરે-ધીરે પૂરી સભાનું નિરીક્ષણ કર્યું. તેણે ત્યાં એવી કળા-કારીગરી જોઈ, જે હસ્તિનાપુરમાં ક્યારેય જોઈ ન હતી. તે એક દિવસ સભાભવનમાં ફરતો-ફરતો સ્ફટિકચોકમાં પહોંચી ગયો અને તેને જળ સમજીને તેણે પોતાનાં વસ્ત્રો ઊંચાં કરી લીધાં. પાછળથી તેને લાગ્યું કે, આ તો મારો ભ્રમ છે, તેને દુઃખ થયું અને તે વ્યર્થ જ આમ તેમ ભટકવા લાગ્યો. છેવટે તે સ્થળને જળ સમજીને